તવારીખે

ખાનદાને દસ્તુર જામાસ્પ આશા.

(ચાર ભાગ અને ત્રણ વિભાગમાં.)

લખનાર,

અરદેશર ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાના.

મુંબઈ મધે:—

ચંદનવાડી નંબર ૧૪૧ વાલા ઘેરમાં "**મુંબઇ વરતમાન પ્રેસ**"માં

મનચેરજી હોશંગજી જાગોશે છાપી ઉપલા લખનારને માટે પ્રગટ કરયું છે.

યઝદેજરદી સને ૧૨૮૧

ઇસવી સને ૧૯૧૨

“ નેક બખતાન બહેકાયત વ ઇમિસાલે પેશીનગાન પદ ગીરન્દ કે પસીનાન બર વાકએ ઉમીસલ ઝનન્દ ”

અર્થ—નેક બખ્ત લોકો પોતાના વડીલોની વાતો અને દાખલાઓથી નસીહત લીએ છે કે તેઓની ઉતરતી ઓલાદો પણ તેઓના રૂડા કામોથી તેઓને પગલ ચાલે.

(શેખ. સઆદી.)

સરદરાઝ માનવંત ખુઓરગ મુરબીજી બાવાજી સાહેબ

દસ્તુર ખુરશેદજી જમશેદજી દસ્તુર જામાસ્પ આશાના

જેવણે

મહને નાધલી ઉમરથી દસ્તુર જામાસ્પ આશાના

ખાનદાનની તવારીખથી વાકેફ રાખ્યો છે

તથા

આએ તવારીખ રચવામા મહને કીમતી મદદ અને

સુચનાઓ કીધી છે

તેમને

આએ "તવારીખ ખાનદાને દસ્તુર જામાસ્પ આશા"

મોહટા માન અને અહેસાન સાથ

અર્પણ કરવાની રજા લઉ છુ

તાબેદાર આપના

અરદેશર ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાના.

દીબાચો.

"તવારીખ મરણ પામેલાઓને જીવતા હોય તેમ આબેહુબ હાજર કરે છે, તેઓના સારા કામો વાજીંત્રના વાગતા હોય તેમ વાગી રહે છે, અને તે વાચનારી દુનીઆ સુધરતી જાએ છે. પોતાના ન્યાગાનો કોણ હતા, તેઓના કામ કેવા હતા, તે કશુ જાણવામા આવ્યુ ન હોય તો તવારીખ તે ન્યાગાનોને આપણી સનમુખ લાવી, ગોયા તેઓ જીવતા હોય તેમ તેઓની ઓલખ કરાવે છે, તેઓના નામ નિશાન, તેઓના ઠામ ઠેકાણા, કામ ધધા તથા તેઓની જાહોજલાલીની કથા કહી બતાવે છે. તેઓના વારામા શાશા સુખ દુખ હતા, તેઓના આવરદા કેટલા વરસના હતા, તેઓનો વંશવેલો કેટલો મોહટો હતો તે સઘલુ તવારીખથી જણાએ છે"

"તવારીખ ગોયા એક આરસી છે, જેમાથી સેંકડો, હજારો વરશના બનાવો આપણા દીઠામા આવે છે. વહાલામા વહાલો દોસ્ત એક વાત કહે તે કરતા વધારે સાચી વાત તે કહે છે. તેને કોઈની બીક નથી, તેને કોઇની ખુશામદ નથી, તે હરેક વખતે સલાહ કરવા લાયક મિત્ર છે"
(શેઠ એદલજી બરજોરજી પટેલની રચેલી "સુરતની તવારીખ" અંક ૧–૨)

પારસીઓ ઇરાન છોડી હિન્દમા આવી વસ્યા ત્યારથી તે આજ સુધી જે પ્રખ્યાત અથોરનાન ખાનદાનો થઇ ગયા છે તેમા મરહુમ દસ્તુર જામાસ્પ આશાનુ ખાનદાન પણ એક છે એ ખાનદાનનો પાયો નાખનાર [illegible] દસ્તુર [illegible] આશાજી નવસારીના એક વિદ્વાન, કાબેલ અને કારસાઝ દસ્તુર હતા—તેઓના ઉતરતી ઓલાદોએ દીનદારી ઇલમના બલથી પુર્વ અને પશ્ચીમ તરફની ભાષાઓના ઉંડા અભ્યાસથી અને નામદાર બ્રીટીશ અને નીઝામ સરકારમા મોહટા ઓધ્ધાઓ ભોગવી ધણીઆ ઠાકરો સમાન ગણાતા પારસી ટોલામા નામવરી મેલવી છે એજ ખાનદાનના કેટલાક દસ્તુર સાહેબોએ પોતાના વહાલા વતન નવસારી કસબામા દસ્તુરી ખુરસીનુ માન મેલવવા ઉપરાંત મુંબઈ, દખન, કરાચી, એડન અને પંજાબમા દસ્તુરી ગાદીઓ સ્થાપી છે એજ ખાનદાનના નબીરાઓની રજપુતાના, માલવા, બીરાર, નૈરૂત હિંદુસ્તાન અને મધ્યપ્રાંતો વીગેરેમા આવેલા પથકો ઉપર દસ્તુરી હકુમત ચાલે છે તેમજ હિન્દના પારસી દસ્તુર ખાનદાનોમા દસ્તુર જામાસ્પ આશાનુ ખાનદાન યુરોપ તથા અમેરીકાના વિદ્વાન મંડલને સારી રીતે જાણીતુ છે એવા એક મશહુર અને આગલ વધેલા ખાનદાનનો અહેવાલ વાચનારાઓ ખાસ તવારીખના અભ્યાસીઓને અને મુખ્ય કરી દસ્તુર જામાસ્પ આશાની ઉતરતી ઓલાદોને કુદરતી રીતે હોવો જોઇએ, અને તેટલા માટે આએ સંપુર્ણ અહેવાલ તેઓની વાકફગારી માટે હમોએ લખી કહાડ્યો છે

આએ તવારીખ લખવા માટે હનોગ "પારસી પ્રકાશ" મુંબઇવાલા મરહુમ મુરબી દસ્તુરજી સાહેબ ડોકતર જામાસ્પજી મીનોચેહરજીની લાંબી નોંધપોથીમા સમાવેલુ કેટલાક દસ્તુર સાહેબોનુ જન્મ ચરીત્ર, હમારા મુરબી બાવાજી દસ્તુર ખુરશેદજી જમશેદજીએ ફુરસદને વખતે લખેલો કેટલાક દસ્તુરોનો અહેવાલ, "મુંબઇના બહાર," હમારા ઘરની "રીસાપોથી," વર્તમાનપત્રો અને કેટલાક માગીક ચોપાનીઆઓની છુટથી મદદ લીધી છે એ સઘલામા આવેલી એ ખાનદાનને લગતી હકીકતો એક બીજા સાથ મુકાબલો કરી અને હમારા બાવાજી પાસે તપાસાવીને આએ કેતાબમા દાખલ કરી છે "પારસીપ્રકાશ" મા આવેલી એ ખાનદાનને લગતી કેટલીક નોંધો હેરફેર માલુમ પડવાથી તેનો આએ કેતાબની પછાડી દાખલ કરેલો ખુલાસો [illegible] આપવાની હમોએ અદના કોશેશ કરી છે, તેમજ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાન સાથ સગાઇ ધરાવનારા પારકા કુટુંબના કેટલાક જાણીતા પુરૂષોનો પણ ટુંક અહેવાલ આપવામા આવ્યા છે

પ્રથમમા હમારી નાકરા કલમથી લખાયલા દસ્તુર જામાસ્પ આશા અને બીજા કેટલાક દસ્તુર સાહેબોના જન્મચરીત્રો કેટલાક પુસ્તકોમા જુદે જુદે વખતે છપાઇ બહાર પડ્યા હતા. સૌથી

પહેલું દસ્તુર જામાસ્પ આશાનુ જન્મચરીત્ર હમારા મીત્ર નવસારીવાલા શેઠ શોહરાબજી મનચેરજી દેશાઇએ પોતાની રચેલી "તવારીખે નવસારી" મા દાખલ કરી પછવાડેથી તા૦ ૨૪, ૨૬ અને ૩૧ મી માર્ચ ૧૯૦૬ ના "જામે જમશેદ" પત્રના ત્રણ અંકોમા છપાવ્યુ હતુ. ત્યાર પછી કેટલેક વરસે મુંબઇના "વર્તમાન પ્રેસ" ના લાએકીવાલા માલેક શેઠ મનચેરજી હોશંગજી જાગોશે મુંબઇવાલા મરહુમ મુરબી દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી અને પુનાવાલા મરહુમ મુરબી સરદાર દસ્તુર દોકતર હોશંગજી જામાસ્પજીના જન્મચરીત્રો—તેઓના પુર્વજોના ટુંક અહેવાલ સાથ—હમારી પાસે લખાવીને પોતાના યઝદજરદી સને ૧૨૬૮ અને ૧૨૭૮ ના "ઝોરોઅસ્ત્રીઅન કેલેનડર" મા છાપી પ્રગટ કર્યા હતા, અને ત્યાર પછી તેના છુટા પુસતકો પણ છપાવ્યા હતા. તેમજ મુંબઇના એક જાણીતા લેખક અને અભ્યાસી શેઠ રતનજી ફરામજી શેઠનાની ખાહેશથી હમોએ નીચલા દસ્તુર સાહેબોનો ટુંક અહેવાલ તેઓને લખી આપ્યો હતો જે તેવણે પોતાના રચેલા "જ્ઞાનચક્ર" ના પુસ્તકોમા દાખલ કર્યો હતો —

૧ મુંબઇવાલા દસ્તુર એદલજી દારાબજી. ૨ નવસારીવાલા દસ્તુર એદલજી બેહમનજી (૧ લા). ૩ પુનાવાલા એરવદ એદલજી બેહમનજી (૨ જા)	"જ્ઞાન ચક્ર" પુસ્તક ૨ જુ
૧ મુંબઇવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી (૧ લા) ૨ મઉવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી (૨ જા)	"જ્ઞાન ચક્ર" પુસ્તક ૪ થુ.
૧ દસ્તુર જામાસ્પ આશા ૨ મુંબઇવાલા દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી.	જ્ઞાન ચક્ર" પુસ્તક ૫ મુ

આએ તવારીખ લખવામા હમારા મુરબી બાવાજી દસ્તુર ખુરશેદજી જમશેદજી, મુંબઇવાલા મરહુમ મુરબી દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી, હમારા ખેશી તથા મીત્ર મુંબઇવાલા એરવદ પેશોતનજી નોશેરવાનજી દસ્તુર જામાસ્પ આશાના અને હમારા જાની દોસ્ત અને દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનના એક ખરા ખેરખાહ તે અકીઅબવાલા મરહુમ શેઠ હોરમજી નવરોજી વીરા જોગીનાએ હમોને કીમતી મદદ કરી છે તેટલા માટે એ સર્વે સાહેબોનો હમો મોહટો ઉપકાર માનીએ છીએ

છેલ્લે વાચનારા સાહેબોને હમો નમનતાઇ પુર્વક અરજ કરીએ છીએ કે —

નીગાહત બે ઉફતદ અગર બરખતા,
તો આરા બે પુશા ઝે લોત્ફ્રો અતા.
તો બરમન મગીર આહુ અએ જીખેરદ,
કે ખાલી ન બાશદ બશર અઝખતા.

(મી૦ ગોહરાબશાહ બેહરામજી દોકતર)

યાને કે, અએ દાનાવ આદમી! તુ માહરી ખોડ ખાપણ ના કહાડ અને ભુલચુક ઉપર તારી નજર પડે તો મેહરબાની અને બક્ષેશની રાહે તુ તેને ટાકી નાખ, કારણ કે ઇનસાન ખતાથી ખાલી નથી.

શેવક,

અરદેશર ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાના,

સાંકલ્યું

મોબદ શાપુર મોબદ શાહેરયારનો સને દસ્તુર જામાસ્પ આશાના પુર્વજોનો ટુંક અહેવાલ

ભાગ ૧ લો

એરવદ આશાજી ફરેદુનજીનું કુંટુંબ.

ભાગ ૨ જો

દસ્તુર જમશેદજી જામાસ્પજીનું કુંટુંબ.

વિભાગ ૧ લો

દસ્તુર બેહમનજી જમશેદજી અને તેવણની ઉતરતી ઓલાદોનો અહેવાલ.

વિભાગ ૨ જો

દસ્તુર ખુરશેદજી (૧ લા) અને તેવણની ઉતરતી ઓલાદોનો અહેવાલ

વિભાગ ૩ જો

દસ્તુર દારાબજી જમશેદજી અને તેવણની ઉતરતી ઓલાદોનો અહેવાલ.

ભાગ ૩ જો.

દસ્તુર બેહરામજી જામાસ્પજી (૧ લા) નું કુંટુંબ

ભાગ ૪ થો

દસ્તુર રૂસતમજી જામાસ્પજીનું કુંટુંબ

દસ્તુર જામાસ્પ આશાના કુંકુંબ સાથ સગાઈ ધરાવનારા પારકા કુંટુંબના જાણીતા પુરૂષોનો ટુંક અહેવાલ.

અથોરનાન ટોલાના મુળપુરૂષ મોબદ શાપુર મોબદ શેહરયારનો સને.

હિંદુસ્તાનના તમામ અથોરનાનો—જેઓ હાલ અનેક તડાઓ અને પંથકોમા વ' ચાએલા છે—તેઓ પોતાને મોબદ શાપુર મોબદ શહેરયારથી ઉતરી આવેલા જણાવે છે તે મુજબ મરહુમ દસ્તુર જામાસ્પ આશાનાનું કુટુંબ પણ એજ મુળપુરૂષથી ઉતરી આવેલું ગણી શકાએ. એ મોબદ શાપુરથી તે દસ્તુર જામાસ્પ આશા સુધીની ૧૮) પહેડીના નામો નીચે મુજબ છે —

૧ મોબદ શાપુર.	૧૦ ચાડણા.
૨ રામયાર	૧૧ શાપુર.
૩ હોરમઝદયાર	૧૨ હોશંગ.
૪ મોબદ.	૧૩ કડવા
૫ જરથુસ્તર.	૧૪ ચાડા
૬ કામદીન.	૧૫ સુખાવા
૭ મોબદ.	૧૬ ફરેદુન
૮ કામદીન	૧૭ આશા
૯ રાણા.	૧૮ દસ્તુર જામાસ્પ આશા.

મરહુમ દસ્તુર જામાસ્પ આશા પછી હાલ સુધીમા ૭) પેહડીઓ ઉત્પન થઇ છે એ મુજબ દસ્તુર જામાસ્પ આશાનાની હાલની ઓલાદ મોબદ શાપુરથી ૨૫) પેહડીએ ઉતરી આવેલી ઠરે છે હવે દરેક પેહડીનો જો આપણે ઓછામા ઓછો ૨૫) વરસનો જમાનો ગણીએ તો મોબદ શાપુર આજથી ૬૨૫) વરસ ઉપર થઇ ગએલા ગણાએ પણ હાલના ઉડવાડાના આતશબેહરામ પરથવાનો સને ધ્યાનમા લેતા ઉપલુ અનુમાન તદન ખોટું ઠરે છે ઇરાનથી પારસીઓ ઈ સ. ૭૧૬ માં પહેલ-વહેલા હિંદુસ્તાન ખાતે આવી વસ્યા હતા અને ત્યાર પછી પાચ વરસે ઇઆને ઇ. સ. ૭૨૧ માં ઉડવાડાના આતશબેહરામ પરઠવામા આવ્યા હતા. એ પાક કેમલાને પરથવાની સઘલી ક્રીયા મોબદ શાપુરના પ્રખ્યાત નબીરા મોબદ નેરીયોશંગ ધવલે કરી હતી હવે જ્યારે નેરીયોશંગ ધવલ આજથી ૧૧૮૮ વરસ ઉપર થઇ ગયો છે ત્યારે તેનો બપાવો મોબદ શાપુર ૬૨૫) વરસ ઉપર થઇ ગએલો કેમ માની શકાએ ? પણ અથોરનાનો પોતાની નસલ ઉતારવામા કેટલીક ભુલો કરતા જણાય છે જે નીચલા ત્રણ દાખલાઓ ઉપરથી જણાઈ આવશે.

૧ લુ.—હમારી જાણ મુજબ આજ સુધી જે અથોરનાન ટોળાની વંશાવળીઓ છપાઇ બહાર પડી હોય તો તે એજ છે. ઇ. સ. ૧૮૮૯ મા મુબઇવાલા મરહુમ શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીનનાએ મોબદ શાપુર મોબદ શહેરયારથી ૩૦) પહેડી સુધીનું

"ભરૂચના દસ્તુર ખાનદાનની વંશાવળી પત્રક" ખાનગી વાકેફગારી માટે છપાવ્યુ હતું. ત્યારપછી ઈ સ. ૧૮૭૯ મા નવસારીવાલા એરવદ રૂસતમજી જામાસ્પજી દસ્તુર મેહરજીરાણા તે "નવસારી પ્રકાશ"ના માલેક અને અધીપતીએ "અયોરનાન ટોળાની ભગરસાથ વંશાવળી" નામનો એક કીમતી ગ્રંથ છપાવી બહાર પાડયો હતો. એ વંશાવળી મોબદ શાપુર મોબદ શેહરયારથી ૫) મી પેહડીએ ઉતરેલા જરથુસ્તરથી સુરૂ થાએ છે મી૦ કામદીનનાની વંશાવળી પ્રમાણે દસ્તુર જામાસ્પ આશા મોબદ શાપુર મોબદ શેહરયારથી ૧૬) મી પેહડીએ અને એરવદ રૂસતમજીની વંશાવળી પ્રમાણે ૧૮) મી પેહડીએ ઉતરે છે જે સામેસામે ટાકી બતાવેલી વંશાવળીઓ ઉપરથી જણાશે.

મી૦ કામદીનની વંશાવળી પ્રમાણે.	એરવદ રૂસતમજીની વંશાવળી પ્રમાણે.
૧ મોબદ શાપુર.	૧ મોબદ શાપુર
૨ રામયાર.	૨ રામયાર
૩ હોરમઝદયાર	૩ હોરમઝયાર.
૪ મોબદ	૪ મોબદ.
૫ જરથુસ્તર.	૫ જરથુસ્તર
૬ કામદીન.	૬ કામદીન
	૭ મોબદ
	૮ કામદીન
૭ રાણા.	૯ રાણા.
૮ ચાડણા.	૧૦ ચાડણા.
૯ શાપુર	૧૧ શાપુર
૧૦ હોશંગ.	૧૨ હોશંગ.
૧૧ કડવા	૧૩ કડવા
૧૨ ચાડા.	૧૪ ચાડા.
૧૩ સુખલા	૧૫ સુખલા.
૧૪ ફરેદુન.	૧૬ ફરેદુન
૧૫ આશા	૧૭ આશા.
૧૬ દસ્તુર જામાસ્પ આશા.	૧૮ દસ્તુર જામાસ્પ આશા

ઉપલી વંશાવળીઓ એક બીજા સાથ સરખાવતા મી૦ કામદીનનાની વંશાવળીમા બે પહેડીનો ગાળો માલુમ પડે છે તે એવી રીતે કે મોબદ શાપુરથી ૬) થી પેહડીએ ઉતરેલા "કામદીન"ને "રાણા"ના બાપ તરીકે ઓલખાવ્યો છે જ્યારે એરવદ રૂસતમજીની વંશાવળી પ્રમાણે "કામદીન" તો "રાણાના" બપાવા "મોબદ"નો બાપ ઠરે છે.

૨ જુ —નવસારીના પહેલા વડા દસ્તુર મેહરજીરાણા અને ભરૂચના વડા દસ્તુર કામદીન પદમ એકજ જમાનામા થઇ ગયા છે. પણ મોબદ શાપુરથી એ બેહુ દસ્તુર સાહેબોની નસલ ઉતારતાં દસ્તુર મેહરજીરાણા દસ્તુર કામદીન પદમની ૧૨૫) વરસ અગાઉ થઈ ગયા હોય એમ જણાય છે જે એરવદ રૂસતમજી તથા મી૦ અરદેશર કામદીનનાની સાંમે સાંમે ટાકી બતાવેલી વંશાવળીઓ ઉપરથી જણાશે

એરવદ રૂસતમજીની વંશાવળી પ્રમાણે.	મી૦ કામદીનની વંશાવળી પ્રમાણે.
૧ મોબદ શાપુર.	૧ મોબદ શાપુર.
૨ રામયાર.	૨ રામયાર.
૩ હોરમઝદયાર.	૩ હોરમઝદયાર
૪ મોબદ	૪ મોબદ
૫ જરથુસ્તર	૫ બેહરામ.
૬ કામદીન.	૬ શહેરયાર
૭ મોબદ	૭ કામદીન.
૮ કામદીન.	૮ રામ.
૯ મોબદ.	૯ પેશોતન.
૧૦ જેશંગ	૧૦ રામયાર.
૧૧ દાદા.	૧૧ હોરમઝદયાર.
૧૨ જેશંગ.	૧૨ રામયાર.
૧૩ રાણા.	૧૩ શુદેહ
૧૪ દસ્તુર મેહરજીરાણા	૧૪ નેહાર.
	૧૫ આદરબાદ.
	૧૬ કહાનાન
	૧૭ રામયાર.
	૧૮ પદમ.
	૧૯ દસ્તુર કામદીન પદમ.

મોબદ શાપુરથી ચોથી પેહડીએ ઉતરેલા "મોબદ"ના જરથુસ્તર અને બેહરામ નામના બે દીકરાઓ હતા, જેમાના જરથુસ્તરની ઓલાદથી દસ્તુર મેહરજીરાણા અને બેહરામની ઓલાદથી દસ્તુર કામદીન પદમ ઉતરેલા છે એ બેહુ દસ્તુર સાહેબો એકજ જમાનામા થઈ ગયા છે તે છતાં મોબદ શાપુરથી તેઓની નસલ ઉતારવામા ભુલો થએલી જણાએ છે એરવદ રૂસતમજીની વંશાવળી મુજબ દસ્તુર મેહરજીરાણા મોબદ શાપુરથી ૧૪) મી પેહડીએ ત્યારે મી૦ કામદીનનાની વંશાવળી પત્રક પ્રમાણે દસ્તુર કામદીન પદમ એજ મુળ પુરૂષથી ૧૯) મી પહેડીએ ઉતરેલા જણાય છે. દસ્તુર મેહરજીરાણાનો જમાનો દસ્તુર કામદીન પદમના જમાના સાથ મલવાને બદલે દસ્તુર કામદીન પદમના બપાવા રામયારના બપાવા આદરબાદના બાપ નેહારને લગોલગ જઈ મલે છે.

૩ જુ-ભરૂચના વડા દસ્તુર જમશેદજી કામદીનજી આગલ દસ્તુર જામાસ્પ આશા જંદ અને પહેલવી ભાષાઓ શીખ્યા હતા અને જ્યારે ઉસ્તાદ તથા શાગેર્દ એકજ જમાનામા થઇ ગયા છે ત્યારે નીચે ટાંકેલી વંશાવળીઓ પ્રમાણે એ બેહુ સાહેબોના જમાનામા મોહટો ફેર પડી જાએ છેઃ—

એરવદ રૂસતમજીની વંશાવળી પ્રમાણે	મી૦ કામદીનનાની વંશાવળી પ્રમાણે.
૧ મોબદ શાપુર.	૧ મોબદ શાપુર
૨ રામયાર.	૨ રામયાર
૩ હોરમઝદયાર.	૩ હોરમઝદયાર.
૪ મોબદ.	૪ મોબદ.

૫ જરથુસ્તર.	૫ બેહરામ.
૬ કામદીન	૬ શેહરયાર
૭ મોબદ.	૭ કામદીન,
૮ કામદીન	૮ રામ
૯ રાણા	૯ પેશોતન
૧૦ ચાડણા	૧૦ રામયાર.
૧૧ શાપુર.	૧૧ હોરમઝદયાર.
૧૨ હોશંગ.	૧૨ રામયાર
૧૩ કડવા	૧૩ શુહેદ.
૧૪ ચાડા	૧૪ નેહાર.
૧૫ સુખશા	૧૫ આદરબાદ
૧૬ ફ્રરેદુન.	૧૬ કહાનાન.
૧૭ આશા.	૧૭ રામયાર.
૧૮ દસ્તુર જામાસ્પ આશા.	૧૮ પદમ.
	૧૯ કામદીન.
	૨૦ ફ્રરેદુન
	૨૧ કામદીન.
	૨૨ દસ્તુર જમશેદ કામદીન.

ઉપલી વંશાવળીઓ ખુલ્લી રીતે દેખાડી આપે છે કે એરવદ રુસતમજીની બનાવેલી વંશાવળી મુજબ દસ્તુર જામાસ્પ આશા મોબદ શાપુરથી ૧૮) મી પેહડીએ ઉતરે છે ત્યારે મી૦ કામદીનનાની વંશાવળી મુજબ દસ્તુર કામદીન એજ મુળ પુરૂષથી ૨૨) મી પેહડીએ ઉતરે છે સારાશ, દસ્તુર જામાસ્પ આશા અને દસ્તુર જમશેદ કામદીન વચ્ચે ૪) પેહડીનો ફરક પડતો હોવાથી દસ્તુર જામાસ્પ આશા પોતાના ઉસ્તાદ દસ્તુર જમશેદ કામદીનની ૧) સદી અગાઉ થઈ ગએલો ઠડે છે એવી રીતે ઉસ્તાદ અને શાગેર્દનો જમાનો મલતો આવવાને બદલે શાગેર્દ દસ્તુર જામાસ્પ આશાનો જમાનો ઉસ્તાદ દસ્તુર જમશેદ કામદીનના બપાવાના બપાવા પદમના જમાનાને જઇ અઠડે છે.

હવે હિંદુસ્તાનના તમામ પંથકોના અથેરનાનો પોતાને મોબદ સાપુરથી ઉતરી આવેલા ગણુવામા જે માનભરી મગરૂરી લીએ છે તે બરહક છે, પણ મોબદ શાપુર અને હાલની ઓલાદ વચ્ચે કેટલીક પેહડીઓનો ગાલો પડતો હોવાથી તેઓ પોતાની નસલ ઉતારવામા ભુલો કરતા જણાએ છે જેની સાબેતી ઉપર ટાકેલા દાખલાઓ ઉપરથી મલે છે અને તેટલા માટે તેઓના મુળ પુરૂષ મોબદ શાપુરનો જમાનો ૬૨૫) અને ૭૫૦) વરસની હસી કહાડવા સરીખી મુદત વચ્ચે આવી અટકે છે

હવે જેમ ઉપર જણાવ્યુ તેમ મોબદ શાપુરના પ્રખ્યાત નબીરા મોબદ નેરીયોશંગ ધવળે આજથી ૧૧૮૮) વરસની વાત ઉપર હાલના ઉડવાડાના આતશબેહરામને પરથવાની ક્રીયા કરી હતી, એ આતશબેહરામ પરથવાના સનેની ૫૦) વરસ અગાઉ જો મોબદ શાપુરને થઈ ગએલો ગણીએ તો તે આજથી ૧૨૩૮) વરસ ઉપર થઈ ગએલો લેખી શકાએ, અને દરેક પેહડીને માટે જો આપણે ઓછામા ઓછાં ૨૫) વરસ ગણીએ તો હાલની અથેરનાનોની ઓલાદ મોબદ શાપુરથી ૫૦) પેહડીએ ઉતરી આવેલી ગણાવી જોઇએ.

મોબદ શાપુર મોબદ શેહરયારના સને વીશેનુ હમારી સહમજશકતી મુજબ ટુંકવીવેચન કીધા પછી હવે હમો મરહુમ દસ્તુર જામાસ્પ આશાના પુર્વજોનો ટુક અહેવાલ આપવો દરસ્તધાર્યે છીએ.

દસ્તુર જામાસ્પ આશાના પુર્વજોનો ટુંક અહેવાળ.

મોબદ શાપુર મોબદ શેહરયાર.

ઉપર જણાવ્યુ તેમ એવણ હિંદુસ્તાનના તમામ અથોરનાનોના વડવા ગણાએ છે. એવણનુ નામ તમામ પથકોના મોબદો ધુપનીરંગ અને જાહેર જશનોમા લીએ છે એવણના ધવળ અને રામયાર નામના બે દીકરાઓ હતા. ધવળના દીકરા પ્રખ્યાત

મોબદ નેરીયોસંગ ધવળ.

ઈ. સ. ૭૧૬ મા ઇરાનથી હિંદુસ્તાન આવેલા પારસીઓ સાથ આવ્યા હતા. અને તેઓને તે વખતના રાજા જાદીરાણા તરફથી સંજાણમા જે આસરો મલ્યો હતો તે એવણનીજ સમજાવટને આભારી હતો. હાલના ઉડવાડાના આતશબેહરામને પરથવાની ક્રીયા ખોરાસાનથી લાવેલા આલાત વડે એવણે રોજ ૯ માહ ૯ સને ૯૦) યઝદજરદીને દીને સંજાણમા કરી હતી એવણે આપણા ધર્મને લગતા કેટલાક પુસ્તકોનો સંસ્કૃતમા તરજુમો કર્યો છે જેમા પાજન્દમીનોખેરદ, શેકન-ગુમાનીવજાર, ઓગેમદેચા, વંદીદાદની કેટલીક પરગરદો, કેટલીક યસ્તો અને યજશનેનો ૫૬) મો હા મુખ્ય છે. નવસારીની આશા ફરેદુન, માહીઆર ફરેદુન અને ચાડા ફરેદુન ની પોલ ૧ ના ભગરયા મોબદો તેમજ વળસાડ તથા ઉડવાડાના મોબદો એવણની ઓલાદથી ઉતારેલા છે. એવણનુ નામ તમામ પથકોમાં થાતી ધુપનીરંગની ક્રીયાઓ તથા જાહેર જશનોમા લેવાએ છે. રામયારના દીકરા

મોબદ હોરમઝદયાર રામયાર

પણ ઈ. સ. ૭૧૬)મા પોતાના પીત્રાઇ ભાઇ મોબદ નેરીયોશંગ ધવળ સાથ ઇરાનથી હિંદુસ્તાન આવ્યા હતા. નવસારીની કાકા પહાલન તથા કાકા ધનપાલની પોલના ભગરયા મોબદો, સુરત તથા ગોદાવરા પથકોના મોબદો, ભરૂચનુ દસ્તુર કુટુંબ તથા દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનના એવણ વડવા ગણાએ છે એવણનુ નામ પણ તમામ પથકોના મોબદો ધુપનીરંગ અને જાહેર જશનોમા લીએ છે. હોરમઝદયાના દીકરા

એરવદ મોબદ

વીશે કશુ જણાયુ નથી, પણ એરવદ મોબદના દીકરા

---

૧ નવસારીના ભગરયા મોબદોનુ કુટુંબ નીચે મુજબ ૫) પોલમા વેહચાએલુ છે —

૧ લી—કાકા પહાલનની પોલમા ૪૨) કુટુંબો આવેલા છે જેમા દસ્તુર જામાસ્પ આશાનુ કુટુંબ પણ એક છે. એ પોલવાલાઓ " હમાયસ્ત વેહાન ' તથા ' રોશ " પઢાવે

૨ જી—કાકા ધનપાલની પોલમા ૧૯) કુટુંબો આવેલા છે એ પોલવાલાઓ નીરંગદીનનો કબજો રાખે

૩ જી—આશા ફરેદુનની પોલના ૫૭) કુટુંબો આવેલા છે એ પોલવાલાઓ પહેલી પતેત માડે.

૪ થી—માહીઆર ફરેદુનની પોલમા ૧૯) કુટુંબો આવેલા છે એ પોલવાલાઓ નાવર તથા મરાતબ થાવાની રજા આપે અને પેહલો દહાડો કરે

૫ મી—ચાડા ફરેદુનની પોલમા ૧૧) કુટુંબો આવેલા છે. એ પોલવાલાઓ કોતવાલી કરે યાને અનજુમનના દફતરો તથા દસ્તાવેજો સાચવે એ મુજબ ૫) પોલમા બધા મલી ૧૪૫) કુંટુંબો સમાએલા છે.

એરવદ જરથુસ્તર

વીશે જે જણાએલું છે તે એટલુંજ કે એવણ રોજ ૨૪ માહ ૧ સને ૫૫૧) યઝદજરદીને દીને પહેલવેહલા નવસારીમા આવી વસ્યા હતા ૧ જરથુસ્તના દીકરા.

એરવદ કામદીન

નવસારીના પારસીઓને ત્યાનુ ક્રીયાકામ કરવા માટે ન નાગુર્થી પોતાના કબીલા સાથ પહેલ-વહેલા નવસારીમાં આવી વસ્યા હતા ૨

એરવદ કામદીનના દીકરા એરવદ મોબદ અને નબીરા એરવદ કામદીનને વીશે કઇ જણાયુ નથી એરવદ કામદીન એરવદ મોબદના દીકરા

એરવદ રાણા

વીશે એટલુંજ જણાયુ છે કે એવણે યઝદજરદી ૭૮૪-૯ સ ૧૬૧૫-મા પહેલવી વીરાફ નામાનો સસકૃત અને જુની ગુજરાતીમા તરજુમો કર્યો હતો

રાણા પછી ઉતરેલી ૬) પહેડીઓ-એરવદ ચાંડણા-એરવદ શાપુર-એોસ્તા હોશંગ-એોસ્તા કડવા-એરવદ ચાડા તથા એરવદ સુખલા વીશે કશું જણાયુ નથી સુખલાના દીકરા

એરવદ ફરેદુનજી સુખલાજી

તે મરહુમ દસ્તુર જામાસ્પ આશાના બાવા નવસારીમા મોબદીનો ધંધો કરતા હતા એવણ તે વખતે "સાંધા"ની અટકથી ઓળખાતા હતા એવણ સવત ૧૭૧૭ના રોજ ૨૪ માહ ૯ સને ૧૦૩૦ યઝદજરદી તા૦ ૭ મી જુનાઇ અને ૧૬૬૧ ને દીને બાપના દુખથી ગુજરયા હતા એવણના ધણીઆણી ચાડબુઆઇન પેટ એરવદ ફરામ, એરવદ ખુરશેદ, એોસ્તા બરજોર અને એરવદ આશા મળી ચાર દીકરાઓ અવતર્યા હતા વડા દીકરા એરવદ ફરામની ઓલાદમા કયુ કુટુબ આવ્યુ છે તે ખાતરીથી કહેવાઇ શકાતુ નથી પણ એવણના એક દીકરા એરવદ જમશેદનો એરવદ માણેક નામનો "દાજી"ના કુટુબનો એક શખ્સ પાલક થએલો હોવાથી એવણ આડકતરી રીતે "દાજી"ના કુટુબના વડવા ગણાઇ શકાએ તેમજ એવણના બીજા દીકરા એરવદ બેહમનની ઓલાદ વીશે કશુ જણાયુ નથી પણ હમારા બાપાવા મરહુમ દસ્તુરે જમશેદજી રૂસતમજીના કેહવા મુજબ એ ઓલાદ હાલ ભરૂચમા વસ્તી હોવી જોઇએ એરવદ ફરેદુન સુખલાજીના બીજા દીકરા એરવદ ખુરશેદ "લચરક" ખાનદાનના વડવા ગણાએ છે એવણના દીકરા એરવદ શહેરયાર સવત ૧૭૪૫ના રોજ ૧૩ માહ ૧૨ સને ૧૦૫૮ યઝદજરદી તા૦ ૧૩ મી અકતોબર ૧૬૮૯ ને દીને હડખાં કુતરાએ કરડવાથી ગુજરયા હતા એરવદ ફરેદુનજી સુખલાજીના ત્રીજા દીકરા એોસ્તા બરજોર સવત ૧૭૨૫ના રોજ ૧૩ માહ ૧૦ સને ૧૦૩૮ યઝદજરદી તા૦ ૭ મી આગસ્ટ સને ૧૬૬૯ ઇસવીને દીને રેલમા ડુબી જવાથી ગુજરયા હતા અને એવણને નર વારસ ન હોવાથી એવણના સૌથી નાધલાભાઇ એરવદ આશાજી તે મરહુમ દસ્તુર જામાસ્પ આશાના બાવાને પાલક કરી આપવામા આવ્યા હતા, કે જેવણની ઓલાદમા ગણાતુ હાલમાં નવસારી, મુંબઇ, પુના અને દખણ હેદરાબાદ ખાતે વસ્તુ દસ્તુર જામાસ્પ આશાનાનુ કુટુબ આજે મશહુર છે

આએ ખાનદાનનો અહેવાલ ૪) ભાગ અને ૩) વીભાગમા વેહચાએલો છે, જેમાનો પહેલો ભાગ એરવદ આશાજી ફરેદુનજીના અહેવાળથી શુરૂ થાએ છે

---

૧ "ભગરસાથ ટોળાની અથોરનાન વંશાવળી" સફે ૧)

૨ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૨) નવસારીમા પહેલો આવી વસનાર તો કામદીનનો બાપ જરથુસ્તર હતો "પારસી પ્રકાશ"મા કામદીનને નવસારીમા પહેલો આવી વસનાર તરીકે જણાવ્યો છે તે તો ફકત મરહુમ દસ્તુર મેહરજીરાણાના કુટુંબીઓ પાસેથી મળી આવેલા દસ્તાવેજોને આધારે જણાવ્યુ છે

તવારીખે ખાનદાને દસ્તુર જામાસ્પ આશા.

ભાગ ૧ લો.

એરવદ આશાજી ફરેદુનજી તથા તેવણની ઊતરતી ઓલાદનું જન્મ ચરીત્ર.

એરવદ આશાજી ફરેદુનજી.

જનમ-હેરબદીની તાલીમ-મોબદી અને વણકરનો ધંધો-મોબેદો અને બેહદીનો વચ્ચે ઝગડો-આશાજીએ લીધેલો મુખ્ય ભાગ-મોબદો અને બેહદીનોનુ મારયા જવું-આશાજી તથા બીજા મોબદોની સુરત ખાતે થએલી તપાસ-તેવોનું છુટીજવું-ભગરયા મોબેદોમાં પડેલાં તડાં-મીનોચેહર હોમજીનો નવો પંથ-આશાજીની અનજુમનમા આગેવાની-સખી દીલગુરદાની હૈયાત નીશાનીઓ-કસરત, ઘોડા સ્વારી અને તરવાનો હુનર-આશાજીની હેરબદી માટે ઉઠેલી જીકર-અનજુમને કીધેલી જોસ્તેજો-હેરબદીનું ખરૂ ઠડવું-મરણ-ફરજંદો.

નવસારી કસબામા દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનનો પાયો નાખનાર મરહુમ દસ્તુર જામાસ્પ આશાના બાવા એરવદ આશાજી ફરેદુનજી ઇ સ. ૧૬૫૯ માં નવસારી મધે ખોખરી મોહલામા જનમ્યા હતા. પોતાના વખતને અનુસરતી હેરબદીની તાલીમ લઇ સંવત ૧૭૩૩ ના રોજ ૭ માહ ૮ ને દીને નવસારીની વડી દરેમેહરમા નાવર મરાતબ થયા હતા. મોબદીનો ધધો કરવા સાથે એવણ વણકરનો પણ ધધો કરતા હતા, જે માટે એવણની ૨૦) "સારો" હતી એવણની કેટલીએક "સારો" ઉપર બીજા વણકરો ભાડુ આપી પોતાનો ધધો કરતા હતા એ ધધામાંથી એવણે જુદે જુદે વખતે ૯) ઘરોની બે ચેહલીઓ બધાવી હતી અને સારી પુજી એકઠી કરી પોતાની હઇયાતી સુધી સુખી હાલત ભોગવી હતી.

ઇ સ ૧૬૮૬ મા નવસારી મધે મોબેદો અને બેહદીનો વચ્ચે થએલી ખુનખાર લડાઇમાં આશાજીની પણ સામેલગીરી હોવાથી એ બનાવ એવણની કારકીરદી સાથ અગત્યનો સંબધ ધરાવે છે. આ લડાઇનુ મુળ કારણ એ હતુ કે અસલવારેથી થએલા કોલકરારોની રૂએ નવસારીમાં વસ્તા સંજાણા મોબદો અને બેહદીનોને ત્યાની મુવા જીવતાંની કીયા કરવાનો હક એકલા ભગરયા મોબેદોનો હતો, જ્યારે સંજાણા મોબદોનો હક તો ફકત આતસબેહરામની બોએ દેવાનો અને તેની ઉપજ ખાવાનો હતો પણ આએ વરસથી યાને ઈ સ. ૧૬૮૬ માં કેટલાક બેહદીનોની ઊશકેરણીથી સંજાણા મોબદોએ અસલ થયલા કોલકરારોની વીરૂધ જઈ પોતાના ઘરની અને બેહદીનોને ત્યાની મુવાં જીવતાની કીયા કરવાનો દાવો કરયો. આ ઉપરથી ભગરયા મોબેદો અને બેહદીનો વચ્ચે સવત ૧૭૪૨ ના રોજ ૧૮ માહ ૧૧, તા. ૭ મી સપતેમબર ૧૬૮૬ ને દીને મોહટી લડાઇ જાગી જેમાં ભગરયા મોબદો તરફથી આશાજીએ પણ મુખ્ય ભાગ લીધો હતો. આ ખુનખાર લડાઇમાં જેમ એક હાથ ઊપર બેહદીનોનો આગેવાન બેહરામ ચાંગા અને બીજા ૭ બેહદીનો-નાહના મેહરજી, કુકા શાપુર-નાલા ચાંદજી, મેહરજી સુખલા, બેહમન પેશોતન અને રૂસતમ શાપુર-મારયા ગયા તેમ બીજા

હાથ ઉપર અંધીઆર માણેકજી બેહરામજી નરીમાન અને અંધીઆર રૂસતમજી શાપુરજી આંતા [illegible] મોબદોના ખુને [illegible]. આ ઉપરથી ૪) મોબદો—[illegible] ફરામરોઝ, [illegible], દાદા શોહરાબ, જીવણ બેહરોઝ અને અસપંદયાર કુકા—ને ખુન કરવાના વાંક માટે તથા આશાજી સાથ બીજા ૬) મોબદો—આદર હોમજી, પહાલન ફરેદુન (દસ્તુર દારાબ પહાલનના બાવા), દાદા જમશેદ, બરજોર ફેરસાસ્પ, રૂસતમ શોહરાબ અને નોશેરવાન ફરેદુન—ને ખુન કરાવાની ઉશકેરણીના વાંક માટે પરહેજ કરી તપાસ માટે સુરત લઈ જવામાં આવ્યા જયાં કેટલાક દીવસ સુધી તેઓની તપાસ ચાલવા પછી તેઓ સઘલાઓ તે વખતના સુરતના આગેવાન અકાબર શેઠ કુવરજી નાહનાભાઈ મોદીના વગવસીલાથી છુટી ગયા. ૧

આ લડાઇ ઉપરથી બેહદીનો ઘણાજ ઝહનુન ઉપર આવી જઈ તેઓએ પોતાને ત્યાંની મુવાંજીવતાંની ક્રીયા ભગરયા મોબદો પાસે નહી કરાવાનો એકમતી ઠેડાવ કીધો. એટલુજ નહી પણ બજાંના કુંટુંબના એક નબીરા મોબદ મીનોચેહર હોમજીને પોતાની પક્ષમાં લઇ તેને ભગર પંથમાંથી છુટો પાડયો અને પોતાને ત્યાંના સર અવસરનાં ક્રીયા કામો કરાવા માટે તેનાજ ઘરમાં એક એલાહેદી દરેમેહર ઠેડવી આપી જે હાલ મીનોચેહર હોમજીની દરેમેહરને નામે ઓલખાએ છે. આ રીતે ભગરયા મોબદોથી એલાહેદો મીનોચેહર હોમજીનો નવો પંથ આ ખુનખાર લડાઇને લીધેજ હસ્તીમા આવ્યો હતો કે જે પંથમાં હાલ દાદાચાંનજી, કકરયા, રબાડી અને ભંડારી વાલાઓ ગણાએ છે.

આશાજી પોતાના વખતમાં ભગર અનનુમનના આગેવાનોમાના એક લેખાતા હતા, જે તેવણના વખતમાં થએલા કેટલાક લેખો ઉપરથી જણાએ છે જેમા બીજા આગેવાનો ભેગી એવણની પણ શાહીઓ જોવામાં આવે છે.

એવણ ઘણાજ ધર્મી, સખી દીલગુરદાના અને ઉદાર ખવાસના ગૃહસ્થ હતા જેની ગવાહી એવણે નવસારી ખાતે જુદે જુદે વખતે બંધાવેલા ૭) કુવાઓ ઉપરથી મલે છે જેમાના ૪) કુવા આજે મોજુદ છે. ૨ આ ૭) કુવાઓમાનો પહેલો કુવો ઇ. સ. ૧૬૮૬ માં નવસારીમાં મોબદો અને બેહદીનો વચ્ચે જાગેલી ખુનખાર લડાઇ વખતે એવણની બીજા મોબદો સાથ ખુનની ઉશકેરણી કરવાના આરોપ માટે સુરત ખાતે ચાલેલી તપાસમાંથી છુટી જવાની ખુશાલીમા અને છેલ્લો યાને ૭) મો કુવો પોતાના છેલ્લાં ફરઝંદ દસ્તુર જામાસ્પ આશાના જનમની યાદગારીમાં એવણે બંધાવ્યો હતો.

એવણ તાલીમબાજ, ચુનનદા ઘોડેસ્વાર અને મજબુત બાંધાના હતા, અને તરવાના હુનરમ કુશલ હોવાથી નવસારીમાં જયારે રેલ આવતી તયારે એવણ જાત તથા પરજાતના લોકોને ઘણાં મદદગાર થઈ પડતા હતા.

---

૧. " પારસી પ્રકાશ "—દફતર ૧ લુ સફે ૧૯ મે આ ખુનખાર લડાઈની નોંધ લેવામા આવી છે જેમા આશાજી ફરેદુનજી, તથા બેહદીન બેહરામ ચાંદાના નામો જોવામા આવતા નથી, પણ હમારા બાવાજીએ લખેલા આશાજીના અહેવાલ પ્રમાણે આ લડાઈ સાથ સંબંધ ધરાવનારા ઉપલા શખ્સોના નામ ઉપરાંત મોબદોમા આશાજી અને બેહદીનોમાં બેહરામ ચાંદા નામ જોવામા આવે છે. એ અહેવાલમા લખ્યુ છે જે બેહદીન બેહરામ ચાંદા પોતાના માકુ [illegible] [illegible] ગયો હતો.

૨. આજે ૪) કુવાઓમાંનો પહેલો કુવો હંગડાવારને નાકે હમારા કુવા મરહુમ મોબદ પેશતનજી માણેકજી રાણાના [illegible], બીજો અને ત્રીજો કુવા હંગડાવારમાં મરહુમ દસ્તુર માણેકજી ઉરફે માકાજી રૂસતમજી દસ્તુર જામાસ્પ આશાના ઘરની સાંજે અને પછવાડે અને ચોથો કુવો ભામરી કુઈના રસ્તા ઉપર આજે જોવામા આવે છે. બાકીના ત્રણ કુવા કયાં બંધાયા હતા તે હજી સુધી જણાયુ નથી.

આશાજીનો અહેવાલ ખતમ કરીએ તે પેહલાં એવણુની હેરબદીને લગતી જીકરનો હાલની અને ભવિષ્યની ઓલાદની વાકેફગારી માટે ઇસારો કરવાની હમોને નાખુશ ફરજ પડે છે. ઇ. સ. ૧૮૩૬ માં પુનાની સર જમશેદજી જીજીભાઇની દરેમેહરના પંથકી મરહુમ એરવદ સાહેબ તેહમુરજી મનચેરજી હોજદાર અને તેવણુના મલતા વીશેકોએ આશાજીને બીનહેરબદ એટલે "ઓસ્તા" ઠેડવવાની તકરાર જગાડી હતી. તેઓની તકરારનો મુદ્દો એવો હતો કે "આશાજી "એરવદ" નહી પણુ "ઓસ્તા" છે, પણુ એવણુના દીકરા જામાસ્પજી (દસ્તુર જામાસ્પ આશા) નુ નામ જાહેર જશન અને ધુપ નીરંગની કીયામાં "દસ્તુર" તરીકે લેવાડવા માટે તે વખતની અનજુમને આશાજીને "એરવદ" બનાવ્યા હતા, કારણુકે એક "દસ્તુર" ઠડેલા દીકરાનું નામ તેના "ઓસ્તા" બાપ સાથ ભણુતર કીયામાં લેવાઈ શકાએ નહી વીગેરે" પોતાના ગુજર પામેલા વડીલ મુરબીને આની રીતનુ અપમાન થએલું જોઇ તે વખતના દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનના નબીરાઓએ મજકુર એરવદ સાહેબ અને તેવણુના મલતીઆઓની સાંમે થઈ દાખલા દલીલોથી ઉપલુ તોહમત ખોટુ પાડી આપ્યુ. તેમજ એ ખાનદાનવાલાઓની માગણી ઉપરથી તે વખતની નવસારીની અનજુમનના અકાબરોએ પુરતી શોધખોલ કરી આશાજીને ખરા હેરબદ ઠેડવીઆથી તેવણુના અશો રૂહને ખરો ઇનસાફ આપ્યો હતો એટલુજ પણુ એ માટેનો એક મેહજર પણુ એ ખાનદાનવાલાઓને કરી આપ્યો હતો ત્યાર પછી ઘણીક લાંબી મુદતે નવસારીવાલા મરહુમ મોબદ સાહેબ હોરમજી નવરોજી બામજીના કેતાબખાનામાથી સવત ૧૬૮૯ થી તે સવત ૧૭૭૦ સુધી નવસારીની દરેમેહરમા નાવર થએલા ગૃહસ્થોની એક નોંધપોથી જે મોબેદોમા "ફહેરેસ" (ફેહેરેસ્ત) ને નામે ઓલખાએ છે તે હમારા મુરબીજીને હાથલાગી જેમા આશાજીના નાવર થાવાની નોંધ નીચે મુજબ મલી આવી.- "સવત ૧૭૩૩ રોજ ૭ માહ ૮ એ૦ આશા પા૦ ઓ૦ બરજોર એ૦ ફરેદુન સુખલા શાંડા નો૦ બરજોર એ૦ ફરેદુન સુખલા શાંડા ગુજરેઓ."

" ૧ એ૦ નરસગ આશા " " એ. શંહીઆર ડોશા મા "

" શા૦ નાહના બરજોર " " શા. મેહેરનોશ ફરેદુન મલ્લાં"

ઉપલી નોંધ ખુલ્લી રીતે દેખાડી આપે છે કે મરહુમ આશાજી પોતાના ભાઈ અને પાલક બાપ બરજોરજીને નામના નાવર થયા હતા અને તેવણુને નાવર પઢાવનાર નરસગ આશા, શંહીઆર ડોશા, નાહના બરજોર અને મેહરનોશ ફરેદુન મુલ્લાં નામના મોબદો હતા. ૧

---

૧. ઉપલી નોંધમાં આવેલા બવત રૂપી બોલોનો ખુલાસો:—

એ૦ એટલે એરવદ, પા૦ એટલે પાલક, ઓ૦ એટલે ઓસ્તા, નો૦ એટલે જેને નામનો નાવર થયો હોય તે ધણીનું નામ. શા૦ એટલે શારનાર યાને નાવર પઢાવનાર

જે મુદ્દા ઉપર મરહુમ એરવદ સાહેબ તેહમુરજી મનચેરજી હોજદાર અને તેવણુના મલતીઆઓએ મરહુમ આશાજીને ઓસ્તા ઠડવવાની કોશેશ કરી હતી તે મુદ્દો તદન તકલીદી અને હસી કહાડવા જેવો હતો, કારણકે હિંદુસ્તાનમા થઇ ગએલા ઘણાક દસ્તુર સાહેબોના નામો તેઓના ઓસ્તા બાપ સાથ જાહેરાત લેવાએ છે. દાખલા તરીકે સુરતના કદમી પંથના પહેલા દસ્તુર દારાબજી કુમાના બાવા સોહરાબજી ઓસ્તા હોવાથી તેવણુનુ નામ "દસ્તુર દારાબ ઓસ્તા સોહરાબ" કરી જાહેરમા લેવાએ છે તેમજ સનજાણા દસ્તુર ખાનદાનના વડવા દસ્તુર રૂસતમજી બેહરામજી સંજાણાનુ નામ તેવણુના પાલક બાપ ઓસ્તા બરજોરજી સાથ "દસ્તુર રૂસતમ ઓસ્તા બરજોર" કરી લેવાએછે એટલુજ નહી પણુ ઈરાનવાલા દસ્તુર રૂસતમ ગુસ્તાસ્પ બેહદીન પંથના હતા, પણુ દીનદારી એલમ શીખેલા હોવાથી તેવણુનુ નામ તેવણુના બેહદીન બાપ સાથ "દસ્તુર રૂસતમ બેહદીન ગુસ્તાસ્પ" કરી ભણુતર કીયામાં લેવાએ છે આ ઉપરથી એટલુ તો સાબેત થાએછે કે એક દસ્તુરનુ નામ તેના ઓસ્તા બાપ સાથ નહીજ લેવાએ એવુ જેમ ધરમનુ ફરમાન નથી તેમ અથોરનાન ટોળામા એવી રસમ પણુ નથી. અગરજો હતે તો તેના દાખલાઓ દીનીજના પુસ્તકો ઉપરથી મલી શકતે.

એવણુ ગાથા ૩ જો માહ ૧૨ મો સને ૧૧૧૮ યઝદજરદી, તા૦ ૭ મી અક્તોબર ૧૭૪૯ ખાવી ને દીને ૯૦) વરસની બુઝોરગ ઉમરે બેહસ્તનશીન થાયા.

એવણના લગન તવડી ગામના માતબર પટેલ બેહદીન કાઉશ આશદીનની દીકરી વીરબાઇજી કેડે થયાં હતા, જેવણને પેટે નામાંકીત દીકરા દસ્તુર જામાસ્પ આશા ઉપરાંત નવરોજી નામનો એક દીકરો અને નવાજબાઈ નામની એક દીકરી તથા બીજા ઘણાંક ફરઝંદો અવતરયાં હતાં. વડા દીકરા નવરોજી વગર હેરબદ થાવે રોજ ૧૪ માહ ૫ ને દીને પોતાના બાવાની હૈયાતીમાં મરણ પામ્યા હતા, જ્યારે બીજા દીકરા દસ્તુર જામાસ્પ આશા અને દીકરી નવાજબાઇ (ઓસ્તી નવાજ એરવદ મના) પોતાના પીતાના મરણ વખતે હૈયાત હતાં.

—o-oo-oo-o—

દસ્તુર જામાસ્પ આશા.

જનમ–હેરબદીની તાલીમ–દીનદારી એલમ–ફારસી અને સંસ્કૃતની તાલીમ–જંદ અને પહેલવીના અભ્યાસ માટે ભરૂચ જવું–સરકારી મદરેસામાં દાખલ થાવું–એલમ હાંસલ કરવા માટે પડેલી મુસીબતો–અરબીનો અભ્યાસ–પુરાણી કેતાબોની સોધખોલ–ભરૂચથી પાછા ફરવું–પાંચગેહો અને બે યશ્તોનો ગુજરાતી તરજુમો–દીલ્લી દરબારમાં દાખલ થાવા માટે દસ્તુર જામાસ્પજીની ઉમેદવારી–સુરતના નવાબ ઉપર આવેલુ પાદશાહી ફરમાન–દસ્તુર જામાસ્પજીનું દીલ્લી તરફ રવાના થાવું–રસ્તેથી નાસીપાસી સાથ પાછુ ફરવું–જરથોસ્તી મજહબને લગતા ઈરાનના દસ્તુરો ઉપર લખી મોકલેલા સવાલો.–ઝબાન શનાસીના ફાયદાની માહીતી–રૂવાનને પદાન બાંધવા માટે સુરતમાં જાગેલો તકરાર–નવસારીના દસ્તુર શાહેબોનાં ફતવા–દસ્તુર જામાસ્પજીના છુટા વિચારના દાખલાઓ–જામાસ્પ વિલાયતીની હિંદમાં પધરામણી–સવાલોના જવાબો–"રીવાયતે દસ્તુર જામાસ્પ આશા"–હોમ સલી–પહેલવી ફરવષી અને નીરંગસ્તાન–રોજ માહની ગણતરી માટે સુરતમાં જાગેલી તકરાર–રૂવાનના પગ લાંબા રાખવાનો અને તેને પદાન નહિ બાંધવાનો દસ્તુર જામાસ્પજીનો ફતવો,–નવસારીની અનજુમનનો દસ્તુર જામાસ્પજી તરફ અણગમો–"જામાસ્પ હો તારૂં ખરૂ"–ભરૂચ તરફ રવાનગી–નવસારીની અનજુમન સાથ થએલી સલાહ–જામાસ્પ વિલાયતીની "સરટીફીકેટ"–ફરવષી અને નીરંગસ્તાનની ભેટ–દસ્તુર દારાબ પહાલનનુ મરણ–દસ્તુર જામાસજીને અનજુમન તરફથી મલેલું "દસ્તુર" પદ–અગત્યના લેખો અને બંદોબસ્તો–પંથકની વેંહચણી માટે ઉઠેલો વાંધો–સીઆવની બાબદમાં મોબદો અને બેહદીનો વચ્ચે ઉઠેલો ઝઘડો–રપીથવનની મીયજદ માડવા માટે મલેલો વંશપરંપરા હક–પંથકની વેહચણી માટે ઉઠેલો બીજો વાંધો–એ બાબે દસ્તુર જામાસ્પજીનું, સોનગઢ ખાતે ગાયકવાડની હજુરમાં જવું–દસ્તુર જમશેદજી રૂસ્તમજી મેહરજીરાણા અને ભાઈઓ વચ્ચે બાપીકી મીલકતની વેંહચણી–દસ્તુર જામાસ્પજીનુ લવાદ તરીકે મુકરર થાવું–"યા

વીસાદ " અને "તાઉમી નમાને"ની બાબદમાં દસ્તુર જામાસ્પજીને અભીપ્રાય- ગાયકવાડ સરકારમાં વગવસીલો અને મરતબો-શાગેરદો-દસ્તુર જામાસ્પજીની કાબેલ્યત માટે દસ્તુર મુલ્લાં ફીરોઝની " સરટીફીકેટ "-કેતાબખાના માટે કીધેલી વસીહત-મરણ-ફરઝંદો-પરચુટણ નોંધો વીગેરે "

બ નવસારી ઝે દસ્તુરાને દીન જામાસ્પ આશારા
ખુદાદાદેહ ઝે લોત્ફે ખુદ અલુમે દીનો દુન્યારા
(દેશાઈ બરજોરજી પહાલનજી)

મરહુમ એરવદ આશાજી ફરેદુનજીના સૌથી નાધલા દીકરા અને નવસારી મુંબઈ પુના અને દખણ હેદરાબાદ ખાતે વસ્તા દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનના વડવા મરહુમ દસ્તુરે દસ્તુરાન જામાસ્પજી આશાજીનો જનમ ઇ. સ. ૧૬૯૩ માં નવસારી મધે થયો હતો પોતાના ઘણાંક ફરઝંદો બચપણમા ગુજરી જવાને લીધે મરહુમ એરવદ આશાજી ઘણાજ રંજીદા અને નાસીપાસ થએલા, પણ આ નામાકીત દીકરાના જનમથી એવણને ઘણીજ ખુશી પેદા થાઇ અને એ સુભ બનાવની ખુશાલીમાં એવણે છેલ્લો યાને ૭) મો કુવો નવસારીમાં બંધાવીને લોકના વપરાસ માટે ખુલ્લો મુકયો હતો. તે વખતના રીવાજ મુજબ એવણને નાવર મરાતબનુ શીખવવા માટે નવસારીના તે વખતના જાણીતા દસ્તુર પહાલન ફરેદુન તે દસ્તુર દારાબ પહાલનના બાપની નીશાળે બેસાડવામા આવ્યા હતા, જયાં મરહુમ દેશાઈ ખુરશેદજી તેહમુરજીએ પણ એવણની સાથે હેરબદીની તાલીમ લીધી હતી. એ ઉસ્તાદના હાથ હેઠલ પુખ્ત તાલીમ લઇ સંવત ૧૭૬૫ ના રોજ ૨૫ માહ ૮ સને ૧૦૭૮ યઝ- દજરદી, તા૦ ૧૧ મી જુન ૧૭૦૯ ઇસવીને દીને એવણ બેહદીન જમશુજી ભીખાજી બહમનજીને નામે હેરબદ થયા હતા, અને તે વખતે એવણને નાવર પઢાવનારા મોબદ બહમન, મોબદ ફરામજી માણેકજી મુલ્લાં, મોબદ ખુરશેદ ચાંદા અને મોબદ શોહરાબજી કેરસાસ્પજી નામના વારાદાર મોબદો હતા. એવણ જેમ ઉમરે પુગતા ગયા તેમ વધારે ચાલાકી અને બાહોશી બતાવતા ગયા. પોતાના ઉસ્તાદના દીકરા દસ્તુર દારાબ પહાલનને ફારસી અને સંસ્કૃતનો અભ્યાસ કરતાં જોઈ પોતાને પણ એ ભાષાઓ શીખવાની ઉલટ થઇ તે જમાનામાં જયારે બાપ પોતાના દીકરાને શીખવવાની આનાકાની કરે ત્યારે વણકર બાપના આ ચંચલ દીકરાને કોણ શીખવે ! જ્યારેબી એવણ પોતાના ઉસ્તાદ દસ્તુર પહાલન ફરેદુનને મજકુર ભાષાઓ શીખવવાની આજેજી કરતા ત્યારે તેવણ ધમકી આપી કેહેતા કે "નાદાન પોરીઆ જે શીખવાનુ છે તે તો પહેલા શીખ" પોતાના ઉસ્તાદ તરફથી આવો નીરાશી ભર્યો જવાબ વારવાર મલતો જોઇ પોતે ઘણાજ નાઉમેદ થતા હતા, પણ એલમ હાસલ કરવાની કાલજી એવણે કદી છોડી નહી નવસારીના તે વખતના પ્રખ્યાત અને કાબેલ મુનશી મોલવી નજમુદદીન આગલ પોતાનો ફારસી અભ્યાસ સુરૂ કર્યો. આ મુસલમાન ઉસ્તાદ પોતાના ચેલાની યાદદાસ્ત શકતી ઘણીજ તેજ જોઇ તેને પોતાની આગલ ઘણો વખત સુધી બેસાડી શીખવવાની કાલજી રાખતો હતો, પણ દસ્તુર જામાસ્પજી પોતાના ઉસ્તાદ તથા બાપના ડરથી ઘણો વખત સુધી બેસવાની આનાકાની કરતા હતા. એવણને સંસ્કૃત અને જ્યોતિષ શાસ્ત્રની સંગીન તાલીમ આપનાર સંભુરામ નામનો એક પંડીત હતો. એવણના વખતમાં છાપેલી ચોપડીઓ મલતી ન હોવાથી પોતાને જે શીખવુ પડતુ તે કાગળો ઉપર લખી લઇ શીખતા, જેની ગવાહી તરીકે એવણ સાહેબને હાથની લખેલી "સારસ્વત" અને "રત્નમાળા" નામની બે સંસ્કૃત ચોપડીઓ આજે મોજુદ છે, જે એવણ હેરબદ થયા, તે અગાઉની લખાએલી છે. ફારસી અને સંસ્કૃતની તાલીમ લીધાં પછી દસ્તુર જામાસ્પજી સાહેબને જંદ અને પહેલવી ભાષાઓ શીખવાની હોંશ થાઇ. નવસારી કસબામાં પોતાની ઊલટને ઊત્તેજન મલતુ ન જોઇ પોતાના પીતાની મરજી વીરૂધ પોતે ઇ. સ. ૧૭૧૨ મા ભરૂચ ચાલી ગયા અને ત્યાના તે વખતના વડા દસ્તુરજી સાહેબ

જમશેદજી કામદીનજીની ઊસતાદગીરી હેઠળ જંદ અને પહેલવીનો સંગીન અભ્યાસ કરવા માંડયો. પોતે જે ફારસીનું સાધારણ ગ્નાન નવસારીમાં મેલવ્યુ હતુ તે આગલ વધારવા માટે ભરૂચની સરકારી મદરેસા કે જ્યાં દસ્તુર જમશેદજી કામદીનજી જંદ-પહેલવીના વડા શીક્ષાગુરૂ હતા ત્યાં દાખલ થયા અને તે ખાતાના મુનશી મોલવી મઆશુમ શાહની ઉસ્તાદગીરી હેઠલ હકીમું, નજુમ, રમલ અને "સરફેનહુ" ને લગતો અભયાસ આગલ વધારવા માંડયો. પોતાના મુરબીજી બાવાજીની મરજી વીરૂધ ભરૂચ જવાથી તેવણે એવણુને કસી રીતની મદદ કરવાની સાફ ના પાડી હતી, અને તે સબબને લીધે પોતાની હોંશ પુરી પાડવા માટે અનેક તરેહની અડચણો અને મુસીબતો વેઠવી પડી હતી, તે હયાં સુધીકે રાતે અભયાસ કરવા માટે તેલ બતી ખરીદવા જેટલી પણ પોતાનામાં તાકાત ન હતી. પણ જે શખ્સમાં ખંત સાથે સબુરીનો ઉત્તમ ગુણ જોડાએલો હોય તે શખ્સ ગમે એવી મુસીબત અને મુશકેલીના તબકકામાંથી સહેલથી પસાર થાઈ શકે છે આ વખતે ભરૂચમાં મહાજન રામદાસ ગોકલદાસ નામનો એક વાણીઓ વેપારી હતો. તેણે દસ્તુર જામાસ્પજીની તંગદસ્ત હાલત ઉપર દયા લાવી રાતે જેટલો વખત પોતાની દુકાન ખુલ્લી રહેતી તેટલો વખત ત્યાં બેસી પોતાનો વિદયા અભ્યાસ કરવા માટે એવણુને સઘલી રીતની જોગવાઇ કરી આપી. તેમજ દવારકાંદાસ હરીભાઇ નામના બીજા વેપારીએ પણ એવણુને ઘણીક રીતની મદદ કરી હતી. આવી હાલતે વિદયા અભ્યાસ પછવાડે પોતાનો વખત કહાડયો. ભરૂચની સરકારી મદરેસાના ફારસી વીદયારથીઓમાં દસ્તુર જામાસ્પજી મોલવી મઆશુમશાહના એક માનીતા શાગેરદ થઇ પડયા હતા અને દર વરસે સરકાર તરફથી લેવાતી પરીક્ષામાં એવણ પહેલી પદવી મેલવતા હતા. જંદ, પહેલવી અને ફારસીનો અભ્યાસ મનમાનતી રીતે પુરો કીધા પછી એવણુની વળાણ અરબીના અભ્યાસ તરફ ફેરવાઇ આ વખતે અબદુલ્લા એબને હાઝેબ નામનો ભરૂચમાં એક સરકારી અમલદાર હતો, તે ભરૂચના નવાબનો જેમ માનીતો હતો તેમ દીલ્હીની પાદશાહી દરબારમાં મોહટો વગવસીલો ધરાવતો હતો. તેને દસ્તુર જમશેદજી કામદીનજી અને મોલવી મઆશુમશાહ સાથ ઘાડી મીત્રાચારી હતી. એ બેહુ ઉસ્તાદોએ પોતાના શાગેરદ દસ્તુર જામાસ્પજીની મજકુર અમલદાર સાથ ઓલખાણ કરાવી એવણુને અરબી શીખવવાની મજબુત સીફારસ કીધી. એવી રીતે પોતાના ઉસ્તાદોના વગવસીલાથી દસ્તુર જામાસ્પજીએ અબદુલ્લા એબને હાઝેબની શાગેરદી કરી અરબી ઝબાનનુ પુખ્ત ગ્નાન મેલવવા પામ્યા. એવીજ રીતે દસ્તુર જમશેદજી કામદીનજીના વગવસીલાથી તેવણુના મીત્ર કેશવરામ શાસ્ત્રી નામના અમદાવાદી બ્રાહમણ આગળ સંસકૃતનો અભ્યાસ આગળ વધારી તેમા પુરવીણતા મેલવી હતી. વિદયાદેવીનો આવો ભાવીક પુંજારી ભરૂચના ખાસો આમનો અને મુખ્ય કરી વિદ્વાન મંડલનો માનીતો થાઇ પડે એ કુદરતી છે. પોતાની વિદયા અને ફીલસુફી ગ્નાનના બલથી એવણ એક હાથ ઉપર જેમ ભરૂચના આલેમ વર્ગમાં મશહુર થયા હતા તેમ બીજા હાથ ઉપર પોતાની લાએકી અને નમનતાઇથી જાત અને પ્રજાતમાં જાણીતા થયા હતા અને એવણુનુ હર પ્રશંગે આગળ પડવુ એવણુના કાબેલ ઉસ્તાદો દસ્તુર જમશેદજી કામદીનજી અને મોલવી મઆશુમશાહના વગવસીલાને આભારી હતું. આ વખતના ભરૂચના નવાબ સાહેબને ફીરદુસીના શાહનામાના વાંચણનો અત્યંત શોક હતો. તેવણ અઠવાડયાના ચોકકસ દીવસે મોલવી મઆશુમશાહને પોતાની કચેરીમાં બોલાવી તેવણ પાસે શાહનામુ વંચાવતા હતા, કે જે કામ કોઈ કોઇ વખતે તેવણુની ગેરહાજરીમાં તેવણુના-શાગેરદ દસ્તુર જામાસ્પજી બજાવતા હતા. મબાદા પોતાની ફારસી અને અરબી ભાષાની કદરશનાસીમાં દસ્તુર જામાસ્પજી નવાબના માનીતા થઇ પડે એવા ખીઆલથી નવાબના દરબારીઓએ તેવણુને નવાબના અણગમામાં લાવી કચેરીમાં આવતાં અટકાવવાની યુકતી રચી તો જો કે તેઓ દસ્તુર જામાસ્પજીની નમનતાઇ અને લાએકીને લીધે તેવણ સાથ જાહેરમાં દુશમની બતાવતા ન હતા. નવાબના દરબારીઓમાના કેટલાકોએ એકુ બે મુસલમાન મોલવીઓને નવાબની હજુર આણી દસ્તુર જામાસ્પજીની હાજરીમાં શાહનામાના દાસ્તાનો વીરૂધ મુજાહેમત કરવા

સમજાવ્યા કે જેથી ફરી નવાબનો વિશ્વાસ શાહનામા ઉપરથી ઉઠી જવા સાથે દસ્તુર જામાસ્પજીનું નવાબની કચેરીમાં આવવું બંધ પડે. જ્યારે આએ યુક્તી મોલવી અબ્દુલશાહના જાણવામાં આવી ત્યારે પોતે શાહનામાના વાંચણ માટે નવાબની હજુરમાં ન જતાં દસ્તુર જામાસ્પજીને મોકલી આપ્યા, કારણ કે પોતાનો શાગેરદ તકરારની સેતર જ ઉપર મોલવીઓને મહાત આપશે એવી તેની પુરેપુરી ખાતરી હતી. દરબારીઓ સાથ થએલી ગોઠવણ મુજબ બે મોલવીઓ પણ નવાબની પરવાનગીથી શાહનામુ સાંભલવા માટે કચેરીમાં આવી બેઠા. દસ્તુર જામાસ્પજીએ શાહનામું વાંચવાનું પુરૂ કીધા પછી પેલા મોલવીઓ નવાબ આગલ ફર્યાદ કરવા લાગાકે 'શાહનામુ તો કીસ્સા કહાણીથી ભરેલુ છે અને તેમાં સચ્ચાઇ જેવુ કઇ નથી. અને જે પાદશાહ પેહલવાનોની તારીફ કરવામાં આવી છે તે તો ખુદાને બદલે આતશના પુજારીઓ હતા અને આએ વાચનાર ધણીભી આતશપરસ્ત છે માટે એવા શખ્સને કચેરીમા બોલાવી તેની પાસે આતશપરસ્તોનો કીસ્સો કહાણી વંચાવવો એ આપના અને દરબારના દરજ્જાને ન છાજતુ છે વીગેરે." એમ કેહવામાં મોલવીઓની મતલબ કાંઇજ નહીપણ દસ્તુર જામાસ્પજીને નવાબની નજરમાં હલકા પાડવાની અને તેવણને અપમાન કરી ગુસ્સાથી ઉશકેરવાની હવી. દસ્તુર જામાસ્પજીએ મોલવીઓનુ બોલવું શાંતપણે સાભલીને શાહનામાની સચ્ચાઇ અને ઇરાની પાદશાહ પહેલવાનોની યજદાંપરસ્તી બાબેના નીચલા બેતો બોલી સમજાવ્યાઃ—

તો આનરા દરૂગો ફેશાને મદાન
કે ચકસર રવેશે ઝમાને મદાન
અગર ચક સખુન હુમ અઝાં કમ બુદી
રૂવાને મરા જાએ માતમ બુદી

અર્થઃ—તું એને (શાહનામાને) જુઠાઇ અને કહાણીથી ભરેલું ના જાણ અને ઝમાનાની ચાલને એક સરખી ના સહમજ અગરજો (શાહનામાનો) એક સખુન પણ સચ્ચાઇમાં કમ હોય તો માહરા રવાનને (મરણ પછી) માતમની જગાએ જવું પડે.

શાહનામાની સચ્ચાઇ માટેના ઉપલા બેતો બોલવા પછી મોલવીઓએ પાદશાહ પહેલવાનો અને દસ્તુરજી ઉપર આતશપરસ્તીનુ જે તોહમત મુક્યું હતું તેનો દસ્તુરજીએ ફીરદુસીના નીચલા બેતમા રદ જવાબ આપીઓઃ—

મગુઈ કે આતશપરસ્તાં બુદંદ
પરસતંદએ પાક યઝદાં બુદંદ.

અર્થ—તમો એમ ના બોલોકે તેઓ (ઇરાની પાદશાહ પેહલવાનો) આતશ પુજનારા હતા પણ તેઓતો પાક યઝદાનની પરસતેશ કરનારા હતા

દસતુરજીએ પોતાના બેતોમાં વધુ એમ જણાવ્યુ કે

ઝે આતશપરસતી મશવ ખશમનાક.
ગીરફ્તીમ અઝીન રાહે યઝદાને પાક.

અર્થ—આતશપરસતી માટે તમો ગુસ્સે ના થાવ કારણ કે એ વડે તો હમોએ પાક યઝદાન તરફનો રસ્તો લીધો છે

મોલવીઓએ ઉઠાવેલા વાંધાનો દસ્તુર જામાસ્પજીએ ખાતરી પુર્વક ખુલાસો આપવાથી તેઓને અને બીજા દરબારીઓને નવાબની કચેરીમાંથી ચુપચુપ ચાલી જવા શીવાએ બીજો કશો ઇલાજ રહયો નહી.

ભરૂચ ખાતેની પોતાની કારકીરદી દરમ્યાન એવણે પોતાના સઘળા ઉશતાદોની મદદથી ઘણી-એક નાયાબ કેતાબો મેળવી હતી જેમાં ઈ. સ. ૧૩૨૩—યઝદજરદી સને ૬૯૨—માં ખંબાતવાલા એરવદ મેહરબાન કેખુશરૂની કલમથી લખાએલી પહેલવી તરજુમા સાથની યઝશનેની મોતેબર કેતાબ હતી, જે આજે ઓક્ષફર્ડની "બોડલીઅન લાઇબ્રેરી"માં મોજુદ છે. [૧]

એવી રીતે દસ્તુર જામાસપજી સાહેબે ૭) વરસ સુધી મહામુસીબતો અને સંકટો વચ્ચે દીનદારી એલમ અને ફીલસુફી જ્ઞાન હાંસલ કરી ઇ. સ. ૧૭૧૯ માં પોતાની જનમ ભુમી નવસારી ખાતે પાછા ફર્યા.

ભરૂચ ખાતેની કારકીરદીથી વાકેફ થાવા પછી હવે અમો એવણુ સાહેબની નવસારી ખાતેની ઉપયોગી અને ઝહલકતી કારકીરદી ઉપર આવીએ છીએ. એવણના જમાનામાં દસતુર સાહેબો અસલી વિચારના યાને "કનઝરવેટીવ" વળણના હોવાથી પોતાનો દીનદારી એલમ કોઇને નહી જણાવતા એટલુજ નહી પણ દીનઆઇનની બાબદો અને દીનના ફરમાનોથી બીજાઓને પણ વાકેફ નહી કરતા. આ વખતે નવસારીના અથોરનાન વેપારી અને પ્રખ્યાત દેશાઈ ખુરશેદજી તેહમુરજીના મામા આ૦ રતનજી માણેકજી આંત્યાને ૫) ગેહો અને કેટલીક યસ્તોનો ગુજરાતીમાં તરજુમો કરાવાની ઘણી ખાહેશ હતી, પરંતુ તે વખતના દસ્તુરોની આવી અણઘટતી વળાણોને લીધે મજકુર વેપારી પોતાની ભલી નેમમા ફાવતો ન હતો જયારે દસતુર જામાસપજી ભરૂચથી નવસારી આવ્યા તયારે મજકુર રતનજી માણેકજી આંત્યાએ પોતાની ઉપલી ખાહેશ દસ્તુરજીને જણાવી અને પોતે છુટા વિચારના ધર્મગુરૂ હોવાથી એવણે પાચ ગેહો અને અહુરમઝદ અને સરોશ હાદોખ્ત નામની બે યસ્તોનો ગુજરાતીમાં તરજુમો કરી આપ્યો જે દસતુર દારાબ પહાલને તપાસીને ખરો ઠેરવી આપ્યો હતો. આવી રીતે આ૦ રતનજી આંતયાની લાંબા વખતની ખાહેશ પાર પાડી આપવા માટે એવણુને અસલી વિચારના દસતુરોની ખફગીમાં આવવું પડયું હતુ

અસલી વિચારના અને પોતાના વડીલોની રાહેરસમ ઉપર ચાલનારા અજ્ઞાન લોકોથી વસાએલા નવસારી કસબામાં પોતાના ભવિષ્યની બેહતરી માટે કશા સાંધણો ન હોવાથી દસ્તુર જામાસપજીએ તે વખતના હિન્દના પાયતખ્ત દીલ્હી તરફ પોતાની નજર દોડાવી અને પાદશાહ મહમુદશાહ [૨] ઉપર ફારસીમાં અરજી [૩] લખી એક લાએક ઓધ્ધો મેળવવાની ઉમેદવારી કરી હતી. આ અરજીનું

---

૧. આ કેતાબ મરહુમ દસ્તુર જામાસપજી સાહેબના મરણ પછી એવણના ત્રીજા દીકરા દસ્તુર બેહરામજીને હાથ ગઈ હતી જે એવણના મરણ પછી એવણના વિદ્વાન નબીરા દસતુર તેહમુરજી મીનોચેહરજીને વારસામા મલી હતી. આ મોતેબર કેતાબને મરહુમ દસતુર તેહમુરજીના મરણ બાદ કચરાની ટોપલીને હવાલે કરવામા આવી હતી, પણ મુંબઈવાલા મરહુમ દસતુરજી સાહેબ ડોકતર જામાસજી મીનોચેહરજી એક વખતે નવસારી પધારયા તે વખતે આ કેતાબ પોતાની સાથે મુંબઇ લઈ આવ્યા જે તેવણે ઇ. સ ૧૮૮૯ મા ઓક્ષફરડની બોડલેયન લાઇબ્રેરીને ભેટ આપી હતી. આ કેતાબની ૨૦૦) નકલો ઇ સ ૧૮૯૩ મા ડાકતર મીલ્સે "ફોટો તાઈપ" થી છપાવી બહાર પાડી હતી

૨. મુંબઈવાલા મરહુમ દસતુરજી સાહેબ ડોકતર જામાસપજી મીનોચેહરજીને ત્યાની નોધ પોથીમા મહમુદશાહને બદલે ફરોખ શીઅરનુ નામ જોવામાં આવે છે. પાદશાહ ફરોખ શીઅર ઈ સ ૧૭૧૩ થી ૧૭૧૯ સુધી દીલ્હીની ગાદી ઉપર હતો દસતુર જામાસપજી સાહેબ ઈ સ. ૧૭૧૯ મા ભરૂચથી નવસારી પાછા ફરયા કે જે વખતે પાદશાહ ફરોખસીઅર મરણ પામેલો હોવો જોઈએ, તેમજ ભરૂચથી પાછા ફરવા પછી તુરતજ દસતુર જામાસપજી સાહેબ દીલ્હી દરબારમાં દાખલ થવાની ઉમેદવારી કરે એવું લાગતુ નથી. આ ઉપરથી હમારી નાકેશ સમજ મુજબ દીલ્હીનો તે વખતનો પાદશાહ મહમુદશાહ હોવો જોઈએ.

૩. આ અરજીની એક નકલ નવસારીવાલા મરહુમ એરવદ માણેકજી નોશેરવાનજી દસ્તુર મેહરજીરાણાના કેતાબખાનામા અને બીજી એક નકલ ભરૂચવાલા મરહુમ એરવદ જમશેદજી રૂસતમજી દસતુર કામદીનના કેતાબખાનામા હમારા જાણવા જોવામા આવી હતી

જવાબનું વાંચી પાદશાહ તથા તેના દરબારીઓ એવા અનુમાન ઉપર આવ્યા કે આએ જવાબો લખનાર કોઇ "આલેમ" હોવો જોઇએ. એ ઉપરથી પાદશાહ મહમુદશાહે દસ્તુર જામાસ્પજીને દીલ્હી દરબારના મીર મુનશીના ઓહ્દા ઉપર મોકલી આપવા માટેનુ એક ફરમાન[1] સુરતના નવાબ તહવારખાન[2] ઉપર મોકલી આપ્યુ. આ વખતે દસ્તુર જામાસ્પજી સુરત હતા. નવાબ તરફથી દીલ્હી દરબારનું ફરમાન મલતાંને વાર તુરત પોતાના પીતાજીને જણા-વ્યા વગર દીલ્હી તરફ રવાના થયા. જ્યારે ભરૂચ જેવાં નજદીક શેહરમાં પોતાના એક પુત્ર-અને તેહવા માટે અત્યંત વહાલા દીકરાને એલમ હાંસલ કરવા માટે મોકલી આપવા તદનજ નારાજ હતા ત્યારે દીલ્હી જેવા દુર દરાજ શેહરમા કેમ કરી જવા દીએ? આ વાતની ખબર જ્યારે એવણના પીતાને નવસારીમાં મલી ત્યારે તુરત ઉંટ ઉપર સવાર થઈ ઠેઠ ભરૂચ સુધી જઇ પોતાના દીકરાને ધમકી આપવા સાથ સમજાવી પતાવીને પોતાની સાથ નવસારી પાછા લઇ આવ્યા અને તેવણને આગલ વધવાની અને નામના મેલવવાની ઉમેદમાં નીશ્ફલ અને નાસીપાસ કીધા.

ઇ. સ. ૧૭૧૯માં યાને ભરૂચથી નવસારી પાછા ફરવા પછી તુરતજ એવણે જરથોસ્તી મજહબની સેવા બજાવવાનુ એક અગત્યનુ કામ હાથ ધર્યું હતું, જે ઇરાનના દસ્તુરો પાસેથી દીનને લગતા સવાલોના જવાબો મંગાવવાનુ હતુ. એવણે દીનને લગતી જુદી જુદી બાબદો ઉપર ૧૧) સવાલો ઇરાનના દસ્તુરો ઉપર લખી મોકલી તેઓની પાસેથી ખુલાસો માગ્યો હતો. આએ સવાલો તથા તેના જવાબો "રીવાયતે દસ્તુર જામાસ્પ આશા" ના નામથી આજે મશહુર છે. યુરોપમા પ્રોફેસરો બોપ અને બરનુફ જેવા નામાકીત વિદ્વાનોએ "ઝબાનશનાસી" (Comparative Philology) નો કાયદો છેક પછવાડેથી જાહેર કરી તેને સોધી કહાડનાર તરીકેનુ માન ખાટી ગયા હતા, પણ હિન્દમાં ઘણા વરસ અગાઉ ખુદ દસ્તુર જામાસ્પજીને પોતાને એ કાયદાની સંપુર્ણ માહીતી હતી જેની સાબેતીમા એવણ સાહેબના ઇરાન ખાતે લખી મોકલેલા ૧૧) સવાલોમાંથી નીચલો ફકરો ટાંકી બતાવવો બસ થશે –

"વબુઝોરગાને ઈન જાનેબ મઆનીએ આન દર સંસકરીત કે એલ્મે બરેહમન અસ્ત વ અકસર એલફાજ વ ઇબારત વ કવાનીનેઉ તઆલક બર ઝદ અવસ્તા દારદ."

અર્થ —અને હયાના બુઝોરગોએ તેનો (પહેલવીનો) સંસકરીતમાં તરજુમો કર્યો છે કે જે બ્રાહમણોની ભાષા છે અને તેના શબ્દો, રૂઢી અને વયાકરણમા તે ઝદ અવસ્તા સાથ સબંધ ધરાવે છે.

અગરજે દસતુર જામાસપજીએ એ વિષે પોતાની કોશેશ ચાલુ રાખી હતે તો આ "ઝબાન શનાસી" નો કાયદો એવણના વખતમાંજ ઘણો આગલ વધ્યો હતે અને જરથોસતી ટોળો આજે યુરોપ અને અમેરીકાના વિદવાન મંડલમાં પહેલી જગા રોકતે, પણ કમનસીબે એવણ સાહેબે એ ઉપર વધુ ધ્યાન આપ્યું નહી.

---

૧ આએ ફરમાનની એક નકલ ભરૂચવાલા મરહુમ એરવદ જમશેદજી રૂસતમજી દસતુર કામદીનના કેતાબખાનામા હમારા બાવાજીના જોવામાં આવી હતી

૨ મુંબઈવાલા મરહુમ દસતુરજી સાહેબ દોકતર જામાસપજી મીનોચેહરજીને તયાની નોંધ પોથીમા નવાબ તગ્નેબ-ખાનને તે વખતના સુરતના નવાબ તરીકે જણાવેલો છે પણ હમારા ધારવા મુજબ દીલ્હીના પાદશાહ મહમુદશાહે નવાબ તગ્નેબખાનને બદલે નવાબ તેહવારખાન ઉપર ફરમાન મોકલેલુ હોવું જોઇએ નવાબ તહવારખાન ઇ. સ. ૧૭૧૯ થી ૧૭૨૩ સુધી અને નવાબ તગ્નેબખાન ઇ. સ. ૧૭૩૩ થી ૧૭૪૬ સુધી સુરતની નવાબી ગાદી ઉપર હતા. (જુઓ મો. એદલજી બરજોરજી પટેલની રચેલી "સુરતની તવારીખ" સફે ૫૯ તથા ૬૪ મે.)

ઈરાન ખાતે લખી મોકલેલા સવાલોના જવાબો આવી પુગે તેટલાં તો સુરતના જરથોસ્તીઓમાં રૂવાનને પદાન બાંધવાની બાબદમાં મોહટી તકરાર જાગી. તેઓએ નવસારીના દસ્તુરો ઉપર કાગજ લખી એ વિષેનો લેખીત ખુલાસો માગયો હતો. આએ કાગજના જવાબમાં દસ્તુર જામાસ્પજી તથા બીજા દસ્તુરો, મોબેદો અને બેહદીનોએ રોજ ૨૨ માહ ૧૧ સને ૧૦૯૦ યઝદજરદી, તા૦ ૭ મી સપતેમબર ૧૭૨૧ ઇસવીને દીને લખી જણાવયુ જે રૂવાનને પદાન બાંધવુ દીનની રાહે વાજબી છે પણ આએ જવાબથી તો સુરતના પારસીઓ વધારે ઉશકેરાયા હતા.[૧] ત્યારબાદ થોડાજ દીવસમાં ઇરાન ખાતેથી પોતાના સવાલોના જવાબો આવ્યા પછી અને પોતાની સંપુર્ણ ખાતરી કીધા પછી એરવદ સાહેબે પોતાનો એ વિચાર હીમતથી ફેરવ્યો હતો અને તે માટે એરવદને નવસારીવાસીઓ તરફથી કેટલુ ખમવુ પડયુ હતુ તેનુ બયાન આગલ વાચવામાં આવશે પોતાના સવાલોના જવાબો ઇરાનના દસ્તુરો તરફથી મલવા પછી એરવદ સાહેબે પોતાના સંગીન દીનદારી એલમ અને ફીલસુફી જ્ઞાનની અસરથી પોતાના નીચે દર્શાવેલા છુટા વિચારના ફતવાઓ જરથોસ્તી આલમમાં જાહેર કર્યા હતા અને તે જાહેર કરનાર પહેલા પારસી ધરમગુરૂ એરવદ પોતે હતા.

૧–એરવદ સાહેબના છુટા વિચારનો સૌથી પહેલો દાખલો તો એ છે કે પોતાના વખતના "કનઝરવેટીવ" વળાણના દસતુરોની મરજી વીરૂધ આ૦ રતનજી માણેકજી આંત્યાંને ૫) ગેહો અને અહુરમઝદ અને સરોશ હાદોખ્ત નામની બે યશતોનો ગુજરાતીમા તરજુમો કરી આપયો હતો.

૨–રૂવાનના પગ લાંબા રાખવા પણ રૂવાનને પદાન બાધવુ નહી. આ છુટા વિચારનો ફતવો પોતાના સવાલોના જવાબો ઇરાનથી આવ્યા પછી એરવદે જાહેર કર્યો હતો.

૩–જેમ ગાહમબારના દીવસો ચોકકસ મહીનાઓ સાથ સંબંધ ધરાવે છે તેમ ગાથાના દીવસો પણ અસપંદાદ મહીના સાથ તાલુકો રાખે છે. આ ફતવો એરવદે ગાહમબારની આફરીનને આધારે જાહેર કર્યો હતો.

૪–ફરવરદેગાનના દીવસો ઉપર અશોફરોહરની આરાધના ૧૮) ને બદલે ૧૦) દીવસની કરવી સજાવાર છે. આ ફતવો એરવદે આફરીનગાનના "યાવિસાદ" ના કરદા ઉપરથી જાહેર કર્યો હતો.

૫–એરવદનો છેલ્લો પણ સૌથી વધુ અગત્યનો છુટા વિચારનો ફતવો એ હતો કે અથોરનાનોની માફક બેહદીનો પણ દીનદારી એલમ અને દીનઆઇનની બાબદો શીખી દસતુરની પદવી મેલવે તો તેમા વાધો લેવા જોગ કઇ નથી.[૨]

હવે હમો કેરમાનવાલા દસતુર જામાસપ વિલાયતીની હિન્દમાં થએલી પધરામણી ઉપર આવ્યે કે જે વખતે દસતુર જામાસપજી સાહેબની કાબેલ્યત અને ફઝીલત જરથોસતી આલમને તેની ખરી રોશનીમાં જાહેર થાએ છે. આ જાણીતો ઈરાની દસતુર તા૦ ૨૫ મી નવેમબર ૧૭૨૦ ને દીને કેરમાનથી નીકલેલો જુદે જુદે ઠેકાણે ફરી ઈ. સ. ૧૭૨૧ ના સપટેમબર માસમાં સુરતમાં દાખલ થયો હતો. તે દસતુર જામાસપજીના સવાલના જવાબો પણ પોતાની સાથે લાવયો હતો. તેમજ હોમ સથી, પહેલવી ફરવષી, નીરંગસતાન, નજુમ અને ગણીતને લગતી કેટલીક કેતાબો પણ હિન્દમાં

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૨૩ મે.

૨. આએ કેતાબને સફે ૩) મે જણાવ્યા મુજબ ઇરાનવાલો દસતુર રૂસતમ બેહદીન ગુશતાસ્પ પણ બેહદીન હતો પણ દીનનો એલમ શીખેલો હોવાથી તે "દસતુર" પદ પામ્યો હતો.

પ્રુહેલ વેહલી દાખલ કરનાર આ ઇરાની દસતુર પોતે હતો. હજીતો સુરતના જરથોસતીઓમા રવાનને પદાન બાંધવાની તકરાર નરમ પડી નહી તેટલાં આ ઇરાની દસતુરે એક બીજી નવી તકરારને જનમ આપ્યો. તેને હિન્દ તથા ઇરાનના જરથોસતીઓની મહીનાની ગણુતરીમાં એક મહીનાનો ફરક માલુમ પડયો યાને હિન્દના જરથોસતીઓ ઇરાનના જરથોસતીઓથી એક મહીનો પાછલ પડેલા જણાયા આ વખતે સુરતના જરથોસતીઓ દીનની બાબદોથી તદન નાવાકેફ હોવાને લીધે ક ઇબી નવી તકરાર જનમ પામેનો ઘણુાજ ઝહતુન ઉપર આવી જતા હતા જેની આ ઇરાની દસતુરની રવાનને પદાન બાંધવાની તકરાર વખતે પુરે પુરી ખાતરી થવાથી તે પોતાનો વિચાર જાહેર કરવાને પહેલાં તો ગભરાયો. પોતે રોજ માહની તકરાર જગાડે તે પહેલાં ઇરાની દસતુરે દસતુર જામાસ્પજીને પોતાને, સુરતવાલા દસતુર દારાબજી શોહરાબજી કુમાના (કુમાના દાદાદાર) અને ભરૂચ એક દસ્તુરને પોતાના શાગેરદો કીધા[1] આ ત્રણે દસતુર સાહેબો તો ઝદ અને પહેલવીમાં માહીતગાર હડી ચુકા હતા પણ તેઓને શાગેરદો કરવામા ઇરાની દસતુરની મુળ મતબલ તેઓ પાસે નજુમના અને ગણીતના પહેલવી પુસતકો જે પોતાની સાથે લાવ્યો હતો તેનો બારીકીથી અભ્યાસ કરાવીને પોતાની તકરારનો પાયો મજબુત કરવાની હતી. પોતાની ઉસતાદગીરી હેઠળ ત્રણે દસતુરોએ ઉપલાં પુસતકોનો અભ્યાસ કીધા પછી ઇરાની દસતુરે રોજ માહની તકરાર ઉભી કરી તેને પુર જોશમાં આગલ ચલાવી. આ ઉપરથી સુરતના જરથોસતીઓમાં બે તડાં પડયાં જેમાંનુ એક તડુ ઇરાની દસ્તુરની પક્ષમાં રહયુ. આ વખતે નવસારીમાં દાદા ફરામરોજ પાતડી નામનો એક નજુમી હતો. તેને અને દસતુર દારાબ પહાલનને ઇરાની દસતુર સાથ તકરારમા ઉતરવા માટે સુરત આને બોલાવામાં આવ્યા હતા, પણ બેહુ પક્ષવાલાઓ હદ બાહેર ઉશકેરાઇ ગએલા હોવાથી એક યા બીજી પક્ષ તરફથી તકરારમા ભાગ ન લેતાં તેઓ તુરત નવસારી પાછા ફર્યા. સુરતના કેટલાક દસતુરો પણ ઇરાની દસતુરની સાબે થયા પણ તકરારતુ છેવટ મનમાનતી રીતે ન આવવાથી આખરે ઉસતાદ જામાસ્પ વિલાયતી અને શાગેરદ દસતુર જામાસ્પજી વચ્ચે એ વિશેનો વાદવિવાદ ચાલ્યો. એ તકરારની અસરથી સુરતની માફક નવસારીના જરથોસતીઓમા પણ તડા પડવાનો સંભવ હોવાથી ઉસતાદ અને શાગેરદે એકબીજાના ચોકકસ ફતવાઓ કબુલ રાખવાની સરતે એ તકરારનો સમાધાનીથી નીવેડો આણ્યો. એક હાથ ઉપર દસતુર જામાસ્પજીએ જયારે રવાનના પગ લાંબા રાખવાનો અને તેને પદાન નહી બાંધવાનો ફતવો પોતાને વાજબી લાગવાથી કબુલ રાખ્યો હતો તયારે બીજા હાથ ઉપર ઇરાની દસતુરે પોતાના શાગેરદના સમજાવ્યાથી અને પોતાની પુરેપુરી ખાતરી કીધા પછી નીચે જણાવેલી બાબદો કબુલ રાખી તે ઉપર અમલ કરવા માડયો હતો —

૧—દસ્તુર જામાસ્પ વિલાયતીનુ એવુ મત હવુ કે દસ્તુર તથા મોબદે પોતાના કાનો વીંધેલા રાખવા જોઇએ પણ દસ્તુર જામાસ્પજીએ તેને યઝશનેના ૪૫) મા હાના પહેલા ફકરાનો સાર[2] કહી સમજાવ્યાથી તેણે પોતાના કાનમાથી સુનાની કડી તુરત કહાડી નાખી હતી

---

૧ દસતુર જામાસ્પ વિલાયતીનો ત્રીજો શાગેરદ કોણ હતો તે હજી સુધી જણાયુ નથી પણ ભરૂચવાલા મખ્યાત દસતુર અસપ દયારજી કામદીનજીના બપાવા અને દસતુર જામાસ્પ આશાના ઉસતાદના દીકરા દસતુર ફરેદુનજી જમશેદજીને ધારવામા આવે છે ("પારસી પ્રકાશ" દફતર ૧લુ સફે ૨૪ મે) ભરૂચના દસતુર સાહેબો તો અસફંદીઆર્ઝંદ અને પહેલવી ભાષાઓના કાબેલ ઉસ્તાદો હોવાસાથ ત્યાની સરકારી મદરેસામા વડા શીક્ષા ગુરૂનો ઓધ્ધો ભોગવતા હોવાથી એ ખાનદાનનો કોઈબી શખ્સ દસતુર જામાસ્પ વિલાયતીની ઉસતાદગીરી કબુલ રાખે એ હમારા માનવામા આવતુ નથી. તેમજ મુબઈવાલા મરહુમ શેઠ અરદેશર શોહરાબજી દસતુર કામદીનનાએ રચેલી "ભરૂચના દસતુર ખાનદાનની વંશાવલી" મા દસતુર ફરેદુનજી જમશેદજીના અહેવાલ મધે એ અગત્યની બાબદનો કસો ઇસારો પણ કરવામા આવ્યો નથી એ ઉપરથી ત્યારે એમ સીધ્ધ થાએ છે કે દસતુર જામાસ્પ વિલાયતીનો ત્રીજો શાગેરદ દસતુર ફરેદુનજી જમશેદજીને બદલે ભરૂચનો કાઈ બીજો અથોરનાન શખ્સ હોય

૨. આ સાર નીચે મુજબ છે—"ભલી દીનના રાસત એતેકાદના માણસો સદા દીનના સાભળનારા અને તેની અસર લેનારા જોઇએ. તે નહી સાભલનારા બેહરા છે."

૨. દસ્તુર જામાસ્પ વિલાયતી અરદીબેહસ્ત યસ્તમાં "હાઉમમે બાઉઅ" પદ પડતો હતો પણ દસ્તુર જામાસ્પજી સાહેબે " હાઉમમે બધ " પદ કીધુ જે ઇરાની દસ્તુરે કબુલ રાખ્યુ હતુ અને આપણુ જરથોસતીઓ પણ હજી સુધી એજ પદ પઢીએ છીએ.

રોજ માહની તકરારનો આવી રીતે નીવેડો આવ્યા પછી દસ્તુર જામાસ્પજીએ સુરતના જરથોસતીઓમાં વાઅજ કરી રવાનને પદાન નહી બાંધવાની મજબુત સીફારસ કરી અને એ વાઅજની અસર એ થઇ કે કેટલાક જરથોસતીઓ અને ખુસુસ કરી મરહુમ રુસતમ માણેક શેઠની ઓલાદોએ એ તરીકા ઉપર ચાલવાનો જાહેર એકરાર કર્યો.

ચાલુ સદીમાં વિદયા અને હુનરનુ બળ વિશેષ વધી પડેલુ હોવા છતાં અને પશ્ચીમ તરફની કેળવણીએ મનુષ્યોના વિચાર આચારોમા બોહલો ફેરફાર કરવા જોડે તેઓને સુધારાના તબકકા ઉપર લાવી મુકવા છતાં આપણી નજર સનમુખ બનતા ધર્મી અને સંસારી બનાવો ઉપરથી આપણે જોઇએ છીએ કે પુખ્ત કેળવણી પામેલા અને છુટા વિચારો ધરાવનાર શખ્સોનુ બોલવુ ચાલવુ " કનઝરવેટીવ " વિચાર ધરાવનારાઓને કવચીતજ પસંદ પડે છે. હવે પ્રોફેસર વેસતરગાર્ડના કહેવા મુજબ આજના જમાના સાથે સરખાવતાં દસતુર જામાસ્પજીનો જમાનો તો અભણ અને અજ્ઞાન જમાના તરીકે લેખાતો હતો. એવા અભણ અને અજ્ઞાન જમાનામા દસતુર જામાસ્પજીના જેવી સગીન કેળવણી પામેલો અને છુટા વિચાર ધરાવનાર આદમી પોતાના સુધરેલા વિચાર આચારો જાહેર કરેતો તેની સાંબે પુરાણી રીત ભાતના હિમાયતીઓ અને જુના રીવાજના પુંજારીઓ કેટલા ઉશકેરાવા જોઇએ તેનો ખીઆલ કરવો કઇ મુશકેલ નથી.

જયારે એવણુ સાહેબે રવાનને પદાન બાંધવાની વીરૂધ સુરતના જરથોસતીઓમાં જાહેર વાઅજ કરી ત્યારે નવસારીની અનજુમન એવણુ ઉપર અતીષે કોપાયમાન થઇ અને જ્યારે સુરતથી નવસારી પાછા ફરયા ત્યારે તમામ પારસી ટોળો એવણુ સાંબે ઝહનુનથી ઉશકેરાઇ ગયો અને ખોખરી મોહલ્લામાં આવેલાં એવણુના મકાન ઉપર હલ્લો લઈ જઈ એવણુ ઉપર છુટા ખરૂ[1] અને ઢેફાંનો મારો ચલાવી પોકારવા લાગો જે " લે જામાશ તારૂં ખરૂં—જામાશ લે તારૂં ખરૂ. " જ્યારે તેઓ નરમ પડયા ત્યારે એવણે પોતાના ઘરની બાહેર આવી ખુલાસો કર્યો કે " પહેલાં માહરોબી વિચાર રવાનને પદાન બાધવાની તરફેણુમાં હતો " અને ઇરાનના દસતુરો ઉપર લખેલા સવાલો મધેથી પદાનને લગતો સવાલ કહાડી તેનો જવાબ બતાવીને કહયું કે " હવે માહરી ખાતરી થાઈ કે ગુજરેલાંને પદાન બાંધવુ રવા નથી એમ દીનનુ ફરમાન હોવાથી મેં માહરો આગલો વિચાર ફેરવ્યો છે. " આ ખુલાસાથી પારસી ટોળો સંતોષ ન પામતાં એવણુને ઓર વધારે સતાવવા અને હેરાન કરવા લાગો. એઓનો જુલમ હદબાહેર વધી જવાથી આખરે એવણે પોતાની જન્મ ભૂમી છોડી જઇ ભરૂચ જઇ વસવુ દરસ્ત ધાર્યું. એમ ઠેડાવ કરી પોતાનુ કીમતી કેતાબખાનુ તથા બીજો સર સામાન ગાડાંમાં ભરી નવસારી છોડી ચાલવા માંડયુ. આ વાતની ખબર જ્યારે નવસારીમા ફેલાઇ ત્યારે ત્યાં ફોકા દોડી ચાલી રહી. ભાઇઓ ફરામજી કેરસાસ્પજી અને રતનજી માણેકજી આંત્યા તથા બીજા કેટલાક જરથોસતીઓ રાયનની નદી સુધી જઇ એવણુને પાછા ફેરવવાની ઘણી કોશેશ કરી, પણ કઇજ વલ્યુ નહી. આખરે ફરાંમજી આંત્યા રસતામાં આડા પડયા, કેરસાસ્પજી આંત્યાએ ગાડીના બેલ છોડી નાખી એવણુને બે હાથે મજબુત પકડી બેઠા. બીજાઓએ ગાડાંમાનો સામાન ખાલી કરી એવણુના ઘર તરફ લઈ જવા માંડયો અને રતનજી આંત્યાએ પોતાના ભાણેજ દેસાઈ ખુરશેદજી તેહમુરજી કે જેઓ તે વખતે અનજુમનના અકાબર હતા તેવણુને જઇ કહયું કે " હવે

૧ આ શબ્દ પીંઢીનો ખાળ હતો જેનો ગામડીનો પીશો કરનારા અને પાયખાનાં જેવા કામ કરનારા મોમીન સાહેબો કુદરતી હાજત વખતે ઉપયોગ કરે છે.

સઘલું ભુલી જઇ જામાસજીને કઇબી કરીને પાછા લાવીએ નહી તો લોકોમાં આપણુને ખરાબ લાગશે ને ગામમાં અંધારૂ થશે વીગેરે." આ ઉપરથી દેશાઇજીએ બીજા આગેવાનો સાથે મસલહત કરી રાયનની નદીપાર સુધી જઇ એવણુને સમજાવી પતાવીને મોહટા ઠાઠમાઠથી પાછા લાવ્યા અને ત્યાર પછી નવસારીની અનજુમન એવણુ સાહેબની હૈયાતી સુધી એવણુ તરફ પ્રીત ભાવ અને જાહેરશાની બતાવવા લાગી. પોતાને જે આટલુ બધું સોસવુ પડયું તે કઇજ નહી પણ પોતાના ભાભણુ અને અજ્ઞાન જમાનામાં પોતાના ખરા અ[illegible]ા વિચારો જાહેર કરવાનું મુખ્ય પરીણામ હતું.

દસતુર જામાસ્પ વિલાયતીના શાગેરદ થાવા પછી દસતુર જામાસપજી સાહેબ પારસી આલમમાં ઘણુજ મશહુર થયા હતા અને આ ઇરાની દસતુરનુ પોતાના ચેલાની વિદવતા અને ઉસ્તાદી માટે એટલું તો ઉંચુ મત હતું કે એક વખતે સુરતના જરથોસ્તીઓ હજુર ભાષાણુ કરતાં તેણુ એવણુને માટે એવો વિચાર જણાવ્યો હતો કે " હિદુસતાનના જરથોસ્તીઓમાં મેં ઘણા દસ્તુરોને જોયા પણુ જામાસ્પ આશાના જેવો હુશીઆર અને કાબેલ મેં કોઇને જોયો નથી. એ દસ્તુર ભલી માજદયશની દીનના ફરમાન સમજાવનારો અને ખરા વિચાર જાહેર પાડનારો અને પોતાનામા જેબી ભુલ ચુક નજર આવે તે સુધારનારો અને દીનના ખરા ફરમાનના સબંધમાં પોતાનો ટોળો નારાજ થાય તો તેની દરકાર ન કરતાં ખરા ફરમાનને આધીન થઈ સદા સાચવટ પકડીને અમલ કરવાને હમદીનોને રેહનુમાઈ કરનારો છે " ૧ દસતુર જામાસ્પ વિલાયતીની તકરારનો જો કે સમાધાણીથી છેડો આવ્યો હતો તે છતા પણુ તેના સમજાવ્યાથી સુરતના એકજ પારસી મરહુમ શેઠ માણેકજી એદલજી અરમાનીના દલાલે કદીમ રોજ માહ-પઢવાની અને આફરીનગાન અને બીજી ક્રીયાઓમાં દીકરીનુ નામ બાપ સાથે લેવડાવાની પહેલ કહાડી હતી. ૨ દસતુર જામાસ્પ વિલાયતી તા૦ ૨૩ મી અકટોબર ૧૭૨૧ ને દીને ઇરાન જવા પાછો ફર્યો[3] તે વખતે પોતાના શાગેરદ દસતુર જામાસ્પજીને પહેલવી ફરવષી અને નીરગસતાનની કેતાબો તેવણુ સાહેબની કાબેલ્યત અને ફઝીલતની કદરશનાસીમાં ભેટ આપી ગયો હતો. આ બેહુ કેતાબો હિન્દમાં પહેલ વહેલી દાખલ થએલી હોવાથી તેની નકલો કરી કરાવી તેને જુદા જુદા ભાગોમા ફેલાવવાનુ માન એ દસતુરજી સાહેબને પહેલું ઘટે છે.

દસ્તુર જામાસ્પ વિલાયતીના ઇરાન ખાતે પાછા ફરવા પછી દસ્તુર જામાસ્પજી સાહેબની નવસારીના એક આગેવાન દસતુર તરીકેની કારકીરદી શુરૂ થાએ છે પણુ તેનુ બ્યાન કરયે તે પહેલાં એવણુના વખતમાં અને તેની અગાઉ વિદવાન પુરૂષની કાબેલ્યતની કેવી રીતે કદરશનાસી થતી હતી તેનુ હયા વર્ણુન કરવાની લાલચ હમો અટકાવી શકતા નથી એવણુ સાહેબના જમાનામાં અને તેની અગાઉ નવસારીની અનજુમનનો એક એવો કાયદો હતો કે જે શખ્સ દીનદારી એલમ અને દીન આઇનના અભ્યાસમાં આગલ વધ્યો હોય અને તેની વિદવતા અને કાબેલ્યત અજમાયશની સખ્ત કસોટી ઉપરથી પસાર થઈ ગઇ હોય તો તેવા વિદવાન પુરૂષને અનજુમન "દસ્તુર" નો એલકાબ આપીને તેને પોતાનો આગેવાન

---

૧. ઉપલો ફકરો મુંબઇવાલા મરહુમ દસ્તુરજી સાહેબ પેશુતન જામાસ્પજી મીનોચેહરજીને ત્યાંની નોંધ પોથીમાંથી ઓમનો ઓમ ઉતારી લીધા છે.

૨. અવીજેહદીન સફે ૧૪ મે બેવણ પહેલ વહેલા કહ્મી થવા પછી ૨૪ વરસે યાને ઈ. સ ૧૭૪૫માં સુરતના કેટલાક બેહદીનો જેવા કે બહમન લીમનો, રાણુજીનો ખોરશેદ, બેહરામદાદા, પાપટજીનો રૂસતમ અને લલાઈનો સોહરાબ વીગેરેએ કદમી પંથ અખત્યાર-કરી એક મહીનો આગમથી મુકતાદ માડવાનું શુરૂ કરયુ હતુ

"પારસી પ્રકાશ" દફતર ૧ લું સફે ૩૬ તથા અવીજેહદીન સફે ૧૫ થી ૧૭.

૩. દસતુર જામાસ્પ વિલાયતી પછી ઈ. સ. ૧૭૩૬ માં જમશીદ નામના ઇરાની બેહદીને સુરત આવી રોજ માહની તકરાર પાછી જગાડી હતી પણુ તે થોડા વખતમાજ નરમ પડી હતી.

દસ્તુર ઠેડવતી હતી. જ્યારે નવસારીની અનજુમન એવા વિદવાન શખ્સને " દસતુર " ની પદવી આપીને માનપાનથી નવાજતી ત્યારે તેના બદલામાં " દસતુર " પદ પામેલો ગૃહસ્થ જરૂરની વખતે અનજુમનની શેવા બજાવવા અને પોતાના સાથવાલા મોબદોના હક ઇલાકા અને લાભોની જાલવણી કરવાને ફરજથી બંધાતો હતો. એવા આગેવાન દસતુરના મરણ પછી તેની જગા ઉપર મરનાર દસ્તુરના જેટલીજ લીઆકાત અને કાબેલ્યત ધરાવનાર અથોરનાનને અનજુમન આગેવાન દસતુર ઠેડવી માન આપતી હતી. એ કાનુન મુજબ દસ્તુર આસદીન કાકા, દસ્તુર ચાંડણા કાકા અને દસ્તુર દારાબ પહાલન વીગેરે અનજુમન તરફથી આગેવાન દસ્તુરો તરીકેનુ માન પામી ગયા છે અને ઇ. સ. ૧૭૩૪ માં મરહુમ દસ્તુર દારાબ પહાલનના ગુજરવા પછી નવસારીની અનજુમને દસતુર જામાસ્પજીને આગેવાન દસ્તુર ઠેડવી એઓનુના દીનદારી એલમ અને લીઆકાતની ખરી કદર બુજી હતી, અને જે કાયદાથી આગલા વખતમાં આગેવાન દસ્તુરની ચુંટણી થાતી હતી તે કાએદાનુ એવણ સાહેબની હૈયાતી બાદ છેવટ આવ્યુ હતુ સારાંશ, તે જમાનાના અનજુમનના કાયદા મુજબના ચુંટી કહાડએલા છેલ્લા આગેવાન દસ્તુર એવણ હતા. ૧

આ મરહુમ દસ્તુરજી સાહેબના વખતમાં મીનોચેહરહોમજીવાલાઓ, સંજાણા મોબદો, નવસારી તથા સુરતના મોબેદો તથા બેહદીનોએ નવસારીની અનજુમનને કેટલાક અગત્યના લેખો કરી આપ્યા હતા, તેમજ એક બીજાના હક ઇલાકા અને પંથકોની જાલવણી માટે કેટલાક બંદોબસતો ઘડી કહાડવામાં આવ્યા હતા, અને તે લેખો અને બંદોબસતો કરવા-કરાવવામા બીજા અકાબરો સાથ દસ્તુર જામાસ્પજી સાહેબની પણ મુખ્ય આગેવાની હોવાથી તેની વરસની અનુક્રમે નોંધો લેવી સુરૂ કર્યે.—

(૧) સંવત ૧૭૮૮ રોજ ૨૪ માહ ૬. આજ રોજે મીનોચેહરહોમજીના પંથવાલા મોબદોએ ભગરયા મોબદોને એક લેખ કરી આપ્યો કે " નવસારી કસબાના પંથકના બેહદીનોના મુવાં તથા જીવતાંના કામ જે આજ પછી હમો કર્યે તથા તમો કરો તેનુ નાણુ તથા કપડાં તથા વાસણ વગેરે જે આવે તે અસલ તરીકા માફક વહેચી લઇજીએ " (" પારસી પ્રકાશ " સફે ૨૮–૨૯)

(૨) રોજ ૭ માહ ૭ આજ દીને આ. પૂરામરોજ મેહરૂ પેસતનજીએ નવસારીની અનજુમન તરફથી દેશાઇ કુકાજી મેહરજી, દેશાઇ જીવણજી માણેકજી અને દેશાઇ ખુરશેદજી તેહમુરજીને એક લેખ કરી આપી ગદેવીના પંથકી થઇ ત્યાં ગયા હતા (" પારસી પ્રકાશ " સફે ૨૯)

---

૧. મરહુમ દસ્તુર દારાબ પહાલનના ગુજરવાનો સને ચોકકસ રીતે જણાયો નથી—એ વિષેની એ દસ્તુરજીની ઉતરતી ઓલાદોએ તથા બીજાઓએ એક વખતે સોધ ખોલ કરી હતી જેમા હમારા બાવાજી સાહેબ પણ એક હતા. " પારસી પ્રકાશ " મા એ દસ્તુરજીના મરણનો સને ઈ. સ ૧૭૩૪–યઝદજરદી ૧૧૦૩–કરી જણાવ્યોછે તેતો એ દસતુરજીના વખતમા મીનોચેહરહોમજીના પંથવાલા મોબદો સાથ થએલા લેખોને આધારે જણાવવામા આવ્યો છે તો બેસે તેવણ સાહેબના ગુજરવાનો દહાડો વાર જે રોજ ૨૩ માહ ૧૧ કરી જણાવ્યો છે તે ખરો છે. બીજુ કેટલાક સાહેબો મરહુમ દસ્તુર દારાબ પહાલન અને મરહુમ દસ્તુર જામાસ્પ આશાને બીજી અને ત્રીજી ખુરસીના દસ્તુરો તરીકે ગણે છે અને " પારસી પ્રકાશ " મા એ બેઉ દસતુર સાહેબોના મરણની નોંધોમા પણ એવોજ ઇસારો કરવામા આવ્યો છે, જે હમારા આધીન મત મુજબ તદન ખોટો છે. એ દસ્તુર સાહેબોના વખતમા બીજી અને ત્રીજી ખુરસી જેવું કંઇ હતુંજ નહી પણ ઉપર જણાવ્યુ તેમ એ બેઉ સાહેબો પોતાની કાબેલ્યતના પ્રતાપથી અનજુમન તરફથી આગેવાન દસ્તુર તરીકેનુ માન પામી ગયા છે. નવસારીમા પહેલી ત્રણ દસ્તુરી બેઠકોની સ્થાપના તો નવસારીમા આતશબેહરામ પધરાવ્યા તે દીવસથી દેશાઇ ખુરશેદજી તેહમુરજીની આગેવાનીથી થઈ હતી જેનુ બયાન દસ્તુર જમશેદજી જામાસ્પજીના અહેવાલ મધે વાંચવામા આવશે.

(૩.) રોજ ૧૯ માહ ૮

આજ દીને નવસારીના આતશબેહરામમા વસતા સંજાણા મોબદોએ ભગરયા મોબદોને એક લેખ કરી આપ્યો કે "આજ કેટલાક વરસ થયાં નવસારીમા મોબદો તથા બેહદીનો વચ્ચે મીનાકેશો થયા પછી અમો અમારા તથા અતરેના બેહદીનોના ઘરનુ દીન આછનનુ કામ કરતા હતા તે આજદીને અમો અમારી રાજી ખુશીથી લખી આપયે છીએ જે હવેથી તેમ નહિ કરયે, અને ફકત આતશબેહરામમા બોએજ દઇજીએ તથા અસલી વડા વદોરાના બદોબસત મુજબ ચાલ્યે" ("પારસી પ્રકાશ" સફે ૨૯)

સંવત ૧૭૮૯ રોજ ૧ માહ ૧

(૪.) આજ દીને નવસારીના ભગરયા મોબદોએ એવો બદોબસ્ત ધરી કહાડયો જે "અસલ આપણા વડા વડોરાની રાહ તથા લખીઆ માફક આપણા પથકો જે નવસારીનો મોટો મોહલો તથા મલેસર ફલીઓ તથા ગદેવી, બીલીમોરા, કેશલીપાડી, વલસાડ, મેહવર, કરાડી, મહુઆ, શીઓદપુણી, આગલી, તવડી, મરોલી તથા વસાઈ, થાણા, મુંબઈ, કલીઆણી, બીમરડી, એઓલ, દીવ તેમજ વાસડા, ખડકા, વેઆરેપાલના વગેરે જગાઓપર આપણા જજમાનો બેહદીનો રહે છે તથા હવે પછી રહેશે તેઓને ઘરનુ બાજ, બરશનુમ, વેવાહ, ગગરના, શેઆવ, સરોશ આફરનગાન વગેરેનુ કામ કોઈબી મોબેદે અનજુમનની રજા વગર જઇને કરવુ નહિ. અગર કોઇ મોબદે ખુદી કરી રજા વગર જાઇ એ કામો કરે તો તે અનજુમનનો ગુનેહગાર ઠડે અને રૂ ૨૫૧) ગુનેહગારીના ભરે. જે મોબેદને અનજુમન મોકલે તે જાયે અને આલાત જોઇએ તે નવસારીની દરેમેહરમાથી લઈ જાએ ("પારસી પ્રકાશ" સફે ૮૫૧)

રોજ ૫ માહ ૫

(૫) આજ દીને મહવા ગામના પારસીઓએ દેશાઈ ખુરશેદજી તેહમુરજી અને અનજુમનને એક લેખ કરી આપી એક મોબેદને પોતાને ગામ લઈ ગયા અને તે લેખમા તેનુ વરસાણુ અને સર અવસરનું લવાજમ ઠેડવી આપ્યુ હતુ ("પારસી પ્રકાશ" સફે ૨૯–૩૦)

સવત ૧૭૯૦–રોજ ૨૩ માહ ૮

(૬.) આજ દીને સુરતના રૂસતમપરાના મોબેદો તરફથી આ૦ બેહરામજી કાવશજી જામાસ્પજી તથા આ૦ નવરોજી ફરામજી પેશતનજીએ નવસારીની અનજુમનના આગેવાન અકાબરો દેશાઇ કુકાજી મેહરજી, દેશાઇ ખુરશેદજી તેહમુરજી અને દેશાઈ જીવણજી માણેકજીને એક લેખ કરી આપીઓ જે "સુરતના રૂસતમપરા મધે અમો તમારી રજાએ બેહદીનોના મુવાનુ કામ કરયે, તથા જીવતાંના કામ, વેહવા, ગગરનુ અને નવજોદ તમો તમારી નજરમા આવે તેવા મોબેદો પાસે કરાવો તેમા અમો દખલ કરયે નહિ ("પારસી પ્રકાશ" સફે ૩૦)

સવત ૧૭૯૬ રોજ ૧૮ માહ ૫.

(૭) આજ દીને નવસારીની અનજુમને આ૦ રૂસતમજી બેહરામજી દાજી પાસેથી લેખ કરાવી લઈ તેમને દીવના પથકી ઠેડવી ત્યા મોકલ્યા હતા અને એવુ ઠેડવ્યું જે "જે કાંઈ અનજુમનનું લવાજમ છે તે દર સાલ અનજુમનની રાસમા પહોચાડવું, અને અનજુમન તેમને તગીર કરી બીજા કોઇ મોબેદને મોકલે તો કસો ઓજર કરવો નહિ" ("પારસી પ્રકાશ" સફે ૮૫૪)

રોજ ૩૦ માહ ૬

(૮.) આજ દીને નવસારીની અનજુમને આ૦ મનચેરજી કાવસજી લશકરીને એક લેખ કરાવી આપ્યા મુબઇના ૫ થકી ઠેહવી ત્યાં મોકલ્યા હતા. "તે લેખમાં તેમને નવસારીની અનજુમનને તાબે રેહવાની તથા નીરંગદીન, વરસ વગેરે આલાત નવસારીથી મંગાવી ત્યાં કીયા કરવાની કબુલાતો લીખી હતી." ("પારસી પ્રકાશ" સફે ૩૩)

સંવત ૧૭૫૭ રોજ ૧૮ માહ ૭.

(૯.) આજ દીને નવસારીની સમસ્ત અનજુમને ૨૪૪) મોબદોની શહી સાથનો એક લેખ દેશાઈ ખુરશેદજી તેહમુરજીને કરી આપીઓ કે "આજ મુદત થાઈ અમોને સુરતવાલા મોબેદો સાથ તથા સંજાણુવાલા મોબેદો સાથ અમારા હકોને માટે કજીઓ ચાલેછે તેનો ટટો હાકમ દરબારમાં તમો અમારી તરફથી ચલાવો અને જે ખરચ થાએ તે તમો કરી આપણી રાસભાગમાંથી તમો લેવો તે પછી આપણે વેંહચી લઇજીએ શહી ("પારસી પ્રકાશ" સફે ૩૪)

સંવત ૧૭૯૫—રોજ ૨ માહ ૫.

(૧૦.) આજ દીને સુરતના મોબેદો તરફથી આ૦ ખુરશેદજી નવરોજી બેહરામજી તથા આ૦ ખુરશેદજી નવરોજી શાપુરજીએ નવસારીની અનજુમનને એક લેખ કરી આપ્યો કે "સુરતમાં નવશારીને લગતા જે જજમાનો રહે છે તેનાને ઘેરના જીવતાં તથા મુવાંના કામો કે જે થોડી મુદત થાઇ સુરતના મોબેદોએ જબરીથી કીધા તે હવેથી તેમ કરશે નહિ. તેઓ તમારા ગુમાશદાર અમને કરશે. અથવા તમો જેમને તમારા ગુમાશદાર તરીકે મોકલશો તેમને કરવા દેશે. તેમાં અમો અટકાવ કરશુ નહિ. ("પારસી પ્રકાશ" સફે ૩૬)

સંવત ૧૮૦૫ રોજ ૧૮ માહ ૭.

(૧૧) નવસારીની અનજુમને મુબઇની પંચાયતના આગેવાન શેઠીઆઓ ઉપર એક કાગજ લખી રવાનના પગ લાંબા રાખવાની ભલામણુ કરી હતી તેના જવાબમાં તેઓએ નવસારીના દસ્તુરો તથા અકાબરો ઉપર કાગજ લખી જણાવ્યું જે "અમે સરવે મલી વિચાર કરી ઠેહરાવ્યુ છે જે જેને ગમે તે રવાનના પગ લાંબા રાખે અને જેને ગમે તે વાળે માટે તમો પણુ ફરીથી મોબેદોને તાકીદ લખજો કે બેહુ તરફનું કામ ચલાવે. ("પારસી પ્રકાશ" સફે ૩૮) ઉપર જણાવેલી નોંધ નંબર ૧, ૩, ૯ અને ૧૧ ના લેખો ઉપર દસ્તુરો દેશાઇઓ તથા બીજા મોબેદો ભેગી દસ્તુર જામાસ્પજીની શહી જોવામાં આવે છે.

ઇ. સ. ૧૭૩૪ માં નવસારીના બેહદીનોએ પોતાને ત્યાંનું મુવાં જીવતાંનુ કીયા કામ ભગરયા મોબદોને બદલે મીનોચેહર હોમજીના ૫ થના મોબદો પાસે કરાવા માંડ્યુ. આ ઉપરથી ભગરયા મોબદો અને બેહદીનો વચ્ચે કજીઓ જાગ્યો. દસ્તુર જામાસ્પજી તથા દેશાઇ ખુરશેદજી તેહમુરજીએ એ ઝઘડાનુ સમજુતીથી છેવટ લાવવાને ઘણી કોશેશ કરી પણુ વ્યર્થ. બેહદીનોની પક્ષ ઘણીજ મજબુત હોવાથી એ કજીઓ ઘર મેલે ન પતતાં સરકારની દેવડીએ ચહડ્યો. શ્રી ગંગાજીરાવ ગાયકવાડે સુરતના દેશાઈ સુરજીભાઇ સુંદરજી, પરગણે ચોરાશીના દેશાઇ લલુભાઈ જગા, ગંદેવીવાલા ગાંધી પરેમજી કોટીદાસ, પરી વનમાલીદાસ સોમદાસ, શ્રી ભવાનીદાસ વલભદાસ. શા૦ નથુ વનારસીદાસ, ભત આનંદ મંગલ ભતરપી હરીવલ્લભ, ભત વીશેશ હરી તથા પંડ્યા દયાળ શીવજી એ દસ ગૃહસ્થોની એક પંચ ઠેહવી એ કજીઓ તેઓની લવાદી ઉપર છોડયો. આ લવાદોએ બેહુ તરફનું સહમજી આગલા પાછલા સઘલા દસતાવેજો રદ કીધા અને સંવત ૧૭૯૧ ના રોજ ૨૬ માહ ૩ ને દીને નવસારીના સમસ્ત બેહદીનો પાસેથી ભગરયા મોબેદોને એક નવો લેખ કરાવી લઇ એવું ઠેહરાવ્યું જે:—

(૧) ભગરની જુની અગીઆરીમાં કુલ ધર્મનુ કામ પોતાનું તથા પોતાના મલતીઆ બેહદીનોનું ભગરયાઓ કરે.

(૨) અગીઆરી એક આ૦ મનોચેહરહોમજી વગેરેના મલતીઆ સાથને બેહદીન શમરતે પરઠી આપી છે તે મધે કામ કુલ ધર્મનુ તથા હેરબદ થાએ તે કરે જે મોબદ એ સાથનો ભગરની જુની અગીઆરીમાં રાજીએ હેરબદ થાએ તેને કોઈ મુજાએમ નહિ કરે. એ અગીઆરીમાં મનોચેહરહોમજીવાલાઓ નીરંગદીન તથા વરસીઓ તથા પોતાના તાલુકામાં આવેલા બેહદીનોનુ મરણનું કુલ કામ કરે, પણ વેહવા તથા ગગરનાનુ તમામ કામ ભગરયાઓ કરે તથા ભગરીયાઓ પોતાને તાલુકેના ગામો જેવાકે મહુવા, બીલીમોરા, તથા ગંદેવી વગેરેના બેહદીનોના કુલ ધર્મના કામ મરણ તથા પરણના પોતે કરે.

(૩) તે સર્વ હકનુ બેહુ તરફનુ જે નાણુ આવે તે રાસમાં રાખી વરસ દહાડે બેહુ તરફના મોબદો પાઘડી દીઠ વેહચી લીએ.

(૪) વેહવા તથા ગગરનાનો હક આપવાની વીગત —

૨) આશીરવાદ તથા વરની તથા નવજોત વીગેરેના રૂ૦

૨॥ ગગરનાના આશીરવાદના રૂ

૦॥ ગેહસારનુ તથા સરોશ રૂ) નો રૂ.

શીઆવ જે રૂવાન ગુજરે તેનો જેવો પામે તેવો આપે

(૫) ભગરીયા મોબેદો અસલથી જુની અગીઆરીમાં જેમ હેરબદ તથા વરશીઓ તથા નીરંગદીન વગેરેનું કામ કરતા આવ્યા છે તેમ ત્યા કરે ૧

આએ ટંટાનો લવાદી પંચે નીકાલ કીધા પછી બેહદીનોએ એજ વરસમાં યાને ઈ. સ. ૧૭૩૪ માં મારામારીનુ બીજુ બી રોપ્યું. તેઓએ પોતાને તાબના રૂવાનની નઇયતે ઈજાએલો સીઆવ મોબેદોને ધારા મુજબ અરપણ ન કરતાં પોતાને ત્યાંજ રાખી લેવા માંડયો. મોબેદોનો એ હક સ્વીકારવાની બેહદીનોએ સાફ ના પાડવાથી દસતુર જામાસ્પજીએ સરકારમા લડી મોબેદોનો સીઆવ ઉપરનો હક ખરો કરાવી આપ્યો હતો

ઈ. સ. ૧૭૩૮ માં દસતુર જામાસ્પજીને પોલીઆ દેશાઇ જીવણજી માણેકજી સાથે રપીથવનની મીઅજદ માંડવા તથાં વારાદારની રપીથવન ઈજવા માટેનો વાંધો પડયો હતો અને તેનો ફડચો ખુદ ગંગાજી રાવ ગાયકવાડે પોતે કરી આપ્યો હતો. સંગાજીરાવે ખોરીઆલને દેહરે ખીલા ચોકાવી અને બડીઆલની શીશી તંગાવીને ફરવરદીન મહીનાના અરદીબેહસ્ત રોજના બપોરના બાર કલાકથી તે અસપંદાદ રોજની ઉશેન ગેહ સુધીના હડી ફલાક દસતુર જામાસ્પજી સાહેબને ખરા ઠેરવી આપવાથી મજકુર દેશાઈજીએ એવણને નીચે મુજબનો એક લેખ કરી આપ્યો. હતો જેની રૂએ રપીથવન ઇજવાનો અને તેની મીઅજદ માંડવાનો વંશપરંપરા હક એ દસતુરજીના વારસો હજી સુધી ભોગવે છે —

"આ૦ શાપુર ચાંડણ રાણાના કટંબ શમસત તા૦ આ૦ જામાશજી આશાજી જોગ—લી૦ આ૦ જીવણજી માણેકજી જત તમારે અમારે રોજ ૩ માહ ૧ ની રપીથવનનુ મીનાકેશો હતો તેપર આપણ રાજી થાઇ શમજેઆ જેનો કરાર એ જે રોજ ૧ માહ ૧ થી તે રોજ ૩ માહ ૧ થેહ

૧. "પારસી પ્રકાશ." દફતર ૧ લું સફે ૩૧-૩૨ મે. આવી લેખની નકલ હમારા ભાગાજી પાસે મોજુદ છે.

હાઉનની આખર લગેતુ અગીઆરીમાં અમો અમલ કરૂ ને રોજ ૩ માહ ૧ ની રપીથવન ઘેહેથી તે રોજ ૫ માહ ૧ ની ઓશન ઘેહે લગે તમો અમલ કરો તમારા દહાડામાં તમો રપીથવન, બેશી તા૦ રપીથવનતુ આફ્રરગાન કરો તા૦ રાતની બાજ તા૦ જેતુ આફ્રરગાન વગેરે જે તમારા દાડામાં આવે તે તમો અમલ કરો શહી તા૦ જે કાંઇ અમારા દાડામો જે કાંઇ અમલ વનંતની બાજ તા૦ વનતનુ આફ્રરગાન તા૦ જે કાઇ અમારા દાડામા આવે તે અમો કરૂ શહી તા૦ એકએકના વારામાં ખુબ કરે જેને કોઇ મોઝાએમ નહી થાએ તા૦ આવાં મહીનાથી અશપનદારમદ મહીના લગે એ હાઉન ઘેહે આવે છે તેમાં પેલી હાઉન ઘેહે લગે અમારો અમલ તા૦ બીજી હાઉન ઘેહેથી તમારો અમલ કરો શહી તથા અનજુમનની રપીથવન તમો બેશો ને બીજી રપીથવન અમો અમારૂ બેશું તેને મુઝાએમ નહી થાઉ તા૦ અમારા દાડામાં અમારા કટંબ કામ કરે તા૦ તમારા દાડામાં તમારૂં કટબ કામ કરે શહી. લખીઉ રાજી થાઈ કીધુ તે શહી શવત ૧૭૫૪ રોજ ૧ માહ ૧ પુજી આશો શુદ ૧૦ ને ૧૦ રજબ ગરેઉ" આ લેખ ઉપર દેશાઈ કુકાજી મેહરજી, આનાદીન મેરનોરી, શા ભવાનીદાસ વલબદાસ, શા. નાગરદાશ શામ, નાગર રૂપજી વીશરામ, આ૦ માણેકજી કામદીનજી, આ૦ ફ્રરામજી નવરોજી, ભુઞા ધોલા અને આ૦ શેહરયારજી નવરોજીની શાખો છે.

બેહદીનોની ઉશકેરણીથી સંજાણા મોબદો પણ ભગરીઆ મોબદો સાથ છેડતી સોધવાથી પછાત રહેતા ન હતા. આપણે આગલ જણાવયુ તેમ તેઓ તથા ભગરયા મોબદો વચ્ચે સંવત ૧૭૮૮ ના રોજ ૧૮ માહ૮ ને દીને એક લેખ થયો હતો જેની રૂએ સંજાણા મોબદો આતશબેહરામની બોએ દેવા શીવાએ પોતાને ઘરતુ તથા બેહદીનોને ત્યાનુ મુવાજીરતાનુ ક્રીયા કામ નહી કરવાને તથા પોતાના વડા વદોરાની રાહ ઉપર ચાલવાને બંધાયા હતા એ લેખ મુજબ અમલ ન કરતાં તેઓ ભગરીઆ મોબદો સાથ વારવાર ટંટો કરતા હતા તેઓ એકગમ ભગરીઆ મોબદો સાથ કોળ કરારો કરે અને બીજી ગમ તેજ કોળકરારોનો બેહદીનોની ઉશકેરણીથી ભંગ કરે. આ ટંટાનો આખેરી નીવેડો લાવવા માટે ભગરીઆ મોબદો તરફથી દસતુર જામાસ્પજીની આગેવાની હેઠલ દેશાઇ કુકાજી મેહરજી, દેશાઇ ખુરશેદજી તેહમુરજી અને દેશાઇ જીવણજી માણેકજી એક અરજી લઇ ઇ સ. ૧૭૪૦ ના સપતેમબર માસમાં સોનગઢ ખાતે ગંગાજીરાવ ગાયકવાડની હજુર ગયા હતા આ વખતે દસતુર જામાસ્પજીએ પોતાનાં સાથવાલા મોબદોના હક ઇલાકા ઘણીજ વજનદાર દલીલો સાથ રજુ કર્યા અને જરથોસતી ધર્મની ખુબી હિંદુ ધર્મના મુકાબલા સાથ કહી સમજાવી એ વીશેનુ બ્યાન કરતાં દેશાઈ ખુરશેદજી તેહમુરજી પોતાના તા૦ ૨૨ મી સપટેમબર ૧૭૪૦ ના કાગજમાં સુરત ખાતે શેઠ માણેકજી નવરોજી શેઠનાને લખી જણાવે છે જે —

"બીજું અરજ એ જે હમો દશતુર શ્રી જામાશજી ગું૦ આશાજીને તાહાં સાથે લઈ ગયા હતા. તાંહા આપણા ધરમની ચરચા શુબેદાર શાહેબ આગલ ઘણી થાઇ કાંએજે પેહલાં દેવાનજી આગલ થાઇતી જે એ દેવાનજીએ દસતુરના પદાંનીને આપણા ધરમની ખુબી ઘણી કહી જેથી શુબેદારજીએ બોલાવા ને શરવે પુછુ ઇજત ઘણી દીધી તે પર પેલા તો આપણા શલોક પરી દેખાડા તેથી શુબેદારજી ઘણાજ ખુશી થાએઆ ને આપણા ધરમથી વાકેફ થાયા જે ઘણી ખુબી ધરમની હર વખતે બોલા કરે જે લખવામાં આવે નહી દસતુરજી તાં શંશકરત શહી પઢાથી ઘણાજ ખુશાલ થાએઆ. એ વેલામા હીંદોસતાનમા આપણા ટોળાને રોશન કરી તે ખુબી લખવામાં આવતી નથી, એવી રાશતી દસતુરજીથી થાઈ છે. શરવે વાતે દશતુરજીએ શવાલનો જવાબ રાશતીથી ધરમને રાહના ઘણા શારા કરા છે બીજા માએના જંદ અવસતાના શંશકરતમા વાચી દેખાડા તેથી ઘણી ખુબી જાહેર થઈ છે"[1] આ કાગજ ઉપરથી જેમ એક હાથ ઉપર દસતુરજી સાહેબના બોહલાં ધરમ જ્ઞાનની

---

[1] "પારસી પ્રકાશ" દફતર ૧લુ સફે ૮૫૪-૮૫૫ આ વખતે દસતુર જામાસ્પજીના બાવા આશાજી હયાત હતા માટે ઉપલાં કાગજમાં તેવણને વીરથમાનીને બદલે ગુરથમાની ભુલથી લખાયલુ સમજવુ.

પુસ્ત્રી ગવાહી મલે છે તેમ બીજા હાથ ઉપર ભગરયા મોબદોની ફતેહ અને "રાશતી" એવણુ સાહેબની બોહલી કાબેલ્યત અને વગવસીલાને જોરે થએલી સાબેત થાએ છે.

આવી રીતે ભગરયા મોબદોની તરફેણમાં ગંગાજી રાવ ગાયકવાડે ચુકાદો કરી આપવાથી બેહદીનોએ હવે તેઓને હેરાન કરવાની અનેક તદબીરો રચવા માંડી. જ્યારે ભગરયા મોબદો પોતાના સાબેત થએલા હકની રૂએ બેહદીનોને ત્યા લગન સારવા ઉભા રહે ત્યારે બેહદીનો ચોખા અને નાલીએર ને બદલે મટોડુ અને ઈંટ મુકી આશીરવાદ સારનારાઓને હેરાન કરે જ્યારે એક ગમથી દેશાઇ ખુરશેદજી મોબદોને મટોડાંથીબી આશીરવાદ સારીને પોતાનો હક બજાવવા કહે અને બીજી તરફથી દસતુર જામાસ્પજી મોબદોને ફતવો આપે કે "યજમાન જે આપે તે ખુશાથી લઈએ. કોઇબી રીતનો ઇનકાર નહી કરયે" ત્યારે બેહદીનો ફરજના મારયા ચોખા અને નાલીએર લાવી મુકે. એવી રીતે પોતાના સાથવાલા મોબદો તરફથી દસતુર જામાસ્પજી સાહેબ સંજાણા મોબદો અને મીનોચેહર હોમજીવાલાઓની ખટપટ વખતે સરકાર દરબારમા કજીઓ લડવામા આગેવાની ભરયો ભાગ લેતા હતા. એટલુ જ નહી પણ ઘણાક જરથોસ્તીઓના સંસાર વેહવાર અને વારસા હીસ્સાને લગતા ટંટાઓ પોતે વચ્ચે પડીને ચુકવતા હતા. મરહુમ દસતુર રૂસતમજી માણેકજી મેહરજીરાણાના દીકરાઓ દસતુર જમશેદજી તથા દસતુર શોહરાબજીએ પોતાની બાપીકી મીલકતો વેંહચી લેવા માટે પોતાના ઉસતાદ દસતુર જામાસ્પજીને એકલા એકજ લવાદ ઠેરવ્યા હતા અને એવણના ચુકાદા ઉપર રાજી થાઇ બેહુ ભાઇઓએ મીલકતો વેહચી લીધી હતી. તેઓએ દસતુર જામાસ્પજીને ઉસતાદી અને લવાદી હક દાખલ ગેલખરી મધે આવેલા વજીફામાનુ એક આબાનુ ઝાડ નજર કરયુ જેને એ દસતુરજીઓની ઉતરતી ઓલાદો "ઉસતાદ સાહેબનુ ઝાડ" એવે નામે ઓલખતી હતી.

દસતુર જામાસ્પ વિલાયતીના હિંદુસતાન આવવા અગાઉ દસતુરો તથા મોબદો અરદાફ્રવશના આફ્રીનગાનમાં "યા વિસાદ" નો કરદો "અસનાસનેમંઘ" સુધી આવીને ત્રણ અશેમવોહુ પઢીને પુરો કરતા હતા, પણ પહેલવી ફ્રવશીની કેતાબ દસતુર જામાસ્પજીને પોતાના મજકુર ઉસતાદ તરફથી ભેટ મલવા પછી તેને આધારે એવણે નવસારીની વડી દરેમેહરના દરવાજા ઉપર જાહેરનામુ ચોહટાડી "અસનાસ નેમંઘ" સાથ "અશાઉનામ ફ્રવષનામ" નોબી કરદો પઢવાની મોબદોને સુચના કીધી. એ સુચના દસતુરો તથા મોબદોને પસંદ પડવાથી તેઓએ તે મુજબ અમલ કરવા માંડયો અને હાલના મોબદો પણ એજ તરીકા ઉપર ચાલે છે. તેમજ "યા વિસાદ" અને "તાઉમી નમાને" પઢવાની બાબદમા એવુ સાહેબનુ મત એવુ હતુ કે "ફ્રવરદેગાનના ૧૦) દહાડા રોજગારની ખશનુમન સાથના આફ્રીનગાનમા "યા વિસાદ પઢવા ફરમાવેલુ છે અને ઉપલા ૧૦ દીવશ શીવાય રોજગારની ખશનુમનના આફ્રીનગાનને બદલે "દોકરદેહ દહમ" પઢવુ સજાવારછે, પણ "દોકરદેહ દહમ" ને બદલેબી અરદા ફ્રવશની ખશનુમ સાથ જો "તાઉમી નમાને" પઢેતો તેબી વાજબી છે એ મત તે વખતે નવસારીમા વસ્તા સંજાણા મોબદોએ કબુલ રાખી તે ઉપર અમલ કરવા માંડયો અને હાલ ઉડવાડામા વસતી તેઓની ઓલાદો પણ હજી સુધી પોતાના વડીલોના તરીકા ઉપર ચાલે છે.

એવણ સાહેબને ગાયકવાડ સરકારમા કેટલો વગ વસીલો હતો તે આપણે મીનોચેહર હોમજી તથા સંજાણા મોબદોની તકરાર વખતે જોયુ હવે એવણનો સરકારમા માન મરતબો કેવો હતો તેની તપાસ કરયે. જ્યારે ગંગાજીરાવ ગાયકવાડ એવણને દરબારના બ્રાહમણો અને શાસ્ત્રીઓ સાથ તકરાર કરવા બોલાવતા ત્યારે એવણને પોતાના જમણા હાથ ઉપર અને વજીરને ડાબા હાથ ઉપર બેસાડતા હતા એવણની વિદવતા અને કાબલ્યત ઉપર પ્રશન થાઇ ગંગાજીરાવે એવણને ફારસી અને હિંદી ખત લખવાનો અખત્યાર આપ્યો હતો અને મોહર દાબવાની મોહરાનાની વીંટી "રકીમે

દસ્તુર જામાસ્પ આશા ” નીશાન સાથની કરી આપી હતી. જયારે ગંગાજીરાવ ગાયકવાડે પોતાના ગાદી વારસ કેદારજી રાવના લગન જુણુ ગામમાં કીધાં ત્યારે તેનુ મુહરત જોવા માટે બ્રાહમણોની મીજલસમા એવણુને પણ સામેલ કરી લગનનો દીવસ મુકરર ર્ક્યો હતો.

એવણુ સાહેબ પોતાના વખતમાં એક ખબરદાર દસ્તુર, મોહટા ફીલસુફ, નામીચા શાએર અને અનજુમનના અકાબર ગણાવા સાથ એક કાબેલ ઉસતાદ તરીકે પણ મોહદુ માન પામતા હતા. જેમ એવણુ સાહેબને પોતાની જુવાનીમાં ઘણા ઉસતાદોના શાગેરદ હોવાનુ માન હતું તેમ જાત અને પ્રજાતના ઘણાક શાગેરદોના ઉસતાદ હોવાનુ માન પામ્યા હતા. પારસી શાગેરદોમાં એવણુના દીકરાઓ ઉપરાંત ઉડવાડાવાલા દસ્તુર ખુરશેદજી મેહરનોશજી સંજાણા, દસ્તુર નવરોજી શાપુરજી સંજાણા અને દસ્તુર બરજોરજી રૂસતમજી સજાંણા મુખ્ય હતા તેમજ મરહુમ દસ્તુર જમશેદજી તથા તેવણુના ભાઇ મરહુમ દસ્તુર શોહરાબજી રૂસતમજી મેહરજીરાણાના એવણુ આગલ દીનદારી એલમ શીખ્યા હતા. ઘણાક મુસલમાનો તથા બ્રહમણોએ એવણુ આગલ અરબી, ફારસી, સંસકૃત અને જયોતિષ વિદયાની તાલીમ લીધી હતી. મરહુમ દસ્તુર મુલ્લાં ફીરોઝ બીન કાઉશ પોતાની બનાવેલી “ અવીજેહદીન ” નામની કેતાબમા એવણુ સાહેબની કાબેલ્યત અને ઉસતાદી માટે એવો અભીપ્રાય આપે છે કે “હાલના દસ્તુરો કરતાંને દસ્તુર જામાસ્પજી આશાજી હજાર દરજજે એલમમા કાબેલ અને બેહતર હતા. ”

એવણુની કારકીરદીનો એહવાલ ખતમ કરવા પહેલાં એવણુના લખાણો કેતાબખાનુ વીગેરે બીજી જાણવા જોગ બાબદોનો ટુંક ઇસારો કરવો હમો દરૂસ્ત ધારયે છીએ એવણે “ દીવાને જામાસ્પ ” નામની એક કેતાબ લખી છે “ જે કવીતાઇ ખુબીમા ફારસી મુસલમાન શાએરોની બરાબરી કરનારી અને “ એશકે હકીકી ” ના તલબગારોની જીજ્ઞાસા તૃપ્ત કરે તેવી છે ”[1] એ શીવાએ શાએર મીરજા સાએબની ગજલોની ઢપ ઉપર કેટલીક મુખમમસો અને મુસદદસો લખી છે. તેમજ પુશકલ ગજલો અને મોનાજાત જોડીને એક “ તબએજાદ શાએર ” તરીકેની ગવાહી પોતાની પછવાડે મેલી ગયા છે.

એવણુનો કેટલીક યશ્તોનો પહેલવી અને ફારસી જુબાનમાં કીધેલો તરજુમો અને સંસકૃતમાં જોડેલાં શ્લોકો આજે મોજુદ છે.

એવણે પોતાની જીંદગીનો મોહટો ભાગ દીનને લગતી મોતેબર કેતાબો, હસ્ત લેખો અને બીજા ઘણાક કીમતી દસતાવેજોની શોધખોલ કરવામાં ગુજારયો હતો અને પોતે આ ફાની દુનયા સાથનો પોતાનો સંબંધ છોડયો તે વખતે એક ગંજાવર કેતાબખાનુ પોતાની પછવાડે મુકી ગયા હતા. એ કેતાબખાનાની હિંદ અને યુરોપમાં એક આવાજે તારીફ ગાવામાં આવે છે. મરહુમ વિદવાન દાક્તર હોગ એ કીમતી કેતાબખાના માટે નીચે મુજબ લખે છે:—

The chief Dastur at Nawsari Jamasp Asa became celebrated for his learning and at his death about 125 years ago, left a large library of manuscripts which has become much soattered among his posterity, now in the fifth generation. ”[2]

એ કેતાબખાનામાં પહેલવી પંદનામે જરથોસ્ત, દસાતીર, પહેલવી યજશને, વંદીદાદ, નજુમ, રમલ તથા હકીમાને લગતી ઘણીક નાયાબ કેતાબો હતી. એ કેતાબખાના માટે એવણુ સાહેબે

---

1 સત્યમિત્ર-તા૦ ૨૫-૨-૧૮૮૪

2 Essays on the Religion of the Parsis by Dr. Martin Haug. 3rd Edition Page 57.

પોતાના વારસોને એવી વસીહત કરી હતી કે "એ કેતાબખાનુ કોઇએ વેહચી લેવું નહી પણ એકજ જગા ઉપર રહેવા દઈ સઘળા દીકરાઓએ એનો ભેગો ઉપયોગ કરવો અને ત્રણ દીકરાઓમા જે વધારે ભણેલો હોય તેના હવાલામાં * એ કેતાબખાનુ રહે. અગરજો એ કેતાબખાનુ વેહચી લેવુ પડે તો વગર ભણેલા દીકરાને એનો કશો હીસ્સો આપવો નહી. વીગેરે" આ વસીહત દસતુર જામાસ્પજી સાહેબના છુટા અને સુધરેલા વિચારનો એક વધુ દાખલો પુરો પાડે છે. એવણુ સાહેબની આ ઉમદા વસીહત ઉપર કશો અમલ થયો ન હતો, કારણકે એવણુના વારસોમાં પછવાડેથી ટંટા થવાને લીધે એ કેતાબખાનુ આખરે તેઓ વચ્ચે વેહચાઈ ગયું હતું અને હાલમાં પુનાવાલા મરહુમ સરદાર દસતુર નોશેરવાનજી જામાસ્પજી, મુંબઇવાલા મરહુમ દસતુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી તથા મઉવાલા દસતુર ખુરશેદજી જમશેદજીને ત્યાં મજકુર કેતાબખાનાના જે ભાગો સચવાઇ રહેલા છે તે હજી સુધી પણ એક કીમતી અને ઉપયોગી કેતાબખાનાની ગરજ સારે એવા છે. એવી રીતે "પોતાના જમાનામાં લોકો તરફથી એક સાધારણ મોબદ ઉપરથી દસતુરનુ પદ પામવુ એ ઘણુ કઠણ હોવા છતા આજે જેટલી લાયકાતથી સી. આઇ. ઇ પદ મેલવી શકાય તેના કરતાં પણ જાદે લાયકાત ધરાવવા સીવાય દસતુરનો એલકાબ લોકો શેહેલથીજ આપી દીએ એવો તે જમાનો નહી છતાં નવસારીમાં * * * દસતુરનો ખેતાબ મેલવનાર કેટલો બધો બાહોશ અને ચમતકારીક તથા વીલક્ષણ બુધ્ધીનો થવો જોઇએ, તેનુ તોલ આજના જમાનામા ઉભરાઈ જતા ઘેરે ઘેરના દસતુરો ઉપરથી નહી કરતા, જુના જમાનાની સખત કસોટી અને કઠણ પરીક્ષાની મુશકેલી ઉપરથી વાચનારે તોલ કરવું જોઇએ" ૧

"નવસારીની તવારીખમા આ રંગીન ચીત્ર સદાનુ ચીત્રાઇ રહેલુ છે અને રહેશે. નવસારીએ અનેક નામવર નરોને જનમ આપયો છે તેમા બે આસાઓએ બે નામચીન નંગોથી નવરંગ નવસારીની જે આશા પુરી પાડી છે તે પઇકી એક આસાએ ચાંગાશાહ જેવુ રાજદવારી રતન લગભગ ૫૦૦) વરસ ઉપર, અને એક આશાએ જામાસ્પ આશા જેવો ધારમીક હીરો ૨૧૩) વરસ ઉપર આ ધરમ ટેકરીને એનાયત કરયો હતો. દસતુર તો આવાજ હોજો. આવી જાતની દસતુરી કરનારજ દસતુરના મહાન એલકાબને લાએક છે"૧ શ્રીમંત વણકર બાપના વિદવાન અને કાબેલ દસતુર દીકરાએ ૧૯) વરસ સુધી આગેવાન દસતુરનો ઓધ્ધો ભોગવી સંવત ૧૮૦૯ ના રોજ ૧૪ માહ ૧૦ સને ૧૧૨૨ યઝદેઝરદી, તા૦ ૧૯ મી જુલાઇ ૧૭૫૩ ઇસ્વીને દીને ૬૦) વરસની ઉમરે નવસારી મધે ખોખરી મોહલ્લામા આવેલાં પોતાના મકાનમાં બેહસતનશીન થાયા. એવણુના પહેલા મોહરદારનુ નામ ધનબાઇજી હતુ જેવણે એરવદ નોશેરવાન, દસતુર જમશેદ અને દસતુર બેહરામ નામના ત્રણ વિદવાન દીકરાઓ અને હોમાએ નામની એક સદગુણી દીકરીને જનમ આપ્યો હતો એવણુ સાહેબના બીજા ધણીઆણી જીઆઇજીને પેટે નવાજબાઇ, રતનબાઇ, વીરબાઇ અને દસતુર રૂસતમ મલી આર ફરઝંદો જનમ્યા હતાં એ શીવાએ ૫) ફરઝંદો–માણેકબાઇ, રૂસતમ, માણેકબાઈ, બચુબાઈ અને રતન–બાળવયમાં ગુજરી ગયાં હતા. પોતાના ફરઝંદોને મોહટા દેશાઇ અને દસતુર મેહરજી રાણાના ખાનદાનમાં પરણાવીને આ બેહુ નામીચા કુટુંબો સાથ દસતુરજીએ પોતાનુ સગપણ સાંધ્યુ હતુ. એવણુના વડા દીકરી હોમાએ દેશાઇ ખુરશેદજી તેહમુરજીના વડા દીકરા નવરોજી સાથ પરણીને થોડુ કમાંજ રંડાયાં હતા અને આખી જીંદગી વીધવાપણામાજ ગુજારી હતી. એ દીકરી વગર ફરઝંદે વીધવા થાવાથી એવણુના ખાવીંદના પાલક પ્રખ્યાત દેશાઈ મીનોચેહરજી ખુરશેદજી પોતે થયા હતા. દસતુરજીના બીજાં દીકરી નવાજબાઈ તે દેસાઈ ખુરશેદજી તેહમુરજીના એક ભત્રીજા દેશાઈ માણેકજી જમશેદજી (મરહુમ દેશાઇ દાદીબા પેસતનજીના બાપના બપાવા) સાથ અને ચોથાં દીકરી વીરબાઇ તે એજ દેશાઇજીના બીજા ભત્રીજા દેશાઇ તેહમુરજી રૂસતમજી

---

૧ જામે જમશેદ–તા૦ ૩૧-૩-૧૯૦૬

(મરહુમ દેશાઇ બાપુજી મેહરવાનજીના બાપના બપાવા) સાથ પરણ્યાં હતાં. દેશાઇ રતનજી ઉર્ફે મેનાભાઇ માણેકજી જેઓ ફારસીમાં ઘણાજ પુર્વીણ હતા તેઓ દસતુર જામાસપજીના દીકરી નવાજબાઇના દીકરા હતા. દસતુરજીના ત્રીજા દીકરી રતનબાઈ આ૦ બરજોરજી રૂસતમજી આતવાં સાથ પરણ્યાં હતાં દસતુરજીના સઉથી નાઘલા દીકરા દસતુર રૂસતમજી નવસારીના મરહુમ વડા દસતુરજી શેહરાબજી રૂસતમજી મેહરજીરાણાના દીકરી રતનબાઇ સાથ પરણ્યા હતા. જેમ દસતુર જામાસ્પજીને તેવણની હૈયાતીમાં ગાયકવાડ સરકારે તેવણની કાબેલ્યત અને વિદ્વતાની કદરશનાસીમાં હિંદી અને ફારસી ખત લખવાનો અખત્યાર આપવા સાથ મોહર દાબવાની મોહરાણાની વીંટી કરી આપી હતી તેમ તેવણ સાહેબની હૈયાતી બાદ પણ તેવણના વારસોને ૫૦) વીંઘા જમીન બેટ આપવાનુ ફરમાન દેશાઇ ખુરશેદજી તેહમુરજી, પોલીઆ દેશાઇઓ જીવણજી માણેકજી અને ફરદુનજી જામાસ્પજી ઉપર મોકલી તેવણ સાહેબની કાબેલ્યતની વધુ પીછાણ કરી હતી,

એવણના વખતમા દસતુર દારાબ પહાલન, દસતુર જમશેદજી રૂસતમજી મેહરજીરાણા, દેશાઇ ખુરશેદજી તેહમુરજી, પોલ્યા દેશાઇઓ કુકાજી મેહરજી તથા જીવણજી માણેકજી અને પ્રખ્યાત શેઠ દાદાભાઇ નવરોજીના વડવા આ૦ મેહરનોશજી દારાબજી દોરડી એવણ સાથના નવસારીના હમનશીન અકાબરો હતા.

દસતુર જામાસપજીની સ્થાવર મીલકતોમાં ખોખરી મોહલ્લામાં આવેલુ એક ઘર અને ખપપુરમા એક તથા આમલ્યામાં એક મલી બે વજીફાઓ હતા. એ મીલકતો પોતાની હઇયાતી બાદ સરખે હીસ્સે વેહચી લેવા માટે પોતાના વારસોને એવણે વસીહત કરી હતી એ ઉપરાત સુરત મધે સૈયદપરામાં એ દસતુરજીનુ એક ઘર હતુ જે ઇ. સ. ૧૮૩૭ મા આગમા બલી ગયું હતુ અને ખાલી જમીન ઘણા વરસ સુધી હમારા મરહુમ બપાવા તથા બાવાજીને હસતક રહી હતી. ત્યાર પછી ફેબ્રુઆરી ૧૯૦૦ માં એ ખાલી જમીન હમારા બાવાજીએ સૈયદપરાની અગીઆરીના વપરાશ માટે તેના ત્રસ્ટીઓને ચોક્કસ સરતોએ ધરમાદા આપી દીધી છે

પરચુટણ નોધો.

૧. એક દીવસે ભરૂચની જુમા મસજીદની બહાર કેટલાક મુસલમાન ઓલમાઓ શાએર ફીરદુસી તુસી અને તેના બનાવેલા શાહનામાની બદગોઇ કરતા હતા. દસતુર જામાસ્પજી સાહેબનુ તે રસતેથી જવુ થયુ અને બદગોઇના કેટલાક સખુનો એવણે સાભલવાથી પેલા ઓલમાઓ બેઠા હતા ત્યાથી કેટલેક છેટે ઉભા રહી બુલંદ આવાજે નીચલા બેતો બોલ્યા —

ચે ખુશ ગોફ્ત ફીરદુશીએ પાક જાદ.
કે રેહમત બરાં તુરબતે પાક બાદ,
હરાં કસકે ઈ નામે ખાની કુનદ.
અગર ઝન બુવદ પેહેલવાની કુનદ,

અર્થ —પાકજાદ ફીરદુશી—જેની પાક કબર ઉપર રહેમત હોજો,—તેને શું ખુશ કહયુ છે કે જે કોઇ આએ નામુ (શાહનામુ) વાંચે તે કદાચને જો ઓરતબી હોય તો તે પણ પહેલવાની જુસ્સો બતાવે.

દસતુરજી સાહેબનું ઉપલાં બેતોનુ બોલવુ અને પેલા મુસલમાનોનુ ચોંકી ઉભા થાવુ તેઓએ દસતુરજીને પોતાની નજદીક બોલાવી શાએર ફીરદુસી તુસી અને તેના શાહનામા ઉપર ઘણીક

વગેરેની તકરારો ચલાવી અને દસતુરજીએ તેઓને "તકરારની સેતરંજ ઉપર જુબાનના પ્યાદાથી મહાત આપી."

૨ દીહલીથી આવેલા એક મોલવીએ નવસારીની જુમા મસજીદમા મીજલસ કરી હતી, જયાં દસતુર જામારપજી પણ પધારયા હતા. પેલા મોલવીએ મીજલસીઓને સવાલ પુછવા માટે એક ચોપડી ઉઘાડી અને જોવો તે એક બેત બોલ્યો કે દસતુરજીએ તુરત ઉઠીને કહયુ કે "આએ જગાએ તો ફલાણુ બેત જોઇએ" મોલવી ઘણો અચરત થયો અને ગુસસામાં આવી તે ચોપડી દસતુરજી ઉપર ફેંકી જે તેવણ ઉચકી ઘરે લઈ આવયા હતા

૩. એક દીવસે એક ફકીર ફારસીમા લખેલી ભવીષ્ય જોવાની ચોપડી દસતુરજી આગલ વંચાવવા લાવયો. કેતાબ ઘણીજ ઉમદા અને નાયાબ હોવાથી અને ફકીર તે નકલ કરવા માટે આપશે નહી એવી દસતુરજીની ખાતરી થવાથી તેવણે ફકીરને કહયુ કે "આજ મહને ફુરસદ નથી માટે હુ આવતી કાલથી વાંચવી શુરૂ કરીશ" એમ કહી દસતુરજીએ ફકીરને રૂખસદ આપી અને પોતાના ત્રીજા દીકરા દસતુર બેહરામજીને કાગજો, ખડીઓ અને કલમ આપી ઘરના બીજા ખંડમાં બેસાડીને એ કેતાબની નકલ કરાવી લેવાની ગોઠવણ કીધી બીજે દીવસે ફકીર ચોપડી લઈને પાછો આવયો અને દસતુરજી તરાડા મારી રાગડો કહાડીને ધીમે ધીમે કેતાબ વાચે કે દીકરા દસતુર બેહરામજી કાગજો ઉપર લખવા માડે. ચાર દીવસમા તો દસતુરજીએ ચોપડી વાંચી પુરી કીધી કેટલાક દીવસ પછી ફકીર દસતુરજી આગલ આવી બડાઇ મારવા લાગો કે આવી મોતેબર કેતાબ કોઇ પાસે છેજ નહી. દસતુરજીએ જવાબ આપીઓ કે એ ચોપડી તો માહરા કેતાબ ખાનામા પણ છે. એમ કહી પોતાના બાવાજીનો રાગડો સાભલીને દીકરા દસતુર બેહરામજીએ બોલે બોલ ઉતારી લીધેલી કેતાબ બતાવી. ફકીર શરમીદો થાઈ ચાલી ગયો.

એરવદ નોશરવાનજી જામાસ્પજી (૧ લા)

જનમ-કેળવણી-એક અજાયબ જેવી દંત કથા-પક્ષીઓની બોલી ઉપરથી આગાહી અને અગમચેતી કરવાની કુદરતી શકતી-ગઝલો-બેતો-પરચુટણ લખાણો-મરણ-ફરઝંદો.

મરહુમ દસતુર જામાસ્પ આશા અને તેવણના પહેલા મોહરદાર ધનબાઇજીના વડા દીકરા એરવદ નોશેરવાનજી યૂ. સ ૧૭૨૫ મા જનમ્યા હતા. એવણ સવત ૧૭૯૩ ના રોજ ૩ માહ ૩ સને ૧૧૦૬ યઝદજરદીને દીને હેરબદ થાયા હતા. એવણે પોતાના વિદવાન પીતાની દસતાદગીરી હેઠલ જંદ, પહેલવી અને ફારસીનો પુખ્ત અભયાસ કરયો હતો.

એ મરહુમ દસતુરજાદા વીશે આગલા વખતમાં નવસારીમાં એક અજાયબ જેવી દંતકથા બોલાતી હતી અને તે જોકે હાલના સુધરેલા જમાનામાં કોઈના માનવામા ન આવે પણ મરહુમ દસ્તુર જામાસ્પ આશાની હાલની અને ભવિષ્યની ઓલાદોની ફક્ત વાકેફગારી માટે તેનુ હયાં બયાન કરવાનુ હમો વાજબી ધારયે છીએ. એ દંતકથા એવી હતી કે મરહુમ એરવદ નોશેરવાનજી પોતાના એલમને જોરે પક્ષીઓની ભાષા (એલમે પર દેહ) બોલી અને સહમજી શકતા હોવાથી આગાહી અને અગમચેતી કરવાની કુદરતી શકતી ધરાવતા હતા દરરોજ બપોરના પોતાના બાવાજી ના ઘરની પછવાડે એવણુ જયારે પક્ષીઓને તેઓની બોલીમાં બોલાવતા ત્યારે ઘણાક પંખેરૂઓ ખુશ અને મધુર આવાજ કરતાં એવણુની આસપાસ એકઠાં થતા હતા અને પક્ષીઓ સાથ જયારે એવણુ ખેલ કરતા હતા તયારે તે જોવામાટે લોકોની ઠઠ મલતી હતી. કહેછે કે એક દીવસે જયારે એવણુ પખેરૂઓ સાથ ખેલ કરતા હતા ત્યારે એક ફકીર એવણુ આગલ ભીખ માંગવા આવ્યો. જેવો તે સવાલ કરેછે તેવોજ એક કાગડો બોલયો. તે સાંભલી નોશેરવાનજીએ પેલા ફકીરને પુછ્યું કે "તું ફલાણુા શહેરનો રહેવાસી છે ?" ફકીરે હકારમાં જવાબ આપ્યો તેજ કાગડો જયારે ફરીથી બોલયો ત્યારે તે ઉપરથી એવણે ફકીરને બીજો સવાલ પુછયો કે "શું તારા ત્રણ દીકરાછે ?" એનો પણ ફકીરે હકારમાંજ જવાબ આપ્યો. વળી તેજ કાગડો ત્રીજી વખત બોલવાથી એવણે ફકીરને કહયુ કે "તારો ફલાણો દીકરો આજ ત્રણ દીવસ થાયા ફલાણુા શેહરમા ગુજરી ગયો છે" ફકીર ઘણોજ અજબ થાઇ પુછવા લાગો કે "તમુને એ ખબર કયાથી મલી" નોશેરવાનજીએ કહયુ કે "આએ કાગડાની બોલી ઉપરથી મે તારે લગતી ઉપલી હકીકત જાણી અને તુને કહી." પેલો ફકીર પોતાની બગલમા એક ફારસી કેતાબ હતી તે નોશેરવાનજી તરફ ફેંકીને હાય અફસોસ કરતો ચાલી ગયો.

એવણે ફારસીમા પુશકલ ગઝલો અને બેતો જોડેલી છે. પોતાના મરણુની ત્રણ વરસ અગાઉ એવણે કેટલાક પહેલવી પુસ્તકોની નકલો કરી હતી, જેમાં વીસપરદ, બુન્દેહેશને, ફરહંગે પોઇમયક, પતેત પશેમાની, કારનામે અરદશીર બાબકાન, વીરાફ નામુ, ગોશતે ફરમાન તથા શાયસત લાશાયસત મુખ્ય છે.

એવણુ રોજ ર માહ ૮ સને ૧૧૧૧ યઝદેજરદી, તા. ૨૨ મી મેએ ૧૭૪ર ઇસવીને દીને ૧૮) વરસની કોમલ વયે પોતાના બાપ અને બપાવાની હઇયાતીમાં મરણુ પામયા હતા.

એવણુ ઘણાજ ચચલ અને બાહોશ હતા અને એવણુની જીદગીની જોત જો ટુંકમાં બુજાઈ ગઇ ન હતે તો એક વિદવાન અને નામાકીત દસતુર બાપના એક વધારે વિદવાન અને નામાકીત દસતુર દીકરા નીવડતે.

એવણુના મરણુ વખતે એવણુનો ઓરસ્તા બરજોર નામનો એકજ દીકરો હઇયાત હતો. આ દીકરો પણ પછવાડેથી મરણુ પામવાથી મરહુમ દસતુર જામાસ્પજીએ પોતાના દીકરાનો નુરી ચેરાગ બુજાઈ ગયલો જોઈ પોતાના સઊથી નાધલા દીકરા એરવદ રસતમજીને અનજુમનની હજુરમાં નોશેરવાનજીના પાલક કરી આપ્યા હતા.

દસ્તુર જમશેદજી જામાસ્પજી.

જનમ–હેરબદીની તાલીમ–દીનદારી અને ફીલસુફી જ્ઞાન–[illegible] કરવાનો શોક–નવું દુખમુ પરઠવાની ક્રીયા–દસતુર જમશેદજીની [illegible] દસતુર માટેની ઉમેદવારી અને દાવો–દસતુરી દાવાનું રદ થાવુ–નવસારીની અનજુમન સાથ અણબનાવ–ગાયકવાડ સરકાર તરફથી થયલી જમીનની બક્ષેશ–અનજુમન સાથ થયલી તગુમગુ સલાહ–નવસારીમાં આતશબેહરામની સ્થાપના–આતશબેહરામની બાબદમાં દસ્તુર જમશેદજીનું મત–અનજુમન સાથ પાછો અણબનાવ–પહેલી ત્રણ દસ્તુરી ખુરસીઓની સ્થાપના–દસતુરી ખુરસીનુ માન નહી સ્વીકારવાનો દસતુરજીનો જાહેર એકરાર–દસતુરજીના નાધલા ભાઇ દસતુર રૂસતમજીને મલેલી દસતુરી બેઠક–દસતુર જમશેદજી ની વાયજ–સીઆલોની ભેટ–મુકરર થાયલુ શાલીઆણું–કેદારજીરાવ ગાયકવાડ સાથ મીત્રાચારી–બનારસના બે પંડીતો સાથ તકરાર–તુરકી સોદાગર ચલેબી–"ગોવરમાં ગોહર"–પંડીત લાલા ફતેહચંદ એલીચપુર–મો૦ આફ્રકી ટળ ડુપેરાં–દસતુર જમશેદજી સાથ તેની મુલાકાત–બ્રીટીશ મ્યુઝીયમમાં દસતુર જમશેદજીનાં લખાણો–પુનાના દીવાન બાબાહઝારી–દસતુરજી તરફ તેની બેર વરતણુક અને તેનો પશ્ચાતાપ–મુંબઇ ખાતે પધરામણી–અસાધારણ મોહટું માન–લખાણો–"દીવાને જમશેદ" બનાવાનાં સબબ–મુસદદસો અને મુખમ-મસો–પચઆને અને "જાતીક ચંદ્રીકા"નો ફારસી નઝમમાં તરજુમો–જાહેર ઇમારતો ઉપર તખ્તીઓનું લખાણુ–ભાઈઓમાં બેદીલી અને મીનાકેશો–દસતુર જામાસ્પ આશાના કેતાબખાનાની વેંહચણી–મીજાજ અને ખાસ્સત–મોજીલા અને શોકીલા જીવનો એક દાખલો–ખાનદાનના બીજા પુરૂષો સાથ દસતુર જમશેદજીનો મુકાબલો–પ્રખ્યાત શાએરદો–દરેમેહરો અને દુખમા પરઠવાની ક્રીયા–મરણુ–ફરજંદો–હવા પવનનું મોટું તોફાન–"આડતીશનુ ઉણુ"–પરચુટણ નોંધો.

હિન્દની પારસી આલમમા અને યુરોપના વિદ્દવાન મંડલમાં નામાકીત થયલા મરહુમ દસ્તુર જમશેદજી તે દસતુર જામાસપ આશા તથા ધનબાઇજીના બીજા દીકરાનો જનમ ઇ. સ. ૧૭૨૭ માં થએલ હતો, એવણુ પોતાનાં વડા ભાઈ મરહુમ એરવદ નોશેરવાનજીથી બે વરસે નાધલા હતા. એવણુ પુનાવાલા મરહુમ સરદાર ખાન બહાદુર દસતુર નોશરવાનજી જામાસ્પજી તથા ભાઇઓ, મુંબઇવાલા મરહુમ દસતુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી તથા ભરૂચવાલા દસતુર ખુરશેદજી જમશેદજીના [illegible]. એવણુ સંવત ૧૭૮૩ ના રોજ ૨૦ માહ ૩ સને ૧૧૦૬ યઝદજરદીને વાને પોતાના વડા ભાઇ મરહુમ એરવદ નોશેરવાનજીના નાવર થાવા પછી ૧૭) દીવસે [illegible] થયા હતા. એવણના મરહુમ પીતાના હાથ હેઠલ જંદ, પહેલવી, ફારસી, અરબી અને સંસ્કૃતની પુખ્ત તાલીમ

લઈ હિન્દના તે વખતના એક આબેલ ભુગોળશાસ્ત્રી તરીકે પ્રખ્યાત થએલા હતા. આ દસ્તુરજી સાહેબ પોતાના વખતમા યોજદાથ્રેગીરીના કામમાં ઘણાજ ખબરદાર ગણાતા હતા અને નવસારીની વડી દરેમેહરમાં જે મોહટાં ક્રીયા કામો કરયાં હતાં તેની નોંધો આજે મોજુદ છે.

એવણુને નાધલી વયથીજ ફારસી બેતબાજીમાં રમત ગમત કરવાનો અત્યંત શોક હતો. કહે છે કે એક દીવસે એવણુના માતાજીએ એવણુને ખીચડીનુ ભાણુ કરી આપ્યું પણ તે ઉપર ઘી ન પીરસવાથી પોતાના પીતા આગલ ભાણુ લઈ જઈ ફરયાદ કરતાં બોલ્યા કેઃ—

" ખીચરી ચે ન્યામતસ્ત કે દીલ શાદ મી દારદ
લીકન અઝબેહરે રોગન ફરયાદ મી દારદ "

અર્થઃ—ખીચરી દીલને ખુશ કરનારી ન્યામત ચીજ છે પણ તે ઉપર ઘી ન હોવાથી તે ફરયાદ કરે છે.

એ ઉપરથી એમ સીધ્ધ થાએ છે કે એવણુને શાએરી કરવાની ઉંચા પ્રકારની શકતી કુદરતે એનાયત કરી હતી

મુંબઇવાલા મરહુમ શેઠ માણેકજી નવરોજી શેઠનાએ નવસારીમાં બંધાવેલા દુખમાને રોજ ૧૧ માહ ૪ સને ૧૧૧૬ યઝદજરદી, તા૦ ૩૦ મી જાનેવારી ૧૭૪૭ ને દીને પરઠવાની સઘલી ક્રીયા એ દસતુરજીએ પોતે કરી હતી અને જશનની મીઅઝદ પણ પોતે માંડી હતી. તેમજ એ દુખમાને લગતી સગડી ઉપરનુ બેતરૂપી લખાણ આ વિદવાન શાએર–દસતુરનુ પોતાનુ જોડેલુ છે. [1] એવી રીતે નવસારીમાં ધરમની મોહટી ક્રીયા સાથ એવણુ સાહેબનુ નામ આજ સુધી જોડાએલુ રહયું છે.

મરહુમ દસતુર જામાસ્પજી સાહેબે પોતાની હઇયાતી બાદ એવણુને પોતાના જાએનશીન બનાવાના ઇરાદાથી એવણુને સગીન દીનદારી એલમ અને ફીલસુફી જ્ઞાનની તાલીમ આપી "હાકમે. ઝબાન " બનાવવામા અતીશે રંજ ખેંચી હતી. ઇ. સ. ૧૭૫૩ માં જયારે દસતુર જામાસ્પજી સાહેબ બેહસતનશીન થયા ત્યારે દસતુર જમશેદજી તે વખતના બીજા દસતુરો કરતાં વિદયા એલમમા વધારે આગલ વધેલા હોવાથી પોતાના પીતાની જગાએ આગેવાન દસતુર નેમાવા માટેનો પોતાનો દાવો અનજુમનમાં રજુ કરયો.[2] પણ આગેવાન દસતુરની નેમણુક માટે અનજુમનમાં મતફેર ઉભો થવાથી દસતુરજીના રજુ કરેલા દાવા ઉપર કશુ ધ્યાન આપવામા આવ્યું નહી દસતુરજીને અનજુમન અને તેઓના આગેવાનો સાથ અણબનાવ થવાનુ આ પહેલુ કારણ હતુ. જયારેભી દસતુરજીના કેટલાક મીત્રો તેવણુને અનજુમન અને તેના આગેવાનોને રાજી રાખી તેઓની મરજી મુજબ ચાલવા સમજાવે ત્યારે તેનો ઇનકાર કરી કહે જે —

એહલે દુન્યા કાફરાને મુતલક અંદ.
દાયમ અંદર ચકચકો દર બકબક અંદ.


અર્થઃ—દુન્યાના લોકો પુરેપુરા કાફર છે, જેઓ હમેશા લવલવારો અને બક બકાટ કરવામાં પોતાનો વખત ગુજારે છે

ઇ. સં. ૧૭૫૫ માં નામદાર ગાયકવાડ સરકારે એવણુને તથા એવણુના ભાઇઓને ૫૦) વીઘા જમીન બક્ષેસ કરવા માટેનુ નીચે મુજબનુ એક ફરમાન દેશાઇ ખુરશેદજી તેહમુરજી અને બીજાઓ ઉપર મોકલી આપ્યું હતુઃ—

૧ આ બેતરૂપી લખાણ આ પુસ્તક ને છેડે છાપી દાખલ કરવામાં આવ્યાં છે.

૨ [illegible]

"રાવ શ્રી સુભેદાર દામાજી રાવ ગાયકવાડ શમશેર બહાદુર પથનાત ફસલે નોસારીના



દેશાઇ ખુરશેદજી તેહમુરજી તથા દેશાઇ જીવણજી માણેકજી તથા ફરેદુનજી જામાસજીને માલમ્ થાય જે ફસલે મજકુરના આધીઆર દસતુર જામાશ આશાના બેટાઓને વજીફા લખી આપો છે તે દેખત પરવાને જમીન માપી આપી ચેકનામુ કરી આપજો. મુલાજો માફક વજીફા બાજી ચાક વીધા ૫૦) થયું છે. તમો ખાઉ છો તે વજીફાને દીસે ઓલાડ તથા પેલાદનીસરે છે તે તુરત આપજો ઓજર કરશો તો મુલાનો રેહશ નહી. તાકીદ જાણજો. સંવત ૧૮૧૧ માહ વદ ૩ ને દીને."[1]

તેમજ મજકુર જમીન માટેનો નીચલો બક્ષેશ પત્ર એ દસતુરજી તથા ભાઇઓના નામ જોગો ગાયકવાડ સરકારે મોકલી આપ્યો હતો —

"આધીઆર દસતુર જામાશજી આશાજીના બેટા જમશેદજી, બેહરામજી, રૂસ્તમજી ને



માલુમ થાએ જે તમુને ગાયકવાડ સરકારથી વીંધા ૫૦) વજીફા મલશે તે તમો લઇને તમારા કબજામાં કરવો અને સરકારના હકમાં દુઆ કરવી, તેનુ માહસુલ તમોપર કંઈ નહી. હવાલદારને શેર ભાત નહી."[2]

પોતાનો દસ્તુરી દાવો રદ થવાને લીધે દસ્તુર જમશેદજીને અનજુમન અને તેના આગેવાનો સાથ જે અણબનાવ થયો હતો તે કેટલીક મુદત સુધી ચાલુ રહેવા પછી કેટલાક ગૃહસ્થોએ વચ્ચે પડી દસ્તુરજીને અનજુમન અને તેઓના આગેવાનો સાથ પાછી સુલેહ અને દોસ્તી કરાવી પણ તે તણમણ જેવી હોવાથી ઝાઝો વખત નીભી નહી. અનજુમન સાથ ફરીથી અણબનાવ થાવાનો મુખ્ય સબબ તો નવસારીમાં આતશબેહરામની સ્થાપના હતી. પુરાણા આતશબેહરામને સંજાણા મોબેદો નવસારીથી ઉડવાડે લઇ જવા પછી ત્યાંના બેહેદીનો અને મુખ્ય કરી ભગરયા મોબેદોને એક આતશબેહરામની વધારે જરૂર જણાઈ હતી અને એ કામ પાર પાડી આપવાનુ દેશાઇ ખુરશેદજી તેહમુરજીએ માથે લીધુ હતુ. દેશાઇજીએ અનજુમન ભેગી કરી આતશબેહરામ સ્થાપવાની બાબદમાં દસ્તુર સાહેબોનો અભીપ્રાય જાણવા માગયો. સઘળા દસ્તુરોએ આતશબેહરામ સ્થાપવાની તરફેણમાં પોતાના વિચારો જણાવ્યા જ્યારે દસ્તુર જમશેદજીએ એકલાએ હીમતથી અનજુમનમાં જાહેર કરયું કે "ચેહારો દીસા તરફ સવાસો ગાઊના ઘેરાવામાં આતશબેહરામ પાદશાહ એકજ હોવા જોઇએ." દેશાઇ ખુરશેદજી જેવા અનજુમનના આગેવાન અકાબર ભગરયા મોબદોની બેહબુદી માટે આતશબેહરામ બાંધી આપવાનુ મહાભારત કામ માથે ઊઠાવે અને દસ્તુર જમશેદજી જાહેરાત આવુ મત દર્શાવે એ અનજુમનના મોહટા ભાગને પસંદ પડતી વાત થઇ નહી. દસ્તુરજીના કેટલાક મીત્રોએ તેવણને પોતાનુ મત ફેરવવા ખાનગી રીતે સમજાવ્યા અને કહયું જે "તમો દસ્તુરજી જો આએ વાધો છોડી દેવો તો અનજુમન તમોને દસ્તુર ઠેરવે અને આતશબેહરામ પરઠવાનુ ઊપરીપણુ તમુને અપાવ્યે" દસ્તુરજી સવતંત્ર ખયાલના અને એકજ સખુનના આદમી તે પોતાના મીત્રોએ બતાવેલી આવી લાલચને વશ ન થતા પોતાના અભીપ્રાયને છેવટ સુધી મજબુતીથી વળગી રહયા. દેશાઇ ખુરશેદજીએ તો આખરે આતશબેહરામ પરઠાવાનુ કામ શુરૂ કરાવ્યું

---

[1]-[2]. મજકુર ફરમાનની નકલ મુંબઈવાળા મરહુમ દસ્તુર ડોકતર જામાસ્પજી મીનોચેહરજીના કેતાબખાનામાં મોજુદ છે તેમજ ઉપલો બક્ષેશ પત્રનો ઉતારો તેવણને ત્યાંની નોંધ પોથીમાંથી હમોએ કીધો છે.

અને સંવત ૧૮૨૨ ના રોજ ૧૭ માહ ૨ સને ૧૧૩૫ યઝદેજરદી, તા૦ ૨ જી ડીસેમ્બર ૧૭૬૫ ને દીને સુધી ડેઅલાને તખ્તનશીન કરાવ્યા. [1]

આ વખતે આતશબેહરામને સેજહો કરવા માટે સુરતથી શેઠો મનચેરજી ખુરશેદજી ખજાનચી, ડોશાભાઇ નશરવાનજી શેઠના, ધનજીશાહ મનજીશાહ, શોહરાબજી કાવશજી નેકસાયતખાન, હીરજી જીવણજી પારખ ઉરફે હીર પારખ અને રતનજી નવરોજી પારખ ઉરફે રતુ પારખ વીગેરે ઘણાક શેઠીઆઓ નવસારી આવ્યા હતા. એઓની સલાહથી દેશાઇ ખુરશેદજી તેહમુરજીએ ધુર અવસરની મીજલસમાં દસ્તુરોની હમેશની બેઠક માટે નીચલી ગોઠવણ કીધી અને આતશબેહરામ પરંથવાના જશનના દીવસથી એ ગોઠવણને અમલમાં મુકવાનું ઠેરવ્યું :—

દસ્તુર શોહરાબજી રૂસતમજી મેહરજીરાણાના તે વડા યાને પહેલી ખુરસીના દસ્તુર.

દસ્તુર બરજોરજી દારાબજી દારાબપહાલનના તે બીજી ખુરસીના દસ્તુર.

દસ્તુર જમશેદજી જામાસ્પજી તે ત્રીજા ખુરસીના દસ્તુર.

વધુ એવું ઠેરવવામાં આવ્યું કે દસ્તુર બરજોરજી દારાબજી દારાબ પહાલનનાએ આતશબેહરામ પરઠાવવામાં કેટલીક મદદ કરવાથી તેના બદલામાં સુરત ખાતે વસનારા ભગરસા મોબેદોના દસ્તુર ઠરવાથી તેઓ સુરત જઈ રહેશે માટે તેવણુની અને તેવણુની ઉતરતી ઓલાદોની ગેરહાજરીમાં દસ્તુર જમશેદજી અને તેવણુની ઓલાદો બીજી ખુરસીએ બેસશે. પણ જ્યારે દસ્તુર બરજોરજી અને તેવણુની ઉતરતી ઓલાદો નવસારી આવે ત્યારે તેઓએ બીજી ખુરસીએ અને દસ્તુર જમશેદજીએ અને તેવણુની ઉતરતી ઓલાદોએ ત્રીજી ખુરસીએ બેસવું એવી રીતે દેશાઇ ખુરશેદજી તેહમુરજીએ મજકુર શેઠીઆઓની સલાહથી ત્રણ દસ્તુરી બેઠકો સ્થાપી જે હજુ સુધી ચાલુ છે.

હવે દેશાઈ ખુરશેદજીએ શેઠ મનચેરજી ખુરશેદજી ખજાનચી અને ડોશાભાઈ નશરવાનજી શેઠનાને દસતુર જમશેદજી આગલ મોકલી આપ્યા કે તેઓ દસતુરજીને ઉપલા ઠેરાવથી વાકેફ કરી આતશબેહરામને તખ્તનશીન કરતી વખતે જશનની મીજલસમાં લઈ આવે. દસતુરજીએ પોતાના દસતુરી હક લુટાવાની મજકુર શેઠીઆઓ આગલ ફર્યાદ કરી જશનની મીજલસમા શરીક થાવાનુ ના પાડયુ એટલુંજ નહી પણ પોતાને જે દસતુરી ખુરસીનુ માન આપવામાં આવ્યું તે પોતાના દરજાજા અને એલમને છાજતુ ન હોવાથી તે સ્વીકારવાનુ પણ ઉપકાર સાથ ના પાડ્યું. એ ઉપરથી વધુ ભાંજગડ આગળ વધી. મજકુર શેઠીઆઓ દસ્તુરજીને ઘરથી દેશાઇ ખુરશેદજી સાથ સંદેશા ચલાવતા હતા અને તેવણુની મરજી મુજબ વલાણુ લેતા હતા. દસ્તુર જમશેદજીએ જશનની મીજલશમાં શરીક નહી થવાનો અને દસ્તુરી ખુરસીનું માન નહી સ્વીકારવાનો મક્કમ ઠેરાવ કરેલો જોઇ મજકુર શેઠીઆઓએ તેવણુને પોતાના બીજા ભાઈ દસ્તુર બેહરામજીને જશનની મીજલસમાં મોકલવાની માંગણી કરી કે જેથી દેશાઇ ખુરશેદજીએ તેઓની મસલહતથી કીધેલો દસ્તુરી બેઠકને લગતો ઠેરાવ અમલમાં આવે. આ માગણી પણ દસ્તુરજીએ ન સ્વીકારી. છેવટે તેઓએ દસ્તુરજીનાં નાધલા ભાઇ દસ્તુર રૂસતમજીની માગણી કરી જે દસ્તુર જમશેદજીએ કબુલ રાખવાથી તેઓ દસ્તુર

---

[1] સુરતવાલા મરહુમ દસ્તુર શાપુરજી માણેકજી સંજાણાએ "કીસ્સે" નવસારી" નામની ફારસી બેતમાં એક કેતાબ લખી છે જેમાં નવસારીના આતશબેહરામનો અહેવાલ વાચતા એવુ માલુમ પડે છે કે દસ્તુર જમશેદજી બીજા દસ્તુરો સાથ આતશબેહરામ પરઠાવવાની તરફેણમાં હતા, પણ હમારા બાપાવા મરહુમ દસ્તુર જમશેદજી રૂસતમજી તથા બાવા દસ્તુર [illegible] જમશેદજીના કેહવા મુજબ દસ્તુર જમશેદજી આતશબેહરામ પરઠવાની વીરૂધ હતા, કારણ "બહેરી [illegible] તરફ [illegible] [illegible] આતશબેહરામ પાતશાહ [illegible] હોવા [illegible]" એવું [illegible] હતુ જે મત મુંબઇવાળા મરહુમ દસ્તુર [illegible] બેહરામજીને [illegible] પણ [illegible]. છે.

જામાસ્પજીને જશનની મીજલસમાં લઈ ગયા જ્યાં દેશાઇ ખુરશેદજીએ તેવણુને ત્રીજી ખુરસીએ બેસારયા. ત્યાર પછી દસતુર બરજોરજી દારાબજી દારાબ પહાલનના સુરતના ભગરયા મોબેદોના દસતુર તરીકે ત્યાં જઈ વસવાથી દસતુર રૂસતમજી ઉપર જણાવેલી ગોઠવણુને અનુસરીને પોતાની હયાતી સુધી હરેક મીજલસમાં બીજી (અને દસતુર બરજોરજી જો નવસારી આવે તો ત્રીજી) ખુરસીએ બેઠા હતા. ૧ ત્યાર પછી દસતુર જમશેદજીએ તો સરઅવસરે મીજલસમાં બેસવાને બદલે ઉભે ઓટલા ઉપર બેશવા માંડયુ હતું. આતશબેહરામ પરઠાવાની એક બે દીવસ અગાઉ શેઠો મનચેરજી ખુરશેદજી ખજાનચી અને ડોશાભાઇ નશરવાનજી શેઠનાએ દસતુર જમશેદજી ઉપર ચીઠી લખી જશનની મીજલશમા તે પ્રસંગને અનુસરતી એક વાઅજ કરવાની અરજ કરી. દસતુરજીએ જશનની ક્રીયા ખલાસ થાવા પછી આતશબેહરામમાં આવી મીજલસ હજુર નુરી કેબલા ઉપર વાઅજ કરવાની કબુલાત આપી જશનની ક્રીયા પુરી થવે દેશાઈ ખુરશેદજી તથા બીજા દસતુરો વીગેરેને શાલોની અરસપરસ પેહરામણી થાવા પછી શેઠો મનચેરજી ખુરશેદજી ખજાનચી, ડોશાભાઇ નશરવાનજી શેઠના, હીરજી જીવણજી પારખ અને રતનજી નવરોજી પારખ વીગેરે બીજા જાણીતા શેઠીઆઓ દસતુરજીને મકાને જઈ તેવણુને મોહટી ઇજત સાથ આતશબેહરામમાં વાઅજ કરાવા માટે લઇ આવ્યા અને કેટલાકોએ મીજલસમાં બેસવા કહયા છતાં પણ ઉભે ઓટલા ઉપર ઉભા રહી નુરી કેબલા ઉપર વાઅજ કરી હતી. વાઅજ પુરી થાવા પછી મજકુર શેઠીઆઓએ દસતુરજીને શીઆલો હોરાડી ઘર સુધી પાછા મુકવા આવ્યા.

આ વખતથી શેઠો હીરજી જીવણજી પારખ, રતનજી નવરોજી પારખ અને દાદાભાઈ માણેકજી શેઠનાએ દસ્તુર જમશેદજીને તેવણુની વિદવતાની કદરશનાસીમાં સાલ્યાણુ આપવુ શુરૂ કરયું હતું.

દસતુર જમશેદજીનો રદ્દ થએલો દસતુરી દાવો, અનજુમન અને તેના આગેવાનો સાથનો અણુબનાવ, આતશબેહરામની સથાપના અને દસતુરી ખુરસીઓને લગતો બંદોબસત વીગેરેનું બ્યાન કીધા પછી હવે દસતુર જમશેદજીના અહેવાલને લગતી બીજી જાણુવા જોગ બાબદો ઉપર આવ્યે.

પોતાના પીતાની માફક દસતુર જમશેદજી પણુ સરકાર દરબારમાં સારો વગવસીલો અને માન ધરાવતા હતા શ્રી કેદારજી રાવ ગાયકવાડને એ દસતુરજીની કાબેલ્યત માટે ઉંચુ મત હોવાથી જ્યારે તેઓ નવસારી પધારતા તયારે આ વિદવાન દસતુરજીને પોતાનો માફો મોકલી બોલાવતા અને પોતાના જમણા હાથ ઉપર બેસાડી તેવણુ પાસ શાહનામુ વંચાવતા હતા. એક દીવસે જ્યારે એવણુ શ્રી કેદારજી રાવને શાહનામુ વાંચી સમજાવતા હતા ત્યારે બનારસના પંડીતોનું ત્યાં અચણુચ આવવું થયુ. દસતુર જમશેદજીને મહારાજાના જમણા હાથ ઉપર મોહટી ઇજત સાથ બેઠેલા જોઈ તેઓની આંખમાં અદેખાઇનો આતશ એકદમ પજરી આવ્યો અને મહારાજા આગલ ફર્યાદ કરી કે "શ્રીમંત સરકાર માંસ ખાનાર અને દારૂપીનારને આપની નજદીક શા માટે બેસાડો છો !" કેદારજી

---

૧ આગે કાનુન મુજબ નીચલા દસ્તુર સાહેબોએ બીજી ખુરસીના દસ્તુરનુ માન ભોગવ્યુ હતું —

૧ દસ્તુર રૂસતમજી જામાસ્પજી સંવત ૧૮૨૨ થી ૧૮૭૨ સુધી

૨ દસ્તુર બેહમનજી જમશેદજી સંવત ૧૮૭૨ થી ૧૮૮૧ સુધી.

૩ દસ્તુર માણેકજી રૂસતમજી સંવત ૧૮૮૧ થી ૧૮૯૫ સુધી

૪ દસ્તુર ફરામજી માણેકજી સંવત ૧૮૯૫ થી તે ૧૯૨૦ સુધી એ [illegible]૮) વરસ યાને [illegible] એક સદી સુધી દસ્તુર જામાસ્પઆશાના ખાનદાનવાળાઓએ બીજી ([illegible] સુરતવાળા [illegible] દારાબ પહેલનના ખાનદાનવાળાઓ નવસારી આવે તો ત્રીજી) ખુરસીના દસ્તુરનો અધીકાર [illegible] હતો, પણ પાછળથી અનજુમનમાં અને દસ્તુર જામાસ્પઆશાના [illegible] ફરમાનને લીધે ત્રીજી ખુરસી કાઢવાની મુકરર કીધામાં આવી હતી જે હજી સુધી ચાલુ છે.

તેણે જવાબ આપ્યો " એ મહા વિદ્વાન છે. " પંડીતો બોલ્યાકે " એ વિદ્વાન છે તો હમારી સાથે તકરારમાં ઉતરે. " કેદારજીરાવના કેહવાથી દસ્તુરજી તકરારના મેદાનમાં ઉતરવા તઈયાર થયા, આ સંબંધે પંડીતોથી જાણવા માગયું કે " તકરારમાં જે હારે તે શુ કરે " પંડીતોએ કહયું કે " જે હારે તે પોતાના માથાની પાગડી જીતનારના માથા ઉપર મુકે. " ત્રણે વિદ્વાનો તકરારના મેદાનમાં ઉતરયા. તકરારની બાબદમાં માંસ ખાવાને લગતી હતી. દસ્તુરજીએ પંડીતો પાસે મોહટી સોમની ક્રીયા કરવાના શ્લોકો બોલાવ્યા જેમ કરતાં તેઓએ એક શ્લોક મુકી દીધો. દસતુરજીએ પુછયું કે " જે શ્લોકમાં માંસ હરણ કરવાની ગવાહી છે તે તમોએ શા માટે મુકી દીધો ! જ્યારે પેલા પંડીતોથી શ્લોક નહી બોલાયો ત્યારે દસતુરજીએ પોતે તે શ્લોક પઢી તેનો સાર નીચે મુજબ કહી સમજાવ્યો:—

" એ ક્રીયામાં બ્રાહમણો પોતાને હાથે બકરો (ગાય) કાપે " પંડીતો કાએલ થાવથી કેદારજી રાવે તેઓના માથા ઉપરથી પાગડી ઉંચકી દસતુરજીના હાથમાં મુકી જે તેવણે પાછી પંડીતોના માથા ઉપર મુકી એ બનાવ પછી પંડીતો દસતુર જમશેદજીને પણ પંડીત તરીકે પીછાણવા લાગા. જ્યારે કેદારજી રાવ ગાયકવાડે પોતાના દીકરા ત્રીંબકરાવના લગણનુ મુહરત જોવા માટે રણીઆરામાં બ્રાહમણોની મીજલસ કરી હતી ત્યારે દસતુરજીને પણ તેમાં સામેલ કરી લગનનો દીવસ મુકરર કરયો હતો.

સુરતથી ચલેબી (ધારતા મેલે સુરતનો પ્રખ્યાત તુરકી સોદાગર ઊસમાન ચલેબીનો દીકરો) નવસારી આવ્યો તે પારસીઓનો કટટો દુશમન હતો. એક દીવસે તેને ત્યા ફારસીમાં લખેલુ ખત આવ્યુ અને તે ભાષાથી પોતે બેનસીબ હોવાથી તેને તે ફારસી ખત વાચનારની જરૂર પડી. તે ઘણી ગમ ખત વચાવવા ફર્યો પણ કોઈ વાચી શકયુ નહી. આખરે તે દસતુર જમશેદજી પાસ આવ્યો. દસતુરજીએ ખત વાચી તેનો સાર ચલેબીને કહી સમજાવ્યો. ત્યાર પછી જવાબનો ખરદો કરવા માટે ચલેબીએ રદી કાગજનો ટુકડો દસતુરજી ને આપયો જે તેવણે ન લેતાં કહયુ કે " ખરદો કરવાની કઈ જરૂર નથી, સોજુ કાગજ આપો કે હું જવાબ લખી કહાડુ " ચલેબીને મોહડે સાર સમજી લઈ દસતુરજીએ ફારસીમાં જવાબ લખી કહાડયો. ચલેબી અજબ થાયો અને પોતાનુ કામ પાર પાડી આપવા માટે દસતુરજીનો ઉપકાર માની પાછો ફર્યો. જ્યારે તે મુંબઇ ગયો ત્યારે ત્યાના પરકોમના આગેવાન ગૃહસથો અને જરથોસતી શેઠીઆઓ આગળ દસતુરજીના ફારસી ભાષાના જ્ઞાનની તારીફ કરતા કહેતો જે " ગોવરમા ગોહર પડેલુ છે " યાને દસતુર જમશેદજી જેવો કાએલ પુરૂષ અભણ લોકોમાં વસે છે.

લાલા ફતેહચંદ એલીચપુરી નામના તે વખતના પ્રખ્યાત પંડીત સાથ દસતુર જમશેદજીને દેસાઈ ખુરશેદજી તેહમુરજી મારફતે મીત્રાચારીનો સંબંધ જોડાયો હતો આ બેહુ વિદ્વાનો એક બીજાની કાબેલ્યત ઉપર એટલા તો ફીદા હતા કે એક બીજા ઉપર સંસકૃત અને ફારસી જબાનમાં કાગજપત્રો લખી અરસપરસની દોસ્તીનો ગાંઠ મજબુત કર્યા જતા હતા જે ઢપ ઉપર લાલા ફતેહચંદ દસતુરજી ઉપર ખત લખતો તેજ ઢપ ઉપર દસતુરજીએ પોતાના જાની દોસ્તની તારીફમાં લખેલાં બેતો અને મુખમમસો આજે જોવામા આવે છે.

યુરોપમાં જરથોસતી ધર્મ અભયાસનો પાયો નાખનાર પ્રખ્યાત ફ્રેંચ વિદવાન મોનશીઅર આંકવીટલ ડુંપેરાં જરથોસતી ધર્મનો અભયાસ કરવા માટે તા० ૧ લી મેએ ૧૭૫૮ ઇસવીને દીને સુરત ખાતે આવ્યો હતો. તેણે ઈ. સ ૧૭૬૦ ના દીસેમબર માસમા આ વિદવાન દસતુરજીની મુલાકાત લીધી હતી. દસતુરજીએ તેની સાથ કેટલાક કલાક સુધી પહેલવી અને ફારસીમાં ગોફતેગો કરી એ ફ્રેંચ વિદવાનને આપણા ધરમને લગતી કેટલીક બાબદોથી વાકેફ કર્યો હતો તેમજ જ્યારે તે સુરત પાછો ફરયો ત્યારે, એવણે તેની સાથ ઉપલી બનને ભાષાઓમાં કાગજ પત્રો

તેહવાર રચ્યો હતો.[1] જ્યારે મો૦ આંકવીટલ ડું પેરાં યુરોપ પાછો ફર્યો ત્યારે દસતુરજીને હાથના લખેલા ઘણાક જંદ અને પહેલવીના હસત લેખો પોતાની સાથે લઈ ગયો હતો જે હાલ બ્રીટીશ મ્યુઝીયમમાં મોજુદ છે.

ઈ. સ. ૧૭૭૩ માં પુનાના પેશવાના દીવાન બાબા હઝારી પોતાના કારભારી પહાલનજી હોમાજી (હોમાનો પહાલી) સાથ નવસારી આવ્યા. એક દીવસે તેવણુને ત્યા ફારસી ખત આવ્યું તે વાંચવા માટે પહાલનજી દસતુરજીને તેડવા આવ્યા. આ વખતે નવસારીના સઘલાં ઘરો ઉપર વેરો નાખવામાં આવ્યો હતો, પણુ ગાયકવાડ સરકારે દસતુરજીની કાબેલ્યતની કદરસનાસીમાં તેવણુના ઘરને વેરામાથી મુકત કર્યું હતું. આ વખતે પેશવાની સત્તા ગાયકવાડ ઉપર ચાલતી હોવાથી બાબા હઝારીના દબાનથી પોતાના ઘર ઉપર વેરો પડશે એવી દસતુરજીને ખાતરી હોવાથી તેવણે બાબા હઝારી આગલ જવા ના પાડયું અને કહ્યું કે "ખત હયા લાવો તો હુ વાંચી આપું." પહાલનજીએ ઘણી ઓહોશ કરવાથી અને એવણુને કાંઈબી અપમાન થાય તો તેની જોખમદારી પોતાને શીર ખેચી લેવાથી દસતુરજી જામો પીછોડી પહેરી બાબા હઝારી આગલ ગયા અને ફારસી ખત વાચી સાર તેને કહી સમજાવયો બાબા હઝારી ઘણોજ તાજુબ થયો અને દસતુરજીની મેહનતનો બદલો ઉપકારને બદલે અપકારથી વાલી આપ્યો. દસતુરજી ઘણા તવંગર આદમી છે એવો દીવાનને ખોટો ખ્યાલ બેસી જવાથી તેણે પોતાના હુઝુરીઆઓને હુકમ કરયો કે "જ્યા સુધી એવણુ રૂ ૧૫૦૦૦) નહી આપે ત્યાં સુધી એવણુને જવા ન દેવા" પહાલનજીએ ઘણીજ મહેનત કરવાથી છેક મોડી રાતે દસતુરજીનો છુટકો થાયો. થોડાક દીવસ પછી બાબા હઝારીને ત્યા ફારસી દસતાવેજો આવ્યા તે વાચવા માટે પહાલનજી દસતુરજીને ફરીથી તેડવા આવ્યા. પોતાને કડવો અનુભવ મલી ચુકેલો હોવાથી દસતુરજીએ ફરીથી જાવા ના પાડયુ. પહાલનજીએ કહયું કે "બાબા હઝારી હવે તમો ઉપર ઘણોજ ખુશ થાયો છે અને તમોને ફરીથી કશી રીતનુ અપમાન કરશે નહી માટે મેહરબાની કરી ચાલો" પહાલનજીએ આવો ખાતરી ભરેલો ખુલાસો કરવાથી દસતુરજી અ ધીઆરૂ પરબેજદારૂની દુકાનેથી જામો લઇ તે પહેરીને પીછોડી બાધ્યા વગર દીવાન આગલ ગયા. દીવાન દસતુરજીને ફકત જામા ઉપર આવેલા જોઇ હસી પડયો અને કહ્યું કે "તમારો પોશાક બદલાયો પણ કઈ ચેહરો અને એલમ બદલાયો"! દસતુરજીએ ફારસી દસતાવેજો વાંચી સમજાવ્યા અને બાબા હઝારીના કહેવા મુજબ જવાબો લખી કહાડયા. બાબા હઝારી દસતુરજીની વિદ્વતા ઉપર ઘણો પ્રસન થાયો અને પોત્તે તેવણુ સાથ પહેલાં જે ગેરસલુકાઈથી વરત્યો હતો તે માટે પશ્ચાતાપ કરી દસતુરજીને સીઆલો અને બીજી ભેટો આપી પુરતો બદલો વાલી આપ્યો અને પોતાના હુઝુરીઆઓને દસતુરજીને ઘર સુધી પહોચાડી આવવાનો હુકમ કર્યો.

ઈ. સ. ૧૭૭૬ માં દીલ્હીથી એક મોલવી ભરૂચ આવ્યો અને ત્યાના મોહલ્લામા ફરતો ફરતો "તલ્યાબ" કરી લોકોને પુછતો હતો એ બોલનો કોઈ તેને ખુલાસો કરી શકયુ નહી આખરે

---

1. When I arrived at Nowsaree I begged Dustur Jamshed to come and see me in the garden where I wanted to pass the night My reputation had already spread all over that town The Dastur came to me at ten o'clock in the night. We talked in Persian and Pehlvi. He showed to me that Darab, whose conduct he otherwise blamed, was the most clever Dastur in India and also assured me that he had not the Nirongastan which was brought from Kirman by Dastur Jamasp. The conversation ended in reciprocal marks of amity, and he promised to write to me at Surat which he did after some months in Persian & Pehlvi

(મો૦ આંકવીટલ ડુ પેરાએ પોતાની મુસાફરી ના ફ્રેંચમા લખેલા અહેવાલનો, મરહુમ વિદ્વાન એરવદ કાવસજી એદલજી કાંગાએ ઇંગ્રેજીમા કીધેલો તરજુમો, સફે ૩૮ જો.)

એક પારસીએ તેને કહ્યું કે "નવસારીમાં જમશેદજી નામના દસ્તુર છે તે તુને એ બોલનો ખુલાસો કરશે." પેલો મોલવી ભરૂચથી સુરત આવી શેઠ મનચેરજી ખુરશેદજી ખજાનચીને ત્યાં ઉતર્યો. આ વખતે નવસારીમાં ધાડ પડવાથી દસતુર જમશેદજી સુરત જઇ રહ્યા હતા. ત્યાં એક દીવસે તેવણુ શેઠ મનચેરજીની મુલાકાતે ગમા જ્યાં પેલો મોલવી હીંદોલા ઉપર હીંચકા ખાતો ખાતો "તદ્પાબ" કરી તેવણુને પુછવા લાગો. દસતુર જમશેદજીએ એ બોલ સહમજી તેને કહ્યુ કે "તદ્પાબ" નહી પણ "તાલાબ" એટલે તલાવ, મોલવી એકદમ હીંદોલા ઉપરથી કુદી પડયો અને દસતુરજીનો હાથ પકડી પુછ્યુ કે "તમેજ જમશેદજી દસતુર છેઓ કે જેવણુ માટે મેં ભરૂચમાં એક પારસીને મોહડે સમજયું હતું!"

દસતુરજીની કારકીરદીમા હવે એકજ જાણુવા જોગ બાબદ રહીછે અને તે એવણુની મુંબઇ ખાતેની પધરામણી છે. ઇ. સ. ૧૭૮૧ ના એપ્રીલ મહીનામાં એવણુ મુંબઈ પધાર્યા હતા જ્યાંતક આગેવાન જરથોસતી શેઠીઆઓ, પરજાતવાલા શ્રીમંતો અને સરકારી અમલદારો તરફથી એવણુને અસાધારણુ મોહટુ માન મળ્યું હતુ કે જેવું માન તે જમાનાના કોઇબી પારસી દસતુરને મળ્યુ ન હતું. નવસારીથી મુબઇ સુધીની પગ રસતેની મુસાફરીનો અહેવાલ એવણે ફારસી નઝમમાં લખ્યો છે, જે વાંચતાં માલુમ પડે છે કે મુંબઈના તે વખતના મોબદો અને બેહદીનોનો મોહટો ભાગ પોતાના માફા અને પાલખી સાથ દસતુરજીને માહીમ સુધી એસતેકબાલ લેવા ગયો હતો. મરહુમ શેઠ બહમનજી લવજી વહાડયાજી (મરહુમ શેઠો બહમનજી, રસતમજી તથા અરદેશર હોરમજી વહાડયાજીના બપાવા) એ એવણુને પોતાના મેહમાન તરીકે ચાર મહીના સુધી રાખ્યા હતા અને રતનજી કાકા નામના પોતાના એક દીકરાને એવણુની ખેદમત માટે મુકરર કર્યા હતા. તેમજ બીજા જાણીતા શેઠીઆઓએ દસતુરજીને ઝીઆફતો આપી માનપાનથી સરફરાઝ કર્યા હતા. એવણે ફારસી નઝમમાં લખેલા મુસાફરીના અહેવાલમાં મુબઇના તે વખતના મોબદોની પાકીજગી અને અશોધ ખસલત, સોદાગર શેઠીઆઓનો સખી દીલગુરદો અને સરકારી અમલદારોના અદલ ઇનસાફની બાબજ તારીફ ફીખેલી જોવામાં આવે છે તેમજ તે વખતના મુબઇના દેખાવનુ અને ત્યાં ચાલતી વેપારની ભરતી વીગેરેનુ રસીલુ બ્યાન કરવામાં આવ્યું છે.

આ વિદ્વાન દસતુરજી સાહેબ બનારસના બે પડીતો, તુરકી સોદાગર ચલેબી, પ્રખ્યાત પંડીત લાલા ફતેહચંદ એલીચપુરી, જાતીતા ફ્રેંચ વિદ્વાન મો० આકવીટલ ડુંપેરા અને પુનાના દીવાન બાબા હઝારી વીગેરે જાણીતા શખસોના સબંધમા આવવાને લીધે એક કાબેલ મરમઝ તરીકે હિંદમાંતો શું પણ ઠેઠ યુરોપ સુધી મોહટી વિખ્યાતી મેલવવા પામ્યા હતા, અને એવણુને ગુજરવાને જોકે એક સદી અને એક દાહેકો ઉપર થઇ ગયો છે તો પણ એવણુ સાહેબની એક કાબેલ બાષા શાસ્ત્રી તરીકેની કીરતી હિન્દ અને યુરોપમા આજ સુધી અખંડ રહી છે.

દસતુર જમશેદજી સાહેબની કાબેલ્યતની પહેલી ગવાહી તો એવણુના ઉપર જણાવેલા જાણીતા શખ્સોના સંબંધમા આવવા ઉપરથી મળી. હવે એવણુની વિદવતાની બીજી ગવાહી તો એવણુનાં નઝમ રૂપી લખાણો ઉપરથી મળે છે. એ દસતુરજી સાહેબને નઝમ રૂપી લખાણો કરવાનો અત્યંત શોખ હતો અને એવણુના લખાણો ઉગમણુ તરફના જાણીતા મુસલમાન સાએરોના લખાણોથી જોકે ચહડીઆતાં તો નહી પણ તેઓની બરોબરી કરી શકે તેવાં છે. એવણુની રસીલી કલમથી લખાયલાં નીચલાં નઝમરૂપી લખાણો આજે મોજુદ છે.

૧ મુસદદસો
૨ નેસાએ ખોખતે રાઈ
૩ નવસારીથી મુંબઇ સુધીની પગ રસતેની મુસાફરીનો અહેવાલ
૪ ૭ મોહટી મુનાજાતો
૫ લાલા ફતેહચંદ એલીચપુરીની તારીફમાં લખેલી સુખનાની અને બેતો.

એવી રીતે દસ્તુરજીએ ફારસી બેતબાજીમાં તરેહવાર રમતો કરવા ઉપરાંત "દીવાને જમશીદ" નામની કેતાબ લખી છે, "કે જે કવીતાઈ ખુબીમાં ફારસી મુસલમાન શાએરોની બરાબરી કરનારી અને "એશકે હકીકી" ના તલબગારોની જીજ્ઞાસા તૃપ્ત કરે તેવી છે"[1] એ "દીવાને જમશીદ" એવણે ઘણાજ અજાયબ જેવા સંજોગો વચ્ચે લખી હતી. કહેછે કે જે વખતે એવણના બેહન હોમાયના લગન દેશાઇ ખુરશેદજી તેહમુરજીના વડા દીકરા નવરોજી સાથ થયા તે વખતે એવણના મરહુમ પીતા દસ્તુર જામાસ્પ આશાની નાણા સબંધી સ્થીતી સારી ન હોવાથી તેવણ સાહેબ લગનની મીજલસમાં આએ મીસરો બોલ્યા —

"બફ્તહુલ બાબે કારે ખેર દીલબસ્તેહ મશો હરગેઝ"

અર્થ ભલાઇનુ કામ પાર પાડવા માટે તુ હરગેઝ તગ દીલ ના થા

આ વખતે દસ્તુર જમશેદજી પોતાના પીતાજીની પછવાડે ખેદમતમાં ઉભેલા હતા તેવણ ઉપલા મીસરાને બરનો નીચલો મીસરો તુરત બોલી ઉઠયા —

"ખુદા અઝગએબ મીસાઝદ સુકારે કદ ખુદાઇ હા"

અર્થ —ખુદાતાલા લગન જેવા સુભ કામો છુપી રીતે પાર પાડે છે

આ ઉપરથી દસ્તુરજામાસ્પ આશાએ પોતાનો ઉપલો મીસરો પોતાના દીકરાને બક્ષેશ કીધો અને તે ઉપરથી દસ્તુર જમશેદજીએ "અલીફ થી" તે "યે" સુધીની રદીફ પકડી "દીવાને જમશીદ" બનાવી કહાડી હતી

એવણે પઝશનેનો ફારસી બેતમા તરજુમો કરવાનુ કામ હાથ ધર્યુ હતુ અને પહેલા "હા" નો તરજુમો કરે તેટલા તો એવણ સાહેબની હૈયાતી ખતમ થવાથી એ મહાભારત કામ અધુરૂ રહી ગયુ હતુ.[2] તેમજ "જાતીક ચદરીકા" નામના સસકૃત ગણીત પુસ્તકનો ફારસી નઝમમા તરજુમો કર્યો છે. આ લખાણો શીવાએ એ વિદ્વાન દસ્તુરજીને હાથની લખેલી તખ્તીઓ નવસારી અને સુરતની જાહેર ઇમારતો ઉપર એવણ સાહેબના નામની યાદ આપતી હજી સુધી સલામત હાલતમાં જોવામાં આવે છે નવસારીના દુખમાની સગડી, લુનસીકુઇના રમતા ઉપર આવેલી જુમામસજીદ, દેશાઇ ખુરશેદજી તેહમુરજીએ દુધીઆ તલાવ ઉપર બંધાવેલા હોવારા અને સુરતમા બક્ષી સાહેબે બંધાવેલા "દરયામેહલ" નામના મકાન ઉપર મારેલી તખ્તીઓ ઉપરના નઝમ રૂપી

---

1 સત્યમિત્ર —તા ૨૫–૨–૧૮૯૪

2 પઝશનેના ૧ લા "હા" ના થોડાક ફારસી બેતો અતરે સચવાઈ રહે માટે હુબહુ ઉતારવા દુરસ્ત ધારયે છીયે —

નેવે દીમે દીગર હમકારીએમે,
સખી બારાદ દયુરો અહુરમઝદાવ
અવનમી ગુશતરમ અઝપુર મનસોની,
અહુ બારાદ ખુદા દાના યે મઝદાવ
રયુમ દસ્ત રેવતો ખરન બહોતો,
મઝશતયે બુવદ કે મેહતર અ દામ
ખુરેહમ દસ્ત હમેચીઝ અ દરા ઊ,
કે અ દામશ બુવદ આહસ્તેહ હરદામ.

લખાણો એ દસ્તુરજીની રસીલી કલમને આભારી છે. ૧ એ ઉપરાંત એવણે નજુમ અને રમલને લગતી કેટલીક અરબી કેતાબોનો ફારસી નસરમાં તરજુમો કર્યો છે.

મરહુમ દસ્તુર જામાસ્પજી સાહેબે પૈસા અને મેહનતના ભોગે જે ગંજાવર કેતાબખાનુ બનાવ્યું હતુ તે વેંહચી લેવા માટે તેવણના વારસોમા ટંટો જાગયો અને દસ્તુર જામશેદજીના કેટલાક શત્રુઓએ તેવણના સૌથી નાંહના ભાઈ દસ્તુર રૂસતમજીને ઉશકેરીને એ ટંટો ઘણો આગલ વધાર્યો હમોએ આગળ જણાવ્યું તેમ એ કેતાબખાના માટે મહુરમ દસ્તુર જામાસ્પજી સાહેબની વસીહત નીચે મુજબ બે ભાગમાં વેંહચાઇ હતી —

(૧) એ કેતાબખાનુ કોઇએ વેહચી નહી લેવુ પણ એકજ જગા ઉપર રહેવા દઈ સઘળા દીકરાઓએ એનો બેગો ઉપ્યોગ કરવો, અને ત્રણે દીકરાઓમાં જે વધારે પઢેલો હોય તેના હવાલામા એ કેતાબખાનુ રહે

(૨) અગરજો એ કેતાબખાનુ વેંહચી લેવુ પડે તો વગર પઢેલા દીકરાને એનો કસો ફાલો આપવો નહી વીગેરે

---

૧. આ તખ્તીઓનુ લખાણ નીચે મુજબ છે

૧ કુખમાની સગડી ઉપરની તખ્તીનુ લખાણ —

બેહશતે બરીં બફ્એ ઝમીન,
બના કરદી માણકજીએ પાકદીન
બફ્રએ મુબારક ખુરો માહે તીર,
મરતબ શુદ ઈં બારગાહે મુનીર
ઝે સાલે જલુસે શહે યઝદ ગરદ,
હઝારો સદો શાઝદેહ યાદ કરદ

અરથ —પાક દીનના માણેકજી (નવરોજી શેઠના) એ જમીનની સપાટી ઉપર બુલંદ બેહશતના જેવું (કુખયુ) ઉભુ કીધું શાહ યઝદગરદના ૧૧૧૬ ના વરસના તીર મહીનો ને ખુરશેદ રોઝે આલિ રોશન બારગાહ તઈયાર થઈ

૨ જુમા મસજીદ ઉપરની તખ્તીનુ લખાણ —

સાખ્ત દરરાહે ખુદા ઈં મસજદે પુર ફએઝરા,
કઝ સફા ચુ સીનએ પાક અએ તેકાદાન ખુશ ફ્સારસ્ત

અરથ —ખુદાની રાહ ઉપર આમે દબદબા ભરેલી મસજીદ બનાવામા આવી કે જે તેની સફાઈને લીધે પાક એતેકાદના આદમીઓના સીના માફક ફરાગત ભરેલી છ

૩ દેશાઈ ખુરશેદજી તેહમુરજીએ કુબીઆ તલાવ ઉપર બધાવેલા ઓવારો ઉપરનો તખતીનુ લખાણ.—

ઝે કારસ્તાને ખુરશીદે તરફ્દાર,
સદો પનજાહો શરાબર આલીફ બેશુમાર

ઉપલા છેલ્લા નીસરામાથી "અબજદ" ના કાયદાની ગણતરી મુજબ યઝદજરદી સને ૧૧૫૧ નીકલે છે.

૪ સુરતના બક્ષી સાહેબના "દરયામેહલ" ઉપરની તખ્તીનુ લખાણ——

ઝહી શહેરે સુરત ખહે બંદરી,
હીસારશ બુવદ સદ્દે ઈસકંદરી
બેહશતે બરીં સાખ્ત દરયા મહલ,
કે મહેફુજ દારદ ખુદા અઝખલલ.

અરથ —મુબારક સુરત શેહર એક આબાદ બંદર છે અને તેનો કીલ્લો સીકંદરની દીવાલ જેવો મજબુત છે. બુલંદ બેહશતના જેવો દરયામેહલ બધાવ્યો કે જેને ખુદા ખલલથી બચાવેલો રાખે

ઉપલી વસીહતના પેહલા ભાગની છેલ્લી સરત મુજબ એ કેતાબખાનુ દસ્તુર જમશેદજીના કબજામાં રહયું હતું અને દસ્તુર જામાસ્પજી સાહેબના મરણ પછી ઘણી મુદત સુધી વસીહતના પહેલા ભાગ ઉપર અમલ પણ થયો હતો. પછવાડેથી દસ્તુર જમશેદજીના શત્રુઓની ખરાબ સલાહથી દસ્તુર રૂસતમજીએ બાપીકા કેતાબખાનાનો ફાલો માંગયો પણ તેવણના ભાઇઓ દસ્તુર જમશેદજી અને દસ્તુર બેહરામજીએ ઉપલી વસીહતના બીજા ભાગને અનુસરીને ફાલો આપવાનુ ના પાડયું. એ ઉપરથી કજીઓ આગલ વધ્યો અને દસ્તુર રૂસતમજીએ પોતાના મીત્રો તે દસ્તુર જમશેદજીના શત્રુઓની સલાહથી પોતાના બાપીકા ઘરને તાલુ માર્યું દસ્તુર રૂસતમજીએ તાલુ મારવાથી દસ્તુર બેહરામજીએ તેની ઉપર પોતાની તરફથી બીજુ તાલુ માર્યું. એમ બેહુ ભાઇઓએ તાલાં મારવાથી દસ્તુર જમશેદજીએ પણ પોતાની તરફથી ત્રીજુ તાલુ માર્યુ. આ રીતે પોતીકા બાપનું ઘર ત્રણ તાલાથી ૧૦) વરસ સુધી બંધ રહયુ. બાપીકા ઘરના દરવાજા બંધ થવાથી ત્રણે ભાઇઓ પોતાના લાગતાવલગતાઓને તયા જઇ રહયા દસ્તુર જમશેદજી અધ્યારૂ દાદાભાઇ શાપુરજી માડનના ઘરમા, દસ્તુર બેહરામજી અધ્યારૂ માણેકજી મસાણીના ઘરમા અને દસ્તુર રૂસતમજી અધ્યારૂ મનચેરજી માડન (શીકનદરનો બપાવો) ના ઘરમા જઇ રહયા એક દાહેકો પસાર થાવા પછી શ્રીકેદારજી રાવ ગાયકવાડ વચ્ચે પડી ભાઇઓમા પાછી સુલેહ કરાવી. મહારાજાએ દસ્તુર જમશેદજીથી સઘળી કેફયત સહમજી લઇ દસ્તુર બેહરામજી અને દસ્તુર રૂશતમજીને પોતાની પાસે બોલાવીને બે કાએચ અમલદારો પાસે તાલા ભજાવ્યાં અને એવો ચુકાદો આપ્યો કે સૌથી પહેલા નાહલો, ત્યાર પછી વચલો ભાઇ જેટલી કેતાબો વાંચી અને સહમજી શક તેટલી તેઓ લીએ જયારે બાકી વધેલી કેતાબોના માલેક વડા ભાઇ દસ્તુર જમશેદજી ઠરે. શ્રી કેદારજીરાવે બે નાહના ભાઇઓ પછી દસ્તુર જમશેદજીને કેતાબો લેવા ફરમાવ્યુ તેનો સબબ એજે તેવણ જો પહેલા કેતાબો વાચે તો પોતે એલમના ભંડાર હોવાથી લગભગ આખા કેતાબખાનાના માલેક થઇ જાએ. શ્રી કેદારજીરાવ ગાયકવાડના આવા ચુકાદા ઉપર રાજી થાઇ દસ્તુર રૂસ્તમજી જેટલી કેતાબો પોતે વાંચી અને સહમજી શકયા તેટલી તેઓ લઇ ગયા. દસ્તુર બેહરામજીને હકીમા, રમલ અને નજુમના અભ્યાસ ઉપર વધુ પ્રીત હોવાથી તેને લગતી તથા બીજી કેટલીક કેતાબો જેટલી પોતે વાચી અને સહમજી શકયા તેટલી તેઓ લઇ ગયા. એ કેતાબોમા એવણના પીતા દસ્તુર જામાસ્પજી પહેલવી તરજુમા સાથની યજશનેની જે મોતેબર કેતાબ ભરૂચથી લાવ્યા હતા તે દસ્તુર બેહરામજીએ હાથ કરી હતી બેહુ ભાઈઓએ કેતાબો લેવા પછી બાકી રહેલી કેતાબોના માલેક દસતુર જમશેદજી પોતે થયા શ્રી કેદારજીરાવના વચ્ચં પડવાથી ભાઇઓમા પાછી સુલેહ અને દોસતી થાઇ અને કંકાસે પોતાનું નહેસ કદમ ઉઠાવ્યુ.

આ દસ્તુરજીના હાથ હેઠલ જાત તથા પરજાતના ઘણાક શખ્સોએ તાલીમ લીધી હતી. જરથોસ્તી શાગેરદોમાં એવણના દીકરાઓ ઉપરાત એવણના ભાણેજ દેશાઇ રતનજી ઉરફે મેનાભાઇ માણેકજી, દસ્તુર માણેકજી જમશેદજી મેહરજીરાણાના તથા તેમના દીકરા બેહરામજી અને ભત્રીજા કાવશજી એદલજી વીગેરે ઘણાક જરથોસ્તીઓ એવણ આગલ જંદ, પહેલવી, ફારસી અને મોજદાઅગીરીનું કામ શીખ્યા હતા. સુરતવાલા પ્રખ્યાત શેઠ ધનજીશાહ મનજીશાહ તથા બીજા જાણીતા સોદાગર શેઠીઆઓનુ એવણની ઉસ્તાદગીરી માટે ઘણુ ઊંચુ મત હોવાથી તેઓએ સુરત વાલા દસ્તુર કાઉશજી રૂસ્તમજીને એવણ આગલ દીનદારી એલમ શીખવા માટે નવસારી મોકલી આપ્યા હતા. આ નામીયા ઊસ્તાદ આગલ કેટલાક વરસસુધી પુખ્ત તાલીમ લઇ દસ્તુર કાઉશજી સુરત પાછા ફર્યા હતા મુસલમાનોમાં કાઝી ફએઝ-ઉદદીન, ગુલામ નબી, આબેદમીયા, અબઆસ મીઆ, રહીમ તુલ્લા અને અજમત અલ્લા વીગેરે બીજા મુસલમાન શાગેરદોએ એવણની ઉસ્તાદગીરી હેઠળ ફારસી અને અરબીનો અભયાસ કર્યો હતા. તેમજ નવસારીના જાણીતા ગોપાલજી

ભટના વંશજોએ એવણુના હાથ હેઠળ સંસકૃતની તાલીમ લીધી હતી. એમ ભાત ભાતે પરભારાં શાગેરદો કરી દસ્તુર જમશેદજી સાહેબ એક કામેલ ઉસ્તાદ તરીકે નવસારીમાં મોહટું માન પામતા હતા.

મુંબઇની મરહુમ શેઠ માણેકજી નવરોજી શેઠનાની દરેમેહરમાં આતશ આદરાનને તખતનશીન કરાવવાની સઘળી ક્રીયા એ દસ્તુરજીએ લખી મોકલેલાં ફરમાનો ઉપરથી મોબેદોએ તે મુજબ અમલ કરીને કરી હતી. તેમજ એજ દસ્તુરજીના લખી મોકલેલા ફરમાનો મુજબ દેશાવર ખાતે બીજી દરેમેહરો અને દુખમાઓ પરઠવાની ક્રીયાઓ થાઇ હતી.

દેશાઇ ખુરશેદજી તેહમુરજી દસ્તુર જમશેદજીને પોતાના વજીર સમાન ગણીને પોતાના દેશાઇ ગરાના વહીવટમા એવણુની સલાહ લેતા, દેશાઇગરાને લગતા ફારસી અને હિંદી ખતો એવણુ પાસે લખાવતા તેમજ દસ્તુરજી બીજાઓ માટે ખતો લખતા તે ઉપર દેશાઇજી પોતાના દેશાઇગરાના હકથી શાખો કરતા હતા.

દસ્તુરજીની કારકીરદીના તુલ્લોતવીલ અહેવાલથી વાકેફ થાવા પછી હવે આપણે તેવણુના મીજાજ અને ખાસયત તરફ નજર દોડાવ્યે આ દસ્તુરજી જોકે પૈસે ટકે ગરીબ હતા પણુ તવંગરી મીજાજ અને નવાબશાહી ટેક રાખતા હતા. પોતાને સ્વતંત્રપણું અતીશે વહાલુ હોવાથી અનજુમનના અકાબરો અને દોલતમંદ શેઠીઆઓની ખુશામદી કરવાથી દુર રહેતા હતા. એવણુના એવા કુદરતી ખવાસને લીધે નવસારીની અનજુમનના મોહટા ભાગ સાથ એવણુને જેવો જોઇએ તેવો સારો એખલાસ રહેતો ન હતો તેની પણુ કશી પરવા ન કરતા પોતાનો દસ્તુરી ટેક મકકમ અને સ્વતંત્રપણે જાળવતા હતા. નવસારીના આતશબેહરામની જીકર વાચતા માલુમ પડે છે કે એવણુ સાહેબ એકજ સખુનના આદમી હોવાથી પોતાના બોલને છેવટ સુધી વલગી રહેતા હતા અને તેમ કરતા એવણુને કેટલુંક અંગત નુકશાન પણુ થયુ હતુ તેની પણુ એવણે કશી દરકાર કરી ન હતી. ધન દોલત અને માલમતાથી તવંગર બનવા કરતા મોજ શોક કરી હાલે મસ્ત રહેવામાં ગોયા તવંગરી સમજતા હતા. કહે છે કે મુંબઇવાલા મરહુમ શેઠ બહમનજી લવજી વહાડયાજી સુરત જતા નવસારીમા દસ્તુરજીની મુલાકાતે આવ્યા અને તેવણુનુ રહેવાનુ મકાન ઝુંપડા જેવું હોવાથી વહાડયાજીએ જતી વખતે દસ્તુરજીને કેટલોક હદીયો અને નાણાની સારી રકમની આશોદાદ આપી એવી ઉમેદ બતાવી હતી કે આએ રૂપીઆમાથી દસ્તુરજી પોતાના માન અને દરજાને લાયકનું એક આલીશાન મકાન બંધાવશે દસ્તુરજી સાહેબ તો મોજીલા અને મસ્તી હાલતમાં રહેલાવાલા તે નવુ મકાન બંધાવાને બદલે તે રૂપીઆ તો પોતાની વસ્તીવારી અને દોસત આશનાવો સાથ કબાબ અને તાડીની ઝીઆફ્ત કરવામા ખરચી નાખ્યા. કેટલીક મુદ્દત પછી શેઠ બહમનજી વહાડયાજી સુરતથી પાછા નવસારી આવ્યા અને દસ્તુરજીના ઘરને અસલ હાલતમાંજ જોવાથી તેવણે પુછ્યુ કે "દસ્તુરજી, તમે હવેલી કયા બંધાવી છે ?" દસ્તુરજીએ જવાબ આપ્યો કે "સાહેબ, આએ જેહાનમા તો નહી, પણુ મીનોઈ જેહાનમા મે તમારે નામની હવેલી બંધાવી મુકી છે." એવો જવાબ આપી દસ્તુરજીએ ખુલાસો કીધો કે તેવણે તો તે રૂપીઆમાંથી પોતાની વસ્તીવારી અને દોસ્ત આશનાવો સાથ કબાબ તાડીની ઝીઆફ્ત કરી સખી શેઠના હકમાં દુઆ ગુજારી છે, સબબ કે:-

હો ચીઝ દર હમે આફાક બેબદલ દીદમ,
કબાબે મુરગે જવાનો શરાબે કનદીરા.

અર્થઃ—આખી દુનયામા મે બે ચીઝો નહી બદલાએ એવી જોઈ—એક તો જવાન

મરઘીના કબાબ અને બીજો લહેજતદાર શરાબ.

દસ્તુરજીની આવી હાજર જવાબીથી વહાડયાજી હસી પડયા અને બીજો હદીઓ આપી મુબઇ તરફ રવાના થયા

એવણુ સાહેબના આવા કુદરતી ખવાસો સાથ અકલમદી, દાનેશમંદી, અને દુરઅદેશીનું તત્ર આમેજ થાયલુ હોવાથી એક ખરા "ગૃહસ્થ"ના લકબને ઇન્ચે ઇન્ચ લાયક ઠડી ચુકા હતા. સુરતવાલા મરહુમ દસ્તુર શાપુરજી માણેકજી સજાણાના લખવા મુજબ એવણુ સાહેબ "જામાસ્પ હકીમ"ના જેવા દાનેશમદ હતા

એક દસ્તુરે દસ્તુરાન તરીકે દીનદારી એલમનુ સગીન જ્ઞાન ધરાવનાર, એક મોબદે મોબદાન તરીકે યોજદાથ્રગીરીના કામથી પુરો માહીતગાર, એક દીનના પેશવા તરીકે દીન આઇનની બારીક બાબદોથી પુરતો વાકેફગાર, એક તબએઆદ શાએર તરીકે ઉંચા પ્રકારની શાએરી શકતી ધરાવનાર, એક કાબેલ ભાષા શાસ્ત્રી તરીકે વીદ્દવાન મડલને ઝીબાયશ આપનાર, એક નામાકીત ઉસ્તાદ તરીકે જાત તથા પરજાતમા શાગેરદો ધરાવનાર, એક મકકમ મનના અને સવતત્ર ખવાસના આદમી તરીકે ખુશામદીથી દુર રેહનાર, પોતાની સરસ રીતભાત અને તરીકાથી પોતાનો દસ્તુરી ટેક અને મોભો જાળવનાર અને ગ્રહસ્થપણાને છાજે એવા ઉત્તમ સદગુણો—અકલમદી, દાનેશમદી, દુરઅ-દેશી અને જવામરદી—થી સનગાર પામેલો દસ્તુર જમશેદજી સાહેબના જેવો મરહુમ દસ્તુરે જામાસ્પ આશાના ખાનદાનમા કોઇ થઇ ગયો નથી અને હાલની ઓલાદમા પણુ કોઇ તેવો જણાતો નથી.

એવણુ સાહેબ રોજ ૨૦ માહ ૪ સને ૧૧૫૬ યઝદજરદી, તા૦ ૨૯ મી જાનેવારી ૧૭૮૭ ઇસવીને દીને ૬૦) વરસની ઉમરે બેહશતનશીન થાયા એવણુની મીલકતમા લગડાવારમા એક ઘર અને બામલીયામા ૩૬) વીઘા જમીનનો એક નાધલો વજીફો હતો. એવણુના ધણીયાણીનું નામ નવાજબાઇ હતુ જેવણુને પેટે ૪) દીકરાઓ—દસ્તુર બેહમન, દસ્તુર ખુરશેદ, એરવદ નોરોઝ અને દસ્તુર દારાબ—અને ૨) દીકરીઓ—નાધલીબાઇ તથા કુવરબાઈ મલી ૬) ફરઝદો જનમ્યાં હતા. એ -શીવાએ હોરમજી, જીઆઈજી અને માણેકબાઇ નામના બીજા ત્રણુ ફરઝંદો બાળ વયમા મરણુ પામયાં હતા એ દસતુરજીના ત્રીજા દીકરા એરવદ નોરોઝ રોજ ૭ માહ ૭ સને ૧૧૫૧ યઝદજરદી તા૦ ૧૮ મી એપ્રીલ ૧૭૮૨ ઈસવીને દીને એવણુની હૈયાતીમાજ ગુજ-રયા હતા એ દીકરાના ચેહારૂમને દીને નવસારીમા હવા પવનનુ મોહડું તોફાન થાયુ હતુ અને તે સવત ૧૮૩૮ મા થાવાથી "આડતીશનુ ઉશુ" અથવા "દતનનુ તોફાન"ના નામથી આજ સુધી મશહુર છે. બીજા દીકરાઓના મરણો તેઓના અહેવાલ મધે વાચવામા આવશે. દસ્તુરજીનાં વડાં દીકરી નાધલીબાઇ પોતાના ભત્રીજા દસ્તુર મીનોચેહેરજી બેહરામજી સાથ અને બીજા દીકરી કુવર-બાઇ પોતાના ભાણેજ નશરવાનજી બરજોરજી આત્યા સાથ પરણુયા હતા

પરચુટણુ નોંધો.

૧—ઈ સ. ૧૭૪૨ માં સુરત મધે ભરથાણામા એક પદાની દુખમુ બાંધવામાં આવયું હતું તે વખતે તેના ઊધરાણાના ફડમા નવસારીની મોબદ અનજુમન તરફથી દેશાઇ ખુરશેદજી તેહમુરજી એ રૂ.૧૦૫૧ પોતાની -ગીરોથી ભરયા હતા. એ રૂપીઆ મજકુર દેશાઇજીને ભરપાઇ કરી આપવા માટે ભગર અનજુમને તા૦ ૩૧ મી દીસેમબર ૧૭૬૧ ઇસવીને દીને તેવણુને એક લેખ કરી આપ્યો કે "સુરતના પદાની દુખમાના હમારે હીસ્સેના રૂ૧૦૫૧ જે તમોએ આપ્યા હતા તે આપણી ભગર સાથની રાસમાથી તમોએ વીઆજ સુધા ચુકાવી લેવા." ("પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૪૪.)

૨—ઈ. સ. ૧૭૭૬ માં નવસારીમાં વરસીઓ ગુજરવાથી મુંબઇમાં પારસીઓને ત્યાંનું ક્રીયા કામ અટકી પડયુ હતુ. એ ઉપરથી મુંબઇની અનજુમને તા૦ ૭ મી સપતેમબર ૧૭૭૬ ઇસ્વીને દીને નવસારીની અનજુમન ઉપર કાગજ લખી વરસ બનતી તાકીદે મોકલવાની અરજ કરવા સાથ મુંબઇમાં વરસીઓ મરાતબ કરવાની રજા માગી હતી એ કાગજના જવાબમા નવસારીની અનજુમને તા૦ ૨ જી અકતોબર ૧૭૭૬ ઇસ્વીને મુબઇની અનજુમન ઉપર કાગજ લખી વરસ મોકલી મુકાની ખબર આપી હતી. પણ મુંબઇમા વરસીઓ મરાતબ કરાવાની રજા આપવાની ના પાડી હતી ("પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૫૨-૫૩) ઉપલા બેહુ દસતાવેજો ઉપર નવસારીના દસ્તુરો, અકાબરો તથા બીજા મોબેદો ભેગી દસ્તુર જમશેદજીની પણ શહી છે. મરહુમ દસ્તુર જમશેદજી જેવા ઘણા નરો મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુટુબમાં પેદા થાવો ! એવી દુઆ ચાહી એવણ સાહેબની કારકીરદીનો અહેવાલ હમો ખતમ કરીએ છીએ.

દસ્તુર બેહરામજી જામાસ્પજી (૧ લા)

જનમ-કેળવણી—દસતુર જમશેદજી સાથ સરખામણી-રમલ અને નજુમનો એલમ-હકીમાનો ધંધો-સુનેપાતનો ઇલાજ-મરણ-ફરઝંદો.

મરહુમ દસ્તુર જામાસ્પઆશા તથા ધનબાઇજીના ત્રીજા દીકરા દસ્તુર બેહરામજી ઈ. સ. ૧૭૩૦ માં જનમ્યા હતા. એવણ મરહુમ વિદ્વાન એરવદ ફરામજી મીનોચેહરજી બી એ. ના બાપના બપાવાના બપાવા થાએ. એવણ પોતાના ભાઇજી એરવદ નોશેરવાનજીથી ૫) વરસે અને દસ્તુર જમશેદજીથી ૩) વરસે નાધલા હતા. સવત ૧૭૯૮ ના રોજ ૯ માહ ૭ સને ૧૧૧૧ યઝદ-જરદી તા૦ ૨૯ મી એપ્રીલ ૧૭૪૨ ઇસવીને દીને હેરબદ થાયા હતા એવણે પોતાના મરહુમ પીતાની ઉસ્તાદગીરી હેઠળ જંદ, પહેલવી અને ફારસી ભેગો અરબી અને સસકૃત ભાષાઓનો અભ્યાસ કરી પોતાના ભાઇ મરહુમ દસ્તુર જમશેદજી સાથ ગોયા હરીફાઈ કરતા હતા રમલ અને નજુમની વિદ-યામા પણ એવણ પુર્વીણ હતા એક મોગલ અમલદારને એવણની રમલ અને નજુમની કાબેલ્યત માટે ઉચુ મત હોવાથી તેણે એ દસતુરજીને રહેવા માટે લગડાવારમા એક ઘર બાધી આપ્યુ હતુ કે જેમાં હાલ એવણના નબીરાના નબીરા નવરોજી (નાહલા ભાઈ) દસ્તુર વસે છે.

આ દસ્તુરજી સાહેબ નવસારીમા એક કાબેલ હકીમ તરીકે મશહુર હતા અને એ ધધામાંથી એવણે સારી પુંજી મેલવી હતી. મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુટુબમા હકીમાનો ધધો કરનાર એવણ સાહેબ પેહલા તેમજ છેહલા હતા કહે છે કે નવસારીના મોહટા દેશાઇ ખાનદાનના એક બાઇને એક બાલકને જનમ આપવા પછી પાચમે દીવસે સુવા રોગ લાગુ પડયો અને તેની અસરથી સુનેપાતે તે બાઇ ઉપર ગલબો કર્યો. તે વખતના દેશી વૈદો અને હકીમોએ ઘણાક ઇલાજો અજ-માવી જોયા પણ કારગત લાગા નહી અને તેઓએ તેણીની જીવવાની આશા છોડાવી. આખરે બીમાર બાઇના ખેશીઓએ દસ્તુરજી બેહરામજીને બોલાવયા. દસ્તુરજીએ દુરથી તેણીની હાલત તપાસી એક તરણુજ તેણીના માથાં અને મોહડા ઉપર મુકાવી ગોળ અને આમલીનું શરબત દહાડામાં ૩) વખત પીવા ફરમાવ્યું. આ ઇલાજ તેણીની ઉપર કારગત લાગો અને બીમારી દનપર દન દફે થાતી ચાલી. દસતુરજીના આવા સહેલ ઇલાજ—અને તે પણ પેહલા ઇલાજથી—બીમાર બાઇ તદન સાજી થાઈ.

એવણે પોતાના બાવાજીના કેતાબખાનામાંથી રમલ, નજુમ અને હકીમાને લગતી કેતાબો હાથ કરવા સાથ પહેલવી તરજુમા સાથની યજશનેની કેતાબ ૧ જે એવણના પીતા ભરૂચથી લાવ્યા હતા તે પણ હાથ કરી હતી

આ નામીચા હકીમ અને દસતુર રોજ ૨૩ માહ ૧૨ સને ૧૧૪૫ યઝદજરદી, તા૦ ૭ મી અકટોબર ૧૭૭૫ ને દીને ૪૫) વરસની જવાન ઉમરે બેહસતનશીન થાયા એવણ સાહેબનુ મરણ પોતાના વડા દીકરા દસતુર મીનોચેહરજીના ગુજરવા પછી ૪૨) દીવસે પોતાને લાગેલા ગમની અસરથી નીપજ્યુ હતુ. એવણના ધણીયાણી વીરબાઈજીએ દસ્તુર મીનોચેહરજી તથા એરવદ જામાસ્પજી નામના બે દીકરાઓને જનમ આપ્યો હતો જેમાંના એરવદ જામાસ્પજી રોજ ૨૧ માહ ૪ ને દીને વગર ફરઝંદે મરણ પામયા હતા, અને એવણના ભત્રીજા દસ્તુર તેહમુરજી મીનોચેહેરજી એવણના પાલક થાયા હતા. એ શીવાએ ઓસ્તા ફરેદુન, કાઊસ, ફરેદુન, હીરાંબાઇ અને નવાજબાઈ નામનાં ફરઝંદો નાધવી ઉમરે ગુજરી ગયા હતા.

દસ્તુર રૂસતમજી જામાસ્પજી.

જનમ—દસતુર બેહુમનજી સાથ ઉમરમા સરખામણી-વડા ભાઈ એરવદ નોશેરવાનજીના દીકરાનું મરણ-દસતુર રૂસતમજીનું નોશેરવાનજીના પાલક તરીકે ઠડવું-દસ્તુર જામાસ્પ આશાનું મરણ-દસ્તુર રૂશતમજીની બચગી હાલત-યોજદાથ્રગીરી વીગેરેના કામોની માહીતી-અરધી સદી સુધીની દસ્તુરી બેઠક-મરણ-ફરઝંદો.

મરહુમ દસતુર જામાસ્પ આશા અને તેવણના બીજા મોહરદાર જીઆઈજીના દીકરા દસ્તુર રૂસતમજી ઈ સ ૧૭૪૫ મા જનમયા હતા. એવણ પુનાવાલા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી તથા ભાઈઓના માતાજી બચીઆઇજીના બપાવા થાય એવણ પોતાના ભત્રીજા મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીની ઉમરના હતા. આગલ જણાવયું તેમ એવણના મરહુમ વડા ભાઇ એરવદ નોશરવાનજીના મરણ વખતે તેવણનો ઓસતા બરજોર નામનો એકજ દીકરો હઇયાત હતો. એ દીકરો પણ પછવાડેથી મરણ પામવાથી મરહુમ દસ્તુર જામાસ્પજીએ દસ્તુર રૂશતમજીને અનજુમનની હજુર એરવદ નોશેરવાનજીના પાલક ઠેડવી આપ્યા હતા.

મરહુમ દસ્તુર જામાસ્પજી બેહસતનશીન થાયા તે વખતે એવણ ફકત ૮) વરસની નાધલી ઉમરના હોવાથી એવણના ભાઇઓ દસ્તુર જમશેદજી તથા દસ્તુર બેહરામજીએ એવણને પોતાના આસરા હેઠળ રાખયા હતા. એ બેહુ ભાઇઓએ એવણને યોજદાથ્રગીરીની તાલીમ આપી સવંત ૧૮૧૧ ના રોજ ૧૮ મો માહ ૮ સને ૧૧૨૪ યઝદજરદીને દીને હેરબદ કીધા હતા કે જે વખતે એવણની ઉમર ૧૦) વરસની હતી. એવણ યોજદાથ્રગીરી અને પાવ મેહલના કીયા કામોથી ઘણુજ માહીતગાર હોવા સાથ નવસારીમાં એક શાયસત મોબેદ તરીકે સારૂ માન પામતા હતા. તા૦ ૨ જી દીસેમબર ૧૭૬૫ ઇસવીને દીને નવસારીમા આતશ બેહરામ તખતનશીન થાયા તે દીવસથી નવસા-

૧ આ કેતાબ માટે જુઓ મરહુમ દસતુર જામાસપ આશાના અહેવાલને સફે ૮ અને તેની ફુટનોટ.

રીઆ ત્રણ દસતુરી ખુરસીઓ સ્થાપવામાં આવી હતી જેનું તફસીલવાર બ્યાન મરહુમ દસ્તુર જમશે-દજી જામારપજીના અહેવાલ મધે કરવામા આવયું છે. હયાં માત્ર એટલુ જ કહેવુ બસ થશે કે મરહુમ દસ્તુર જમશેદજીએ દસ્તુરી ખુરસીનું માન સ્વીકારવાની ના પાડવાથી દસ્તુર રૂશતમજીએ બીજી (અને સુરતવાલા દસ્તુર દારાબ પહાલનના ખાનદાનવાલાઓ જો નવસારી આવે તો ત્રીજી) ખુરસીના દસ્તુરનું માન અરધી સદી સુધી ભોગવ્યુ હતુ તેમજ રપીથવનની મીઅજદ માંડવાનો વારસામા મલેલો હક્બી એવણે લાબી મુદત સુધી બજાવયો હતો.

એવણુના વખતમાં મુંબઇની પારસી પંચાયતના અકાબરોએ તા૦ ૨૧ મી મેએ ૧૭૭૭ ઇસવીને દીને નવસારીની અનજુમનને લખી જણાવયુ જે મુબઇમા મરકીને લીધે રૂવાનો ઘણા થાતાં હોવાથી દુખમાઓમાં જગા રહી નથી અને નવુ દુખમુ હાલ તુરત બંધાએ તેવુ કસુ દીસતુ નથી માટે એવુ ઠેઉરયુ છે જે પહાડ ઉપર દુખમાઓ આવેલાં છે ત્યાં પાકી દીવાલ બાધી લઈ એક મોહટો ખાડો ખોદાવી તેમાં રૂવાનોને મુકવાં. એવો ખુલાસો કરી તેઓએ નવસારીની અનજુમન પાસેથી જાણુવા માગ્યુ કે દુખમાથી કેટલા ગજ દીવાલ દુર બાધવી એના જવાબમાં નવસારી અન-જુમને તા૦ ૩૦ મી મે એ ૧૭૭૭ ઇસવીને દીને મુબઇની પારસી પંચાયતના અકાબરોને એક કાગજ લખી મુંબઈમા મરકી ફેલાવા માટે પોતાની દીલગીરી જણાવી અને તેઓએ જે કરવા ધારયુ છે તે પસંદ કરીને ચોકકસ ક્રીયાઓ કરવાનું અને નવી દીવાલને ૩૦૦) કદમ દુર બાંધવાનુ સુચવયુ હતું. આ જવાબના કાગજ ઉપર નવસારીના વડા દસ્તુર સોહરાબજી રૂશતમજી મેહરજીરાણા, બીજી ખુર-શીના દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પહાલનનાની સહીઓ ભેગી એવણુની ત્રીજી ખુરશીના દસ્તુર તરીકેની શહી જોવામા આવે છે ૧

એવણુ રોજ ૧૯ માહ ૧૨ સને ૧૧૮૫ યઝદજરદી તા૦ ૧૮ મી સપટેમબર ૧૮૧૬ ઇસવીને ૭૧) વરશની ઉમરે બેહસતનશીન થયા. પોતાના પીતા અને બાઇઓ કરતા એવણુ મોહટી ઉમરે મરણુ પામયા હતા

એવણુના લગન નવસારીના મરહુમ વડા દસ્તુર સોહરાબજી રૂશતમજી મેહરજીરાણાના દીકરી રતનબાઈ સાથ થયા હતા એવણુના દસ્તુર રતનજી અને એરવદ માણેકજી ઉરફે માકાજી દસ્તુર નામના બે દીકરાઓ અને વીરબાઇજી, જીઆઇજી અને માણેકબાઈ નામની ત્રણ દીકરીઓ મલી પાચ ફરઝંદો હતા વડા દીકરી વીરબાઇજી (હમારા બાવાજીના મમાઇ) પહેલા અધીઆરૂ નશરવા-નજી મુલ્લ'ના દીકરા કાઉશ સાથ નહાનપણુમા અદરાઇને થોડુ કમાજ અસતાયાં હતા અને ત્યાર પછી અધીઆરૂ ફરેદુનજી સોહરાબજી મુલ્લાં (હમારા બાવાજીના મમાવા) સાથ પરણુયાં હતાં. બીજાં દીકરી જીઆઇજી તે દારાબજી મુલ્લા સાથે અને ત્રીજા દીકરી માણેકબાઈ તે રૂસતમજી આંત્યા સાથ પરણુયાં હતાં. એ શીવાય દારાબ, જામાસ્પ, કુવરબાઇ અને હોમાએ નામના ફરઝંદો બાલવયમા ગુજરી ગયાં હતાં

—∘∘∘◇∘∘∘—

ભાગ ૧ લો સમાપ્ત.

---

૧ "પારશી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૫૫.

ભાગ ૨ જો.

દસ્તુર જમશેદજી જામાસ્પજીનું કુટંબ.

વિભાગ ૧ લો.

દસ્તુર બેહમનજી જમશેદજી અને તેવણુની ઉતરતી ઓલાદોનુ જન્મ ચરીત્ર

દસ્તુર બહેમનજી જમશેદજી.

બહુ મન ધરાવનાર ફરઝંદનો જનમ–કેળવણી–રમલ અને નજુમની માહેતગારી–દીનઆઈનની બાબદમાં ખબરદારી–દુન્યાદારીની ગેરહાજરી–મનનુ ખાલેસપણું–મીઠાં ખાણા ઉપર શોક–સાદેહદીલી અને ભોલાપણાના રમુજી દાખલાઓ–એલમ એ દસ્તુરજીની મોહટી પુંજી–બીજી ખુરસીનુ દસ્તુરી માન–મુંબઈમા જાગેલી ગોશની તકરાર–નવસારીના દસ્તુરોનો લેખીત ફતવો–અથંગ પરહેજગારી અને અશોઈ–અનજુમનનો દસ્તુરજી તરફ ચાહ અને પ્યાર–કુટુંબના વડા મુરબી તરીકેનું માન–લખાણો–પ્રખ્યાત શાગેરદો–મરણ--ફરઝંદો.

આએ તવારીખનો બીજો બાગ ત્રણ વિમાગમા વેહચાએલો છે જેમાનો પહેલો વિભાગ મરહુમ દસ્તુર જમશેદજી જામાસ્પજીના વડા દીકરા દસ્તુર બેહમનજીથી શુરૂ થાએ છે આએ બહુ મન ધરાવનાર દસ્તુરજીનો જનમ ઈ. સ. ૧૭૪૫ માં થયો હતો એવણુ પોતાના કાકા દસ્તુર રૂસતમજી જામાસ્પજીની ઉમરના હતા પોતાના વિદવાન પીતા આગલ નાવર મરાતબની તાલીમ લઇ સંવત ૧૮૧૨ ના રોજ ૨૨ માહ ૮ સને ૧૧૨૫ યજદજરદીને દીને હેરબદની પદવીએ પહોચ્યા હતા. તેમજ પોતાના પીતાની શાગેરદી કરી જંદ, પહેલવી, ફારસી અને અરબીનો સંગીન અભ્યાસ કરેલ હતો. એ બાષાઓમાં એવણુ સાહેબ જેટલા પુર્વીણ હતા તેટલાજ રમલ અને નજુમમા પણ બાહોશ હતા. એ દસ્તુરજી સાહેબ પોતાના જમાનામા દીન આઇનની બાબદોમાં જે ખબરદારી ધરાવતા હતા તે એવણુના મુરંબીજીએ આપેલી સગીન કેળવણીના પરતાપ હતા.

આ દસતુરજી સાહેબ વિષે નવસારીના જઇફ મરદો તથા ઓરતોથી આપણુ હજી સુધી કંતકથા રૂપે ઘણીએક રમુજી વાતો સાભળીએ છીએ જેમા એવણુ સાહેમની દુન્યાદારીની [illegible] કરતાં એવણુના મનનુ ખાલેસપણુ, સ્વભાવનુ નીષ્કપટીપણુ અને સાદેહદીલી મોહટા પ્રમાણુમાં પ્રગટી નીકળતું માલુમ પડે છે. દુન્યાદારીથી એવણુ સાહેબ ઘણુાજ બેદરકાર રહેતા હતા તે એટલાં સુધી કે પોતાના ભાણામાં ખાવાની શુ ચીજ છે તે કવચીતજ પારખી શકતા હતા. એવણુને મીઠાઇ ઉપર વધુ શોખ હોવાથી મીઠુ પકવાન વધુ પસદ કરતા હતા. એવણુના ઘણીઆણી નવાજબાઇ જયારે ભાણામાં ફકત ખજુર અને રોટી મુકેતો તે ઉપર હજારો હજાર શુકર કરી પોતાના નેક મોહર-

દારને દુઆ દેતા હતા. તેમજ આ દસતુરજી સાહેબના મોહડાંમાં આશીરવાદવાણી હરદમ અને હર-પલ રમતી હોવાથી અગરજો નાધલી ઉમરનું બાળક કે પુખ્ત ઉમરનું આદમી એવણને સલામ કરતું તો ઉભા થાઇ બેહુ હાથે પાછી સલામ વાળતા અને સલામ કરનારને હજારો હજાર દુઆ દેતા હતા.

એવણુ સાહેબની બચ્ચાંના જેવી સાદેહદીલી અને ભોલાપણું નવસારીમાં આજ શુધી મશહુર છે અને નીચે ટાંકેલા દાખલાઓ ઉપરથી જેમ એક હાથ ઉપર એવણુની સાદેહદીલી અને ભોલા-પણુ માલુમ પડે છે તેમ બીજા હાથ ઉપર એવણુ દુન્યાઈ કારોબારથી કેટલા બેપરવા હતા તે સીધ્ધ થાય છે —

દાખલો ૧ લો:—એક વખતે નવસારીમાં પીંઢારાઓનો દરોરો ઘણો પડવાથી સર્વે લોક પોતાનું જર જવેરાત ઉચું નીચુ કરવા લાગા દસ્તુર બેહમનજી સાહેબને એલમ વધારે પ્યારો હોવાથી દીનને લગતી કેતાબો અને બીજા કાગજયાંઓને પોતાની કીમતી દોલત ગણીને એક ગાંસ-ડામાં બાંધી પોતાની પાસે રાખી બેસી રહયા અને પોતાના બીજા કીમતી સરસામાનની કશી દરકાર કરી નહી. જયારે પીંઢારાઓ એવણુના ઘરમાં ધસી આવ્યા ત્યારે બેહમનજી સાહેબે તેઓને કમ-બીને કહયુ કે "અરે ભાઇઓ તમે બધુ લઇ જજો પણ તમારા દોઆગોની આએ દોલતને હાથ નહી લગાડશો તો પરવરદેગાર તમારૂ ભલું કરશે". એમ ઓઝરખાહી કરી કેહવાથી લુટારાઓએ પેલો ગાંસડો દસ્તુરજી પાસેથી ખેંચી લીધો. ગાસડો ખોલી જુએ છે તો શુ નીકલે છે? કંઇજ નહી, પણુ કેતાબો અને કાગજયાં. લુટારાઓ પશેમાન થઇ દસતુરજીને સતાવ્યા વગર ચાલી ગયા.

દાખલો ૨ જો:—એક વખતે એવણુના ભાણુામાં દાળની પોળી મુકવામાં આવી જે જોઇ દસ્તુરજીએ પોતાના ધણીઆણીને અચરત થઇ પુછયુ કે "જાઇજીના માએ,[1] પોલીનો દરવાજો તો દેખાતો નથી તયારે દાળ કેમ કરીને અંદર દાખલ થઇ!" ધણીઆણી નવાજબાઇએ ખુલાસો કર-વાથી દસતુરજી ઘણાજ તાજુબ થયા અને પોલીને પુરતો ઇનસાફ આપી તેના બનાવનાર (ધણી-આણી પોતે)ના હકમા હજારો હજાર દુઆ દીધી એવણુની આવી બચ્ચાંના જેવી સાદ્દ દીલી અને દુન્યાદારીની ગેરહાજરી વીશેનુ તા૦ ૨ જી મેએ ૧૮૮૫ ના "ટાઇમ્સ ઓફ઼ ઇન્ડીયા"માં નીચલું લખાણુ જોવામાં આવે છે.

"Dastur Behmun ' " * united with a hereditary fame for lingnistic erudition a singularly simple and guileless heart Numerous interesting and amusing anecdates are told in Nowsaree illustrating the almost childlike frankness and artlessness of his disposition, while tradition records many diverting instances in which his honest good nature is more conspicuous than his worldly Wisdom."

દુન્યવી દોલત અને માલમતા કરતાં એવણુ એલમને પોતાની મોહટી પુંજી ગણુતા હતાં જેની ગવાહી ઉપર ટાંકેલા પહેલા દાખલા ઉપરથી મલી શકે છે. નાપાયદાર ખજાનો અને મીલકતોથી

---

૧. આગલા વખતના પારસીઓ પોતાની ઓરતને તેમજ ઓરત પોતાના ખાવીંદને તેના ખરા નામથી ન બોલાવતાં પોતાની વડી દીકરી યા વડા દીકરાના સગાઇ દરશક નામથી એક બીજાને બોલાવતા હતા. દાખલા તરીકે જો વડી દીકરીનું નામ જીઆઇજી હોય તો ખાવીંદ પોતાની ઓરતને "જીઆઇજીની માએ" અને ઓરત પોતાના ખાવીંદને "જીઆઇજીના બાપ" કરી એક બીજાને બોલાવતાં હતા તેમજ જો દીકરાનું નામ એદલજી હોય તો "એદલજીની માએ" કે "એદલજીના બાપ" કરી એક બીજાને બોલાવતાં હતા એ મુજબ દસ્તુર બેહમનજીની વડી દીકરીનું નામ [illegible] તેમજ પોતાના [illegible] નવાજબાઇને "જીઆઇજીના માએ" કરી હમેશાં બોલાવતાં હતા.

સરફરાઝ થાવા કરતાં ખુદ એલમથી સરફરાઝ થાવું એવણુને વધારે પસંદ હતું, કારણ કે એવણુ સાહેબનાજ બનાવેલા બેતોમાં બોલીએ તો —

એલમ પીનહા ગંજ બાશદ એલમ આંરા પીશરવી,
ઝીબદશ પશમીરા ખલઅત ફખરા જાએ ખસરવી.
ગરબી એલમી ઇં ચુંનીં સાઝદ અમલ મીસલશ ચુનાન,
બુઝનેહ દર હલકે ખુદ પુશીદ દોરરા ગોહરાન.
નઝદે દાનાયાં ફરે ઓલમા ચું શાહે બી હુનર,
હમચુખર બાશદ દેહન્દે ઇઝતશ બી દુમ્મેખર.

અર્થ:—એલમ છુપો ખજાનો છે અને એલમ શીખેલાને આગલ હરોલમાં ચાલવું, સીઆલ હોડવી, ઉંચા પોશાકો પેહરવા અને દબદબા ભરેલી પાદશાહી જગોએ બેસવું જેબ આપે છે. અગરે જો એલમ વગરનો આદમી એ મુજબ ચાલે તો એમ સહમજવું જે વાંદરે ગોયા પોતાના ગલામાં મોતી તથા જવાહેરનો હાર પેહરેલો છે, સબબ કે જેમ વાદરને ઉંચા ઘરેણા શોભતાં નથી તેમ વગર ભંડોલના આદમીને ઉંચી જગાએ બેસવું, સીયાલ હોડવી અને આગલ ચાલવું જેબ આપતું નથી. દાનાવોની નઝદીક વિદ્વાનોનો મરતબો એક પાદશાહ સરીખો છે અને વગર શીખેલા બેહુનરો ગધેડાની મીસાલનાછે અને તેવા ધણીને માન આપનારાઓ પુછડા વગરના ગધેડાઓ છે.

ઇ. સ. ૧૮૧૬ મા પોતાના કાકા મરહુમ દસ્તુર રૂસતમજી જામાસ્પજીના મરણ પછી તેવણુની જગાએ એવણુ બીજી ખુરસીના દસ્તુર ઠર્યા હતા જે માન એવણુ સાહેબે ૯) વરસ સુધી ભોગવ્યુ હતું.

ઇ. સ. ૧૮૨૩ માં મુબઇની પારસી પંચાયતના અકાબરોએ મહીનાના ચાર દીવસો—બહમન, મોહર, ગોશ, રામ—ઉપર ચેહારૂમ યા બાજ રૂજગાર પડે તો ગોશ નહી ખાવાનો ઠેડાવ કરયો હતો. આ ઉપરથી શેઠો શોહરાબજી શાપુરજી શેઠના, પેશતનજી નવરોજી શેઠના તથા દાદાભાઇ નશરવાનજી શેઠના વીગેરે બીજા શેઠ ખાનદાનવાલા સાહેબોએ નવસારીના દેશાઇ દસ્તુરો ઉપર એક કાગજ લખી એ વિષેનો ખુલાસો માગ્યો હતો જેના જવાબમા નવસારીના અકાબર દેશાઇ જમશેદજી મનચેરજી, વડા દસ્તુર રૂસતમજી નોશેરવાનજી મેહેરજીરાણાના તથા બેહમનજી જમશેદજી વીગેરે બીજા સાહેબોએ તા૦ ૨ જી નવેમબર ૧૮૨૩ ઇસવીને દીને મજકુર શેઠખાનદાનવાલા સાહેબોને લખી જણાવ્યું જે "બહમન, મોહર, ગોશ, રામને દીને રોઆનોના ચેહારમ પડે તેવારે બેલાશક ગોશ્ત જોરવું કરજો ને તેની ચરબ આતશબેહરામ શાહેબને ઇઆ આદરાન સાહેબને બહરાવજો. અંદર લોબાન તથા અગર સાથે રાખીને. બીજુ તેની મુંડીના કટકા કરીને તેની જુબાન કદા સાથે તથા ડાહબી તરફનો દોળો કરાવીને તે ઉપર હોમ ઇજદની બાજ ધરાવજો એવી ચીજ કીધાથી તે ગોશફંદના સાહેબો રાજી ખુશી છે ને બાજ ધરે તાંહ ગોશનો ગોશોદો કરે ને આફરનગાનના પાતરામાં તથા અસતુમ પઢે તાહ મુકે. તેયાર પછે તેના બેશના લોકો તેની ચાશની કરે કે તે કીધાથી તેનાની શોગવારી ઉતરે ને રવાન તો પુલ ગુજારે થઇ ચુકું તેવારે ગમ રાખવો તે ઉલટી તકસીર છે તેથી ચાશની કરે, બાકી જે રહે તે પાકીજેહ પરહેજગાર લોક જે દસ્તુર મોબેદ હોય તેઓને ચાશની કરાવે * * * અગર કદી બીજા રોજગારો તથા મેઆઆનોના દીશાને દીને એ રીતે નહી બની આવે તો જુદદીનને હાથે ગોશફંદ હલાલ કીધું હોય તો તેને લાવીને પાકીથી પકાવીને બેશના લોકો તથા દસ્તુર મોબેદોના કામમાં લાવવું ને તેનોજ ગોશોદો પણુ બાજ ધરતી વેળા કરવો તથા ગાહમબાર તથા જશનોના કામમાં લાવવું એ પણુ સવાબ છે * * * પણુ જેવારે હમકારા ૪ ચારને દીને રોઆનના ચેહરામ પડે તથા નીઆઆનોના

રોજગાર દીસા પડે તથા ગાહમબાર તથા જશનો વીગેરે આવે તેવારે ઉપર લખેલા પરમાણે કરવું ને બેલાશક કામમાં લાવવુ ” ૧

એવણુ સાહેબ પોતાના મનનુ ખાલેશપણું, સ્વભાવનુ નીશકપટીપણું અને દુન્યાદારીની બેદરકારી માટે જેટલા જાણીતા હતા તેટલાજ પાકી પરહેજગારી અને અશોઈ માટે પણ મશહુર હતા. અને પોતાનો વખત ઇશ્વર બન્દગી કરવામા, દીનની કેતાબોનો અભ્યાસ કરવામાં અને લખાણો કરવામાં ગુજારતા હતા. એવણુ સાહેબની આવી સંયમ પરહેજગારી અને સન્યાસી ખસલતોને લીધે નવસારીની અંજુમન એવણુ તરફ મોહટાં માનની નજરથી જોતી હતી. નવસારીના મરહુમ વડા દસ્તુર કેકાવસજી નોશેરવાનજી મેહરજીરાણાના પોતાને ત્યાના સર અવસરે ઇજાશેના સીઆવો આ અશો દસ્તુરજીને અરપણ કરવામાં મોહટું પુન સહમજતા હતા.

દસ્તુર જામાસ્પ આશાના કુંટુમ્બના વડા મુરબી તરીકેનો એવણુ સાહેબનો માન મરતબો પણ મોહટો ગણાતો હતો. અને આખું કુટુંબ એવણુને માન અને મોહબતથી ચાહતું હતું. એટલુંજ નહી પણ એવણુના વારસો અને બીજા કુટુંબીઓ પોતાનુ ધારેલુ નેક કામ જો ફતેહમંદીથી પાર પડે તો એવણુની નેસ્તે કામ ઉજવાની ઇજીવાની અને બીજી કીયાઓ કરાવાની ગોથા માનતા લેતા હતા.

એવણુ સાહેબના લખાણોની તપાસ લઇ એવણુની કારકીરદીનો સંક્ષેપ બંધ કરીશું. એવણુને શાએરી કરવાની શક્તી પોતાના વડીલોથી વારસામા મલી હતી જેની સાબેતી એવણે ફારસીમા બનાવેલા નીતી રીતીને લગતા બેતો અને પાજદ મીનોખેરદનો ફારસી નઝમમાં કીધેલા તરજુમા ઉપરથી મલે છે એવણુનો ગોસ્નેફરીઆનનો પહેલવીમા લખેલો કીસસો, બુનદેહશ અને શેકન ગુમાની વીગેરે ઘણાક લખાણો સુરતવાલા મરહુમ દસ્તુર કેખુશરૂ દાદાભાઇના કેતાબખાનામાં હાલ મોજુદ છે. એ શીવાએ એવણુના બીજા હસ્ત લેખો હિન્દ અને યુરોપમાં ઘણેક ઠેકાણે ફેલાયલા હોવાથી એવણુનુ નામ પણ વિદ્વાન મંડલને સારી રીતે રોશન છે. એવણુ સાહેબને અરબી ભાષાનું કેટલું બલ હતુ તે એવણે “ લબુલ લાબ ” અને બીજી એક અરબી કેતાબનો ફારસી નસરમાં કીધેલા તરજુમા ઉપરથી સીધ્ધ થાય છે. આ બેઉ કેતાબો રમલ અને નજુમને લગતી છે. દસ્તુર જામાસ્પ આશાના કુટુંબના ઘણાક દસ્તુર સાહેબોએ આ કાબેલ ઉસતાદની શાગેરદી કરી દીનદારી એલમ અને બીજી ભાષાઓની તાલીમ લીધી હતી. એવણુના શાગેરદોમાં એવણુના દીકરાઓ દસ્તુર એદલજી અને એરવદ નોશેરવાનજી, નબીરાઓ દસ્તુર જમશેદજી અને દસ્તુર જામાસ્પજી એદલજી, ભત્રીજાઓ મુંબઇવાલા દસ્તુર એદલજી તથા દસ્તુર ફરેદુનજી દારાબજી અને પોતાના ભાઈ દસ્તુર ખુરશેદજીના નબીરા દસ્તુર ફરેદુનજી બેહરામજી મુખ્ય હતા. તેમજ નવસારીના મોહટા દેશાઇ ખાનદાનના ઘણાક નબીરાઓ આ દસ્તુરજીના હાથ હેઠલ ફારસી ભાષા શીખ્યા હતા, જેઓમાં દેશાઇ માણેકજી ઉરફે જીનાભાઇ રતનજી, દેશાઈ તેહમુરસ્પ જમશેદજી અને દેશાઇ બરજોરજી નવરોજી એવણુ સાહેબના ઘણાજ માનીતા ચેલાઓ હતા.

આ પરહેજગાર અને અશો ખસલતના દસતુરજી સાહેબ રોજ ૬ માહ ૫ સને ૧૧૯૪ યઝદજરદી, તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૮૨૫ ઇસવીને દીને ૮૦) વરસની ઉમરે બેહસ્તનશીન થયા. એવણુના ત્રણ દીકરાઓ હતા-દસ્તુર એદલજી, એરવદ નોશેરવાનજી અને એરવદ શેહરાબજી. વડા દીકરા દસ્તુર એદલજીનું મરણુ તેવણુના અહેવાલ મધે વાંચવામાં આવશે. બીજા દીકરા એરવદ નોશેરવાનજી, જેઓ કુટુંબમાં “ નોશેરવાનજી કાકા ” ને નામે ઓલખાતા હતા અને જંદ પહેલવી અને ફારસીનુ સારૂં જ્ઞાન ધરાવતા હતા તેઓ રોજ ૧૭ માહ ૩ સને ૧૨૧૦ યઝદજરદી, તા૦ ૧૪ મી દીસેમ્બર ૧૮૪૦ ઇસવીને દીને ૭૦) વરસની ઉમરે મરણ પામ્યા હતા. ત્રીજા દીકરા એરવદ શેહરાબજી દસ્તુરજીની હેયાતીમાંજ રોજ ૬ માહ ૮ સને ૧૧૭૦ યઝદજરદી,

૧ “ પારસી પ્રકાશ ” દફતર ૧ નું પાનું ૮૭૮ ની ફુટ નોટ.

તા૦ ૧૨ મી મે એ ૧૮૦૧ ઇસવીને દીને ૨૧) વરસની નોજવાન ઉમરે નવસારીમાં મુબારેક હકાકી એકાએક ગુજરયા હતા. એવણુના મરણની થોડા કલાક અગાઉ દસ્તુર બેહમનજીના ભાઇ દસ્તુર ખુરશેદજી જમશેદજી મુબંઇના શહેનશાહી પંથના વડા દસ્તુરનો ઓહ્દો લઇ નવસારીથી રવાના થયા હતા. એ દસ્તુરજીનાં વડાં દીકરી જાઇજી પોતાના ભાણેજ દસ્તુર તેહમુરજી મોબેદ-કરજીની સાથે અને બીજાં દીકરી બચીઆઇજી પોતાના ભત્રીજા મુંબઇવાલા દસ્તુર મોબેદ દારાબજી સાથ પરણ્યાં હતાં. એ ફરઝંદો શીવાય બરજોર, નોશેરવાન અને વીરબાઇ નામનાં ફરઝંદો નાખલી ઉમરે ગુજરી ગયાં હતા. એવણુ સાહેબના અશો રૂહ ઉપર હઝારો હઝાર દરૂદ ઇચ્છી એવ-ણુના વડા દીકરા દસ્તુર એદલજીના અહેવાલ ઉપર હમો આવીએ છીએ.

દસ્તુર એદલજી બેહમનજી.

જનમ–નાવર–મરાતબનો અભ્યાસ–સુનેપાતની બીમારી–૧૨) કલાક સુધીની બેભાન હાલત–પાલકની ગોઠવણુ–દેશી વૈદોએ આપેલો અભીપ્રાય–સંજોગવાની ક્રીયા–દસ્તુર એદલજીમાં થયલી હીલચાલ–બીમારીનુ દફે થાવું–"પવારે ગયલા દસ્તુર"–"કટેરાવાલા દસ્તુર"–દસ્તુર એદલજીનો વિદ્યા અભ્યાસ–સંસકૃત અને ફારસીનુ સંગીન જ્ઞાન–"જીવન જાતક" અને "રત્ન દીપક"નો ફારસી તરજુમો પુના ખાતે પધરામણી–પેશવાઈ દરબારમાં માન અકરામ–દસ્તુર બેહમનજીનુ મરણુ–દસ્તુરી બેઠક માટે દસ્તુર એદ-લજીની ઉમેદવારી–બે દસ્તુરો વચ્ચે હુરીફાઇ–દસ્તુર એદલજીના દાવાનુ રદ થાવું–મરણુ–બાસ્યત–ઘોડા સવારીનો શોક–ફરઝંદો.

મરહુમ દસતુર બેહમનજી સાહેબના વડા દીકરા દસ્તુરે એદલજી ઈ સ. ૧૭૬૨ માં જનમ્યા હતા. એવણુ પુનાવાલા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી તથા ભાઇઓના બાવા થાએ. એવણુના બપાવા મરહુમ દસ્તુર જમશેદજીએ એવણુને નાવર મરાતબની તાલીમ આપી રોજ ૭ માહ ૭ સને ૧૧૪૮ યઝદજરદી, સવત ૧૮૩૫, તા૦ ૧૮ મી એપરેલ ૧૭૭૯ ઈસવીને દીને હેરબદ કીધા હતા. ૨૨) વરસની ઉમરે એદલજી સાહેબને સુનેપાતની બીમારી લાગુ પડી હતી. એ બીમારીએ એવું તો ગંભીર રૂપ પકડયુ કે એદલજી બાર કલાક સુધી બેભાન હાલતમાં પડી રહ્યા અને હૈયાતી ખતમ થાવાના ચીન્હો પ્રગટી નીકલ્યા આ વખતે એદલજીને ત્યા ફરઝંદની વૃધ્ધી ન થએલી હોવાથી એવણુના બપાવા દસ્તુર જમશેદજી સાહેબને એવણુની જીંદગી આખર થાએ તે પહેલાં એવણુના બીજા ભાઇ એરવદ નોશેરવાનજી (નોશેરવાનજી કાકા) ને એવણુના પાલક કરી આપવાની ફરજ પડી.૧ ત્યાર પછી દેશી વૈદોને બોલાવી એવણુની હાલત તપાસાવી. તેઓએ એવણુને બેભાન હાલતમાં પડેલા જોઇ એવણુની જીંદગી ખતમ થાએલી જણાવી વૈદોનો આવો અભીપ્રાય સાંભળી ઘરમાં રડાકુટ ચાલી રહી રાતનો વખત હોવાથી સંજોગવા શીવાય બીજી કશી ક્રીયા કરવામાં આવી નહી અને સંજોગવા પછીબી કદાચને જો હૈયાતી ખતમ થતે તો તેમાં નવાઇ જેવુ કશું ન હતું.

---

૧ આગલા વખતમા દસ્તુર જામાસ્પ આશાના કુટુંબમા એવો રીવાજ હતો કે એક શખ્સ જ્યારે માંદગીને બીછાને પડેલો હોય અને મરણુ પામવાની હાલત પકડે કે તુરત તેની હૈયાતી ખતમ થાય તે પહેલા તેના માંદગીના બીછાના આગલ કોઇબી અતલગના બેટાને તેનો પાલક ઠેવી આપવો પણ દીલગીરી સાથ કહેવુ પડે છે કે આવો રીવાજ હાલે એ કુટુંબમા રહયો નથી.

કાબેલ વૈદોના કહેવા ઉપરથીજ એવણુને મરણુ પામેલા ધારવામાં આવ્યા હતા. પણુ ખુદાની કુદરત નીરાલીજ હોય છે. આવા માઠા બનાવથી આખા ઘરમા અને આખા કુટુબમાં જે ગમગીની વ્યાપી રહી હતી તે ખુશાલીના રૂપમાં કેવી રીતે બદલાઈ ગઈ તે જુઓ. પાછલી રાતે મરઘા બોલતે દસ્તુર એદલજી શ્વાસ લેતા અને હીલચાલ કરતા જણાયા. એવણુના માતાજી નવાજબાઇ જેવણુ પોતાના પ્રીય દીકરાના ખીઆલી મરણુને આખી રાત વીલાપ કરી રહયાં હતાં તેવણે પોતાના ખાવીંદ અને સસરા આગલ દોડી જઈ આવા તાજુબી ભર્યા દેખાવની ખબર આપી. બન્ને બાપ દીકરા અને બીજાઓ આવી જુવે છે તો દસ્તુર એદલજી તેઓની અજાયબી વચ્ચે તાણુ તોડ કરતા અને અહીં તહીં હીલચાલ કરતા માલુમ પડે છે. તુરતજ જે કપડાંમાં એવણુને સજોગી મુકેલા તે કપડાં એવણુના શરીર ઉપરથી કહાડી નાખી એવણુને બીછાણા ઉપર પાછા લાવ્યા અને કાબેલ હકીમોની સારવાર હેઠલ રાખ્યા. ખુદાની બક્ષેશથી નહેશ બીમારી દનપર દન દફે થતી ગઇ અને દસ્તુર એદલજીના આવરદા લગભગ પોણી સદી સુધી લબાયા. આ બનાવ ઇ સ. ૧૭૮૪ માં બન્યો અને ત્યાર પછી ચાર વરસે દસ્તુર એદલજીને ત્યાં નામાકીત દીકરા દસ્તુર જમશેદજીની વૃધ્ધી થઈ આવી હેરત-ભરી રીતે સાજા થાવાથી નવસારીના રેહવાસીઓ એવણુને "પવારે ગયલા દસ્તુર" (મીનોઈ જેહાન ફરી આવેલા દસ્તુર) ની ઉપમાથી ઓલખતા હતા. વખતના વેહવા સાથ એ ઉપમાં લોકોને મોહડેથી કમ થતી ગઈ અને ઉધરતી ઓલાદો એવણુને "કટેરાવાલા દસ્તુર" (ઘરના ઓટલાને કટેરા જડેલા હોવાથી) ને નામે પીછાણુવા લાગી.

હવે હમો દસ્તુર એદલજીના વિધ્યા અભ્યાસ ઉપર આવ્યે. દસ્તુર એદલજીએ પોતાના કાબેલ પીતાની ઉસ્તાદગીરી હેઠલ જંદ, પહેલવી, ફારસી અને સસકૃતનો અભ્યાસ કર્યો હતો. એવણુનુ ફારસી અને સસકૃતનુ ગ્નાન ઘણા ઉંચા પ્રકારનુ હતું એવણુને એક હજાર ઉપર સસકૃત શ્લોકો મુખ પાઠ હતા. તેમજ ન્યાય શાસ્ત્ર, જયોતિષ શાસ્ત્ર અને વ્યાકરણુ તો ગોયા એવણુની નોકે જુબાન હતાં, જે આ દસ્તુરજી સાહેબની તેજ યાદદાસ્ત શકતીનો સંગીન પુરાવો છે એવણુના કેતાબ-ખાનામાં તે વખતે સસકૃત પુસ્તકો અને લેખોનો મોહટો સગ્રહ જોવામા આવતો હતો સસકૃતનો અભ્યાસ એ દસ્તુરજીની "પ્યારની મહેનત" (Labour of Love) હતી અને એ ભાષા ઉપર એવણુ એટલાતો મોહીત પડયા હતા કે તેના અભ્યાસ પછવાડે આખી જીદગી ખરચી નાખી હતી. એવણુનો "જીવન જાતક" અને "રત્ન દીપક" નામના બે સસકૃત પુસ્તકોનો ફારસી ઝબાનમા કીધેલો તરજુમો હાલ આપણા જોવામાં આવેછે

દસ્તુર એદલજીની સસકૃત ભાષાની કાબેલયતની વખાણુ તેવણુની જન્મ ભૂમીમાંજ અટકી હતી એટલુજ નહી પણુ ત્યાંથી આગલ વધી ઠેઠ પુનાની પેશવાઈ દરબાર સુધી પહોંચી હતી. આ વખતે પુનામાં મરહુમ શેઠ ખુરશેદજી જમશેદજી મોદી ઉર્ફે "દાદા સાહેબ" પેસ્વા બાજીરાવ બીજાના માનીતા દીવાન હતા. દસ્તુર એદલજીની કાબેલયતની વખાણુ મશહુર થયેલી હોવાથી, તેવણે એવણુને પુને બોલાવ્યા. દાદા સાહેબના ઇજનથી દસ્તુરજી ઈ. સ. ૧૮૧૩ માં પુને પધાર્યા જ્યાં એવણુને પેશવાની મુલાકાત લેવાનુ માન હતુ. દરબારના બ્રાહમણો અને પંડીતો સાથ દસ્તુરજીને ઘણીજ છટા-દાર રીતે જુદી જુદી બાબદો ઉપર વાદવિવાદ કરતા જોઇ પેશવાએ પોતાનુ ઉંચુ મત દરબારમાં જાહેર કર્યું હતુ. અને દસ્તુરજીને એક ખલઅત (Dress of honour), રૂ. ૭૦૦) ની પર્સ અને બીજી કીમતી ભેટોની નવાઝેશ કરી હતી. પોતાના કાબેલ ધર્મગુરૂને પેશવા સરકાર તરફથી આવું માન મલેલું જોઈ દાદા સાહેબે પોતાની ખરી મગરૂરી અને સતોષ દરબારમાં જાહેર કર્યો હતો. એમ પુના શેહરની પેહલ વેહલી મુલાકાત લેનાર દસ્તુર એદલજી સાહેબ પોતે હતા. ત્યાર પછી ઇ. સ. ૧૮૧૮માં એવણુ બીજી વખત પુને પધાર્યા હતા. આ વરસે મુંબઈની પારસી પંચાયતે ઘડેલા બંદોબસ્તો ઉપર બીજા દસ્તુરો મોબદો અને શેઠીઆઓ ભેગી એવણુની પણુ શાહી જોવામાં આવે છે.

ઈ. સ. ૧૮૨૫ માં એવણુના બાવા દસ્તુર બેહમનજી સાહેબના મરણુ વખતે દસ્તુર જામાસ્પ આસાના કુટુંબમાં નવસારી ખાતે દસ્તુર રતનજી રૂસતમજી, દસ્તુર એદલજી પોતે અને દસ્તુર માણેકજી ઉર્ફે માકાજી રૂસતમજી નામના ત્રણ બુઝોરગ સાહેબો હેયાત હતા. આમાના દસ્તુર રતનજી રૂસતમજી તે દસ્તુર બેહમનજીના પીત્રાઇ ભાઇ ઇ. સ. ૧૭૬૧ માં, દસ્તુર એદલજી આગલ જણુાવ્યું તેમ ઇ. સ. ૧૭૬૨ માં અને દસ્તુર માકાજી તે દસ્તુર રતનજીના નાહના ભાઇ અને દસ્તુર બેહમનજીના બીજા પીત્રાઈ ભાઈ ઈ સ. ૧૭૬૪ માં જનમ્યા હતા. હવે તે વખતનો ચાલુ રીવાજ એવો હતો કે એક દસ્તુરના મરણુ પછી કુટુંબમા જે ઉમરે વડો હોય તેને દસ્તુરી ખુરસીનું માન મલવું જોઇએ એ કાનુન મુજબ ઇ. સ. ૧૮૧૬ માં મરહુમ દસ્તુર રૂસતમજી જામાસ્પજીના ગુજરવા પછી જેમ મરહુમ દસ્તુર બેહમનજી સાહેબ કુટુંબીઓના ઉમરે વડા હોવાથી બીજી ખુરસીના દસ્તુર ઠરયા હતા તેમ એવણુ સાહેબના મરણુ પછી ઉપલા ત્રણુ સાહેબોમાંથી દસ્તુર રતનજીને દસ્તુરી ખુરસીએ આવવાનો હક હતો પણુ તેવણુ સાહેબ લકવા અને બીજી બીમારીને લીધે તદન અશકત થઇ પડેલા હોવાથી દસ્તુર એદલજી અને દસ્તુર માકાજી વચ્ચે દસ્તુરી બેઠક માટે ગોયા હરીફાઇ ચાલી અને તે વખતની નવસારીની અનજુમન પણુ બે પક્ષમા વહેચાઇ ગઈ દસ્તુર એદલજી અને તેવણુના પક્ષકારોની લડતનો પાયો અસલનો ચાલુ રીવાજ અને વડપણુના સવાલ ઉપર રચાયો હતો, જ્યારે દસ્તુર માકાજી અને તેવણુના પક્ષકારોની લડતનો મુદદો દસ્તુરી બેઠકની અસલ માલેકી ઉપર આવી અટકયો હતો જો કે અસલ જગા તો દસ્તુર માકાજીના બાવા દસ્તુર રૂસતમજીની હતી તેમા કશો સદેહ ન હતો. પણુ દસ્તુર માકાજીના પક્ષકારોની દલીલ તકલીદી અને ન ટકી શકે તેવી હતી, કારણુ કે કાયદા પ્રમાણે તો દસ્તુર એદલજી કુટુબમા ઉમરે વડા હોવાથી તેવણુને દસ્તુરી ખુરસીએ બેસવાનો પુરતો હક હતો દસ્તુર માકાજીની પક્ષમા અનજુમનના આગેવાનો જોડાવાથી તે મજબુત બની હતી અને દસ્તુર એદલજીને તેઓ સાથ સારો એખલાસ ન હતો આ બે સબબોને લીધે અનજુમનના મોહટા ભાગે વડપણુનો સવાલ બાજુ મુકીને દસ્તુર એદલજીનો દાવો રદ કીધો, જ્યારે દસ્તુર માકાજીના પક્ષકારોની દલીલને વજન આપી તેમની દસ્તુર બેહમનજીની જગાએ દસ્તુરી ખુરસી ઉપર નેમણુક કીધી આના સબંધમા હમારે જણાવવુ જોઈએ કે દસ્તુર એદલજી મરણુ પામ્યા તે વખતે એવણુનુ નામ ધુપ નીરગની ક્રીયામા "દસ્તુર" ના એલકાબથી જાહેરાત લેવાયું હતું અને હજી સુધી ભણુતર ક્રીયાઓમા લેવાએ છે જ્યારે દસ્તુર માકાજીનુ નામ આજ સુધી "દસ્તુર" ને બદલે "એરવદ" ના એલકાબથી યાદ કરવામા આવે છે.

દસ્તુર એદલજી રોજ ૯ માહ ૧૨ સને ૧૨૦૫ યઝદજરદી, તા૦ ૩ જી સપતેમબર ૧૮૩૬ ઇસવીને દીને બેહસ્તનશીન થયા જે વખતે એવણુની ઉમર ૭૪) વરસની હતી. પોતાના બપાવા મરહુમ દસ્તુર જમશેદજી માફક એવણુ પણુ ટેકવાળા, સ્વતંત્ર ખ્યાલના અને મોજીલા હતા અને ઘોડા સ્વારીના અત્યંત શોકીન હતા. એવણુના પહેલા મોહરદાર રતનબાઇ તે એવણુના કાકા મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજીના દીકરી ૭) વરસની ઉમરે ગુજરવાથી એવણુ બીજી વખત મોબદ હોરમજી શેહરયારજી ધાભરના દીકરી જીઆઇજી સાથ પરણુયા હતા. એ બાનુએ પોતાના ખાવીદને ત્રણુ દીકરાઓની ભેટ કરી હતી. વડા દીકરા દસ્તુર જમશેદજી અને ત્રીજા દીકરા દસ્તુર જામાસ્પજી પોતાના પીતાના મરણુ વખતે હૈયાત હતા જ્યારે બીજા દીકરા એરવદ રૂસતમજી રોજ ૪ માહ ૧ સને ૧૧૮૧ યઝદજરદી તા૦ ૧૦ મી અકટોબર ૧૮૧૧ ઇસવીને દીને ૨૦) વરસની ઉમરે પોતાના પીતાની હૈયાતીમાં ગુજરયા હતા અને નાહના ભાઇ દસ્તુર જામાસ્પજી તેવણુના પાલક થયા હતા.

દસ્તુર જમશેદજી એદલજી

જનમ—જમશેદજી નામ રાખવાનો સબબ—દીનદારી એલમની પુખ્ત તાલીમ—યોઝદાથ્રગીરીના પેશાની માહીતી—દીનઆઈનની બાબદોમાં ખબર-દારી—એક વાંદરનુ કુવામાં પડી મરી જવું—દસ્તુરોમાં જાગેલી તકરાર—દસ્તુર જમશેદજીના ફતવા ઉપર થયલો અમલ—દસ્તુર જમશેદજીનું મુંબઈ જઈ વસવું—સંસ્કૃતનો અભ્યાસ—દીનને લગતી તકરારોમાં દસ્તુર જમશેદજીનો હીસ્સો—બનાજીની દરેમેહરના દસ્તુરનો ઓહ્દો—ગોશની તકરાર—કબીસાની તકરારમાં આગેવાની—વંદીદાદ, યઝશને અને વીસપરદના તરજુમાની તપાસ—ગુજરેલા આદમીનુ પેટ ચીરવા બાબે આપેલો ફતવો—પુનામાં આતશ આદરા-નની સ્થાપના—મુંબઈમાં કદમી દરેમેહર અને આતશબેહરામ પરઠાવવાની ક્રીયા—ક્રીયામાં દાખલ થયલી નવી રસમ—કદમી ટોળામાં પડેલો મતફેર—મતફેરનુ નીકળી જવું—અથોરનાન ટોળામાં દસ્તુરજીનો દરજજો—કદમી પંથમાં મોહટું માન—દસ્તુર મુલ્લાફીરોઝ સાથ મીત્રાચારી—લખાણો—પ્રખ્યાત શાગેરદો—મરણ—જાહેર ભણુતર ક્રીયામા લેવાતું નામ—ફરઝંદો—

મરહુમ દસ્તુર એદલજી બેહમનજીના વડા દીકરા દસ્તુર જમશેદજી ઇ. સ ૧૭૮૮ માં જનમ્યા હતા. કહે છે કે એવણુ સાહેબનો જન્મ પોતાના બાપના બપાવા મરહુમ દસ્તુર જમશેદજીના ગુજ-રવા પછી થોડીજ મુદતે થાવાથી તેવણુ સાહેબનુ જ મુબારક નામ એવણને આપવામાં આવયુ હતું. પોતાના કાકા મરહુમ એરવદ શોહરાબજી વગર ફરઝંદે મરણ પામવાથી તેવણુના એવણુ પાલક પુત્ર હતા કે જે વખતે એવણુની ઉમર ૧૩) વરસની હતી એવણુને જંદ પહેલવી અને ફારસીમાં પુર્વીણુ બનાવનાર એવણુના બપાવા મરહુમ દસ્તુર બેહમનજી સાહેબ હતા સંવત ૧૮૫૬ મા રોજ ૯ માહ ૭ અને ૧૧૬૯ યઝદજરદી, તા૦ ૧૪ મી એપરીલ ૧૮૦૦ ઇસવીને દીને હેરબદ પદ ધારણુ કરી નવસારીમાં યોજદાથ્રગીરીનો પેશો કરવા માંડયો. એ ધધામાં એવણુ જેટલા કાબેલ હતા તેટ-લાજ દીનઆઇનની બારીક બાબદમા પણ ખબરદાર ગણાતા હતા એવણુનામા યોજદાથ્રગીરીના કામની અને દીનઆઇનની બાબદોની ઉંડાણુ માહીતી સાથ જંદ, પહેલવી અને ફારસીની બેગી કાબેલયત જોડાએલી હોવાથી એવણુનું નામ નવસારી અને મુબઇમાં એક આલેમ દસ્તુર તરીકે આજ સુધી યાદગાર રહેલું છે. જે વખતે આ દસ્તુરજી સાહેબ નવસારીમાં યોજદાથ્રગીરીનો ધંધો કરતા હતા તે વખતે એક વીદવાન દસ્તુર તરીકે જાહેરમાં દેખાવ દેવાની એક ટક એવણુને હાથ લાગી હતી. એક દીવસે મોબેદ હોરમજી બેહરામજી લશકરીના ઘરના કુવામાં વાંદર પડી મરી જવાથી નવસારીના દસ્તુરોમાં મોહટી તકરાર જાગી કેટલાક દસ્તુરોએ મુવેલાં વાંદરને ખરફસતર ગણીને તે કુવો તરતજ ઉપ્યોગમાં લેવા જણુાવ્યો, જ્યારે બીજા દસ્તુરોએ તે પ્રાણીને નસો જણાવી કુવાને ૧૩) મહીના લગે રીમન થયલો જાહેર કીધો. આ તકરારમાં જુવાન દસ્તુર જમશેદજીએથી મોહટો ભાગ લીધો હતો. તેવણે વાંદરને દીનની સરતથી નસો ઠેડવી આપી કુવાને ૧૩) મહીના સુધી લોકોના વપરાશમાંથી અલગ રખાવ્યો હતો. આ બનાવ ઉપરથીજ નવસારીના લોકો દસ્તુર જમશેદજીને એક કાબેલ દસ્તુર તરીકે પહેલવહેલા પીછાણુવા લાગયા

કેટલાંક વરસ નવસારી ખાતે ગુજારવા પછી એવણુ સદાના મુંબઈ આવી વસ્યા અને એક પંડીતના હાથ હેઠળ સંસ્કૃતનો અભ્યાસ કરવા માંડયો. તે વખતે મુબઇમાં જાગતી દીનને લગતી

તકરારોમાં આએ દસ્તુરજી સાહેબ પણ પોતાના બડોલનો હીસ્સો આપી પોતાના પવીત્ર મજહબની સેવાઓ બજાવ્યા જતા હતા અને જેમ નવસારીમાં તેમ મુંબઈમાં પણ પોતાની દસ્તુરી કારકીરદી એહલકતી કરવામાં ફત્તેહમંદ ઉતર્યાં તે એવણુની બોહલી કાબેલ્યત અને વિદવતાના મરતાપ હતા. ઇ. સ. ૧૮૨૧ માં પોતાના પીત્રાઇ કાકા મરહુમ દસ્તુર ફસતમજી ખુરશેદજી (હમારા બાંધના બાપાવા) ના મરણ પછી તેવણુની જગા ઉપર એવણુ બનાજીની પુરાણી દરેમેહરના દસ્તુર ઠર્યો હતા જે ઓધો એવણુ પોતાની હૈયાતી સુધી ભોગવ્યો હતો.

આ દસ્તુરજી સાહેબની મુંબઇ ખાતેની કારકીરદી દરમ્યાન દીનને લગતી કેટલીક તકરારો જાગી હતી અને કેટલાક હિતીહાસીક બનાવો બન્યા હતા અને તેઓનો એવણુની કારકીરદી સાથ સંબંધ હોવાથી તેની નોંધો લેની હમો દરરત ધાર્યે છીએ.

ઇ. સ. ૧૮૨૩ મા મુંબઇની પારસી પંચાયતના અકાબરોએ મહીનાના ચાર દીવસો—બહમન, મોહર, ગોશ, રામ—ઉપર રૂવાનના બાજ રૂજગાર પડે, યા ચેહારૂમ, દસમું, માસીસો વીગેરે આવે તોપણુ ગોશ નહી ખાવાનો ઠેરાવ કર્યો હતો અને તે ઉપરથી ગોશ ખાવાની તકરાર જનમ પામી એ વીશે દસ્તુરોનો અભીપ્રાય પુછ્વામાં આવ્યો જેમાં દસ્તુર જમશેદજીનો અભીપ્રાય પંચાયતના ઠેરાવને મલતોજ હતો.

. ગોશની તકરાર પછી ત્રણુ વરસે યાને ઈ. સ ૧૮૨૬માં કબીસાની તકરાર જાગી જે વખતે આ દસ્તુરજીએ કદમીઓ તરફથી તકરારમા ભાગ લઇ તે ટોળાની સારી સેવા બજાવી હતી.

સુરતવાલા મરહુમ દસ્તુર ફરામજી અસપદયારજી રબાડીએ ઇ સ. ૧૮૨૪ માં મરહુમ શેઠ ફરામજી કાવશજી બનાજી માટે વંદીદાદ, યઝશને અને વીસપરદનો ગુજરાતીમા જે તરજુમો કર્યો હતો તેની તપાસ માટે દસ્તુર જમશેદજી, તેવણુના ભાઇ દસ્તુર જામાસ્પજી, દસ્તુર મુલ્લાફીરોઝ બીન કાઉશ અને તરજુમો કરનાર દસ્તુર ફરામજીની એક કમીટી મજકુર શેઠ ફરામજી તરફથી નેમાઈ હતી. આ તરજુમાઓ તપાસવાનુ કામ તા૦ ૨૦મી જુલાઇ ૧૮૨૫ ઇસવીથી તે તા૦ ૧૬ મી એપ્રીલ ૧૮૨૬ ઇસવી સુધી ચાલ્યુ હતુ. મજકુર દસ્તુર સાહેબોએ તરજુમાઓ તપાસી નીચે મુજબ શહીઓ કરી હતી.—

"લા૦ કમતરીન ખાકસાર જરએબેમકદાર આ. ફરામજી અસપ દીઆરજી રબાડીના —જત એ લખેલી કેતાબના દફતરોનો તરજુમો કમતરીને દસ્તુર જમશેદજી એદલજી તથા જામાસ્પજી એદલજી બેહમનજી જામાસપજી આશાજીના તથા દસ્તુરાને દસ્તુર સાહેબ મુલ્લા ફીરોજજી કાઉશજી સાથે બેસીને મોકાબલો કરી તપાસીને ખરો કીધો છે શહી "

"લા૦ કમતરીન ખાકસાર જરહેવાર મુતાબએ દીને જરથોસ્તીઆન જમશેદ બીન દસ્તુર એદલજી બેહમનજી.—જત એ દીનના દફતરોના તરજુમાને હક વાજબી મુજબ ખુદા દરમેઆન રાખીને એ દફતર ૪ મોબેદ ફરામજી અસપ દીઆરજી તથા દસ્તુર જામાસ્પજી એદલજી બેહમનજી તથા દસ્તુરાને દસ્તુર સાહેબ મુલ્લાં ફીરોજજી કાઉશજી સાથે બેસીતે મોકાબલો કરી તપાશી એ. તરજુમો ખરો કીધો છે શહી. "

દસ્તુર મુલ્લાં ફીરોઝની ફારશીમાં સહી છે.

"લા૦ ખાકપાએ દીન બેહ માજદીઅશની જરથુસ્ત એસપનતમાન આ૦ જામાસ્પ બીન દસ્તુરજી એદલજી બેહમનજી જમશેદજી દસ્તુરાને દસ્તુર સાહેબ જામાસ્પજી.—જત એ કેતાબ ઉપર લખેલી મોબેદાન મોબેદ ફરામજી અસપદીઆરજી રબાડીનાએ હીનદવી મધે તરજુમો કીધો તે કેતાબ દસ્તુરાને દસ્તુરજી સાહેબ દીને રેહનુમા મુલ્લાં ફીરોજજી કાઉશજી તથા દીન આગાહ દસ્તુરજી સાહેબ જમશેદજી એદલજી સાથે બેસીને તપાશી દરોસ્ત કરીને ભલી માજદીઅશની દીનના સાહેબો જે ભલી દીન ઉપર પુરો એતેકાદ રાખનારા સાહેબોને હજુર ખોદા દરમેઆન એ કેતાબ શહી કીધી છે શહી. એ કેતાબના દફતર ૪ સઘળાં ઉપર લખેલા સાહેબો સાથે બેસીને મુકાબલો ખુબ દરેક તપાશીને મોકાબલો કરી શહી કીધી છે."

આ શહીઓ પછી નીચલા સાહેબોએ પોતાની શાખો કરી છે:—

" લા૦ મનચેરજી કેકોબાદજી શાખ. જત હમારે હજુર ઉપલા દસ્તુર સાહેબો જણ ૪ રે શહી કીધી છે."

" લા૦ કમતરીન ફરદુનજી મોબેદ મરજબાનજી શાખ–જત ઉપર લખેલી શહીઓ હમારે હજુર જણ ૪ રે કીધી છે."

" લા૦ પારસી ખુરશેદજી માણેકજી શરાફ શાખ–જત ઉપર શહીઓ દસ્તુરો જણ ૪ રે હમારે હજુર શહી કીધી છે."

" લા૦ પારસી સેવક જમશેદજી જીજીભાઇ શાખ. જત ઉપલી શહીઓ દસ્તુર જણ ૪ ચેઆરે હમારે હજુર કીધી છે."

તા૦ ૧૪ મી એપ્રીલ ૧૮૪૦ ઇસવીને દીને મુંબઇના ચીફ પ્રેસીડનસી માજીસ્ટ્રેટ મી. પી. ડબલ્યુ. લીજીટે સરકારના હુકમથી પારસી પંચાયતવાલાઓ ઉપર એક પત્ર લખી એવું જણાવ્યું હતું કે જયારે આપઘાત તથા બીજા અચબુચ કારણોથી મરણ પામેલા શખ્સની લાસ ઉપર જુરી બેસવામાં આવેછે ત્યારે લોકોમાં તરેહવાર વેહમો ચાલેછે માટે પારસીઓમાંથી કોઇનું ઉપલાં કારણોથી જો મરણ નીપજે તો કોરોનરની જુરી કયા ધોરણ ઉપર તેની તપાસ કરે તે વીશેનો લેખીત ખુલાસો જાણવા માગયો હતો. આ ઉપરથી પંચાયતના અકાબરોએ દસ્તુર એદલજી દારાબજી જામાસ્પ આશાના, દસ્તુર એદલજી દારાબજી સંજાણા, દસ્તુર રસતમજી કેકોબાદજી મુલ્લાં ફીરોઝ, એરવદ મનચેરજી શાપુરજી સંજાણા, એરવદ ડોશાભાઇ શોહરાબજી મુનસી ઉપરાત દસ્તુર જામશેદજીનો પણ અભીપ્રાય જાણવા માગયો. પંચાયતે એ કામ દસ્તુરોને સોંપવાથી મુંબઈના ૯૩) જરથોસ્તીઓની શહી સાથની એક અરજી મજકુર દસ્તુરો ઉપર આવી હતી, જેમાં તેઓએ એવી અરજ કરી હતી કે "હમો સારી પખે સમજીએચ કે આપરી દીનમો જુદદીનવાલાની નજરથી શ્વાન ઉપર પરવીબી નહી જોઇએચ તો પેટ ચીરવાને તો આપરી દીનમો અલબતે હોકમજ નહી હશે; વાસ્તે તમો જે કીતાબોમાંથી, દાખલા કાડીને જુવાબ આપો તે ચોકશ, ખરો, ખોદાએ વાજબી જાણીને આપજો; કાંએજે એ બારીક કામ છે, તેથી તમો દીનની રાહાથી હકવાજબી ઘટતો જવાબ હોએ તે આપજો. કાંએકે એ જવાબ આપેઆથી જે પરમાણે તમો સાહેબો જવાબ આપશો તે તમારા જવાબ પરમાણે કામ જાવેદાન ચંનદરોકાલ સુધી ચાલશે "[1] એરવદ ડોશાભાઈ સોહરાબજી મુનશી શીવાય સઘળા દસ્તુરોએ એકમત થાઈ એક લંબાણ ખુલાસો પંચાયતના અકાબરો ઉપર લખી મોકલ્યો હતો અને તેમાં એવુ જણાવ્યુ હતું કે "આપણી દીનમાં મુએલાં આદમીનું પેટ ચીરવુ અને તેની સાથ આલુદે થાવું અજીમ ગુનાહ ભરેલું છે,"[2] દસ્તુરોના આવા ફતવા ઉપરથી પંચાયતે તા૦ ૨૯ મી મેએ ૧૮૪૦ ઇસવીને દીને મી૦ લીજીટને જવાબ વાલ્યો કે "લાશને ચીરવાનું હમારા લોકોની ધર્મ સબંધી લાગણીને કંટાળો ઉપજાવનાર છે, તોપણ એ બાબદમો હમારા ટોળાને લાગુ પડે તેવા જે કાંઈ કાયદા સરકાર ઠેઠવશે તે અમલમાં લાવવાને અમો મોટી ખુશી સાથે અમારી મદદ આપીશું". ૩

ઇ સ. ૧૮૪૩ માં પુના ખાતે મરહુમ શેઠ સોહરાબજી રતનજી પટેલે પોતાને ખરચે બંધાવેલી દરેમેહરમાં આતશ આદરાનને તખ્તનશીન કરાવ્યા તે વખતે પોતાના નાયલા ભાઇ દસ્તુર જામા-

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લું સફે ૩૬૦ ની ફુટનોટ.

૨ " " " " "

૩ " " " " " [illegible]

ચીફ મેજીસ્ટ્રેટનો પત્ર અને તેના જવાબ માટે જુઓ "મુંબાઇ પંચાયત" [illegible]

રૂપજી એદલજીને એ કામમાં મદદ કરવા માટે પુને પધાર્યા હતા રોજ ૨૦ માહ ૯ સને ૧૨૧૨ યઝદજરદી, તા૦ ૧૫ મી જુન ૧૮૪૩ ઇસવીને દીને આતશ આદરાનને એક દબદબા ભરેલી મીજલસ સનમુખ તખ્તનશીન કીધા પછી મરહુમ શેઠ સોહરાબજી પટેલ તરફથી એક અને પુનાની અનજુમન તરફથી એક મલી બે શીઆલો એવણને હોરાડવામાં આવી હતી. ત્યારબાદ મોબેદ શેઠની તારીફમાં લખેલો કસીદો દસ્તુરજીએ ફારસી ઝબાનમાં મીજલસ સનમુખ વાંચી સંભળાવ્યો હતો.

મુંબઇમાં દસ્તુર જમશેદજી સાહેબનું નામ ધર્મ ક્રીયાઓના સંબંધમાં આજ સુધી જે જોડાએલું રહ્યું હોય તો તે કદમી દરેમેહર અને કદમી આતશબેહરામ પરઠાવવાનુ ક્રીયા કામ છે. મુંબઇવાલા મરહુમ શેઠ ફરામજી નશરવાનજી પટેલે મજગામમા એક કદમી દરેમેહર બંધાવી હતી તેમાં રોજ ૧૧ માહ ૩ (કદમી) સને ૧૨૧૫ યઝદજરદી, તા૦ ૭ મી નવેમબર ૧૮૪૫ ઇસવીને દીને આતશ આદરાનને તખ્તનશીન કરવાની ક્રીયા એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ કરાવામાં આવી હતી. એના કરતાં પણ વધારે મહત્વનુ જે ક્રીયા કામ થયુ હતુ તે મુંબઈમાં એક કદમી આતશબેહરામ પરઠાવવાનું ક્રીયા કામ હતું ઈ. સ. ૧૮૪૫ માં બનાજીના ખાનદાનના નામાંકીત નબીરાઓ મરહુમ શેઠો ફરામજી, ખરશેદજી અને રૂશતમજી કાવસજી અને શેઠ દાદાભાઈ રૂસતમજીએ પોતાના મુરબ્બી મરહુમ શેઠ કાવશજી બેહરામજી બનાજી અને માતુશ્રી જીઆઇજીની નેયતે બંધાવેલા આતશબેહરામ સાહેબને પરઠવાનુ સઘળુ ક્રીયા કામ આ દસ્તુરજી સાહેબના ઉપરીપણા હેઠળ કરાવવામાં આવ્યુ હતું. મરહુમ શેઠ ફરામજી અને ભાઇઓ સરીખા કદમી પંથના ચુસ્ત હીમાએતીએ એક શહેનશાહી પંથના દસ્તુરની રેહબરી હેઠળ આતશબેહરામ પાદશાહને તખતનશીન કરાવે એ શહેનશાહી જરથોસ્તીઓને જેટલુ મગરૂર કરનારૂ તેટલુજ દસ્તુર જમશેદજીના દરજજામાં વધારો કરનારૂં ગણાઇ શકાય. દસ્તુર જમશેદજીની સરદારી હેઠલ રોજ ૧૭ માહ ૪ (કદમી) સને ૧૨૧૫ યજદજરદી, તા૦ ૧૩ મી દીસેમબર ૧૮૪૫ ઇસવી, તા૦ ૧૩ મી જીલહજ સને ૧૨૬૧ હીજરી, સંવત ૧૯૦૨ ના માગસર સુદ ૧૫ અને શનીવારને દીને શહવારના ૮॥) વાગે આતશબેહરામના ગુંબજને મોહટા માન અને મરતબાથી તખ્તનશીન કરવામાં આવ્યાં જેની પેહલી બોઇ દસ્તુર બેજનજી રૂસતમજીએ દીધી હતી આવી રીતે દીનને લગતી મહાભારત ક્રીયાનું ઉપરીપણું કરનાર મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુટુંબમા દસ્તુર જમશેદજી સાહેબ પેહલા હતા. આ આતશબેહરામનુ આલીશાન અને કુશાદે મકાન અને તે તરફની આબો હવાનું બ્યાન કરતા મરહુમ દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાના લખેછે કેઃ—

કે બીલફીલ ઝમાનો હુમ હોમાફર,
ક્વીન વીકટોરીયાએ દાદ ગુશતર.
બહીને જોર્જ આરથર કો ગવરનર,
બ મુંબઇ બુદ ઝંદરાલે મુઝફ્ફર.
દરીં મુંબઈ બજાએ હદદે ગીરગામ,
કે સરફ્રાતે ઝરે શાં ગસ્ત એતમામ.
બનાયશ નેહ કે રેહમત હાએ યઝદાન,
નઝુલે ફરહરો અમસાસફનદાન.
કે બરતર કેબલએ દીને બહી રાસ્ત,
શહેપાક અંદરાં બર તખ્ત પએદાસ્ત.
બહી ગાહશ પરસ્તીએ ખુદારાસ્ત,

તરાવત બક્ષે ખાતર પુર ઝે ઝીબાસ્ત.
ચુનાન સાઝીદ આન શાહી સરાયશ,
બરે દરયા બખુબ આબો હુવાયશ.
કઝો નસીઆં કુનદ બાગે અરમરા,
શફા અઝ ફઝલે રબ બાશદ સોકમરા.
દલાં અંદરાં તુલે બઝમ ગાહી,
તો ગોઈ કાં બુવદ દરબારે શાહી.
ઝે કાલીન હાએ રંગે નક્ષી હાનશ,
ઝે તખ્તહાએ આઇનેહ કેલાનશ.
ઝે બીલોરીં ઝહે નક્ષે દરખાન,
બશાને ગોહુરાને સતશ દરખ્શાન.
નમુને બલકે જીનતરા બ દુન્યાસ્ત,
તો ગોઈ કંનદરાં બરપા સરાઈઆસ્ત.

અર્થ:—જમાનાની બીલકીશ, હોમાના જેવી દબદબા ભરેલી અને દાદની બીછાવનારી રાણી વીક્ટોરયાના અદલ રાજમાં અને મુંબઇના ફતેહમંદ ગવરનર જીઓરજ આરથરના વખતમાં મુબઈ શહેર મધે ગીરગામની હદમા તે ચેહારો સાહેબોના ખરચથી આતશબેહરામના મકાનનુ કામ પુરં થયું તે જગો કઇ ઈમારતની નથી પણ યઝદાનની રેહમત ઉતરવાની અને ફરોહર અને અમસાસફંદોની ઉતરવાની જગા છે, કે જયાં રાસ્ત ભરી દીનનો બુલંદ કેબલો જે પાક આતશબેહરામ પાદશાહ તે તખ્ત ઉપર રોશન બીરાજે છે. ખુદાની પરસ્તેશ કરવાની તે જગા ઝીબાયશ ભરેલી અને દીલને તાઝગી અને ખુશી બક્ષનારી છે. આએ પાદશાહી મેહલ દરયાની આગલ આબો હવાની દરમ્યાન એવોતો બનાવ્યો છે કે જેના જોવાથી એરમના બાગને પણ ભુલી જવાએ અને ખુદાની બક્ષેસથી દુ:ખી દરદીઓને પણ તનદરસ્તી હાંસલ થાય તેમાં મીજલસનો એક લાબો હોલ બનાવ્યો છે જે ગોયા દેખાવમા પાદશાહી દરબાર જેવો લાગે છે તે હોલને રંગબેરંગી જુમરોથી સણગારેલો છે તેથી તે ગોહરો મીસાલ ઘણી તેજીથી ચલકાટ આપે છે અને તે હોલમાં રંગબેરંગી નક્ષીદાર ગાલીચાઓ પાથરવા સાથે આરસીના મોહટા તખ્તાઓ તાંગેલા છે આએ મેહલ દુન્યામાં ગોયા બેહસ્તનો નમુનો છે કે જેની અંદર સરઇઆ સીતારાઓ ઉભા રહીને તેની ખેદમત કરે છે.

એ નુર ભરેલા આતશબેહરામ પરદવાની કીયા વીશે આગલ વધી ઇસારો કરે છે કે:—

ઝે નીરંગહાએ સુબદહાએ ઉશાન,
ઝે યશ્તે આતશાં હરયક જુદાગાન.
કે અંદર કારહાયશ પીશ દસ્તાન,
રદ સુબદ બેઝનદારૂ અઝ ઇશાન.
ઝે તદબીરાતે દસ્તુરેમ જમશીદ,
કે અઝ જામાસ્પ આશાયશ બુવદ શીદ.
બરૂએ પાકો ફરખંદે સરૂશા,
બમાહે તીરે ઈશાન ખનદદે મા.
હાવન ગહે બ ફરશો હશમતો રખ્ત,
નીશાનદેહ વરેહરામ આતશ બબસ્સખ્ત,

અર્થ–તેઓના મોબદોની ક્રીયાથી આતશો જુદા જુદા ઇજીને તેઓના આગેવાન દાના મોબદ એઝંદારની પેશ દસ્તીથી અને જામાસ્પ આસાની નસલથી ઉતરેલા દસ્તુર જમશેદજીની ફરમાવેલી તદબીરોથી તે આતશબેહરામ બનાવનારા સાહેબોનો તીર મહીનો અને હમારો ખુરદાદ મહીનાના સરોશ રોજે હાવન ગેહમાં મોહટા માન મરતબા અને દબદબાથી આતશબેહરામ સાહેબને તખ્ત ઉપર બેસાડયા.

છેલ્લે એ આતશબેહરામ તખ્તનશીન કરાવનારા ભાઇઓ અને ભત્રીજાના હકમાં નીચે મુજબ દુઆ ગુજારી દસ્તુર મીનોચેહરજી એદલજી પોતાનું લખાણ ખતમ કરે છેઃ—

મરીં સાઝન્દ ગાનશરા ઈલાહી,
કે ફરરો બુરજ દારી બા મબાહી.
બ શાદીઓ બ નાઝો અએશો આરામ,
અબા ફરઝંદે ફરઝંદાં બખુશ કામ.
બે આરી હર મુરાદાતી કે દારંદ,
રસાની મકસદે નેક અઝતો ખાહુંદ.
મીનોચેહર હસ્ત અઝ દીલ આફ્રીંગો,
નીસારે શાં કુનદ દોરરે સુખનનો.
કે તા જાવીદ માનદ ઇં મકા નુર,
ઝેનઝમમ ખલ્ક બાશદ શાદો મસરૂર.
કે હસતમ ખલ્ફે એદલજી દસ્તુર,
બુદશ અઝ દસ્તુરે દારાબે મગફુર.
કે આં દારાબ અઝ જમશીદ નામી,
બુવદ અઝ જામાસ્પ દસતુરે ગેરામી.
ખુદાવંદા ઝે ફઝલે ખુદ હરદમ,
બશોકત દાર ઉશાનરા મકરમ.

અર્થઃ—અએ પરવરદેગાર ! આતશબેહરામના બનાવનારા સાહેબોને દબદબા, માન મરતબા અને બુઝોરગી સાથે રાખજે, અને તેઓને ફરઝંદાન ફરઝંદો સાથે ખુશી ખુરમી, લાડ અને એશ આરામથી રાખીને તારી પાસે જે મુરાદો ચાહે તે તારી કરમબક્ષેસથી બર લાવજે. દીલોજાનથી દુઆનો કરનાર મીનોચેહર આએ નવી વાતના મોતીઓને તે ચેહારો સાહેબો ઉપર વધાવી લે છે. જયાંસુધી આએ નુર ભરેલુ મકાન કાયમ રહે ત્યાં સુધી માહરી નઝમ વાંચવાથી ખલકના લોકો ખુશી ખુરમી ભરેલા રહે. મરહુમ દસ્તુર દારાબના બેટા દસ્તુર એદલજીનો હું દીકરો છુ કે જે દસ્તુર દારાબ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના નામવર દીકરા દસ્તુર જમશેદનો દીકરો છે અએ ખુદા ! તારી ફઝલો કરમથી એ સાહેબોને હમેશા દબદબા અને બુઝોરગી સાથે રાખજે.

આએ આતશબેહરામ પરઠવાની ક્રીયા અગાઉ દસ્તુર જમશેદજીએ એક નવી રસમ કદમી પંથના મોબદોમા દાખલ કરવાથી એવણને કેટલુક સુધી ઘણુ ખમવું પડયું હતુ એ નવી રસમ એ હતી કે કદમી મોબદો વરસીઓ અને તેના વરસ બાલ ઉપર અમલ ન કરતાં “વરસે કદીમ” પર પોતાનો યોજદાથ્રગીરીનો પેશો ચલાવતા હતા. પણ મજકુર કદમી આતશબેહરામનું ક્રીયા કામ સુરૂ કરવા આગમચ કદમ દસ્તુર જમશેદજીએ નવો વરસીઓ અને તે વરસના બાલને અમલે નવી નીરંગદીન કરાવીને પછી આતશબેહરામનુ ક્રીયા કામ ચાલુ કરાવ્યુ. આ નવી રસથીમ કદમી

મોબદોમાં બે પક્ષ થઈ પડી અને તેઓમાં મત ફેર ચાલવા કીધો. પછવાડેથી તેઓમાંથી મતફેર નીકળી ગયો અને બેહુ પક્ષો એકદીલ થઇ ગઇ. સઘલા કદમી મોબદો "વરસે કદીમ" નો ચાલુ સુમાર કરી આજ સુધી વરસીઆના વરસ બાલ ઉપર અમલ ચલાવે છે. એવી રીતે એ નવી રસમ મજકુર કદમી આતશબેહરામની સ્થાપનાને આભારી છે.

નવસારી અને મુબઇના જરથોસ્તીઓમાં એ દસ્તુરજીનો માન મરતબો મોહટો ગણાતો હતું. અને અથોરનાન ટોળો એવણના ફતવાઓ ઉપર હરદમ રાજી રહેતો હતો. શહેનશાહી અને કદમી ટોળાનો એક સરખો ચાહ અને માન પોતે મેલવવા પામ્યા તે એવણની કાબેલ્યત, સાલેસાઇ અને નરમાસનુ મુખ્ય પરીણામ હતું. બનાજી અને દાદીશેઠનુ કુંટુંબ એવણને માન અને મોહબતથી ચાહતું હતુ. કદમી પંથના વડા દસ્તુર પ્રખ્યાત મુલ્લાં ફીરોઝ સાથ એવણને ધાડી મીત્રાચારી હતી અને ધર્મને લગતી બાબદોમા દસ્તુર જમશેદજી તેવણ સાહેબના વીશ્વાસુ સલાહકાર ગણાતા હતા.

દસ્તુર જમશેદજી જંદ, પહેલવી અને ફારસીમા કેટલા પુર્વીણ હતા તે એવણના લખાણો ઉપરથી જણાય છે. ઇ સ. ૧૮૪૦ માં એવણે "પંદ નામે આદરબાદ મારાસપંદ" અને "પાજંદ મીનો ખેરદ" નો ગુજરાતી તરજુમો છપાવી બહાર પાડયો હતો. એવણે પોતાની વિદવતાને બલે વંદીદાદની ૧૨) મી પરગરદનો સરેહ સાથનો પહેલવી અને ગુજરાતી ઝબાનમા તરજુમો કર્યો છે, જેમાંનો ગુજરાતી તરજુમો મરહુમ દસ્તુર ફરામજી અસપંદયારજી રબાડીએ પોતાના વંદીદાદના તરજુમામાં દાખલ કીધો છે એવણની સસકૃત ભાષાની કાબેલ્યતની ગવાહી મોબદ નેરીયોસંગ ધવલના પહેલવી શેકન ગુમાની વજારના સંસકૃત તરજુમાનો એવણે કીધેલા ગુજરાતી તરજુમા ઉપરથી મલી શકે છે. તેમજ એવણની કલમથી લખાયલા ફારસી કસીદાઓ ઉપરથી એવણનુ ફારસી ભાષાનુ જ્ઞાન સીધ્ધ થાય છે. એ શીવાએ એવણની કલમથી લખાયલી કેટલીક કેતાબો એવણના ભત્રીજા અને જમાઈ પુનાવાલા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીના કેતાબખાનામાં આજે મોજુદ છે, જેમા શાયસ્ત લા શાયસ્ત, કારનામે અરદશીર બાબગાન, અરદાવીરાફ અને ગોસ્તે ફરીઆન મુખ્ય છે. એ સઘલી કેતાબો એવણે ઇ. સ. ૧૮૨૧ માં લખી હતી.

આ દસ્તુરજી સાહેબના હાથ હેઠલ કેટલાક સાહેબોએ જંદ, પહેલવી અને ફારસી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો, અને નીચે જણાવેલા સાહેબો, જેઓ પોતાની વિદવતા અને કાબેલ્યતને લીધે પારસી ટોળામાં મોહટી નીખ્યાતી પામી ગયા છે તેઓ આ કાબેલ ઉસ્તાદ સાહેબના શાગેરદો હેવાનુ માન પામ્યા હતાઃ—

૧. પુનાવાલા મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજી તે દસ્તુર જંમશેદજીના નાહાના ભાઈ અને પુનાના પહેલા વડા દસ્તુર.

. મુંબઇવાલા મરહુમ દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાના તે દસ્તુર જમશેદજીની ફુઇના દીકરા અને મુબઇના શહેનશાહી પંથના દસ્તુર

સુરતવાલા મરહુમ દસ્તુર જમશેદજી બરજોરજી તે સુરતના શહેનશાહી પંથના દસ્તુર અને "સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલન્ટ ઇનસ્તીટયુશન" ના માજી શીક્ષાગુર.

મુંબઇવાલા મરહુમ શેઠ ડોશાભાઈ જમશેદજી વહાડયા તે આગલી પારસી પંચાયતના પ્રમુખ મરહુમ શેઠ જમશેદજી બહમનજી વહાડયાના દીકરા અને મરહુમ દસ્તુર મુલ્લાં ફીરોઝની "જુહાત" ના લખનાર

આ દસ્તુરજી સાહેબ ૨૧) દીવસ સુધી સુનેપાતની બીમારી ભોગવી રોજ ૩ માહ ૨, સને ૧૨૧૭ યઝદજરદી, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૪૭ ઇસવીને દીને ૫૯) વરસની ઉમરે મુંબઇમાં બેહસ્તનશીન થયા. એવણ સાહેબ નબલા બાંધાના અને નાજુક તબયતના હતા. એવણના હુકમ,

ણામાં મરહુમ શેઠ ફરામજી કાવસજી બનાજીએ એવણુનું નામ અનર્જુમનની જાહેર ફાયામાં "દસ્તુર" એલકાબથી લેવાની દરખાસ્ત કરવાથી એવણુનું નામ "દસ્તુર જમશેદ એરવદ સોહરાબ" કરી જાહેર જશનો અને ધુપ નીરંગમાં યાદ કરવામાં આવે છે એવણુનું મરણુ તા૦ ૪થી નવેમ્બર ૧૮૪૭ ના "મુંબઇ સમાચાર" છપાયુ છે જેમાં લખે છે કે –

"હમોને લખવાને દલગીરી લાગેચ કે આએટાપુમોના પારસી લોકોમો વખણાએલો અને શેઆણા પારસીઓથી માન પામેલો અને દસ્તુરોની શફને જેમ દેનારો રાસ્ત ગોફ્તાર દસ્તુર જમશેદજી એદલજી જામાસ્પ આશાનાએ ૬૦) વરસની વએમો આએ નાશ પામનારી આલમમોથી ૨૧) દહાડાના શનેપાતની તાવના રોગથી રોજ ૩ જો અરદીબેહસ્ત માહ ૩ જો ખોરદાદ કદમી સને ૧૨૧૭ યઝદજરદી, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૪૭ વાર સનેઉને દીને રાતના આશરે ૯॥। કલાકને અમલે પોતાનો અશબાબ ઉઠાવીને જીનતવાસી લોકોમો જાઇ વાશો કરેઓ. એ મરનાર દસ્તુર પારસી લોકોનું ધરમ પુસ્તક જે અવસ્તા જબાનમો છે તેહમો ફરમાવેલા ખોદાઇ હોકમોની અને પેહલવી જબાનમો લખેલી તેહની શરેહની અસલ મતલબને શારી રીતે સહમજતો હતો. અને જરથોસ્તી ધરમની હરેક બાબતનો ફતવો રાસ્તી દરૂસ્તીથી આપતો હતો અને ધરમનીતીની અને સાચવટપણાની અને ઇમાનદારીની ખુબીને ઘણીજ સારી રીતે સહમજતો હતો તેથી કરીને આએ ટાપુમોના મોટે વાયેના શેઆણા પારસી લોકો એ મરનાર દસ્તુરને મોટુ માન આપતા અને પ્યાર રાખતા હતા હેવા એક ગુણવાલા દસ્તુરના મરણુથી પારસી ટોળામોના વીદેઆવાન લોકોમો ઉદાશી ભરેલો સંતાપ પેદા થાએઓ છે. એ મરનાર દસ્તુરની લોથને અવલમંજલ પોહચાડતી વખતે માન આપવાના કારણુશર આએ ટાપુમોનાં સઘળા દસ્તુર મોબેદો ગએઆ હતા અને તેમજ ઉઠમણુાની કીરીઆને વખતે, તે સઘલા લોકો હાજર થાએઆ હતા. તેથી એ મરનાર દસ્તુરના ઘર આગલ એક મોટી મીજલેસ થાઇ હતી."

એવણુના ધણીઆણીનુ નામ મેહરબાઇ હતુ જેવણુને પેટે ચાર દીકરા અને ત્રણુ દીકરીઓ મલી ૭) ફરઝંદો જનમ્યાં હતાં. વડા દીકરા એરવદ સોહરાબજી રોજ ૧૫ માહ ૯ ને દીને પોતાના બાવાની હૈતીમાં ગુજરયા હતા,[1] બીજા દીકરા એરવદ રૂસ્તમજી પોતાના પીતાના મરણુ પછી બનાજીની દરેમેહરના દસ્તુર ઠર્યા હતા અને રોજ ૨૭ માહ ૧૨ સને ૧૨૪૬ યઝદજરદી, તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૭૭ ઇસવીને દીને ૬૭) વરસની ઉમરે મરણુ પામ્યા હતા. ત્રીજા દીકરા એરવદ નવરોજી રોજ ૨૯ માહ ૫ સને ૧૨૧૯ યઝદજરદી, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૮૫૦ ઇસવીને દીને મરણુ પામ્યા હતા. એવણે તા૦ ૨૫ મી અકટોબર ૧૮૪૬ ઇસવીને દીને પાદશાહ બેહરામગોર અને બાનુ હોસનનો કીસ્સો ગુજરાતી અને ઉરદુ ઝબાનમાં છપાવી બહાર પાડયો હતો. ચોથા દીકરા એરવદ પેશોતનનો જાણુવાજોગ અહેવાલ નીચે આપવામા આવ્યો છે દસ્તુર જમશેદજીનાં વડા દીકરી નવાજબાઈ આ. ખરશેદજી જમશેદજી ભોજલુ સાથ, બીજા દીકરી દીનબાઈ તે દસ્તુર જમશેદજીના બત્રીજા પુણાવાલા સરદાર દસ્તુર નોશીરવાનજી જામાસ્પજી સાથ અને ત્રીજા દીકરી ધનબાઈ તે આ૦ કાવશજી દાદાભાઇ અરજાણી સાથ પરણ્યાં હતાં.

પરવરદેગાર મરહુમ દસ્તુર જમશેદજીના રૂહને શાંતી બક્ષો

---

૧. એરવદ સોહરાબજીના મરણુનો સને ઘણીબી શોધ કરવા છતા ખાતરીપુરવક જણાયો નથી, પણ એવણુના કાકાના દીકરા પુણાવાલા દસ્તુર બેહમનજી જામાસ્પજીના જણાવવા મુજબ સોહરાબજી ૨૫) વરસની નોજવાન ઉમરે મુંબઈમા એકાએક ગુજરવાથી એવણુના બાવા દસ્તુર એદલજી બેહમનજી ઘણાજ રંજીદા અને નાઉમેદ થઈ ગએલા અને પોતાના નબીરાના મરણુના ગમની અસરથી થોડા વખતમા ગુજરેલા હતા હવે દસ્તુર એદલજી બેહમનજી રોજ ૯ માહ ૧૨ સને ૧૨૦૫ યઝદજરદી, તા૦ ૩૦ સપટેમબર ૧૮૩૬ ને દીને ગુજરયા હતા તો તેવણુ પોતાના નબીરા સોહરાબજીના ગુજરવા પછી પંદર મહીને યાતો ત્રણુ મહીને ગુજરવા જોઇએ. તે મુજબ એરવદ સોહરાબજીના ગુજરવાનો સને ૧૨૦૪ યાતો ૧૨૦૫ યઝદજરદી એ બેમાનો એક હોવો જોઇએ.

એરવદ પેશોતન દસ્તુર જમશેદજી.

જનમ–યોજદાથ્રગીરી અને ફારસીની તાલીમ–"વર નેહાદે અવસ્તા"–આકોલામાં વસવાટ– વેપાર અને કનત્રાકટરના કામો–"મેલ સરવીશ"નું કનત્રાકટ–મરણ–સરકારી અમલદારોમાં માન અકરામ–ફરઝંદો.

એવણુ ઊપલા દસ્તુરજીના ચોથા અને સૌથી નાથલા દીકરા હતા. એવણુ ઇ. સ. સુમારે ૧૮૨૨ મા જનમ્યા હતા. સવત ૧૮૮૯ ના રોજ ૨૭ માહ ૪ સને ૧૨૦૨ યઝદજરદી, તા. ૨૫ મી જાન્યુઆરી ૧૮૩૩ ને દીને હેરબદ થયા હતા. એવણે પોતાના પીતા આગલ યોજદાથ્રગીરીનો અને ફારસીનો અભ્યાસ કર્યો હતો અને તેવણુની તપાસ હેઠલ એવણે તા૦ ૩૦ મી આગસ્ટ ૧૮૪૬ ને દીને "વરનેહાદે અવસ્તા" નામનુ પુસતક છપાવી બહાર પાડયુ હતુ. પ્રથમમાં એવણુ મુંબઈ મધ્યે બનાજીની દરેમેહરમા યોજદાથ્રગીરીનુ કામ કરતા હતા. ત્યાર પછી તા૦ ૭ મી મેએ ૧૮૪૧ ને દીને એવણુ પોતાના પીત્રાઇ ભાઈ દસ્તુર બેહમનજી જામાસ્પજી સી. આઇ. ઇ. ને તેવણુના દસ્તુરી કામમાં મદદ કરવા માટે જાલના ગયા હતા. લગભગ દોહોડ વરસ જાલના ખાતે ગુજારવા પછી એવણુ પહેલાં પુણા અને ત્યાર પછી મુંબઈ ખાતે પાછા ફર્યા હતા. ઈ. સ. ૧૮૫૮ થી એવણુ આકોલા જઇ વસ્યા હતા અને ત્યા શેઠ પેશતનજી રૂસતમજી કાગા અને બહમનજી ઉકરજી ખરાસ સાથ ભાગમા વેપાર અને કનત્રાકટનુ કામ કરતા હતા. પછવાડેથી પોતાનો ભાગ જુદો કરી "પેશતનજી એન્ડ સન" ને નામે આકોલામા "યુરોપ શોપ" ખોલી હતી અને ઇગ્રેજી તથા મોગલાઇ હદમાં દારૂ અને અફીમનો ઇજારો મોહટા પાયા ઉપર ચલાવતા હતા. એ ઉપરાત આકોલાથી હીંગોલી, મલકાપુરથી બુલદાના, ઉમરાવતીથી એલીચપુર અને વરોરાથી ચાંદા સુધીનુ "મેલ સરવીશ" નું કામ એવણુને હસતક હતુ જે હજી સુધી ચાલે છે. એવી રીતે ૪૬) વરસ સુધી વેપારી અને કનત્રાકટર તરીકેની જીંદગી ગુજારી એવણુ રોજ ૧૦ માહ ૮ સને ૧૨૭૩ યઝદજરદી, તા. ૨૧ મી એપ્રીલ ૧૯૦૪ ને દીને ૮૨) વરસની ઉમરે બેહસ્તનશીન થાયા. એવણુ પોતાની તબયતના સુધારા માટે દેવલાલી ગયા હતા અને ફકત ત્રણુ દીવસમાજ એવણુ ત્યાં મરણુ પામ્યા હતા. એવણુ આકોલાના આગેવાન શેહરી અને વેપારી તરીકે ત્યાના લોકોમા અને સરકારી અમલદારોમાં સારૂ માન પામતા હતા. એવણુના ધણીઆણીનુ નામ કુવરબાઈ હતુ અને તેવણે પોતાના ખાવીદને બે દીકરા અને પાંચ દીકરીઓ મલી ૭) ફરઝંદોની ભેટ કરી હતી. એવણુના દીકરા જમશેદજી સુરૂઆતથીજ એવણુ સાથ વેપારમાં સામેલ હતા અને હજી સુધી એજ કામ ચલાવ્યા જાએછે. એવણુના વડાં દીકરી અરનવાઝ પહેલાં પોતાના ભાણેજ પુણાવાલા મરહુમ એરવદ આદરબાદ નોશેરવાનજી દસ્તુર સાથ પરણુયા હતા અને વીધવા થાવા પછી શેઠ કેકાઉશ માણેકજી તાતા સાથ ગગરનાનાં ગાંઠથી જોડાંયાં હતાં. બીજાં દીકરી પીરોજબાઇ તે મુંબઇવાલા એરવદ રૂસતમજી કેરસાસ્પજી મોદી સાથ પરણેલાં છે. એ શીવાએ વીરબાઇ, સુનાબાઇ, ખુરશેદબાઈ અને હોરમજી મલી ૪) ફરઝંદો નાથલી ઉમરે ગુજરી ગયાં હતાં.

દસ્તુર જામાસ્પજી એદલજી.

જનમ–હેરબદીની તાલીમ–મુંબઈ ખાતે પધરામણી–દીનદારી એલમ–દીનઆઇનની આબદીનો અભ્યાસ–મુંબઈની બે દરેમેહરોના દસ્તુરનો એહદો–

દીનદારી તકરારમાં દસ્તુર જામાસ્પજીનો હીસ્સો-સુરતવાલા દસ્તુર કાઉસજી રૂસતમજીનું મરણ-મોબદોએ મારેલી ખાંધ-સુરતના જરથોસ્તીઓમાં જાગેલી તકરાર-દસ્તુર જામસ્પજીએ આપેલો ફતવો-ખાંધ મારનાર મોબદોનું પોતાના ધંધામાંથી રદ થાવું- યઝશને, વંદીદાદ અને વીસપરદના ગુજરાતી તરજુમાઓની તપાસ-દખણમાં દસ્તુરી ગાદીની સ્થાપના-પુનાનુ દુખમું અને દરેમેહર પરઠવાની ક્રીયા-દખણ હેદરાબાદ ખાતે પધરામણી-દસ્તુર જામાસ્પજીને મલેલો મોહટો આવકાર-દુખમું અને દરેમેહર પરઠવાની ક્રીયા-ફારસી અને અરબીનો અભ્યાસ-હેદરાબાદના નવાબો અને અમીરો સાથ મીત્રાચારી-"શંમસુલ હિનદસા" અને "શમસુલ તવારીખ" રચવામા દસ્તુર જામાસ્પજીની મદદ-જાલનાપુરનું પંથક-ઔરંગાબાદ ખાતે પધરામણી-શેઠ બાપુજી વીકાજીનું મોહટી ફોજ સાથ એસ્તેકબાલ લેવા જવું-દુખમું પરઠવાની ક્રીયા-રાજા ગીરધરીપ્રસાદની ઔરંગાબાદ ઉપર ચહડાઈ-શેઠ બાપુજી તથા દસ્તુરજીના મકાનને નાખેલો ઘેરો-સોલાપુરનુ દુખમું અને દરેમેહર પરઠવાની ક્રીયા-પુનામાં આતશઆદરાનનું તખ્તનશીન થાવું-હેદરાબાદ ખાતે બીજી-વારની પધરામણી-માલવા પ્રાંતની દસ્તુરી-મઉની દરેમેહર પરઠાવવાની ક્રીયા-મરણ-પંથકોની નોંધો-દેખાવ-મીજાજ અને ખાસ્યત-નીયમીત જીંદગી-કીમીયુ બનાવાનો શોક-લખાણો-ફરઝંદો.

મરહુમ દસ્તુર એદલજી બેહમનજીના ત્રીજા અને સૌથી નાધલા દીકરા દસ્તુર જામાસ્પજી જુમારે ઇ. સ ૧૭૯૮ મા જનમ્યા હતા એવણુ પોતાના વડા ભાઈ મરહુમ દસ્તુર જમશેદજીથી ૧૦) વરસે અને બીજાભાઇ મરહુમ એરવદ રૂસતમજીથી ૭) વરસે નાધલા હતા. પોતાના બપાવા મરહુમ દસ્તુર બેહમનજી આગલ નાવર મરાતબનો અભ્યાસ કરી સવત ૧૮૬૬ મા હેરબદ થાયા હતા, અને એવણુ સાહેબનીજ ઉસ્તાદગીરી હેઠલ ફારસી ભાષાનો અભ્યાસ કર્યો હતો. નવસારી ખાતે ચોજદાથ્રગીરીના પેશાના કેટલીક મુદત ગુજારવા પછી એવણુ મુંબઈ જઈ વસ્યા અને પોતાના વડા ભાઇ મરહુમ દસ્તુર જમશેદજીની શાગેરદી કરી જંદ, પહેલવી અને દીન આઇનનો સંગીન અભ્યાસ કર્યો હતો. પોતાના ભાઇ આગળ જેબી શીખતા તેની પોતાના બપાવા આગલ ઇમતેહાન આપવા માટે નવસારી આવજાવ કરતા હતા એમ પોતાના બપાવા અને ભાઇની ભેગી ઉસ્તાદગીરી હેઠલ એક ખબરદાર દસ્તુર અને શાએસ્ત મોબદને છાજતુ સપુર્ણ જ્ઞાન હાંસલ કીધું હતુ. મુંબઈ મધે મોથ ઉપર આવેલી મરહુમ શેઠ નવરોજી કાવુશજી નાલીએરવાલાની દરેમેહર, જે હાલ ફાહર ખાતે રથાપવામાં આવીછે, તેના દસ્તુર તરીકે દસ્તુરી દરજ્જામાં રહી ચોજદાથ્રગીરીનો પેશા કરતા હતા. તેમજ બનાજીની દરેમેહરના દસ્તુરનો અધીકાર એવણે પોતાના ભાઈ દસ્તુર જમશેદજીની ગેરહાજરીમા કેટલીક મુદત સુધી ચલાવ્યો હતો. પોતાના વખતમાં મુંબઇમા જાગતી ધર્મ અને સસ્કારને લગતી હરેક તકરારમા ભાગ લઈ દસ્તુર જામાસ્પજી જરથોસ્તીઓમાં ઘણા મશહુર થાયા હતા. જરથોસ્તી મજહબને લગતી એવી કોઇબી તકરાર નહી જાગી હોય કે જેમા દસ્તુર જામાસ્પજી પોતાનો અદના હીસ્સો આપવાથી પરહેજ રહયા હોય.

ઇ. સ. ૧૮૧૨ માં સુરતવાલા દસ્તુર કાઉસજી રૂસતમજી બેહેસ્તનશીન થાવાથી દસ્તુર જામાસ્પજીને જાહેરમાં પહેલવહેલો દેખાવ દેવાની ટક મલી હતી. મોબદીનો પેશો કરનાર કેટલાક

મોબદોએ મરહુમ દસ્તુર કાઉશજીને ખાંધ મારી અવલમનજલ પહોંચાડવાથી સુરતના પારસીઓમાં મોહટી તકરાર જાગી. ખાંધ મારનાર મોબદોએ પાછુ બરસનુમ લઇ પોતાનો ધંધો કરવાનો દાવો કર્યો. સુરતની અનજુમને એ તકરારનો નીવેડો પોતે ન લાવતાં મુંબઈની પારસી પંચાયત ઉપર આખેરી ચુકાદા માટે તે મોકલી આપી એ ઉપર વિચાર કરવા માટે પંચાયતના અકાબરોએ સમસ્ત અનજુમનની એક સભા ચરનીવાડી મધે વહાડયાજીની દરેમેહરમાં બોલાવી હતી જ્યાં દસ્તુરો, મોબદો અને ઘણાક આગેવાન ગૃહસ્થો હાજર થયા હતા. આ સભામાં હાજર રહેલાઓ અપસઅપસમા તકરારો કરી બધું ગોટાલ કરતા હતા અને કોઇબી નક્કી છેવટ ઉપર આવતા ન હતા આ વખતે દસ્તુર જામાસ્પજી મજકુર દરેમેહરમાં બરસનુમ લઇ બેઠા હત તેવણે હીમતથી અનજુમન હજુર આવી ફતવો આપ્યો કે ગુજરેલા આદમીની લાશને અવલમનજલપ હોંચાડનાર મોબદો દીનની શરતે મોબદીના કામકાજમાથી રદ બાતેલ થાવા જોઇએ ભવીષ્યમાં દખણની દસ્તુરી ગાદીએ બીરાજનાર જવાન દસ્તુર જામાસ્પજીનો આપેલો ઉપલો ફતવો સભામાં હાજર રહેલા દસ્તુરો તથા મોબદોએ કબુલ રાખવાથી અને પંચાયતે તે મુજબનો ચુકાદો આપવાથી મરહુમ દસ્તુર કાઉશજી રૂસતમજીને અવલમનજલ પહોંચાડનાર મોબદોને પોતાના ધંધામાંથી સદાનો હાથ ઉઠાવવા શીવાય બીજો ઇલાજ રહયો નહી. દસ્તુર જામાસ્પજીની તકરારના મેદાનમાં ઉતરવાની આ પહેલવહેલી કોશેશ હતી.

સુરતવાળા મરહુમ દસ્તુર ફરામજી અસપંદયારજી રબાડીના વંદીદાદ, યઝશને અને વીસપરદના ગુજરાતી તરજુમાની તપાસ માટે જે કમીટી નેમવામાં આવી હતી તેનુ વીગતવાર બ્યાન મરહુમ દસ્તુર જમશેદજી એદલજીના જન્મ ચરીત્ર મધે કરવામાં આવ્યું છે. હયા એટલોજ ઇસારો કરવો બસ થશે કે દસ્તુર જામાસ્પજી પણ એ કમીટીના એક મેમબર હતા અને તેવણે પણ શાહી કરી તરજુમાઓ ખરા ઠેઉવી આપ્યા હતા [1]

ઇ. સ. ૧૮૨૪ માં પુનાવાલા જાણીતા શેઠ મરહુમ સરદાર બહાદુર શોહરાબજી રતનજી પટેલ તરફથી તેવણના ભાઈ મુંબઈવાલા મરહુમ શેઠ પેશતનજી રતનજી પટેલે મુંબઈની પારસી પંચાયતના અકાબરો ઉપર એક પત્ર લખી અરજ કરી હતી જે "શ્રી પુણા મધે આપણા લોકોની વશતી ઘણી થાઇ છે અને તે જગોએ દોખમુ તથા દરેમેહર નથી તેથી ઘણી અડચણ પડેછે વાશતે મારો ભાઈ નામે શોહરાબજી રતનજી પટેલ શ્રી પુણા મધે છે તેહની હેવી ઇછા છે જે તે જગોએ એક દોખમુ બનાવે અને શ્રી પુણુ શ્રી મુંબઇને લગતુ છે વાશતે શ્રી મુંબઇની પંચાયતની પાશે એ નેક કામ કરવાની રજા માગુ છ"[2] મરહુમ પટેલ સાહેબે પુણા મધે દુખમું તથા દરેમેહર બાંધવાની રજા માંગવા સાથ ત્યાં વસ્તા જરથોસ્તીઓની રેહનુમાઇ માટે એક લાએક ધર્મગુરૂની માગણી કરી હતી તે ઉપરથી પંચાયતના પ્રમુખ મરહુમ શેઠ ખુરશેદજી માણેકજી સરાફની આગેવાની હેઠળ મુંબઈની સમસ્ત અનજુમનની એક સભા રોજ ૨૦ માહ ૮ સને ૧૧૯૩ યઝદજરદી, તા૦ ૨૦ મી મેઇ-૧૮૨૪ ઇસવીને દીને મરહુમ શેઠ દાદીશેઠના આતશબેહરામના મકાનમાં મળી હતી, જ્યાં પંચાયતે મરહુમ શેઠ સોરાબજી પટેલને દુખમું તથા દરેમેહર બાંધવાની રજા આપવા સાથ અનજુમનની પસંદગીથી દસ્તુર જામાસ્પજીને દખણના વડા દસ્તુર તરીકે લાયક ઠેઉવી સીઆલ જોડો આપી પુને રવાના કર્યા. આ રીતે દખણમાં પેહલવેહલી દસ્તુરી ગાદી સ્થાપનાર મરહુમ દસ્તુર જામાસ્પઆશાના નબીરાનો નબીરો દસ્તુર જામાસ્પજી પોતે છે.

પેશવા સરકારની રાજધાણી પુણામાં દાખલ થવા પછી દસ્તુર જામાસ્પજીની દખણના પહેલા વડા દસ્તુર તરીકેની ઉપયોગી કારકીરદી શુરૂ થાય છે. દખણમાં દસ્તુરી આસન ઉપર બેઠા પછી દસ્તુર જામાસ્પજીનું નામ જો ધર્મ ક્રીયાઓ સાથ જોડાએલું મલતુ હોય તો તે દુખમાઓ તથા દરે-

---

1. દસ્તુર જમશેદજી એદલજીનુ જન્મ ચરીત્ર સફા:- ૪૮
2. મુંબઈ સમાચાર. તા. ૨૪ મે ૧૮૨૪

મેહરો પરઠવાને લગતું છે. પુણા ખાતે મરહુમ શેઠ શોહરાબજી પટેલે બંધાવેલી દરેમેહરમાં આતશ દાદગાહને રોજ ૮ માહ ૧૧ સને ૧૧૯૩ યઝદજરદી, તા૦ ૬ ઠી આગસ્ટ ૧૮૨૪ ઇસવીને દીને તખ્તનશીન કરવામાં આવ્યા તેની સઘળી ક્રીયા દસ્તુર જામાસ્પજીએ પોતે કરી હતી. ત્યાર બાદ થોડેજ દીવસે યાને રોજ ૧ માહ ૧૨ સને ૧૧૯૩ યઝદજરદી, તા૦ ૨૯ મી આગસ્ટ ૧૮૨૪ ઇસવીને દીને દુખમાનો તાણો પુરવાની ક્રીયા એ દસ્તુરજીના ઉપરીપણા હેઠળ થાઈ હતી. એ વીશેની મરહુમ શેઠ શોહરાબજી પટેલે તા૦ ૧૬ મી આગસ્ટ ૧૮૨૪ ઇસ્વીના "મુંબઈ સમાચાર"માં નીચે મુજબની જાહેર ખબર છપાવી હતી —

"શવશતી શ્રી મુંબઈની તથા બીજા દેશાવરોની જરથોશતી ફીરકાની ૫ચાતના સાહેબ લોકોને તથા શમશત અંજુમનની ખીજમત મધે શ્રી મુંબઇવાલા પારશી શોહરાબજી રતનજી પટેલ જાહેર કરે છે જે શ્રી પુણાં મધે રોજ ૮ મો દેપાદર ને માહા ૧૧ મે બહમન રશમીને દીને દરેમેહર ઇજીવીને ઇઓજદાથરેનું કામ શરૂ કીધુ છે તે જાણજો"

"બીજું આવતા મહીનાના રોજ ૧ લો હોરમજ ને માહા ૧૨ મે અસપંદાદ રશમી શને ૧૧૯૩ યઝદજરદીને દીને શ્રી પુણા મધે દોખમાંનો તાણો પુરવાનો દીવશ મુકરર કીધો છે તે દીને દોખમાનો તાણો પુરવાનો છે તે જાણજો"

દુખમુ બંધાઇ તૈયાર થવા પછી તેને પરઠવાની સઘળી ક્રીયા દસ્તુર જામાસ્પજીની દસ્તુરી દેખરેખ અને ઉપરીપણા હેઠળ રોજ ૨૯ માહ ૭ સને ૧૧૯૪ યઝદજરદી, તા૦ ૨૯ મી એપ્રીલ ૧૮૨૫ ઈસવીને દીને કરાવવામા આવી હતી જશનની ક્રીયા પુરી થાવા પછી પુનાવાલા શેઠો દોરાબજી માણેકજી ચીનાઇ તથા રૂસતમજી મેહરવાનજી સુબેદારે મુંબઇની અનજુમન તરફથી આવેલુ માનપત્ર તથા સાલ જોડા શેઠ શોહરાબજી પટેલને એનાયત કર્યાં હતો.[1] તેમજ પુણાની અનજુમન તથા બીજા લાગતાવલગતાઓ તરફથી શેઠ શોહરાબજી પટેલને સીઆપો હોરાડવામાં આવી હતી.

દખણમાં ધર્મના મકાનો બરપા કરવા-કરાવવાનું કામ પુણા શહેરમાંજ આવી અટક્યું ન હતુ, પણ ત્યાંથી આગલ વધી નીઝામ સરકારનુ પાયતખ્ત ખુદ હેદરાબાદમાં પણ શુરૂ થાયુ હતું ઇ. સ. ૧૮૩૮ મા નીઝામ સરકારના જાણીતા શરાફો શેઠો વીકાજી તથા પેસતનજી મેહરજી તારાપોરવાલાએ પોતે બંધાવા ધારેલાં ધર્મનાં મકાનો બરપા કરાવામાં સલાહ તથા મદદ આપવા માટે દસ્તુર જામાસ્પજી મજકુર શેઠોના ઇજનથી પોતાના બીજા દીકરા મોબદ હોરમઝદયાર સાથ હેદરાબાદ પધાર્યા હતા, આ વખતે હેદરાબાદની અનજુમન એવણુને પતન ચરૂ સુધી એસ્તેકબાલ લેવા ગઈ હતી અને મોહટા માન સાથ એવણુ રોજ ૧ માહ ૭ સને ૧૨૦૭ યઝદજરદી, તા૦ ૨૫ મી મારચ ૧૮૩૮ ઇસવીને દીને નીઝામની રાજધાણીમાં પહેલવેહલા દાખલ થયા, જયાં મરહુમ શેઠ વીકાજી મેહરજી તારાપોરવાલાએ એવણુને મોહટા માન સાથ લગભગ બે વરસ સુધી રાખ્યા હતા.

દસ્તુર જામાસ્પજીની કીમતી મદદ અને સલાહ હેઠલ • મજકુર શેઠોએ દરેમેહર અને દુખમું બંધાવાનુ કામ શુરૂ કર્યું અને દસ્તુરજીના ઉપરીપણા હેઠલ દરેમેહરને રોજ ૯ માહ ૧૨ સને ૧૨૦૮ યઝદજરદી તા૦ ૩ જી સપટેમબર ૧૮૩૯ ઇસવીને દીને અને દુખમાને રોજ ૨૦ માહ ૧ સને ૧૨૦૯ યઝદજરદી, તા૦ ૧૯ મી અકટોબર ૧૮૩૯ ઈસવીને દીને પરઠાવી ખુલાં મુક્યાં હતાં. મજકુર દરેમેહર અને દુખમાની તખ્તી ઉપરનુ નીચલુ નઝમ રૂપી લખાણ દસ્તુર જામાસ્પજીની શાએરી કલમથી લખાયલુ આજે સલામત હાલતમાં જોવામાં આવે છે —

---

૧. મુંબઈની અનજુમન તરફનુ માનપત્ર તથા શેઠ શોહરાબજી પટેલનો જવાબ તા૦ ૯ મી મે ૧૮૨૫ ઈસવીના "મુંબઈ સમાચાર"માં છપાયા છે.

દરેમેહરની તખ્તી ઉપરનુ લખાણુઃ—

ઝહી હેદરાબાદ કઝ અદલે શાહ,
કે નાસીર-ઉદ-દૌલાએ આલમ પનાહ.
મશીરી બુવદ ચંદુલાલશ વઝીર,
કે જુદશ તજલ્લીએ ઝીબા સરીર.
બહીતે શેહને જેહાં બી ગઝંદ,
કે હસનોઅલી ગશ્ત નામશ બુલંદ.
દરેમેહરે સાને બેહશ્તે બરીન,
વીકાજીઓ પેશતનજી કર્દ અઝ યકીન.
સફનદારમદ માહ રૂઝ આદરસ્ત,
મરત્તબ શુદ ઈ જાએ યઝદા પરસ્ત.
બેરદ ગોફ્ત સને યઝદેઝરદે સુતોર્ગ,
એ શુદ જશને અરવીઝ ગાહે બુર્જોર્ગ. ૧૨૦૮

અર્થ —આલમને આસરો આપનાર નાસીર-ઉદ-દૌલા સરીખા અદલ પાદશાહથી હેદરાબાદનુ રાજ આબાદ છે વજીર ચદુલાલ તેનો સલાહકાર છે, કે જેની સખાવતથી તખતને ઝહમક અને શોભા છે હસનઅલીના બુલંદ નામ અને બોહલી કોતવાલીથી દુન્યા દુ ખ વગરની છે વીકાજી અને પેશતનજીએ બુલદ બેહસ્તના જેવી ખરા યકીનથી દરેમેહર બનાવી. અસપદાદ મહીનો ને આદર રોજે યઝદાંપરસ્તીની જગો તૈયાર થાઇ. અકકલે જ્યારે બુઝોર્ગ યઝદગરદનુ સાલ શોધ્યુ ત્યારે તેને "અરવીઝગાહ" ના જશનમાથી ૧૨૦૮ નુ સાલ માલુમ પડ્યું

દુખમાની સગડી ઉપરની તખ્તી ઉપરનુ લખાણુ —

દરીં હેદરાબાદ દઉરે નીઝામ,
કે નાસીર-ઉદ દૌલા શહે નેકનામ
વઝીરે સખા ચંદુલાલસ્ત નામ,
હોમાવાર સાઈએ બ આલમ મુદામ.
ચે ગુલજારે શેહરી કે શેહનએ લતીફ.
કે હસ્નો અલી નામે ઉ શુદ શરીફ.
બના દુખમે કર્દ ઈન બશાને બેહશ્ત,
વીકાજીઓ પેશતનજીએ નેકો સરેસ્ત.
બ માહ ફ્રવરદીનો બેહરાંમ રૂઝ,
મઝઈન શુદેહ કાખે ઈ દીલ ફ્રૂઝ.
ખેરદ ગોફ્ત સાલે યઝદજર્દ શાહ,
કે આં જશને પુર નુર શુદ દાદગાહ. ૧૨૦૯

અર્થ —આએ હેદરાબાદમાં નેકનામ પાદશાહ નીઝામ નાસીર ઉદ-દૌલાનો અમલ છે તેનો સખી વઝીર ચંદુલાલ ગોયા હોમા પક્ષીની માફક આલમને હમેસા છાયો આપનાર છે. મામલુ કોતવાલ પ્રખ્યાત હસનઅલીથી શેહર ગુલજાર બની રહ્યું છે નેક ખસલતના વીકાજી અને પેશતનજીએ બુલદ બેહસ્તની માફક આએ દુખમુ ઉભુ કીધુ. ફ્રરવરદીન મહીનોને બેહરામ રોજે [illegible]

રોશન કરનાર આએ મકાન તૈયાર થાયુ અકકલ જ્યારે યઝદજરદતુ સાલ બોલી ત્યારે દાદગાહના આએ " રોશનીવાલા જશન " માંથી ૧૨૦૯ નુ સાલ નીકલ્યું.

પોતાના બપાવાની ઉસ્તાદગીરી હેઠલ પોતે જે ફારસી ગ્નાન હાંસલ કર્યું હતું તેમાં વધારો કરવા માટે દસ્તુર જામાસ્પજીને હેદરાબાદ એક લાયક મથક થઇ પડયુ હતુ ત્યાના એક કાબેલ મુનશીની શાગેરદી કરી તેમજ વિદ્દવાન મોલવીઓના સબંધમાં આવી પોતાના ફારસી અને અરબીના અભ્યાસમા સગીન વધારો કીધો હતો, જેની સાબેતીમાં એવણુની બનાવેલી "દીવાને જામાસ્પ" નામની મોતેબર કેતાબનો દાખલો આપવો બસ થશે. દસ્તુર જામાસ્પજી સાહેબ હેદરાબાદના વિદ્દવાન મંડલમા એક વિદ્દવાન ધર્મગુરૂ તરીકે માન પામતા હતા એટલુજ નહી પણુ પોતાની લીઆકાત અને ફઝીલતને જોરે રાજવશી કુટુબો, અમીરો તથા જાગીરદારોમાં પણ માન મરતબો ભોગવતા હતા. નવાબ શમસુલ ઉમરા અમીરે કબીર (નવાબ સર આસમાનજાહ, નવાબ સર ખુરશીદજાહ અને નવાબ સર વીકારૂલ ઉમરાના બપાવા) અને દસ્તુર જામાસ્પજી વચ્ચે મીત્રાચારીનો ગાંઠ એટલો તો મજબુત બંધાયો હતો કે તે નામદાર ઉમરાવને " શમસુલ હિન્દસા " અને "શમશુલ તવારીખ" નામની કેતાબો રચવામાં એ દસ્તુરજીએ કીમતી મદદ કરી હતી જેના અહેસાનમા મજકુર અમીરે કબીર પોતાની ઉપલી બેહુ કેતાબોમા દસ્તુરજીની વિદ્દવતાની ઘટતા સખુનોમા તારીફ કરે છે જે બેશક બોલેબોલ ખરી ઠડે છે

ઇ સ ૧૮૪૧ માં જાલનાના જરથોસ્તીઓએ દસ્તુર જામાસ્પજીની રેહબરી હેઠલ રેહવાની માગણી કરવાથી તેઓએ પોતાના વીજા દીકરા બેહમનજી સી આઈ ઇ ને ત્યાના દસ્તુર ઠેરવી મોબદ શોહરાબજી રૂસતમજી આત્યા અને મોબદ રતનજી સુરતવાલા સાથ જાલના મોકલી આપ્યા હતા

પુણા અને હેદરાબાદ ખાતે દુખમાઓ અને દરેમેહરો પરઠવા પછી દસ્તુર જામાસ્પજીને ઔરગાબાદ અને સોલાપુર ખાતે પણુ તેવીજ પવિત્ર ફરજો બજાવવાનુ કામ બાકી રહ્યુ હતું. મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાલાએ બધાવેલા દુખમાને પરઠવા માટે દસ્તુર જામાસ્પજી ઈ. સ. ૧૮૪૩ મા ઔરગાબાદ પધાર્યા હતા જે વખતે ત્યાના સુબા બાપુજી વીકાજી તારાપોરવાલા બે હજાર આરબ અને પઠાણુ ફોજ, હાથીઓ અને ઘોડે સ્વારીની ટુકડી સાથ કેટલાક માઇલ સુધી દસ્તુરજીને એસ્તેકબાલ લેવા ગયા હતા ત્યાનુ દુખમુ એ દસ્તુરજીએ પોતાની દસ્તુરી દેખરેખ હેઠલ પોતાના ત્રીજા દીકરા બેહમનજી સી. આઇ ઇ. અને મોબદ હોરમજી બજા પાસે રોજ ૧૫ માહ ૪ સને ૧૨૧૨ યઝદજરદી, તા. ૧૧ મી જાનેવારી ૧૮૪૩ ઇસવીને દીને પરઠાવી ખુલ્લુ મુકયુ હતુ સઘલી ક્રીયા પુરી થવા પછી દસ્તુરજી તથા બેહમનજીને સીઆલો હોરાડવામા આવી હતી. આ સમયે ઔરગાબાદ ખાતે એક ઈતીહાસીક બનાવ બન્યો હતો અને તેનો દસ્તુરજીની કારકીરદી સાથ સબંધ હોવાથી તેનો આએ જગોએ ટુક ઇસારો કરવો હમો દરૂસ્ત ધાર્યે છીએ. આ વખતે ઔરગાબાદનો મામલો શેઠ બાપુજી વીકાજી તારાપોરવાલાને હસતક હતો રાજા ચદુલાલના હાથમા હેદરાબાદના રાજ્યની લગામ હતી તેનો રાજા ગીરધરીપ્રસાદ નામનો એક કાએચ અમલદાર વિશ્વાસુ સલાહકાર હતો. આ કાએથ અમલદાર અને શેઠ બાપુજી તારાપોરવાલા વચ્ચે દુશમનીનો ગાઠ સબંધાયલો હતો. રાજા ચંદુલાલની દીવાનગીરીના વખતમા હેદરાબાદમા પગભર થયલા અમલદારોમા તો "મારે તેની તલવાર અને જીતે તેનુ રાજ." રાજા ગીરધરીપ્રસાદનો દસ્ત રાજ્યમાં મજબુત હોવાથી પોતાની હરેક નેમમા તે હર વખત ફાવતો હતો તે રાજા ચંદુલાલની છુપી મંજુરીઆતથી ઔરગાબાદનો વહીવટ પોતાને હસતક લેવા માટે બે હજાર આરબ અને પઠાણુ ફોજ સાથ ચહડી આવ્યો અને શેઠ બાપુજી તારાપોરવાલાના અને દસ્તુર જામાસ્પજીના ઉતારાના મકાનને ઘેરો નાખ્યો. પણુ ઇંગ્રેજી લશકરની કુમક વખત વખતસર આવી પહોચવાથી શેઠ બાપુજીએ રાજા ગીરધરીપ્રસાદને મારી હઠાવ્યો અને ઘેરામાથી પોતાનો તેમજ દસ્તુરજીનો છુટકો કીધો.

ઔરંગાબાદ ખાતે દુખમુ પરહેવાનું કામ સરંજામ ઉતારવા પછી દસ્તુર જામાસ્પજી સોલાપુર તરફ રવાના થાયા અને ત્યાં મજકુર શેઠોની સખાવતથી બંધાયલાં ૧૭) પાયીના દુખમાને રોજ ૭ માહ ૫ સને ૧૨૧૨ યઝદજરદી, તા૦ ૨૭ ફેબ્રુઆરી ૧૮૪૩ ઇસવીને દીને તેઓના વડવા શેઠ ભીખજી દાદાજીની નેયતે ઇજાશી ખુલ્લું મુકયુ હતુ. ઉપલાં બેહુ દુખમાઓ ઉપરની તખ્તીઓના નીચલાં નઝમરૂપી લખાણો એ શાએર દસ્તુરજીની કલમથી લખાયલાં આજે મોજુદ છેઃ—

ઔરંગાબાદ આબાદસ્ત ઈ શહેર,
જે શાહ નાસીર-ઉદ-દોલાએ નેકો દહેર.
વઝીરશ નામ રાજીઆં રાજહે,
મહારાજહે બહાદર પુરબ શોહરેહ.
ચુ શુદ વીકાજી ઓ પેશતનજી બાની,
બના શુદ દુખમએ ફીરદુસે સાની.
બ માહે તેશ્તરો દએપમેહર રૂઝી,
મરતબ શુદ દુખમએ દીલ ફરૂઝી
ચુ સાલે યઝદજરદે રા શુમારી,
એ ખુશ તારીખ અઝ ઇ મીસરએ બરઆરી.
કે શર્ક તબએ રોશન હમચુ માહ શુદ.
બસા પુર નુર જશને દાદ ગાહ શુદ. ૧૨૧૨

અર્થઃ—નેક ઝમાનાના શાહ નાસીર-ઉદ-દોલાથી આએ ઔરગાબાદ શેહર આબાદ છે. તેના વઝીરનુ નામ રાજાઓનો રાજા, મહારાજા પુર દમામવાલો રાજા બહાદુર છે. જ્યારે વીકાજી તથા પેશતનજી તેનો પાયો નાખનારા થયા ત્યારે બેહસ્તના જેવુ દુખમુ બધાઈ તૈયાર થયું. તીર મહીનો ને દેપમેહર રોજે દીલને ખુશી કરનાર દુખમુ મરતબ થયુ. જ્યારે તુ યઝદજરદનુ સાલ ગણશે ત્યારે તું આએ મીસરામાથી ખુશી ભરેલી તારીખ મેલવવા પામશે. તબયતેના ચલકાટથી ચંદ્રની મીસાલે દાદગાહનુ જશન ઘણુ જ નુર ભરેલુ થયું. ૧૨૧૨

સોલાપુરના દુખમાની તખ્તી ઉપરનુ લખાણુ —

બ સોલાપુર શુદ દુખમએ ગેરામી,
જે વીકાજીઓ પેશતનજીએ નામી.
બ માહો રૂઝે મરદાદો અમરદાદ,
ચું ફીરદુશે બરીં ઇન જાએ બુન્યાદ.
એ ગોફતમ સાલે યઝદજરદે શાહશ,
બસા પુરનુર જશને દાદગાહશ. ૧૨૧૨

અર્થ—નામવર વીકાજી અને પેસ્તનજીની સખાવતથી અમરદાદ મહીનો ને અમરદાદ રોજે ખુલદ બેહસ્તની માફક સોલાપુર મધે પ્યારૂ દુખમુ ઉભુ થયુ. જયારે હુ શાહ યઝદજરદનું સાલ બોલ્યો ત્યારે નુર ભરેલા દાદગાહના જશનમાંથી ૧૨૧૨ નુ સાલ નીકલી આવ્યું.

ત્યાર પછી બે વરસે મજકુર શેઠોએ સોલાપુરમાં એક દરેમેહર બંધાવી હતી તેને પરહેવાની ક્રીયા દસ્તુરજીના જાએનશીન સરદાર દસ્તુર નોશેરવાનજીએ પોતાના પીતાના હોકમથી કરાવી રોજ ૯ માહ ૧ સને ૧૨૧૪ યઝદજરદી, તા૦ ૩ જી ફેબ્રુઆરી ૧૮૪૫ ઇસવીને દીને ખુલ્લી મુકી હતી. ઉપલુ દુખમું તથા દરેમેહર ખુદ દસ્તુર જામાસ્પજીની સીફારસ અને વગવસીલાનું પરીણામ હોવાથી

સોલાપુરના જરથોસ્તીઓએ દસ્તુરજી તથા તેના સ્થાપકોનો જાહેરાત ઉપકાર માનનારો એક જાહેર પત્ર તા૦ ૧૯ મી ફેબ્રુઆરી ૧૮૪૫ ઇસવીના "મુંબઇ ચાબુક" મા છપાવ્યો હતો જેનો ટુંક સાર નીચે મુજબ છે:—

" શ્રી સોલાપુરમો આજે આસરે ૨૫) વરસ થાયા ઘણા થોડા જરથોસ્તીઓની વસ્તી કાએમ છે. પણ અતરે દખમું તથા દરેમેહર હતું નહી તેથી જ્યારે કોઇવાર રવાન થાતું હતું ત્યારે તે રવાનની કીરીઆ કરમ માજદીઅશની દીનના કાનુન મુજબ થાતી હતી નહી, તેના સબબથી હમો ઘણી મુદત સુધી બેજાર અને ઇનતેજાર હતા પણ ચાહવુ ખુદાનુ થાયુ તેથી ઇસવી સને ૧૮૩૮ ના વરસમાં નેકનામ દસ્તુરજી સાહેબ જામાસ્પજી એદલજી શ્રી પુણાના દસ્તુર શ્રી હેદરાબાદ સીધારવા સારૂ અતરે સોલાપુરને રસ્તે રવાના થાયા તે વેળાએ હમો સોલાપુરના જરથોસ્તી રહેવાસીઓએ તે દસ્તુરજી સાહેબની મારફતે નેકનામ સઆદત નીશાન મોહટા ઘરમી શેઠ વીકાજી તથા પેશતનજી મેહરજીભાઇને એક દુખમું તથા દરેમેહર બાંધી આપવાને અરજ કરાવી. તે અરજ એ સખી તએહના સાહેબોએ દસ્તુરજીની ફરમાશ અને સીફારસથી કબુલ કીધી. અને તેઓના સકમાઇના ખાસ ખજાનામાંથી ઇસવી સને ૧૮૪૨ ના વરસમાં એક દુખમુ બંધાવીને માજદીઅસની દીનના કાનુન મુજબ ઇજાવી આપ્યુ. તાર પછે ઇસવી સને ૧૮૪૪ ના વરશમા એજ ધરમી શેઠીયાઓએ એક ખાસ દરેમેહર બંધાવાનો હોકમ આપીઓ, તે દરેમેહર પાક દાદાર હોરમજદની મદદથી તથા તેના મોકલેલા અશો પેગમબર હજરત જરથોસ્ત અસપનતમાન અનોશેહરવાનની બરકતથી રોજ ૯ મો માહ ૫ મો શને ૧૨૧૪ યઝદજરદી, તા૦ ૩ જી ફેબ્રુઆરી ૧૮૪૫ ને દીને દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી શ્રી હેદરાબાદથી અતરે સોલાપુર આવીને માજદીઅશની દીનના હોકમ મુજબ જશન કરી એ દરેમેહરને ઇજી હમો જરથોસ્તીઓના વાપરવાને વાસ્તે ઉઘાડી કરી આપી અને દરેમેહરની જાલવણી તથા રખેવાલી કરવા સારૂ મોબેદોની એક જોડ રાખીને હમો ઘણા વરસ થાએઆં છતી દીનદારીએ અંધારામા ગોતાં ખાતા હતા તેવો શેઠ વીકાજી તથા શેઠ પેશતનજી તથા દસ્તુર જામાસ્પજીની મોહટી બખશેશ અને ફેઓકરમથી અજવાલામાં આવીઆ અને હમારા રવાનો ઉપર ઈજા અને તજદી ગુજરતી હતી તેહમાથી મોકલા થાએઆ તેથી હમો તથા હમારા ફરજંદાન ફરજંદો જયા સુધી સુરયનુ તેજ છે,ત્યા સુધી એ સખી વજુઃ સાહેબોના તથા એ દીનચાશીદાર દસ્તુરજીના તથા એવોના ફરજંદાન ફરજંદોના ઉપકારનો બદલો મનથી મેલશુ તથા હઈડાંથી ભુલસુ નહી * * * તે સાથે એ સાહેબોના ઉપકારનો બદલો બીજી રીતે પણ વાળવાને અમો અશકતીવાન છીએ * * * તે દાદારની દરગાહમો હમો અંતકરણથી અરજ ગુજારીએચકે * * એવોના બાલગોપાળની દોલતની જીઆદતી તથા હોરમતની વરધી કરે * * * "

દસ્તુર જામાસ્પજીની દખણુની દસ્તુરી કારકીરદી દરમીઆન, દીનનો બગલી કીસ્સા એકજ સકો ઉમેરવો બાકી રહ્યો છે અને તે પુનામાં મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલની દરેમેહરમાં આતશ આદરાનને તખ્તનશીન કરવાની કીયા છે, પોતાના વડા બાપ મરહુમ દસ્તુર જમશેદજી એદલજીની મદદથી,મજકુર દરેમેહરમાં આદરાન સાહેબને તખ્તનશીન કરવાની કીયા રોજ ૨૦ માહ ૯ સને ૧૨૧૨ યઝદજરદી, તા૦ ૧૫ મી જુન ૧૮૪૩ ઇસવીને દીને કરવામાં આવી હતી. અને જશનની મીઅજદ દસ્તુર જામાસ્પજીએ પોતે માડી હતી બેઉ ભાઇઓને શેઠ શોહરાબજી પટેલ અને પુનાની અનજુમન તરફથી સીઆલોની પેહરામણી થાવા પછી તેઓએ ફારસી બેતમાં જોડેલો કસીદો શેઠ શોહરાબજીને મીજલસ હજુર વાંચી સમજાવ્યો હતો

પુનાની દરેમેહરમા આતશ આદરાન તખ્તનશીન થએલા જોઈ મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજીનેબી પોતાની દરેમેહરના પવિત્ર કેબલાને પણ તેવાજ દરજ્જા ઉપર ચઢાવવાની ખાએશ થવાથી તેઓએ દસ્તુરજીને બીજી વખત હેદરાબાદ ખાતે બોલાવ્યા હતા. દસ્તુર જામાસ્પ-

જી તેઓના છજનને માન આપી ઇ. સ ૧૮૪૬ માં બીજી મરતબે હૈદરાબાદ પધાર્યા, પણ થોડા મહીનામાજ એવણુ ત્યાં બેહસ્તનશીન થાવાથી આતશ આદરાનને તખ્તનશીન કરવાની ક્રીયા એવણુના જાએનશીન મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી સાહેબે પોતાના ઉપરીપણા હેઠલ કરાવી હતી જેમ દખણુના તમામ જરથોસ્તીઓ દસ્તુર જામાસ્પજીને પોતાના વડા દસ્તુર તરીકે માન આપી તેમની રેહનુમાઈ હેઠલ ચાલતા હતા તેમ માલવા પ્રાંતના જરથોસ્તીઓભી દસ્તુરજીને પોતાના દીનના પેશવા તરીકે કબુલ રાખી તેમની રહેબરી હેઠલ રહયા હતા મઉના જરથોસ્તીઓએ ઉધરાણાથી એક દરેમેહર બંધાવી હતી તેમા આતશ આદરાનને તખ્તનશીન કરવાની ક્રીયા રોજ ૯ માહ ૬ સને ૧૨૧૫ યઝદજરદી, તા૦ ૫ મી મારચ ૧૮૪૬ ઇસવીને દીને દસ્તુરજીના બીજા દીકરા મોબદ હોરમઝદયારના ઉપરીપણા હેઠલ દસ્તુરજીના હુકમથી કરાવામાં આવી હતી

હવે એવણુ સાહેબના લખાણોની નોંધ લઇ એવણુની દસ્તુરી કારકીરદીનો અહેવાલ ખતમ કરીશુ. પોતાના બાપના બપાવા મરહુમ દસ્તુર જમશેદજી જામાસ્પજીની માફક એવણુને પણ ફારસી બેતબાજીમાં રમત ગમત કરવાનો અત્યંત શોક હતો આગલ જણાવ્યુ તેમ હેદરાબાદ, ઔરંગાબાદ, અને સોલાપુરના દુખમાઓ અને દરેમેહર ઉપરની તખ્તીઓના નઝમરૂપી લખાણો એ દસ્તુરજીના જાહેર લખાણો છે પણ એવણુની શાએરી કલમથી લખાએલી ઘણી ઉમદા કેતાબ જે છે તે "દીવાને જામાસ્પ" છે. જેમ એક હુ–બ–હુ ચીતાર જોવાથી જોનારને ચીતારાની પીછીનો ખ્યાલ આવે છે તેમ "દીવાને જામાસ્પ" નુ લખાણ તેની મધુરતાને લીધે વાંચનારનુ ધ્યાન ગ્રંથકર્તાની રસીલી કલમ તરફ ખેચે તેવુ છે તેમજ વળી "એશકે હકીકી" મા ગરકાવ થાવા માટે દસ્તુરજીએ દરેક બેતમા ઉછાલા મારતી લાગણી સાથ પોતાના વિચારો દર્શાવેલા હોવાથી મજકુર "દીવાને જામાસ્પ" બીજા નામાકીત મુસલમાન શાએરોની બનાવેલી "દીવાનો" સાથ હરીફાઇ કરી શકે છે. અફસોસ કે એવણુ સાહેબની તેમજ એવણુના બુઝોરગ વડીલોની "દીવાનો" દહાડાની રોશની જોવા પામતી નથી એ લખાણો ઉપરાત નીચલાં લખાણો એ દસ્તુરજીના વારસો પાસે મોજુદ છે —

૧ મરહુમ શેઠ પીરોજી તથા પેશતનજી મેહેરજીની તારીફમા લખેલો કસીદો.

૨. મરહુમ શેઠ શોરાબજી રતનજી પટેલની તારીફમાં લખેલો કસીદો.

૩. બનાજીના કુટુંબની તારીફમા લખેલો કસીદો

૪ મરહુમ શેઠ ફરામજી કાવશજી બનાજી તથા ભાઈઓએ પરહાવેલા કદમી આતશબેહરામની ક્રીયાનો અહેવાલ

૫. શાહનશાહબાનુ વિકટોરીઆના અદલ રાજની તારીફમાં લખેલો કસીદો.

૬. પરચુટણ ગઝલો અને રૂબાઇઓ.

દસ્તુર જામાસ્પજી પોતાના મરણુની અરધી રાત સુધી ઘણીજ તંદરોસ્ત હાલતમાં હતા. બંદગીમાંથી ફારેગ થાવા પછી ખાનુ લઈ મામુલ મુજબ આરામ લેવા ગયા અરધા કલાકમાં કોલેરાના ભુંડા મરજે દસ્તુરજી ઉપર ગલઓ કરવાથી એક કલાકમાંજ તે નાપાક મરજના ભોગ થઇ પડી રોજ ૨૪ માહ ૭ સને ૧૨૧૫ યઝદજરદી, તા૦ ૧૯ મી એપ્રીલ ૧૮૪૬ ઇસવીને દીને દખણુ હેદરાબાદ મધે પોતાનો પ્યારો જાન તે બારે હકતાલાને સપુર્દ કીધો કે જે વખતે એવણુ સાહેબની ઉમર ફકત ૪૮) વરસની હતી. એવણુના મરણુથી હેદરાબાદના અમીરો તથા જાગીરદારો તેમજ પોતાના પંથકોના યજમાનોમા બેહદ દીલગીરી ફેલાઇ હતી એવણે દખણુમાં ૨૨) વરસ સુધી દસ્તુરી ચલાવી હતી અને પુના, હેદરાબાદ, સોલાપુર, ઓરંગાબાદ, જાલના, મઉ અને નીમચના મોહટા પંથકો પોતાના ફરઝંદોના ગુજરાણ માટે જાગીરના આકારમાં પોતાની પછવાડે મુકી ગયા હતા. એવણુ મજબુત બાંધાના, કદાવર આંગના અને દબદબા ભરેલા દેખાવના હતા [illegible]

પરહેજગાર, ઉદાર દીલના અને શરમાળ હતા એવણુનો બીજાજ જે કે આકરો હતો પણ દયાનો અંશ એવણુની ખાસ્યતમાં ભેલાએલો હોવાથી તે નહી સરીખો ગણાતો હતો. એવણુને નીયમીત જીંદગી ગુજારવાની આદત હોવાથી પોતાના મરણ સુધી તદરોસ્ત હાલત ભોગવી હતી પોતાના યજમાનોને દીનના કામ કરવા–કરાવામાં એક ભલા દસ્તુર તરીકે સલાહ આપતા એટલુંજ નહી પણ આફત અને સંકટ વખતે તેઓના મોહટા મદદગાર થઇ પડતા હતા તા૦ ૨૬ મી એપ્રીલ ૧૮૪૬ ના "મુંબઇના ચાબુક" નામના પત્રમાં એ દસ્તુરજીના મરણુની વિલાપરૂપી નોંધ લેવામાં આવી છે, જેમાં લખે છે કે:—

"મરતીઉકની નોંધમો આએ એક દુખ ભરેલું મોહટ જાહેર કરવાને હમોને હદથી બેહદ સંતાપ લાગેચ કે દસ્તુરાન દસ્તુર જામાસ્પજી એદલજી આશ ના આજ આશરે શવા બે મહીના આએઆ શ્રી પુણેથી હૈદરાબાદ ખાતે * * શીધારેઆ હતા તે જગોએ એ અશો ખશલત અને નેક મનશની પાક દેઆનત દશતુરને કોલેરાએ ફરેબ દીધો તેથા * * * આએ જુઠી અને બેમરવત જગતને હવાલે પોતાનાં ખોલાઓને કરી હેનું પવીતર રૂઉ આપણા અશો હજરત જર થોસ્તના રવાનની હજુરમો ગએઉ ઇઆને એ દસ્તુર પોતાનો અશઆખ આએ જાહાંનથી ઉઠાવી એ નેક કેરદારના જાનેશવરઝી અને કાએમ લેકોમો જાઈ આરામ પકડેઓ એ દસ્તુરના અણચુચ ગોજરવાથી પુણામાં હેના મલતા વીશેકો તેહમો શોહરાબજી પટેલ કે જેને તે મરનારથી મોહટી હોરમત હતી તે વથા હેના ખેરા કુટુંબ મોહટી માહતમમો પડેઆં અને એવો દાનાવ એકાએક ગુમ થવાથી તેહનાઓને મોહટો ચોલો અને ભારે વતવતો રહી ગએઓ એટલુજ નહી પણ ઓરંગાબાદ, હેદરાબાદ, જાલના, મલુ અને હેને લગતા દેશોના પારસીઓ જે એ દસ્તુરની માયા અને મમતામો મલેલા હતા અને એ મરનારની દાનાઇમો દેવાના બનેલા હતા તેહનાઓમો એક મોહટો શોર ઉઠી રહેઓચ. એ દસ્તુર પુણાની વડી દરેમેહરમો દાનાઇ અને પરહેજગારીનું એક મોહટું દરખત તે સાથે ડાહાપણની ઘણીએક ડાહાલો હતી એ મરનાર જરથોસ્તી રેવાજ અને દીન-આઇનનું કામ એવી તો રીતે જાણતો હતો કે એક વેલાએ પેગમબરના ચેલાઓ કાએલ હતા. પહેલવી, જંદ અને ફારસી એલમનો એક સારો ઉસ્તાદ હતો. એ દસ્તુર આપમખતારીનો ખાં અને લોભનો દુશમન હતો. હમેશ પોતીકી દુક વશતીના જજમાનોને દીનની શારી નશીએતથી વાકેફ કરતો હતો તેથી તેહનાઓ હેની દાનાઇમો લપેટાએલા હતા. હેવા એક કાબેલ, હોરમત અને ઇજતવાલા દશતુરના ગુજરવાથી અલબત પુણું હવે દાનાઇથી ખાલી જોવામા આવશે અને પાક એફીનથી કહીએચ કે જામાશની જગો ખાલી જોવામાં આવશે."

"દુનીઆમો પેદા થાશે અને ગુજરશે કચ કાંઈ,
બીજું કાંઈ નહી રેહવાનું શાબાષત નેકી અને દાનાઈ."

કહે છે કે એવણે પોતાની જુવાનીનો કેટલોક ભાગ કીમીઆનો હુનર શીખવા પછવાડે ગુજાર્યો હતો.

એવણુ પોતાના ભાઇ મરહુમ એરવદ રૂસતમજીના પાલક થએલા હોવાથી એવણુનું નામ "દસ્તુર જામાસ્પ એરવદ રૂસતમ" કરી જાહેર જશનો અને ધુપ નીરંગની ક્રીયામાં યાદ કરવામાં આવે છે.

પરવરદેગાર દખણુની દસ્તુરી ગાદીને સલામત રાખે! દસ્તુર જામાસ્પજીના નેક અને સદગુણી મોહતરમ બચીબાંઇજી તે એવણુના માસા મરહુમ દસ્તુર રતનજી રૂસ્તમજી જામાસ્પ આશાનાની દીકરી હતા. (૭) ઉમદાં ઓલાદો—૭ દીકરા અને એક દીકરી—ની દસ્તુરજીને ભેટ કરી હતી. એ પ્રકાશીત ઓલાદોના હવે જનમ ચરીત્રો ઉપર આવીએ.

સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી (બીજા)

જનમ-કેળવણીની તાલીમ- દીનદારી એલમ-જ્યોતિષ અને રમલનો અભ્યાસ-ફારસી અને અરબીનો અભ્યાસ-યોજદાથ્રગીરીનો પેશો-હેદરાબાદ ખાતે પધરામણી-સોલાપુરની દરેમેહર પરઠવાની ક્રીયા-દખણ અને માળવાના વડા દસ્તુરનો ઓધ્ધો-સીકનદરાબાદમાં આતશ આદરાનનું તખ્તનશીન થાવું-પુના તરફ પાછું ફરવું-વાઅજ કરવાનો તરીકો-રૂવાનની ક્રીયાને લગતો લેખીત ખુલાસો-પારસી ધારા-પુનાની દરેમેહરમાં વરસીઓ અને નીરંગદીન કરવાની ક્રીયા. સતારાનું દુખમુ પરઠવાની ક્રીયા-હિન્દનો બળવો-દસ્તુર નોશેરવાનજીની રાજય સેવાઓ અને તાજ તરફ વફાદારી-સોલાપુરના માજીસ્ત્રેટની આપખુદ વર્તણુક-એક મોબદ ઉપર ગુજરેલી જાસ્તી-મુંબઈમાં ગોશની મોઘવારી-દસ્તુર નોશેરવાનજીએ કીધેલી મદદ-ખાન બહાદુરનો ખેતાબ અને સોનાનો ચાંદ-દખણના પહેલા વર્ગના સરદારની પદવી-જાહેર "લેવી"માં "પ્રાઇવેટ એનટરી"નો હુક-નસેસાલાર ફંડની સ્થાપના-જાલનાનું દુખમું પરઠવાની ક્રીયા-નવસારી ખાતે પધરામણી-અનજુમન તથા સરકારી અમલદારો તરફથી મલેલો આવકાર-નીઝામ અને હોલકરની પરોણાગત-સર સાલારજંગ સાથ મીત્રાચારી અને એખલાસ-" બઝમે રૂઝે બેહરામની " સ્થાપના-સોલાપુરની દરેમેહરને ફરીથી ઇજવાની ક્રીયા-નીઝામનું રાજયભીષેક થાવું-હેદરાબાદ ખાતે પધરામણી-જરથોસ્તીઓ અને અમીરો તરફથી મળેલું અસાધારણ માન-ઇગતપુરાનું દુખમું-દસતુર નોશેરવાનજીના સખી દીલગુરદાની હૈયાત નીશાનીઓ-કસીદાઓ અને લખાણો-પરચુટણ નોંધો-મરણ-નુરાની અને દબદબા ભરેલો દેખાવ-દસ્તુરજીના ઉત્તમ સદગુણો-ફરઝંદો-યાદગારીએ વીગેરે.

મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીના સદ્ગુણી મોહરદાર બચીબાઈજીએ એવાં તો એક નુરાની ચેહરાના, અમીરી ખાસીયતના અને પરમાર્થી લાગણીના ફરઝદને જનમ આપ્યો હતો કે જેણે પોતાના સારા સદગુણોથી દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનને સરદારી દરજજે અને કીરતીની ટોચે પહોંચાડયું હતું. એ ફરઝંદ તે મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી પોતે હતા. એવણ સાહેબનુ કદમ રોજ ૧૦ માહ ૯ સને ૧૧૮૭ યઝદજરદી, તા૦ ૧૮ મી જુન ૧૮૧૮ ઇસ્વીને દીને નવસારી મધે પોતાના મમાવા મરહુમ દસ્તુર રતનજી રૂસતમજીના ઘરમાં મુબારક થયુ હતું. એવણ સાહેબે નવસારીવાલા મરહુમ મોબદ સાહેબ બરજોરજી તેહમુરજી મસાણી આમલ હેરબદીની તાલીમ લઇ સંવત ૧૮૮૬ ના રોજ ૫ માહ ૪ સને ૧૧૯૯ યઝદજરદી, તા૦ ૪ થી જાનેવારી ૧૮૩૦ ઇસવીને દીને મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલને નામે નવસારીની વડી દરેમેહરમાં નાવર તથા મરાતબની પદવી મેલવી હતી. ત્યાર પછી પોતાના કાબેલ પીતાની ઉસ્તાદગીરી હેઠલ જંદ, પહેલવી, જયોતીષ અને રમલ વીગેરેનો અભ્યાસ કરવા માડયો જે બાર વરસની લાંબી મુદત સુધી એકસાં ચાલુ રાખ્યો હતો. એવણ સાહેબના વખતમાં "ઝબાન શનાસી" (Compar-

ative Philology) ના કાયદા ઉપર પુરતું અજવાળુ પડેલું ન હોવાથી આગલા વખતમાં દસ્તુરો અને એરવદો જે ધોરણ ઉપર અભ્યાસ કરતા હતા તે ધોરણ ઉપર પોતાના દીનદારી એલમનો પાયો રચ્યો હતો. દખણ હેદરાબાદ ખાતે થોડાંક વરસ ગુજારી ત્યાના મુનશી મહમુદશાહ કાદેરીની શાગેરદી કરી ફારસી અને અરબીનો અભ્યાસ ચાલુ કર્યો હતો. સઘલી પ્રકારનું દીનદારી ગ્નાન સપાદન કરી દસ્તુર નોશેરવાનજી સાહેબ પોતાના પીતાને તેવણુના દસ્તુરી પેશામાં મોહટા મદદગાર થઇ પડયા હતા. પેહલવીનો અભ્યાસ પોતાના મુરબીજીના અકાળ મરણુને લીધે અધુરો રહી જવાથી પોતાના બપાવાના પીત્રાઈ ભાઈ મરહુમ દસ્તુર ફરેદુનજી દારાબજીની ઉસ્તાદગીરી હેઠલ પુરો કર્યો હતો. પોતાના વડીલોની માફક યોજદાથ્રગીરીના કામની અને દીનઆઈનની બાબદોની પુરતી વાકેફગારી મેલવી હતી અને યોજદાથ્રગીરીનું કામ દસ્તુરી દરજજા ઉપર આવ્યા પછી પણુ કેટલીક મુદત સુધી બરસનુમ સાથ ચલાવ્યું હતું. દસ્તુર નોશેરવાનજી સાહેબે પોતાના પીતાજીની હૈયાતીમાં યાને દસ્તુરી ગાદીએ બીરાજમાન થાવા અગાઉ ધર્મને લગતી મોહટી ક્રીયા સાથ જે પોતાનુ નામ જોડયુ હોય તો તે સોલાપુરની દરેમેહર પરઠવાને લગતુ છે. ઇ. સ ૧૮૪૫ માં હેદરાબાદથી સોલાપુર જઇ રોજ ૯ માહ ૫ સને ૧૨૧૪ યઝદજરદી, તા૦ ૩ જી ફેબ્રુઆરી ૧૮૪૫ ઇસવીને દીને મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાલાએ બંધાવેલી દરેમેહરને પોતાના ઉપરીપણા હેઠલ પરઠાવી ખુલ્લી મુકી હતી. ત્યાથી પુણે પધારી રોજ ૨૦ માહ ૫ સને ૧૨૧૫ યઝદજરદી, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૪૬ ઇસવીને દીને પોતાના બાવાજી સાથ પાછા હેદરાબાદ સીધાર્યા હતા.

જેમ ઉપર જણાવ્યુ તેમ દસ્તુર નોશેરવાનજી સાહેબે પોતાના પીતાની હેયાતીમાજ દસ્તુરી દરજજાને છાજતું દીનદારી ગ્નાન મેલવયુ હતુ. રોજ ૨૬ માહ ૭ સને ૧૨૧૫ યઝદજરદી, તા૦ ૨૧ મી એપ્રીલ ૧૮૪૬ ઇસવીને દીને પોતાના પીતાની જગોએ દખણુના વડા દસ્તુરના ઓધ્ધા ઉપર આવ્યા તે વખતે એવણુને દસ્તુરી માનમાં ૧૩) સીઆલો હોરાડવામાં આવી હતી. તેમજ જુદ જુદા મથકોના યજમાનોએ પણ સીઆલો મોકલી એવણુ સાહેબની નેમણુક તરફ પુરતી પસંદગી બતાવી હતી ઈ. સ. ૧૮૩૯ મા મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાળાએ હેદરાબાદ ખાતે જે દરેમેહર પરઠાવી હતી તેનું બ્યાન મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીના અહેવાલ મધે કરવામાં આવ્યુ છે[1] ત્યાર પછી ઇ. સ ૧૮૪૭ મા મજકુર સકર્મી શેઠીઆઓએ એક કુશાદેહ મકાન બંધાવી તેમા આતશ આદરાનને તખ્તનશીન કરવાની ક્રીયા એવણુ સાહેબના ઉપરીપણા હેઠળ કરાવી રોજ ૨૦ માહ ૧૨ સને ૧૨૧૬ યઝદજરદી, તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૪૭ ઇસવીને દીને તે દરેમેહર ખુલ્લી મુકી હતી. એ દરેમેહરને લગતી તવારીખ દસ્તુર નોશેરવાનજીએ ફારસી નઝમમાં નીચે મુજબ લખી છે અને તે આજે મજકુર દરેમેહર મધે કાચના તખ્તામાં જલવાઇ રહેલી જોવામાં આવે છેઃ—

દરીં અહેદે ફરખનદેઓ શાદ કામ,
બીકાજીઓ પેશતનજીએ નેક નામ.
દરેમેહરે ચું આસમાને બુલંદ,
બના કરદેહ બા અજમો શાને બુલંદ.
મુવાફેક બ અહકામે દીને બહી,
અમલ કરદેહ આં હરદો સરવે સહી.
નહુમ માહો અઝરૂઝે બુદ આસતાદ,
દરાં સાખતેહ જશને ચું કહે કબાદ.

1. દસ્તુર જામાસ્પજી એદલજીનો અહેવાલ સફે ૫૬)

કે બેહુરેહ નીઆયશ નમુદન દરાન,
સીપુરદન્દ આનરા બ ઝરથોસ્તીઆન.
પએ સાલે તારીખ ફીક્ર રસા,
શબો રૂઝે બુદો સુબહો મસા.
સરૂશામ દરીં મીસરે ગુફ્તા બીઆવ,
દરમેહરો આતશ ગહી પાદયાવ. ૧૨૧૫.

વાહદે અસર મઆદને એખલાક,
યાફ્તમ મન યગાને અસરશ.
કર્દ બુન્યાદ દર દયારે દકન,
આંકે ઇં કસ્ર આદરાન આતશ.
જાએ ખુશ યાફ્ત'દો બા વસઅત,
ચશ્ત બાંનાં શુદ અઝી' દીલખશ.
સાફો રોશાન બરઆયદ ઈસમે શરીફ,
અઝ સરે મીસરઈ અગર હરફશ.
હાસલી ચું કુનદ કસી બનજર,
બા શમઉર રસા કે અબયાતશ.
પાય બરજા બ દીને જરથુસ્તી,
શેઠ પેશતનજી દર જેહાં નામશ.
તેઝતર રૂશનો દરખસાં રૂ,
નેક એખલાકો બખ્તે હુક દાદશ.
જોહરે જાં યક દીગર દો બીરાદ,
યક રવાનો દો જીસ્મ બા હમ ખશ.
સનઅતે શએરે મન શવદ જાહેર,
ઇસ્મ પએદા શવદ કે તોશીહશ.
હાસલશરા અગરચે યક યક હરફ,
બાઝ ગીરદ કસી કે મીસરા અશ.
ગર્જ ઈં હરદો સાહેબ એકબાલ,
મઆબદે સાખત'દ ખુબો ખશ.
દરબુલ'દી અબુ ચું હીમતે ખીશ,
હમ બખુબી લતીફો બસ દીલકશ.
ગર મુલહીએ ઉ કસી બીનદ,
મીરસદ ચશ્મે બાસરેહ બસરશ.
પીશોપસ તહતો ફોક હમ ચપો રાસ્ત,
પુર ફેરાખસ્ત ચું જહાતે શશ.
બ હમે એતીબો હમે આફાક,

બસનવદ ગુશ સામએ ઓ સનઅશ.
નીસ્ત દર ફાર્સ હીચ આતશ ગાહ,
દીલકશો ખુબ હમ બરો મીસલશ.
રૂઝે બેહરામો માહે સફનદાર,
શુદ બ ખુબીઓ નેકી અંજામશ.
કુન તો નોશીરવાન સબાહો મસા,
ઇં દુઆ દર નીઆયશે આતશ.
ચુ બર આતશ ગહે બુ નેહદ મુબદ,
પરીઓ દએવરા કુનદ દફઅશ.
આતશસ્ત આં ચુનાન કે રૂશનો તેઝ,
મહેમે દીનો કારે દુન્થ વશ.
બાદ રોશન બા તેઝીએ એક બાલ,
કારે હરદો બીરાદરાં ખુશ બશ.
ચું કે તૈયાર શુદ બ સાઅતે નેક,
આતશ આદરાં શુદેહ નામશ.
સાલે તારીખે ઉ સરૂશમ ગોફત,
નો મકાન નામ આદરાન આતશ. ૧૨૧૬

અર્થ —આએ મુબારક અને ખુશી ભર્યા હિગામમા નેકનામ વીકાજી તથા પેશતનજીએ મોહટા માન અને ઇજતથી બુલંદ આસમાનના જેવી ,દરેમેહર બંધાવી. ભલી દીનના હુકુમ મુજબ આએ બન્ને ભાઇઓએ અમલ કીધો. નવમા મહીનાના આસ્તાદ રોઝે તેમાં મોહટું જશન કીધું. નીઆયશ કરવા માટે તે મકાન જરથોસ્તીઓને હવાલે કીધું. તેના વરસની સોધમાં જ્યારે અકલ આખો દહાડો ફરતી હતી ત્યારે શરૂશે નીચલા મીસરામાં કહયું કે "દરેમેહરો આતશગહી પાદયાવ" (આએ મીસરામાંથી "અબજદ" ને કાયદે ૧૨૧૫ નું યજદજરદી સાલ નીકલે છે.)

મહને એક એવો શખ્સ મલ્યો જે નેક ગુણોની ગોયા ખાન હતી, જેણે દખનના મુલકમા આતશ આદરાન માટે એક મેહલ બાંધ્યો. તેને માટે કુશાદેહ અને ખુશ જગા મલી જેથી પસ્ત પઢનારાઓના દીલ ખુશ થાયાં. અગરજો આએ બેતોના દરેક મીસરામાથી એકકો હરફ લઇએ તો તેઓના નામો ખુલ્લી રીતે જણાઈ આવશે. (વીકાજી સાહેબ—પેશતનજી સાહેબ), જરથોસ્તી દીનનો પાયો મજબુત રાખનાર શેઠ પેસ્તનજીનુ નામ દુન્યામાં મશહુર છે. પરવરદેગારે તેવણુને તેજ, રૌશન અને નુરાની ચેહરો બક્ષવા સાથે નેક ગુણો અને નસીબો ઇનાયત કર્યા છે. ગોયા આ બન્ને ભાઇઓ બે તનમાં એક જાન સરખા છે આએ બેતના એકકા મીસરામાથી જો કોઇ અકેકો હરફ પકડે તો "સનાએ તોસીહ"ને કાયદે જ્યારે નામ નીકલે ત્યારે તેને માહરી કવીતાઈ ખુબીની કારીગરી માલુમ પડે સારાશ, આ બન્ને નસીબવાલા સાહેબોએ સારી અને ખુશનુમા ઇબાદતગાહ બનાવી. એની બુલંદી સ્થાપકોની જવાંમરદીને અનુસરતી છે, અને ખુબીમા ખુશનુમા અને દીલકશ છે. અગરજો મકાનની બુલંદી ઉપર કોઇ નીગાહ કરે તો જોનારને પોતાની આંખો ઉંચે ચહઢાવવી પડે. આગલથી અને પાછલથી, નીચે અને ઉંચેથી, જમણી અને ડાબીએ છ બાજુથી કુશાદેહ છે. તમામ દુન્યા અને જગતના લોકો તેની તારીફ સાંભલે છે ફારસમાં આના સરખું દીલકશ, શોભાયમાન અને બરાબરી કરનાર બીજું આતશ કદેહ નથી. અસપદાદ મહીનાના બેહરામ

રોઝે ખુબી અને નેકીથી કામ સરજામ ઉતર્યું. અએ નોશીરવાન ! આતશની નીઆયશમાં તુ આએ દુઆ સહવાર સાજ પઢતો રહે—જ્યારેબી મોબદ આતશ ઉપર ખુશબો મુકે છે ત્યારે તે પરી અને દેવને દફે કરે છે. આતશ એવો તો તેજ અને રોશન છે કે દીન અને દુન્યાના કામમાં આવે છે. એકબાલની તેજીથી બન્ને ભાઈઓના કામો ખુશી ખુરમીથી રોશન રહો. જ્યારે નેક વખતે (દરેમેહર) તૈયાર થઈ ત્યારે તેનું નામ " આતશ આદરાન " ઠર્યું. સરોશ યઝદે તેની તારીખનું સાલ કહયું:—" નવું મકાન જેનું નામ આતશ આદરાન " (આમે છેલ્લા મીસરામાથી અબજદને કાયદે ૧૨૧૬ નું યઝદજરદી સાલ નીકલે છે)

દસ્તુર નોશેરવાનજીએ દસ્તુરી ઓધા ઉપર આવ્યા પછીબી બે વરસ હેદરાબાદ ખાતે ગુજારયાં હતાં ત્યાર પછી રોજ ૧૭ માહ ૧૧ સને ૧૨૧૭ યઝદજરદી, તા૦ ૯ મી આગસ્ટ ૧૮૪૮ ઇસવીને દીને પુણે પાછા ફર્યા કે જે વખતે ત્યાની સમસ્ત અનજુમન મરહુમ સરદાર બહાદુર શેહરાબજી રતનજી પટેલની આગેવાની હેઠળ કેટલાક મજલ સુધી એવણને એસ્તેકબાલ લેવા ગઇ હતી અને મરહુમ પટેલ સાહેબના " હીરા બાગ "માં મોહટી મીજલસ હજુર સીઆલ અને માનપત્ર આપી પોતાને મકાને વીદાય કર્યાં હતા

આગલા વખતમાં મુબઇ અને દેશાવર ખાતેના દસ્તુર સાહેબોમાં પોતાના યજમાનો હજુર વાઅજ કરવાનો રવૈયો જાએજ ન હતો. આ રવૈયો દાખલ કરનાર પહેલવેહલા ધર્મગુરૂ દસ્તુર નોશેરવાનજી પોતે હતા એવણ સાહેબે મરહુમ શેઠ શેહરાબજી પટેલની દરેમેહરમા દર મહીને આતશના હમકારાઓ અને બીજા શુભ પ્રસંગો ઉપર વાઅજ કરવા-કરાવા માંડી જેની નકલો આજના દસ્તુરો તથા કેળવાએલા એરવદો કરતા જણાય છે.

ઇ. સ. ૧૮૫૧ મા મુંબઇના કેટલાક આગેવાન જરથોસ્તીઓએ પારસી કોમમા ધર્મને બહાને દાખલ થયલી કેટલીક અણઘટતી રસમોને જડમુળથી ઉખેડી નાખવા માટે " રાહનુમાએ મઝદયશનાન" નામની એક મંડલી સ્થાપી હતી. તેઓએ તે વખતના મુંબઈ તથા દેશાવરના જાણીતા દસ્તુરો અને એરવદ ઉપર રવાનનુ ક્રીયાકામ તથા ખરચ બાબેનો ખુલાસો લખી પુછાવ્યો હતો. આ વખતે દસ્તુર નોશેરવાનજી તથા તેવણના કાબેલ ઉસ્તાદ મરહુમ દસ્તુર ફરેદુનજી દારાબજી જામાસ્પ આશાના શીવાએ સઘળા દસ્તુરો તથા એરવદો ઉપલી મડલીની ઉમદા નેમો તરફ દીલસોઝીની ગેરહાજરી અને અસલી વિચારવાલાઓની ખફગીમાં આવી પડવાના ભયથી ચુપકીદી અખત્યાર કરી બેઠા હતા મજકુર બેહુ દસ્તુર સાહેબોએ પોતાને જેમ વાજબી લાગુ તેમ વગર આચકીએ રવાનના ક્રીયા કામ તથા ખરચ બાબેનો ખુલાસો મજકુર મડળી ઉપર લખી મોકલ્યો હતો.૧

મુબઈની પારસી પંચાયતની સત્તા રફતે રફતે નબલી પડી જવાના સબબથી પારસીઓમાં હેયાત બાયડી છતાં બીજી બાયડી કરવાનો નાલાયક રવૈયો દાખલ થતો ચાલ્યો અને તેથી તેઓના સંસાર સુખમાં મોહટી ખલલ પહોંચવા લાગી આ ઉપરથી મુંબઇના આગેવાન જરથોસ્તીઓએ " પારસી ધારા " બંધાવવા માટે ઇ. સ. ૧૮૫૫ માં એક મંડલી ઉભી કરી અને મુબઈ તથા દેશાવરના દસ્તુરો ઉપર ચોકકસ સવાલો લખી જવાબો મગાવ્યા હતા. આ ભલાં કામ તરફ દીલસોજી બતાવી દસ્તુર નોશેરવાનજી સાહેબે પણ ઘટતો ખુલાસો ઉપલી મંડલી ઉપર લખી મોકલ્યો હતો તેમજ " પારસી ધારા "ની ખરી અગત અને ફાયદાઓ પોતાના યજમાનોને સમજાવી તેઓને એ શુભ પગલા તરફ દોરવવા માટે એવણ સાહેબે પોતાના ભાઈ મરહુમ દસ્તુર હોશંગજી સાથ ઘણી ગ્રેહમત ખેચી હતી ઇ. સ. ૧૮૨૪ માં મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીએ પુણામાં પહેલવેહલું પંથક સ્થાપ્યું ત્યારથી તે ત્રણ દાહેકા સુધી મુબઇથી આલાત મંગાવી ધરમનુ ક્રીયાકામ ચલાવામાં આવતું હતું. પછવાડેથી દસ્તુર નોશેરવાનજી સાહેબે પોતાને દસ્તકની દરેમેહરમાં વરસીઓ અને

૧. " પારસી મકાશ " દફતર ૧ લુ સફે ૫૭૦-૭૧.

નીરંગદીનની મોતેબર ક્રીયા ચાલુ કરીને તેનો દરજ્જો એક તબક્કો આમલ વધાર્યો હતો. એ માટે નવસારીની અનજુમન તરફથી ઘણાક વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા પણ દસ્તુર નોશેરવાનજીએ સારી સહમજ અને કુનેહ વાપરીને ઉપલી ક્રીયાઓ કરવાનું કામ શુરૂ કીધું હતું. પ્રથમમાં વરસીઓ મરાતબ કરવાની મોતેબર ક્રીયા રોજ ૨૯ માહ ૩ સને ૧૨૨૬ યઝદજરદી, તા૦ ૨૨ મી દીસેમબર ૧૮૫૬ ઇસવીને દીને અને ત્યાર પછી નીરંગદીન કરવાની ક્રીયા રોજ ૨ માહ ૫ સને ૧૨૨૬ યઝદજરદી તા૦ ૨૪ મી જાનેવારી, ૧૮૫૭ ઇસવીને દીને પુણાના જરથોસ્તીઓના મોહટા મેલાવડા સનમુખ મઉવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાના તથા મરહુમ મોબદ સાહેબ ફરદુનજી રૂસતમજી ભેહવારે દસ્તુર નોશેરવાનજીની દસ્તુરી દેખરેખ અને ઉપરીપણા હેઠળ કરી હતી કે જે વખતે આગેવાન શેઠીઆઓ તરફથી દસ્તુરજીને ૫) સીઆલો હોરાડવામા આવી હતી. આવી રીતે પુણાની દરેમેહરમા વરસીઓ અને નીરંગદીનની મોતેબર ક્રીયા થાવાથી અથોરનાન ટોળામા ઝમાને કદીમથી ચાલતા આવેલા રેવાજ મુજબ મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલની દરેમેહર અને તેના દસ્તુરજીનો દરજ્જો ચોકકસ કદીમ દરેમેહરો તથા તેના દસ્તુરોની બરાબરનો આજે જણાય છે.

સતારાની જરથોસ્તી અનજુમને દસ્તુર નોશેરવાનજી સાહેબને મુખ્ય આગેવાન ઠેરવી તેવણુની સલાહ મુજબ એક દુખમુ બાધવાની ગોઠવણુ કરી આ ઉપરથી દસ્તુરજીએ મુબઇવાલા મરહુમ શેઠ માણેકજી નોશેરવાનજી પીટીટની મદદ લઇ એક લીસ્ત ફરતુ કીધુ અને તેમા થોડીજ મુદતમાં જોઇતી રકમ ભરાઇ ગઇ મજકુર શેઠ અને દસ્તુરજીની ભેગી ખત અને મેહનતથી સતારામાં બધાએલા દુખમાને પરઠવાની ક્રીયા રોજ ૨૦ માહ ૭ સને ૧૨૨૬ યઝદજરદી, તા૦ ૧૨ મી એપ્રીલ ૧૮૫૭ ઇસવીને દીને એવણુના ઉપરીપણુા હેઠળ કરવામા આવી હતી આ દુખમાને લગતી સગડી ઉપરની તખ્તીનુ લખાણુ ફારસી એનોમા દસ્તુરજીએ લખ્યુ હતુ.

હવે દસ્તુરજી સાહેબની રાજદુઆરી સેવાઓ ઉપર આવ્યે. ઇ. સ ૧૮૫૭ માં હિન્દની લશકરી ટુકડીના દેશી સીપાહીઓએ બ્રીટીશ સરકાર સામે મોહટો બળવો જગાડયો અને તેની ચીગારીઓ હીન્દના જુદા જુદા ભાગોમાં ફેલાતી ગઇ આ વખતે બ્રીટીશ હકુમતના ખેરખાહોએ ઈંગ્રેજ સરકારને મદદ કરી જે કીમતી શેવાઓ બજાવી હતી તેમાં દસ્તુર નોશેરવાનજી તથા તેમના ભાઇઓ પણુ હતા તાત્યા ટોપી અને પેશવા બાજીરાવ બીજાનો દત્તક નાહના સાહેબ ઉત્તર તથા મધ્ય હિંદુસ્તાન તરફ કરપીણુ કામો બજાવવામા ચકચુર થઇ રહયા હતા અને દખણમા છુપા જાસુસો મારફતે ત્યાના લોકોને ઉશકેરી પુણા શેહર લુટવાનુ કાવત્રું રચતા હતા આવા બારીક વખતે દસ્તુર નોશેરવાનજીએ "સીક્રેટ ઇન્ટેલીજન્સ દીપાર્ટમેંટ" તથા "એક્ષપ્રેસ દોક" પોતાના ખરચે ઉભો કરી બીરાર, ખાનદેશ, માલવા વીગેરે હિંદના બીજા ભાગોમાંથી પોતાના ભાઇઓની મદદથી બલવાને લગતાં જોખી છીતુરી લખાણો હાથ લાગતા તેનો ઇંગ્રેજીમાં તરજુમો કરાવી સરકાર ઉપર મોકલી આપતા તેમજ વળી સરકારી અમલદારોને ઉરદુ અને ફારસી ખતો મલતા તે દસ્તુરજી ઉપર તરજુમા માટે મોકલી આપતા એ વીશે પુણાનો માજી કલેકટર મી૦ દકન દેવીદેશન તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૬૭ ઇસવીના પોતાના પત્રમાં દસ્તુરજીને લખી જણાવે છે કે —

"I perfectly remember in 1858 I received through you, from your relatives in Berar, and away to the eastward of Khandeish, the very best and earliest intelligence of Tantia Topee's movements. I have it now in Sir H. Somerset's handwriting that he sent this on to Sir Hugh Rose, and that it was most correct information of all he received."

બળવાખોરોની હીલચાલોને લગતી જે બાતમીઓ નામદાર સરકારને પુરી પાડવામાં આવી હતી તે કેટલી કીમતી અને ભરૂસો રાખવા લાએક ઠરી હતી તેની સાબેતી મી૦ ડંકન ડેવીડસનના બીજા પત્ર ઉપરથી મલે છે. મજકુર અમલદાર તા. ૪ થી એપરેલ ૧૮૫૯ ઇસવીના પત્રમાં વધુ એમ જણાવે છે કેઃ—

"The intelligence you procured for me from Berar on Tantia Topees incursion there was very valuable and quick, and the military authorities acknowledged its correctness and it must be valuable for Government to have such faithful, loyal, zealous and able Servents"

દસ્તુર નોશેરવાનજી સાહેબની રાજદુઆરી શેવાઓ સાથ નીકટ સંબંધ ધરાવનારી તાજ તરફની વફાદારીનો પણુ આએ જગોએ ઇસારો કરવો પ્રસંગોપાત થઇ પડશે જ્યારેબી નામદાર બ્રીટીશ સરકાર કોઇબી કામમા ફત્તેહમંદ ઉતરતી યાતો જંગના મેદાનમાં શત્રુઓ ઉપર જીત મેલવતી તે વખતે, તેમજ પાદશાહી કુટુંબ આફત અને સંકટમાથી બચી જતુ તે વખતે દસ્તુરજી સાહેબ જાહેર જશન અને બંદગી કરી અને પોતાના પંથકોમા પણુ કરાવી દીનના ફરમાન મુજબની અને ધર્મગુરની ફરજને છાજે એવી રીતની તાજ તરફની ખરી વફાદારી અચુક રીને જાહેર કરવાને ચુકતા ન હતા. નીચે જણાવેલા હિંગામો ઉપર દસ્તુરજી સાહેબે જશનો અને બંદગીઓ કરી–કરાવી પોતાની ખરી વફાદારી જાહેર કરી હતી —

૧–ઇ. સ ૧૮૫૪ માં રશીઆ ઉપર ઇંગલંડે જીત મેલવી તે વખતે

૨–ઈ સ ૧૮૫૫ મા ઇંગ્રેજ સરકારે સીબાસ્તપોલનો કીલ્લો ફત્તેહ કીધો તે વખતે

૩–ઇ સ ૧૮૫૮ માં હિન્દમાં બળવા પછી શાંતી ફેલાઈ અને મહારાણી વીકટોરીઆએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પાસેથી હિન્દનો કારોબાર પોતાને હસતક લીધો તે વખતે.

૪–ઇ સ ૧૮૭૧ મા નામદાર શહેનશાહ એડવર્ડ સખ્ત બીમારીમાંથી સાજા થયા તે વખતે.

૫–ઇ સ ૧૮૭૭ માં મહારાણી વીકટોરીઆએ "કયસરે હિન્દ" પદ ધારણુ કીધું તે વખને.

૬–ઇ સ ૧૮૮૦ મા અફગાન લડાઇમાં ઈંગ્રેજની ફત્તેહ થઈ તે વખતે

૭–ઈ સ ૧૮૮૨ માં મહારાણી વીકટોરીયા એક કરપીનની જાન લેવાની કોશેશમાંથી સલામત બચી ગયા તે વખતે

ઈ સ. ૧૮૬૪ માં સોલાપુરના માજીસ્ત્રેટ મી૦ સાંડવીચે દસ્તુરજીના તાબા હેઠલના મોબદ બરજોરજી મેહરવાનજી ભાદનને પારસીને લગતા એક મુકદમામાં સાક્ષી આપવા માટે સમન્સ કહાડી બોલાવ્યો હતો. મોબદ બરજોરજીએ પોતાને બરસતુમ હોવાથી કોર્ટમાં હાજર થાવાની ના પાડીને સરકારી નોકરીમાંના એક મોબદનુ નામ લખી મોકલ્યુ મી૦ સાડવીએ પોતાને અપમાન થયલુ સહમજી મોબદ બરજોરજીને વારંટથી પકડી મંગાવીને ઉઘાડે પગે સાક્ષી આપવાની ફરજ પાડી મી૦ સાંડવીચની આવી ગેરવર્તણુકથી સોલાપુરના પારસીઓની લાગણી ઉશકેરાઇ અને તેઓએ મોબદ ઉપર જે જાસ્તી ગુજારવામાં આવી તેની ફર્યાદ દસ્તુરજી ઉપર લખી મોકલી આ ઉપરથી દસ્તુર નોશેરવાનજીએ પોતાના મરહુમ ભાઇ સરદાર દસ્તુર હોશંગજી સાથ મુંબઈના તે વખતના ગવરનર સર બારટલ ફ્રીઅરની હજુર જઇ દાદ ચાહી તે નામદારે પુરતી જોસ્તેજો કરી મી૦ સાંડવીચને તેની આપખુદી અને ગેરવર્તણુક માટે સખ્ત ઠપકો આપ્યો હતો ૧

એજ વરસમાં યાને ઇ સ ૧૮૬૪ માં મુબઈના ખાટકીઓએ એક સંપ થઇ ગોશનો ભાવ ઘણોજ વધારી દીધાથી મુંબઇના પારસીઓએ દેશાવર ખાતેથી બકરાં ખરીદ કરી સસ્તે ભાવે ગોશ

૧. "પારસી પ્રકાશ" દફતર ૨ જુ ભાગ ૨ જો સફે ૧૨૦ અને તેની ફુટ નોટ.

વેચવા માટે ડોસાભાઇ મેહરવાનજી વહાડયાની કુંપની મારફતે એક ફંડ ઉભું કીધું. આ વાતની ખબર પુણામાં દસ્તુર નોશેરવાનજી તથા બીજા શેઠીઆઓને થાવાથી મુંબઇના પારસીઓ પુણે આવી પુગે તે પહેલાં સસ્તે ભાવે બકરાં એક હાથ કરી લીધાં, અને પુણાના ખાટકીઓ સાથ બંદોબસ્ત કરી તેઓને મુંબઇ મોકલી આપ્યા આ ઉપરથી મુંબઇના ખાટકીઓ પાછા ઠેકાણે આવ્યા અને પારસીઓ સાથ નવો બંદોબસ્ત કરી સસ્તે ભાવે ગોશ વેચવુ શુરૂ કર્યુ [૧]

દસ્તુર નોશેરવાનજી સાહેબે ઇ. સ. ૧૮૫૭ ના હિન્દના બલવા વખતે ઇગ્રેજ સરકારની જે કીમતી શેવાઓ બજાવી હતી તેનો બદલો જોકે તુરત નહી તોપણ અસુરેથી મલવા વીના રહયો નહી. તા૦ ૨૬ મી દીસેમબર ૧૮૬૭ ઇસવીને દીને લોર્ડ નેપીઅર ઓવ મગદલાની સીફારસ ઉપરથી હિન્દની સરકારે એવણુ સાહેબને " ખાન બહાદુર " નો ખેતાબ કે જેની નવાઝેશ તે વખતે હાલની માફક છુટે હાથે થતી ન હતી તે અને દખણના બીજા વર્ગના સરદારની પદવી અને તેને લગતા હકો એનાયત કરી એવણુ સાહેબની રાજદુઆરી શેવાઓની ઘટતી કદર બુજી હતી આ ખેતાબ અને પદવી એનાયત થઇ તેની મુબારકબાદીમા એવણુ સાહેબને નીચલે ઠેકાણેથી માન પત્રો, સીઆલો અને બીજી ભેટોની નવાઝેશ કરવામા આવી હતી —

૧–મુંબઇની અથોરનાન અનજુમન તરફનુ માનપત્ર
૨–દખણુ હેદરાબાદની અનજુમન તરફનુ માનપત્ર કાશમીરી સીઆલ સાથનુ.
૩–સતારા અને મહાબ્લેશ્વરની અનજુમન તરફનુ માનપત્ર સીઆલ જોડા સાથનુ.
૪–પુનાની જરથોસ્તી અનજુમન તરફનુ માનપત્ર રૂ. ૨૦૦૦) ની પર્સ સાથનુ.
૫–નવસારીની અનજુમન તરફનુ માનપત્ર.
૬–વીઆરા તથા સોનગઢની અનજુમન તરફનુ માનપત્ર.
૭–તારાપોરની અનજુમન તરફનુ માનપત્ર.
૮–કલીઆણીની અનજુમન તરફનુ માનપત્ર.,
૯–સોલાપુરની અનજુમન તરફનુ માનપત્ર સીઆલ સાથનું.
૧૦–બીરાર અનજુમન તરફનું માનપત્ર ચાદીના સટ અને સીઆલ સાથનુ.
૧૧–મઉની અનજુમન તરફનુ માનપત્ર સુના તથા રૂપાની હારડી અને સીઆલ સાથનુ.
૧૨–ઇદોરની અનજુમન તરફનુ માનપત્ર રૂપાના કલમદાન સાથે
૧૩–નીમચની અનજુમન તરફનુ માનપત્ર સીઆલ સાથનુ
૧૪–નસીરાબાદની અનજુમન તરફનુ માનપત્ર સીઆલ સાથનુ.
૧૫–કલકતાની અનજુમન તરફનુ માનપત્ર રૂપાના આફરગાન્યા સાથનું.

પહેલાં ત્રણુ માનપત્રો તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૬૮ ઇસવીને દીને, છેલ્લુ માનપત્ર તા૦ ૨૦ મી દીસેમબર ૧૮૬૮ ઇસવીને દીને અને બાકીના માનપત્રો તા૦ ૮ મી જુન ૧૮૬૮ ઇસવીને દીને મોહટા મેલાવડા હજુર એનાયત કરવામા આવ્યાં હતાં

ત્યારપછી ઈ. સ. ૧૮૬૮ માં એવણુ સાહેબને સોનાનો ચાંદ ઘટતા લેખ સાથ મુંબઈની સરકાર તરફથી એનાયત થયો હતો આ ચાંદ પેહડાવાની કીયા નામદાર ગવરનર સર સીમોર ફીટ-ઝીરાલ્ડે તા૦ ૬ થી અકતોબર ૧૮૬૮ ને દીને પુણાની સાએન્સ કોલેજમાં દખણુ અને ગુજરાતના રાજા રજવાડાઓ, સરદારો, ઇનામદારો તથા જાગીરદારોથી ભરાયલી દરબાર હજુર કરી હતી, જે વખતે નામદાર ગવરનરે કહી સમજાવ્યુ કે " આએ ચાદ તમોને ભેટ આપતાં મને ઘણી ખુશી ઉપજેછે, તે એટલા માટે કે હરેક ધરમના ઉપાધીઆઓની ફરજ જે રાજ તરફ વફાદારી તથા સુભ સુચનાની છે તે તમોએ ઘણીજ વફાદાર રીતે ૧૮૫૭ તથા ૧૮૫૮ ના ખુનખાર બલવામાં અદા

---

૧. " પારસી પ્રકાશ "–દફતર ૨ જુ ભાગ ૨ જો સફે ૨૨૪ અને તેની ફુટ નોટ.

કીધી છે, એટલુંજ નહી પણ તમારા જાતીભાઈઓને તમોએ તેમ કરવાને જાણે એક સબક આપ્યો છે. હું વધારે ખુશી એટલા વાસ્તે છું કે તમોને સરકારે મરતબો બખશીઓ છે તેઓ તરફથી પસંદ આએલો તથા વાજબી ગણાયો છે. હું આશા રાખુચ કે આએ ચાંદ તમો તનદરસ્તી સાથે ઘણું સુખી વાપરો કે જેહને તમો પુરા લાએક છેઓ. ખુદા કરેને તમારી જીંદગી લાંબી થાએ. "[1] આએ ચાંદ ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે·—

Presented
By
The Bombay Government
To
Khan Bahadur Dustoor
Nosherwanjee Jamaspjee
For
Distinguished Loyalty
and
Good Services
In
1857–58

ત્યાર પછી પાંચ વરસે યાને ઇ સ ૧૮૭૩ માં મુમ્બઇની સરકારે એવણુ સાહેબને દખણના પહેલા વર્ગના સરદારની પદવી, એ પદવીને લગતા તમામ હકો અને સરકારી મેહલમા ભરાતી "લેવી" માં "પ્રાઇવેટ એનટરી" નો હક એનાયત કરી એ માનવત દસ્તુરજી સાહેબની રાજદુઆરી શેવાઓની વધુ કદરશનાસી કરી હતી. એવી રીતે દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનને સરદારી દરજ્જાથી ઝીબાયશ આપનાર પેહલવેહલા ભાગ્યશાલી પુરૂષ દસ્તુર નોશેરવાનજી સાહેબ પોતે હતા.

બએત:—

ફાઝેલો દસ્તુરે દાના લાયકે સરદાર શુદ,
હમનશીને હાકેમાનો હમ સોહબતે દરબાર શુદ.

અર્થ —ફાઝેલ અને દાનાવ દસ્તુર સરદારને લાયક થાયા અને હાકેમોની સાથે બેસનારા અને દરબારના સોબતી થાયા.

આજથી ચાર દાહેકાની વાત ઉપર પુણા ખાતે નસેસાલારોના ફંડની ગેરહાજરીને લીધે રૂવાનને અવલમ જલ પહોંચાડવા માટે ઘણીજ મુશકેલી અને સંકટ વેઠવુ પડતુ હતુ અને જ્યારે નસેસાલારોનું કામ પડતુ ત્યારે મોહટો ખરચ અને અપાર ખુશામદી કરવા છતાંભી મુશકેલી અને સંકટ ટલતું ન હતુ મરહુમ શેઠ ખાનબહાદુર પેશતનજી શોહરાબજીના ધર્મખાતાં તરફથી નસેસાલારની ૧) જોડી રાખવા છતાંભી અનેક તરેહની મુશકેલીઓ નડતી હતી. ઈ સ. ૧૮૫૮ માં પુણાની નજદીક ખડકી ગામમાં એક જરથોસ્તી હક થાયા અને ફકત ખાંધીઆઓનો ખરચ રૂ. ૫૮) સુધીનો થાવા છતાં પણ તેમની લાસ વખતસર ઠેકાણે ન પડવાથી પુણાના જરથોસ્તીઓનાં દીલ કચવાયાં. ત્યાર પછી થોડેજ દીવસે દસ્તુર નોશેરવાનજીના ગાદીવારસ એરવદ આદરબાદ હક થાયાથી તેવણના ઉઠમણાને દીને યાને રોજ ૨૭ માહ ૫ સને ૧૨૩૭ યઝદજરદી, તા૦ ૧૭ મી મારચ ૧૮૫૮ ઇસવીને દીને એ દસ્તુરજી સાહેબે આગેવાની કરી નસેસાલારનુ ફંડ ઉભું કીધુ

1. "પારસી પ્રકાશ"—દફતર ૨ જુ ભાગ ૩ જો સફે ૨૧૩

જેમાં પહેલવહેલી એવણુ સાહેબે રૂ. ૫૦૦) ની રકમ ભરી હતી. એ ફંડના એવણુ સાહેબ પોતાની હૈયાતી સુધી એક ટ્રસ્ટી હતા.

ઇ. સ. ૧૮૭૧ માં જાલના મધે કાદરાબાદ શહેરની હદમાં ત્યાંવાલા શેઠ પેશતનજી મેહરવાનજી જાલનેવાલાની આગેવાની હેઠલ બંધાએલાં દુખમાને પરઠવાની કીયા એ દસ્તુરજી તરફથી ગએલા મોબેદો દસ્તુર ખુરશેદજી જમશેદજીએ રોજ ૪ માહ ૮ સને ૧૨૪૦ યઝદજરદી, તા૦ ૨૩ મી એપ્રીલ ૧૮૭૧ ઇસવીને દીને કરી હતી.

દસ્તુર નોશેરવાનજી સાહેબ હેરબદ થાઇ પુણે પધારવા પછી પોતાની જન્મભુમી નવસારીની ત્રણ વખત મુલાકાત લીધી હતી. એવણુ સાહેબ પેહલ વેહલા ઇ સ. ૧૮૪૩ માં પોતાના ભાઇઓ દસ્તુરો બેહરામજી, રતનજી અને હોશંગજીને મરાતબ કરાવવા માટે નવસારી પધાર્યા હતા ત્યાર પછી ૩૧) વરસે યાને ઈ. સ. ૧૮૭૪ માં પોતાના દીકરાના પાલક તે હાલના દખણના વડા દસ્તુર સરદાર કેકોબાદ આદરબાદને નાવર-મરાતબ કરવા માટે સીધાર્યા હતા આ વખતે એવણુ સાહેબને નવસારીની અનજુમન અને સરકારી અમલદારો તરફથી મોહટો આવકાર મળ્યો હતો અને માન અકરામની ગોયા રેલછેલ થઇ રહી હતી નાવરની મીજલસમાં નવસારીના આગેવાનો તરફથી એવણુ સાહેબને અને એવણુ સાહેબ તરફથી આગેવાનોને સીઆલોની પહેરામણી થાઈ હતી એવણુ સાહેબની આ વખતની પધરામણી દરમ્યાન નવસારીના એક આબરૂદાર કુટુંબમાં મોહટો કંકાશ જાગ્યો અરસપરસનો વેરભાવ એટલો તો વધી ગયો કે કજીઆએ આખરે જાહેર નાલેશીનુ રૂપ પકડયુ. આ બનાવ ઉપરથી મુંબઇમા વસ્તા નવસારીના બે અથોરનાન શેઠીઆઓમાં પણ મીનાકેશો જાગયો વાત એટલીતો રસાકસી ઉપર ચહડીકે એક નાપસંદ ફોજદારી મુકદમો કોરટની દેવડીએ ચહડયો, અને પારસી કીર્તિને ઝાંખ લાગે એવી નાખુશ બાબદો અજવાલામાં આવવાનો સંભવ રહયો. મુંબઈના પારસી વર્તમાન પત્રોના અધીપતીઓ પણ આ નાલાએક ઝઘડા ઊપર નુકતેચીની કરવા ગોયા તૈયાર થઇ રહયા હતા આવા રસાકસીના હિંગામ વખતે દસ્તુર નોશેરવાનજીની પધરામણી નવસારીવાસીઓને આવકારદાયક થઇ પડી હતી તેવણુ સાહેબે બેહુ પક્ષોની વચ્ચે પડી નવસારીની બત્રીશીએ ચહડેલી ભાંજગડનુ બે દીવસમા સમાવાનીથી છેવટ લાવી આપ્યુ જેથી સરકારી અમલદારોએ પોતાનો ખરો સંતોષ જાહેર કીધો અને નવસારીના જરથોસ્તીઓએ પણ પોતાની ઉપકારી લાગણી જાહેર કીધી દસ્તુરજી સાહેબની પરોપકાર લાગણી કેટલી તીક્ષણ હતી, એક નેક સલાહકાર તરીકે એવણુ સાહેબના સુખનને કેટલુ વજન મલતુ અને એવણુની સારી સહમજ ઉપર લોકોનું કેટલુ યકીન હતુ તે ઉપલી ભાંજગડ ઉપરથી સીધ્ધ થાએ છે એવણુ સાહેબની નવસારી ખાતે ત્રીજી અને છેલ્લી પધરામણી ઇ સ ૧૮૭૮ માં મરહુમ શેઠ નોશેરવાનજી રતનજી તાતાએ દુખમુ બંધાવી પરઠાવ્યુ તે વખતે થઇ હતી અને જશનની મીજલસમા મજકુર શેઠ તરફથી એવણુ સાહેબને એક સીઆલ હોરાઉવામા આવી હતી આ વખતે પણ નવસારીના અકાબરો અને સરકારી અમલદારો તરફથી એવણુને પોતાના દસ્તુરી અને સરદારી દરજાને છાજતો પુરતો આવકાર મલ્યો હતો।

હવે દસ્તુર નોશેરવાનજી સાહેબને દેશી રાજાઓ સાથ કેટલો એખલાસ હતો અને હેદરાબાદના પ્રધાન મરહુમ સર સાલારજંગ પેહલા સાથ દોસ્તીનો સરેસ્તો કેટલો હતો તે તપાસીએ. દસ્તુરજી સાહેબે પોતાના દસ્તુરી દરજાને છાજતી લીઆકાત, નમ્રતા, પરહેઝગારી અને એવા બીજા ઉત્તમ સદગુણોને લીધે જાત અને પરજાતનો તો શું પણ હિન્દના દેશી રાજાઓનો ચાહ અને પ્રીત પોતા તરફ ખેંચી લીધી હતી. હેદરાબાદના રાજકર્ત્તા નીઝામ તથા ઇંદોરના હોલકર મહારાજ સાથ દસ્તુરજીને એટલોતો એખલાસ હતો કે જ્યારેજી તેઓ પુણે આવતા ત્યારે દસ્તુરજીની મુલાકાત લેવામાં પોતાના પાદશાહી દરજામાં વધારો થએલો સહમજતા. તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૭૪

ઇસવીને દીને ઇંદોરના મહારાજા તુકાજીરાવ હોલકરે પુણામાં મકરસંક્રાતીની દરબાર ભરી હતી જે વખતે દસ્તુર નોશેરવાનજી તથા તેમના ભાઇ સરદાર દસ્તુર હોશંગજીને મોહટો આવકાર આપી સીઆલ પાગડીનો સરપાવ એનાયત કર્યો હતો તેમજ "દસ્તુર હોલ" માં એ બેહુ ભાઇઓની મુલાકાત લઇ છોકરાંઓને મીઠાઇ મુકવાની સુનાની પુતલીઓ ભેટ આપી હતી ઇ. સ. ૧૮૭૭ માં દસ્તુરજીની મઉની મુલાકાત દરમ્યાન તુકાજીરાવ હોલકરે એવણ સાહેબને પોતાના મેહમાન તરીકે ઇંદોર પધારવાનુ ઇજન કર્યું હતુ, પણ પોતાની વડી દીકરી માણેકબાઇના અકાળ મરણને લીધે તે ઇજન ઉપકાર સાથ ના પાડી પુણે પાછા ફર્યા હતા હેદરાબાદના માજી દીવાન મરહુમ સર સાલારજંગ પહેલા પણ દસ્તુર નોશેરવાનજી સાહેબ સરીખા ફરેશતાઇ ખસલતો ધરાવનાર દીનના પેશવા સાથ દોસ્તી રાખી એખલાસ વધારવામા પોતે મગરૂરી લેતા હતા જ્યારેબી તેઓ પુણે આવતા ત્યારે દસ્તુરજીના મેહમાન તરીકે રહેતા. એ નામદારને દસ્તુરજીના જ્યોતિષ જ્ઞાન માટે ઉંચુ મત હોવાથી પોતાને ત્યાંનુ જ્યોતિષને લગતું સઘલું કામ એવણ સાહેબ પાસે કરાવતા. આવી રીતે દીવાન સાહેબે દસ્તુરજી સાહેબ સાથનો પોતાની દોસ્તીનો સરેસ્તો પોતાની હૈયાતી સુધી સાચવી રાખ્યો હતો, તેમજ મરહુમ દીવાનના વારસોએ પણ પોતાના પીતાને સુભ પગલે ચાલી દસ્તુરજી સાથનો સબંધ તેવણ સાહેબના મરણ સુધી જારી રાખ્યો હતો

ઈ સ ૧૮૭૮ માં દસ્તુરજી સાહેબે પોતાની આગેવાની હેઠલ "બઝમે રૂઝે બેહરામ" નામની એક કલબ સ્થાપીને તે સાથ પોતાની યાદગારી આજ સુધી કાએમ રાખી છે. એ મંડળી સ્થાપવાનો મુખ્ય હેતુ એ હતો જે દર મહીનાના બેહરામ રોઝે તથા બીજા તેહવારો અને ખુશી ભર્યા હિંગામો ઉપર જરથોસ્તીઓની મેહફલ કરી જશન, બંદગી તથા વાએજ કરવી અને ત્યારબાદ ખાનાના સુફરા ઉપર હમશરીક થવુ કે જેથી જરથોસ્તીઓનુ ધર્મ ઉપરનુ યકીન મજબુત થવા સાથ અરસપરસની ભાઇબંધી અને મીત્રાચારીનો વધારો થાય. એ "બઝમ" મા પુણા ઉપરાત મુંબઇ તથ દેશાવરના ઘણાક મોતેબર ગૃહસ્થોએ શરીક થાઇને નાણાની મોહટી મદદ કરી છે અને એની થાપણ આજે રૂ. ૩૦,૦૦૦) ત્રીશ હજાર સુધીની છે. એ "બઝમ" ના દસ્તુરજી સાહેબ પોતાના મરણ સુધી "પેટ્રન" હતા.

ઇ સ ૧૮૪૫ માં દસ્તુર નોશેરવાનજીએ સોનાપુરની દરેમેહર જે પોતાના ઉપરીપણા હેઠલ પરઠાવી હતી તેનુ બ્યાન હમો આગલ કરી ગયા છે એ દરેમેહર ઘણી બીસમાર હાલતમા આવી પડવાથી ખાનબહાદુર દારાશાહ ડોશાભાઇ દેપ્યુટી કલેકટરની આગેવાની હેઠલ અનજુમનને ખરચે ફરીથી બાંધવામા આવી હતી. એ દરેમેહરને પરઠાવવા માટે દસ્તુર નોશેરવાનજી સોલાપુર પધાર્યા હતા અને ત્યાંની અનજુમન અને સરકારી અમલદારો તરફથી મોહટો આવકાર મલ્યો હતો એ દરેમેહરને રોજ ૯ માહ ૧૨ સને ૧૨૪૮ યઝદજરદી, તા૦ ૨૪ મી આગસ્ટ ૧૮૭૯ ઇસવીને દીને પોતાના ઉપરીપણા હેઠલ પરઠાવી ખુલ્લી મુકી હતી, અને એવણ સાહેબની "દરેમેહર" ઉપરની વાએજ એવણની તરફથી એવણના ભત્રીજા ખાન બહાદુર મેહેર હોશંગ દસ્તુરે વાંચી સંભળાવી હતી સઘલી ક્રીયા પુરી થવા પછી દસ્તુરજીને અનજુમન તરફથી એક કીમતી શાલ જોડો હોરાડવામાં આવ્યો હતો[1]

---

[1] એ સુભ બનાવની ખુશાલીમા શાહ છબીલદાસ બાલમુકદાસ મેહતાની રચેલી કવીતા તા૦ ૧ લી સપટેમબર ૧૮૭૯ ના "જામે જમશેદ" માં છપાઈ હતી જે અતરે સદાબરી ઉતારી લીજીએ છીયે.—

ધનીઅ ધનીઅ ધનીઅ ખુદા, તારી ખુબી ગાવુ,
મંદીર અગીઆરી કેરૂ, જોઈ અતી હરખાવુ ધનીઅ ૧
ખુબીના ખાવદને છોડી, કોણે શરણે જાવુ,
અદભુત તારી લીલા જોઈ, ઈઅજદા પરસ્ત થાવુ ધનીઅ ૨
પાક જરતોસ્ત કેરા, તીરથમા હુ નહાવુ,
દસતુર નોશેરવાન તણા, ચરણા વીદ ચાહવું. ધનીઅ. ૩

ઇ સ ૧૮૮૪ માં હેદરાબાદના નીઝામ મીર મહેબુબ અલીખાંનને રાજ્યાભિષેક કરવાની ક્રીયામાં શરીક થવા માટે નીઝામના ખાસ ઇજનથી એવણુ સાહેબ હેદરાબાદ પધાર્યા હતા આ વખતે ત્યાના જરથોસ્તીઓએ એવણુ સાહેબની આગેવાની હેઠલ નીઝામને ફારસી ભાષામાં એક માનપત્ર એનાયત કર્યું હતું, જે એવણુ સાહેબે એવા તો બુલંદ આવાજે, અસરકારક રીતે અને ફારસી ઝબાનની શીરીનીને છાજે એવા મધુર હલક સાથ વાંચ્યું કે હુઝુર પોતે, દીવાન સરે સાલાર-જંગ બીજા, દરબારીઓ અને મીજલસીઓનુ એકસરખું ધ્યાન એવણુ તરફ ખેંચાએલું રહ્યુ. એ વીશેનું તા૦ ૧૪ મી એપ્રીલ ૧૮૮૪ ના "પુના ઓબઝરવર" માં નીચલું લખાણ જોવામાં આવેછે:—

After all had been Seated, the High Priest rose and read the address * * * in a loud and clear voice. The High Priest has very pawerful lungs * * * and the ringing tones in which he gave out Sentence after Sentence of the melodius Persian Composition produced a great effect an the minds of his hearers.

માનપત્ર વંચાઈ રહેવા બાદ હુઝુરે પારસીઓનો ઉપકાર માની દસ્તુરજી સાહેબને મોતીનો હાર અને દીવાને ખીલઅતની નવાઝેશ કરી હતી તેમજ અમીર-ઉમરાવો અને નવાબો તરફથી ઘણીક ભેટો થઇ હતી તથા જરથોસ્તીઓએ મોહટા પાયા ઉપર ઝીઆફત આપી હતી

એજ વરસમા યાને તા૦ ૪ થી મેએ ૧૮૮૪ ઇસવીને દીને ઇગતપુરા મધે દુખમાનો તાણો પુરવાની ક્રીયા એવણુના ઉપરીપણા હેઠલ કરવામા આવી હતી, પણ દુખમુ બંધાઈ તૈયાર થાય તે પહેલાં એવણુ બેહસ્તનશીન થવાથી તેને પરઠવાની ક્રીયા એવણુના જાનશીન મરહુમ સરદાર દસ્તુર હોશંગજીએ કરાવી હતી.

દસ્તુર નોશેરવાનજી સાહેબ જેટલા માયાલુ, નમનતાઇવાલા અને લાયકીવાલા હતા તેટલા હાતમ દીલના અને પરોપકારી હતા બાદશાહો, નવાબો અને શ્રીમંતો સખાવતો કરી નામના મેલવે તે ફક્ત તેઓની હોરમત અને દોલતને જોરે હોયછે. પણ એક સખી દીલગુરદાનો ધર્મને, ઉપાધ્યો વાખવાખી મેલવવાની ખાહેશ વગર શુ જાત કે પ્રજાતમાં પોતાની આવકના પ્રમાણમાં સખી હસ્ત લંબાવે એ તેની અંદરખાનેની ધર્મી લાગણીનુ પરીણામ છે એવણુ સાહેબના સખી દીલગુરદાની હૈયાત નીશાનીઓ શુ છે તે તપાસીએ. પુણા મધે નાહનાની પેટમાં વસનારા લોકો

નમી નમી દીલ જાનથી, શરણુ તારે આવુ,
પુરાપ વરશતી પરેમની, પરભુ પદે વધાવુ ધનીઅ ૪
પારશી ગરહસ્થ કેરૂં મંડલ, મલીઉ હેતે હીઆજે;
હરખી નીરખી ભેગુ થઉ, પાક હોરમજને કાજે ધનીઅ. ૫
અગની ગરહ સઘલ કેરૂં, કએઆ પશાદરે છાજે;
ઉગમણી દીશા ભણી, એતો ઘણુ બીરાજે ધનીઅ. ૬.
માએઆ, મોહ, ગરવ તજી, પાક બંદો થાજે;
શંશાર રૂપી જાલથી, શુકરત ફલ પાજે. ધનીઅ. ૭
પારશી માહ અશપંદાદ, વલી આદર નવરોજે;
૧૨૪૮ ઈઝદજરદી, પુરણુ રવી દીન જોજે. ધનીઅ ૮
જન શરવે વીશમએ પામી, ઈશવરની લીલા ઓજે,
ખરા જીગરથી પાક થાઇ, જામા શુતના ધરણુ ધોજે ધનીઅ ૯
ખુબી દારાશાહ તણી, આ ભુ મંડલે ગાજે;
૨૬ છબીલ ફલશારો, શુભ દીન લેવા આજે. ધનીઅ. ૧૦

પાણીની સગવડ વગર લાંબી મુદતથી સંકટ વેઠતા હતા અને તાંપની રૂતુમાં તો ગરીબ ગુરબાંઓનો ઘણા મરો થતો હતો. એ સંકટ ટાલવાની દસ્તુર નોશેરવાનજીએ પોતાની ફરજ વીચારી. દેવળ્યું સરકારમાં પોતાનો વગ વસીલો ચલાવી અસલ પાણીના જથ્થાની આવકમાંથી થોડોક ભાગ પોતે મેલવીને ત્રણ ટાંકીનો એક મોહટો હોજ પોતાના ભાઈઓની ભેગી મદદથી દરેમેહરની બાહેર બંધાવી તા૦ ૧૫ મી મારચ ૧૮૬૭ ઇસવીને દીને ખુલ્લો મુકયો હતો. આ ટાંકીઓમાંની એક હિન્દુ, બીજી મુસલમાન અને ત્રીજી પારસીઓના વપડાશ માટે રાખવામાં આવી હતી. પોતાના મરહુમ માતુશ્રી બચીઆઈજીના પુનને માટે બીરારમા આવેલા આકોલા શેહરમા દરેમેહર બંધાવી રોજ ૨૪ માહ ૨ સને ૧૨૩૯ યઝદજરદી તા૦ ૧૪ મી નવેમબર ૧૮૬૯ ને દીને મુંબઈવાળા મરહુમ દસ્તુર દોકતર જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાનાના ઉપરીપણા હેઠલ પરહાવી ખુલી મુકી હતી અને તે વખતે બીરારમાં વસતા એવણના ભાઈઓ દસ્તુર બેહમનજી અને મરહુમ દસ્તુર રતનજીને એ મકાનના મુતવલીઓ ઠેડવ્યા હતા. બીરાર, નાગપુર અને તેની અતરાફમા વસનારા જરથોસ્તીઓને એબાદતગાહની સગવડ કરી આપવાથી ત્યાના જરથોસ્તીઓએ દસ્તુર નોશેરવાનજીને સાલ જોડો તથા માનપત્ર એનાયત કરી પોતાની ઉપકારી લાગણી જાહેર કરી હતી. પુણામાં મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલે બંધાવેલી દરેમેહર વસ્તીના પ્રમાણમા નાહની અને બીસમાર હાલતમાં હોવાથી તેને નવેસરથી મુસ્તકીમ પાયા અને રોનકદાર ઢબ ઉપર બંધાવી મરહુમ પટેલ સાહેબની નૈયતે ઇજાવી રોજ ૨૦ માહ ૯ સને ૧૨૪૬ યઝદજરદી, તા૦ ૬ થી જુન ૧૮૭૭ ઇસવીને દીને મુંબઇ તથા દેશાવરના જરથોશતીઓના દબદબા ભરેલા મેલાવડા સનમુખ ખુલ્લી મુકી હતી એ વખતે પુણાની અનજુમન તરફનું ૭) ગ્રૃહસ્થોનુ એક દેપયુટેશન શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેશરીઆની આગેવાની હેઠળ દસ્તુરજી આગલ હાજર થઇ જણાવ્યુ કે " તમો સાહેબે આજ લાંબી મુદતથી હમારી પુણાની તેમજ આખા દખણની દસ્તુરીનો નામીચો તેમજ જોખમ ભરેલો ઓધો ઘણીજ લાએકી, અશોઈ અને પરહેજગારીથી ચલાવ્યો છે તેમજ તમારા બીજા એવા ભલા ગુણોથી અતરેની અનજુમનને ઘણી શોભા અને માન મલે છે તે વીશેનો તમારો ઉપકાર જાહેર કરવાને તથા તમો સાહેબને જાહેરમા માન આપવાને હમારી પુણાની અનજુમન તરફથી એક જાહેર સભા રોજ ૧૭ મો માહ ૯ મો ૧૨૪૬ ને દીને મલી હતી તેમા એવો ઠેડાવ થયો હતો કે પુણાની શમસત અનજુમનના તમો સાહેબની તરફના માન અને મમતાની ઇધાણી દાખલ એક સાલ જોડો ભેટ આપવો તે મુજબ આ જાહેર અનજુમનમા તે કામ બજાવવાને હમોને ઘણો સંતોશ ઉપજે છે "[1] એટલુ બોલી શેઠ ધનજીશાહે અનજુમન તરફનો સાલજોડો દસ્તુરજીને ખુશાલીની તાલીઓ વચ્ચે હોરાડયો હતો અને પોતાની તરફની એક સીઆલ દસ્તુરજીને જુદી હોરાડી હતી તેમજ શેઠ દાદાભાઈ હોરમજી દુબાશ તથા બીજા ગ્રૃહસ્થો તરફથી દસ્તુરજીને પુશકળ સીઆલો હોરાડવામાં આવી હતી. તેમજ એ દરેમેહરની પડોશમાં મરહુમ શેઠ શોહરાબજી પટેલની યાદગારીમાં જરથોસ્તીઓના સર અવસરના વપડાશ માટે " પટેલ હોલ " નામનું એક મકાન કુશાદેહ બંધાવીને એજ દીવસે ખુલ્લું મુક્યું હતુ. એ જાહેર સખાવતો બાદ કરતાં દસ્તુરજીની ખાનગી અને છુપી સખાવતો ઘણી હતી.

દસ્તુરજી સાહેબ ફારસી નસર અને નઝમમાં લખાણો કરવાનું કેટલુ બલ ધરાવતા હતા તે એવણ સાહેબના નીચલાં લખાણો ઉપરથી સાબેત થાય છે :—

૧—સતારાના દુખમાની સમડી ઉપરની તખ્તીનુ લખાણ.

૨—સીકનદરાબાદની દરેમેહરની તખ્તી ઉપરનુ લખાણ.

૩—નામદાર શહેનશાહ એડવર્ડને લખી આપેલો કસીદો.

૪—મુંબઇના માજી ગવરનર સર સીમોર ફીટઝીરાલ્ડને લખી આપેલો કસીદો.

---

૧ જામે જમશેદ તા૦ ૧૩ જુન ૧૮૭૭.

૫–મરહુમ શેઠ માણેકજી નોશેરવાનજી પીટીટને લખી આપેલો કસીદો.
૬–હેદરાબાદના નીઝામને લખી આપેલો કસીદો,
૭–મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાલાને લખી આપેલો કસીદો.
૮–" તોહફેતુલ અઝમ " નામની ફારસી કેતાબનો સરેહ સાથનો તફસીલવાર ખુલાસો.
૯–મરહુમ સર જમશેદજી જીજીભાઈ પહેલા બારોનેટના મરણ ઉપર લખેલો મરસીઓ.
૧૦–મોનાજાત.

હવે દસ્તુરજી સાહેબના દસ્તુરી દરજાને લગતા કેટલાક બનાવોની નોંધ લઈ એવણ સાહેબની કારકીરદીનો સફો બધ કરીશુ —

૧–મરહુમ ડોકટર મારટીન હોગે દસ્તુરજીની ઉસ્તાદગીરી હેઠળ દીનને લગતી ક્રીયાઓની માહીતી મેળવી હતી.

૨–બીરાર વાશો બીશપ જેલ જરથોસ્તી ધર્મ ઉપર દસ્તુરજી સાથ વાદ વિવાદ ચલાવવા માટે બીરારથી પુણે આવજાવ કરતો હતો.

૩–પુણાના કાઉનસીલ હોલમા દસ્તુરજી સાહેબની સબી નામદાર સરકારની ફરમાસથી મુકવામાં આવી છે.

૪–ઇ. સ ૧૮૭૫ મા હાલના નામદાર શેહેનશાહ એડવર્ડ હિંદમા પધાર્યા તે વખતે તેવણને આવકાર આપવા માટે મુંબઇના રહેવાસીઓની એક વગવાલી કમીટી તા૦ ૩ જી આગસ્ટ ૧૮૭૫ ઇસવીને દીને નેમાઈ હતી તેના એ દસ્તુરજી એક મેમબર હતા

૫–નામદાર શહેનશાહ એડવર્ડ તથા શાહજાદાઓ ડયુક ઓવ એદીનબરો અને ડયુક ઓવ કોનોટે પોતાની હિંદમા પધરામણી વેળા મુંબઈ અને પુનામા જાહેર દરબાર અને ખાનગી લેવી ભરી હતી તે વખતે એવણના દરજાને છાજતુ સઘળુ માન આપવામા આવ્યુ હતુ.

૬–વડોદરાવાલા સીઆજીરાવ ગાયકવાડ અને હેદરાબાદના નીઝામ મીર મહેબુબ અલીખાનને રાજ્યભીષેક કરવાની ક્રીયામા ભાગ લેવા માટે ખાસ ઈજન આવ્યુ હતુ

૭–પોતાની આગેવાની હેઠળ ઉભાં થયલાં નસેસાલાર ફડ અને " બઝમે રૂઝ બેહરામ "ના પોતાની હૈયાતી સુધી ત્રસ્ટી અને " પેત્રન " હતા

દસ્તુરજી સાહેબ દખણ, બીરાર, માલવા અને રજપુતાનાના જરથોસ્તી ફીરકા ઉપર ૩૮) વરસ, ૬) મહીના અને ૭) દીવસની લાંબી મુદત સુધી દસ્તુરી સત્તા અને અધીકાર ભોગવ્યા પછી રોજ ૧૦ માહ ૨ સને ૧૨૫૪ યઝદજરદી, તા૦ ૨૭ મી આકટોબર ૧૮૮૪ ઇસવી, સવત ૧૯૪૧ ના કારતગ સુદ ૮ અને સોમવાર, તા૦ ૭ મી મોહરમ સને ૧૩૦૨ હીજરી, શાલીવાન શાકે ૧૮૦૬, ને દીને ૬૬) વરસ, ૪ મહીના અને ૯ દીવસની ઉમરે પુણા મધે પોતાના "દસ્તુર• હોલ" મકાનમા બેહશતનશીન થાયા. એવણનુ મરણ " દાયબીતીશ " ની બીમારીથી નીપજયુ હતું અને મનની શાતી અને હુશીઆરી છેલ્લી ઘડી સુધી સાચવી રાખી હતી. એવણની પાયદસ્ત વખતે સતાવાલાઓએ પોલીસનો સારો બદોબસ્ત રાખ્યો હતો. એવણ સાહેબના મરણની ખબર ચોમેર ફેલાતા જાત અને અજાતમાં બેહદ દીલગીરી ફેલાઇ હતી અને સઘલે ઠેકાણેથી દીલગીરી તથા દીલાસા પત્રો અને તારો આવવા શુરૂ થયા હતા મુંબઇના તે વખતના ગવરનર સર જેમ્સ ફરગ્યુશન, કમાનડર ઇનચીફ સર હેનરી હારડીંજ તથા બીજા સરકારી અમલદારો વીગેરે તરફથી દીલગીરી દર્શાવનારા તારો આવ્યા હતા તેમજ કેટલાક દેશી રાજાઓએ પણ એવણના કુટુબ ઉપર દાલસોજી દેખાડનારા તારો મોકલ્યા હતા. મુંબઇ તથા નવસારીની ભગર અનજુમન તરફનું એક દીલાસાપત્ર પણ એવણના ભાઇઓ ઉપર મોકલવામાં આવ્યુ હતું. તેમજ મુંબઇના જાણીતાં પત્રો " ટાઈમ્સ ઓફ ઇડયા " અને " કયસરે હિન્દે " એવણની સબી સપુર્ણ જન્મ ચરીત્ર સાથ પોતાના વરાકોમાં વેંહચી હતી.

એવણુ સાહેબનાં મરણથી પારસી કોમે અને મુખ્ય કરી એવણના પંથકોના યજમાનોએ ફરેસ્તાઇ ખસલતો ધરાવનાર દીનનો પેશવા, દસ્તુર જામાસ્પ આશાના ખાનદાને પોતાનો નુરી ચેરાગ, પુણાના રહીશોએ ઝીબાયશ આપનાર નામાકીત સરદાર, ઇંગ્રેજ સરકારે પોતાની વફાદાર રૈયત, ભાઇઓ તથા કુટુંબીઓએ પોતાનો નામવર મુરબી અને નવસારી કસબાએ પોતાનું "પાકીજેહ ગોહર" ગુમાવ્યું છે.

દસ્તુરજી સાહેબ પોતાની વડા દસ્તુર તરીકેની કારકીરદીમાં પોતાના યજમાનોને બેહુદા ફતવાઓ આપવાથી તદન અલગ રહેતા હતા અને દીનની શરતે જે વાજબી લાગે તેવા ફતવાઓ જાહેર કરતા હતા. તેમજ નજીવી તકરારોમાં ચકચુર બની પોતાનો વખત ન ગુમાવતાં ધર્મ અને સંસારની બાબદમા દીન અને દુન્યાને અનુસરતા પોતાના મધ્યમ વીચારો બાહેર પાડી પોતાના યજમાનોનું યકીન જરથોસ્તી મજહબ અને સંસાર તરફ ટેકવી રાખવામાં એટલાતો ફતેહમંદ ઉતયા હતા કે એવણના જેવા આએ જમાને થોડાજ ધર્મગુરૂઓ આપણને માલુમ પડતા હશે. આ વળાણ એવણુ સાહેબે પોતાની હૈયાતી શુધી અખતયાર કીધેલી હોવાથી તમામ પારસી કોમનો એકસરખો ચાહ અને વીશ્વાસ પોતા તરફ ખેંચી લીધો હતો. હવે હાલની અને આવતી ઓલાદોની વાકેફગારી માટે એવણુ સાહેબના દબદબા ભર્યા સરદારી અને નુરાની દેખાવનું થોડુંક બ્યાનકર્યે જેમ પરહેજગાર અને ખુદાઇ રાહ ઉપર ચાલનારા સાલેકોના ચહેરા ઉપર ખોરેહની કુદરતી બક્ષેસ ઉતરેલી હોવાથી દરેક આદમી તેના તરફ મહોટા માન અને ઇજતથી નીગાહ કરે છે તેમ દસ્તુર નોશેરવાનજી સાહેબનો દબદબા ભર્યો સરદારી અને નુરાની દેખાવ દરેક ધર્મી અને સંસારી મીજલસમાં તેમજ જાહેર અને ખાનગી મેલાવડાઓમા સર્વેનું એક સરખુ ધ્યાન ખેંચી તેમની અમીરી ખાસ્યત અને નવાબી તોરનો અચ્છો ખીઆલ આપતો હતો એ વીષે વર્તમાન પત્રોમાં જે લખાણો થયાં હતાં તેનો હયાં ઉતારો કરવો હમો દરૂસ્ત ધાર્યે છીએ –

"એ દસ્તુર સાહેબનો દોરદમામ, બુજોરગ ચેહરો અને અવાજ એક અજબ ચમતકાર ભરેલો છે જે જોતાંજ શુ જરથોસ્તી કે શુ જુદદીનોને એક તરાહની ખુશાલી ઉપજે છે અને આપણા ગવરનર શાહેબે જ્યારે પુણામા નામદાર શેઠ બેહેરામજી જીજીભાઇની મેડીકલ સ્કુલ ઉઘાડવાની કીરીયા કીધી ત્યાં જાહેર રીતે કહી સંભળાવ્યું કે " આએ દસતુરનો ચેહેરો અજબ તરાહની અસર કરે છે, તેની બુજોરગી અને દેશહીતકારીપણુ ચેહરાપર કોતરાઇ રહેલુ છે." તેમજ એ દસ્તુર સાહેબનો નેક ચેહરો બેશક છે અતરેના જડજ તથા કલેકતર વગેરે સાહેબ લોકો તેઓને જોઇનેજ ઘણાજ મહ્યન થાયા હતા." (જામે જમશેદ તા ૧ લી સપતેમબર ૧૮૭૯)

"અસલી દસ્તુરી દરજાજામા તેવણુ સરદારજ હતા. કુદરતી બદનના દેખાવમાં તેવણુ સરદારજ હતા. મજુશી ચાલ ચલણમાં તેવણુ સરદાર હતા મીજલસી દોર દમામમા તેવણુ સરદાર હતા. ભીતરની દાનાઈ અને તવાનાઈમાં તેવણુ સરદાર હતા. બાહેરના દમદમાતમા તેવણુ સરદાર હતા. અને લીઆકત તથા શાન સઉકત બોલવા લખવામાં તેવણુ સરદારજ હતા. એટલે ઉગમનથી તે આઠમણુ, અને દખણથી તે ઓતર દશાની સરહદ તલકના સરદાર તરીકે ખુદ કુદરતનાજ હાથે તેવણુને ઘડીઆ હતા" (સત્ય મિત્ર તા૦ ૨ જી નવેમબર ૧૮૮૪)

"જામાસ્પ આશાના બુજોરગ તથા પરહેજગાર ખાનદાનની કાબેલીઅત, પહરેજગારી, અસીલાઇ અને નેકીનો વારશો મરનાર દસ્તુરે મેલવવાની સાથે તે ખાનદાનના ચહેરામાં કુદરતથી છપાઇ રહેલી જહમકનો અને દમામી દેખાવનો રૌબનો વારશોબી મરનાર ઉપર કુદરતની પીછીએ ઉતાર્યો હતો. બુલંદ કપાલ, ગંભીર રૂપ, ચચલ આંખો, ફરાખ છાતી, હસ્તુ મોહડું અને ધીમા કદમવાળા પુરૂષને ધરમગુરૂના પોશાગમા જોનાર ધણીના દીલમાં પેહલીજ નજરે તકરાસની નહી પણ માન અને દરજજાનો દમામ માલમ પડતો હતો. બાદશાહો હીરા મોતીથી બીરાજતા નથી અથવા સીપેસાલારો તલવારની તેજીથી ફતેહ મેળવવા પામતા નથી; પણ કુદરતી

જમાનાંના ઘણા દાખલાઓમાં જમાનાઓ થયા ખરૂ માન અને ખરો દબદબો પેદા કરી તેની અસર મેલી ગયા છે, તે વાતની સાબેતી "એક્ષમે કાયદા" ના પાણીઓ ઉછલાવયા વગર મરનાર દસ્તુરના દેખાવ ઉપરથી મલતી હતી. અશો આશાના ખાનદાનના લોહીમાં સમાયલી નીરમલ પરહેજગારી તથા ખુબીની નુરાની એ ખાનદાનમાં વગર હરકતે ચાલુ રહેલી છે, તેમાં હવડા બેહસતનશીન થયલાં નોશીરવાનનો દેખાવ શીનમાર વગર દબદબા ભરેલો હતો તેટલીજ વાત ઉપરથી તેના બુજ્રેરગ વડીલો નીરદોષ જમાનાઓમાં કેવા પાક પરહેજગાર અને અશો હોવા જોઇએ તેનો ખીઆલ લંબાવતાં આદમીનુ મગજ કુદરતની બક્ષેસ અને તે મેલવવા જોગની લાયકાતની ફીલસુફી સુધી દોડે છે." (કૈસરે હિન્દ તા૦ ૨ જી નવેમબર ૧૮૮૪)

તા૦ ૨૫ મી દીસેમબર ૧૮૬૮ ઇસવીને દીને હિંદના વાઇસરાય લોર્ડ મેઓએ દસ્તુરજીની મુલાકાત લીધી હતી અને તેવણનો ચેહરો, પોશાગ અને દબદબા ભરેલો દેખાવ જોઇને ઘણોજ મગન થયો હતો. તા. ૨જી મેએ ૧૮૮૫ના "ટાઇમ્સ ઓવ ઇનડીઆ", મા જણાવવા મુજબ જ્યારેબી યુરોપના રાજવંશી મુસાફરો અને નામાકીત પુરૂષો પુણે જવાની ખાહેશ રાખતા ત્યારે મુંબઇના ગવરનરો તેઓને ત્યાની ત્રણ ચીજો — "પારબતી, સરકારી મેહેલ અને પારસીઓના વડા દસ્તુર" જોવાની મજબુત ભલામણ કરતા હતા

મરહુમ દસ્તુરજી સાહેબને પાકી પરહેજગારી, અશોઈ, લીઆકાત, દુરઅંદેશી અને દાનેશમંદી એવા ગુણો ધરાવવા સાથે દોસ્ત તથા દુશમન, તવંગર અને ગરીબ, આલા તથા અદનાને સરખી નજરે જોવાનો અને અપકારનો બદલો ઉપકારથી વાલવાનો ઉત્તમ સદગુણોની કુદરતી બક્ષેસ થઇ હતી, અને તેની "જાદુઇ અસર" એ નીપજી હતી કે મરહુમ દસ્તુરજીએ સઘલી વરણની એકસરખી મોહોબત અને પ્રીત પોતા તરફ ખેંચી લીધી હતી એ વિશેનો તા૦ ૯મી નવેમબર ૧૮૮૪ ઇસવીના "કૈસરે હિંદ" પત્રમાં નીચલો ઇસારો જોવામા આવેછે —

"બાદશાહ, સરદાર કે માલેતોઝાર સોદાગર બીજાઓ તરફથી માનપાન ભોગવે તે તેની સતા અને દરવયની જાહોજલાલીનો પડછાયો છે, પણ એક પંડીત, ફીલસુફ, પરહેજગાર કે મુફલેસ સાધુ તેવી સત્તા અને ગંજ વગર બીજાઓની લાગણી ખેંચી લીએ તે માત્રે તેના પોતાના સદગુણોની જાદુઇ જેવી અસર છે મરહુમ દસ્તુરના જેહવીજ બલકે તેથી સરસ કાબેલયત ધરાવનારા બીજા કેટલાકો થઈ ગયા હશે અથવા હાલ મોજુદ હશે, અને તેવણના જેહવોજ દરજજો બીજા કેટલાકો ભોગવી ગયા હશે અથવા ભોગવતા હશે, પણ સઘલી બાજુઓ તરફથી એકસરખો ચાહ અને પોતાની મેલે ઉશકેરાઇને ઉભરી નીકલતુ માન ખેંચી લેવામા મરહુમ નોશેરવાનજીના જેટલો ફતેહમંદ બીજો કોઇબી ધરમગુરૂ આ ઓલાદમા જણાતો નથી તે બનાવ પારસીઓના હવડાના વહીવટમા અસાધારણ છે તે અસાધારણતા મરહુમ દસ્તુરજીએ પોતાની કાબેલયતના કરતાં પોતાની સારી વરતણુકથી મેલવી છે" જે ઉત્તમ સદગુણોથી એવણ સાહેબ સઘલી વરણનો એકસરખો ચાહ અને પ્યાર મેલવવા પામ્યા તે સદગુણો એવણની હમેશની યાદગારીનો ગોયા એક સ્તંભ છે.

મરહુમ દસ્તુરજી સાહેબ પાદશાહી માન મરતબો ભોગવવાને જેટલા ભાગ્યશાલી હતા તેટલા સંસારના સુખથી ઘણાજ બેનસીબ રહયા હતા એવણના નેક ખસલત મોહતરદાર દીનબાઈજી તે એવણના કાકા મરહુમ દસ્તુર જમશેદજી એદલજીના દીકરીએ પોતાના માનવંત ખાવીંદને ૬) દીકરાઓ અને ત્રણ દીકરીઓ મલી ૯) ફરજંદોની ભેટ કરી હતી આ ફરજંદોમાના ફકત એક શીવાય સઘલાં ફરજંદો એવણ સાહેબની હેયાતીમાં ગુજરી ગયા હતાં અને આવા ગજબનાક બનાવો જે પએ દર પએ બનીઆ ગયા તે દાનાવ ધર્મગુરૂને છાજે એવી તારીફ લાયક સહનશકતીથી ખમ્યા હતા. એવણનો ગાદીવારસ દીકરો એરવદ આદરબાદ રોજ ૨૫ માહ ૬ સને ૧૨૩૭ યઝદજરદી તા૦ ૨૫મી મારચ ૧૮૬૮ ઇસવીને દીને

૧૭) વરસની જવાન વયે મરણ પામ્યો હતો. એવણનાં વડાં દીકરી બાનુબાઇ તે પોતાના જમીલ જમશેદજી હોરમઝદયારની ધણીઆણી રોજ ૯ માહ ૭ સને ૧૨૪૬ યઝદજરદી તા૦ ૨૭ મી માર્ચ ૧૮૭૭ ઇસ્વીને દીને ૩૦) વરસની ઉમરે બીડ ગામમાં ગુજરયા હતાં. બીજાં દીકરી જરબાઈ તે પોતાના ભાઇ દસ્તુર બેહમનજીની વડી વહુ રોજ ૨૯ માહ ૧૦ સને ૧૨૩૬ ઇસવી તા૦ ૧૮મી જુલાઇ ૧૮૬૭ ઇસ્વીને દીને ૧૬) વરસની ઉમરે કારંજામાં ગુજરયાં હતાં. આ ત્રણ ફરઝંદો શીવાય પાંચ દીકરાઓ—તેહમુર, ખુરશેદ, ફરામ, જમશેદ અને ડોશાબાઇ—નાધલી ઉમરે ગુજરયા તે જુદાં. દસ્તુરજીની સૌથી નાધલાં દીકરી મીઠીબાઈ તે પોતાના ભાણેજ મરહુમ શેઠ દીનશાહ પેશતનજી કામાના ધણીઆણી હાલ હૈયાત છે.

કહો કોણ જગમાં પુરૂં છે સુખી,
સુખીબી જરા હોયછે હયાં દુઃખી.
બધી વાત જ્યારે સફલ થાય છે,
વિરૂધ વાત એકાદ પણ જાય છે.
સુખીબી દુઃખી છે, દુઃખીબી સુખી,
જગત છે બધાંનાં સુખોની ભુખી.
પુરૂં સુખ નહિ કોઇ પામ્યું જગે,
જમાનો જુલમગાર સૌને ઠગે.૧

મરહુમ દસ્તુરજી સાહેબની લાયકી અને અસીલાઇને લીધે તમામ જરથોસ્તી ટોળો એવણ તરફ કેટલી જાંફેશાની બતાવતો હતો તેનો પુરાવો એજ છે કે એવણના ઉઠેમણાને દીને જ્યારે એવણની યાદગારી માટે ફંડ ઉભું કરવામા આવ્યું ત્યારે તેજ વખતે રૂ. ૧૩૧૧૬) ની રકમ ભરાઇ ગઈ હતી. આ ફંડમાથી પુણામાં "સરદાર દસ્તુર નોશેરવાન ગરલ્સ હાઇ સ્કુલ" નામનુ ખાતું સ્થાપવામાં આવ્યું, જેને ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૧૫ માહ ૫ સને ૧૨૬૨ યઝદજરદી તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૮૯૩ ઇસ્વીને દીને મરહુમ નામદાર સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ સાહેબે પોતાના બખ્તાવર હાથે કરી હતી. આએ ખાતુ આજે મુસ્તકીમ પાયા ઉપર ચાલે છે. એવણ સાહેબની બીજી યાદગારી "બઝમે રૂઝે બેહરામ" સાથ કાયમ રાખવામાં આવી છે. એ ક્લબની કારોબાર મંડલીએ એવણ સાહેબના મરણની નોધ પોતાના દફતરમાં લઇ દર મહીનાના બેહરામ રોઝે એવણની નૈયતે યઝશને તથા બાજ આફ્રીનગાન કરાવાનો બંદોબસ્ત કીધો છે, કે જેથી કરી એવણ સાહેબનુ નામ મજકુર ક્લબ જેના મરહુમ સાહેબ આગેવાન સ્થાપક અને મુરબી હતા તેની સાથ હમેશા કાયમ રહે. તેમજ નવસારીની અનજુમને ત્યાંના આતશબેહરામમાં એમની મોહટી સબી મુકાવી એવણની યાદગારી એવણની જન્મ ભુમીમાં પણ કાયમ રાખી છે.

ગરબી:-

(રાહ—દસ્તગીર તું કુદરતનો વાલી)

ચાલી ગયો નોશેરવાં સરદાર;
પડયો પુનામાં ગમનો પોકાર. ચાલી.
ખાન બહાદુર દસ્તુર કેહવાય;
તેના મોહતે આલમ ગમ ખાય. ચાલી.
વરૂધ વયે છોડી ફાની જાહાન;
હઇયાતીમાં ધરયું ધરમ ધ્યાન. ચાલી.

૧ [illegible]

અધોઇમાં વખણાયો જુનેરંગ;
અશો મેળવે છે ઉતમ સવરંગ. ચાલી.
કીધી સેવા સરકારની સારી;
મેળવી કીરતી નોશીરે કઇ નેથારી. ચાલી.
વીદ્યા એલમનો ભર્યો ભંડાર;
પડયો આજે અંહી પહેલો સરદાર. ચાલી.
પ્રીતી, સુલેહ, સુ સંપનો ચાહાનાર;
"બઝમે બેહરામ" આજે ગમખાર. ચાલી.
"મોટા બાવા" કુંટુબના ગયારે;
સરવે સનેહીઓ રડતા રહયારે. ચાલી.

("પારસી પંચ" તા૦ ૨ જી નવેમબર ૧૮૮૪)

મરસીઓ–દસ્તુર ખુરશેદજી જમશેદજી દસ્તુર જામાસપ આશાનાની કલમથી લખાયલો (સનાએ તોસીફ ને કાયદે.)

કતાએ તારીખે વફાતે દસ્તુર નોશીરવાન સાહેબ સરદાર ખાન બહાદુર બ તરીકે તોશીહ.

દાર ફાનીસ્ત ઇં સે પંજી સરાએ,
સીપેહરી નીસ્ત પીશે તીરે કઝાએ.
તને શાહો ગદા ફના ગરદદ,
વારહે કુચએ બકા ગરદદ.
રહે રવ રાહે ઝીન્દગાનીસ,
નીસ્ત જુંજ ચાશનીએ જામે ફના.
બારસે તાજ યાકે તખ્ત બુવદ,
ઝુમો બદ યાકે નેકબખ્ત બુવદ.
મક બ યક હરકેરા અજલ આયદ,
શાહે મુલ્કે અદમ બ પૈમાયદ.
વાસલે હક શુદેહ દર ઇં અયામ,
આહ નોશીરવાને આલી મુકામ.
નીઝ દસ્તુર બુદો હમ સરદાર,
સાહેબે ઇઝ્ઝતે જાહે નેક આસાર.
અઝ શાહનશાહે કયસરે આલી મકામ,
હાસલશ ગશ્ત કુરસીએ અહકામ.
બગમશ અઝ જમીએ ખુરદો કલાન,
સેલ અઝ ચશ્મ શી કુનન્દ રવાન.
રૂઝ તીરેહ બ ચશ્મે આલમ શુદ,
દીલે અહેબાબ પુર-બસદ માતમ શુદ.

અઝ બસી ગરીએ અશ્ત હુશર બપા,
રફ્ત તા ચર્ખ શોરો વાવેલા.
ખેશો બી ગાનેહ માતમશ કરદન્દ,
અઝ બસી ખસ્તગી ગમશ કરદન્દ.
નેક તસલીમ કરદ હુકરા જાન,
બ મહે અરદીબેહુસ્તો રોઝ આબાન.
હાતફ આવાઝ બેહુરેહ ઓમરશ દાદ,
અઝ જેહાં ગુમ અદબ શુદો બરબાદ.
દીલે ખુરશીદ સાલ જો ચું શુ દેહ,
રૂહે નોશીરવાન બ મીનુ શુ દેહ. ૧૨૫૪

અર્થ —આએ ત્રણ પાચ દહાડાની દુન્યા ઘણુ ભંગુર છે. અને કઝાની તીર આગલ ઢાલ નકામી છે પાદશાહ અને ફકીરનુ તન ફના થઇ જવાનુ અને હમેશગીની જગામાં જઇ પુગવાનું. જીદગીની રાહ ઉપર ચાલનારાઓને ફનાની જામમાથી ચાશની કરવા શીવાએ છુટકો નથી. તાજ યા તખ્તનો વારસ હો યાતો બદબખ્ત યા નેકબખ્ત હો—એ દરેકને જ્યારે મોત આવશે ત્યારે "મુલકે અદમ"નો રસ્તો લેવો પડશે. અફસોસ? બુલંદ મરતબાનો નોશીરવાન આ વખતે હક-તાલાને જઇ મળ્યો તે સાહેબ પોતે દસ્તુર અને સરદાર હતો, તેમજ માન મરતબા અને નેક-બખ્તીનો સાહેબ હતો બુલંદ મરતબાની શહેનશાહબાનુ તરફથી તેને હાકમની ખુરસી એનાયત થાઇ. તેના મરણના ગમથી નાધલા અને મોહટાઓની આંખોમાંથી આસુની નદી વેહવા લાગી આલમની આખોમા દીવસ ગોયા અંધારાની માફક જણાયો, અને દોસ્તોના દીલ ગમથી ભરાઇ ગયા ઘણુ રડવાથી કીઆમત ગોયા ઉભા થઈ (યાને ઘણી માહેતમ અને રડાકુટ થાવાથી પેલી દુન્યાના લોકો પણ એકદમ ઉઠી ઉભા થયા) અને અફસોસ? રડાકુટનો અવાજ આસમાન સુધી જઇ પુગો. ખેશ કુટુંબીઓ અને પારકાઓએ તેના મોતથી રડાકુટ કીધી અને જખમી થાયલી લાગણી સાથે તેનો ગમ ખાધો ને નેકબખ્ને અરદીબેહસ્ત મહીનો ને આવા રોજે પોતાનો જાન તે કીરતારને હવાલે કીધો. (સરોશ યઝદે) જયારે તેની ઉમર માટે ગેબી અવાજ કહાડયો ત્યારે દુન્યામાંથી અદબ ગુમ અને બરબાદ થઇ ગઈ. જયારે ખુરશેદનુ દીલ સાલ સોધવા નીકળ્યુ ત્યારે નોશીરવાનનું રૂહ મીનોમાં ગયુ. (છેલ્લા મીસરામાથી "અબજદ"ને કાયદે દસ્તુરજીના મરણનું સને ૧૨૫૪ નુ યઝદજરદી સાલ નીકલે છે.)

મરસીઓ ૨ જો—હેદરાબાદવાલા શેઠ પેશતનજી જમશેદજી મુનશીની કલમથી લખાયલો.

અબયાતે તહલફ વ તાસુફ—આયાતે તારીખે હસરત અંગીઝ રહલત ફરમાયે દાનાયે ઇસરારે હકાયકે દીને યઝદાની શનાસાએ રમુઝે અહકામે રબ્બાની રહેનુમાયે ઝરાતુશત્યાન વ હીદાયત ફરમાય બહેદીનાનેબસ્તેકુસ્તીઆન સર આમદે કદુહે મુબદાન વ હીરબદાન નશરયત પનાહ મઆરફત આગાહ દસ્તુરે મબરૂર મગફુર સરદાર ખાન બહાદુર નોશીરવાનજી ખલફે અમજદ અરશદ ફીરદુશ આશીઆન દસ્તુર જામાસ્પજી

દરીગા દરીગા દરીગા દરેગ,
બે બારીદ બુનાબ ગમ ચશમે મેગ.
દરીગા કે નીરંગે ચરખે સીપેહર,
કે દસ્તુર અનોશીરવાન શુદ ઝે દહેર.
એ દસ્તુર દસ્તુરે ફરરોખ સીઅર,

કે જામાસ્પ આશાએ આલી ગોહર.
દરીગા કે દર દુખમએ કુહ હસાર,
બે ખોફ્‌ત વઝ દીલ બુરદ સબરો કરાર.
ગીરૂહે ઝરાતુસ્તીઆને દકન,
દરીગા ગીરફ્‌તારે દામે મેહન
બે ફ્રઝુદ ચું હસ્ત બર શસ્ત સાલ,
અજલ કુફ્‌ત નકારહે ઇરતેહાલ.
હઝારો દો સદ બુદો પંજાહો ચાર,
કે શુદ દીદએ દુદમાન અશક બાર.
દહુમ રૂઝ દર માહે અરદીબેહતર,
બે પરરીદ તાઉસે જાન દર બહેશ્ત.
હમી તાકત મસબાહે કલ્બો રવાન,
કે દીને ઝરાતુસ્તે એસફ્‌નતમાન.
કે ફોતશ બ પુના સીહે ગસ્ત રૂઝ,
બે લાન્દ આસમાં નાવકે દીદેહ દુઝ.
ગુલો લાલેહો યસમન બાર શુદ,
ચુ સહરા બીઆબાનો ગુલઝાર શુદ.
પેશોતન બરીં મરગે અનદુહ નાક,
ચુ માહીએ બીતાબ બર રૂએ ખાક.
બે પુરસીદ સાલે વફાત અઝ સરૂશ,
કે હાતફ નદાઈ રશીદશ બગુશ.
બેગો અઝ સને યઝદજરદી સખુન,
અબર મરગે નોશીરવાન હેફ કુન. ૧૨૫૪
સમર સાલે રેહલત પએ ઇં હમામ,
બ બુસ્તાને જન્નત નમુદેહ મકામ. ૧૨૫૪
કે રૂએ અલમ અએ પેશોતન સરાએ,
બ બુસ્તાને મીનુ બ યાદે ખુદાએ. ૧૨૫૪

અર્થ –યઝદાનની દીનની હકીકતો અને ખુદાઇ હુકમોના ભેદ ભરમોનો જાણનાર અને પીછાણનાર, જરથોસ્તીઓના રાહબર, બસ્તેકુસ્તીયાન બેહદીનોની હેદાયત કરનાર, મોબદો અને હેરબદોના સરદાર, સરયત પનાહ, મઆરફત આગાહ, મરહુમ અને મગફુર દસ્તુર સરદાર ખાન બહાદુર નોશીરવાનજી તે પાકજાદ ફીરદુશ આસીઆન દસ્તુર જામાસ્પજીના દીકરાના મરણનો અફસોસ અને દીલગીરી દેખાડનારા બેતો.

અફસોસ ! અફસોસ ! અફસોસ ! આખોમાંથી ગમગીનીનો વરસાદ વરસીઓ. અફસોસ ! કે આસમાનના ફરેબથી દસ્તુર નોશીરવાન દુન્યામાથી ચાલી ગયો. તે દસ્તુર કેવો હતો? તે દસ્તુર મુબારક ખસલતનો અને જામાસ્પ આશાનાની ઉચી તોખમનો હતો. અફસોસ ! કે તે પહાડી દુખમાં અંદર સુઈ ગયો અને દીલમાથી સબુરી અને કરાર લઇ ગયો. અફસોસ ? કે દખણના જરથોસ્તીઓ તકલીફની જાલમા ગીરફતાર થઇ ગયા. તેની ઉમરના જયારે ૬૭) વરસ પુરાં થયાં ત્યારે મોતને

કુચનું નગારૂ વગાડયુ યઝદજરદી સને ૧૨૫૪ નુ સાલ હતુ કે જે વખતે બેહશીઓની આંખોમાંથી આંસુ વરસવાં લાગાં અરદીબેહસ્ત મહીનાના દશમાં રોઝે તેના જાનનો મોર બેહસ્તમાં ઉડી ગયો તેના દીન અને રવાનનો ચેરાગ જરથુસ્તની દીનથી પ્રકાશતો હતો. તેના મરણુથી પુણામાં અંધકાર ફેલાયો અને આશમાને આંખો ફોડી નાંખે એવા તીરો છોડયા. ગુલલાલા અને ચંબેલીઓ ગોયા કાંટા જેવી થઇ ગઇ અને ફુલની વાડીઓ અને બગીચાઓ ઉજડ અને વેરાણ જંગલ જેવા થઈ ગયા. જેમ જમીન ઉપર માછલી બેકરાર થઈ પડે છે તેમ પેશોતન આએ મરણુથી ગમગીન થઇ પડયો છે. જ્યારે સરોશ યઝદથી તેના મરણનું વરસ જાણુવા માંગ્યુ ત્યારે કાનમા ગેબી આવાજ પુગો કે "બોલ તું યઝદજરદી સને" અને "નોશીરવાનના મોત ઉપર તું અફસોસ કર" (૧૨૫૪) ત્યાર પછી તેના કુચ કરી જવાનુ વરસગણુ (નોશીરવાને) "બેહસ્તના બાગમાં મુકામ કીધો" (૧૨૫૪) "મીનોઇ બાગમાં ખુદાની મેહમા અએ પેશોતન ? તુ ગમગીની ભર્યું ગાયણુ ગા." (૧૨૫૪)

(છેલ્લા ત્રણુ બેતોના દરેક છેલ્લા મીસરામાંથી "અબજદ" ને કાયદે દસ્તુરજીના મરણુનું સને ૧૨૫૪નુ યઝદજરદી સાલ નીકળે છે.)

પરવરદેગાર દસ્તુરજીના અશો રૂહને શાંતી બક્ષો !

મોબદ હોરમઝદયાર દસ્તુર જામાસ્પ

જનમ-હેરબદીની તાલીમ-દીનદારી એલમ-જ્યોતિષ, ગણીત અને રમલનો અભ્યાસ-હેદરાબાદ ખાતે પધરામણી-મઉની દરેમેહર પરઠવાની ક્રીયા-મઉનો દસ્તુરી ઓહદો-પુના તરફ પાછુ ફરવું-હેદરાબાદની દસ્તુરી-મરણુ-મીજાજ અને ખાસ્યત-"મોબદ"નો એલકાબ-ફરઝંદો.

મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજીની ઉમર જ્યારે ૭ વરસ, ૪ મહીના અને ૨૦ દીવસની હતી ત્યારે તેવણુના સદગુણી માતુશ્રી બચીબાઇજીએ રોજ ૨૫ માહ ૧ સને ૧૧૯૧ યઝદજરદી તા० ૨૮ મી અકટોબર ૧૮૨૧ ઇસવીને દીને એક બીજા નુરાની દેખાવના જે ફરજંદને જનમ આપ્યો હતો તેનું નામ હોરમઝદયાર હતુ પોતાના મરહુમ પીતા આગલ હેરબદીનો અભ્યાસ કરી સવંત ૧૮૮૯ના રોજ ૯ માહ ૮ સને ૧૨૦૨ યઝદજરદી તા०૭મી મેએ ૧૮૩૩ ઇસવીને દીને હેરબદ પદ ધારણુ કર્યું હતું, અને તેવણુનીજ ઉસ્તાદગીરી હેઠલ જંદ, પહેલવી અને ફારસીનો અભ્યાસ કર્યો હતો એવણુ જ્યોતીષ, ગણીત અને રમલ શાસ્ત્રોમાં ઘણુાજ કુશલ હતા અને એવણુની એ શાસ્ત્રોની કુશલતા માટે મઉ અને હેદરાબાદના જરથોસ્તીઓનુ ઘણુજ ઉંચુ મત હતું, એવણુના જ્યોતીષીને લગતા કેટલાંક લખાણો આજે મોજુદ છે.

એવણુ રોજ ૧ માહ ૭ સને ૧૨૦૭ યઝદજરદી તા० ૨૯મી માર્ચ સને ૧૮૩૮ ઇસવીને દીને પોતાના બાવજી સાથ પહેલવહેલા હેદરાબાદ પધાર્યા હતા અને ત્યાની દરેમેહર પરઠવાની ક્રીયામાં એવણે પણુ ભાગ લીધો હતો.

ઇ. સ. ૧૮૪૬માં એવણુ મઉ સીધાર્યા હતા અને ત્યાની દરેમેહર પરઠવાની ક્રીયા રોજ ૫ માહ ૬ સને ૧૨૧૫ યઝદજરદી તા० ૫ મી મારચ ૧૮૪૬ ઇસવીને દીને પોતાના ઉપરીપણુા હેઠળ કરાવી હતી અને એજ દીવસે મઉની અનજુમને એવણુને સીઆલ હોરાડી પોતાના દસ્તુર ઠેરવ્યા હતાં. થોડીક મુદ્દત સુધી મઉમાં દસ્તુરી ચલાવવા પછી એવણુ ઇ. સ. ૧૮૪૭ માં પુના તરફ પાછા ફર્યા કે જે વખતે મઉના જરથોસ્તીઓએ એવણુને નીચે મુજબનું એક માનપત્ર એનાયત કર્યું હતું :—

"નેકનામ સદા મેહરબાન સદા સરફરાજ સદા નેક કામના કરનારા શ્રી જરથોસ્ત પેગામબર સાહેબના ફરમાન બરાબર હકના ચાલનારા દીન ધરમ બરાબર ફરમાન મુજબ ચલાવનારા નેકનામ દસ્તુરજી હોરમજજી બેહસ્ત મુકામ દસ્તુરાન દસ્તુરજી સાહેબ જામાસ્પજી શ્રી નવસારીવાલા સાહેબના હકમાં દુવાના માગનાર શ્રી મઉના જરથોસ્તી દીનના સરવે બેહદીન નીચે શહી કરનારા તમારી ખેદમતમા નાધલા તથા મોહટા સરવે દુઆ કરે છે ને તમો શ્રી પુનેથી મોબદોને લઇને આવેઆ હમારા બોલાવીઆથી અને જે દહાડાથી તમો અતરે આયા તે દહાડાથી તે આજ દીન સુધી તમોએ દીન ધરમનું શરેસ્તા મુજબ કામ બનાવીયુ તેથી હમો સરવે અનજુમન તમારી આબરૂ મુજબ સરવે નાધલા તથા મોહટા સાહેબોએ શહી કરી આપી છે ને હમોએ તમારા જવાનુ સાંભલ્યું તેથી હમો સરવે ઘણા દીલગીર છીએ ને નેક નામ સાહેબ * * * હમો આજ દીન સુધી તમારી ઉપર સજીખુશી રહેઆ * * બીજુ તમો તમારી આટલી વયમા એલમ તથા અકલ જોઇને હમો સરવે ખુશી રહેઆ. ને તમારા જવાથી ઘણા દીલગીર થાએઆ છીએ ને હમો જાણીએસ કે એજ પરમાણે સરવે પથકમાં એવાજ કામ કરેયાં હશેજી. એજ અરજ સરવે મઉની અનજુમનની. રોજ ૧ માહ ૮ મો આવા સને ૧૨૧૬ યઝદેજરદી સવત ૧૯૦૩ ના વઇશાખ શુદ ૧૧ ને વાર સોમે તા૦ ૨૬ મી એપરેલ સને ૧૮૪૭ અંગરેજી" એ માનપત્ર ઉપર શેઠ જીવણજી એદલજી અપુના છોકરાઓ તરફથી શેઠ દાદાભાઇ શોહરાબજી પટેલ, શેઠ પેશ્તનજી મેહરવાનજી દાતીવાલા, શેઠ મેહરવાનજી રૂસતમજી મસાલાવાલા શેઠ ખરશેદજી ફરદુનજી ગોલવાલા, શેઠ શોહરાબજી કાવશજી, શેઠ મનચેરજી દાદાભાઇ ખબાતા તથા બીજાઓની શહીઓ છે

ઇ. સ. ૧૮૪૭ થી તે ૧૮૬૩ સુધી એવણ પોતાના વડા ભાઇને તેવણના દસ્તુરી ધંધામાં મદદ કરતા રહયા હતા ત્યાર પછી એવણના નાધલા ભાઈ દસ્તુર બેહેરામજી જેઓ હેદરાબાદના દસ્તુર હતા તેવણને નીઝામ સરકારમા ઓધ્ધો મલવાથી તેવણની જગાએ એવણ હેદરાબાદના દસ્તુર નેમાયા હતા કે જે ઓધ્ધો એવણે પોતાની હૈયાતી સુધી ચલાવ્યો હતો

એવણ રોજ ૨૪ માહ ૭ સને ૧૨૪૪ યઝદજરદી તા૦ ૧૨ મી એપ્રીલ ૧૮૭૫ ઇસવી, સવત ૧૯૩૧ ના ચૈતર શુદ ૭ અને વાર સોમને દીને ૫૪) વરસ, ૫) મહીના અને ૧૪) દીવસની ઉમરે પાઠાંની બીમારીથી પુનામા બેહસ્તનશીન થાયા એવણનુ મરણ પોતાના પીતાની ૩૦)માં વરસની બાજને દીને નીપજયુ હતુ એવણ ઘણાજ સાહેદ દીલના, ભોલા ખવાસના અને રમુજી સ્વભાવના હતા, અને હેદરાબાદના જરથોસ્તી મરદો તથા ઓરતો એવણને એક ભોલા તથા ભલા દસ્તુર તરીકે ખરા દીલથી ચાહતા હતા. એવણ પણ પોતાના પીતાની માફક પોતાની જીંદગી નીયમીતપણે ગુજારતા હતા

એવણના માસા મરહુમ દસ્તુર જમશેદજી રૂસ્તમજી જામાસ્પ આશાનાએ એવણના છઠમણાને દીને એવણનું નામ ધુપ નીરંગ અને પતેતમાં "એરવદ" ને બદલે "મોબદ" એલકાબથી લેવાડેલું હોવાથી એજ એલકાબથી એવણનું નામ આજ સુધી ભણતર ક્રીયામાં લેવાએ છે

એવણનાં પહેલાં મોહરદાર નવાજબાઇ તે નવસારીવાલા મરહુમ મોબદ રૂસતમજી બહમનજી આંતીઆના દીકરી જવાન વયે મરણ પામ્યાં હતાં. બીજાં મોહરદાર તે સુરતવાલા મરહુમ મોબદ શેહરયારજી જમશેદજી સુરતીના દીકરી જીવણબાઇને પેટે બે દીકરાઓ અવતર્યા હતા. વડા દીકરા એરવદ જમશેદજી ત્રણ દાહેકા સુધી નીઝામ સરકારમાં તાલુકદારનો ઓધ્ધો ભોગવી હાલ પેનશન ઉપર રીટાયર થયા છે. બીજા દીકરા જામાસ્પ નાધલી ઉમરમાં ગુજરી ગયા હતા

એરવદ બેહમનજી દસ્તુર જામાસ્પજી.

કમપેન્યન ઓવ ધી ઇનડીયન એમપાયર (સી. આઇ. ઇ.)

જન્મ ભૂમનું. ફરઝંદ-બેહમનજી નામ રાખવાનો. સબબ-હેરબદીની

- તાલીમ-હીનદારી એલમ-જયોતિષ, રમલ અને સામુદ્રીકનો અભ્યાસ-યોજદા-થ્રગીરીનો પેશો-જાલનાની અનજુમનના દસ્તુરનો ઓહ્દો-ઔરંગાબાદ ખાતે પધરામણી-દુખમું પરઠવાની ક્રીયા-રાજા ગીરધરીપ્રસાદની ઔરંગાબાદ ઉપર ચહડાઇ-બેહ્મનજીના ઉતારાને નાખેલો ઘેરો-કાયદાનો અભ્યાસ-હેદરાબાદ ખાતે પધરામણી-મોગલાઈ નાકેદારે ગુજારેલી જાસ્તી-બીરાર ખાતે પધરામણી-સરકારી નોકરોમાં દાખલ થવું-મલકાપુરની તેહસીલદારી-કીધેલા સુધારાઓની તફસીલવાર નોંધો-સરનાયબનો ઓહ્દો-રાજદુઆરી શેવાઓ-૧૮૫૭નો હીંદનો બળવો-તાત્યા તોપીની નરબદા તરફ કુચ અને બઈતુલ તરફ પલાયણ-રોહીલાઓએ ઉઠાવેલો ફેસાદનો ઝુંદો-ભીલોનો તહરાસ-તેઓની ફોજદારી તપાસ આસીસટંન્ટ કમીશનરનો ઓહ્દો-બીરારની પોલીસના કુટેલાં ભોપાલાં-નીરદોષોનુ ફાંસીથી બચી જવું-૧૮૭૭ નો દુકાળ-રૂના વેપારની ખીલવણી-"અમેરીકન સ્તેપલ્સ" નો અખતરો-બીરારમાં રૂના કારખાનાઓ-શોધક શકતીના દાખલાઓ-એકઝીબીશનમાં મલેલા ચાદો-"કમપેન્યન ઓવ ધી ઇનડયન એમપાયર" નો માનવતો ખેતાબ-પેનશન ઉપર રીટાયર થવું-માનપત્રો અને ઝીઆફતો-ઓનરરી માજીસ્ત્રેટનો ઓહ્દો-મુસાફરોની પરોણાગત "બહ્મનજી બાવા" અને "ભાઈ સાહેબ" ની ઉપમા-બીરાર અને ખાનદેશમાં બરપા થયલા ધર્મના મકાનો-મુસાફરીનો શોખ-પરચુટણો નોંધો-ફરઝંદો.

બીરાર, ખાનદેશ અને મધ્ય પ્રાંતોમા "બહમનજી બાવા" અથવા "ભાઇ સાહેબ" ની ઉપમાથી મશહુર થયલા એરવદ બેહમનજી સાહેબ તે મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીના ત્રીજા દીકરા છે. આ ભલુ મન ધરાવનાર ફરઝંદનો જનમ સવત ૧૮૮૧ના રોજ ૮ માહ ૫ સને ૧૧૯૪ યઝદજરદી તા૦ ૭મી ફેબ્રુઆરી ૧૮૨૫ ઇસવીને દીને નવસારીમા થયો હતો. પોતાના બાપના બપાવા મરહુમ રૂહશાદ દસ્તુર બેહમનજી જમશેદજીના ઉઠેમણાને દીને એવણુનુ બખ્તાવર કામ આએ જેહાનમાં મુબારક થયલુ હોવાથી એવણુના બાપ તથા બપાવાએ એવણુ સાહેબનુ નામ બેહમનજી રાખ્યું હતુ ઇગ્રેજી તારીખ અને સને મુજબ એવણુની ઉમરનો બે વડા ભાઇઓની ઉમર સાથ જો મુકાબલો કરીએ તો એવણુ સૌથી વડા ભાઇ મરહુમ સરદાર ખાન બહાદુર દસ્તુર નોશેરવાનજીથી ૫) વરસ, ૭) મહીના અને ૨૧) દીવસે અને બીજા ભાઈ મરહુમ મોબદ હોરમઝદયારથી ૩) વરસ, ૩) મહીના અને ૨૧) દીવસે નાધલા ઠડે છે. એવણે અવસ્તાની તાલીમ પોતાના બાવા અને ગુજરાતીની તાલીમ પોતાના માતુશ્રી આગળ પુણામા લીધી હતી. ત્યાર પછી પોતાની જન્મ ભુમી નવસારી મધે મરહુમ મોબદ સાહેબ બરજોરજી તેહમુરજી મસાણી આગળ હેરબદીની તાલીમ લઇ સંવત ૧૮૯૪ના રોજ ૧૧ માહ ૩ સને ૧૨૦૭ યઝદજરદી તા૦ ૯મી દીસેમબર સને ૧૮૩૮ ઇસવીને દીને ખંબાતવાલા મરહુમ શેઠ અરદેસર નોશેરવાનજીને નામે હેરબદ થયા હતા અને મરાતબની ક્રીયામાથી ફારેગ થાઇ નવસારીના આતશબેહરામના વારાનો ફાલે પડતો હીસ્સો લઇ પુણે પાછા પધાર્યા હતા, પોતાના બાવાજીની ઉસ્તાદગીરી હેઠલ જયોતીષ, રમલ અને સમુદ્રીકનો અભ્યાસ કરી તેમા પ્રવીણતા મેલવી હતી. એવણે જંદ, પહેલવી, ફારસી અને દીનઆઇનનો અભ્યાસ પોતાના વડા ભાઈ મરહુમ દસ્તુર નોશેરવાનજી આગળ કર્યો હતો. પુણામાં યોજદાથ્રગીરીનુ કામ ત્રણ વરસ સુધી કીધા પછી મરહુમ દસ્તુર જામાસ્પજીએ એવણુને જાલનાના દસ્તુર [illegible] મરહુમ મોબદ શોરાબજી રૂસ્તમજી [illegible] અને રૂસ્તમજી [illegible] ત્યાં

મોકલ્યા હતા: લગભગ દોઢ વરસ જાલનામાં દસ્તુરી ચલાવવા પછી નાદુરસ્ત તબીયતને લીધે એવણુ પોતાના પીત્રાઈ ભાઈ મરહુમ એરવદ પેશોતન જમશેદજી દસ્તુર સાથ પુણે પાછા ફર્યા કે જે વખતે ત્યાંના જરથોસ્તીઓએ એવણુને માનપાનથી નવાજ્યા હતા.

ત્યાર બાદ મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાલાએ બંધાવેલું દુખમું પરઠવા માટે એવણુ પોતાના પીતા સાથ ઔરંગાબાદ પધાર્યા હતા કે જે વખતે ત્યાંના સુબા મરહુમ શેઠ બાપુજી વીકાજી તારાપોરવાલાએ હજાર આરબ અને પઠાણ ફોજ, હાથીઓ અને ઘોડેસ્વારીની ટુકડી સાથ કેટલાક માઈલ એઓને ઈસ્તેકબાલ લેવા ગયા હતા. ત્યાંના દુખમાને પરઠવાની કીયા એવણે મરહુમ મોબદ હોરમજી બજાં સાથ રોજ ૧૫ માહ ૪ સને ૧૨૧૨ યઝદજરદી તા૰ ૧૫ મી જાનેવારી ૧૮૪૩ ઇસવીને દીને પોતાના સુરબીની દસ્તુરી દેખરેખ હેઠળ કરી હતી અને સઘળી કીયા ખલાસ થવા પછી બંનેને બાપ દીકરાને સીરપાવ હોસાબાથી સરફરાજ કરવામાં આવ્યા હતા.

દસ્તુર જામાસ્પ આશાના કુટુંબમાં દીનથી મોતેબર કીયાઓ ઘણા દસ્તુરજી સાહેબોએ કરી હતી, પણ ૧૮) વરસની નાની વયે દુખમું પરઠવાની કીયા બેહમનજી સાહેબ સીવાએ એ કુટુંબમાં બીજા કોઇએ કીધેલી જણાઇ નથી એ બનાવ એ કુટુંબમાં હજી સુધી અસાધારણ છે. જે વખતે એવણુ ઔરંગાબાદ હતા તે વખતે હેદરાબાદવાલો રાજા ગીરધરીપ્રસાદ દીવાન ચંદુલાલની છુપી મંજુરીથી ઔરંગાબાદનો અમલ પોતાના હાથ ઉપર કરી લઈ બે હજાર પઠાણ ફોજ સાથ ચડી આવ્યો અને શેઠ બાપુજી વીકાજી તારાપોરવાલા તથા દસ્તુર જામાસ્પજી અને એવણુના મકાનને ઘેરો નાખી ઔરંગાબાદનો કબજો લેવા લડાઈ શુરૂ કીધી. પણ ઇંગ્રેજી લશકરની કુમક વખતસર આવી પહોંચવાથી શેઠ બાપુજીએ રાજા ગીરધરીપ્રસાદને મારી હઠાવ્યો અને ઘેરામાંથી પોતાનો તેમજ દસ્તુર જામાસ્પજી અને બેહમનજી સાહેબનો છુટકો કીધો

મરહુમ દસ્તુર જામાસ્પજી રોજ ૨૦ માહ ૫ સને ૧૨૧૫ યઝદજરદી તા૰ ૧૫ મી જાનેવારી ૧૮૪૫ ઇસવીને દીને હેદરાબાદ પધારવાથી તેવણુની ગેરહાજરીમાં એવણે પુણામાં દસ્તુરી કામ બે વરસ સુધી ચલાવ્યું હતું. આ વખતે ત્યાંના જરથોસ્તીઓમાં એક નાપસંદ ઝગડો જાગ્યો હતો જેનો આવા સુલેહ અને સંપના વખતમા અહેવાલ આપવો હમો દરૂસ્ત ધારતા નથી. હવાં માત્ર એટલુંજ કહેવું બસ થશે કે એ વખતે એવણે પોતાના પીતાનું પંથક ઘણીજ બાહોશીથી ચલાવીને નામવરી મેળવી હતી એજ વરસમાં યાને ઇ. સ. ૧૮૪૬ માં પોતાના પીતાના બેહસ્તનશીન થવા પછી એવણુને સરકારી નોકરીમાં દાખલ થવાનો શોક થવાથી એવણે મુંબઈ ઇલાકાના કાયદાનો અભ્યાસ કરવા માંડયો.

ઇ. સ. ૧૮૫૧ માં હેદરાબાદ જતાં મંથાલા ગામના શીવશંકર નામના કોમતી નાકેદારે એવણુ પાસેથી જકાતના રૂ ૫૦) માગ્યા જે એવણે આપવા ના પાડયા. આ ઉપરથી શીવશંકરે પોતાનું અપમાન થયલું સમજી પોતાના હાથ હેઠળના આદમીઓને એવણુનો સરસામાન જપત કરી લેવાનો અને બને એટલી જાસ્તી ગુજારવાનો હુકમ કીધો. આ વખતે સામુદ્રીકનો અભ્યાસ એવણુને ઘણો જ ઉપયોગી થઇ પડયો. બન્યુ એમ કે તેજ વખતે શીવશંકર સાથ તકરાર થતાં એવણુની નજર તેના હાથ ઉપર પડવાથી તેનો જન્મ સામુદ્રીકના કાયદાથી સુકલ પક્ષનો જણાયો, જેની નાકેદારની ખાતરી થવાથી તેણે એવણુ તરફ જે ગેરવર્તણુક ચલાવી હતી તેનો પશ્ચાતાપ કરી માફી માગી. ત્યાર પછી તેણે એવણુ પાસે પોતાનો ટપકો દેખાડયો જે જોઈ એવણે ભુતકાળમાં પોતાના "દોસ્ત" ઉપર જે વીતી ચુકી પડી હતી તે સઘળાંનુ તફસીલવાર બયાન કહી સંભળાવ્યું. આ સઘળું ખરું પડવાથી શીવશંકરે એવણુની ઘણી આગતાસ્વાગતા કરી એક દીવસ પોતાના બગીચામાં મેહમાન તરીકે રાખ્યા. બીજે દીને જ્યારે એવણે હેદરાબાદ તરફનો રસ્તો લીધો ત્યારે શીવશંકરે એવણુને "મદદ–મઆવન" કરવાનો પરવાનો કરી આપ્યો કે જેથી બીજા નાકેદારો માર્ગમાં કોઈ રીતની હરકત કરે નહી.

હૈદરાબાદ આવી પુગવા પછી એવણે સરકારી નોકરી મેલવવાની કોશેશ કરવા માંડી.

ઇ. સ. ૧૮૫૩ માં નીઝામ સરકારે હૈદરાબાદ કનટીનજન્ટના ચાલુ ખરચ માટે બીરારનો કારોબાર બ્રીટીશ સરકારને સપુર્દ કીધો તે વખતે તેનો વહીવટ ચલાવા માટે બ્રીટીશ સરકારને કેટલાક વીશ્વાસુ દેશી અમલદારો જોઇતા હતા. આ ટકનો લાભ લઈ બેહમનજી સાહેબે હૈદરાબાદ ખાતેની શેઠ મનચેરજી બહમનજી ૫થકીની દુકાનના મેનેજર મરહુમ શેઠ ધનજીભાઈ કાવસજી દોસીમેહરજી આગલ સરકારી નોકરીમાં દાખલ થાવા માટેનો પોતાનો વિચાર જણાવ્યો. આ ઉપરથી મજકુર શેઠે તે વખતના હૈદરાબાદના રેસીદંત કરનલ દેવીડસન સાથે એ વીશેની ગોઠવણ કીધી. તેમજ બીરારના નવા નેમાયલા કમીશનર મી૦ તી. એચ. બુલક સાથ શેઠ ધનજીભાઈએ દોસ્તીના હકથી કાગજ પત્રોનો વેહવાર ચલાવ્યો. કમીશનર મી૦ બુલકે શેઠ ધનજીભાઇને લખી જણાવ્યું જે જ્યારે તેમનું હૈદરાબાદ આવવુ થાય ત્યારે બેહમનજી તથા તેવણના ભાઈ મરહુમ રતનજીને પોતાની આગલ હાજર કરવા. મી૦ બુલક એક અઠવાડયાંમાં હૈદરાબાદ આવ્યો અને મી૦ પામરને ત્યાં પરોણો ઉતર્યો. ભાઇઓ બેહમનજી તથા રતનજીએ શેઠ ધનજીભાઇની મારફતે કમીશનર મી૦ બુલકની મુલાકાત લીધી, જેણે તેઓની લીઆકાતની ખાતરી કરી લઇ પોતાની સાથ બીરાર આવવા ફરમાવ્યું. બન્ને ભાઇઓએ સરકારી નોકરી પસંદ કરવાથી બીજા ભાઇઓ અને જરથોસ્તીઓ લગાર નારાજ થયા, કારણકે દસ્તુરજાદાઓ માન અને આપઅખ્તીઆરીભરેલો દસ્તુરી પેશો ત્યાગ કરી નોકરી બજાવે એ તેઓને પસંદ પડયુ નહી. તોપણ તેઓએ પોતાની પસંદગી બતાવી શેઠ ખુરશેદજીની કુંપની તથા બીજા જરથોસ્તીઓએ બેહુ ભાઇઓને સરકારી નોકરી મલી તેની ખુશાલી અને મુબારકબાદીમા ખાણાઓ આપી તેઓની તરકી અને ફત્તેહ ઇચ્છી હતી. તા૦ ૧ લી જુલાઈ ૧૮૫૩ ઇસવીને દીને બેહુ ભાઇઓ પોતાનુ બરસનુમ મુકી દઈ દસ્તુરી પેશાને છેલ્લી સલામ કરી કમીશનર મી૦ બુલક સાથ બીરાર જવા નીકલ્યા કે જે વખતે ઘણાક જરથોસ્તીઓ એઓને કોકેમ પલ્લી સુધી મુકવા ગયા હતા. આ વખતે આગગાડીના જેવી સગવડ ન હોવાથી પહાડો, જંગલો અને નદી નાંળાઓ કુદાવી અને ઘણીક અડચણો અને મુસીબતો વેઠી તા૦ ૧૫ મી જુલાઇ ૧૮૫૩ ને દીને બીરારના બાલાપુર તાલુકામાં આવી પહોચ્યા અને તા૦ ૧૭ મીએ બેહમનજીને મલકાપુરના અને રતનજીને બાલાપુરના "નાએબ" યાને તેહસીલદાર નેમવામાં આવ્યા કે જે વખતે તેઓનો માસીક પગાર રૂ. ૮૩)નો હતો. બેહમનજી સાહેબે તા૦ ૨૧ મી જુલાઇને દીને મોગલાઇના નાએબ તેહસીલદાર અબદુલ બાકી અને તેના વડા ભાઇ ઈમદાદ હુશેન પાસેથી અખત્યાર લઇ સરકારી નોકરીમાં પોતાની કારકીરદી ૨૮) વરસની જવાન વયે શુરૂ કીધી.

જાણીતાં દસ્તુર ખાનદાનમા પહેલવહેલુ સરકારી નોકરીમાં દાખલ થનાર કુટુંબ જે છે તે ભરૂચનુ પ્રખ્યાત દસ્તુર કામદીનનુ કુટુંબ છે, જેના વંશજો ભાઈઓ બેહમનજી અને રતનજી સરકારી નોકરીમાં જોડાયા તેની અરધી સદી અગાઉના નોકરીમા દાખલ થઇ ચુકા હતા[1] દસ્તુર કામદીનના કુટુંબ પછી સરકારમા માનવતા અને જોખમભર્યાં ઓધ્ધાઓ ભોગવનાર મરહુમ દસ્તુર જામાસ્પ આશાનાની ઉતરતી ઓલાદો છે જેની શુરૂઆત ભાઇઓ બેહમનજી અને રતનજીથી થઈ છે.

બેહમનજી સાહેબને પોતાની નોકરીની શુરૂઆતમા ઘણીક તરેહની મુશકેલીઓ ખમવી પડી હતી તેના અનેક કારણો હતા જેમાં મરાઠી ભાષાની બીન માહેતી, બીરારવાસીઓની રીતભાતની નાવાકેફી અને સરકારી કામકાજ કરવાના અનુભવની ગેરહાજરી મુખ્ય હતા. પણ એવણનામા સબુરી

---

૧. ઇ. સ ૧૮૦૩ મા ઇંગરેજ સરકારે ભરૂચ લીધુ તે વખતે ત્યાના વડા દસ્તુર અને ઈ. સ. ૧૮૨૬ માં કબીસાની તકરારને જનમ આપનાર "કદીમ તારીખ–પારસીઓની કસર"ના કરતા મરહુમ દસ્તુર અસપંદયારજી કામદીનજીને મીન્સીપલ સદર અમીનનો ઓધ્ધો આપવામા આવ્યો હતો અને ત્યાર પછી એ ખાનદાનના વંશજો સરકારી મોટા ઓધ્ધાઓ ભોગવી ગયા છે.

અને ખંતીલાપણું એકમેક શાથ બેલાયલાં હોવાથી મુશકેલીના તબક્કાને ફત્તેહમંદી સાથ પસાર કરી ગયા. સરકારી કામકાજને માટે સૌથી અગત્યની ચીજ જે મરાઠી તે એવણે શીખવા માંડી. તેમજ મરહુમ શેઠ બાપુજી વીકાજી તારાપોરવાલા, કે જેવણના બાપ તથા કાકાને બીરારના કેટલાક ભાગોનો વહીવટ કરવાનો નીઝામ સરકાર તરફથી એક વખતે અખત્યાર મલ્યો હતો, તેવણે તાલુકાનો વહીવટ ચલાવવાની એક યાદી ઘડેલી તેનો બારીકીથી અભ્યાસ કરવા માંડ્યો. પોતાના હાથ નીચેના માણસો ઉપર કશો આધાર ન રાખતાં "નકલ નવીશી," "બાર નવીશી" વીગેરે સઘલું કામ જાતે કરતા હતા. પરીણામ એ નીપજ્યુ કે વખતના વહેવા સાથ એવણ એક પહેલી પંકતીના રાજ્ય કારોબાર ચલાવનાર અમલદાર નીવડ્યા. એટલો ઇસારો કરી હવે હમો એવણુની બીરાર ખાતેની ઝલકતી અને ફત્તેહમંદ કારકીરદી ઉપર આવ્યે છીએ

પોતાના સરકારી કામકાજમાં થોડીજ મુદતમા જાતી ચાલાકી અને હુશીઆરીથી પ્રુવીણ થવા પછી એવણે સરકારના ફાયદા માટે ઘણાક સગીન સુધારાઓ કર્યા હતા અને ઘણાક બારીક હિંગામો ઉપર સરકારની ઘણીક કીમતી શેવાઓ બજાવી હતી તેનુ તુલોતવીલ બ્યાન કર્યે.

બીરારમાં મોગલાઈ અમલમા સરકારી જમા-ખરચની "કીર્દખતાવણુ" જેવું કશુ ન હતું તેં મુંબઈ ઇલાકાના ધોરણ ઉપર રખાવી કાયદાથી કામ શુરૂ કર્યુ તેમજ ગામોના પટેલ-પતવારીઓને "પાવતી વહીઓ" ના નમુનાઓ આપી રીપોરટોની "બારનવીશી" વીગેરે દફતરો રાખવાની શુરૂઆત કીધી.

મોગલાઈ અમલમા શુમારે ૪૫૫૬૪ વીઘા જેટલી જમીનો છુપાવામાં આવેલી તે અથાગ મહેનતથી શોધી કહાડી સરકારી મહેસુલમા વધારો કીધો

બીરારનાં કેટલાંક ગામોની રૈયત મોગલાઇ અમલદારોના જુલમ અને અન્યાયથી કંટાળી જઇ ખાનદેશ જીલ્લાના ઓડવડ ગામમાં જઈ વસી હતી તેઓને બ્રીટીશ અમલમાં કશી રીતનો જુલમ અને અન્યાય નહી થશે એવા કોલો આપી પોત પોતાને ગામ પાછી બોલાવી ઉજડ ગામો પાછા વસાવી આબાદ કીધાં અને ૧૮૨૮૧।૩।। વીંઘા જેટલી જમીનો ખેડાણ કરવા માટે આપી. અઠવાડીયાના બજારો અને જાતરા વખતે મુસલમાનોના કાજીઓ અને મોલવીઓ, હિદુઓના ગોરજીઓ, જોશીઓ, પટેલ-પતવારીઓ તથા પોલીસ અમલદારો વીગેરેમાં "ચુગી મુઠી"[1] લેવાનો શેરો મોગલાઇના વખતથી ચાલુ હતો તે એકદમ બધ કીધો.

મોગલાઇના જુલમથી પીપળગામ દેવીની જાતરા ભરાતી બધ થઇ હતી તે બેહમનજી સાહેબની શુભ કોશેશથી પાછી ભરાવા માંડી અને તે ખાનદેશની માયજીની જાતરાની ઢપ ઉપર હજી સુધી ભરાય છે.

શેહગામનુ અઠવાડયાનું બજાર ભરાતુ બંધ થયલુ તે એવણુની સમજાવટ અને કોશેશથી પાછું ભરાવા માંડ્યું

જે વખતે બીરારનો મુલક ઇગ્રેજે પોતાને સ્વાધીન લીધો તે વખતે મોગલાઇ અમલદારો હેઠળ તેનો કારોબાર ઘણોજ ગુચવણભરેલો માલુમ પડવા સાથે ત્યાની જુદી જુદી કોમોમાં અને ખસુસ કરી મુસલમાનો તથા હીદુઓમાં લાબા વખતની દુશમની અને અદાવત ચાલી રહી હતી મલકાપુર તાલુકામાં તો ગણુપતી અને મોહરમના તેહવારો ઉપર બન્ને કોમો વચ્ચે મોહટી ખુનરેજી અને લડાઇઓ થતી હતી. એક વખતે તો બેહમનજી સાહેબને સુલેહની જાલવણી માટે હેદરાબાદ કનટીનજન્ટની ટુકડી સાથ દશ દીવસ સુધી હથ્યાર બંધ રહેવુ પડયું હતુ આવો ગભીર મામલો ચાલતો હોવાથી બ્રીટીશ સરકારથી નેમાયલા અમલદારોને બીરારનો વહીવટ ચલાવામાં મોહટી મુશકેલીઓ ખમવી પડતી હતી. તેમજ બાલાપુરમાં મુસલમાનોનો દોર એટલી બધી હદ સુધી વધી ગયો હતો કે આસરે એક સદીથી ત્યાની હીદુ પ્રજાને ગણુપતીનો તેહવાર પાળવાની સખ્ત મનાઇ હતી પણ

---

૧ "ચુંગી-મુઠી" એટલે વેપારીના વેચવા મુકેલા માલમાથી એક મુઠી ભરી હકશાહી રૂપે લઇ લેવુ તે

[illegible] અમલ શુરૂ થતાં તેઓએ ગણુપતી કરવા માટે બેહમનજી સાહેબને અરજ કરવાથી તેઓએ બીરારમાં બધી ગણુપતી કરવાની પરવાનગી અપાવી. આ બનાવો ઉપરથી મુસલમાનો [illegible] ઉપર આવી જઇ ગણુપતીના તેહવાર ઉપર હીંદુઓ સાથ લડાઇ કરવાની તજવીજ ચલાવી. આ વાતની ખબર થતાંજ બેહમનજી સાહેબે જુમદાનાથી લસકર બોલાવી લડાઈ થવા ન દેતાં ગણુપતીના તેહવારો સુલેહ અને શાંતીથી પસાર થવા દીધા. પોતાની રાજદુઆરી કુનેહથી મુસલમાનો અને હિંદુઓ વચ્ચેની લાંબા વખતની ચાલતી આવેલી દુશમની અને અદાવત દુર કરી તેઓમાં ભાઇચારો અને સુલેહસંપ વધારવામાં ફત્તેહમંદ ઉતર્યાં. એવી રીતે બજાવેલી ઉત્તમ સેવાઓના બદલામાં નામદાર સરકારે એવણુને બાલાપુરના સર નાયબનો ઓધો કે જે આખા બીરારમાં તે વખતે એકજ હતો તેથી નવાઝેશ કરીને એવણુ કરી બતાવેલાં મહાભારત કામોની ખરી કદર બુજી હતી.

ઈ. સ. ૧૮૫૫ સુધી બીરારવાસીઓ કેળવણીના સાધનોની ગેરહાજરીને લીધે તેમાં મધુર ફળો ચાખવાથી બેનસીબ રહયા હતા, અને તે સબબથી જાદુ તથા ધંતરમંતર વીગેરેના વેહમો તેઓમાં મજબુત જડ ઘાલી બેઠાં હતાં. બેહમનજી સાહેબે પોતાના ભાઇ મરહુમ એરવદ રતનજી કે જેઓ તે વખતે એલીચપુરના મુનસફ હતા તેમની એગી મદદથી બીરારના અજ્ઞાન લોકોમાં પેઠલા ધંતરમંતરના વેહમોને જડમુળથી ઉખેડી નાખી તેઓમાં કેળવણીનો પ્રસાર કરવા માટે મજબુત પગલાં ભરયાં. તા૰ ૨૬ મી માર્ચ ૧૮૫૫ પ્રસવીને દીને બાલાપોરમાં બચ્ચાંઓ માટે મકતબો સ્થાપવા માટે એક મોહટી સભા પોતાની કચેરીમાં બોલાવી સભા બોલાવાનું કારણ બેહમનજી સાહેબે કહી સમજાવ્યા પછી પોતાનો મરાઠી અને ઉરદુમાં લખેલો કેળવણી ઉપરનો રેસાલો પોતાના પેશકાર પાસે વાંચી સમજાવ્યો. તેમજ મરહુમ એરવદ રતનજી તથા આસીસ્ટંટ કમીશનર મી૰ માયરે કેળવણીથી નીપજતા ફાયદા કહી સમજાવ્યા. ત્યારબાદ પોતાની આગેવાની હેઠળ એક ફંડ ઉભું કરી મકતબો સ્થાપવામાં આવી અને બચ્ચાંઓને કેળવણી આપવાનું કામ શુરૂ કરવામાં આવ્યું. બીરારવાસીઓને "તેઓની લાંબા વખતની ઉંઘમાંથી જાગ્રત કરી કેળવણીની અસરો તેઓના મગજમાં દાખલ કરવી એ કામ કાંઇ શહેલ ન હતું. પણ દસ્તુર બેહમનજી ખંતીપણે એ મુશકેલી દુર કરી ત્યાંના લોકોમા કેળવણીખાતાંઓ * * * દાખલ કરવામાં ફત્તેહ પામ્યા "[1] હાલના બીરારના લોકો કેળવણીને પ્રતાપે સંસારી તથા રાજદુઆરી સુધારાઓમાં આગલ વધ્યા છે તે માટે તેઓ બેહમનજી સાહેબની અથાગ મહેનત અને ખંતીલી કોશેશને આભારી છે એમ કહેવામાં કાંઇ અતીશયોક્તી ભર્યું કહેવાશેજ નહી. બીરારમાં કેળવણીનો પ્રસાર કરી ત્યાંના લોકોની હાલત સુધારવા સાથ બીરારને આબાદ અને રૂબરૂપ બનાવવા માટે બેહમનજી સાહેબે ઘણાક ઇલાજો કામે લગાડયા હતા. પ્રથમ પોતે ગામે ગામ ફરી પડત જગાઓ શોધી કહાડી અને સરકારમાં લખી ખેડુતોને પડત જગાઓ ખેતી કરવા માટે બે વરસ સુધી વગર મહેસુલે અપાવી એટલુંજ નહી પણ તેઓને ખેતીનો સામાન ખરીદવા માટે "એડવાન્સ" રકમો સરકારમાંથી અપાવી તેઓને ખેતીના કામમાં ઉત્તેજન આપી મદદ કર્યા જતા હતા.

ખેતીવાડી શીવાય વેપાર વણજ પણ દેશની આબાદાનીનુ મુખ્ય સાધન ગણાય છે. જે વખતે બીરારનો મુલક ઈંગ્રેજી અમલ હેઠલ આવ્યો તે વખતે ત્યાંનો વેપાર વણજ પણ ઘણોજ સુસ્ત હતો જેનો મુખ્ય સબબ આયાત અને નીકાશ ઉપર પડતો ભારી કર હતો. ઈંગ્રેજ સરકારને બીરારનો વેપાર વણજ ખીલવવા માટે કેટલાક અનુભવી વેપારીઓ અને સરકારી અમલદારોથી જે કીમતી મદદ મળી હતી તેમા બેહમનજી સાહેબની મદદ મુખ્ય હતી. એવણુની ખાસ ભલામણ ઉપરથી આયાત અને નીકાશના કરોમાં ઘટાડો કરવામાં આવ્યો અને નજીવી જગ્યાએ ઉપર લેવાતું મહાસુલ કહાડી નાખવામાં આવ્યું. આથી વખતના વેહવા સાથ બીરારનો વેપાર વણજ ખીલતો ગયો અને ત્યાંની રૈયતની હાલતમાં મોહટો ફેરફાર થતો ચાલ્યો. બેહમનજી સાહેબે આ [illegible] "બેહમન

1. મુંબઈ સમાચાર તા૰ ૪ થી ફેબ્રુઆરી ૧૮૮૦.

બાજાર," નામનો હતો વસાવી વેપારીઓને મોહટી સગવડ કરી આપી, તેમજ બીલો, પ્રેસો, જીનો વીગેરે સ્થાપવામાં વેપારીઓને અનેક તરેહની મદદ કરી તેઓને સદાના અહેશાન હેઠલ મુક્યા. એવણુ સાહેબના કીધેલા આવા કીમતી સુધારાઓ, કે જે દાખલ કરવામાં સનદી અમલદારો કવચીજ ફતેહમંદ ઉતરે છે, તે ધ્યાનમાં લઈ નામદાર સરકારે એવણુને ઈ. સ. ૧૮૫૬માં એક્ષ્ત્રા આસીસટંન્ટ કમીશનરની પદવીએ ચહડાવ્યા હતા અને માસીક દરમાયો જે રૂ. ૧૧૬) નો હતો તે વધારી આખર રૂ. ૨૫૦) નો કર્યો હતો. એવણે બીરારમાં કીધેલા સુધારાઓથી વાકેફ થવા પછી હવે હમે એવણે બજાવેલી રાજ્ય સેવાઓનું ધ્યાન કરીએ. ઈ સ. ૧૮૫૭ માં ઉત્તર હિંદુસ્તાનમાં બલવો જાગ્યો અને તેની ચીંગારીઓ બીરારમા પણુ ઉડી હતી. એની અસર હેદરાબાદ કનટીનજન્ટના દેશી સીપાઈઓ ઉપર થાવાથી તેઓ તાજ તરફ બેવફા થઇ જઇ બલવાખોરોને જઇ મલ્યા. આ વખતે બેહમનજી સાહેબ એલીચપુર તાલુકામાં હતા અને ત્યાના લશકરનો વડો કરનલ નેપીઅર કેમબેલ હતો. તેણુ રીસાદખોરોની બાતમી મેળવવાનુ કામ બેહમનજી સાહેબને સોપ્યુ. એ વીશેની ખબર બલવાખોરોને પડવાથી તેમ્ઓએ એવણુની હેયાતીનો અંત લાવવાની યુકતીઓ રચી હતી અને મોહરમ નવમીએ તો એવણુને ઠાર કરવાનો ઇરાદો પણુ કર્યો હતો એની કશી પણુ દરકાર ન કરતાં પોતાને શીર મોહટો જોખમ બેડી બલવાખોરોની છુપી હીલચાલોની ખબર કરનલ કેમબેલને પુરી પાડી, જે ઉપરથી તે અમલદારને ઘટતાં પગલાં ભરવાનુ બની આવ્યુ. તેમજ બલવાખોરોની હીલચાલોની જોસ્તેજો કરવા અને તેઓને આગલ કદમ ભરતા અટકાવવા માટે ૨૫૦) રાજપુતોની એક ટુકડી બેહમનજી સાહેબે પોતાને ખરચે રાખી હતી. આ વખતે ઘણાક વીશ્વાસુ અમલદારો અને વફાદાર રૈયતોએ અનેક રીતની સરકારને મદદ કરી હશે, પણુ બેહમનજી સાહેબની માફક પોતાના જાતી લાભ અને પૈસાના ભોગે રાજપુત સરીખી તવારીખમા વખણાયલી બહાદુર કોમની ફોજ કવચીતજ પુરી પાડી હશે હેદરાબાદ કનટીનજન્ટના દેશી સીપાઇઓ તાજ તરફ બેવફા થયા છે એવી ખબર તાત્યા ટોપીને પડવાથી તે તેઓને પુસ્તી આપવા માટે ઈ સ. ૧૮૫૮ ના નવેમબર માસમા એક મોહટાં લશકર સાથ નરબદા તરફ ઉતરી પડયો અને એલીચપુરથી ૧૨૫) માઇલને છેટે છાવણી નાખી પડી રહયો. એ વીશેની ખબર બેહમનજી સાહેબને ૧૨ મી જુલાઇએ પડવાથી તુરતજ તેની શોધખોલમા રોકાયા અને તાત્યા ટોપી જે નીચ કાવત્રાં રચ્યો જતો હતો તેની ખબર એવણે વખતસર કમીશનર મી૦ બુલક, નાગપુરના ચીફ કમીશનર, પુણાના કલેકટર, આશેરીના કીલ્લામાં પડાવ નાખી પડેલા કરનલ કીટીંગ, બીરારની પોલીસના ઇન્સ્પેકટર જનરલ કરનલ દેવીસ તથા એલીચપુરના કમાનડીંગ ઓફીસર મેજર હેર વીગેરે બીજા અમલદારોને પહોંચાડી. આ વખતે એવણુની મદદ એટલી તો જરૂરની જણાઇ હતી કે એવણુને તેજ વખતે એલીચપુરથી બીજી દીસ્ત્રીકટમાં જવાનો હુકમ થયો હતો, પણુ મેજર હેરને એની ખબર પડતાજ કમીશનર બુલકને લખી એવણુની બદલી પાછી ખેંચી લેવડાવી હતી તાત્યા ટોપીની ફોજને આગલ વધતી અટકાવવા માટે જનરલ સર હયુ રોઝની સરદારી હેઠલ "ફીલ્ડ ફોર્સ" સરકારે મોકલી હતી અને તેમાની એક ટુકડી કરનલ સર જોન મીચલની સરદારી હેઠલ એલીચપુર મોકલવામાં આવી આ લશકરે તાત્યા ટોપીને શીકસ્ત આપી દક્ષીણુમાં બઈતુલ તરફ નહસાડી મુકયો હતો તેના લશકરના કેટલાંક માણુસો સાતપુરા, તાપતી વેલીના જંગલો અને પચમારીની ટેકડીમાં આસરો પકડી બેઠા હતા તેઓને જેર કરવા માટે સર વીલીઅમ હીલના ઉપરીપણા હેઠલ એક બીજી ફોજ મોકલવામા આવી અને તેઓની ખોરાકી પોશાકી વીગેરેનું સઘલુ કામ બેહમનજી સાહેબને સોંપવામા આવ્યુ જે તેવણે પોતાના ઉપરીઓના ભારે સંતોષ વચ્ચે બજાવ્યું હતું એ વીશે કરનલ હોશીસન બીરારના કમીશનર મી૦ બુલકની મારફતે તે વખતના હેદરાબાદના રેસીડતને લખી જણાવે છે કે –

"Mr. Bymonjee joined our Camp in December 1858 at Amraotee–Berar. His duties were multifarious and arduous and he conducted them with great zeal, energy and activity. As Brigade

Major to the Force, I was, I may say, almost in hourly communication with him He had to make arrangements for supplies, provisions, carriage at the various halting places, and as we were making forced marches it was no easy task, but he never failed us."

બીરારનો મુલક હજી સુધી સુલેહ અને શાંતીની સપાટી ઉપર આવ્યો ન હતો અને તેની ઉપર દુશમનોના હુમલાઓ ચોહારો બાજુએથી ગોયા ડોળા ઘુરકી રહયા હતા. હેદરાબાદ કનટીનજન્ટના દેશી સીપાઇઓ, ફીસાદખોરો, તાત્યા ટોપી અને તેના મદદગારોની ધાસ્તી અને તહરાસમાંથી બીરારને મોકલો કરવા પછી તેના કીસમતમા હજી ઘણીએક ટોળીઓનો ઉપદ્રવ ખમવાનુ બાકી હતુ. સૌથી પહેલી ભયકાર ટોળી તે નીઝામની રાજમા વસ્તી અને ઇસ્લામી મજહબની ધુંધમ ગુંગલાઈ ગએલી ઝહનુની રોહીલાઓ અને આરબ બદમાસોની હતી. ઈ. સ ૧૮૫૯ની શુરુઆત અગાઉ તેઓ તાત્યા ટોપીને યારી આપવા માટે ટોળાબંધ હથીઆરો સાથ ઉતરી પડયા અને મોમલાઇના ગામો ગગા ખેડા અને અજટા વીગેરેમા લુટ ચલાવી લાખો રૂપીઆનો માલ જમા કરતા આગલ વધતા હતા તેમજ હજાણીના જગલમાં ફીસાદનો ઝુડો ઉઠાવી સત્તાવાલાઓને ત્રાહે ત્રાહે પોકરાવતા હતા. એ બદમાશોને જેર કરવા માટે સર વીલીયમ હીલની સરદારી હેઠલ એક લશકર મોકલવામા આવ્યુ અને તેઓને મદદ કરવા માટે કમીશનરે બેહમનજી સાહેબને સાથે આપ્યા હતા હજીતો તેઓ મેહકર અને અજટાની વચ્ચે છે તેટલા દુશમનો શુ કરી ચુકા તે વીષે વધુ ન બોલતાં મરહુમ શાએર મુલ્લા કાશફીનુ નીચેલુ બેત ટાકી શતોષ પામીશુ.

હનુઝ અવવલીન હુમલએ દુશમન અસ્ત
દીગર આરેહ આગાઝે મકરો ફ્ન અસ્ત.

અર્થ—હજી તો દુશમનો પહેલો હુમલો કરી ચુકા છે. અને મકર અને ફ્ન રચવામાં ચકચુર થએલા છે. મતલબ એકે તેઓ રીશોદનુ ગામ લુટી એક તબકકો આગલ વધ્યા હતા અને ઇગ્રેજી અમલને ધોકો પહોચાડવાની બાજી રચતા હતા. આ ગંભીર મામલાની ખબર સર વીલ્યમ હીલ અને બેહમનજી સાહેબને બીરારના ઇનામ કમીશનર કેપટન ડવી કેમબેલ તરફથી મલવાથી તેઓએ મજકુર શાએરનાજ નીચલા કોલ ઉપર અમલ કરવા માટે દોડતી ચાલે કુચ કીધી.—

ગર ઇં સેલરા રહે ન બંદદ કસે,
ખરાબી પીદીદ આયદ અઝવે બસે.
રહે ફીતનેહ ઇમરૂઝ મહકમ બેગીર,
કે ફરદા ન બાશદ તદરાક પીઝીર.

અર્થ—અગરજો આએ રેલનો અટકાવ કરવામાં ન આવેતો તેનાથી ઘણી ખરાબી નીપજે માટે ફીતનાનો રસ્તો આજનેઆજ મજબુતીથી બધ કર, કારણકે આવતી કાલે તેનો કશો ઇલાજ થઈ શકશે નહી. સારાસ, સર વીલ્યમ હીલ અને બેહમનજી સાહેબ વાકડ ગામમાં કશો પણ વીસામો ન લેતા બદમાસોની પુઠ પકડતા રાત અને દીવસ આગળ વધતા આવ્યા અને ચીન ચમબાના કીલ્લા તરફ આવી પહોચ્યા એ કીલ્લાના બુરજો ઉપરથી દુશમનોએ સર વીલ્યમ હીલ અને બેહમનજી ઉપર છુટી ગોલીનો મારો ચલાવ્યો, પણ ફોજે લશકરી તાલીમ લીધેલી હોવાથી દુશમનોને ચોતરફથી ઘેરી લઈ લડાઈ શરૂ કીધી

આ લડાઇ વખતે કરનલ હોસીસન અને કેપટન મેકીનન સખ્ત ઘાએલ થાયા હતા અને તેઓને બેહમનજી સાહેબ—પોતાના ઉપર સામી બાજુએથી ગોલીનો મારો ચાલતો હતો તેની કશી પણ દરકાર વગર—લડાઇના મેદાનમાંથી સહી સલામત બાહેર લાવ્યા. રોહીલાઓ અને આરબો

આખરે આજેજ થઇ ગયા જેમાના ૩૫) જણને બેહમનજી સાહેબે પકડી પાડયા અને ૩) જણા એવણની બંદુકથી માર્યા ગયા ચીન ચમબાની લડાઈ બંધ થવા પછી બળવાખોરોની બીજી ટોળી જુદાં જુદા ગામોમાં લુટફાટ ચલાવી રહી હતી. તેઓની પછવાડે જવાનો એજ લશકરની ટુકડીને હુકમ થયો. આ ટુકડીના ઘણાક માણસો રોહીલા અને આરબો સાથની લડાઇમાં ઘાયલ થયાં હતાં અને રાત દીવસ ખોરાક અને પાણી વગર કુચ કીધેલી હોવાથી ગોયા મોતની અણી ઉપર આવ્યા હતાં. આ બખતે ઉનાલાની મોસમ હતી અને સુર્યના કીરણો જમીન ઉપર પુર બહારમા વરસી રહયાં હતાં. એવી જીવલેણ રૂતુની કશી પણ દરકાર વગર બેહમનજી સાહેબે ઘાયલ થયલાઓની બરદાસ્ત કરવા ઉપર વીશેષ લક્ષ લગાડયુ અને તેઓને સજીવન કરવા માટે દરાક્ષનો મોહોટો જથ્થો પોતાને ખરચે પુરો પાડયો. જે ખાધાથી બાપડા ઘાયલ થયલાઓને ઘણોજ આરામ થયો એ વીશેનો પોતાના વડાને રીપોર્ટ કરતા કરનલ હોસીસન લખે છે કે —

"One Instance of his thoughtful kindness I must here mention. The day after or the day but one after the action of Chinchumba, I am not certain which, fresh information of rebels reached the General, and the force marched upwards of twenty miles. The wounded had to be carried on with the force, and Mr Bymonjee made every possible arrangements for their comfort all through the heat of the day for we did not reach the encamping ground until 6 P. M. He also earned the grateful thanks of all the wounded, by procuring at his own expense, from some distance, a large quantity of grapes, which were very refreshing and were highly appreciated by us all for we all shared alike, thus evincing a deep sympathy with our sufferings, and a thoughtfulness rarely met with"

ચીનચમબાની લડાઇ વખતે એવણે બતાવેલી બહાદુરી, હીમત, કુનેહ અને ચાલાકીનો છાપ લશકરી અમલદારોના મન ઉપર એવી તો મજબુત રીતે ઠસ્યો હતો કે એ મસ્ત અને સરકશ સરદારોને પકડી કેદ કરી લાવવાનુ કામ એવણને સોપવામા આવ્યુ જે ફરજ ખરી રીતે જોતા લશકરી સત્તાવાલાઓની તે ફરજ સનદી અમલદાર અને તે પણ વળી દેશી અમલદાર બજાવે એ હિંદીઓ અને મુખ્ય કરી પારસી કોમને મગરૂર કરનારૂ હતુ. પોતે "મોહડામાં રૂપાના ચમચા સાથ જનમ્યા ન હતા," તેમજ નાઝ અને એશઆરામના પાળણામા ઉછરેલા પણ ન હતા કે આવા જોખમ ભર્યા કામોથી પોતે પાછા હટે. હીમત, બહાદુરી, પહેલવાની તોર, સરદારી ટેક અને ખરતલપણુ —એ સઘલા ગુણો કુદરતે એવણને બચગીથીજ બક્ષેલા હોવાથી સાહસ કામના મેદાનમા ઝીપલાવવાને સદા તૈયાર રહેતા અને જયારે પોતાના દોસ્તો, ભાઇબંધુઓ અને સગા સ્નેહીઓ આવુ ઉછાછળુ પગલું નહી ભરવાને સમજાવતાં ત્યારે તેઓની હીચકારી ખાસ્યતને તુચ્છકારી કહાડી જગતપ્રસીધ્ધ શાએર ફીરદુસી તુસીના નીચલાં દીલઅંગીજ બેતોમા ગોયા જવાબ આપતા —

- કે મન નીસતમ મરદે આરામો જામ,

* * * * * *

ચુનીન યાલો ઈં ચુંગહાએ દરાઝ.

નવાલા બુવદ પરવરીદન બ નાઝ.

અગર દસ્તે કીનસ્ત અગર જંગે સખ્ત,

ખુવદ યાર ચઅહાન પ્રીરૂઝ બખ્ત.
હરાનગાહ કે ચાચી બઝેહ દરકશમ,
સીતારેહ ફરૂરીઝદ અઝ તરકશમ.
બે બીની કે દર જંગ મન ચું શવમ,
ચું અંદર સફ રીઝશે ખુન શવમ.
હમી રાહો રસમે પલંગ આવરમ,
સરે સરકશાં ઝીરે ચુંગ આવરમ. (૧)

અર્થઃ—હું એવો આદમી નથી કે એશઆરામમાં રહી શરાબની જામો નોશ કરૂં. આવી બાજુઓ અને લાંબી ચુંગાલો લાડમાં પલાવાથી કાંઇ મોહટી થનાર નથી. હું જે લડાઈ લડનાર છું તે અગરજો કીનો લેવાનુ મેદાન હોય યાતો સખ્ત ઝપ્પાઝપ્પી હોય તો તેની મહને શી પરવા ? પરવરદેગાર માહરો મદદગાર થશે અને મારૂ નશીબ મહને ફતેહ આપશે. જ્યારે મારી ચાચી કમાનનો ચીલો ચહડાઉ ત્યારે તું જોશે કે તેના ભાથરામાથી તીરરૂપી ઘણાક સીતારાઓ ખરતા થશે. જ્યારે હું લશકરની સફમાં ખુનરેજી ચલાઉ ત્યારેજ તુ મારી લડાઇ કરવાની રીત જોવા પામશે. એવી રીતેહું ચીત્તાના જેવી રાહો રસમ યાને લડાઇ ચલાવુ અને સરકશીકરનારાઓના માંથા મારી ચુંગાલમાં લાઉં.

પહેલવાનો જ્યાં સુધી જંગના મેદાનમાં લડી નામના મેળવે નહિ ત્યાં સુધી તેઓની બહાદુરીનું ગાયણુ ગવાએ નહી અને સીપેહસાલારો જ્યાં સુધી ફતેહ મેળવવા પામે નહિ ત્યા સુધી તેઓની તેજ શમશેર વખાણુને લાયક ઠરે નહિ તે મુજબ બેહમનજી સાહેબ જ્યાં સુધી બે મસ્ત અને સરકશ સરદારોને પકડી કેદ કરવામાં ફતેહમદ ઉતર્યા નહિ ત્યાં સુધી એવણુની મરદાનગી અને હીમત તેઓની ખરી રોશનીમાં દીપી નીકલી નહી.

અગર બર નીઆરમ તેગ અઝ ની આમ,
બ મરદી ઝેમાબર નીઆરંદ નામ.

અર્થઃ--જ્યાં સુધી હું મેઆનમાંથી તલવાર ખેચું નહિ ત્યા સુધી હુ મરદાનગીમાં નામ કહાડી શકું નહી.

સૌથી પહેલો સરકશી કરનારો અજીત સરદાર પીરજાદા મોહશન સાહેબ હતો. તેને જવલાપુર જલનો કબજો લઈ સત્તાવાલાઓને ત્રાહે ત્રાહે પોકરાવી રહયો હતો અને પોતાના ભાઇઓની મદદથી ઈંગ્રેજોના શત્રુઓ સાથ કાવત્રાંબાજીનો ખેલ કરતો હતો. તેને જેર કરી પકડી લાવવા માટે લશકરની એક ટુકડી મોકલવામાં આવી જેને તેણે કશી મચક આપી નહી આ ઉપરથી બેહમનજી સાહેબને તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૮૫૯ ને દીને ફકત ૧૦) સવારો સાથ મોકલવામાં આવ્યા. હથીઆરબંધ એવણુ તેની છુપાઈ બેસવાની જગા આગલ આવી પુગા, જયા તેઓ વચ્ચે સખ્ત લડાઈ થયા પછી પીરજાદો બેહમનજીને શરણુ થંઇ ગયો જેને તેવણે લશકરી સત્તાવાળાઓને હવાલે કીધો. તાર પછી તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૮૫૮ ને દીને એક આરબ સરદાર અકબરને પકડી લાવવાનું કામ પણુ એવણુનેજ સોંપવામા આવ્યુ. આ સરદાર પોતાના ૨૦૦) માણુસોના લશકર સાથ બસમત નગરના કીલ્લામાં છુપાઈ બેઠો હતો. તેના ૨૦૦) મદદગારો સામે બેહમનજી સાહેબ ફકત ૧૫) સવારો સાથ ઘણીજ તારીફલાએક બહાદુરીથી ટકી રહયા આ સરદારોના માણુસોમાં લશકરી તાલીમ અને કવાયદની ગેરહાજરી હોવાથી તેઓ પાછા હટી ગયા અને આરબ સરદાર બેહમનજી સાહેબને હાથ સપડાઈ ગયો લશકરી સત્તાવાલાઓને સ્વાધીન કરવા અગાઉ એવણે આ મસ્ત અને ઝનુની આરબ ઉપર એટલી તો બારીક નજર રાખી હતી કે તેને આખો દીવસ અને રાત સુધી પોતાના તંબુમાં કેદ

૧. ડાકતર પશાનજીનું જન્મ ચરિત્ર. સફે ૯૨૮

મ જામુત પહેરા હેઠલ રાખ્યો હતો. ઊપલા બેહુ સરદારોને પકડવાની ગડબડ ચાલતી હતી તેનો લાભ લઈ બીલોના ટોળા ગામડાઓમા લુટ ચલાવી રહ્યાં હતા, જેઓને પણ પકડી કહાડવામા એવણ ફત્તેહમંદ ઉતર્યા, જેમાના ૪૦) જણાંતો લુટ સાથેજ પકડાયા હતા. તેઓને સજા કરવાનુ કામ પણ એવણનેજ સોપવામાં આવ્યુ જે તેવણે ઘણીજ સંતોષકારક રીતે બજાવ્યુ હતુ. આવી રીતે પરીણામ શુ નીપજશે તેનો રતીભાર પણ અંદેશો કર્યા વના સાહસ કામના મેદાનમા ઝીપલાવી હિન્દને છટ્ઠે ખુણે પડેલાં બીરારીઓને અસલી ઇરાની ન્યાગાતોની મરદાનગી, હીમત, બહાદુરી અને જાહોજલાલીનો બેહમનજી સાહેબે સારો ખીઆલ આપ્યો હતો, ના, એટલુજ નહી, પણ પોતાના જીવના જોખમે, જાતી લાભ અને પૈસાના ભોગે, તન, મન, અને ધનથી ઉત્તમમા ઉત્તમ સેવાઓ બજાવી પોતાની ઇમાનદારી, રાસ્તરવી અને તાજ તરફની વફાદારી બ્રીટીશ સરકારને એવણે સાબેત કરી આપી હતી બેહમનજી સાહેબના જેવી અમુલ્ય શેવાઓ અગર જો એક ઇંગ્રેજ અમલદારે બજાની હતે તો તેની બહાદુરીની વાખવાખી હિન્દમાં તો શું પણ આખા યુરોપમા થઈ હતે અને તેની ઉપર માન અકરામોનો ગોયા વરસાદ વરસી ચુક્યો હતે. પણ બેહમનજી સાહેબ વાખવાખી અને માન અકરામોની કશી દરકાર વગર ઇંગ્રેજ સરકારના એક વીશ્વાસુ નોકર અને વફાદાર રૈયત તરીકેજ ગુપચુપ પોતાને શીર આવી પડેલી જોખમભરેલી ફરજો બજાવ્યા જતા હતા. એવણની આવી કીમતી શેવાઓ માટે નામદાર સરકારે એવણને ઈ૦ સ૦ ૧૮૬૪ મા આસીસટંટ કમીશનરના ઓહ્દા ઉપર ચહડાવ્યા હતા કે જે ઓહ્દો બીરારના દેશી અમલદારોમા પહેલવેહલો એવણનેજ મલ્યો હતો

પોતાની સરકારી નોકરી દરમ્યાન બેહમનજી સાહેબે બીરારની પોલીસના કાળા ધોળાં ઘણીક વેળા ઉઘાડા પાડી ત્યાની રૈયતને તેઓના જુલમી દોરથી છોડવેલાના કેટલાક નોધાએલા દાખલાઓ મલે છે. એક વખતે આકોલા જીલ્લામા એક શખ્શનુ ખુન થવાથી ૬) આસામીઓને શક ઉપરથી પકડવામા આવ્યા તેઓ બેગુનાહ હોવા છતા પણ પોલીસે તેઓને સખ્ત મારમારી તેઓ પાસે ગુનાહ કબુલ કરાવ્યો એજ વખતે એવીજ રીતની જાસ્તી દાકાના મુકદમામા (Dacoity Case) ૨૪) આદમીઓ ઉપર ગુજારવામા આવી આસીસટંટ સુપરીનટેનડન્ટ મી૦ ફેડી અને તેના મદદનીશોએ તેઓને માર મારી એવાતો જખમી કરી નાખ્યા હતા કે તે બાપડાઓ નીરદોષ હોવા છતા પણ તેઓને ગુનાહનો એકરાર કરવાની ફરજ પડી આ વાતની ખબર બેહમનજી સાહેબની જાણમાં આવવાથી પોલીસ અમલદારોની આવી જુલ્મી વર્તણુકની છુપી જુસ્તેજો ચલાવી અને તેનો સરકાર ઉપર રીપોર્ટ મોકલી મી૦ ફેડી અને તેના મદદનીસોની ચાલચલણને સખ્ત ભાષામા વખોડી નાખી આ ઉપરથી સરકારે મી૦ ફેડીને રાજીનામુ આપવાની ફરજ પાડી અને તેના મદદનીસોને નોકરી ઉપરથી બરતરફ કીધા બેહમનજી સાહેબની આવી અપક્ષપાત તલાશથી બીચારા ૩૦) આદમીઓ સજાને પ્રાત્ર થતા બચી ગયા.

પણ પોલીસ અમલદારોની આથી વધારે ઝોહાકી દોરનો સીહા સફો બુલદાના જીલ્લાના બેલાદ ગામમાં ખુલ્લો થયો હતો. ઈ સ. ૧૮૭૪ મા બેલાદ ગામની પડોશમા એક આદમીની લાસ જેના હાથ પગ બાંધેલા અને ગલાંમાં ફાંસો સાથે મલી આવી ત્યાનો પોલીસ ઇન્સ્પેકટર કરીમખાં અને પોલીસ કોન્સટેબલ શીવરામશીંગ ખુનીની શોધમાં રોકાયા તેઓ ખરા ખુનીને પકડી પાડવામાં ફત્તેહમંદ ઉતર્યા, પણ તેઓનુ સારી રીતે "ભજન" થાવાથી તેને જતો મુકી તેને બદલે બીચારા નીરદોષ ચાર કુલીઓને તેની જગો ઉપર પકડી પરહેજ કીધા આ ચાર કુલીઓ સગપણના ગાંઠથી જોડાયલા હતા, યાને તેઓ બે ભાઇઓ અને તેમાંના દરેકનો એકેકો દીકરો મલી બે દીકરાઓ હતા કરીમખા અને શીવરામશીંગે તેઓ ઉપર એટલીતો જાસ્તી ગુજારી કે તેઓમાનો એકતો પોલીસનો જુલમ સહન ન કરી શકવાથી આપઘાત કરી મરણ પામ્યો. તેણે આપઘાત કીધો તેજ દીને તેઓને પકડી કેદ કીધા એવો જુઠો અને તરકટ ભરેલો રીપોર્ટ કરીમખાંએ પોતાના ઉપરી અમ-

લદાર ઉપર કીધો. ત્રણ કુલીઓ ઉપર ખુનનો જુઠો આરોપ મેલી અને તેઓ સાંબે ખોટી શહાદતો એકથી કરી તેઓને બેહમનજી સાહેબ આગલ તપાસ અર્થે ઉભા કીધા. જ્યારે આરોપીઓને તેઓ સાંબેનો વાક વાચી સમજાવવામા આવ્યો ત્યારે તેઓએ પોતાની ઉપર ગુજરેલી જાસ્તી અને ખરા ખુનીને પકડવામા કીધેલી આંખમીચામણી વીગેરેનો અહેવાલ બેહમનજી આગલ ખુલ્લા દીલથી વગર દેહશતે કહી દીધો આ ઉપરથી બેહમનજી પોતે બેલાદ ગામ જઈ ખરા ખુનીનો પતો મેલવવામા મશગુલ થયા અને તેને પકડી પાડવામા ફત્તેહમંદ ઉતર્યા એટલુ જ નહી પણ કરીમખા અને શીવરામશીંગને તેઓના કોહતા કાવત્રામા મદદ કરનાર જેલ ગામનો દશમુખ તુરાબખા અને બેલાદ ગામનો પટેલ પાંડુને પણ પકડી પાડયા આવી રીતે પોલીસનુ ભોપાલુ બહાર પાડી તેને લગતો રીપોર્ટ સરકાર ઉપર મોકલી આપ્યો આ ચેહારો તોહમતદારોની તપાસ કરવાનુ કામ બેહમનજીને સોપવામા આવ્યુ, જેવણે પાંડુ પટેલને બે વરસના સખ્ત કેદખાનાની સજા કીધી, જ્યારે કરીમખા, શીવરામશીગ અને તુરાબખાનને જીલ્લા માજીસ્ત્રેટની કોર્ટમા તપાસ અર્થે "કમીટ" કીધા.

માજીસ્ત્રેટ મી૦ હડલસ્ટને કરીમખાનને ૭ વરસનુ કેદખાનુ અને રૂ. ૪૦૦)નો દંડ અને દંડ ન આપે તો ૧૮ મહીના વધુ, શીવરામશીગને ૪) વરસનુ કેદખાનુ અને રૂ ૨૫૦)નો દંડ અને દંડ ન આપે તો ૧૦ મહીના વધુ, અને તુરાબખાનને ૩) વરસનુ કેદખાનુ અને રૂ ૨૦૦)નો દંડ અને દંડ ન આપે તો ૬) મહીના વધુ કેદખાનુ એ મુજબ સજા કરી એવી રીતે તરકટી પોલીસ અમલદારો અને તેના મદદગારોને ઇનસાફની દેવીએ ખરે ફેંઝે પહોચાડયા, ખરા ખુનીને ફાસી દેવામા આવ્યો, જ્યારે ત્રણ નીરદોષ કુલીઓ બેહમનજી સાહેબની ભલી કોશેશ અને અપક્ષપાત તપાસથી મોતના માચડા ઉપર ચઢતા બચી ગયા પોલીસનુ ભોપાલુ ઉપરાસાપરી ઉઘાડુ પાડવાને લીધે બીરારની પોલીસ એવણના નામ અને કામથી હમેશા ચોકેલી રહેતી હતી

ઇ. સ ૧૮૭૭ મા હિન્દમા મોહટો દુકાળ ફેલાયો અને બેહમનજીએ પોતાની કુનેહ અને દુરઅંદેશીથી તેનુ નહેશ કદમ બીરારમા આવતુ અટકાવ્યું હતુ આ વખતે બીરારમાં પણ પાક ઘણોજ કમ ઉતરવાથી એવણની આગેવાની હેઠલ ઉધગણાનુ લીસ્ટ ઉભુ કરવામા આવ્યુ, અને ઠામે ઠામ દુકાનો ઉઘાડી ગરીબો અને લાચારોને અનાજ વેહચી આપવામાં આવ્યો તેજ વખતે મધ્યમ શકતીવાલાઓ એનો મુફ્ત લાભ ન લીએ તે માટે એવણે મજબુત ચોકાશી રાખી હતી. બેહમનજી સાહેબે આવી દુરઅંદેશી વાપડી ઘટતા પગલા ભરયા ન હોત તો હજારો આદમી દુકાલના ભોગ થઇ પડયા હોત અને બીરાર પણ વસ્તીથી ઘણુ ખાલી થઈ ગયુ હોત.

આપણે આગલ જણાવ્યુ તેમ બીરારના વેપારવણજની આબાદી પણ એવણ સાહેબની ખંત અને કોશેશને આભારી હતી. ત્યાના વેપારની મુખ્ય જીણસોમા રૂનો વેપાર ખીલવવામા એવણે પોતાની જીંદગીનો મોહટો ભાગ ખરચ્યો હતો મોગલાઈ અમલના વખતમા ખાનગામ, ઉમરાવતી, આકોટ, જલગામ અને તેલારા રૂના મુખ્ય મથકો ગણાતાં હતા, પણ તેમા ઘણી ઘાલમેલ અને લુટ થાવા જેવું કામ ચાલતુ હતુ. એનો અટકાવ કરવા માટે એવણે પ્રથમ સરકારમાં લખી બાલાપુર તાલુકામાં આવેલા ખાનગામમા સરકારી ખરચથી એક "કોટન મારકેટ" ઉભી કરાવી અને ખાતરીના માણસો રાખી સરકારી મહાસુલમા વધારો કીધો બીરારના "કોટન કમીશનર" મી૦ હેરી રીવેટ કરનાકને અમેરીકન રૂની વાવણી કરવાનો અખતરો અજમાવી જોવામાં એવણે મુખ્ય આગેવાની અને મદદ કરી હતી એ વીશેનો મી૦ હેરી રીવેટ કરનાકના રીપોર્ટમા નીચલો ઇસારો જોવામા આવે છે.—

"During my stay at Akola I have frequently visited the market and have found the management everything that could be desired Mr. Assistant Commissioner Bymonjee Jamaspjee, to whom I

belive much of the Credit of the Success of the Scheme is due, takes considerable interest in all matters connected with the improvement of cotton cultivation, and has on more than one occasion afforded me assistance in trying experiments with exotic and indigenous seed"

"At Akola also, Mr Assistant Commissioner Bymonjee Jamaspjee, who has had considerable experience in cotton farming, and also is particularly well qualified to conduct experiment was good enough to try the American Seed, with results which can best be described in his own words, extiacted fram his own report, with a copy of which he has obligingly turni,hed me"

બીરાર આજે એક દજન ઉપર રૂના કારખાનાઓ ધરાવે છે તે માટે એવણુને ઘણે દરજ્જે આભારી હતા અને રહેશે.

બેહમનજી સાહેબની ઝહલકતી કારકીર્દીનો તપ્સીલવાર અહેવાલ આપવા પછી હવે હમો એવણુની શોધક શકતી અને બીજી પરચુટણ બાબદો ઉપર આવ્યે. એવણુ સાહેબને શોધક શકતીની કુદરતી બક્ષેશ થયેલી હોવાથી ઘણીએક ઉમદા શોધો કરવા અને નાદર ચીજો બનાવા માટે એવણુનુ નામ ઘણુજ મશહુર થયુ હતુ જેની ગવાહી અનેક તરેહથી મલી શકે છે એવણુની શોધક શકતીનો સૌથી પહેલો પુરાવો તો એક કામચલાઉ પુલ ઉભો કીધો હતો, તે ઉપરથી મલે છે. આગલા વખતમા બીરારમા ગેરદાવરીપર જનાર અમલદારોને મલકાપુર આવતી વખતે નદીપાર મુકામ કરવો પડતો હતો અને ખુદ ગામમા દાખલ થવાની મોહટી મુશકેલી પડતી હતી એક વખતે કમીશનર મી૦ બુલક ફરતો ફરતો મલકાપુર આવ્યો અને નદીપાર મુકામ કીધો બેહમનજી સાહેબે ૨૪) કલાકના ટુંક અરસામા એક પુલ ઉભો કરી મી૦ બુલકને ગામમા દાખલ થવાની સગવડ કરી આપી હતી શેહગામને માર્ગે નદીમાંથી રસ્તો સોધ્યો જે એક માઈલનો લગ ભગ છઠઠો હીસ્સો થાય. નદીની ઉંડાઇ ૭) ફુટ હોવાથી એક દીવસમા ૨૫૦) ફુટ લાંબો અને ૬) ફુટ પોહલો એવો એક કામચલાઉ પુલ ઉભો કીધો એ પુલ માટે એવણે ઘણોજ સહેલ ઈલાજ સોધી કહાડયો હતો અને તે એકે રૂના ઝાડની કગીઓને નદીમા મુકી કીનારાની રેતી એક નાકેથી તે બીજા નાકા સુધી ભરી કહડાવી અને તે માટે એવણે જમાબંદી ઉપર આવેલા માણસોને કામે લગાડયા હતા તેઓ દરેકની મજુરી ૧) પૈસાની બાર ટોપલીઓને હીસાબે ૧) આનાની હતી, જયારે ખુદ ગામમા ૨) આનાની હતી એ પુલ ઉભો કરવામા આવ્યો તે વખતે આખા "એસ્ટે-બ્લીશમેન્ટ" ને માટે ૨૦૦) ગાડા અને ૭૫) બેગારીઓ થતા હતા. ઇ. સ. ૧૮૫૬ મા ગેરદાવરી-પર જતાં બીરારના અત્રી મલકાપુર નામના બાગાયત અને ફલદ્રુપ ગામની સીમમા આવી પહોચતા કેળના કાપી કહાડેલા રદ્દી ઝાડાનો ઢગલો એવણુની નજરે પડયો. તે જોઇને એવણુને એકાએક વીચાર થઇ આવ્યો કે રદી ઝાડોનો આવો મોહટો જથ્થો નાહક કચરા તરીકે કહાડી નાખવાને બદલે તેનો સુ બીજો કશો ઉપયોગ થઈ ન શકે ! એ સવાલનો તુરત ફડચો કરી નાખવાના ઇરાદાથી એવણે ગામના પટેલ મારફતે એક વણકરને બોલાવી મગાવ્યો બેહમનજી સાહેબે તેને સવાલ કર્યો કે આ કેળના રદી ઝાડમાથી ધ્રાગ કહાડી તેનુ કાપડ બનાવેતો શુ નહી બની શકે ! વણકરે અજાયબ થઇ જવાબ આપ્યો કે "સાહેબ, એ વાત કદી સવપનામાબી નહી બને" આ ઉપરથી બેહમનજી સાહેબે તેને પેલા ઝાડમાથી રેશા કહાડવાની સહમજ આપી અને તેના રેશા કહડાવી તેને સુતરના રૂપમા ફેરવી નખાવીઆ પછી તેના વાણો અને તાણો તૈયાર કરાવ્યા ત્યાર પછી પેલા વણકરની "સાર" ઉપર ચહડાવીને એક વાર જેટલું કપડુ વણાવી દીધુ. એ બનાવવામા સઘલી સલાહ તથા

આવડત બેહમનજી સાહેબની પોતાનીજ હતી જ્યારે તેમાં ફત્તેહ જોઇ ત્યારે પેલો વણકર તથા બીજા હાજર રહેલાઓની અજાયબીનો પાર રહયો નહી આ કપડુ બદામી રગનુ હતુ તથા કુમાસ અને ચીવટપણામા શણના બનતા કપડાનેજ મલતુ હતુ આ અખતરો અજમાવી જોવા માટે બેહમનજી સાહેબને ચાર દીવસ અત્રી મલકાપુરમા થોભવું પડયુ હતુ. વળી એ ઉપરાત અલશીના રદી ઝાડના છોડમાથી પણ શણના જેવા તરાગ કહાડી તેનુ કપડુ બનાવામા પણ એવણ ફત્તેહમદ ઉતર્યા હતા. વળી તેથીબી આગલ વધી દોઢી, કાકડી, તુરીઆં તથા કોહડાની તરકારી ઉતારી લીધા પછી તેના વેલા કાપી કહાડી કચરામા બાળી નાખે છે તેનાબી શાખા કહાડીને, તેમજ ફેનીની વરન નામે થુવરમાંથી પણ કાગજો બનાવાનો અખતરો ફત્તેહમદીથી અજમાવ્યો હતો. એવી નવી તરેહથી બનાવેલા કપડા અને કાગજો ઉપરી અમલદારોના જોવામા આવ્યાથી તેમજ તેને મોહટા જથ્થામા બનાવવાના ખરચ અને નફાનો અડસટો કરવામા પુરતી બાહોસી બતાવાથી એવણના ફ્લદ્રુપ ભેજાની સારી કદરશનાસી થાઈ હતી એ બનાવટના નમુનાઓ જ્યારે હેદરાબાદના તે વખતના રેસીદંત મી० બુશબી ઉપર મોકલી આપવામા આવ્યા ત્યારે તેના સેકરેટરી મી० જી રમીથે તેના જવાબમા બુલદાનાના દેપ્યુતી કમીશનર મી० કેમબેલને તા० ૧ લી જુલાઈ ૧૮૫૬ ને દીને નીચે મુજબ લખી જણાવ્યુ હતું:—

"I am directed by the resident to acknowledge receipt of your communication along with the specimens of coarse Linen cloth prepared under the direction of the Sir Naib of Ballapoor, Bymonjee Jamaspjee Dustoorjee, and to convey to you and to the Sir Naib the expression of his great Satisfaction at the success which has attended your efforts, to direct attention to the manufacture of flaxen fabrics

2 The Specimen sent-creditable for a first attempt has been submitted to the inspection of the Nawab Salar Jung Bahadoor, with a view to the introduction of the manufacture into His Highness' Dominions, when finer specimens are submitted, they will be transmitted to the General Committee of the Madras Exhibition.

3. The resident has much pleasure in authorising you to disburse to the manufacturer the sum of Rs. 15/ as a token of his approbation, and as a proof of interest in the *Successful introduction* into Berar of this important manufacture.

4. I am further directed by Mr. Bushley to add that this is the first specimen of linen manufacture which has reached him from the districts"

એવણની આવી કુદરતી શોધક બુધ્ધીને લીધે એવણ જુદે જુદે પ્રસગે ચાંદોના ઇનામો જીતી ગયા હતા. ઇ. સ. ૧૮૫૬ માં હેદરાબાદ ખાતે ભરાયલા પ્રદરશન વખતે ઉપર જણાવ્યા મુજબ કેળ અને અલસીના ઝાડમાથી સન કહાડી તેનુ કાપડ બનાવવા માટે, તેમજ દોધી, કાકરી, તુરીઆં અને કોહડાના વેલામાથી ઉત્તમ નમુનાના કાગજો બનાવવા માટે રૂપાનો ચાંદ, ઈ સ ૧૮૬૫ માં નાગપુરના પ્રદરશન વખતે ઘઉંના ઉત્તમ નમુના માટે રૂપાનો ચાદ, અને ઈ સ. ૧૮૬૮ મા આકોલામા ભરાયલા સગ્રહસ્થાન વખતે રૂનો મોહથી સરસ નમુનો બનાવવા માટે રૂપાનો ચાંદ મલી ત્રણ રૂપાના ચાંદો ભેટ મલ્યા હતા.

ઈ. સ. ૧૮૫૭ ના હિન્દ બળવા વખતે અને અનેક બારીક હિંગામો ઉપર નામદાર બ્રીટીશ શરકારની તન મન અને ધનથી જે કીમતી સેવાઓ બજાવી હતી તેનો બદલો એવણને અસુરેથી પણ મલ્યા વના રહયો નહી પોતે સરકારી નોકરીમાથી સદાનો સબંધ છોડે તેની થોડુંક અગાઉ બ્રીટીશ સરકારે એવણને "કમપેન્યન ઓવ ધી ઇનડયન એમપાયર" (C I E.) નો માનવતો ખેતાબ એનાયત કરી એક વફાદાર રૈયત અને એક વીશ્વાસુ અમલદાર તરીકે એવણે બજાવેલી કીમતી સેવાઓની કદરશનાસી કરી હતી એ ખેતાબ જ્યારે પહેલવેહલો હસ્તીમા આવ્યો ત્યારે તે પહેલવહેલો લેવાને જે દેશીઓ ભાગ્યશાલી થયા હતા તેમા બેહમનજી સાહેબ પણ એક હતા, પણ પારસીઓમાં C. I. E નો ખેતાબ લેનાર પહેલવહેલા તો એવણજ હતા આએ ખેતાબને લગતો ચાદ પેહડાવાની ક્રીયા હેદરાબાદના માજી રેસીદંત કરનલ સર રીચરડ મીડે તા૦ ૧૭ મી દીસેમબર ૧૮૭૯ ને દીને આકોલામાં મોહટી દરબાર હજુર કરી હતી કે જે વખતે રેસીદંતે કહી સમજાવ્યુ કે "સરકાર તરફની તમારી ખેરખાહી ભરેલી લાબી મુદતની નોકરીની કદરના બદલામા તમોને નામદાર ગવરનર જનરલ સાહેબની સીફારસથી નામદાર કયસરે હિન્દની સરકારે કમપેન્યન ઓવ ધી ઈનડયન એમપાયરનો ખેતામ આપીને આ ચાદ પહેડાવાની કીરીઆનુ શુભ કામ મહને સોંપીઉંય તે બજાવાને માટે મોહટી ખુશાલી ઉપજેચ." ૧

આ ખેતાબ મલવા પછી થોડીજ મુદતમા બેહમનજી સાહેબે બે હ્રાહેકા અને ૮ વરસ સુધી વફાદારી અને ઇમાનદારીથી અને સરકાર અને રૈયતના ભારે સંતોષ અને પ્રીત વચે નોકરી બજાવી ઈ સ. ૧૮૮૧ મા પેનશન ઉપર "રીટાયર" થયા અને દરેક કોમવાલાઓએ એવણને માનપત્રો ઝીઆફતો અને અનેક ભેટોથી નવાજ્યા હતા ઇંગ્રેજોની મંડળીમા એવણ સાહેબની હાજરી આવકારદાએક ગણાતી હોવાથી "બીરાર કલબ" કે જે ફકત ઇંગ્રેજોનીજ બનેલી હતી અને જેના આખા બીરારમા પહેલા દેશી સભાસદ થવાનુ એવણને માન હતુ તેને એવણને મોહટા પાયા ઉપર ઝીઆફત આપી હતી કે જે માન એક દેશી અમલદારને તેની જાતમા સૌથી પહેલ્લુ તેમ છેલ્લુ હતું. તેમજ બીરારનો વેપારી વર્ગ એવણને ઘણે દરજ્જે આભારી હોવાથી એવણને ઝીઆફતો અને માનપત્રો આપી અહેશાનનો બદલો વાલી આપ્યો હતો. બીરારના જરથોસ્તીઓએ પણ માનપત્રો અને બીજી કીમતી ભેટોથી એવણને સરફરાજ કર્યા હતા એ શીવાએ બીરારના કેટલાક ગામો અને શેહરોના લોકોએ પોતાના મકાનો અને દુકાનોને રંગબેરંગી લાઇટો અને ભાતભાતની રચનાઓથી દીપાયમાન કરી પોતાની ખુશાલીનો ઉભરો બાહેર પાડ્યો હતો. એમ જાત તથા પ્રજાતના લોકોએ એવણ ઉપર માનપાનનો વરસાદ વરસાવી એવણથી સદાના છુટા પડતી વખતે પોતાની દીલગીરીભરી લાગણી જાહેર કરી હતી. પોતાના વડીલોથી વારસામા મેલવેલી પાકી પરહેજગારી, નેકી, અસીલ્લાઇ અને સાલેસાઇને લીધે દરેક કોમવાલાઓ એવણ ઉપર જા ફેશાની બતાવતા હતા. એવણના આવા ઉમદા ગુણો સાથ ગરીબોની પરવરશી અને દસ્તગીરી કરવાની ખાસ્યત જોડાએલી હોવાથી તેઓને તેમજ હાજતમ દોને એક પીતા સમાન થઈ પડતા હતા. આવુ ઉપર વર્ણવેલુ માન અકરામ નવલાઓથી છુટા પડતી વખતે મેલવવા પામ્યા તે, એવણના આવા ઉમદા સદગુણોનું પરીણામ હતુ પેનશન ઉપર "રીટાયર" થઈ પુણે આવી વસવા પછી મુંબઈ સરકારે એવણનો ન્યાયખાતાનો પાકટ અનુભવ ધ્યાનમા લેઇ એવણને પુણાના "ફર્શટ કલાસ ઓનરરી માજીસ્ત્રેટ" નેમ્યા હતા. એ ઓહ્દાનુ એવણે પછવાડેથી કામના દબાણને લીધે રાજીનામુ આપ્યું હતું.

હવે એવણની જાત અને પ્રજાતમા મહેમાનદારીનુ થોડુંક વર્ણન કર્યે માણસ જાતને દુન્યામાં વિખ્યાતી અને નામના મેળવવા માટે કેટલાક સારા ગુણો ધરાવવા સાથ મુસાફરોની પરોણાગત અને બરદાસ્ત કરવાનો ગુણ પણ ધરાવવાની જરૂર છે. આદમજાત જેટલો સખાવતથી મશહુર થાય છે તે

---

૧ પજદજરદી સને ૧૨૫૯ ના સાલનું "ઝોરાસ્ટ્રીઅન કલેન્ડર" સફ ૪૮

કરતાં વધારે મશહુર મુસાફરોની મેહમાનદારી કરવાથી થાય છે, કારણ કે મુસાફરો પોતાની આગતા-સ્વાગતા કરનાર શખ્સનુ નામ ગામેગામ, શહેરેશેહર અને દેશેદેશ મશહુર કર છે, જેમકે મરહુમ શાએર શેખ સઆદીનો કોલ છે કે —

ખુઝોરગાં મુસાફર બજા પરવરન્દ,
કે નામે નેકુઈ બઆલમ બરન્દ.
ગરીબ આશના બાશો સીઆહ દુસ્ત,
કે સીઆહ જલ્લાબે નામે નેકુસ્ત.

અર્થ —ખુઝોરગો મુસાફરોની જાનથી પરવરશી કરે છે, કારણકે તેઓ મેહમાનદારી કરનારાઓનુ નામ દુન્યામા નેકીથી મશહુર કરે છે. પારકાઓનો આશના અને મુસાફરોનો દોસ્તથા, કારણકે મુસાફરો નેક નામોના આશકારા કરનારા છે બેહમનજી સાહેબ પણ જાત અને પ્રજાતમા જે મોહટી વીખ્યાતી અને નામના મેલવવા પામ્યા તે તેમની હાતમ દીલથી મુસાફરોની મેહમાનદારી કરવાનુ મુખ્ય પરીણામ હતુ અને તેજ સબબથી એવણનુ નામ દરેક કોમમા "હરદીલ અઝીઝ" થઈ પડયુ હતું બીરાર જઈ આવેલો કોઈબી યુરોપ્યન, પારસી યા બીજો પરદેશી મુસાફર એવો ન હશે કે બેહમનજી સાહેબની મેહમાનદારી ચાખવાથી બેનસીબ રહયો હોય. હમારા આ લખાણને આકોલાના ખબરપત્રીએ તા૦ ૯ મી ફેબ્રુઆરી ૧૮૬૮ ના "રાસ્ત ગોફતાર" ઉપર લખી મોકલેલા નીચલા પત્ર ઉપરથી ટેકો મલે છે —

"શગરસ્થાનના દીવશમો જે કોઇ જરથોસ્તીઓ અતરે મુબઇથી તથા પુણેથી આવીઆ હતા તેઓમાના ઘણાએક સાહેબોએ ભાઇ બહમનજી આશીશટટ કમીશનરના બગલામો ઉતારે લીધો હતો અને તાહા શરવે રીતે અછી મદારત થઇ છે. આએ વખતે તક લઇને કહુ છુ કે કોઇબી જરથોસ્તી સુપ્રલીશ છઆ મોહટો જે એવણને તાહા જાએ છે તેને સરખી રાહે મદારત લીવામો આવે છે એ ભાઈ ઘણાજ ભોલા, સાદા તેમજ ચચલ છે. પોતાના મોહટા ઓધાની કશીબી મગરરી વગર પોતાની કોમને ઘણુજ સારૂ લાગે તે માફક કામ બજાવે છે.'

પોતાની નોકરી દરમ્યાન અને નોકરીથી ફારેગ થાવા પછી પણ બીરાર, ખાનદેશ અને મધ્ય-પ્રાતોમાં વસ્તા જરથોસ્તીઓની હાજતો ટાળવામા એવણ આગેવાની ભર્યો ભાગ બજાવતા હતા. ભુશાવલ, આકોલા, બદનેરા, ઉમરાવતી, નાગપોર વીગેરે મથકો ઉપર દુખમાઓ તથા દરેમેહરો એવણની પેશરવી અને આગેવાનીથી બરપા થયા છે આકોલામા વસ્તા જરથોસ્તીઓને એક દરે-મેહરની જરૂર જણાયાથી એવણે પોતાના ભાઇઓની મદદથી એક દરેમેહર પોતાના માતુશ્રી બચીઆઇજીની નેયતે રોજ ૨૪ માહ ૨ સને ૧૨૩૯ યઝદજરદી તા૦ ૧૪ મી નવેમબર ૧૮૬૯, સવત ૧૯૨૬ ના કારતક શુદ ૧૧ અને રવીવારને દીને મુબઇવાલા મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાના ઉપુરીપણા હેઠલ પરઠાવી ખુલ્લી મુકી હતી અને તેના એવણ એક ત્રસ્ટી ઠરયા હતા એ દરેમેહરમા અનજુમનને નામે દરરોજ યઝશને, આફરગાન, બાજ તથા ગાહમબારો અને જશનો કરવા માટે એવણે તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૭૩ ને દીને પોતાની આગે-વાની હેઠલ એક ફંડ ઉભું કીધુ હતુ જેમા શેઠ બેહમનજી ઉકરજીની કુપની તરફથી રૂ. ૫૦૦૦) પાંચ હજાર અને બીજા જરથોસ્તીઓ તરફથી રૂ. ૧૩૩૪) મલી રૂ ૬૩૩૪) ની મોહટી રકમ એકજ દીવસમા ભરાઇ ગઇ હતી. એજ ગામમા યાને આકોલામાં રોજ ૬ માહ ૬ સને ૧૨૬૪ યઝદજરદી તા૦ ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૯૫ અને ભુશાવલમા રોજ ૨૯ માહ ૪ સને ૧૨૫૮ યઝદજરદી તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૮૯ ને દીને દુખમાઓ પરઠવામા આવ્યા હતા તેની સઘલી આગેવાની એવણે કરી હતી અને પોતે જાતે મહેનત કરીને તેના ફંડમા મોહટી રકમો ભરાવી હતી.

ઇ. સ. ૧૮૭૯ માં હેદરાબાદવાસી મરહુમ શેઠ વીકાજી મેહરજી તારાપોરવાલાએ આકોલામા મુસાફરોની સગવડ માટે એક ધર્મશાળા બંધાવી હતી. આ મકાન ઘણુંજ પુરાણુ થવાથી અને વસ્તીથી ઘણુંજ દુર હોવાથી બેહમનજી સાહેબે પોતે આગેવાની કરી એક ઉઘરાણાનુ લીસ્ત ફરતુ કીધુ' જેમા પોતે મોહટી રકમ ભરી અને બીજાઓ પાસે ભરાવી રૂ. ૧૫૦૦૦) ની રકમ એકઠી કીધી જુની ધર્મશાલાનો સઘલો કાટ વેચી નાખી એક નવી ધર્મશાલા વસ્તીવાલા ભાગ ઉપર બંધાવીને રોજ ૧૫ માહ ૧ સને ૧૨૫૦ યઝદજરદી તા૦ ૧૩ મી અકટોબર ૧૮૮૦ ઇસવી, સવંત ૧૯૩૬ ના આશો શુદ ૧૦ અને બુધવારને દીને ખુલ્લી મુકી હતી એવી રીતે મુસાફરોની પણ અગવડો ટાળી બેહમનજી સાહેબે તેઓને સદાના અહેસાન હેઠલ મુકયા હતા જેમ એવણ સાહેબ મુસાફરોની અડચણો ટાળી ચોરમેર વિખ્યાતી મેલવતા તેમ ગરીબ ગુરબાઓને પણ સત્તાવાલાઓના જોર જુલમથી છોડવી તેઓના આશીષ મેલવવા પામતા જેની સાબેતી પોતે પોલીશ અમલદારોના ઉપરા સાપરી ફેડી આપેલા બોપાલા ઉપરથી મલે છે. ગરીબોના આફત અને સંકટ વખતે પીતા સમાન થઇ પડી દસ્તગીરી કરવાને લીધે બીરાર, ખાનદેશ અને મધ્ય પ્રાંતોના જરથોસ્તીઓ એવણને "બહમનજી બાવા" તથા બીજી કોમવાલાઓ "ભાઈ સાહેબ" ની ઉપમાથી પીછાણતા હતા.

એવણ સાહેબની ફત્તેહમંદ કારકીરદીનો તુલોતવીલ અહેવાલ આપ્યા પછી એવણનામા જવાન વયથી જે એક શોક ઉત્પન થયો હતો તેનુ હાલની અને ભવીષ્યની ઓલાદની વાકેફગારી માટે બ્યાન કરવાની લાલચ હમો અટકાવી શકતા નથી એ શોક તે એવણના દેશપરદેશની મુસાફરી કરી પોતાના "એલમે દુન્યવી" યાને સંસારી જ્ઞાનમા વધારો કરવાની હતી, અને એવણની એ તરફની કુદરતી ચલાણ તારીફ લાયક હતી. કારણ કે માણસ જાતને દુન્યામા એક ખરો "આદમ" બનાવા માટે મુસાફરી પણ એક અગત્યનો ભાગ બજાવે છે મરહુમ શાએર મુલ્લા કાશફીના કેહવા મુજબ —

સફર મુરબ્બીએ મરદસ્તો આસતાને જાહ,
સફર ખઝાનએ માલસ્તો ઉસ્તાદે હુનર.

અર્થ — સફર માણુસ જાતનો ગોયા મુરબ્બી છે અને માન મરતબાના દરવાજામા દાખલ થવાનો ઉમર છે સફરથી માલમતા અને ખજાનો હાસલ થાય છે અને સફર હુનરમંદ આદમીઓની ઉસ્તાદગીરી બજાવે છે. વિદ્વાનો અને ફીલસુફોજ મુસાફરીને અગત્યતા આપી ગયા છે એટલુંજ નહી પણ શેખ સબાદીના કેહવા મુજબ હકીકત અને તરીકતની રાહ ઉપર ચાલનારા યોગીઓ અને જ્ઞાનીઓ પણ મુસાફરીથી ઉપજતા ફાયદાઓ હાશલ કરી લેવાની નીચલા બેતોમા ગોયા તાકીદ કરી ગયા છે —

તાબ દુકાનો ખાને દર ગરવી,
હરગીઝ અએખામ આદમી નશવી.
બેરવ દર જેહાન તફરરૂઝ કુન,
પીશ અઝાં રૂઝ કઝ જેહાં બેરવી

અર્થ:—

દુકાન ને ઘેરમા બેસે ભરાઈ,
ન થાય કદી આદમ દુન્યાઈ.
જેહાનમા ફર ને થા તું ખુશ,
જેહાનથી જવા કરે તું કુચ. ૧

---

૧ શેઠ હોરમજી બહમનજી ગનદેવીયાનો ગુલેસ્તાનનો ગુજરાતી તરજુમો સફે ૧૩૦

યોગીઓના ઉપલા કોલ ઉપર અમલ કરી બેહમનજી સાહેબ પણ દેશપરદેશની મુસાફરી કરી ત્યાની આબો હવા, પચરંગી કોમોની રીતભાત અને વેપારવણજની ઉકલપાહલનો પાકટ અનુભવ મેળવી એક ખરા આદમની ઉપમાને ઇન્ચે ઇન્ચ લાયક ઠરી ચુકા હતા અને પોતાની જીંદગીની સંધ્યાકાળે તન અને મનની દરૂસ્તી સાચવી રાખવા પામ્યા તેનુ મુળ કારણ પણ મુસાફરીનેજ લાગુ પાડી શકાય. ઇ સ ૧૮૮૩ મા હૈદરાબાદવાલા અમીરે કબીર સર ખુરશીદજાહ હિન્દની મુસાફરીએ નીકલ્યા તે વખતે એવણને ભોમ્યા તરીકે સાથે લઈ એવણની મુસાફરીના પાકટ અનુભવનો લાભ લેવાને ચુકયો ન હતો.

પરચુટણ નોધો.

૧–આગલ જણાવ્યુ તેમ એવણે આકોલામા "બેહમન બજાર" વસાવી વેપારીઓને સગવડ કરી આપી હતી.

૨–તા૦ ૬ થી એપ્રીલ ૧૮૬૯ ને દીને આકોલાની યુરોપ્યન કલબના એવણને મેમબર ઠેરવવામા આવ્યા હતા. આ માન બીરારના દેશીઓમા પહેલવહેલુ એવણનેજ મલ્યુ હતુ.

૩–ઇ. સ. ૧૮૬૮ થી તે ૧૮૭૨ સુધી "બેનગાલ રાઇફલ એશોશીએશન"ના એવણ એક મેમબર હતા.

૪–"બીરાર વોલનટીયર કોર"ના નોકરી ઉપરથી રીટાયર થયા ત્યા સુધી એવણ "ઓનરરી મેમબર" હતા

૫–ઈ. સ ૧૮૬૯ મા "બોમ્બે બ્રાન્ચ ઓવ ધી રોયલ એશીયાટીક સોસાયટી"ના એવણ એક મેમબર ઠરયા હતા.

૬–ઇ. સ. ૧૮૭૧ મા શહેનશાહ એડવર્ડ શખ્ત બીમારીમાથી સાજા થયા તેની શુકર. ગુજારીમા આકોલાની દરેમેહરમા જશન કરાવી ઝીઆફત આપી હતી.

૭–તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૭૪ ને દીને એક ગારડે એવણને અપમાન કરવાથી એવણે જી. આઈ પી. રેલવે કુ૫નીી ઉપર નુકસાનીની ફર્યાદી માડી હતી પણ રેલવે સત્તાવાલાઓએ સંપુર્ણ માફી માગવાથી ફર્યાદી ખેંચી લીધી હતી,

૮–એજ વરસમા યાને ઇ. સ. ૧૮૭૪ મા એવણ કલકત્તે પધાર્યા હતા જે વખતે ત્યાના આગેવાન શહેરી મરહુમ શેઠ માણેકજી રૂસતમજી બનાજીએ એવણના માનમા ખાણાનો મોહટો મેળાવડો કર્યો હતો.

૯–તા૦ ૧ લી જાનેવારી ૧૮૭૭ ને દીને શહેનશાહબાનુ વીકટોરીયાએ "કયસરે હિન્દ" પદ ધારણ કીધુ તેની ખુશાલીમા એવણે આકોલામા જાહેર ઝીઆફત આપી હતી.

૧૦–ઈ. સ. ૧૮૮૪ મા પોતાના વડા ભાઇ મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજીની જગા ઉપર એવણને પુનાની "બઝમે રૂઝે બેહરામ" કલબના "પેત્રન" ઠેરવવામાં આવ્યા હતા.

૧૧–ઇ. સ. ૧૮૮૫ મા હિન્દના માજી વાઇસરોય લોર્ડ ડફરીન ઈદોર આવ્યો તે વખતે મહારાજા તુકાજીરાવ હોલકરના ખાસ ઇજનથી એવણ ઇદોર પધાર્યા હતા જયા મહારાજાએ એવણની પાદશાહી પરોણાગત કરી હતી અને એવર્ણના માનમા કવાયદ કરાવી મોહટો શીરપાવ આપ્યો હતો આ ટકનો લાભ લઇ ઈદોર તથા મઉના જરથોસ્તીઓએ એવણને માનપત્રો અને ઝીઆફતોથી નવાઝયા હતા.

૧૨–ઈ. સ. ૧૮૯૯ મા પોતાના નબીરાઓને નાવર કરાવા માટે એવણ નવસારી પધાર્યા હતા અને રોજ ૩૦ માહ ૫ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૧૧ ફેબ્રુઆરી ૧૮૯૯ ને દીને નાવરની મીજલસમાં એવણને દસ્તુર દારાબજી માહીઆરજી મેહરજીરાણા, દસ્તુર ખુરશેદજી જમશેદજી

જામાસ્પ આશાના અને પોલ્યા દેશાઇ એદલજી બહમનજી તરફથી બધી મલી ત્રણ સીઆલો હોરાડવામાં આવી હતી.

એવણુના લગન નવસારીવાલા મરહુમ મોબેદ સાહેબ નવરોજી નશરવાનજી મુલ્લાંના દીકરી હીરાંબાઇ કેડે રોજ ૨૮ માહ ૭ સને ૧૨૦૯ યઝદજરદી તા૰ ૨૬ મી મારચ ૧૮૪૦ ને દીને થયાં હતા, કે જે દીવસે એવણુના નાધલા ભાઇઓ મરહુમ દસ્તુર બેહરામજી અને એરવદ રતનજીનાં પણ લગન થયાં હતા

એવણુના વડા દીકરા એરવદ જેહાગીર રોજ ૪ માહ ૪ સને ૧૨૪૧ યઝદજરદી તા૰ ૨૪મી દીસેમબર ૧૮૭૧ ને દીને ૨૦) વરસની જવાન વયે ગુજરયા હતા. બીજા દીકરા એરવદ એદલજી બીરારના ડેપ્યુટી કમીશનરના ઓધ્ધા ઉપર હતા અને રોજ ૧૫ માહ ૯ સને ૧૨૬૫ યઝદજરદી તા૰ ૨૭ મી મેએ ૧૮૯૬ ને દીને ૪૨) વરસની ભર જવાન વયે માથે લોહી ચહડવાથી અચાનુચ મરણ પામ્યા હતા. એ બેહુ દીકરાઓ બેહમનજી સાહેબની હયાતીમાજ નોજવાન ઉમરે ગુજરવાથી જે દુ ખ અને ગમગીનીનો બોજો એવણુની બુઝોરગીમા એવણુને શીર આવી પડયો હતો તે એવણે તારીફ લાયક શહનશકતીથી ઉપાડયો હતો. એવણુના દીકરી ડોશીબાઈ પોતાના ભત્રીજા મરહુમ એરવદ આશા હોશ ગ દસ્તુર સાથ પરણ્યાં હતાં. એ ત્રણ ફરઝંદો શીવાય રૂસતમ અને ગુલબાઈ નામના બે ફરઝંદો બાળ વયમા ગુજરી ગયાં હતા

પુર્વણી.

એવણ સાહેબે સરકારી નોકરીમા ઇ સ ૧૮૫૩ થી તે ઈ. સ. ૧૮૮૧ સુધી નીચે મુજબ ઓધ્ધાઓ ભોગવ્યા હતા —

તા૰ ૨૩ મી જુલાઇ ૧૮૫૩ થી તે તા૰ ૩ જી જુલાઇ ૧૮૫૪ સુધી બાલાપોરના શેકંડ કલાશ તેહસીલદાર પગાર રૂ. ૮૩.)

તા૰ ૪ થી જુલાઇ ૧૮૫૪ થી તે તા૰ ૨૬ મી આગસ્ટ ૧૮૫૬ સુધી બાલાપોરના ફરસ્ટ કલાશ તેહસીલદાર પગાર રૂ. ૧૧૬.)

તા૰ ૨૭ મી આગસ્ટ ૧૮૫૬ થી તે તા૰ ૧૯ મી દીસેમબર ૧૮૫૮ સુધી બુલદાના, એલીચ-પુર અને કારંજાના થર્ડ કલાશ એક્ષત્રા આશીશટંટ કમીશનર પગાર રૂ ૨૫૦.)

તા૰ ૨૦ મી દીસેમબર ૧૮૫૮ થી તે તા૰ ૧૪ મી ફેબ્રુઆરી ૧૮૫૯ સુધી બ્રીગેડીઅર હીલની સરદારી હેઠલ રોહીલાઓ અને બીજાઓ સામે મોકલેલી "ફીલ્ડ ફોરસ" સાથ રહયા હતા.

તા૰ ૨૬ મી ફેબ્રુઆરી ૧૮૫૯ થી તે તા૰ ૨૨ મી ડીસેમબર ૧૮૬૪ સુધી બુલદાના અને આકોલાના શેકંડ કલાશ એક્ષત્રા આશીશટંટ કમીશનર પગાર રૂ ૩૦૦.)

તા૰ ૨૩ મી દીસેમબર ૧૮૬૪ થી તે તા૰ ૮ મી સપતિમબર ૧૮૬૭ સુધી જાનફલના ફરસ્ટ કલાસ એક્ષત્રા આશીશટંટ કમીશનર.

તા૰ ૯ મી સપટેમબર ૧૮૬૭ થી તે તા૰ ૧ લી સપતેમબર ૧૮૭૪ સુધી કાયમ થર્ડ કલાસ અને કામચલાઉ સેકંડ અને ફરસ્ટ કલાસ આશીશટંટ કમીશનર થોડુક સુધી દેપ્યુતી કમીશનર ખાનગામની સ્માલ કોઝ કોર્ટના થોડુક સુધી કામચલાઉ અને પછવાડેથી કાયમ જડજ આકોલાની સ્માલ કોઝ કોર્ટના જડજ પગાર રૂ ૫૦૦)

તા૰ ૨ જી સપટેમબર ૧૮૭૪ થી તે તા૰ ૧૮ મી મારચ ૧૮૭૫ સુધી કાયમ શેકંડ કલાસ અને કામચલાઉ ફરસ્ટ કલાશ આશીશટંટ કમીશનર પગાર રૂ. ૭૦૦.)

તા૦ ૧૫ મી મારચ ૧૮૭૫ થી તે તા૦ ૫ મી એપ્રીલ ૧૮૭૬ સુધી આકોલાની સ્મોલ કોઝ કોર્ટના કામચલાઉ જડજ.

તા૦ ૧૦ મી એપ્રીલ ૧૮૭૬ થી તા૦ ૮ મી આગસ્ટ ૧૮૭૮ સુધી ખાનગામની સ્મોલ કોઝ કોર્ટના જડજ

તા૦ ૨૦ મી આગસ્ટ ૧૮૭૮ થી તે ૧૮૮૧ માં "રીટાયર" થયા ત્યા સુધી આકોલાની સ્મોલ કોઝ કોર્ટના જડજ પગાર રૂ ૯૦૦). ૨૮ વરસની નોકરી દરમ્યાન એવણે બધી મલી ૧) વરસ ૧૧) મહીના અને ૧૮) દીવસની રજા ભોગવી હતી

પરવરદેગાર એવણ મુરબ્બીજીને લાંબી અને સુખી જીદગી બક્ષે.

આ મી ન!

દસ્તુર બેહરામજી જામાસ્પજી (બીજા)

જનમ–હેરબદીની તાલીમ–ફારસી અને ઉરદુ ભાષાઓનો અભ્યાસ શુરૂઆતની કારકીરદી-હેદરાબાદના દસ્તુરનો ઓધ્ધો-નીઝામ સરકારમાં ભોગવેલા ઓધ્ધાઓ–મરહુમ ભાઇ મોબદ હોરમઝદયારનુ મરણ–નોકરી ઉપરથી "રીટાયર" થાવું–હેદરાબાદના દસ્તુર તરીકે પાછા મુકરર થાવું–ઈંગ્રેજ સરકાર તરફથી મલેલો "દીપલોમા ઓવ ઓનર"–મરણ–ખાસ્યત–ફરઝંદો–"દીવાને બેહરામ"–યાદગારીનું ફંડ.

મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીના ચોથા દીકરા દસ્તુર બેહરામજી રોજ ૨૦ માહ ૩ સને ૧૧૯૮ યઝદજરદી, તા૦ ૨૦ મી દીસેમબર ૧૮૨૮ ઇસવીને દીને નવસારી મધે જનમ્યા હતા. નવસારીવાલા મરહુમ મોબદ બરજોરજી તેહમુરજી મસાણી આગલ નાવર–મરાતબની તાલીમ લઇ સંવત ૧૮૯૯ ના રોજ ૩૦ માહ ૬ સને ૧૨૧૨ યઝદજરદી તા૦ ૨૭ મી મારચ ૧૮૪૩ ઇસવીને દીને પોતાના બે નાધલા બાઇઓ રતનજી તથા હોશંગજી સાથે નવસારીની દરેમેહરમાં હેરબદની પદવી મેલવી હતી ત્યાર પછી પુણે જઈ પોતાના પીતા મરહુમ દસ્તુર જામાસ્પજી અને વડા બાઈ સરદાર દસ્તુર નોશેરવાનજીની બેગી ઉસ્તાદગીરી હેઠળ દીન આઇનનો અને ફારસી ભાષાનો અભ્યાસ સુરૂ કર્યો હતો. હેદરાબાદવાલા મોલવી ફખરૂદદીનની શાગેરદી કરી ફારસીનો અભ્યાસ આગલ વધારવા સાથ ઉરદુ ભાષાની પણ પુખ્ત તાલીમ લીધી હતી. એવણે પોતાની કારકીરદી હેદરાબાદના દસ્તુર તરીકે શુરૂ કરી હતી અને ઈ સ. ૧૮૬૩ સુધી યજમાનોના પુર સતોષ વચ્ચે દસ્તુરી ચલાવી નીઝામ સરકારની નોકરીમાં દાખલ થયા હતા એવણુને પ્રથમમાં નીઝામ સરકારે નલદરૂગ તાલુકાના કસતમખાતાંના આસીસટંટ કમીશનરના ઓધ્ધા ઉપર નેમ્યા હતા એ ખાતામાં ૭) વરસ કહાડવા પછી એવણુને ઔરંગાબાદના "સીયુમ" અને ત્યાર પછી થોડીજ મુદતમા "દયુમ" તાલુકદાર નેમવામાં આવ્યા હતા. ત્યારબાદ નીઝામ સરકારે પરભણી તાલુકાના "અવલ" તાલુકદારની પદવી ઉપર એવણુને ચહડાવ્યા હતા.

ઇ. સ. ૧૮૭૫ માં પોતાના ભાઈ મોબદ હોરમઝદયારના મરણુ પછી હેદરાબાદના જરથોસ્તીઓએ એવણુને પાછા પોતાના દસ્તુર ઠેવવાની ખાહેશ જણાવ્યાથી દીવાન સર સાલારજંગ ૧લાએ એવણુને રૂ. ૨૦૦) ના માસીક પેનશન ઉપર "રીટાયર" થવાની પરવાનગી આપી હતી

અને હેદરાબાદની અનજુમને એવણને પોતાના દસ્તુર તરીકે ફરીથી નેમી સીઆલ હોરાડી હતી. એવણની હેદરાબાદ ખાતેની બીજીવારની દસ્તુરી કારકીરદી દરમ્યાન ધરમશાલા, મદરેશા, લાયબ્રેરી તથા નસેસાલાર અને દરેમેહરના ફંડો હસ્તીમા આવ્યા હતા એ ફંડોની કારોબાર મંડલીના એવણ પ્રમુખ અને ટ્રસ્તી હતા તેમજ ઇ સ ૧૮૮૪ મા પોતાના વડા ભાઇ સરદાર દસ્તુર નોશેરવાનજીના મરણ પછી એવણ પુણાના મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાઓના એક ટ્રસ્તી ઠડયા હતા ઇ સ. ૧૮૭૭ માં મહારાણી વીકટોરીઆએ "કયેસરે હિન્દ" પદ ધારણ કીધું તે વખતે એવણને ઇંગ્રેજ સરકાર તરફથી "દીપલોમા ઓવ ઓનર" મલ્યો હતો.

૨૦) વરસ સુધી હેદરાબાદના દસ્તુરનો ઓધ્ધો ચલાવી એવણ રોજ ૪ માહ ૭ સને ૧૨૬૪ યઝદજરદી તા૦ ૧૮ મી મારચ ૧૮૯૫ ઇસની, સવત ૧૯૫૧ ના ફાગણ વદ ૮) અને સોમવારને દીને ૬૬) વરસ, ૨) મહીના, અને ૨૭) દીવસની ઉમરે કબઝીઅતની બીમારીથી હેદરાબાદમાં બેહસ્ત-નશીન થયા એવણ ઘણાજ ભલા, ભોલા, સાફ દીલના અને દયાલુ ખવાસના હતા એવણને દુન્યાઇ માન પાન અને લોભ લાલચનો કશો અભખરો ન હોવાથી એવણ પોતાની જીદગી એકમા રગી અને નીયમીતપણે ગુજારતા હતા.

એવણના લગન રોજ ૨૮ માહ ૭ સને ૧૨૦૯ યઝદજરદી તા૦ ૨૬ મી માર્ચ ૧૮૪૦ ઇસવીને દીને પોતાના માસા નવસારીવાલા મરહુમ દસ્તુર જમશેદજી રૂસતમજી (આએ અહેવાલ લખનારના બપાવા) ની દીકરી હમાબાઇ સાથ થયાં હતા કે જે દીવસે એવણના ભાઇઓ બહમનજી અને રતન-જીના પણ લગન થયા હતા એવણના વડા દીકરા શોહરાબજી રોજ ૧૫ માહ ૧ સને ૧૨૩૬ યઝદજરદી તા૦ ૭ મી અકટોબર ૧૮૬૬ ઇસવીને દીને ૨૦) વરસની જવાન ઉમરે પુણામાં સાંપના ડખથી ગુજરયા હતા બીજા દીકરા રૂસતમજી હાલ નીઝામ સરકારમાં "દયુમ" તાલુકદારનો ઓધ્ધો ભોગવે છે ત્રીજા દીકરા ખુરશેદજી પોતાના પીતાની જગા ઉપર હેદરાબાદના દસ્તુર તરીકે મુકરર થયલા છે જ્યારે ચોથા અને સૌથી નાધલા દીકરા સરદાર દસ્તુર કેકોબાદ પોતાના કાકા સરદાર દસ્તુર હોશંગજી જામાસ્પજીના મરણ પછી દખણના વડા દસ્તુર ઠડયા છે એવણના એકજ દીકરી જીઆઇજી તે મુંબઇના શેર હુંડીના દલાલ અને ઇરાન તથા યુનાનની તવારીખના જાણીતા અભ્યાસી મરહુમ એરવદ બેહરામજી ભીખાજી કાગાના ધણીઆણી થાય છે

એવણે "એશકે હકીકી" ઉપર ફારસી અને ઉરદુમા ગઝલો જોડેલી છે જે "દીવાને બેહ-રામ" ના નામથી જણાયલી છે એ ગઝલો એવણની ફારસી અને ઉરદુ ભાષાઓની કાબેલ્યતનો ખીઆલ આપવા ઉપરાત એવણની ઉંચા પ્રકારની શાએરી શકતીનો સગીન પુરાવો પુરો પાડે છે એ "દીવાને બેહરામ" માની ઘણીક ગઝલો નાનદેરના પ્રખ્યાત ગવૈયાઓ અલીશાહ ઝલાલશાહ અરબાને, હુશેનશાહ ઝલાલશાહ અરબાને તથા બીજા ઘણાક ગવૈયાઓ તબલા સારંગી ઉપર શાદી-રામશાનીની મીજલસમા ગાઇ સંભલાવે છે એવણની યાદગારીમાં હેદરાબાદ તથા શીકનદરાબાદની અનજુમને એક દુખમુ બાધવા માટે ફંડ ઉભુ કીધુ હતુ અને તે મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાલાએ બધાવેલાં દુખમાની નજદીક બાંધવાનુ જેડવ્યું હતું, પણ જગાની માલેકી માટે અસલ સ્થાપકોના એક નબીરા શેઠ કેખશરૂ જીવણજી તારાપોરવાલા અને અનજુમનના આગે-વાનો વચ્ચે વાંધો પડવાથી એ વીચાર માડી વાલવામા આવ્યો હતો.

એરવદ રતનજી દસ્તુર જામાસ્પજી.

જનમ—કેળવણી—ચોજદાગ્રગીરીનો પેશો—કાયદાનો અભ્યાસ—બ્રીટીશ નોક-રીમાં દાખલ થવું—બીરારમાં કેળવણીનો પ્રસાર—થોડારવાની અને શીકારમો-

શોક-બ્રીટીશ નોકરીમાંથી "રીટાયર" થવું-નીઝામ સરકારની નોકરીમાં દાખલ થવું-મેહસુલ ખાતામાં સુધારો-"સરકીત સીસતમ"-હેદરાબાદ એડમીનીશટ્રેશન રીપોર્ટ-એલગનદર જીલ્લાના તાલુકદારનો જુલમી દોર-રૈયતની ફર્યાદ-સરકારી ખજાનામાં લાખો રૂપીઆની ખોટ-શમસુલ ઉમરાના કુંટુંબમાં જાગીરની વેંહચણી-દસ્તુર રતનજીનુ લવાદ તરીકે મુકરર થવું-રાજદુઆરી ખટપટો-ખટપટયા અમલદારોની ગેરઈતરાજી-પેનશન ઉપર રીટાયર થાવાની પડેલી ફરજ-રેસીદંત મારફતે મલેલો ઈનસાફ-નીઝામ સરકારમાં ભોગવેલા ઓધ્ધાઓ-મરણ-રીતભાત અને મીજાજ-બીજા સર સાલારજંગ તરફનો દીલાસાપત્ર-મુકરર થયલું પેનશન-યાદગારીનું ફંડ-"દસ્તુર રતનજી રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી"-ફરઝંદો-"વફાત".

મરહુમ દસ્તુર બેહરામજી જામાસ્પજી પછી તેવણુના સદગુણી માતાજી બચીબાઇજીએ રોજ ૧૧ માહ ૭ સને ૧૨૦૦ યઝદજરદી તા૦ ૧૫ મી એપ્રીલ ૧૮૩૧ ઇસવીને દીને પોતાના ખાવીંદ દસ્તુર જામાસ્પજીને ઉમદાં અને બેમુલ ગોહરની જે ભેટ કરી હતી તે મજકુર એરવદ રતનજીની હતી. પોતાના ભાઇઓ દસ્તુર બેહરામજી અને દસ્તુર હોશંગજી સાથ એકજ દીવસે યાને સંવત ૧૮૯૯ ના રોજ ૩૦ માહ ૬ સને ૧૨૧૨ યઝદજરદી તા૦ ૨૭ મી મારચ ૧૮૪૩ ઇસવીને દીને પોતાના બાપીકા વતન નવસારીની દરેમેહરમા હેરબદની પદવી લીધી હતી. ત્યાર પછી પુણે જઇ પોતાના પીતાની દેખરેખ હેઠલ દીન આઇનનો અને ફારસીનો અભ્યાસ કર્યો હતો એક મોલવીના હાથ હેઠલ ઉરદુની અને એક પંડીતના હાઠ હેઠલ મરાઠીની તાલીમ લીધી હતી. દોકતર વજીર બેગની શાગીરદી કરી એવણુ ઇંગ્રેજી ભાષા શીખ્યા હતા પોતાના સઘલા ભાઇઓમા એવણુ ફારસી અને ઇંગ્રેજીમા ઘણુજ કાબેલ હતા

પોતાના પીતાની હૈયાતીમા અને તેવણુના મરણ પછી પણ એવણુ પોતાના ભાઈઓ સંગાતે યોજદાથ્રગીરીનુ કામ કરતા હતા, પણ પછવાડેથી ઇંગ્રેજ સરકારની નોકરીમાં દાખલ થાવાની ખાહેશ થાવાથી મોબદી પેશો ત્યાગ કરી કાયદાના અભ્યાસ ઉપર પોતાનું ચીત લગાડયુ હતું

ઇ સ ૧૮૫૩ માં જયારે નીઝામ સરકારે બીરારનો વહીવટ ઇંગ્રેજ સરકારને સ્વાધીન કીધો ત્યારે પોતાના વડા ભાઇ એરવદ બેહમનજી સાથ એવણુ પણ પહેલવેહલા બ્રીટીશ નોકરીમાં જોડાયા હતા તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૫૩ ને દીને એવણુને પહેલવેહલા બાલાપુરના રૂ. ૮૩) ને પગારે નાયબ તેહસીલદાર નેમવામાં આવ્યા હતા આ ઓધ્ધા ઉપર કેટલાંક વરસ કહાડવા પછી એવણુને "એક્ષત્રા આશીશટંટ કમીશનર" અને ત્યાર પછી "આશીશટંટ કમીશનર"ના ઓધ્ધા ઉપર ચહડાવવામા આવ્યા હતા પોતાની ચાલાકી, સરકારી કામકાજ કરવાની કુનેહ, અને અપક્ષપાતપણાને લીધે રતનજીએ સરકારનો એટલોતો વીશ્વાસ મેલવ્યો હતો કે બે વખત "ઇસ્ટ" અને "વેસ્ટ" બીરારના "એકટીંગ દેપ્યુટી કમીશનર"ની પદવી ઉપર ચહડાવવામાં આવ્યા હતા, કે જે પદવી બીરારના દેશી અમલદારોમાં પહેલવહેલી એવણુનેજ મલી હતી

બીરારમાં બ્રીટીશ વહીવટ ચાલુ થયો તે વખતે ત્યાના રહીશોની કેળવણી વગરની સંસારી સ્થીતી કેવા પ્રકારની હતી તે વીશેનું બ્યાનુ એવણુના ભાઈ દસ્તુર બેહમનજીની કારકીરદીમાં આપેલુ હોવાથી ફરીથી તેનો ઇસારો કરવો હમો દરસ્ત ધારતા નથી. હયાં માત્ર એટલુંજ કહેવું બસ થશે કે એરવદ રતનજી બીરારમાં કેળવણીના સાધણો પુરા પાડવા માટે પોતાના ભાઇ એરવદ બેહમનજીના એક કીમતી મદદગાર અને સલાહકાર થઇ પડયા હતા.

જવાન વયથીજ એરવદ રતનજીને ઘોડાસ્વારી અને શીકાર કરવાનો શોક હતો. જે વખતે એવણુ બાલાપુર તાલુકામા હતા તે વખતે ત્યાના પલસી ગામમાં એક વીકાળ વાઘ ત્યાના રહીશોમાં તહરાસ વરસાવી રહયો હતો અને તેને કેટલાક આદમીઓ અને જાનવરોનો પણ ભોગ લીધો હતો એરવદ રતનજીએ તે વહેશી જાનવરને તા૦ ૨૯ મી જુલાઈ ૧૮૬૨ ને દીને ઠાર કરી લોકોને તથા નીરદોષ જાનવરોને તેના પંજાના વધુ ભોગ થતાં બચાવ્યા હતાં.

એવણુ એક વખતે ઘોડા ઉપરથી પડી જવાને લીધે છાતીના દરદથી હેરાન થયા હતા, અને તે દરદ એવણુની તબયતના બીગાડાનુ મુળ થઈ પડયુ હતુ આ કારણુથી તેમજ પોતાના હાથ નીચેના એક અમલદારને પોતાની પદવી કરતા વધુ પદવીએ ચહડાવાથી ઇ. સ. ૧૮૭૦ માં રૂ. ૧૬૮) ના માસીક પેનશન ઉપર રાજી રહી ઇંગ્રેજ સરકારની નોકરીમાથી પોતાનો સંબંધ છોડયો હતો.

બ્રીટીશ નોકરીમાથી છુટા થાવા પછી એરવદ રતનજીએ નીઝામ સરકારની નોકરીમાં પોતાની કારકીરદી શુરૂ કરી હેદરાબાદના દીવાન પહેલા સર સાલારજંગે એવણુને તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૭૧ ઇસવીને દીને પોતાના " પ્રાઇવેટ સેકરેટરી " નેમ્યા હતા ત્યાર પછી સદર તાલુકદારની પદવીએ ચહડાવી " રેવેન્યુ સેકરેટરી "ના માનવતા ઓહ્ધા ઉપર એવણુની નેમણુક કરી હતી. મહાસુલખાતાના વડા અમલદાર થાવા પછી એવણે જમાવદીના કાયદા કાનુનો ઘડી અને " સરકીત સીસટમ " દાખલ કરી નીઝામના મહાસુલખાતાને સુધરેલી પકતી ઉપર મુકવાને ફત્તેહમંદ ઉતર્યા હતા. તેમજ એવણુની દેખરેખ અને તપાસ હેઠલ "હેદરાબાદ એડમીનીશત્રેશન રીપોરટ" પહેલવહેલો છપાઇ બહાર પડયો હતો. એ ઉપરાત નીઝામ સરકારની જે ઘણીજ અગત્યની સેવા બજાવી હતી તે એલગનદર જીલ્લાના તાલુકદાર નસરૂલ્લાખાનના સબંધમા હતી એ અમલદાર એલગનદર જીલ્લાની રૈયતો ઉપર જુલમ જાસ્તી ગુજારી પોતાની સત્તાનો ગેરઉપ્યોગ કરતો હતો. તેના જુલમી દોરથી લોકો એટલાતો કંટાળી ગયા હતા કે નીઝામ સરકારને અરજી કરી તેના જુલ્મી પંજામાંથી પોતાનો છુટકારો કરવાની માગણી કરી હતી એ વીશેની તપાસ કરવાનું કામ એરવદ રતનજીને સોપવામા આવ્યુ પોતે એલ-ગનદર જઈ ઘણીજ અપક્ષપાતપણે તપાસ ચલાવી જે ઉપરથી તાલુકદાર નસરૂલ્લાખાન અને તેના મલતીયા મદદગારોનુ ભોપાલુ ફુટી નીકલ્યુ પરીણામ એ નીપજ્યુ કે નસરૂલ્લાખાન અને તેના મદદગારોને બરતરફ થાવુ પડયુ એ તપાસ દરમ્યાન રૂપીઆ આઠથી દશ લાખ સુધીનો ગોંટાળો શાહેદી ગવાહી ઉપરથી જણાઈ આવ્યો હતો એરવદ રતનજીની આવી ઝેહમતભરી તપાસ અને તે પણુ વળી અપક્ષપાત તપાસ—પછી નસરૂલ્લાખાનના જુલમી દોરનો અંત આવ્યો અને સરકારી તીજોરીમા દર સાલ લાખો રૂપીઆનો ખાડો પડતો હતો તે પુરાયો એવણુની દીઆનતદારી અને અપક્ષપાતપણુનો છાપ દીવાન સર સાલારજંગના મન ઉપર એવી તો મજબુત રીતે ઠસ્યો હતો કે જ્યારે હેદરાબાદના જાણીતા શમસુલ ઉમરાના કુટુંબમા જાગીરની વેહચણી માટે કજીઓ જાગ્યો હતો ત્યારે તેનો નીવેડો લાવવા માટે તે નામદારે એરવદ રતનજીને એકલા એકજ લવાદ ઠેરવ્યા હતા. એ કામ એવણે ઘણીજ મનમાનતી રીતે બજાવ્યાથી સમસુલ ઉમરાનું કુટુંબ એવણુના ચુકાદા ઉપર રાજી રહયું હતુ

હિન્દના સઘલા દેશી રાજ્યોમા હેદરાબાદનું રાજય યુરોપના કેટલાક રાજયોની માફક ચાલુ રાજદુઆરી ખટપટો અને ચલવલ માટે પહેલી જગા રોકે છે. ત્યાંના પગભર થયલા અમલદારોની ચહડતી-પડતીના સમાચારથી આપણે ઘણીક વખત વાકેફ થતા રહીએ છીયે. પોતાના ઓહધા ઉપરથી બરતરફ થયલા અમલદારોની હાજરીથી વધુ રાજદુઆરી ખટપટો વીગેરે ન થાવા પામે એવા ઇરાદાથી સરકાર તેઓને તુરતજ " શહેર બદર " થાવાનો યાને પોતાના રાજયની હદમાંથી ચાલી જવાનો હુકમ ફરમાવે છે જેટલી પહેલા સર સાલારજંગના વખતમાં નહી તેટલી બીજા સર સાલારજંગના દીવાન પદ ઉપર આવવા પછી રાજદુઆરી ખટપટો શુરૂ થાવા પામી હતી. પણુ એરવદ રતનજી આવી ખટપટોથી તદન અલગ રહી પોતાના ઓધાની ફરજો ઇમાનદારી રાસ્તરવી અને ચુપચુપ રીતે બજાવ્યા જતા હતા. એવણુનુ આવી રીતે અલગ રહેવું હેદરાબાદની

ખટપટી ટોળીને પસદ ન પડવાથી અને પહેલા સર સાલારજગના વખતથીજ એવણુ તરફ સારી લાગણી ધરાવતા ન હોવાથી તેઓએ એવણુને ઓ'ધા ઉપરથી ખસેડવા માટે અનેક તરેહની યુકતીઓ રચી પોતાની મતલબમા ફાવી શકયા હતા આ વખતના હૈદરાબાદના દીવાન બીજા સર સાલારજંગ નાદાન વય અને બીન અનુભવી હોવાથી ખટપટયા અમલદારોની આપગરજી સલાહોથી વધુ દોરવાતા હતા એરવદ રતનજીની નબલી તબીયતનુ ઓઠુ વચ્ચે લાવી એવણુને પેનશન ઉપર નોકરી છોડવાનો હુકમ ફરમાવ્યો સરકારી હુકમને માન્ય કરી એવણુ ઓધ્ધા ઉપરથી અલગ થયા. પણ એરવદ રતનજી સરીખા શુધ્ધા, સાચ્ચા, ઇમાનદાર અને અપક્ષપાત અમલદાર આવી રીતનો ગેરઇનસાફ મુગે મોહડે શહન ન કરી શકે તરકટી અમલદારોના પ્રપચોને લીધે પોતાને થોડોક વખત સુધી બેકાર બેસી રહેવુ પડયુ હતુ' અને સરકારે પહેલા મહીનાનુ રૂ ૫૦૦) નુ પેનશન મોકલી આપ્યુ તે પણ ઉપકાર સાથ પાછુ વાલ્યુ હતુ. હૈદરાબાદના રેસીદત મી૦ કોરડરી જેવણુ એક વખતે બીસરના ડેપ્યુટી કમીશનર હતા, અને એરવદ રતનજીના પ્રમાણીકપણા માટે અસલથીજ ઉચુ મત ધરાવતા હતા, તેવણુની બાહેધરી હેઠળ એવણે નીઝામ સરકારને અરજી કરી પોતા ઉપર ગુજરેલી નાહકની ગેરઇનસાફી માટે દાદ ચાહી. નીઝામ સરકારે વધુ જોગ્તેજો ન કરતા એરવદ રતનજીને અસલ ઓધ્ધા ઉપર પાછો નેમવાનો અને ચહડેલો પગાર પણ ભરી આપવાનો હુકમ ફરમાવ્યો હતો

નીઝામ સરકારમા એવણે પહેલા સર સાલારજગના "પ્રાઇવેટ સેક્રેટરી" ત્યાર પછી સદર તાલુકદાર, "ઇનામ કમીશનર," "રેવેન્યુ સેક્રેટરી" "જડજ ઓવ ધી કોર્ટ ઓવ વોર્ડસ" અને "પ્રેસીડટ ઓવ ધી કમીટી ઓગ્ન રીટ્રેન્ચમેન્ટ" ના ઓધ્ધાઓ રૂ ૧૨૦૦) થી તે રૂ. ૨૨૦૦) ને દરમાયે ભોગવ્યા હતા અને પહેલા સર સાલારજગના એવણુ એક વીશ્વાસુ સલાહકાર હતા. નીઝામના રાજ્યમાં એવણુનો સારો વગવસીલો હોવાથી એવણુના ભત્રીજાઓ અને બીજા ખેશીઓ સારા ઓધ્ધાઓ ઉપર નેમાયા હતા.

નીઝામ સરકારમા ૧૬) વરસ સુધી માનવતા ઓધ્ધાઓ ભોગવી એવણુ રોજ ૯ માહ ૧૨ સને ૧૨૫૫ યઝદજરદી, તા૦ ૧૨ મી આગસ્ટ ૧૮૮૬ ઇસવી, સવત ૧૯૪૨ ના શ્રાવણુ વદ ૭) અને રવીવારને દીને ૫૫) વરસ, ૪) મહીના અને ૮) દીવસની ઉમરે હૈદરાબાદમા બેહસ્તનશીન થાયા. એવણુનુ મરણુ હરસ અને ચાલુ નાતવાનીની બીમારીથી નીપજ્યુ' હતુ. એવણુ ઘણુાજ ગભીર દેખાવના, સ્વતત્ર ખવાસના, ટેકવાલા અને નબલા બાધાના હતા અને પોતાની સરસ રીતભાત અને તરીકાથી એક મોહટા અમલદારના જેવો મોભો અને ટેક ધરાવતા હતા એવણુના મરણુથી હૈદરાબાદ અને શીકનદરાબાદની દરેક કોમમા મોહટી દીલગીરી ફેલાઈ હતી દીવાન સર સાલારજગ બીજાએ એવણુના ભાઇઓ અને કુટુ'બીઓ ઉપર દીલગીરી પત્ર લખી પોતાની ખરી દીલસોઝી જાહેર કરી હતી અને એવણુના મરણુથી હૈદરાબાદની રયાસતને ન પુરી શકાય એવી ખોટ ગયાથી તેનો ખેદ કરતા તેવણુ લખે છે કે – "આવા પ્રમાણીક અને વફાદાર આએ રયાસતના એક ગૃહસ્થના ગુજરવાથી હમારી સરકારે ગોયા એક ભારે ખોટ ખમી છે, એટલુજ નહી પણ માહરા મરહુમ પીતા સર સાલારજગના વખતના એક સલાહકારને અને માહરા એક દોસ્તને ખોહવાનો હુ ગમ કરૂછુ, કે જેઓ વીશે માહરા મરહુમ પીતાનુ ઘણુ ઉચુ મત હતુ, અને ચોકકશ અજમાયશો ઉપરથી હુ પોતે પણ સર્વે ખુબી મરહુમમા સ્પસ્ટપણે જોતો હતો, અને એવા સદગૃહસ્થના અકાળ મૃત્યુથી કોણુ નહી દીલગીર થશે તે હુ સમજી શકતો નથી. તો પણ કુદરતના ચારા આગલ કોઇનો કશો ઇલાજ નથી."

એવણુના મરણુ બાદ નીઝામ સરકારે એવણુના વારસોને રૂ. ૫૦૦) ની માસીક "મનસબ" આપતી કરી એ મરહુમે બજાવેલી પ્રમાણીક શેવાઓના કદરશનાસી કરી છે તેમજ વળી હૈદરાબાદના જરથોસ્તીઓએ એ મરહુમની યાદગારી કાયમ રાખવા માટે એક ફડ ઉભુ કીધુ' હતુ'. એ ફડના વીઆજમાંથી દર વરસે સીકનદરાબાદની મહેબુબ કોલેજમાંથી મેટરીકયુલેશનની પરીક્ષામાં પહેલી

પદવીએ આવનારને સોનાનો ચાંદ અને બીજી પદવીએ આવનારને રૂપાનો ચાંદ મલી બે ચાંદો "દસ્તુર રતનજી ગોલ્ડ એન્ડ સીલવર મેડલ પ્રાઇઝ" એવા નામથી દર વરસે આપવામાં આવે છે ખીરારના ખાનગામ શેહરમા એક લાઇબ્રેરીની હાજત જણાવાથી એવણના દીકરાએ "દસ્તુર રતનજી રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી" સ્થાપી પોતાના પીતાની યાદગારી તે શેહરમાં કાયમ રાખી છે

એવણના લગન રોજ ૨૮ માહ ૭ સને ૧૨૦૯ યઝદજરદી તા૦ ૨૬ મી મારચ સને ૧૮૪૦ ઇસવીને દીને પોતાના પીત્રાઈ મામા મરહુમ એરવદ ફરામજી માણેકજી દસ્તુર જામાસ્પ આશાનાના દીકરી નવાજબાઇ સાથ થયા હતા કે જે દીને એવણના વડા ભાઇઓ બેહમનજી તથા બેહરામજીના પણ લગન થયાં હતા. આ મોહરદાર માણેકશાહ નામના દીકરાને જનમ આપવા પછી ગુજરવાથી એવણ બીજી વખત મુંબઈવાલા મરહુમ શેઠ ફરામજી મેહરવાનજી શેઠનાની દીકરી હીરાબાઈ સાથ પરણ્યા હતા [1] આ બાઇને પેટે ૫) દીકરીઓ અને એક દીકરો મલી ૭) ફરઝંદો જનમ્યાં હતાં વડાં દીકરી શીરીનબાઈ પોતાના ભત્રીજા એદલજી બેહમનજી સાથે, બીજા દીકરી આવાબાઇ પોતાના બીજા ભત્રીજા ખાન બહાદુર મેહર હોશંગ સાથે, ત્રીજા દીકરી ખુરશેદબાઇ પોતાના બેહન બેહમનબાઈના નબીરા કાવશાહ બેજનજી કાગા સાથ અને ચોથા દીકરી મુંબઈવાલા શેઠ ખુરશેદજી રૂસતમજી શેઠનાના એક દીકરા શાવક્ષા સાથે પરણ્યા હતા પીરોજબાઇ, મેહરબાઇ અને અરદેસર નામના ફરઝંદો નાધલી ઉમરે ગુજરી ગયા હતા બીજા ધણીઆણી હીરાબાઇના મરણ બાદ એરવદ રતનજીએ મરહુમ શેઠ દીનશાહ શોહરાબજી ચીનાઇના વીધવા માણેકબાઇ સાથ ગગરનુ કર્યું હતું. આ ત્રીજા ધણીઆણીને પેટે કઇ ફરઝંદો થયા ન હતા એવણના એક પુરા દીકરા માણેકશાહ હાલ મધ્ય પ્રાંતોમા દીસત્રીકત જડજના ઓધ્ધા ઉપર છે એવણ પોતાના પહેલા સસરા મરહુમ એરવદ ફરામજી માણેકજી દસ્તુર જામાસ્પ આશાનાના પાલક થાવાથી એવણનુ નામ "એરવદ રતન એરવદ ફરામ" કરી ભણતર ક્રીયાઓમા લેવાએ છે હેદરાબાદવાલા મરહુમ શેઠ પેશોતનજી જમશેદજી મુનશીએ એવણના મરણ ઉપર લખેલી "વફાત" હયા ઉતારી લઇ એ મરહુમ સાહેબની કારકીરદીનો અહેવાલ ખતમ કરીશું.

સદ અફસોસ ઝીં માતમે જાં ગઝાય,
બમરગે રતનજી સઝદ હાય-હાય.
ગુજસ્ત અઝ જેહાનો જેહારા ગુ જાશ્ત,
બ બાગે જેહા તોખ્મે નેકી બે કાશ્ત.
બે ખીઝ, અએ રતનજી ! ચે ખાબીદઈ,
દીલે કુદમાનત ખરાશીદઈ.
બ હીઝ-રાનત અએ ગોહરે પાકજાદ,
બે નાલંદ અહેબાબો ખીશો ફ્રેરાદ.
મયાદેતો રીઝ દ અઝ દીદેહ આબ,
શુદ અઝ ઇરિતે હાલત જીગરહા કબાબ.
કે ઝીનહાર દુરીયત શાયાં ન બુદ,
અબર રૂહે પાકત હઝારા દરૂદ.
કુજાઈતો અએ રાહતે જાં કુજા,
ન દાનમ તુરા જુસ્ત બાયદ ચે જા.

---

[1] એરવદ રતનજીના ભાઇઓ બેહમનજી તથા હોશંગજીના ધણીઆણીઓના નામ પણ હીરાંબાઇ હોવાથી આ બીજા મોહરદાર પરણવા પછી સુનાબાઈને નામે ઓલખાતા હતા

કુજા પયકરે પાકત આયદ નજર,
કે બે દીદને પએકરત દીદેહ તર.
ગમત કેશવરે દીલ ચે વેરાં નમુદ,
ગદાઓાં બ બરનાઓ પીરા નમુદ.
તોરા બાગે રેજવા પસંદ ઉફતાદ,
દકન અઝ નજીરત નીશાની નદાદ.
ચુતો પીરો દીને ઝરદુસ્ત પાક,
બેફ્તાદ હીઆત બર રૂએ ખાક.
બ ઈસકનદરાબાદ હીગામે શામ,
તદરૂ રવાં કરદેહ બમીનો કુનામ.
સફનદાર માહા ચે કરદી સીતમ,
બરૂજે નહમ આઝરે પુર અલમ.
હઝારો દોસદ બુદો પનજાહો પંજ,
સને યઝદજરદે ફેઝાયન્દે રંજ
ફેઝું ગસ્ત ચું પંજ બર કાફો લામ,
કે ઓમરશ બેકરદ ઈઝમે દારૂ સલામ.
કે રફતનશ જાને પેશોતન બે સુખ્ત,
કે તસઝાને દીલ શઅલએ ગમ ફરૂખ્ત.
સને યઝદજરદ અએ પેશોતન બે જોય,
બરૂહે ઝરાદસ્ત વાસેલ બે ગોય. (૧૨૫૫)
હમ અએદુન બેગો અઝ સરો કલબો વાએ,
બ મરગે રતનજી સદ અફસુશો હાએ. (૧૨૫૫)
વઝીં હરદો મીસરા જુઇઆ શવી,
સને રહેલતે ઈજરીઓ ઇસવી.
રતનજી બ ગુલઝારે મીનુ રસીદ, (૧૩૦૩)
ગુલે બાગે જનનત બેદીદો શમીદ. (૧૮૮૯)
શમર સાલે ફસલીઓ કુન ઈખ્તેતામ,
રતનજી બ જનનત ગુઝીદેહ મનામ. (૧૨૯૫)

અર્થ.—હઝાર અફસોશ આએ જાન લેનાર માહેતમથી. રતનજીના મરણુથી હાએ અફસોસ કરવો સજાવાર છે તેવણુ જેહાન છોડી ચાલી ગયા અને દુન્યાના બાગમા નેકીના બી વાવી ગયા.

અએ રતનજી! તું જાગી ઉઠ, શા માટે તુ સુતો છે તેં તારા બેશીઓના દીલને જખમી કીધા છે

અએ પાકઝાદ ગોહર! તારી જુદાઇને લીધે તારા દોસ્તો, બેશીઓ અને ભાઈઓ રડીને માહેતમ કરે છે.

તારી યાદમાં તેઓ આંખમાંથી આંસુ ટપકાવે છે અને તારા કુચ કરી જવાથી જીગરો કબાબ જેવાં થઈ ગયાં છે.

તુને કુરી પકડવી સજાવાર ન હતી, તારા પાક રૂહ ઉપર હઝારો હઝાર દરૂદ હોજો.

અએ જાનને રાહત આપનાર ! તું ક્યાં છે. હુ જાણુતો નથી કે તુને કયા શોધવો જોઇએ.

તારો પાક ચેહરો ક્યાંથી દેખાએ? તારો ચેહરો ન દેખાવાને લીધે આખો આંસુથી તર થઇ ગઇ છે.

તારા ગમથી દીલ ગોયા વેરાણુ થઇ ગયુ છે તથા જુવાનો અને બુઢાંઓના દીલો પીગલી ગયાં છે.

તુને બેહશતનો બાગ પસંદ પડયો દખણુનાં મુલકે તારા સરીખા કોઈ બીજા જોડયાની નીસાની દેખાડી નથી.

અફસોસ કે તુ જેવો પાક જરથોસ્તી દીનનો પીર ઝમીનની સપાટી ઉપર પડયો.

મીનોઈ જેહાનમા મુકામ કરવા માટે પોતાના જાનને સીકનદરાબાદથી સાજને વખતે રવાના કીધો.

અએ અસપદાર મહીના ! દુ ખભર્યા નવમા રોઝ આદરને દીને તુએ શુ સીતમ ગુજાર્યો.

૨ જમા વધારો કરનાર તે ૧૨૫૫ નુ યઝદજરદી સાલ હતુ.

જ્યારે તેની ૫૦) ૧ વરસની ઉમરમાં ૫) નો વધારો થયો ત્યારે સલામતીની દુન્યામાં ચાલી જવાનો ઇરાદો કીધો.

તેના ચાલી જવાથી પેશોતનનો જાન બળી ગયો અને દીલના અગારમાંથી ગમગીનીનુ બળતું સલગ્યુ.

અએ પેશોતન ! તુ યઝદજરદી સાલ સોધી કહાડ અને ઝરથુશતના રૂહ ઉપર દરૂદ ઇચ્છિ, ૨ (યઝદજરદી શને ૧૨૫૫) તારા ખરાં અંત કરણુથી આફરીન કર. રતનજીના મરણુથી સદ અફસોસ અને હાય (યઝદજરદી સને ૧૨૫૫) નીચલા બે મીસરામાથી તેવણુના કુચ કરી જવાનો હીજરી અને ઇસવી સને શોહધી કહાડ.

રતનજી મીનોના બાગમાં પહોંચ્યો ૨ (હીજરી સને ૧૩૦૩) બેહશતના બાગમાંના ફુલને જોયું અને સુગ્યુ ૨ (ઈ. સ. ૧૮૮૬) ફસલી સાલ શોહધી કહાડ અને ખતમ કર રતનજીએ બેહશતમા પોતાનુ મકાન પસદ કીધુ ૨ (ફસલી સને ૧૨૯૫).

સરદાર ખાન બહાદુર-શમસુલ ઓલમા-દોકતર હોશંગ જામાસ્પ પી. એચ. ડી., સી. આઇ. ઇ.,

---

જનમ-હેરબદીની તાલીમ-જરથોસ્તી ધર્મ અભ્યાસ-પુર્વ અને પશ્ચીમ તરફની ભાષાઓનો સંગીન અભ્યાસ-શાએરી કરવાની શકતી-"તાલેબ" અને "હોશ"ના તખલ્લુસ હેઠળ વર્તમાન પત્રોમાં કીધેલાં લખાણો-રાહનુમાય મઝદયશનાન તેના વિચાર આચાર વિરૂદ્ધ પ્રગટ કરેલું ચોપાન્યું-પારસી ધારા-દસ્તુર હોશંગજીની તે તરફ દીલસોઝી-કાયદાનો અભ્યાસ-આસીસટંટ ઇનામ કમીશનરનો ઓધો-પોલીસ ખાતામાં ઓધો લેવાની થયલી માગણી-હિન્દનો બલવો-દસ્તુર હોશંગજીની રાજ્ય સેવા-કલેકટર મી૦

---

૧ "અબજદ" ના કાયદાની ગણુતરી મુજબ "કાફ" અને "લામ" ની ભેગી કીમત ૫૦) થાય છે.

૨ ઉપલા મીસરાઓમાંથી "અબજદ" ના કાયદાની ગણુતરી મુજબ રતનજીના મરણુનો યઝદજરદી, હીજરી, ઇસવી અને ફસલી સનેઓ નીકલે છે.

દનકન દેવીડસનનો પત્ર–માલવા પ્રાંતનો દસ્તુરી ઓધ્ધો–મઉના મ્યુનીસીપલ કમીશનરનો ઓધ્ધો–મઉની છાવણીમાં સુધારાઓ–સર એડવર્ડ ગ્રીનનો પત્ર–કમીશનરના ઓધ્ધાનું રાજીનામું–સેનાપતી સર મેન્સફીલડનો માલવામાં પ્રવાસ–તેના માન માટે ઇંદોરના મહારાજા અને મઉના પારસીઓ વચ્ચે ચાલેલી હરીફાઈ–મઉમાં કેળવણીનો પ્રસાર–સર રીચર્ડ તેમપલ સાથ પીછાણ–મઉને છેલ્લી સલામ–માનપત્રો, ભેટો અને ઝીઆફતો–જરથોસ્તી મજહબના પુસ્તકો માટે ગુજરાતમાં પ્રવાસ–મુંબઇમાં આપેલું જાહેર ભાષણ–મુંબઇના ગવરનર સર બારટલ ફ્રીઅરની સરટીફીકેટ–રીસાલાઓની તપાસ માટે દસ્તુર હોશંગજીની નેમણુક–દસ્તુર પેશોતન સંજાણાના પહેલવી વ્યાકરણની તપાસ–પુણા મધે પારસી મેટરીમોન્યલ કોર્ટની સ્થાપના–પહેલવી ગ્રંથો રચવા માટે દસ્તુર હોશંગજીની નેમણુક–દખણ કોલેજના પ્રોફેસરનો ઓધ્ધો–" બઝમે રૂઝે બેહરામ " કલબની સ્થાપના–" ખાન બહાદુર "નો ખેતાબ–માનપત્રો અને ઝીઆફતો–" દસ્તુર હોશંગ પરશીઅન પ્રાઈઝ ફંડ "–નવસારીનું શેઠ તાતાજીવાલું દુખમું–મુંબઇના ગવરનરની નવસારીમાં પધરામણી–દસ્તુર હોશંગજીને થયલું ખાસ ઇજન–દખણના વડા દસ્તુરનો ઓધ્ધો–દસ્તુરી સલતનતમાં વધારો–દખણના પહેલા વર્ગના સરદારની પદવી–" દોકટર ઓવ ફીલોસોફી "ની માનવંતી પદવી–" શમસુલ ઓલમા " નો ખેતાબ–સુરતની રેલ અને આગ નીવારણ ફંડ–દરેમેહરો અને દુખમાઓ પરઠવાની ક્રીયાઓ–છપાઈ બહાર પડેલા ગ્રંથો–યુરોપ્યન ઓલમાઓ સાથ વાદવીવાદ અને કાગલપત્રોનો વેહવાર–વગર છપાયલા ગ્રંથો અને પરચુટણ લખાણો–નવસારીમાં પધરામણી–અનજુમન તરફથી મલેલો આવકાર–પેનશન ઉપર રિટાયર થવું–ઝંદ–પહેલવી સાહીત્યની સેવા–સી. આઇ ઇ.નો માનવંતો ખેતાબ–માનપત્રોની રેલછેલ–પરચુટણ નોધો–મરણ–દસ્તુરજીના સુધરેલા અને છુટા વિચાર આચારો–ફરઝંદો–વીગેરે.

મરહુમ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનને એલમ અને વિદ્યાના બલે દીપાવનાર અને હિંદ અને યુરોપની વિદ્વાન મંડલને જેબ આપનાર મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીના સૌથી [illegible] અને કાબેલ દીકરા દસ્તુર દોકતર હોશગજીનો જનમ સવત ૧૮૮૯ ના રોજ ૨૮ માહ ૭ સને ૧૨૦૨ યઝદજરદી તા૦ ૨૫ મીં એપ્રીલ ૧૮૩૩ ઇસવીને દીને નવસારી કસબા મધે પોતાના મમાવા મરહુમ દસ્તુર રતનજી રૂસતમજી જામાસ્પ આશાનાના ઘરમા થયો હતો એવણે શુરૂઆતની હેરબદીની તાલીમ પોતાના પીતાના હાથ હેઠલ લઇ સવત ૧૮૯૯ ના રોજ ૩૦ માહ ૬ સને ૧૨૧૨ યઝદજરદી તા૦ ૨૭ મી મારચ ૧૮૪૩ ઇસવીને દીને પોતાના બે વડા ભાઇઓ બેહરામજી અને રતનજી સાથ પુણાવાલા મરહુમ શેઠ જમશેદજી રતનજી અકલેસરીઆને નામે નવસારીની વડી દરેમેહરમાં હેરબદની પદવી લીધી હતી. કે જે વખતે એવણની ઉમર ફકત ૧૦) વરસની હતી. મરહુમ દસ્તુર જામાસ્પજી એવણને ૧૩) વરસની નાઘલી વયના મુકી બેહશતનશીન થાવાથી એવણને દીનદારી તાલીમ આપવાની ફરજ પોતાના સૌથી વડા ભાઈ મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજીને શીર આવી પડી હતી. તે મરહુમ સાહેબની ઉસ્તાદગીરી હેઠળ દસ્તુર હોશંગજીએ ઝંદ,

પહેલવી અને પાજંદ ભાષાઓની તાલીમ લીધી હતી આ વખતે ઝબાનશનાસીના કાયદા (Camparative Phillogy) ઉપર પુરતુ અજવાલુ પડેલું ન હોવાથી ઉપલી ત્રણે ભાષાઓનો અભ્યાસ અસલી ધોરણ ઉપરજ કરીને સતોષ પકડયો હતો. પછવાડેથી ઝબાનશનાસીનો કાયદે-જાહેર થવાથી એ ભાષાઓનો અભ્યાસ એક વાર ફરીથી સુધરેલી ઢપ ઉપર કરી પોતાના જ્ઞાનમા સગીન વધારો કરી દીધો હતો હેદરાબાદવાલા મોલવીઓ ફખરૂદદીન અને યાશીનશાહની શાગેરદી કરી ફારસી, અરબી અને ઉરદુ ભાષાઓની તાલીમ લીધી હતી લાટીનમાં કહેવત છે કે "Poeter nascitao non fit." એજ કેહવતને મલતી ઈંગ્રેજીમાં કહેવત છે કે "The Poet is born and not made." યાને માણસ જાતને કવીતા રચવાની શકતી ખુદ કુદરતથીજ વારાસામાં મલેલી હોવી જોઈએ અને નહી કે અભ્યાસથી સપાદન કીધેલી હોવી જોઇએ ઉપલી કેહવતને દસ્તુર હોશગજી બોલે બોલસાચ્ચા નીવડેછે, કારણ કે નાધલી વયમાજ એવણને કવી તરીકેની ઉંચા પ્રકારની શકતી કુદરતી પહોચી હતી જે એવણના નાધલી વયમા રચેલા ફારસી બેતો અને મુનાજાતો ઉપરથી સીધ્ધ થાય છે આઠ વરસ હેદરાબાદ ખાતે ગુજારવા પછી દસ્તુર હોશગજી ઝંદ, પહેલવી, પાજંદ, ફારસી, અરબી અને ઉરદુ ભાષાઓના સગીન જ્ઞાનસાથ ઇ સ. ૧૮૫૪ માં પુણે પાછા ફર્યા આ વખતે ઇંગલડ અને રશીઆ વચ્ચે લડાઇ જાગી હતી અને તેમા બ્રીટીષ સરકારને ફત્તેહ મલે તે માટે હિદના તે વખતના ગવરનર જનરલ લોર્ડ દેલહાઉસીએ હિદની રૈયતને પોતાના ધર્મના મકાનોમા બદગી કરવાની અરજ કરી હતી. એ ઉપરથી પુણાના જરથોસ્તીઓએ મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજીની આગેવાની હેઠલ તા૦ ૧૬ મી જુલાઇ ૧૮૫૪ ને દીને જશન અને બદગી કરી હતી આ વખતે જવાન દસ્તુર હોશગજીએ "તાજ તરફ વફાદાર રહેવાના ફાયદા" ઉપર પહેલવેહલી વિદ્વતાભરી વાએજ કરી પોતાની જાહેર કારકીરદીની શુરૂઆત કરી એટલુજ નહી પણ તે વખતીજ પોતાની કાબેલ્યત માટે લોકામા ઉંચુ મત બેસાડયુ હતુ પુણાના એક પંડીતના હાથ હેઠલ સસકૃતની અને નાના તાત્યા સાહેબ આગલ એવણે મગડી અને જયોતીષ શાસ્ત્રની તાલીમ લીધી હતી. તેમજ દોકતર વજીર બેગની ઉસ્તાદગીરી હેઠલ ઇગ્રેજી જ્ઞાન હાંસલ કરી તેમાં પુરવીણતા મેલવી હતી. દસ્તુર હોશગજી જેમ ઉમરે પહોચતા ગયા તેમ પારકી ભાષાઓનો અભ્યાસ કરવાનો શોખ એવણનામા વધુ અને વધુ ઉતપન થતો ગયો, અને પોતાની "પીઆરની મેહનત" (Labour of Love) મા એટલાતો મોહીત પડયા હતા કે જાણીતા વિદવાન દોકતર મારટીન હોગ સરીખા પુર્વીણ ઉસ્તાદના હાથ હેઠલ જરમન, લેટીન અને હીબ્રુ સરીખી બીકટ ભાષાઓનું જ્ઞાન સપાદન કરવાને ચુકયા ન હતા. એ વીશેનો તા૦ ૪ થી એપ્રીલ ૧૮૬૪ ના "જામે જમશેદ" મા નીચલો ફકરો જોવામા આવે છે —

"આ એજ પહેલો દાખલો છે કે જેમા પારસી ધરમ ઉપદેશકે યુરોપીઅન ઉસતાદના હાથે તાલીમ મેલવવાને કબુલ કરયુ છે" એમ પુર્વ અને પશ્ચીમ તરફની બધી ગલી એક દજન ભાષાઓના બોહલાં જ્ઞાનને લીધે હિન્દના જાણીતા મુઠી ભર "ઓરીએટલ સ્કોલરસ" માં દસ્તુર હોશગજી પણ એક હતા, એટલુંજ નહી પણ દીનદારી એલમ ઉપરાંત યુરોપ્યન ભાષાઓનુ જ્ઞાન મેલવવાથી એવણ પારસી ટોળાના એક નમુનેદાર દસ્તુર તરીકે પોતાને લેખાવી ગયા છે. એ કાબેલ દસ્તુરજીની વિદ્વતા માટે મરહુમ દોકતર મારટીન હોગ "ઝદ-પહેલવી ગલોસરી" ના દીબાચામાં નીચે મુજબ ઇસારો કરે છે —

"Dastoor Hoshangjee, a young Parsi Scholar of great ability, who possesses an excellent knowledge of several languages, principally of Pehlvi and Persian and of the whole traditional literature is the young brother of Dastoor Nosherwanjee Jamaspjee, the High Priest of the Parsees in the Deccan.

પોતાના અભ્યાસનો શોખ મનમાનતી રીતે પુરો કીધા પછી દસ્તુર હોશંગજીએ એક જાહેર લેખક તરીકે દેખાવ દેવા માડયો હતો મુબઇના પ્રખ્યાત "રાસ્ત ગોફતાર" અને "મુંબઇ સમાચાર" પત્રોમા "તાલેબ" અને "હોશ"ના તખલ્લુસ હેઠલ તે વખતની ધર્મ અને સંસારને લગતી તકરારી બાબદો ઉપર રસકસ ભર્યાં લખાણો કરી એની તો વિદ્વતા ખરી રીતે બતાવી આપતા હતા કે તેમણું લખાણો જાહેરમા ઘણુ જ વજન પામતાં હતા

ઇ. સ ૧૮૫૬ મા મુબઇની "રાહનુમાય મઝદયસ્નાન" તરફથી મુકતાદની બાબદમાં એક ચોપાન્યુ છપાઈ બહાર પડવાથી પારસીઓમા મોહટી તકરાર જાગી હતી. એના ૨૬ જવાબમાં તે વખતના કેટલાક દસ્તુરો અને એરવદોએ ચોપાન્યાં છાપી બહાર પાડયા હતાં, જેમાં દસ્તુર હોશંગજીએ "મીઅજદે ફરોહરાન" નામનુ મઆકુલ દલીલોથી ભરેલું ચોપાન્યુ તા૦ ૧૦ મી સપટેમબર ૧૮૫૬ ને દીને છપાવી બહાર પાડયું હતુ.

ઇ. સ. ૧૮૫૫ મા મુબઇના કેટલાક આગેવાન જરથોસ્તીઓએ "પારસી ધારા" બંધાવવા માટે મુબઇ તથા દેશાવરના દસ્તુરો તથા એહદીનો ઉપર ચોકકસ સવાલો લખી મોકલી તેઓના અભીપ્રાય જાણવા માગ્યા હતા આ વખતે દસ્તુર હોશગજીએ પારસી ધર્મ અને સસારને અનુસરતો પોતાનો અભીપ્રાય લખી મોકલી એ હીલચાલ તરફ પોતાની ખરી દીલસોજી બતાવી હતી. તેમજ "પારસી ધારા"ની ખરી અગત અને ફાયદાઓ પુણાના જરથોસ્તીઓને સમજાવી તેઓને એ સુભ પગલાં તરફ દોરવવા માટે એ વિદ્વાન દસ્તુરજીએ ઘણી ઝેહમત ખેંચી હતી

જરથોસ્તી ધર્મ અને બીજી ભાષાઓના અભ્યાસમાથી ફારેગ થાવા પછી દસ્તુર હોશંગજીએ ઇગ્રેજી કાયદાઓનો અભ્યાસ શુરૂ કર્યો જે લાગત ૫) વરસ સુધી ચાલુ રહયો હતો ત્યારબાદ ઇ. સ. ૧૮૫૬ માં એલચપુર બીરાર પધાર્યા જ્યા એલચપુરના બે નામકીત ભાઈઓ બેહમનજી તથા રતનજી મોહટા ઓધ્ધાઓ ભોગવતા હતા આ વખતે કરનલ ડવી કેમબેલ બીરારનો ઇનામ કમીશનર હતો. આ અમલદારને દસ્તુર હોશગજીની કાબેલ્યત માટે ઉચુ મત હોવાથી એલચપુરની આસીસટન્ટ ઇનામ કમીશનરના ઓધ્ધા ઉપર નેમણુક કીધી. આ ખાતું છ મહીનામાં કહાડી નાખવાથી સરકારે દસ્તુર હોશંગજીને "દીસ્ત્રીકટ સુપરીનટેનડન્ટ ઓવ પોલીસ"નો ઓધ્ધો સ્વીકારવાની માગણી કરી, પણ આ નેમણુક પોતાના દસ્તુરી દરજજા અને મજહબને છાજતી ન હોવાથી તે ઉપકાર સાથ લેવાની ના પાડી પુણે પાછા ફર્યા

બીરારથી પાછા ફરવા પછી થોડીજ મુદતમાં હિન્દની તવારીખમાં યાદગાર રહી ગયલો ઈ. સ. ૧૮૫૭ નો મોહટો બલવો જાગ્યો આવા બારીક હિગામ ઉપર દસ્તુર હોશગજીએ પોતાના સૌથી વડા ભાઇ સરદાર દસ્તુર નોશેરવાનજીની ભેગી મદદથી "છુપુ ખબર ખાતું" (Secret Intelligence Department) સ્થાપી તથા "એક્ષપ્રેસ ડાક" ચાલુ કરી ખાનદેશ, બીરાર તથા મધ્ય પ્રાંતોમાથી પોતાના ભાઇઓ તથા દોસ્તો તરફથી તેમજ પોતાના લાગવગ અને વસીલાથી તાત્યા ટોપી અને નાહના સાહેબની ફીતુરી હીલચાલને લગતાં ફારસી તથા ઉરદુ ઝબાનમા લખાયલાં કાગજો તથા દસ્તાવેજો જેવી હાથ લાગતાં તેઓના આ બેઉ ભાઈઓ તરજુમાઓ કરી સરકાર ઉપર મોકલી આપતા હતા આ વાતની ખબર પુણામાં વસ્તા તાત્યા ટોપી અને નાહના સાહેબના મલતા વીશેકોની જાણુમાં આવવાથી તેઓએ દસ્તુર હોશગજી ઉપર નનામા કાગજો લખી તેઓની હૈયાતીનો અત લાવવાની ધમકી આપી હતી. પણ આવી ધમકીથી ડરી ન જતા ઇંગ્રેજ સરકારના એક વિશ્વાસુ રૈયત અને ખરા ખેરખાહ તરીકે પોતાની જીદગીના જોખમે પણ ઇગ્રેજ સરકારની સેવા બજાવવામા બેઉ ભાઇઓ પોતાની ખરી ફરજ સમજતા હતા બલવાખોરોની હીલચાલને લગતી જે બાતમીઓ નામદાર સરકારને પુરી પાડવામાં આવી હતી તે કેટલી કીમતી અને ભરૂસો રાખવા લાયક ઠરી હતી તેની સાબેતી પુણાના તે વખતના કલેકટર મી૦ દનકન દેવીડશનના તા૦ ૪ થી એપ્રીલ ૧૮૫૯ ના પત્ર ઉપરથી મલે છે. મજકુર અમલદાર લખી જણાવે છે કેઃ—

"The Intelligence you procured for me from Berar on Tantia Topie's incursion there was very valuable and quick and the military authorities acknowledged its correctness and it must be valuable for Government to have such faithful, loyal, Zealous and able Servants."

તેમજ વળી મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી ઉપર મી૰ દનકન દેવીડસને તા૰ ૧૦ મી જાનેવારી ૧૮૬૭ ને દીને લખી મોકલેલા પત્રમા સરદાર દસ્તુર હોશંગજી વીશે નીચલો ઇસારો જોવામાં આવે છેઃ—

"* * * I also employed your relative in translating treasonable papers and letters at the time of the mutinies, and of coursewould not have done so unless I had the utmost reliance of your and his good faith, honesty and loyalty."

ઉપલા ફકરામાં મરહુમ દસ્તુર નોશેરવાનજીના "સગા" ની નીમકહલાલી, દયાનતદારી અને વફાદારી વીશે જે ખુલ્લો એકરાર કરવામા આવ્યો છે તે "સગા" કોઇજ નહી પણ ખુદ દસ્તુર હોશંગજી પોતે છે બલવાનુ એક વરસમા છેવટ આવ્યુ અને હિન્દમા બ્રીટીષ રાજ્યની સ્થીતી વધુ મજબુત થઈ અને હિન્દના રાજ કારોબારની લગામ ઇસ્ટ ઇન્ડીઆ કુંપનીના હાથમાથી ખુદ ઇંગ્રેજ સરકારના હાથમા આવી, જેને લગતો એક ઢંઢેરો તા૰ ૧ લી નવેમબર ૧૮૫૮ ને દીને બહાર પાડવામા આવ્યો હતો એ યાદગાર બનાવની ખુશાલીમાં અને બલવામા બ્રીટીષ સરકારની ફત્તેહ થઇ તેની મુબારકબાદીમા પુણાના જરથોસ્તીઓએ મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજીની આગેવાની હેઠળ એક જશન કર્યું હતુ, જે વખતે સરદાર દસ્તુર હોશંગજીએ "ઇંગ્રેજી રાજ્યની ખુબી અને ઇનસાફ" ઉપર અસરકારક વાઅઝ કરી અને ફારસી બેતોમાં દુઆ ચાહી પોતાના હમદીનોમાં તાજ તરફ વફાદાર રહેવાની ઉશકેરણી કરી કીમતી સેવા બજાવી હતી.

સરદાર દસ્તુર હોશંગજીની વિદવતા, કાબેલ્યત અને બ્રીટીશ સરકારની બજાવેલી સેવાઓનુ તપસીલવાર બ્યાન કીધા પછી હમો એવણુ સાહેબની માલવા પ્રાંત ખાતેની કારકીરદી ઉપર આવ્યે છીએ. ઇ. સ ૧૮૫૯ મા એવણુ માલવા પ્રાંતના દસ્તુરનો ઓધ્ધો લઇ મઉ પધાર્યા ત્યારે ત્યાના પારસીઓ જરથોસ્તી ધર્મ જ્ઞાન અને ક્રીયાકાનુનોથી બેનસીબ હતા અને તેજ સબબથી તેઓ પોતાના ખાલેસ મજહબ ઉપર ઘણોજ થોડો એતેકાદ ધરાવતા હતા. મઉમા આવી વસવા પછી દસ્તુર હોશંગજીએ જે પહેલુ કામ હાથ ધરયુ હતુ તે ત્યાના પારસીઓને દીન ધર્મની તાલીમ આપી તેઓને દીનદુરસ્ત બનાવાનુ હતુ ત્યાના એબાદતખાનાની હાલત પણ અફસોસકારક હતી એટલુંજ નહી પણ જાહેર તેહવારો ઉપર જશનોનુ નામનીશાન પણ જણાતુ ન હતુ દસ્તુર હોશંગજીને મઉના જરથોસ્તીઓ અને તેઓના એબાદતખાનાની આવી અફશોસકારક હાલત જણાયાથી તેવણે પોતાના વગવસીલાને જોરે ત્યાના એબાદતખાનાને એક રોણકદાર મકાનમા ફેરવી નખાવી જાહેર તેહવારો તથા બીજા શુભ પ્રસંગો ઉપર જશનો કરવા સાથ સરઅવસરે જરથોસ્તીઓના મેલાવડા હજુર વાઅઝ રૂપે તેઓને ધરમ બોધ આપવો ચાલુ કર્યો આવી રીતે મઉના જરથોસ્તીઓ પોતાના પાક મજહબના મુળતત્વો અને ક્રીયા કાનુનોથી માહીતગાર બની પોતાનુ પારસીપણું પરમુલકમા અને પરકોમ વચ્ચે સાચવી રાખ્યુ છે તે માટે તેઓ દસ્તુર હોશંગજીના આજ સુધી અહેશાનમંદ છે. મઉના જરથોસ્તીઓમા કીધેલી સઘળી વાઅજોમાં એવણુની સૌથી યાદગાર અને અને અસરકારક વાઅજ તે બલવાના હિંગામ પછી હિન્દમા ફેલાયલી સુખશાંતી અને સુલેહસપ જ ઉપર તા૰ ૨૮ મી જુલાઇ ૧૮૫૯ ને દીને કરેલી વાઅજ હતી

દસ્તુર હોશંગજીની પધરામણી અગાઉ મઉના બજાર અને રસ્તાઓની હાલત સુધરાઈ ખાતાની ગેરહાજરીને લીધે ઘણીજ ખેદકારક હતી. તેમજ વળી સુઘડાઇ અને સફાઇની ગેરહાજરીને

લીધે ત્યાના લોકોની તનદુરસ્તી અને સુખ શાતીમા ખલલ પહોચતી હતી મઉના તે વખતના કમાનડીંગ ઓફીસર સર એડવર્ડ ગ્રીનની સલાહ અને આગેવાની હેઠલ મ્યુનીસીપાલ કોરપોરેશન સ્થાપવામા આવી જેના દસ્તુર હોશંગજીને એક કમીશનર ઠેરવવામા આવ્યા હતા પોતાના ઓધ્ધા દરમ્યાન દસ્તુર હોશંગજી સર એડવર્ડ ગ્રીનને કેટલા મદદગાર થઇ પડ્યા હતા તેનો પુરાવો, તે નામદારનો તા૦ ૬ ઠી નવેમબર ૧૮૬૩ નો દસ્તુર હોશંગજી ઉપર લખેલો નીચલો પત્ર છે, જેમાં તે નામદાર જણાવે છે કે —

"You had been very useful to me in all matters connected with the well-being of the inhabitants of this large Bazar, which I have in view, and I feel certain that your education, habits of business and general intelligence will enable you to do well everything that you may undertake"

ઇ સ ૧૮૬૪ મા જ્યારે એવણે મ્યુનીસીપાલ કમીશનરના ઓધ્ધાનુ રાજીનામું આપ્યું ત્યારે મ્યુનીસીપાલ કોરપોરેશને દસ્તુર હોશંગજીએ બજાવેલી પ્રજા સેવા તથા તેવણે કીધેલા સુધારાઓની કદરસનાસીમા નીચલો ખાસ ઠેરાવ બાહાર પાડયો હતો

"That the thanks of the commissioners be conveyed to the above gentlemen for the assistance they have given during their tenure of office in all matters connected with municipality and more particularly to Mr Hoshangjee Jamaspjee for the zeal evinced by him and for the aid rendered by his practical appearance in all matters leading to the improvement of the Mhow Bazar and the well-fare of its inhabitants"

આજે મધ્ય હિંદુસ્તાનમા મઉની છાવણી સુખશાતી અને સફાઇની બાબદમાં જે પહેલી જગા ધરાવે છે તે માટે દસ્તુર હોશંગજીની ખંત અને કાલજીને આભારી છે

ઇ. સ. ૧૮૬૩ મા મુંબઇ ઇલાકાનો સેનાપતી સર વીલ્યમ મેન્સફીલ્ડ લશકરની તપાસ અર્થે મધ્ય હિંદુસ્તાન તરફ ફરવા નીકલ્યો મઉમા લશકરી છાવણીની સ્થાપના થવા પછી તે નામદારની પધરામણી પહેલવેહલી હોવાથી મઉના પારસીઓએ તેને માન આપવા માટે દસ્તુર હોશંગજીની આગેવાની હેઠલ સઘલી તૈયારી કરી હતી તેમજ ઇંદોરના મહારાજા મરહુમ તુકાજીરાવ હોલકરે તે નામદારના માનમા મોહટા પાયા ઉપર દરબાર ભરવાની ગોઠવણ કરી હતી આ વખતે મઉના પારસીઓ અને મહારાજા હોલકર વચ્ચે તીક્ષણ હરીફાઇ ચાલી હતી અલબત મહારાજા પોતાના રાજવંશી દરજ્જા અને વગવસીલાને જોરે પોતાના પારસી હરીફો ઉપર ફાવી ગયા હોત પણ દસ્તુર હોશંગજી પોતાની શીરીન ઝબાન અને લતાફત બ્યાનથી તે નામદાર સેનાપતીને પોતા તરફ કરી લેવામાં એવાતો ફતેહમંદ ઉતર્યા કે તે નામદારે મહારાજા હોલકરની દરબાર ભરવાની માગણી સાફ ના પાડી મઉના પારસીઓ તરફનુ માનપત્ર સ્વીકારવાની ખાહેશ દેખાડી જે તા૦ ૨૭ મી ફેબ્રુઆરી ૧૮૬૩ ના "તાઇમ્સ ઓવ ઇન્ડયા" મા છપાયલા નીચલા ફકરા ઉપરથી જણાય છે.—

"At Indore he stayed but a day though the Raja there tried hard to have a Durbar. His Exellency flaty refused How after this he was prevailed on to accept the invitation of the Parsees at Mhow to hear an address of welcome on the 20th at Mr. Aderji Dadabhoy Merwanjee's is a wonder to many and it speaks much for the per.

suasive powers of Hoshang Jamaspjee, the Dastur or High Priest of the Children of the Sun"

મઉના પારસીઓ તરફનુ આ માનપત્ર તા૦ ૨૭ મી ફેબ્રુઆરી ૧૮૬૩ ને દીને મરહુમ શેઠ આદરજી દાદાભાઈ મસાલાવાલાના મકાનમા એ નામદાર સેનાપતિને આપવામા આવ્યું હતુ અને તે દસ્તુર હોશંગજીએ પોતે વાંચ્યુ હતુ

મઉના જરથોસ્તીઓને દીનદારી તાલીમ આપી તેઓને દીનચુસ્ત બનાવવામા અને સુધરાઈ ખાતાના કારોબારમાં આગેવાની ભર્યો ભાગ લઈ ત્યાના રહીશોમા સુખશાતીના સાધણો પુરા પાડવામાં દસ્તુર હોશંગજી પોતાની ફરજનો છેડો આવેલો સમજતા ન હતા. જેમ બીરારમા એવણુના ભાઈઓ બેહમનજી અને રતનજી કેળવણીનો પ્રસાર કરવા માટે ખત અને કાલજીથી મંડ્યા હતા તેમ મઉના જરથોસ્તીઓ અને બીજી કોમવાલાઓ માટે એક સ્કુલ અને લાઇબ્રેરી સ્થાપવા માટે દસ્તુર હોશંગજી તન, મન અને ધનથી કોશેશ કરતા હતા પોતાની આગેવાની હેઠલ એક ફંડ ઉભુ કરી તા૦ ૨ જી નવેમબર ૧૮૬૩ ને દીને કેળવણી ઉપર ભાષણ આપી સ્કુલના મકાનને "મઉ ઝોરોએસ્ત્રીઅન સ્કુલ"ને નામે ખુલ્લુ મુકવાની ક્રીયા પોતે કરી હતી,[૧] અને તેની કારોબાર મંડલીના પ્રમુખનો ઓધ્ધો પોતે બે વરસ સુધી ભોગવ્યો હતો તેમજ મઉ મધે "ઝોરોએસ્ત્રીઅન લાઇબ્રેરી" નામની વાચનશાળા જે આજે હૈયાતી ભોગવે છે તેને હસ્તીમા લાવનાર પણ એજ વિદ્વાન દસ્તુરજી હતા

ઇ સ ૧૮૬૩ મા તે વખતના મધ્ય પ્રાતોના ચીફ કમીશનર અને મુબઈના માજી ગવરનર સર રીચર્ડ તેમપલનું મઉમા આવવુ થયુ પોતાના મેજબાન સર એડવર્ડ ગ્રીનને બગલે તે નામદારની દસ્તુર હોશંગજી સાથ મુલાકાત થાઇ અને તે નામદારે દસ્તુરજીને કાયદાના અભ્યાસમા આગલ વધેલા જોઇ તેવણુને મધ્ય પ્રાતોના આશીસતન્ત કમીશનરનો ઓધ્ધો આપવાની માગણી કરી. પણ આ વખતે મુંબઈ સરકારે જરથોસ્તી ધરમની પુરાણી કેતાબોની શોધ કરવા માટે એવણુની નેમણુંક કીધેલી હોવાથી અને પ્રજા સેવા કરતા પોતાના પવીત્ર મજહબનુ હીત વધુ હૈયે હોવાથી મજકુર હાકેમની માંગણી ઉપકાર સાથ ના પાડી હતી

ઈ. સ ૧૮૬૩ મા મુબઈના ગવરનર સર બારટલ ફ્રીઅરની જરથોસ્તી ધર્મની પુરાણી કેતાબોની શોધખોળ કરવા માટે જરથોસ્તી મજહબનુ ઉડુ જ્ઞાન ધરાવનાર તે વખતના લાયક દસ્તુર ઉપર જો પસંદગી ઉતરી હોય તો તે ખુદ સરદાર દસ્તુર હોશંગજી પોતે હતા તે નામદારે આ મહાભારત કામ માટે દોકટર મારટીન હોગ સાથ દસ્તુર હોશંગજીની નેમણુક કરવાથી એવણુને માલવા પ્રાતનો દસ્તુરી ઓધ્ધો છોડવાની ફરજ પડી હતી પાચ વરસની ટુંક મુદતમા મઉના જરથોસ્તીઓની ધર્મ સંબંધી હાલત સુધારવામા અને જાત અને પ્રજાતમા કેળવણીનો પ્રસાર કરવામાં અને તેઓને સુખ-શાંતીના શાધણો પુરા પાડવામા દસ્તુર હોશંગજીએ પોતાના કીમતી વખત અને અંગત સુખ સગવડના ભોગે જે અથાગ મહેનત અને જેહમત કરી હતી તેની કદરશનાસીમાં એક માનપત્ર–કીમતી સાલ અને વીટી સાથ–એનાયત કરવામા આવ્યુ હતુ, અને જરથોસ્તીઓએ તેમને મોહટા પાયા ઉપર ઝીઆફત આપી તેઓથી સદાના છુટા પડવા માટે દીલગીરીભરી લાગણી જાહેર કરી હતી

---

૧ "એ સ્કુલ ઉઘાડવાને લગતુ ફંડ મઉના જરથોસ્તીઓએ દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસ્પ આશાનાની આગેવાની હેઠલ ઉભુ કીધુ હતુ અને તેમા પેહલવેહલી શેઠ ખુરશેદજી નોશેરવાનજી કામાજીએ રૂ ૧૦૦૦)ની રકમ તથા તેમની સાથ મુસાફરીએ ગએલા શેઠો ખુરશેદજી રૂસ્તમજી કામાજી અને અરદેશર ફરામજી મુસે તથા બીજા તે તરફના સરવે જરથોસ્તીઓએ પોતાની ગુંજાશ માફક તેમા રકમો ભરી હતી. એ પછી તે ફંડમા શેઠ ખુરશેદજી નોશેરવાનજી કામાજીએ મુંબઈ આવી બીજાઓ પાસે નાણા ભરાવી કેટલોક વધારો કીધો હતો "(પારસી પ્રકાશ, દફતર ૨જુ ભાગ ૧ લો સફે ૭૫) ની ફુટનોટ)"

મઉથી પાછા ફર્યા બાદ દસ્તુર હોશંગજી દોકતર હોગ સાથ મુંબઇ સરકારને ખરચે પુરાણી કેતાબોની શોધખોલ માટે ગુજરાત તરફ તા૦ ૧૪ મી દીસેમબર ૧૮૬૩ ને દીને રવાના થયા. પોતાના ત્રણ માસના પ્રવાસ દરમ્યાન જુદા જુદા શેહરોમાં જે કેતાબો એઓના જોવામાં આવી હતી અને જે અગત્યના બનાવો બન્યા હતા તેની તફસીલવાર નોંધો નીચે મુજબ છેઃ—

મુબઇથી ઉપડેલા એઓ પ્રથમ વલસાડ ઉતર્યા હતા અને ત્યાના દસ્તુર ફીરોઝજી પેશોતનજી પાસે એક જુની રેવાયત તથા એરવદ જમશેદજી કેરશાસ્પજી વલસાડા પાસે યઝદજરદી સને ૯૩૩ ઇ સ. ૧૫૬૪–મા લખાયલી યઝશનેની કેતાબ જોઇ હતી વલસાડથી ઉપડેલા એઓ તા૦ ૨ જી જાનેવારી ૧૮૬૪ ને દીને સુરત જઇ પહોચ્યા હતા અને ત્યાના દસ્તુર કેખશરૂ દાદાભાઈના કેતાબખાનામાથી યઝદજરદી સને ૧૧૫૮–ઇ સ ૧૭૮૯–માં દસ્તુર હોશગજીના બાપના બપાવા દસ્તુર બેહમનજી જમશેદજીએ લખેલો “ ગોસ્તે ફરીઆન ” નો કીસ્સો, બુનદેહશનેનો થોડાક ભાગ તથા શેકન ગુમાનીની એક પહેલવી નકલ મલી હતી. સુરતના રૂસ્તમપરાના દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પેહાલનના પાસેથી યઝદજરદી, સને ૭૦૦–ઇ. સ ૧૩૩૧–માં ભરૂચ મધે લખાયલી વીસપરદ, અવસ્તા બો માએની, હાદોખ્ત નુશક, ઝદ તથા સસકૃતનો નાથલો શબ્દ કોષ તથા યઝદજરદી સને ૭૬૬–ઇ. સ. ૧૩૯૭–માં બે દફતરોમાં લખાયલી અરદાવીરાફ, બુનદેહશને, ગોસ્તેફરીયાન અને વીસપરદની પહેલવી નકલો તથા બીજી પાચ કેતાબો મલી હતી. સુરતના અકાબર ખાન બહાદુર દાવર રૂસતમજી ખુરશેદજી મોદી પાસેથી યઝદજરદી સને ૧૦૦૦–ઈ. સ ૧૬૩૧–માં એક દફતર મધે ફારસીમા લખાયલા આફરીનગાનો, આશીરવાદ, મુકતાદ તથા બુનદેહશને લગતી હકીકત, કારનામે અરદશીર બાબેકાન તથા યઝશનેના થોડાક હા તથા “ નેહાદે મોબદી ” નામની ફારસી કેતાબ ઉપરથી ઉતારેલી પેગામબર જરથુસ્તને લગતી હકીકત મલી હતી બીજા અકાબર શેઠ જામાસ્પજી બહેમનજી ભાવનગરી પાસેથી નીરંગસ્તાન, પહેલવી બુનદેહશ, વીરાફનામુ, વંદીદાદ, યઝશને અને વીશપરદ સાદેહની કેતાબો મલી હતી સુરતથી નીકલેલા એઓ તા૦ ૭ મી જાનેવારી ૧૮૬૪ ને દીને નવસારી આવી પુગા હતા અને ત્યાના વડા દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહરજીરાણા પાસેથી યઝદજરદી સને ૮૦૦–ઈ. સ ૧૪૩૧ માં લખાયલા દીનકર્દના ૭) જુજો મલ્યાં હતાં. તેમજ દસ્તુર જમશેદજી રૂસતમજી જામાસ્પ આશાના પાસેથી ૩૦૦) વરસ ઉપર લખાયલી એક રેવાયત અને શેકન ગુમાની વજાર તથા સર કાવશજી જેહાગીર નવસારી જરથોસ્તી મદરેસાના હેડ માસતર શેઠ સોહરાબજી એદલજી વજીફદાર પાસેથી ૨૨૫) વરસ ઉપર લખાયલુ વંદીદાદનું દફતર મલ્યુ હતુ. એ ઉપરાત નવસારીમાથી વંદીદાદ, યઝસને, વીસપરદ અને ખુરદેહ અવસ્તાના ૩૫૦) વરસ ઉપર લખાયલા કેટલાક દફતરો તથા “ વેહાનુશક ”ની એક નકલ એક એરવદ સાહેબ મારફતે વેચાતા લીધા હતા નવસારીથી એઓ ભરૂચ ગયા હતા જયા તેઓને ૩૫૦) વરસ ઉપર લખાયલો એક વંદીદાદ અને ૬૦૦) વરસની જુની યઝશનેની નકલ મલી હતી ખંબાતથી યઝદજરદી સને ૬૯૨–ઈ સ ૧૩૨૩–મા એરવદ કેખુશરૂ મેહરબાનને હાથથી લખાયલી યઝશનેની પુરાણી કેતાબ જેને મલતી એક નકલ સરદાર દસ્તુર હોશંગજીના વડવા દસ્તુર જામાસ્પ આશાને ભરૂચમા હાથ લાગી હતી અને જે પછવાડેથી મુબઈવાલા દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજીના કેતાબખાનામાં જઇ પડી હતી તે પણ મલી હતી ત્યાર પછી અમદાવાદ અને ગુજરાતના બીજા ભાગોમાંથી પુરાણા સસકૃત પુસ્તકો મેલવી મુબઈ પાછા ફરતાં તેઓ ઉડવાડે ઉતર્યા અને ત્યાંવાલા દસ્તુર બરજોરજી રૂસતમજી મીરજા પાસેથી ૧૫૦) વરસ ઉપર લખાયલી દસ્તુર દારાબ હોરમઝદયારને હાથની રેવાયત મલી હતી એવી રીતે ગુજરાતમા પ્રવાસ પુરો કરી એ બેઉ વિદવાનો મુબઈ પાછા ફર્યા અને દસ્તુરજી દોકતર જામાસ્પજી મીનોચેહરજીના કેતાબખાનામાં ૫૫૦) વરસ ઉપર લખાયલી સસકૃત તરજુમા સાથની ખુરદેહ અવસ્તા, ખબાતવાલા એરવદ કેખુશરૂ મેહરબાનની કલમથી લખાયલી પહેલવી તરજુમા સાથની યઝશને તેમજ યઝદજરદી સને ૬૯૨) ઇ.

સ. ૧૩૨૩–માં લખાયલુ પહેલવી શાહનામુ વીગેરે કેટલીક નાયાબ કેતાબો જોઇ હતી. તેમજ દસ્તુરજી સાહેબ દોકતર પેશોતનજી બેહરામજી સનજાણા પાસે પહેલવી ઇન્સા, દસ્તુર આસદીન કાકાને હાથની લખેલી એક જુની કેતાબ, પહેલવી વદીદાદ તથા શાયસ્ત લાશાયસ્ત વીગેરે બીજી કેતાબો જોઇ હતી. ફદમી પથના વડા દસ્તુરજી સાહેબ શોહરાબજી રૂસતમજી મુલ્લાફીરોઝ પાસે યઝદજરદી સને ૮૧૫–ઇ. સ. ૧૪૪૬–માં લખાયલી દીનકર્દની કેતાબ જોઈ હતી. ઉપર વર્ણવેલી કેતાબોમાંથી દસ્તુર હોશંગજી તથા દોકતર હોગ જે પોતાની સાથે લાવ્યા હતા તેમાનો મોહટો ભાગ આજે મુંબઇ યુનીવરસીટીની લાઇબ્રેરીમા મોજુદ છે જ્યારે આ બેઉ વિદ્વાનો સુરત ખાતે હતા ત્યારે તે ટકનો લાભ લઇને દોકતર હોગે ત્યાંની "સેટ એનદરૂસ લાઇબ્રેરી"મા તા૦ ૫ મી જાનેવારી ૧૮૬૪ ને દીને જરથોસ્તી મજહબ ઉપર એક જાહેર ભાષાણુ આપ્યુ હતું, જે પુરૂ થાવા પછી દસ્તુર હોશંગજીએ પારસીઓની ચહડતી દશા અને મોબદોની હાલત સુધારવા વીશે કેટલાક મુઆફુક વિચારો દર્શાવ્યા હતા ૧ તેમજ નવસારીની સર કાવસજી જેહાગીર જરથોસ્તી મદરેસાના હેડ માસતર શેઠ શોહરાબજી એદલજી વજીફદારે તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૬૪ ને દીને તેઓને એક ઝીઆફત આપી હતી અને દેશાઈ દસ્તુરોનો મેલાવડો કર્યો હતો, જ્યા દીનને લગતા કેટલાક સવાલ જવાબો થયા હતા. ૨

ત્રણ માસ સુધી કેતાબોની શોધખોળ કરવા પછી દોકતર હોગે તે વીશેનો રીપોર્ટ મુંબઇ સરકાર ઉપર મોકલી આપ્યો જેમા એ વિદ્વાન એવો ઇસારો કરે છે કે "દસ્તુર હોશંગ સરીખા કાબેલ અને અનુભવી સાથી મલવાથીજ માહરૂ કામ આટલી સવલતાથી પાર પડયુ છે" ૩

પોતાની ગુજરાત તરફની મુસાફરીને લગતુ એક જાહેર ભાષાણુ દસ્તુર હોશંગજીએ તા૦ ૧૭ મી માર્ચ ૧૮૬૪ ને દીને શેઠ ફરામજી કાવશજી બનાજીના આતશબેહરામમા કીધુ હતુ, જે વખતે મરહુમ શેઠ ખુરશેદજી નોશેરવાનજી કામાજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. એ ભાષાણુ દરમયાન દસ્તુરજીએ પારસીઓની ધર્મ તરફની બેદરકારી માટે ખેદ જાહેર કરતા જણાવ્યુ કે'—

"તમોએ તમારા પોતાના ધર્મ વીશે શુ કીધુ છે! કાંઈજ નહી. તમો જેટલુ બોલોચ તેહની અરધા પા પા હીસ્સોબી કીધુ હતે તો આજે કાંઈ જુદીજ રીતનો દેખાવ તમારી કોમમો થઇ પડતે. આખો દહાડો બંદગી કરેયા કીધાથી તે કાંઇ તહમોએ તમારા પવીતર ધરમને તથા તમારા હમદીનોના ફાયદાને અરથે કીધેલુ સાબેત થાતુ નથી. પણ તે સવાબો ફકત તમારી પોતાની સવારથ છે. તે કાંઇ ધર્મ જ્ઞાનના વધારા તથા સુધારાને સારૂ નહી ગણાય ધર્મ જ્ઞાન એ દરેક દીનદારોને કેટલુ અગતનુ, જરૂરનુ અને ફરજનુ છે તે વગર માણુસ તદન નકામુ છે. જે ચીજ ઉપર આપણે ઇમાન રાખીએ અને તે ચીજ આપણે સહમજીએ નહી તો પછી તે ઇમાન કેમ કહેવાય" ૪ આ બોલવાની અસર ત્યાં હાજર રહેલાઓમા તુરત થઈ હોય એવુ માલમ પડે છે, કારણ કે દસ્તુરજીનુ ભાષાણુ પુરૂ થાવા પછી શેઠો શોહરાબજી પેશતનજી તથા નવરોજી ફરદુનજીએ મોબદોની હાલત સુધારવા માટે એક ફંડ સ્થાપવાની સુચના કરી હતી, ૫ પણ આ સુચના ઉપર કશો અમલ થયો નહી.

દસ્તુર હોશંગજીની કાબેલ્યત અને વગ વસીલાને જોરે સરકારનુ કામ ફત્તેહમંદીથી પાર પડેલું જોઇ નામદાર ગવરનર સર બારટલ ફ્રીઅરે ઇ. સ ૧૮૬૪ માં સુરતમાં એક મોહટી દરબાર હજુર "દસ્તુરજીની ચાલચલણ, લીઆકાત, હુશીઆરી અને અંતઃકરણની પવિત્રાઇ" નકલ કરવા જોગ છે એવુ જણાવી તે નામદારે ટીકા કર્યા હતા કે:–

૧ "પારસી પ્રકાશ" દફતર ૨ જુ ભાગ ૨ જો સફે ૮૯.

૨ "પારસી પ્રકાશ" દફતર ૨જુ ભાગ ૨ જો સફે ૯૨

૩ જાનેવારી ૧૮૯૩ ના "માસીક મજાહ" નો ખાસ વધારો.

૪ રાસ્ત ગોફતાર તા૦ ૨ જી નવેમબર ૧૮૯૪.

૫ જામે જમશેદ તા૦ ૨૭ મી મારચ ૧૮૬૪.

"I am pleased to observe that the learned and loyal Dastoor free from all the bitter prejudices of a Parsee Priest and given up to such laudable purposes as he has all along followed with zeal and intelligence."

સર બારટલ ફ્રીઅર સરીખા વિદ્વાનોની કદર પીછાણનાર હાકમે આવા અપક્ષપાત વિચારો ભર દરબારમાં જાહેર કર્યા છે તે "દસ્તુરજીની ચાલચલણુ, લીઆકાત, હુશીઆરી અને અંત કરણની પવિત્રાઈ" એ સઘલાઓનો તોલ કરીનેજ બાહેર પાડયા છે અને એ માટે પારસી કોમને મગરૂર રહેવાનુ વાજબી કારણ મલે છે. આ વખતે દસ્તુરજીની દરબારમા ગેરહાજરી જોઈ નામદાર ગવરનરે પોતાના મુખમાથી જે બોલો બહાર પાડયા હતા તે દસ્તુરજીને જણાવા માટે મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇને અરજ કરી હતી જે તેવણે મોહટી ખુશી સાથ બજાવી હતી

ઇ. સ ૧૮૬૫ મા મુંબઈની "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી" તરફથી એરવદ શેહેરયારજી દાદાભાઇ ભરૂચ એ દસ્તુર આદરબાદ મારાસપંદના પહેલવી પંદનામાનો જે ગુજરાતીમાં તરજુમો કર્યો હતો તેની તપાસ માટે મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી, દોકતર હોગ અને દસ્તુર હોશંગજીને મુકરર કરવામા આવ્યા હતા ઉપલા ત્રણે વિદ્વાનોએ મજકુર રેસાલો તપાસી તેને ઇનામને લાયકનો ઠેરવી આપ્યો હતો ૧ તેમજ વળી ઇ. સ. ૧૮૭૨ મા "રાહનુમાય મઝદયશનાન" સભાએ "દુઆ નામ સીતાયશને" નામના રેસાલાની તપાસ માટે નેમેલી કમીટીના એ દસ્તુરજી પણ એક મેમબર હતા એ કમીટીએ "અજેમ અહુરો મઝદાઓ સ્તોત આહમી" એ નીશાનવાલો વિદ્વાન એરવદ ખુરશેદજી મીનોચેહરજી કટેલીએ લખેલો રેસાલો ઇનામને લાયક ઠેરવ્યો હતો ૨

ઈ સ ૧૮૭૧ મા વહાડયાજીના આતશબેહેરામના વડા દસ્તુરજી સાહેબ પેશોતન બેહરામજી સંજાણાએ રચેલા પહેલવી ભાષાના વ્યાકરણની નુકતેચીની કરતા જે બારીકીથી તેની ખુબી ખામીઓ બતાવી આપી હતી તે ગોયા દસ્તુર હોશંગજીના તેજ મગજ અને તે ભાષાના ઉંડા જ્ઞાનની પુરતી ગવાહી રજુ કરે છે.

તા૦ ૨૩ મી નવેમબર ૧૮૬૫ ને દીને પુણામા "પારસી મેટરીમોન્યલ કોર્ટ" સ્થાપવામાં આવી તેના દસ્તુર હોશંગજી સરકાર તરફથી નેમાયલા એક ડલીગેટ હતા તા૦ ૫ મી માર્ચ ૧૮૬૬ ને દીને દોકતર હોગની સીફારસ ઉપરથી પહેલવી ભાષાના કેટલાક પુસ્તકો "એડીત" કરી છપાવાનુ કામ સરકાર તરફથી દસ્તુર હોશંગજીને સોપવામાં આવ્યુ, જે માટે એવણને પહેલા બે વરસ સુધી રૂ ૧૫૦) અને પછીના બે વરસ સુધી રૂ. ૨૦૦) નો દરમાયો મુકરર કરી આપવામા આવ્યો હતો. એજ વરસમા યાને તા૦ ૫ મી એપરીલ ૧૮૬૬ ને દીને મુંબઇ સરકારે એવણને યુનીવરસીટીના "ફેલો" ઠેરવી માન આપ્યું હતુ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનમાં તેમજ સફેદ પાઘડીવાલા અથોરનાનોમાં પહેલવેહલા "ફેલો" થનાર દસ્તુર હોશંગજી હતા. તેમજ ઇ સ ૧૮૭૪ મા નામદાર સરકારે એવણને પુણાની દખણ કોલેજના "પ્રોફેસર ઓવ ઓરીએનટલ લેનગ્વેજીસ"

---

૧ દોકતર હોગે તા૦ ૮ મી અકટોબર ૧૮૬૪ ને દીને મુંબઈમા જરથોસ્તી ધરમ ઉપર એક ભાષણ આપ્યુ હતુ અને ભાષણ સમજવા આવનારાઓ માટે દરેક આદમી દીઠ રૂ ૫) ની ટીકીટ કહાડવામા આવી હતી એ ટીકીટોની ઉપજ ખરચ બાદ જતે રૂ ૧૧૦૦) ની થઈ હતી આ રકમ દોકતર હોગે કબુલ ન રાખતા "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી" મારફતે "દાદેસ્તાની દીની" નો તરજુમો કરનારને રૂ ૯૦૦) અને ઉપલા પંદ નામાનો તરજુમો કરનારને રૂ. ૨૦૦) નુ ઇનામ આપવા જણાવ્યુ હતુ ("પારસી પ્રકાશ" દફતર રજુ સફે ૧૨૭).

૨ મજકુર કમીટીના દસ્તુર હોશંગજી ઉપરાત દસ્તુર પેશોતન બેહરામજી સંજાણા, શેઠ ખુરશેદજી રૂસતમજી કામાજી, શેઠ હોરમજી દાદાભાઇ પલીડર તથા શેઠ જેહાંગીર હોરમજી પચકી મેમબરો ઠર્યા હતા. એ રેસાલો મરહુમ શેઠ નવરોજી ફરદુનજીની યાદગારી માટે લખવામાં આવયો હતો. ("દુઆ નામ સેતાયશને" નો દીબાચો સફે ૩-૪

નો ઓહદો આપી એવણની વિદ્વતાની ખરી કદર બુજી હતી અને એજ વખતથી મુંબઇ યુનીવરસીટીએ એ દસ્તુરજીની મેટરીકયુલેશન અને પછવાડેથી એમ. એ. ની પરીક્ષામાં ફારસી ભાષાના પરીક્ષક તરીકે નેમણુક કરી હતી જે કામ એવણે ૧૮૯૪ સુધી બજાવ્યું હતુ. મુંબઈ યુનીવરસીટી તરફથી પહેલવેહલા પારસી પરીક્ષક તરીકે એવણની નેમણુક થઇ હતી જે તા૦ ૨૨ મી નવેમબર ૧૮૭૮ ના "તાઇમ્સ ઓવ ઈન્ડયા" માં છપાયલા નીચલા ફકરા ઉપરથી જણાય છે.

"The Dastoor is the first Parsi gentlemen who has been appointed an examiner by the university of Bombay."

તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૭૪ ને દીને ઇંદોરના મહારાજા તુકાજીરાવ હોલકરે પુણામા મકર સંક્રાતીની દરબાર ભરી હતી જે વખતે મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી તથા સરદાર દસ્તુર હોશંગજીને મોહટો આવકાર આપી સાંચાલ પાગડીનો સરપાવ એનાયત કર્યો હતો. તેમજ "દસ્તુર હોલ" મા એ બેહુ ભાઇઓની મુલાકાત લઇ છોકરાઓને મીઠાઈ મુકવાની સુંનાની પુતલીઓ ભેટ આપી હતી.

તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૭૭ ને દીને પુણામા "બઝમે રૂઝે બેહરામ" નામની મંડલી સ્થાપવામા દસ્તુર હોશંગજીની પોતાના વડા ભાઈ સરદાર દસ્તુર નોશેરવાનજી સાથ મુખ્ય આગેવાની હતી અને એના સરનશીનનો ઓહદો એ દસ્તુરજીએ પોતાની હૈયાતી સુધી ભોગવ્યો હતો. આ મંડલી તરફથી એવણે જુદે જુદે પ્રસંગે ધર્મ અને નીતી રીતીની બાબદો ઉપર વિદ્વતા ભરી વાએજો કરી હતી જેની સંખ્યા ૫૦૦) ની ઉપર થવા જાએ છે એ વાએજોની ઘણીક ચોપડીઓ ઉપરા સાપરી છપાઇ બહાર પડી હતી જેમાની છેલ્લી ચોપડી એવણ સાહેબના મરણની થોડુકજ આગમચ પુણાની સાયન્સ કોલેજના પ્રોફેસર દીનશાહ દોરાબજી કાપડયા M. A., B. Sc ની દેખરેખ હેઠલ છપાવી બહાર પાડવામા આવી હતી આ વાએજો સરલ અને મધુર ભાષામા લખાયલી હોવાથી અને તેમા વજનદાર દલીલો અને ફીલસુફી વિચારો (Weighty arguments and Philosophic ideas) આમેજ થયલા હોવાથી વાચનારાઓ અને સાભલનારાઓના મનને હરીલે એવી છે. એ વીશે તા૦ ૪ થી જાનેવારી ૧૮૯૦ ના "તાઇમ્સ ઓવ ઇન્ડયા"મા નીચલુ લખાણ જોવામાં આવે છે —

"His brilliant essays and Sermons wherein strength of imagination is happily blended with strength of understanding fascinate the mind of the reader or hearer with the freshness and originality of their ideas and the inexpressible charm of their style and diction."

એ "બઝમે રૂઝે બેહરામ" હસ્તીમા આવી તેની અગાઉ પણ એ દસ્તુરજીએ સર અવસરે ઘણીક વાએજો કરી હતી જેમાની મુખ્ય નીચે મુજબ છે.—

તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૫૪ ને દીને "તાજ તરફ વફાદાર રહેવાના ફાયદા" ઉપર એક જાહેર વાએજ કરી હતી.

તા૦ ૧ લી નવેમબર ૧૮૫૮ ને દીને "ઇંગ્રેજી રાજ્યની ખુબી અને ઇનસાફ" ઉપર એક ભાષણ આપ્યું હતુ.

તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૫૯ ને દીને "બલવા પછી હિન્દમા ફેલાયલી સુખશાતી અને સુલેહ સંપજ" ઉપર મઉના જરથોસ્તીઓમાં એક વાએજ કરી હતી.

તા૦ ૧૩ મી માર્ચ ૧૮૬૭ ને દીને "ખુદા પરસ્તી એટલે શું? બુતપરસ્તી શાને કહે છે અને જરથોસ્તીઓનો ધર્મ શો છે" એ ઉપર એક વાએજ કરી હતી.

તા૦ ૧૦ મી અક્ટોબર ૧૮૬૯ ને દીને પુણાવાલા શેઠ હોરમજી શોહરાબજી તાડીવાલાની ધર્મશાલા ખુલ્લી મુકાઈ તે દીને મુંબઇ તથા પુણાના જરથોસ્તીઓની દબદબાભરેલી મીજલસ હજુર "પુનના કામો" ઉપર એક ભાષાણ આપ્યું હતું.

આપણા હાલના નામદાર શહેનશાહ એડવર્ડ આગલ જ્યારે "પ્રીન્સ ઓવ વેલ્સ"ના એલ-કાબથી ઓલખાતા હતા ત્યારે સખ્ત બીમારીમાંથી સાજા થયા તેની ખુશાલીમાં પુણાના જરથોસ્તી-ઓએ શુક્રગુઝારીનું જશન અને બંદગી તા૦ ૨૭ મી ફેબ્રુઆરી ૧૮૭૨ ને દીને કરી હતી જે વખતે એ દસ્તુરજીએ "ઇનસાન ગમે એવી હાલતમાં હોવા છતાં હરદમ ખુદા ઉપર ભરસો રાખી હીમત ન હારતાં મન સ્થીર રાખી સલામતી ભરેલા ઈલાજો લેવાથી મુશકેલી દુર થાય છે" એ ઉપર એક વાએજ કરી હતી.

તા૦ ૭ મી જુન ૧૮૭૨ ને દીને "આતશની બુલંદી અને તેનો દરજ્જો તથા જુદદીનનો જરથો-સ્તીઓ ઉપર આતશ પરસ્તનુ બોહતાન મેલે છે તેની નાપાયદારી" એ ઉપર એક ભાષાણ આપ્યું હતું.

તા૦ ૨૨ મી સપતેમબર ૧૮૭૬ ને દીને "રપીથવન" ઉપર એક વાએજ કરી હતી જે દરમ્યાન કબીસો ન કરવાથી પારસીઓ રોજ માહની ગણત્રીમા કેટલા પછાત પડેછે તે દાખલા દલીલોથી અસરકારક રીતે સાબેત કરી આપ્યુ હતું.

તા૦ ૨૨ મી જુલાઈ ૧૮૭૭ ને દીને "હરેક મુશકેલી વખતે તે સાહેબની પ્રાર્થના કરવાની જરૂર અને ભેગા થઇ બંદગી કરવાથી થતી અસર" એ ઉપર એક વાએજ કરી હતી.

ઇ. સ ૧૮૫૭ ના બલવાના હિંગામ ઉપર અને ઈ. સ. ૧૮૬૪ માં જરથોસ્તી ધર્મની પુરાણી કેતાબોની શોધખોળ કરી નામદાર બ્રીટીશ સરકારની જે કીમતી શેવાઓ દસ્તુર હોશંગજીએ બજાવી હતી તેના બદલામાં મુંબઇ સરકારે એવણને તા૦ ૨ જી જાનેવારી ૧૮૭૮ ને દીને ખાન-બહાદુર"નો ખેતાબ કે જેની નવાઝેશ તે વખતે હાલની માફક છુટથી થતી ન હતી તે એનાયત કર્યો હતો. એ ખેતાબની સનદ આપવાની ક્રીયા દખણ કોલેજના પ્રોફેસર આર. જી. ઓક્ષન હામે એક મેલાવડા સનમુખ તા૦ ૬ ઠી ફેબ્રુઆરી ૧૮૭૮ ને દીને કરી હતી. પ્રથમમાં તેઓએ દસ્તુરજીના એલમ અને કીમતી સેવાઓની તારીફ કરતા જણાવ્યુ જે એક માણસ ખંત, અજમાયશ અને વફાદારીથી કેટલુક આગલ વધે છે તે વિષેનો ખુદ એ દસ્તુરજીનો દાખલો આપી તેમને પગલે ચાલવાને બીજાઓને ભલામણ કરી હતી એ ખેતાબ એનાયત થયો તેની ખુશાલીમા દસ્તુરજીને મુબારક બાદીનુ માનપત્ર આપવાનો એક મેલાવડો પુણાના જરથોસ્તીઓ તરફથી તા૦ ૧૩ મી એપ્રીલ ૧૮૭૮ ને દીને સર દીનશાહજી માણેકજી પીટીટના "રોઝ કોટેજ"માં કરવામાં આવ્યો હતો, જે વખતે ૩૦૦)થી વધુ શહીનુ મુબારકબાદીનું માનપત્ર શેઠ કાવસજી દોસાભાઈ મેસ એજનટે વાંચી સભાથી દસ્તુરજીને એનાયત કરવામા આવ્યુ હતું જેનો એવણે ઘટતો જવાબ વાલ્યા બાદ શેઠ એદલજી જીવાજી અંકલેસરીઆએ નાગપુર, હેદરાબાદ, ઇંદોર, મઉ, નીમચ વીગેરે દસ્તુરજીને તાબેના બીજા પથકો તરફથી આવેલાં માનપત્રો, સીઆલો તથા બીજી અનેક ભેટો એનાયત કરી હતી. તેમજ પુણાની "બઝમે રૂઝે બેહરામ" મંડલીએ પોતાના પ્રમુખને આવા માનની નવાઝેશ થાયલી જોઇ તા૦ ૧૭ મી એપ્રીલ ૧૮૭૮ ને દીને દસ્તુરજીને મોહટા પાયા ઉપર ઝીઆફત અને માનપત્ર આપી પોતાની ખુશાલીનો ઉભરો બહાર પાડયો હતો. એટલુંજ નહી પણ એ બનાવની યાદગારીમાં બી. એ. ની પરીક્ષામાં ફારસી ભાષામાં વધુ માર્કે મેલવનાર જરથોસ્તી વીદયારથીને ઇનામ આપવાં માટે

"ખાન બહાદુર પ્રોફેસર દસ્તુર હોશંગ પરસીઅન પ્રાઇઝ" ની સ્થાપના કરી હતી જે ફંડમાં તે વખતે બધા મળી રૂ. ૧૧૬૪) ભરાયા હતા [1]

ઇ. સ. ૧૮૭૮ મા મરહુમ શેઠ નોશેરવાનજી રતનજી તાતાએ નવસારીમાં એક દુખમુ બંધાવ્યુ હતુ તે જોવા માટે મુંબઈના તે વખતના ગવરનર સર રીચર્ડ તેમપલ મજકુર શેઠના ખાસ ઇંજિનથી નવસારી પધાર્યા હતા એ નામદારે દુખમાની રચના, બાંધણી તથા રૂવાનોને ઠેકાણે પાડવાની ખુબીઓ દીનની શરતે જાણવાની ખાહેશ જણાવ્યાથી મરહુમ શેઠ નોશેરવાનજીએ આ કામ માટે દસ્તુર હોશંગજીને પુરતી રીતે લાયક જાણી ઠેઠ પુણેથી ખાસ ઇંજિન કરી બોલાવ્યા હતા. રૂવાનને ઠેકાણે પાડવાની ખુબી વીગેરે બીજી સહમજ આપવા માટે દસ્તુર હોશંગજીને ચુંટી કહાડવામા નામદાર ગવરનરે પોતાને ભાગ્યશાલી ગણી પોતાનો ખરો સંતોષ મજકુર શેઠ આગળ જાહેર કર્યો હતો.

ઇ. સ. ૧૮૮૪ મા પોતાના વડા ભાઈ મરહુમ સરદાર ખાન બહાદુર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીની હૈયાતી પછી દસ્તુર હોશંગજીની દખણના વડા દસ્તુર તરીકેની દસ્તુરી કારકીરદી શુરૂ થાય છે. રોજ ૧૨ મો માહ ૨ જો સને ૧૨૫૪ યઝદજરદી તા० ૨૯ મી અકટોબર ૧૮૮૪ ને દીને પોતાના મરહુમ ભાઇના જાનશીન તરીકે દસ્તુરી ગાદી ઉપર આવ્યા તે વખતે એવણ સાહેબને નીચે મુજબ ૨૩) મીઆલો હોરાડવામાં આવી હતી:—

૧ મરહુમ શેઠ સોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાના ત્રસ્ટીઓ તરફથી
૨ પુણાની અનજુમન તરફથી.
૩ શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેસરીયા તરફથી.
૪ શેઠ હોરમજી સોહરાબજી તાડીવાલા તરફથી
૫ દસ્તુર જમશેદજી રૂસતમજી જામાસ્પ આશાના તરફથી
૬ દસ્તુર ડોકટર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના તરફથી.
૭ દસ્તુર દારાબજી માહીઆરજી મેહરજીરાણા તરફથી.
૮ પોલ્યા દેશાઇ બહમનજી દારાબજી તરફથી.
૯ નાયબ દસ્તુર શાપુરજી શોહરાબજી મેહરજીરાણા તરફથી.
૧૦ દેશાઈ બાપુજી મેહરવાનજી તરફથી-
૧૧ દખણ હેદરાબાદની અનજુમન તરફથી.
૧૨ મઉની અનજુમન તરફથી.
૧૩ જાલનાની અનજુમન તરફથી.
૧૪ ઇંદોરની અનજુમન તરફથી.
૧૫ ઇગતપુરાની અનજુમન તરફથી
૧૬ એરવદ દારાબજી રૂસતમજી સંજાણા તરફથી.

૧—આ ફંડ સરકારને હવાલે કરવા માટે "બઝમે રૂઝે બેહરામ" ની કારોબાર મંડલીએ સરકારને અરજ કરી હતી, જેનો સરકારે એવો જવાબ વાળ્યો હતો કે જ્યારે દસ્તુર હોશંગજી નોકરીમાથી "રીટાયર" થાય તયારે આ ફંડ બાબે સરકારને પાછી અરજ કરવી દસ્તુર હોશંગજીનો "રીટાયર" થવાનો વખત નજદીક આવતો જોઇ "બઝમે રૂઝે બેહરામ" ની કારોબાર મંડલીએ એ બાબદ ઉપર ફરીથી વિચાર કરવા માટે એક બીજી સભા રોજ ૧૬ મો માહ ૧૨ મો સને ૧૨૫૮ યઝદજરદીને દીને સર દીનશાહજી માણેકજી પીટીટના બંગલામા બોલાવી હતી, જયા એવો ઠરાવ થયો હતો કે (૧) "બઝમે રૂઝે બેહરામ" ના બોજા મીજલસીઓ એ કામમા શરીક થયા ન હોય તો તેઓને શરીક કરી ફરીથી એક નવુ લીસ્ટ ફેરવવુ, (૨) ઈ સ ૧૮૭૮ મા તે વખતની "બઝમે રૂઝે બેહરામ" ની કારોબાર મંડલીએ "દસ્તુર હોશંગ પ્રાઈઝ" ની સ્થાપના કરી હતી તે હાલની કારોબાર મંડલીએ એ નેક કામ વગર ઢીલે પાર પાડવું. આ વખતે બીજુ નવું લીસ્ટ ફેરવવામા આવયુ હતુ જેમા રૂ. ૪૮૭) ભરાયા હતા આ ફંડની એકંદર પુંજી રૂ ૨૨૩૩) ની થઈ છે ("બઝમે રૂઝે બેહરામ" નો યઝદજરદી સને ૧૨૫૮ થી ૧૨૫૯ સુધીનો ઉપજ નીપજનો સને ૧૨૬૩ માં છપાએલો અહેવાલ સફે ૨૨-૩૦)

૧૭ ખાન સાહેબ ફરામજી ખુરશેદજી નરીમાન તરફથી.
૧૮ શેઠ માણેકજી હોરમજી પરએજ તરફથી.
૧૯ શેઠ હોરમજી માણેકજી ભમગરા તરફથી.
૨૦ એરવદ સોહરાબજી નોશરવાનજી રાવ તરફથી.
૨૧ એરવદ નોશેરવાનજી શોહરાબજી કુકાદાર તરફથી.
૨૨ એરવદ દારાબજી બેહમનજી મીનોચેહર હોમજી તરફથી.
૨૩ પુણાની શેઠ સોહરાબજી રતનજી પટેલની દરેમેહર અને તેને તાબેની બીજી દરેમેહરોનાં મોબદો તરફથી.

એજ મીજલસમા એવણના ભત્રીજા તે હાલના દખણના વડા દસ્તુર સરદાર કેકોબાદ આદરબાદને નાયબ દસ્તુર ઠરવાની મુબારકબાદીમા નીચે મુજબ ૫) સીઆલો હોરાવવામા આવી હતી:—

૧ મરહુમ શેઠ સોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાના ટ્રસ્ટીઓ તરફથી.
૨ પુણાની અનજુમન તરફથી.
૩ દસ્તુર જમશેદજી રૂસ્તમજી જામાસ્પ આશાના તરફથી.
૪ શેઠ હોરમજી શોહરાબજી તાડીવાલા તરફથી.
૫ શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેસરીયા તરફથી.

એ દસ્તુરી નેમણુક બાએનો એક ખુલાસાપત્ર શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેસરીઆએ ઉઠમણાની મીજલસમા નીચે મુજબ વાચી સમજાવ્યો હતો —

"નામદાર સર જમશેદજી જીજીભાઇ અને અનજુમનના સાહેબો–શ્રી પુણાની સમસ્ત અનજુમનના સાહેબોને સારી પેઠે રોશન છે કે આપણા પાક નૈયત વડા દસ્તુરજી સાહેબ સરદાર ખાન બહાદુર નોશેરવાનજી જામાસ્પજી નજદીક ૪૦) વરસની મુદત લગે દસ્તુરાને દસ્તુરનો દરજ્જો ભોગવીને આપણા જરથોસ્તી ટોળાની રહેનુમાઇ અને રાસ્તરવીના વગીલા તરીકે હર વખતે પોતાની કીમતી મદદથી ખરા મદદગાર હતા. આ સરદાર દસ્તુરજી સાહેબના ગુજરવાથી હાલમા ખાલી પડેલી જગો જોઇને આપણ જરથોસ્તીઓ ખરેખર દીલગીર છીએ, પણ ખુદાઈ કુદરતના કાયદાના હોકમના તાબેદાર થાઈને એક (અશેમ વોહુના) પવિત્ર કલામ પઢીને એ અશોઈ ખસલતના દસ્તુરાને દસ્તુરના રૂહો રવાનની યાદ કરી પોતાની ફરજ અદા કરીએ છીએ.

જરથોસ્તીઓ,

આપણને માથે આપણી ખરી રહેનુમાઇ સારૂ દીનનો પેશવા જોઈએ અને હાલમા મુ॰ શેઠ સોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાના ટ્રસ્ટીઓ તરફથી જે ઠેડાવ આજે આએ અનજુમનમા વાંચ્યો છે કે હાલમા વડા દસ્તુરની જગા ઉપર ખાન બહાદુર દસ્તુર હોશંગજી તથા નાએબે દસ્તુર તરીકે દસ્તુર કેકોબાદ આદરબાદને ઠેડવીઆ છે અને તે ઠેડાવમા એમ સમજાવ્યુ છે કે હાલના વડા દસ્તુર હોશંગજીની હૈયાતી બાદ આપણા વડા દસ્તુર કેકોબાદ થશે જે વાજબી છે, અને તે મુજબ ખાન બહાદુર દસ્તુર સાહેબ હોશંગજી સરવે રીતે લાયકી ધરાવે છે તથા તેઓના દસ્તુરી દરજ્જા વિષે અત્રે વધુ બોલવું બીન અરથ છે તેઓને આપણા જરથોસ્તીઓ પોતાના સરવતપનાહ યાને દસ્તુરે દસ્તુરાન ઠેડવવાને માટે સમસ્ત અનજુમન રાજી થશે તેમજ મરહુમ દસ્તુરાને દસ્તુરજી સાહેબ નોશેરવાનજીના નબીરા દસ્તુરજી સાહેબ કેકોબાદ આદરબાદ નાયબે દસ્તુર જે આએ અનજુમનમા ઠેડવાયા છે–એ બેહુ સાહેબોને અનજુમન તરફથી ઇંધાણી તરીકે આએ સાલ નજર કરવાની રજા લઉ છુ."

"અનજુમનના ઠેડાવથી–શેવક ધનજીશાહ જમશેદજી."

એ મુજબ મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજીની દસ્તુરી જગા ઉપર દસ્તુર હોશંગજીને વડા દસ્તુર ઠરેલા જોઇ પુણા તથા બીજા પથકોના જરથોસ્તીઓએ મુબારકબાદીના માનપત્રો આપી

પોતાનો ખરો સંતોષ અને હરખ જાહેર કર્યો હતો.

દસ્તુરી ગાદી ઉપર બીરાજમાન થવા પછી જેમ એક હાથ ઉપર એવણુની દસ્તુરી સલતનતમાં વધારો થયો હતો તેમ બીજા હાથ ઉપર એવણુના દસ્તુરી દરજ્જા અને કાબેલ્યતની હિન્દ અને યુરોપની સરકારો તરફથી વધુ કદરસનાશી થતી ચાલુ રહી હતી દસ્તુરી પદ પામના અગાઉ એ દસ્તુરજીની કારકીરદી જેમ અગત્યના બનાવોથી ભરપુર હતી તેમ દસ્તુરી આસન ઉપર આવવા પછી એવણુ સાહેબની ધર્મગુરૂ તરીકેની કારકીરદી કઈ ઓછી ઝહલકતી નીવડી ન હતી. પુણા ઉપરાંત સોલાપુર, હેદરાબાદ, જાલના, ઔરંગાબાદ, મહુ, નીમચ અને નસીરાબાદના પથકો એવણુને પોતાના પીતા તથા વડા ભાઈ તરફથી દસ્તુરી વારસામા મલ્યા હતા. ત્યાર પછી ઈગતપુરા, ભુસાવલ, ખંડવા, બદનેરા, નાગપુર, અજમેર, બેલગામ તથા દેવલાલી વીગેરે બીજા શહેરોના પથકો એવણુની દસ્તુરી હકુમત હેઠલ આવ્યા હતા દખણના વડા દસ્તુર ઠર્યા પછી થોડાજ મહીનામા યાને તા૦ ૨૪ મી ફેબ્રુઆરી ૧૮૮૫ ને દીને મુંબઇ સરકારે એવણુને પહેલા વર્ગના સરદારની પદવી એનાયત કરવા સાથ સરકારી "લેવી" મા "પ્રાઇવેટ એનટરી" નો હક બક્ષ્યો હતો એ સરદારી પદવીને લગતો ખીલઅત આપવાની ક્રીયા મહારાણી વીકટોરયાની વરસગાઠને દીને યાને તા૦ ૨૪ મી મેએ ૧૮૮૫ ને દીને મોહટી દરબાર હજુર કરવામા આવી હતી તેમજ તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૮૬ ને દીને વીએના યુનીવરસીટીની ફેકલ્ટીની ખાસ સીફારસ ઉપરથી ઓસ્ત્રીઆના શહેનશાહ ફરાનસીસ જોસફ પહેલાએ "દોકતર ઓવ ફીલોસોફી" (PH D) નો નામીચો ખેતાબ બક્ષી દસ્તુર હોશંગજીના દીનદારી અને ફીલસુફી જ્ઞાનની ખરી પીછાણ કરી હતી એ વીશેનુ તા૦ ૨૭ નવેમબર ૧૮૮૬ ના "વીએના વીકલી ન્યુસ" મા નીચલુ લખાણ જોવામા આવે છે —

"For the first time since its existence the Philosophical Faculty of the vienna university has conferred that degree of Doctor Honoris Causa on an oriental Savant, the Professor of Persian at the Deccan College at Puna, Khan Bahadur Dastur Hoshangji J Asa, who is also High Priest of the Parsees in the Dekhan The choice of the Faculty has lately been Sanctioned by his Majesty the Emperor. The new Honorary Doctor received an English education in India and belongs to one of the most distinguished priestly families of the Parsees He has well deserved his distinction by placing at the disposal of Professor Geldner his valuable Avesta MSS which are now being published by Professor Geldner with the assistance of the Imperial Academy in vienna"

આ ખેતાબને લગતી સનદ નીચે મુજબ છે —

Suma Auctoritate

Augusessimi Imperatoris Ac Regis

Francis Josephi I

In Universitate Litterarum Vindobonensi

Nos

Robertus Zunmermann Philosophial Doctor et professor Publicus ordinarius Imperatoris Austriae A counsilus Aulae Academiae Scientiarum vindobonensis Socius.

H. T. Universitatis Rector

Jacobus Schipper Philosophiae Doctor Philologiae, Anglicae Professor Publicus ordinarius ordinis Philosophorum H. T Decanus

Georgeus Bulher Philosophiae Doctor Philologiae et Autiquitatum Indicorum Professor Publicus ordinarius Academiae Scientiarum vindobonensis Socius Promotor Rite Constitutus.

Ex Decreto ordinis Philosophorum quod Comprobatum est Imperatoris Augustissimi Sententia Lata Die xxiii Mensis Septembris Henus Anvi Ac Nobiscum

Eiusdem Mensis Die xxviii Per Virumqui.

Est Acura Rerum Sacrarum

Et Scholosticarum Communicata

In

Virum Illustrissimum

Hoshangem Jamaspae Filium Asam

Summum Persarum In Terra Quae Deccan Vocatur Sacerdatum Professorem Linguae Persicae In Collegio Deccanensi Publicum ordinarium Nominis quod Est Khan Bahadur Honore ornatum Qui et Vetere Ilia Quae In India Per Multa Saecula Flornit Et Ea Qual Nostra Aetate Condita Est In Germania Desciplina Excultus De Litteris Autiquis Linguisque Et Zendicis Et Pehlevicis Illustrandis at Qui Explicandis Egregie Et Praeclare Mernit

Honoris Causa

Philosophiae Doctoris Nomen Juraet Privilegia contulimus In Einsque Rei Fidem Hasce

Litteras Universitatis

Sigillo Sanciendas curavimus

Vendobonae Die xxviii M Septembris

MDccc Lxxxvi

ઉપલી સનદનો ઇંગ્રેજી તરજુમો નીચે મુજબ છે —

By Supreme Authority

of

The most August

Emperor and King

Francis Joseph I

In the University of Arts of Vindoban

We

Robert Zimmermann, Doctor of Philosophy and Professer Public and ordinary Counsellor at the Court of the Emperor of Austria, Fellow of the Acedemy of Sciences of Vindoban; Jacobus

Scipper, Doctor of Philosophy and Philology, Auglican Professor of the order of Philosophers H. T. and Public ordinary Dean; George Bulher, Doctor of Philosophy, Professor of Philology and Technic Archeology and Public ordinary of the Academy of Sciences, Fellow of Vindoban Promotor rightly (Legally) appointed by the decree of the order of Philosophers which was approved by Sentence of the most August Emperor, given on the 23rd of September of this year and with us on the 29th of the same month by the man who has charge of the sacred and ecclesiastical things. Communicated to the most illustrious Hoshang Jamasp Son of Asa, High Priest of the Parsis in the Deccan, Professor of Persian language in the Deccan College and Public ordinary with the title of Khan Bahadur who being trained in that ancient discipline which flourished for many centuries in India and which has been established in Germany, distinguished himself most conspicuously in expounding and illustrating the zendicis (Zend) and Pehlevicis (Pehlvi) languages. To honour him we confer upon him the Name, Right and Privileges of Doctor of Philosophy in confirmation of which we order that this letter be sanctioned by the seal of the University. Vindoban 28th September 1886.

મજકુર સનદ વીએના યુનીવરસીટીએ દસ્તુરજીને સપુર્દ કરવા માટે દખણ કોલેજના પ્રીનસીપાલ મી○ ઓક્ષેનહામ ઉપર મોકલી આપવામા આવી હતી, જે તેવણે તા○ ૧૪ મી માર્ચ ૧૮૯૭ ને દીને કોલેજના પ્રોફેસરો, ફેલોઝો અને વિદયારથીઓના મેલાવડા સનમુખ દસ્તુરજીની વિદવતાની ઘટતી સ્તુતી કરીને તેવણને હવાલે કરી હતી

દસ્તુરજીના સંગીન દીનદારી એલમ અને ફીલસુફી જ્ઞાનની કદરસનાશી માત્ર " દોકતર ઓવ ફીલોસોફી "ના નામીચા ખેતાબથી જાણે પુરતી રીતે થઇ ન હોય તેમ હિન્દની નામદાર સરકારે ઇ. સ. ૧૮૯૦ ના જાનેવારી માસમા " શમસુલ ઓલમા "નો માનવતો ખેતાબ એનાયત કરી એવણની દસ્તુરી લીઆકાત અને ફઝીલતની વધુ કદર બુજી હતી ખરી રીતે જોતાં " શમસુલ ઓલમા "નો ખેતાબ સરકારને સુચવનાર ખુદ દસ્તુર હોશંગજી પોતે હતા. તે એવી રીતે કે ઇ સ. ૧૮૮૭ ની મહારાણી વિકટોરયાના અદલ રાજના ૫૦)મા વરસની જુબીલીની યાદગારીમાં નામાકીત પારસી અને મુસલમાન ઓલમાઓના એલમને અનુસરતો એક ખેતાબ સુચવવાની હિન્દના તે બખતના વાઇસિરોય લોર્ડ દફરીને દસ્તુર હોશંગજીને એલતેમાસ કરી હતી અને તે ઉપરથી " શમસુલ, ઓલમા " એ નામનો બ ધબેસ્તો ખેતાબ વિદવાન ગૃહસ્થોને એનાયત કરવાની એ દસ્તુરજીએ મજકુર વાઇસરોયને સુચના કરી હતી, તો જોકે એજ ખેતાબ એવણને ત્રણ વરસ પછી એનાયત થયો હતો. પોતાના માનવત સરનશીનને તેવણના એલમને છાજતો "સમસુલ ઓલમા"નો ખેતાખ એનાયત થયો તેની ખુશાલીમા પુણાની " બઝમે રૂઝે બેહરામ " મંડલીએ તા○ ૨૧ મી માર્ચ ૧૮૯૦ ને દીને બાનુઓ અને ગૃહસ્થોના મોહટા મેલાવડા હજુર એવણને માનપત્ર અને ઝીઆફત આપી પોતાની ખુશાલીનો ઉભરો બાહેર પાડયો હતો. તેમજ એજ મીજલસમાં દખણ હેદરાબાદ, બીરાર, ભુશાવલ અને જાલનાના જરથોસ્તીઓ તરફથી આવેલાં માનપત્રો સીઆસો અને બીજી ભેટો દસ્તુરજીને આપવામા આવી હતી. એ બનાવની ખુશાલીમાં બીરારના

જરથોસ્તીઓએ માનપત્ર અને સીઆલ આપવા ઉપરાંત પોતાના નામીચા ધર્મગુરૂની બે મોહટી તસ્વીરો ચીતરાવીને એક બદનેરાની દરેમેહરમાં અને બીજી આકોલાની દરેમેહરમાં ખુલ્લી મુકી હતી. હૈદરાબાદવાલા મોગલ શાએર મીરજા ઇસમાઇલ દુરદીએ દસ્તુર હોશંગજીનુ જન્મ ચરીત્ર ફારસી ઝબાનમા લખીને તેના ચોપાન્યાંઓ મોગલાઇ રીઆસતના જુદા જુદા ભાગોમાં વેહચ્યાં હતા. તેમજ અમદાવાદના જરથોસ્તીઓ તરફનુ માનપત્ર ત્યાંની અનજુમને ઠેડવેલા દેપ્યુતેશનની મારફતે મોકલી આપવામાં આવ્યું હતુ. એ ખેતાબને લગતી સનદ અને ખીલઅત આપવાની ક્રીયા મુંબઈના ગવરનર લોર્ડ રૈએ તા૦ ૧૨ મી માર્ચ ૧૮૯૦ ને દીને મુંબઇના કાઉનસીલ હાલમા મોહટી દરબાર હજુર કરી હતી.

સરદાર દસ્તુર હોશંગજી એક વડા ધર્મગુરૂને છાજતી પાકી પરહેઝગારી, દીનદારી એલમ અને ફીલસુફી જ્ઞાન ધરાવવા જોડે પોતાના લાચાર જાતભાઇઓ તરફ આફ્ત અને સંકટ વખતે દીલસોઝી બતાવી તેઓને દુખમાથી છોડવવાનો ઉત્તમ ગુણ ધરાવતા હતા, જેના અનેક દાખલાઓમાંથી માત્ર બેજ દાખલાઓની હયા નોધ લઈ સંતોષ પામીશું ઇ સ. ૧૮૯૦ માં સુરતમા મોહટી આગ લાગવાથી અને ત્યારબાદ રેલ આવવાથી લોકોના જાન માલને મોહટી હાની પહોંચી હતી અને અમનીઆતાએ ઘણાક જરથોસ્તીઓને ઘરબારવનાના કરી નાખ્યા હતા. આ વખતે સરદાર દસ્તુર હોશંગજીએ પોતાની આઇન ફરજ સમજી પોતાની આગેવાની હેઠલ આગ અને રેલ નીવારણ ફંડ ઉભું કીધું અને પોતાની જાતી મેહનત અને લાગવગથી સારૂં નાણુ ભરાવીને સુરતવાલા શેઠ કુવરજી કાવશજી સબાવાલા ઉપર ગરીબ જરથોસ્તીઓમા વેહચી આપવા માટે મોકલી આપ્યું હતું. તેમજ ઈ સ. ૧૮૯૯ માં પુણામા મરકી પુર જોશમાં ફાટી નીકલી તે વખતે પારસીઓ માટે ખાસ હોસ્પીટલ સ્થાપવામાં અને તેના નીભાવ માટે માસીક હફ્તાવાલી યોજના ઘડવામાં એ મરહુમ દસ્તુરજીની મુખ્ય આગેવાની હતી.

પોતાના મરહુમ પીતા દસ્તુર જામાસ્પજી અને મરહુમ વડા ભાઇ સરદાર દસ્તુર નોશેરવાનજી સાહેબે પોતાના દસ્તુરી અમલ દરમ્યાન જેમ ઘણીક દરેમેહરો તથા દુખમાઓ પોતાની દસ્તુરી દેખરેખ હેઠલ પરહાવી પોતાની યાદગારી કાયમ રાખી ગયા છે તેમ દસ્તુર હોશંગજીએ પણ દખણની દસ્તુરી ગાદી ઉપર આવ્યા પછી ઘણીક દરેમેહરો તથા દુખમાઓ પોતાની દસ્તુરી દેખરેખ, સલાહ અને ઉપરીપણા હેઠળ પરહાવી પોતાનું નામ તે પવિત્ર મકાનો સાથ જોડેલુ રાખ્યુ છે. પોતાની દસ્તુરી કારકીરદીમાં સૌથી પહેલી દરેમેહર જે પરઠાઇ હતી તે ઇગતપુરાની અનજુમનને ખરચે બંધાયલી દરેમેહર હતી. એ દરેમેહર રોજ ૫ મો માહ ૧૦ મો સને ૧૨૫૬ યઝદજરદી તા૦ ૧૯ મી જુન ૧૮૮૭ ને દીને પરઠીને ખુલ્લી મુકવામાં આવી હતી કે જે વખતે દસ્તુરજીએ આતશની બુલંદી ઉપર એક અસરકારક વાઅજ કહી સંભલાવી હતી. રોજ ૬ ઠો માહ ૪ થો સને ૧૨૫૯ યઝદજરદી, તા૦ ૨૧ મી દીસેમબર ૧૮૮૯ ને દીને બદનેરામા અનજુમનની દરેમેહરને પરઠવાની ક્રીયા એવણના ઉપરીપણા હેઠળ કરવામાં આવી હતી અને દસ્તુરજીએ આવા સુભ કામની જરૂર ઉપર એક નાદર વાઅજ કરી હતી કલકતાવાલા શેઠ ધનજીભાઇ બેહરામજી મેહતાએ બંધાવેલી દરેમેહરને રોજ ૯ મો માહ ૯ મો સને ૧૨૫૯ યઝદજરદી તા૦ ૨૩ મી મેએ ૧૮૯૦ ને દીને દસ્તુરજીએ મોકલેલા મોબદોએ એવણની સલાહ મુજબ ઇજી હતી. આકોલામા પોતાના મરહુમ બાનુશ્રીની નૈસ્તે બંધાવેલી દરેમેહર ઘણી પુરાણી થાવાથી તેને પોતાના ભાઇઓની મદદ સાથ નવેસરથી બંધાવી રોજ ૨૪ મો માહ ૨ જો સને ૧૨૬૧ યઝદજરદી તા૦ ૫ મી નવેમબર ૧૮૯૧ ને દીને જશન કરી ખુલ્લી મુકી હતી. જશનની ક્રીયા પુરી થવા પછી પોતાના પેદા કરનાર કીરતારને હરઘડી યાદ કરવાની માણસ જાતની ફરજ અને બંદગીની જરૂર ઉપર દસ્તુરજીએ કેટલુંક વિવેચન કર્યું હતું. બેલગામમાં શેઠ પેશતનજી ખુરશેદજી બાપૂસે બંધાવેલી દરેમેહર એવણે રોજ ૨૪ મો માહ ૩ જો સને ૧૨૬૧ યઝદજરદી તા૦ ૫ મી દીસેમબર ૧૮૯૧ ને દીને પોતાના ઉપરીપણા હેઠલ

પરઠાવી હતી અને જરથોસ્તીઓને સુલેહસંપજથી રહેવાની સલાહ આપી હતી. ત્યાર પછી થોડેજ દીવસે યાને રોજ ૬ ઠો માહ ૪ થો સને ૧૨૬૧ યઝદજરદી તા૰ ૨૧ મી દીસેમબર ૧૮૯૧ ને દીને પુણા મધે "નોશેરવાનજી માણેકજી પીટીટ હોલ" ખુલ્લો મુકવાની ક્રીયા એવણના ઉપરીપણા હેઠલ કરવામા આવી હતી અને એ મકાનના વપરાસની પરવાનગી આપવાનુ કામ એવણને સોંપવામાં આવ્યુ હતુ. નાગપુરમા શેઠ નોશેરવાનજી માણેકજી મુલ્લાએ બંધાવેલી દરેમેહરમાં આતશ આદરાનને તખ્તનશીન કરવાની સઘલી ક્રીયા એ દસ્તુરજીની દેખરેખ અને ઉપરીપણા હેઠળ રોજ ૨૦ મો માહ ૨ જો સને ૧૨૬૫ યઝદજરદી તા૰ ૪ થી નવેમબર ૧૮૯૫ ને દીને કરવામાં આવી હતી આ વખતે એવણે પ્રસંગને અનુસરતી એક બોધકારક વાઅજ કહી સંભલાવી હતી. નીમચમાં મરહુમ શેઠ કાવશજી જીવણજી કનત્રાકટરના વારસોએ પોતાના પીતાના પુણ માટે એક દરેમેહર બંધાવી હતી તેને પરઠવાની ક્રીયા એવણ તરફથી મઉના દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ કરાવી હતી અને રોજ ૫ મો માહ ૫ મો સને ૧૨૬૭ યઝદજરદી તા૰ ૧૭ મી જાનેવારી ૧૮૯૮ ને દીને જશન કરી ખુલ્લી મુકી હતી.

અજમેરમાં શેઠ નવરોજી રૂસતમજી કલ્યાણીવાળાના પુણને માટે એક દરેમેહર બાંધવામાં આવી હતી તેને પરઠવાની સઘલી ક્રીયા રોજ ૮ મો માહ ૧૧ મો સને ૧૨૬૭ યઝદજરદી તા૰ ૧૫ મી જુલાઇ ૧૮૯૮ ને દીને એ દસ્તુરજીએ પોતાના ઉપરીપણા હેઠલ કરાવી હતી. એ વખતે એવણે એક અસરકારક વાઅજ કરી દર હમકારે દરેમેહરમાં બંદગી કરવા આવવા માટે હાજર થએલાઓને સુચના કરી હતી જેમ દરેમેહર પરઠવાની સુરૂઆત ઇગતપુરાથી થઇ હતી તેમ દુખમુ પરઠવાની શુરૂઆત પણ એજ મથકેથી થઈ હતી. ઇગતપુરાનુ દુખમુ પરઠવાની સઘલી ક્રીયા દસ્તુર હોશંગજીએ પોતાના ઉપરીપણા હેઠલ કરાવી તેને રોજ ૧૬ મો માહ ૯ મો સને ૧૨૫૪ યઝદજરદી તા૰ ૩૧ મી મેએ ૧૮૮૫ ને દીને ખુલ્લું મુકયુ હતુ સઘલી ક્રીયા પુરી થાવા પછી એવણે દુખમુ બાંધવાની અગત ઉપર એક વાઅજ કરી હતી. ત્યાર પછી અજમેરનુ દુખમુ રોજ ૨૬ મો માહ ૬ થો સને ૧૨૫૭ યઝદજરદી તા૰ ૧૧ મી માર્ચ ૧૮૮૮ ને દીને અને ભુશાવળનુ દુખમુ રોજ ૨૯ મો માહ ૪ થો સને ૧૨૫૮ યઝદજરદી તા૰ ૧૩ મી જાનેવારી ૧૮૮૯ ને દીને એવણની દસ્તુરી દેખરેખ અને ઉપરીપણા હેઠલ પરઠાયા હતા જે વખતે એવણે પ્રસંગને અનુસરતી વાઅજો કહી સંભલાવી હતી આબુ રોડનુ દુખમુ રોજ ૧ લો માહ ૭ મો સને ૧૨૫૮ યઝદજરદી તા૰ ૧૬ મી માર્ચ ૧૮૮૯ ને દીને એવણની તરફથી મઉવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ પોતાની જાતી દેખરેખ હેઠલ પરઠાવ્યુ હતુ. ત્યાર પછી બીરારમા બે દુખમાઓ બંધાયા હતા જેમાનુ પહેલુ બદનેરા ખાતેનુ દુખમુ રોજ ૬ થો માહ ૭ મો સને ૧૨૬૨ યઝદજરદી તા૰ ૨૦ મી માર્ચ ૧૮૯૩ ને દીને દસ્તુરજીના ઉપરીપણા હેઠલ પરઠાયુ હતુ, જ્યારે બીજુ દુખમુ આકોલા ખાતેનુ હતુ જેને પરઠવાની સઘલી ક્રીયા એ દસ્તુરજીએ પોતાની દસ્તુરી દેખરેખ હેઠલ કરાવી હતી અને તેને રોજ ૬ થો માહ ૬ થો સને ૧૨૬૪ યઝદજરદી તા૰ ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૯૫ ને દીને જશન કરી ખુલ્લુ મુકયું હતું. એ બેહુ વખતે દસ્તુરજીએ દુખમાની બુઝોરગી અને રૂવાનને અગનીદાહ, જલદાહ અને ભુમીદાહ કરવાની જરથોસ્તી મજહબની મનાઇ ઉપર અસરકારક વાઅજ કરી હતી. ઇદોરનુ દુખમુ પરઠવાની ક્રીયા એવણ તરફથી મઉવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ પોતાના ઉપરીપણા હેઠલ રોજ ૧૫ મો માહ ૬ થો સને ૧૨૬૭ યઝદજરદી તા૰ ૨૬ મી ફેબ્રુઆરી ૧૮૯૮ ને દીને કરાવી હતી. એવણ સાહેબના ગુજરવાની ચાર મહીના અગાઉ જે છેલ્લું દુખમુ પરઠાયું હતું તે દેવલાલી ખાતેનુ હતું જેને પરઠવાની ક્રીયા એવણના ફરમાન મુજબ એવણના જાનશીન દસ્તુર કેકોબાદ આદરબાદે રોજ ૧૯ મો માહ ૩ જો સને ૧૨૭૭ યઝદજરદી તા૰ ૧ લી ડીસેમબર ૧૯૦૭ ને દીને પોતાના ઉપરીપણા હેઠલ કરાવી હતી. એ મુજબ દેશાવર ખાતે બધી મલી ૮) દરેમેહરો અને ૮) દુખમાઓ એ દસ્તુરજીના દસ્તુરી અમલ દરમ્યાન હસ્તીમા આવ્યાં હતા કે જેને

પરઠવાની ક્રીયા વખતે દસ્તુરજીને પોતાના દરજજાને છાજતો આવકાર મલવા સાથ માનપત્રો સીઆલો વીગેરેની ભેટો થઇ હતી

ઈ સ ૧૮૮૯ માં શેઠ હોરમજી દોરાબજી કામાએ જરથોસ્તીઓના ઉતારા માટે સોલાપુરમાં એક ધર્મશાલા બંધાવી હતી તેને રોજ ૩૦ મો માહ ૭ મો સને ૧૨૫૮ યઝદજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ ૧૮૮૯ ને દીને દસ્તુરજીએ અવસ્તા કલામમાં દુઆ ચાહવા પછી દેશી રીત પ્રમાણે નાલીયર ભાંગી એક રૂપાની ચાવીથી ખુશાલીના પોકાર વચ્ચે ખુલ્લી મુકી હતી ત્યાર પછી ધર્મશાલાના હોલમાં તેમને માટે ખાશ બનાવેલી ઉંચી બેઠક ઉપર બેસાડીને અનજુમન તરફનુ માનપત્ર એક કીમતી સીઆલ સાથ એનાયત કરવામા આવ્યુ હતુ.

દસ્તુર હોશંગજીની દસ્તુરી પદ પામવા અગાઉ અને ત્યાર પછીની ઝહલકતી કારકીરદીથી વાકેફ થાવા પછી હવે હમો એવણના રચેલા ગ્રંથોનું બ્યાન કરવુ દરૂસ્ત ધાર્યે છીએ. જેમ આગલા સફા ઉપર જણાવ્યું તેમ પહેલવી ભાપાના અધુરી હાલતમાં પડી રહેલા પુસ્તકો "એડીત" કરી છપાવાના કામ માટે મુબઇ સરકારે દસ્તુર હોશંગજીની તા૦ ૫મી માર્ચ ૧૮૬૬ ને દીને નેમણુક કરી હતી તે મુજબ એવણની રચેલી "ઓયુમ-યક" અથવા "જંદ-પહેલવી ગ્લોસરી" તા૦ ૨૫મી અકટોબર ૧૮૬૭ ને દીને અને "પહેલવી-પાજંદ ગ્લોસરી" તા૦ ૧૩ મી એપ્રીલ ૧૮૭૦ ને દીને મુંબઇ સરકારના ખરચથી જરમનીમા છપાઇ બહાર પડી હતી. એ બેહુ પુસ્તકો વિદ્વાન મંડળમાં ઘણા વખણાયા હતા એટલુજ નહી પણ ઝબાનસનાસીના કાયદા ઉપર ઘટટી નુકતેચીની સાથ એ બેહુ પુસતકો રચનાર પહેલવેહલા દસ્તુર એવણ હતા. એ "ઓયુમ-યક"ના દીબાચામા સરદાર દસ્તુર હોશંગજીએ યુરોપ્યન અભ્યાસીઓની તરફદારી કરવાથી અને બીજાઓને વીસારી મેલવાથી જંદ-પહેલવીના અભ્યાસીઓમા ભારે ચકચાર થાઇ હતી. મરહુમ વિદ્વાન શેઠ ખુરશેદજી રૂસતમજી કામાજીએ પોતાના "જરથોસ્તી અભ્યાસ" નામના ચોપાન્યામા એ પુસ્તકની ઘટતી વખાણુ કરીને બીજા દસ્તુરોને એવણને પગલે ચાલવાની ભલામણ કરી છે ઉપલા બેહુ પુસ્તકોમાં આવેલા કેટલાક વાકયો અને શબ્દો ઉપર "મુંબઈની જરથોસ્તી દીનની ખોલ ક [illegible] મંડલી"ની કેટલીક બેઠકોમાં વિદ્વાન શેઠો ખુરશેદજી રૂસતમજી કામાજી, જમશેદજી દાદાભાઇ નાદરશાહ તથા એરવદ શેહરયારજી દાદાભાઇ ભરૂચાએ તકરારો ચલાવી હતી તા૦ ૧૦ મી અકટોબર ૧૮૭૦ ને દીને મુંબઇવાલા એરવદ પેશતનજી કાવશજી રબાડીએ "હાદીએ મઝદયશનાન" નામનું પુસતક એવણની તપાસ હેઠલ છપાવી બહાર પાડ્યુ હતું. એવણનો પહેલવી હરૂફે લખેલો વીરાફનામા, ગોસ્તે ફરીયાન તથ: હાદોખ્ત નુસ્કનો તેક્સ્ત દોકતર હોગ તથા દોકતર વેસ્ટે તા૦ ૧૦ મી દીસેમબર ૧૮૭૨ ને દીને ઈંગ્રેજી તરજુમાઓ સાથે મુબઈ સરકારના હુકમથી છપાવી બહાર પાડયો હતો એ ત્રણ ગ્રંથો પછી વિરાફનામાનો શબ્દકોષ તથા શેકનગુમાની વજાર નામના બે પુસ્તકો છપાઈ બહાર પડ્યા હતાં આમાનું છેલ્લુ પુસ્તક એવણે દોકતર વેસ્ટ સાથ અસલ પહેલવી, પાજંદ અને સંસ્કૃત હરૂફે તેને લગતા શબ્દકોષ સાથ ઇ. સ. ૧૮૮૭ ના અકટોબર મહીનામા મુંબઇ સરકારને ખરચે છપાવી બહાર પાડ્યુ હતુ. એવણે વંદીદાદ-જંદ પહેલવી તેક્સ્ત, નોટશ અને ગ્લોશરી સાથ "એડીત" કરીને ઈ. સ. ૧૮૭૬ માં ઈંગ્લાંડ ખાતે દોકતર વેસ્ટ ઉપર છપાવા માટે મોકલી આપ્યો હતો, પણ તે વિદ્વાનની અનેક રોકાણોને લીધે એ પુસતક ૨૦ વરસ સુધી વગર છાપાવે પડી રહયુ. એ દાહેકાના અરસામાં જંદ-પહેલવીના અભ્યાસમાં ઘણો સુધારો વધારો થાવાથી એ વંદીદાદનું પુસ્તક ફરીથી "એડીત" કરવા માટે ઇ. સ. ૧૮૯૬ મા એ દસ્તુરજી ઉપર પાછુ મોકલી આપવામાં આવ્યુ. આ વખતે એવણની ફરજોના બોજાથી અને બુઝોરગીની ચાલુ નાતવાનીના સબબથી એ કામ નવેસરથી બજાવાને એવણ જોકે તદન અશકત હતા, છતા ખંત અને કાલજીથી એ કામ ઉપર મંડીને સઘલા હસ્તપત્રો નવેસરથી લખી તૈયાર કીધા. જયારે વધુ બોજો ઉપાડવાની એવણની દેહે યારી ન આપી ત્યારેજ મી૦ જાઇલ્સ તે "દીરેક્તર ઓવ પબલીક ઈન્સત્રકશન"ની ભલા-

મણુથી એ કામ સરકારે પોતાને હસ્તક લીધું અને મી૦ મેહરવાનજી માણેકજી ગંદેવીઆને ચોક્કશ મોજદ ઠેડવી આપીને એ કામ તેવણુને સોંપવામા આવ્યુ. એ મુજબ એ દસ્તુરજીની દેખરેખ હેઠલ વદીદાદનુ પુસતક છેક ૩૨) વરસે એવણના મરણુની થોડુંક આગમચ છપાઇ બહાર પડયું એવણુના રચેલા સઘલા પુસતકોની હિન્દ અને યુરોપના વિદ્વાન મંડલમાં ઘણી તારીફ થઇ છે અને મરહુમ દોકતર હોગ પોતાના "Essays on the Parsees" નામના ગ્રંથમાં એદસ્તુરજીના બોહલા ગ્યાન અને ઉચી લીઆકાત માટે નીચે મુજબ લખી જાએ છે —

"In their original state the works displayed a very considerable Knowledge of Pahlavi on the part of Dastur Hoshangji who had disposed of many of the chief difficulties which might otherwise have troubled the reviser, most of the corrections required were due to additions and to the progress of knowledge in the interval between the first preparation and the publications of the work."

ઉપલાં ગ્રંથો છપાઇ બહાર પડવા પછી દસ્તુર હોશંગજી યુરોપ્યન વિદવાનોની જાણુમાં આવ્યા અને તેઓ એવણુને જરથોસ્તી મજહબની "ઓથોરીટી" તરીકે ગણુવા લાગા જ્યારેબી યુરોપ્યન વિદ્વાનો હિંદુસ્તાન આવતા ત્યારે દસ્તુર હોશંગજી સાથ જરથોસ્તી ધર્મની બાબદો ઉપર વાદવિવાદ કરવાનો પહેલી જોગવાઇએ ટક હાથ ધરતા હતા આ વિદવાનોમા સર મોન્યર વિલીયમસ, પ્રોફેસર દારમેસતેતર, દોકતર એનડરીયાસ, શીવાલીઅર દોકતર સીઝર, દોકતર યાગોર અને દોકતર જેકોબી મુખ્ય હતા, કે જેઓએ દસ્તુર હોશંગજી સાથની વાદવિવાદ દરમ્યાન જરથોસ્તી ધર્મને લગતી બારીક બાબદોની માહીતી મેલવી હતી. તેમજ દોકતર વેસ્ટ, દોકતર મીલ્સ અને દોકતર ગેલ્ડનેર સાથ ધર્મને લગતી જીકરો વીશેનો પત્રે વેહવાર છેવટ સુધી ચાલુ રહયો હતો. ઉપલા છ પુસતકો ઉપરાત એવણે યઝશને તથા ખુરદેહ અવસ્તાનો ગ્લોસરી અને નોટશ સાથે પહેલવીમાં તરજુમો કર્યો છે તેમજ દીનકર્દનુ શાકલ્યુ અને પાજંદ પુસતકો અને ભણુતરોમાં આપેલા શબ્દોનો કોષ રચ્યો છે એ સઘલાં પુસ્તકો હાલ મુંબઈ સરકારને હસતક વગર છપાવે પડી રહયાં છે એ શાવાય એવણે નીરંગની તરફેણમા "મઝહરહુલ હકાયક" નામનુ ચોપાન્યુ લખ્યુ છે જે છપાઇ બહાર પડયુ નથી.

શાએરી કરવાની શકતી કુદરતે દસ્તુર હોશંગજીના મગજમાં બચગીથીજ ઉતારી હતી એવું હમો આગલ જણાવી ગયા છીયે હયા માત્ર એટલોજ ઇસારો કરવો બસ થશે કે મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ સાહેબના સાહેબજાદાઓના ઈગ્રેજી ઉસ્તાદ મી૦ દબલ્યુ એચ હેમીલતનના મરણ ઉપર એવણે ફારસી નઝમમા લખેલી "વફાત" અને જોડેલી બે મોનાજાતોમા એ દસ્તુરજીની શાએર તરીકેની ઉંચા પ્રકારની શકતી પ્રગટી નીકલે છે. એવણુનો લગનના આશીરવાદનો ગુજરાતી કવીતામા કીધેલો તરજુમો તા૦ ૨૩ મી માર્ચ ૧૮૫૮ ને દીને દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ છપાવી પ્રગટ કર્યો હતો. એ નઝમરૂપી તરજુમા માટે ગુજરાતના પ્રખ્યાત કવેશ્વર દલપતરામ દાહયાભાઇ સી આઈ. ઇ. તથા કવી નર્મદાશંકરે સારા વિચારો દર્શાવ્યા હતા.

વડા દસ્તુરના ઓહ્દા ઉપર આવ્યા પછી દસ્તુર હોશંગજી પોતાના બાપીકા વતન અને પોતાની જન્મભુમી નવસારી ખાતે ત્રણુ વખત પધાર્યા હતા. પહેલી પધરામણી ઇ સ. ૧૮૭૧ માં બીજી ૧૮૯૯ માં અને ત્રીજી ૧૯૦૬ માં થઇ હતી, અને એ ત્રણે પધરામણીઓ પોતાના તથા પોતાના ભાઇઓના નબીરાઓને હેરબદની પદવી અપાવા માટે થઇ હતી. એ ત્રણે વેળાએ નવસારીના અકાબરો તથા અનજુમન તરફથી મોહટો આવકાર મલવા સાથ નાવરોની મીજલસમાં લગભગ ૨૪)

સીઆલો હેરાડવામા આવી હતી. તેમજ મીનોચેહર હોમજીના પંથવાલા મોબદો અને નવસારીની "બઝમે રૂઝે અહુરમઝદ" તરફથી દસ્તુરજીને માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં.

૨૬) વરસ સુધી ઈંગ્રેજ સરકારની નોકરી બજાવી અને ૧૮) વરસ સુધી દખણ કોલેજના પ્રોફેસરનો ઓધ્ધો સરકારના સંતોષ અને વિદ્યારથીઓની પ્રીત વચ્ચે ચલાવી દસ્તુર હોશંગજી તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૯૨ ને દીને પેનશન ઉપર રીટાયર થાયા કે જે વખતે નીચલો સરકારી ઠેરાવ બાહેર પાડવામાં આવ્યો હતો:—

"The Director of Public Instruction should be requested to inform Sham-Sul-Ulma Sirdar Khan Bahadoor Hoshang Jamasp Dastur that the Governor in Council appreciates the loss which the Educational Service has sufferred from his retirement from the Deccan College, and the valuable Services rendered by him to Scholarship during his connection with the Deccan College"

પોતાની દસ્તુરી કારકીરદી દરમ્યાન દસ્તુર હોશંગજીએ પોતાના પવિત્ર મજહબની પુરાણી ભાષાઓ જંદ અને પહેલવી શાહીતની જે વધુ કીમતી શેવા બજાવી હતી તેનુ હયાં ટુંક બ્યાન કરવુ વ્યર્થ ગણાશે નહી મુબઇ ઇલાકાની "પ્રોવીનશીયલ સીવીલ સરવીસ" માટે મુંબઈ સરકારે કેટલીક ભાષાઓ મુકરર કરી હતી પણ જંદ અને પહેલવી ભાષાઓને કબુલ રાખવામા આવી ન હતી એ બાબદ ઉપર દસ્તુર હોશંગજીએ સરકાર સાથ પત્ર વેહવાર ચલાવી "પ્રોવીનશીઅલ સીવીલ સરવીસ" માટે મુકરર કરેલી ભાષાઓની ટીપમાં જંદ અને પહેલવી ભાષાઓ દાખલ કરવાની મજબુત સીફારસ કીધી અને તેનુ પરીણામ ઘણુંજ સંતોષકારક આવ્યુ સરકારે દસ્તુર હોશંગજીની સુચના કબુલ કરી જંદ અને પહેલવી ભાષાઓને "પ્રોવીનશીઅલ સીવીલ સરવીસ" માટે મુકરર કીધી. એ બાબદ ઉપર તા૦ ૯ મી મેએ ૧૯૦૧ ના "જામે જમશેદ" પત્રમા નીચલું લખાણ જોવામાં આવે છે.–

"દસ્તુર હોશંગજીએ અવસ્તા પહેલવીના અભ્યાસના વધારા માટે પોતાની જવાન વયથી ઘણુ કર્યું છે અને જોઇને ખુશી છીએ કે પોતની બુઝોરગ ઉમરે પણ તેવણ સાહેબ એ ભાષાના અભ્યાસની ખીલવણી માટે કાલજી રાખે છે ફકત આ ભાષાના અભ્યાસની ખીલવણી તરફ નહી જોતાં આપણા પારસી વિદ્યારથીઓના ભલા તરફ જોઇએ છીએ તો આપણને ખુશી થાવાનું કારણ મલે છે, કારણ કે હાલ જ્યારે આપણી યુનીવરસીટીએ એ ભાષાઓ કબુલી છે ત્યારે તે ભાષાઓમાં પસાર થયલા ગ્રાડયુએટોને પ્રોવીનસીઅલ સરવીસ માટે અભ્યાસ કરતા એ ભાષાઓની ફીદાગીરીમાં ખમવું પડતે એ અગવડ ત્યારે દસ્તુર હોશંગજીની મેહરબાનીથી ટળી છે."

પોતાની જીંદગીની સંધ્યાકાળે દસ્તુર હોશંગજીને અત્યાર આગમચના મલી ચુકેલા ચાર ખેતાબોમા જો એકનો વધુ ઉમેરો થયો હોય તો તે સી. આઇ. ઈ. (કમપેન્યન ઓવ ધી ઇન્ડિયન ઍમપાયર)નો ઉંચા દરજ્જાનો ખેતાબ હતો. તા૦ ૧ લી જાનેવારી ૧૯૦૬ ને દીને નામદાર સરકારે એવણને સી. આઇ. ઇ. નો માનવતો ખેતાબ એનાયત કરી દસ્તુરજીની તાજ તરફની વફાદારી, ઇમાનદારી અને બજાવેલી કીમતી સેવાઓની વધુ પીછાણ કરવા સાથ એવણની દસ્તુરી લીઆકાત અને ઓબાની અને એક જાહેર પુરષને છાજતા ઉત્તમ સદગુણોની ખરી કદર બુજી હતી. જેમ પારસી ટોળામાં અને મુખ્ય કરી મરહુમ દસ્તુર જામાસપ આશાના કુટુંબમાં એ માન ભરેલો ખેતાબ પહેલવહેલો ઇ. સ. ૧૮૭૫મા એવણના વડા ભાઇ દસ્તુર બેહમનજીને એનાયત થયો હતો તેમ પારસી દસ્તુરોમાં એ એલકાબની પહેલવેહલી નવાજેશ એ દસ્તુરજી ઉપર થઇ હતી. એ વીશે

કેટલાંક વર્તમાન પત્રોએ જે અભીપ્રાયો આપ્યા છે તેનો હયાં ટુંકમા ઉતારો કરવો હમો દરૂરત ધાર્યે છીએ.

"સી. આઇ ઈ." નો ખેતાબ મેલવનારાઓની ટીપમાં દખણના પ્રખ્યાત દસ્તુરજી શમસુલ ઓલમા સરદાર ખા૦ બા૦ હોશંગ જામાસ્પ, ડાકટર ઓવ ફાઇલોલોજીનુ નામ બીરાજતું જોઇને અથોરનાન વર્ગ જેટલો મગન થશે તેટલીજ ખુશાલી બેહદીન વર્ગને પણ ઉપજશે. આ વીદવાન દસ્તુરજીની ઉપયોગી કારકીરદીની પીછાણમાં અમારા એક ગોરા બાઇબધે કરેલું લખાણ હમે બીજા બાગ ઉપર ઉતારી લીધુ છે, જે હિન્દના "ધી મોસ્ટ એમીનન્ટ ઓરડર"ના કમપેન્યોની સફમાં બીરાજવાની તેવણની લાએકાત તે બતાવી આપે છે. આવા કેળવાયલા અથોરનાનજાદાઓ ધરાવવા માટે પારસીઓ મગરૂર છે, અને એ ટોળાની ઉધરતી ઓલાદ સનમુખ સમસુલ ઓલમા દસ્તુર હોશંગ * * * જેવા કેળવાએલા સપુતોની ઝળકટી, કારકીરદી, ઉપયોગી જીંદગી તથા ખરતલ મેહનત ખચીતજ નકલ કરવા જોગ દાખલા રજુ કરે છે (જામે-જમશેદ તા૦ ૩-૧-૧૯૦૬.)

" Dastur Hoshang Jamasp of Poona has friends and admirers in every community and the C I. E conferred on him by the Government is a further proof of the great respect that he enjoys as much among the official community in this Presidency and beyond. In honoring the venerable Dastur the Government have honoured a man of great learning and of exemplary piety and benevolence. Not only the entire Parsee community but a host of others besides Parsees have long agreed in holding him to be worthy of Some rare and signal mark of official recognition, and it would not be out of place to say on this occasion that we look to that hope and wish being fulfilled before long "

(જામે જમશેદ તા૦ ૩—૧—૧૯૦૬)

" The elevation of Shams ul-ulma, Sirdar Khan Bahadur Dastur Hoshang Jamasp, Ph. D., to the title of C. I. E., has been viewed with intense satisfaction in the native communities and especially the Parsis As a high priest of the the Parsis in the Deccan Sirdar Hoshang was held in high esteem by the whole community, who view the honour done to their revered Dastur as an honour done to themselves Sirdar Hoshang's is the only name in this year's honours-list outside the official circle that has been admitted to a title of some distinction. The Dastur is not revered and respected merely because of his hereditary privilages as a high priest, but for the numerous qualifications of head and heart which he owns in abundance He is a specimen of the priestly class that is an honour to the Parsi community, whom every member of it looks upon with an eye of veneration and respect * * * Though Sirdar Hoshang has long since passed his grand climacteric, he is

still in the fulness of vigour, and we wish him long life to enjoy the honour which is such a fitting recognition of his personal worth."

(રાસ્ત ગોફ્તાર તા૦ ૭-૧-૧૯૦૬)

"સી આઈ. ઇ નો ખેતાબ મેલવનારાઓમાં અમો જે ઘણુ લાયક નામ જોઇએ છીએ તે આપણા પુણાવાલા દસ્તુરજી શમસુલ ઉલ્મા સરદાર ખાન બહાદુર દસ્તુર હોશંગજી જામાસ્પજીનું નામ જોઈએ છીએ. દસ્તુર હોશંગજીને સી. આઇ. ઈ નો જે ખેતાબ મલ્યો છે, તે મેલવવાને એવણે પોતાની લાયકાત અસાર આગમચની પુરવાર કીધી હતી, તે છતા મોડેથીબી તેમને એ ખેતાબ મલ્યો છે, તે જોઇને તમામ પારસી કોમને તથા ખસુસ કરીને પુણાના પારસીઓને ખુશહાલી ઉપજ્યા વિના રહેશે નહી દસ્તુર સાહેબને મલેલાં ઉપલા માનથી અમો આખી પારસી કોમને માન મલેલુ લેખીએ છીએ. દસ્તુર હોશંગજી આજે દખણના પારસીઓના વડા દસ્તુરનો ઓધ્ધો ભોગવે છે, અને પુણાના તથા બીજા શેહેરોના જરથોસ્તીઓમા તેઓ એટલાતો પ્યારા થઈ પડયા છે કે તેમને જૈફ વયે મોડેથી પણ આ માન મલેલુ જોઇને પુણાના જરથોસ્તીઓ ઘણા ખુશી થયા વિના રહયા નહી હશે. * * * અમો દસ્તુર હોશંગજીને મલેલા માન માટે જેમ તેમને તેમ પુણાના જરથોસ્તીઓને ખરા અંતઃકરણની મુબારકબાદી આપીએ છીએ " (રાસ્ત ગોફતાર તા૦ ૭-૧-૧૯૦૬)

એ ખેતાબની સનદ મુંબઈના ગવરનર લોડ લેમીંગટને તા૦ ૨૭ મી જુન ૧૯૦૬ ને દીને પુણાના કાઉનસીલ હોલમા ભરાયલી લેવીમાં એનાયત કરતી વખતે એ દસ્તુરજીને ઘટતા શબ્દોમાં મુબારકબાદી આપી હતી. આ વખતે દસ્તુરજીને માનપત્રો આપવાની સઘલી તરફથી હીલચાલો થઈ હતી. મુંબઈના અથોરનાન ટોળા તરફનુ માનપત્ર એવણને તા૦ ૨ જી સપતેમબર ૧૯૦૬ ને દીને અનજુમનના આતશબેહરામમા મરહુમ શેઠ રુસતમજી ડોશાભાઈ શેઠનાની આગેવાની હેઠલ આપવામાં આવ્યુ હતું, અને એજ મીજલસમા અજમેર, જહાનસી, નસીરાબાદ, ઉમરાવતી, બદનેરા, નાગપુર અને કામતીની અનજુમન તરફથી આવેલા માનપત્રો પણ દસ્તુરજીને એનાયત કરવામાં આવ્યા હતા. એ વીશેનુ તા૦ ૪ થી સપતેમબર ૧૯૦૬ ના "જામે જમશેદ ' પત્રની ઇંગ્રેજી કોલમમા એવું વિવેચન કરવામાં આવ્યુ છે કે —

" The presentation made to Dastur Hoshang Jamasp on sunday last is to be taken as an expression of the sincere good will and reverent admiration the whole Parsee Community entertains for the learned and pious Dastur of the Deccan There is much in the character of the illustrious divine to command the esteem and reverence of his flock and of others—a singular blending of great learning, genuine benevolence and unaffected piety, and it does no small credit to the intelligence and sense of appreciation of the Parsees of Bombay that setting aside their personal wrangles and sectional animosities, they should have combined as they did on sunday last in honouring one who is so greatly deserving of honour at the hands of his own co-religionist and others Dastur Hoshang is not merely the head priest of the Parsees but a citizen of the Deccan in the widest sense of the term and has deserved at the hands of the Government far greater honours than what has been recently bestowed upon him. We are accordingly anticipating that at no

distant date his community and others will have the opportunity of commemorating the venerable Dr. Hoshang Jamasp on a larger scale than they have had an occasion for doing till now."

ત્યાર પછી પુણાની સારવજનીક કોમ તરફનુ એક માનપત્ર તા૦ ૧૭ મી સપતેમબર ૧૯૦૬ ને દીને શેઠ ખડવાનીના બંગલામાં યુરોપ્યન, પારસી, હિંદુ અને મુસલમાન કોમની બાનુઓ અને ગૃહસ્થોના દબદબા ભરેલા મેલાવડા સનમુખ આપવામા આવ્યું હતું. તેમજ પુણાની "બઝમે રઝે બેહરામ" તરફનું માન પત્ર તથા બીજા પંથકો તરફથી આવેલા માનપત્રો તા૦ ૧૯ મી સપતેમબર ૧૯૦૬ ને દીને મરહુમ નામદાર સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટના પ્રમુખપણા હેઠલ બાનુઓ અને ગૃહસ્થોનો મોહટો મેલાવડો કરી એનાયત કરવામાં આવ્યાં હતાં, જે સઘલાનો એ માનવંત દસ્તુરજીએ ઘટતા શબ્દોમા જવાબ આપી પોતાની ઉપકારી લાગણીઓ જાહેર કરી હતી.

છેલ્લે એ માનવંત દસ્તુરજી સાહેબની કારકીરદી સાથ સંબંધ ધરાવનારી પરચુટણ બબતોની હયાં નોંધ લઇ એવણની નમુનેદાર કારકીરદીનો સફો બંધ કરીશું.

૧–ઇ. સ. ૧૮૫૮ માં પુણામાં નસેસાલાર ફંડ સ્થાપવામાં પોતાના મરહુમ વડાભાઇ સરદાર દસ્તુર નોશીરવાનજી સાથે એવણે મુખ્ય આગેવાની લીધી હતી અને તેના ઈ સ. ૧૮૮૪ થી તે છેલ્લી ઘડી સુધી એવણ એક ત્રસ્તી હતા

૨–તા૦ ૧ લી નવેમબર ૧૮૭૪ ને દીને પુણાની તાલુકા લોકલ ફંડ કમીટીના એવણને સરકારે એક મેમબર ઠેરવ્યા હતા.

૩–ઇ. સ. ૧૮૭૪ થી એવણ પુણાની મ્યુનીસીપાલીટીના એક મેમબર અને ઈ સ. ૧૮૭૫ થી તેના પ્રમુખ ઠર્યા હતા, જે ઓધ્ધાનુ ૧૮૮૪ માં દસ્તુરી ઉપર આવવાથી એવણે રાજીનામું આપ્યુ હતુ

૪–ઈ. સ. ૧૮૮૭ થી પુણાની "નેટીવ ઈનસ્ટીટયુટ"ના એવણ પ્રમુખ ઠર્યા હતા.

૫–મુંબઈની "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી"ના એવણ સુરૂઆતથી એક મેમબર અને ઇ સ ૧૮૮૮ થી તેના "કોરેસપોનડીન્ગ મેમબર" ઠર્યા હતા

૬–ઇ સ ૧૮૮૯ માં મુંબઈના "ઇન્સપેકતર–જનરલ ઓવ પોલીશ" મીં૦ ઓયાનીએ પ્રખ્યાત કરાફરડ કેસની બાબદમાં પારસી ટોળા માટે અપમાન ભરેલું લંખાણુ સરકાર ઉપર કરવાથી તે સામે જાહેરમાં પ્રોટેસ્ત નોંધાવા માટે મુંબઇની પારસી અનજુમનની એક સભા આલબલેસ બાગમાં મલી હતી. એ વખતે દસ્તુરજી ખાસ મુંબઇ પધારી અનજુમનની હજુરમાં એક ઠેરાવ ઘટતા વિવેચન સાથ રજુ કર્યો હતો.

૭–જરથોસ્તીઓનુ નવુ સાલ આફતાબની ચાલના કુદરતી વરસ સાથ મેલવીને મુખ્ય રોજ માહનુ નવુ પંચાગ બનાવા માટે મરહુમ શેઠ કેખુશરૂ નવરોજી કાબરાજીની આગેવાની હેઠલ એક કમીટી સ્થાપવામાં આવી હતી તેના પ્રથમથી એવણ સરનશીન ઠર્યા હતા.

૮–તા૦ ૧૭ મી અકતોબર ૧૮૯૭ ને દીને મુંબઇમા જરથોસ્તી અનજુમનના આતશબેહરામને તખ્તનશીન કરવાની કીયામા એ દસ્તુરજી ખાસ ઇજનથી શરીક થયા હતા જે વખતે આતશબેહરામની કમીટી તરફથી એવણને એક સીઆલ હોરાડવામાં આવી હતી.

૯–પુણામાં પોતાના મરહુમ ભાઇ સરદાર દસ્તુર નોશેરવાનજીની યાદગારીમાં સ્થાપેલી "ગરલ્સ હાઇ સ્કુલ"ના એવણ એક ત્રસ્ટી હતા.

ઉપલા જન્મ ચરીત્ર ઉપરથી એટલું તો સાબેત થઇ ચુકું છે કે પારસી ધર્મ અને સંસારને લગતી બાબદો–વિદ્યા એલમને લગતી જીકરો, રાજદુઆરી સેવાઓ અને પુણાના મુખ્ય બનાવો તથા જાહેર હીલચાલો સાથ મરહુમ સરદાર દસ્તુર હોશંગજીનો નીકટ સબંધ હતો, અને એવી

૧૯

રીતે ૫૫) વરસ સુધી એક આગેવાન શહેરી તરીકે પોતાની જીંદગી ગુજારી અને ૨૪) વરસ સુધી દખણના વડા દસ્તુરનો માનવંતો દરજ્જો ભોગવી એ વિદ્વાન દસ્તુરજી સાહેબ રોજ ૧૩ મો માહ ૮ મો સને ૧૨૭૭ યઝદજરદી, તા૦ ૨૩ મી એપ્રીલ ૧૯૦૮, શાલીવાન શાકે ૧૮૩૦, સંવત ૧૯૬૪ ના ચઇતર વદ ૭) અને ગુરૂવારને દીને સાજના કલાક ૪)ને અમલે પુણામા પોતાના "દસ્તુર હોલ" મકાનમા બેહસ્તનશીન થયા કે જે વખતે એવણુ સાહેબની ઉમર ૭૫) વરસ અને ૧૫) દીવસની હતી. પોતાની અગાઉ થઇ ગએલા દસ્તુરો કરતા એવણે લાંબી જીંદગી ગુજારી હતી અને એવણનો દસ્તુરી અમલ પોતાના મરહુમ પીતા કરતાં ૨) વરસ વધુ અને વડા ભાઇ સરદાર દસ્તુર નોશેરવાનજી કરતા ૧૫) વરસ ઓછો ચાલ્યો હતો એવણના ગુજર પામવાથી પારસી આલમે અને મુખ્ય કરી દખણ અને બીજા પથકોના જરથોસ્તીઓએ પોતાનો નમુનેદાર ધર્મગુરૂ, વિદ્વાન મંડલે પોતાનો બાહોશ સોબતી, બ્રીટીશ સરકારે પોતાની વફાદાર રૈયત, દખણના સરદારોએ પોતાનો માનવંત હમનશીન, પુણાના રહીશોએ પોતાનો આગેવાન શહેરી અને દસ્તુર જામાસ્પ આશાના કુટુંબે પોતાનુ ઝહલકતુ ગોહર ગુમાવ્યુ છે. એ દસ્તુરજીના વિચાર આચારો શુદ્ધ અને સુધરેલા હોવાથી પોતાના યજમાનોને તકલીદી ફતવાઓ આપવાથી પરહેઝ રહેતા હતા અને ધર્મ અને સંસારી બાબદોમા "દેશ, કાળ અને સ્થીતી" તરફ નીગાહ રાખી દીનના ખાલેશ ફરમાનોને ફીલસુફી નજરથી જોઇ પોતાના વિચારો અને ફતવાઓ જાહેર કરતા હતા એ ઉપરાંત સ્ત્રી કેળવણીના એવણ અસલથીજ હિમાયતી હતા જે એવણની નબીરીઓએ યુનીવરસીટીની લીધેલી ઉંચી કેળવણી અને પોતાના મરહુમ ભાઇના યાદગારીમા પુણામા સ્થાપેલી "સરદાર દસ્તુર નોશીરવાન ગરલ્સ હાઈ સ્કુલ" ઉપરથી સીધ્ધ થાય છે પોતે ઘણાજ મલતાવડા સ્વભાવના હોવાથી આલા તથા અદના, ગરીબ અને તવંગર તરફનો એક સરખો ચાહ અને માન પોતા તરફ ખેંચી લેવાને ભાગ્યશાળી થયા હતા. પોતાના અંગત લાભો અને ફાયદાઓ તરફ ન જોતા પોતાના હમદીનોની બેહતરી કરવામાં અને તેઓને દીનના કામમા મદદ આપવા માટે હમેશાં તતપર રહેતા હતા.

"જ્યારે પારસી કોમને એક અપક્ષપાત અને કાબેલ ઓલમાની ખાસ જરૂર, જ્યારે એક રાહબર ઉસ્તાદ અને ધરમગુરૂની રાહબરીની ખાસ જરૂર, ત્યારે તેવેજ વખતે એક એલમ અને અકકલથી પુર પારસી ધરમ ગુરૂની કજાનો બનાવ એ કાઇજ નહી પણ "દુકાળમા અધીકમાસ" જેવો બનાવ છે * * * તેવણની બુઝોરગ ઉમરે કજા થયા છતા તેમના મરણ માટે બેશક પારસી કોમ દલગીર થઇ છે. પારસી કોમે એક ખરો ધારમીક ઉસતાદ અને રાહબર દસ્તુર ખોહયો છે" ૧

* * * આપણા ભણેલા દસ્તુરો જેમની સંખ્યા બહુજ નાની છે તેમના આવા મરણો પારસી કોમમાં બેશક અકાળ ગણાવા જોઇએ દસ્તુર હોશંગજી આપણા ઈંગ્રેજી ભણેલા દસ્તુરોમાં પહેલા હતા. * * * અને મોબેદી ઝનુનથી કેવળ નિરાળા હતા. આતો જામાસ્પ આશાના ખાનદાનનુ એક ખાસગુણજ છે કે હરીફોને પણ મીઠાસથી નરમ કરી દેવા; અને એ ઈલાજ એક શતરૂને જેર કરવા માટે એવો તો સોતરો છે કે બીજા કશાં ભયકાર હથીઆરોની અગત્ય રહેતીજ નથી. ખરા દસ્તુરી દરજ્જાને લાયકનાજ મરહુમ હતા. તેમના ચેહરાની કાંતિ તેમનો દબદબો અને તેમનુ જ્ઞાન એક અસલી ધરાની દસ્તુરને છાજતાં હતા કે જે દસ્તુરો તે જમાનામા વજીરાત ચલાવતા હતા * * * દસ્તુરો તો મોટા મનના, ખુલ્લા દીલના અને નરમાશવાળાજ જોઇએ." ૨

"* * * પારસીઓ પોતાના ધર્મગુરૂ તરફ થંડા દિલના થયા છે તેવા જમાનામાં રાજા અને રૈયત, કોમ તેમજ સરકાર તરફથી એક સરખા માન પામેલા જે જુજ દસ્તુરો રહ્યા હતા તેમની

૧ જામે જમશેદ તા૦ ૨૯—૪—૧૯૦૮
૨ કૈસરે હિંદ તા૦ ૨૬—૪—૧૯૦૮.

હાંરે તુટવાથી દલગીરી ઉપજે છે * * * એવા એક બારકલમી દસ્તુર આપણી કોમની સાચી અરુરી લેખી શકાય. આપણી કોમ આપણા ધર્મગુરૂની બાબદમા જ્યારે પડતી પામી છે ત્યારે તેના આવા એક ભાષાશાસ્ત્રી વડા દસ્તુરથી તેના માનમા વધારો થયો હતો." ૧

એવણના લગન પોતાના પિત્રાઇ કાકા અને પાલક પીતા મરહુમ એરવદ આશાજી નોશીરવાનજી દસ્તુરે જામાસ્પ આશાનાની વડી દીકરી હીરાબાઇ કેડે થયાં હતાં અને એ સદગુણી મોહરદારે પોતાના નેક ખાવીંદને ૬) દીકરાઓની ભેટ કરી હતી વડા દીકરા એરવદ આશા નીઝામ સલતનતમાં તાલુકદારી વીગેરે બીજા ઓધાઓ ભોગવી પેનશન ઉપર રીટાયર થયા હતા અને રોજ ૨૫ માહ ૩ સને ૧૨૭૯ તા૦ ૬ થી ડીસેમબર ૧૯૦૯ ને દીને ૫૬) વરસની ઉમરે પુણામા એકાએક મરણ પામ્યા હતા બીજા દીકરા એરવદ ફીરોઝ મુંબઈ યુનીવરસીટીની એમ એ. ની પરીક્ષા પસાર કરી ઈ. સ. ૧૮૮૧ મા બ્રીટીષ નોકરીમા જોડાયા હતા અને ખેડા, પંચમહાલ, થાણા વીગેરે બીજા શહેરોમાં દીસત્રીક્ત દેપ્યુતી કલેકતરનો ઓધ્ધો ભોગવી હાલ મુંબઇના બીજા પ્રેસીદન્સી માજીસ્ત્રેટના ઓધ્ધા ઉપર છે દસ્તુર જામાસ્પ આશાંના કુટુંબમા યુનીવરસીટીની ચહડતી પરીક્ષાઓ પસાર કરનાર એવણ બીજા દસ્તુર જાદા છે. ત્રીજા દીકરા એરવદ મેહેર પણ બી એ. ની દીગરી ધરાવી હાલ પુણાની મ્યુનીસીપાલીટીના એકઝીક્યુટીવ ઓફીસરના ઓધ્ધો સરકાર અને રૈયતના સંતોષ વચ્ચે ચલાવે છે. ખુશરો, બરજોર અને તેહમુરસ્પ નામના બીજા ત્રણ દીકરાઓ નાધલી વયમા મરણ પામ્યા હતા. પરવરદેગાર દસ્તુર હોશંગજીના અશો રૂહને શાંતી બક્ષો ? અને એવણના મરહુમ પીતાએ દખણમાં સ્થાપેલી દસ્તુરી ગાદી બરકરાર રાખો ! એવી દુઆ ચાહી એ માનવંત દસ્તુરજીની નમુનેદાર કારકીરદીનો સફો હમો બંધ કરીએ છીએ

"હુશંગ બીન જામાસ્પ બદમ વદમ અઝ જેહાંન શુદેહ"

અર્થ —હોશંગ બીજા જામાસ્પ જેહાનથી એક દમ વીદાય થયા. ઉપલા ફારસી મીસરામાથી "અબજદ" ના કાયદાની ગણતરી મુજબ દસ્તુરે હોશંગજીના મરણનો યઝદજરદી સને ૧૨૭૭ નીકલે છે.

મરણ પછીના અગત્યના બનાવોની નોંધો.

આ માનવંત અને વિદવાન દસ્તુરજીના મરણની ખબર પુણા, મુંબઈ તથા બીજા શેહરોમા તાર મારફતે ફેલાવાથી જરથોસ્તીઓમા બેહદ દીલગીરી ફેલાઇ હતી. એ મરહુમની પાયદસ્તની ક્રીયા પુણા ખાતે તા૦ ૨૪ મી એપ્રીલ ૧૯૦૮ ને દીને સહવારના કલાક ૮) ને અમલે જરથોસ્તીઓના ગંભીર મેલાવડા સનમુખ કરવામા આવી હતી અને હાજર રહેલાઓમાનો મોહટો ભાગ એ દસ્તુરજીને છેલ્લુ માન આપવા માટે ઠેઠ "આરામ ગાહ" સુધી ગયો હતો, અને દસ્તુર હોશંગજી સરીખા છુટા અને સ્વતંત્ર વિચારના એક નમુનેદાર દસ્તુરને હમેશના ગુમાવાથી સર્વેના ચેહરા ઉપર ગમગીનીની નીશાનીઓ પ્રગટી નીકલી હતી. બીજે દીવસે યાને તા૦ ૨૫ મી એપ્રીલ ૧૯૦૮ ને દીને એ મરહુમ દસ્તુરજીના ઉઠમણાની ક્રીયા પુણા તથા દેશાવરના જરથોસ્તીઓની એક ઠબદબા ભરેલી મીજલસ સનમુખ કરવામા આવી હતી કે જે વખતે મરહુમ શેઠ શેહરાબજી રતનજી પટેલની દરેમેહરનો હોલ તથા વરન્ડો અને "દસ્તુર હોલ"નો કમપાઉન્ડ ચીકાર ભરાઈ ગયો હતો. હાજર રહેલાઓમાં નામદાર મરહુમ સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટ, શેઠ બેહરામજી જીજીભાઇ, શેઠ રૂસતમજી નાહનાભાઈ બેહરામજી જીજીભાઇ નવસારીના વડા દસ્તુર કેકોબાદ દારબજી, નવસારીના કામચલાઉ વડા દસ્તુર ફરામજી કેકોબાદજી, મુંબઇવાલા નાયબ દસ્તુર રૂસતમજી એદલજી,

૧ કયસરે હિન્દ તા૦ ૨૬-૪-૧૯૦૮.

સંજાણા બી. એ., હેદરાબાદવાળા દસ્તુર ખુરશેદજી બેહરામજી જામાસ્પ આશાના, મઉવાળા દસ્તુર [illegible]જી જમશેદજી જામાસ્પ આશાના, શેઠ નવરોજી જેહાંગીરજી ગામડયા, હેદરાબાદવાળા શેઠ શાપુરજી એદલજી ચીનાઈ તથા ડોશાભાઇ નોશેરવાનજી ચીનાઇ, શેઠ શાપુરજી બેહરામજી કાતરક તથા જાણીતા પીલીટ તથા વહાડયા ખાનદાનના નબીરાઓ જણાતા હતા ક્રીયા શુરૂ થવા આગમચ મરહુમ શેઠ સોહરાબજી રતનજી પટેલના ધરમખાતાના હૈયાત ટ્રસ્તી દસ્તુર બેહમનજી જામાસ્પજી સી. આઇ. ઈ. તરફથી નવા દસ્તુરની નેમણુક બાબેનો એક ઠેરાવ વાંચવામાં આવ્યો હતો જે સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદના અહેવાલ મધે વાંચવામાં આવશે. ત્યાર બાદ ઉઠમણાની ક્રીયા શુરૂ થાઇ જે પુરી થવા પછી મુંબઈના વહાડયાજીના આતશબેહરામના નાયબ દસ્તુર રૂસ્તમજી એદલજી સંજાણા બી. એ., એ અસરકારક શબ્દોમાં દસ્તુર હોશંગજીની ચહડતા પ્રકારની લીઆકાત તથા બીજા ઉમદા ગુણોના વખાણ કરી તેવણ સાહેબનુ નામ ધુપ નીરંગ અને જાહેર જશનોમાં યાદ કરવાની દરખાસ્ત રજુ કરી જેને મુંબઈવાળા શેઠ શાપુરજી બેહરામજી કાતરકે લાગણી ભર્યા શબ્દોમાં ટેકો આપ્યો હતો. ત્યાર પછી નામદાર મરહુમ સર જમશેદજી જીજીભાઈ ચોથા બારોનેટ સાહેબે એ આનવંત દસ્તુરજીની યાદગારી જાળવી રાખવા માટે એક ફંડ ઉભું કરવાની દરખાસ્ત કરી જેને સમસ્ત અનજુમને ટેકો આપ્યો હતો એ ફંડમાં આજ સુધી રૂ. ૧૪૦૦૦) ચૌદ હજાર ભરાયા છે. એ વખતે નામદાર સર જમશેદજી ઉપર દેશાવરોની અનજુમન તરફથી મરહુમ દસ્તુર હોશંગજીના મરણ માટે દીલગીરી દર્શાવનારા અને સરદાર દસ્તુર કેકોબાદને વડા દસ્તુર મુકરર કરવા બાબેના [illegible] તેલીગરામો આવ્યા હતા. ત્યાર પછી સરદાર દસ્તુર કેકોબાદને દખણના વડા દસ્તુર ઠરાવાની મુબારકબાદીમાં ૭૫) સીઆલો હોરાડવામાં આવી હતી જેની ટીપ એવણના અહેવાલ મધે આપવામાં આવી છે. મરહુમ દસ્તુર હોશંગજીના પુણને માટે મરહુમની પુંજીમાથી તથા સગા સ્નેહીઓ અને મીત્રો તરફથી બધા મલી રૂ. ૪૧૫૧) ભરાયલા જાહેર થયા હતા

દેસાવરો ખાતે થયલાં ઉઠમણાનો અહેવાલ.

મુંબઇ મધે એ દસ્તુરજીના ઉઠમણાની ક્રીયા અનજુમનના આતશ બેહરામમાં કરમામાં આવી હતી જે વખતે અથોરનાનો તથા બેહદીનોની સારી સંખ્યા હાજર થઈ હતી.

નવસારીમાં ઉઠમણાની ક્રીયા વડી દરેમેહરમાં થઈ હતી જેમાં નવસારીના અકાબરો તથા દેસાઈ દસ્તુરોએ ભાગ લઇ એ મરહુમ દસ્તુરજીનુ નામ નવસારીમા થાતી ધુપ નીરંગની ક્રીયા અને જાહેર જશનોમાં લેવાનો ઠેરાવ કર્યો હતો.

ઉડવાડામાં ઉઠમણાની ક્રીયા ત્યાના વડા દસ્તુરજી સાહેબ ખુરશેદજી મીનોચેહરજીની આગેવાની હેઠલ થઇ હતી.

સુરતવાલા સરદાર દાવર કેખુશરૂ એદલજી મોદી બી એ., એ દસ્તુરજીનુ ઉઠમણુ મરહુમ શેઠ દાદાભાઇ નોશેરવાનજી મોદીજીના આતશબેહરામમાં પોતાની આગેવાની હેઠલ કરાવ્યું હતું. મરહુમ સરદાર દસ્તુર હોશંગજી કેટલા આલેમ અને ફાઝેલ હોવા સાથે સરકારમાં તેમજ જાત અને પ્રજાતમાં કેવો માન મરતબો ભોગવતા હતા તે ઉપર દાવર સાહેબ તથા ખાન બહાદુર ડાકટર ડોસાભાઈ પેશતનજી તથા બીજા સાહેબોએ ઘટતું વીવેચન કરી મરહુમના કુટુંબ ઉપર દીલાસા પત્ર મોકલવાનો ઠેરાવ કર્યો હતો. ત્યારબાદ અથોરનાનો તથા ગરીબોમાં રૂપાનાણું વહેંચી મીજલસ બરખાસ્ત થઇ હતી.

ભુસાવળની અનજુમનના સેક્રેટરી શેઠ હોરમજી નોશેરવાનજી મારફતે દસ્તુરજીના દુઃખદાયક મરણના સમાચાર તાર મારફતે મલવાથી ત્યાની અનજુમનમાં દીલગીરી ફેલાઈ હતી અને તેઓની જમાએ દસ્તુર કેકોબાદ આદરબાદને પોતાના વડા દસ્તુર તરીકે કબુલ રાખવાનો ઠેરાવ નામદાર સર જમશેદજી જીજીભાઈ ચોથા બારોનેટ સાહેબને તાર મારફતે જણાવ્યો હતો. મરહુમના

ઉઠેમણાની ક્રીયા ભુસાવળની અનજુમન તરફથી કરવામાં આવી હતી અને તેમના વડા ભાઇ દસ્તુર મેહમનજી તથા કુટુંબ ઉપર તાર મોકલી પોતાની દીલગીરી જાહેર કરી હતી.

અજમેરના જરથોસ્તીઓએ એ માનવંત દસ્તુરજીના મરણથી ઉપજેલી દીલગીરી તાર મારફતે નામદાર સર જમશેદજી જીજીભાઇને જાહેર કરી નવા દસ્તુરજી માટે એક સીખ્યાદ મોકલી આપી હતી. તેમજ ઉઠેમણાની ક્રીયામાં અજમેર, નસીરાબાદ તથા આસપાસના ગામના જરથોસ્તીઓએ ભાગ લીધો હતો અને બોલાયુ હતુ કે " એ મહા રથીના મૃત્યુથી * * * જરથોસ્તી કોમને મોટી ખોટ ગઈ છે."

કલકતાવાલા શેઠ રૂસતમજી ધનજીભાઇ મેહતા સી. આઈ. ઈ. એ ઉઠમણાની ક્રીયા પુરી થવા પછી જણાવ્યું કે " દસ્તુરજી સાહેબ હોશંગજીના ગુજરવાથી આપણી કલકત્તાની અનજુમન બેહદ દીલગીર થઇ છે અને આવા કાબેલ અને પરહેઝગાર દસ્તુરજીનું ગુજર પામવુ તે આખા પારસી કોમની એક નહી પુરી શકાએ એવી ખોટ છે એવણ સાહેબ મારી દરેમેહરના વડા દસ્તુર હતા. અને હવે પછી મારી દરેમેહરમા ક્રીયા કામો કરાવનારા સર્વે સાહેબોના વડા દસ્તુર તરીકે દસ્તુર કેકોબાદ આદરબાદને ઠેરવ્યા છે " એ પછી શેઠ કેખશરૂ કાવશજી ગોરાએ દરખાસ્ત કીધી કે દસ્તુર કેકોબાદ આદરબાદને આપણી દરેમેહરને તાબેની અનજુમનના વડા દસ્તુર ઠેરવ્યા તેની મુબારકબાદીનો એક તાર તેવણ ઉપર રવાના કરવો. એ દરખાસ્ત ભેગી મલેલી અનજુમને પુર ગંભીરતાથી પસાર કરી હતી

નાગપુર તથા કામતીની અનજુમનના માન પામેલા વડા દસ્તુર હોશંગજી જામાસ્પજીના મરણના સમાચાર તાર મારફતે ફરી વળતાં સામાન્ય દીલગીરી ફેલાઇ હતી, અને દસ્તુર કેકોબાદને તેમની જગાએ પોતાના વડા દસ્તુર નેમવા માટેનો તારનો સંદેસો સેકરેટરી ડાકટર નવરોજી મનચેરજી લાકડાવાલાએ અનજુમન તરફથી સર જમશેદજી જીજીભાઈ ઉપર રવાના કર્યો હતો. તેમજ મરહુમ દસ્તુરજીના માનમા ત્યાની બાઇ હીરાંબાઇ નશરવાનજી મુલ્લાંની દરેમેહરમા ઉઠમણાની ક્રીયા થઇ હતી જે ખલાસ થવા પછી નાગપુરના જાણીતા વેપારી શેઠ ફરામજી પેશતનજી દલાલે નીચલો ઠેરાવ રજુ કર્યો હતો:—

"શ્રી નાગપુર તથા કામતીના આપણા વડા દસ્તુરજી સરદાર હોશંગજી જામાસ્પજી સી. આઇ ઇ ના દુઃખદાએક મરણ માટે અત્રેની અનજુમન પોતાની બેહદ દીલગીરી જાહેર કરે છે અને મરહુમના કુટુંબીઓ ઉપર દીલાસપત્ર લખવાને સેકરેતરી સાહેબ દાકતર નવરોજી મનચેરજી લાકડાવાલાને અરજ કરે છે " ઉપલી દરખાસ્તને અત્રેની પ્રેસોના માલેક શેઠ બેહરામજી પેશતનજી આઇબારાએ ટેકો આપવાથી અનજુમને પસાર કરી હતી. બીજો ઠેરાવ અત્રેની સીંગર મેન્યુફેકચરીંગ કુંપનીના દીસ્ત્રીક્ત મેનેજર ભાઇ અરદેશર ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાનાએ નીચે મુજબ રજુ કર્યો હતો:—

" મરહુમ માનવંત દસ્તુરજી દોકતર હોશંગજી જામાસ્પજી સી. આઈ. ઈ. ના ગુજર પામવાથી તેવણની જગા ઉપર તેવણના જાએનશીન દસ્તુર કેકોબાદ આદરબાદને શ્રી નાગપુર તથા કામતીની અનજુમન પોતાના વડા દસ્તુર તરીકે કબુલ રાખે છે. " એ દરખાસ્તને અત્રેની એમપ્રેસ મીલના ખજાનચી શેઠ પહાલનજી હોરમજી મસાણીએ ટેકો આપવાથી એક મતે પસાર થઇ હતી. ત્યાર પછી મરહુમ દસ્તુરજીના પુનને માટે મરહુમના ખેરખાહો તરફથી ધર્મખાતાઓમા સારી રકમો ભરાઇ હતી.

હેદરાબાદ તથા સીકંદરાબાદના જરથોસ્તીઓમાં મરહુમ દસ્તુરજીના મરણથી દીલગીરીની લાગણીઓ પ્રગટી નીકલી હતી. મરહુમ દસ્તુરજીનું બચપણ હેદરાબાદમાજ શુરુ થયું હતું એટલુંજ નહી પણ તેવણની કેળવણી તથા ભવીષ્યની ઝલકતી કારકીરદીનો પાયો પણ એજ મુલકમાં

નખાવાથી એ મરહુમના સંબંધમાં આવેલા જાત તથા પ્રજાતના હૈયાત ગૃહસ્થો, મુસલમાન મોલવીઓ અને હિંદુ પંડીતો એ માનવંત દસ્તુરજીની કાબેલ્યત અને જુદી જુદી ભાષાઓના સંગીન અભ્યાસની તારીફ કરી પોતાની બેહદ દીલગીરી જાહેર કરતા હતા. એ મરહુમના ઉઠમણાની ક્રીયા મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજી તારાપોરવાલાની દરેમેહરમા કરવામાં આવી હતી અને દસ્તુર કેકોબાદ આદરબાદની વડા દસ્તુર તરીકેની નેમણુકને આવકારદાએક ગણી હતી."

મઉમાં મરહુમ દસ્તુરજીના ગુજરે પામવાની ખબર મલતાજ સઘળા જરથોસ્તીઓમાં ભારે દીલગીરી ફેલાઈ હતી અને તે સબબને લીધે બુઝોરગ દસ્તુરજી સાહેબ ખુરશેદજી જમશેદજી તુરત પુણે જવા ઉપડી ગયા હતા. મરહુમના ઉઠમણાની ક્રીયા અનજુમન તરફથી કરાવામા આવી હતી. અને સરનશીન શેઠ જમશેદજી હોરમજી ભરૂચાએ અનજુમનની સમતીથી નીચે મુજબનો એક તાર મરહુમ દસ્તુરજીના વડા ભાઇ દસ્તુર બેહમનજી ઉપર મોકલી આપ્યો હતો —

" મઉની અનજુમન દસ્તુર હોશંગજીના મરણથી ભારે દીલગીરી બતાવે છે અને તેઓની દીલસોજ લાગણી તેવણના કુટુંબ તરફ બતાવી તેઓના દુઃખ અને દીલગીરીમા ભાગ લે છે" બીજો તાર નામદાર સર જમશેદજી જીજીભાઈ ઉપર મોકલી અરજ કરી હતી કે "દસ્તુર કેકોબાદ કે જેવણને વડા દસ્તુર તરીકે નેમ્યા છ તેમને અત્રેની સમસ્ત અનજુમન દીલોજાનથી મુબારકબાદી ઇચ્છે છે તેવણને એ સંદેસો પહોચાડવો" ઉઠમણાની ક્રીયા પુરી થાવા પછી શેઠ દાદાભાઇ પેશતનજી મોદીએ મરહુમ દસ્તુરજીના ગુણો અને વિદ્વતાની તારીફ કરતા જણાવ્યુ કે "ઇ. સ. ૧૮૫૯ મા દસ્તુરજી હોશંગજી આપણી અનજુમનના દસ્તુર તરીકે પહેલવેહલા મઉ આવી વસ્યા તે વખતે કેળવણી ખાતું સરીખુ કંઇજ ન હતુ અને એવણ સાહેબનીજ ભારે મેહનત અને અથાગ કાળજીથી "મઉ ઝોરો-એસ્ત્રીઅન હાઇ સ્કુલ" સરીખુ ઉપયોગી ખાતુ હસ્તીમા આવ્યુ હતુ અને જરથોસ્તીઓના લાભને માટે ઘણુ ઘણુ કરી બતાવ્યું હતુ જેની યાદ આપણ જરથોસ્તીઓ હજી સુધી યાદ કરતા રહીએ છીએ. એવણ સાહેબે આપણા ઉપર કીધેલા ઉપકારોના બદલામા એવણની યાદગારી આપણ વચ્ચે જલવાઇ રહે એવા હેતુથી કંઈ ફંડ કરવુ જોઇએ. તેમજ દસ્તુર કેકોબાદને આપણા વડા ધર્મગુરૂ તરીકે સ્વીકારી મરહુમ દસ્તુરજીના નામની યાદ જાહેર જશનોમા કરવી જોઇએ" ઉપલી દરખાસ્તને શેઠ જમશેદજી હોરમજી ભરૂચાએ ટેકો આપવાથી એકમતે પસાર થાઈ હતી બીજી દરખાસ્ત શેઠ જમશેદજીએ એવી કરી કે —

"દસ્તુર હોશંગજીની યાદગારી કાએમ રાખવાના હેતુથી અનજુમનમા એક લીસ્ટ ફરતું કરવું અને તેના નાણા જે કાંઈ એકઠા થાએ તેમાથી દર સાલ સ્કુલના છોકરાઓને ઇનામ આપવુ અને તેનુ નામ "દસ્તુર હોશંગ પ્રાઈઝ ફંડ" આપવુ" એ દરખાસ્ત પણ અનજુમને બહાલ રાખી હતી. ત્રીજી દરખાસ્ત ખાન બહાદુર શેઠ રતનજી બેજનજી પારખે નીચે મુજબ કરી હતી —

"દસ્તુર કેકોબાદને વડા દસ્તુરનો માનવંતો ઓધ્ધો મલ્યો છે તેની ખુશાલીમા આપણી અનજુમન તરફથી એક સીઆલ અરપણ કરવી." એ દરખાસ્તને શેઠ કુવરજી કાવસજી ભરૂચાએ ટેકો આપતાં સુચવ્યુ કે આ કારણ માટે અનજુમનમા એક લીસ્ટ ફરતુ કરવુ. બાદ મીજલસ બરખાસ્ત થઇ હતી.

વિદ્વાન મંડલોમાં પસાર થયલા ઠેડાવો.

"તા૦ ૩ જી મેએ ૧૯૦૮ ને દીને પુણાની "સ્ટુડંટસ દીબેતીગ સોસાયટી" ના સભાસદો અસાધારણ મોહટી સંખ્યામા દસ્તુર હોશંગજીના મરણની દીલગીરી જાહેર કરવા તથા તેવણના કુંટુંબ તરફ ઘટતી દીલસોજી દેખાડવા ભેગા મલ્યા હતા. દાક્તર શોહરાબજી હોરમજી મોદી

પ્રમુખસ્થાને બીરાજ્યા હતા પ્રમુખે ભાષણ કરતાં જણાવ્યુ કે મરહુમ દસ્તુરજી આપણી સોસાયટી તથા તેના કામ કાજો તરફ બેહદ દીલસોજી ધરાવતા હતા જ્યારે આપણી કોમને દસ્તુરજી હોશંગજી સરીખા કેળવાએલા ધર્મગુરૂઓની વધુ જરૂર છે ત્યારે એવણનુ મરણ કવખતનુ લેખાવુ જોઈએ એવણ સાહેબ "બઝમે રૂઝે બેહરામ" તરફથી જે કીમતી ભાષણો આપ્યા હતા તે ઘણાજ ગોખી રાખવા અને દટો લેવા જોગ હતા વીગેરે બીજી બાબદો ઉપર ઘટતુ વિવેચન કરી મરહુમના અશો રૂહને શાતી ઈચ્છી હતી સોસાયટીના સેક્રેટરી શેઠ મનચેરશાહ બે૰ પાલખીવાલાએ દસ્તુરજીના આએ મડલી સાથના ઘાડા સબંધ તથા તેવણના બોહલા જ્ઞાનની તારીફ કરતાં નીચે મુજબની દરખાસ્ત મુકી હતી –

પુણાની સ્ટુડટસ દીબેતીગ સોસાટાટીના મેમ્બરો શમસુલ ઓલમા સરદાર ખાન બહાદુર દાકતર દસ્તુર હોશંગ જામાસ્પ સી. આઈ ઈ ના મરણની નોંધ ઘણી દીલગીરી સાથ લીએ છે."

ઉપલી દરખાસ્તને ટેકો આપતાં શેઠ જેહાગીર દોરાબજી અંકલેસરીઆએ જણાવ્યુ કે એ દસ્તુરજીના મરણથી દખણમા એક રોશની અસ્ત પામી છે. એવણની ફેરેસ્તાઇ ખસલત, હાતમ દીલ અને ખત વીશે ઈસારો કરી જણાવ્યુ જે દસ્તુરજીના મરણથી ફક્ત એક કુટુબનેજ નહી અથવા એક ચોક્કસ કોમનેજ નહી પણ આખા દેશને ખોટ ગઇ છે. ત્યાર પછી મરહુમના ખેશ કુટુંબીઓ તરફ દીલ-સોજી દેખાડી ઉપલી દરખાસ્ત પસાર કરવાની અરજ કરી હતી. ત્યારબાદ એ દરખાસ્ત એક મતે પસાર થઇ હતી. શેઠ ફરેદુનજી બતીવાલાએ બીજી દરખાસ્ત નીચે મુજબ કરી હતી —

"સોસાયટીના મેમબરો દસ્તુરજી બેહમનજી ઉપર દીલાસા પત્ર મોકલી આપવા માટે આએ સભાના પ્રમુખને સત્તા આપે છે" પોતાની દરખાસ્તના ટેકામા મરહુમ દસ્તુરજીની જાહેર કારકીરદી ઉપર તેવણે વિવેચન કરયુ હતુ. ઉપલી દરખાસ્તને શેઠ જમશેદજી કાવશજી મરચન્ટે ટેકો આપ્યો હતો અને શેઠ ફરામરોજ સતોકે મરહુમ દસ્તુરજીના ફીલસુફી જ્ઞાનની સ્તુતી કરી હતી ત્યાર બાદ પ્રમુખનો ઉપકાર માની સભા ગંભીર ચુપકીદી વચ્ચે વીસરજન થઈ હતી

મરહુમ દસ્તુરજી હોશંગજીના મરણ માટે ખેદ દેખાડી તેમના કુટુબીઓ ઉપર દીલાસા પત્ર મોકલવા માટે "જરથોસ્તી ફસલ સાલ મડળી"ની એક ખાસ સભા તા૰ ૨૮ મી મેએ ૧૯૦૮ ને દીને સાંજે બાઇ ભીખાઇજી બંગાલી કન્યાશાળાના દીવાનખાનામા મલી હતી વિદ્વાન શેઠ ખર-શેદજી રૂસતમજી કામાજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા શુરૂઆતમા શેઠ કામાજીએ મરહુમ દસ્તુર હોશંગજી વીશે કેટલુક વિવેચન કરવા પછી મીસ શીરીન માણેકજી ખરશેદજીએ મરહુમ દસ્તુરજીના મરણની નોંધ ઘણી દીલગીરી સાથ લેવાનો તથા તે ઠેરાવની નકલો મરહુમના વડાભાઇ તથા બીજાઓ ઉપર મોકલી આપવાની દરખાસ્ત કરી હતી જેને એરવદ ગેહરયારજી દાદાભાઈ ભરૂચાએ ટેકો આપવાથી તે એકમતે પસાર થઇ હતી ત્યાર પછી દસ્તુર કેકોબાદ આદરબાદને નવા દસ્તુર ઠરવા માટે મુબારકબાદીનો ઠેરાવ પસાર કરી સભા બરખાસ્ત થઇ હતી

મરહુમ દસ્તુર હોશંગજીની યાદમા "દસ્તુર હોશંગ મેમોરીયલ વોલ્યુમ" નામનુ એક પુસતક તા૰ ૨૩ મી એપ્રીલ ૧૯૦૯ યાને મરહુમ દસ્તુરજીની વરસીને દીને બહાર પાડવા માટે મુબઈની ગાથા સોસાયટીના મેમબરો શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી, શેઠ બેહરામગોર તેહમુરસ્પ અંક-લેસરીઆ, શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાલા, મીસ ભીખાઇજી અરદેશર એનજીનીઅર, શેઠ ધનજીશાહ મેહરજીભાઈ માદન અને શેઠ ખુદાબક્ષ એદલજી પુનેગરે તા૰ ૧૩ મી જુન ૧૯૦૮ ને દીને મલેલી સભામાં ઠેરાવ કીધો હતો અને યુરોપ્યન ઓલમાઓને પણ પોતાના વિષ્યો લખી મોકલવાને એલતેમાસ કરી હતી.

પરચુરણ મંડળોમાં પસાર થયલા ઠેડાવો વીગેરે વીગેરે.

નામદાર શહેનશાહ એડવર્ડની સાલગીરેહની ખુશાલીમાં પુણાના કાઉનસીલ હોલમાં દખણના સરદારોની એક દરબાર તા૦ ૨૯ મી જુન ૧૯૦૮ ને દીને ભરવામાં આવી હતી, જે વખતે સરદારોના એજન્ટ મી૦ કેનકેડે પોતાના ભાષાણુમાં દસ્તુરજી સાહેબ હોશંગજી વીશે નીચે મુજબનો ઉંસારો કર્યો હતો

"તા૦ ૨૩ મી એપ્રીલ ૧૯૦૮ ને દીવસે દખણના પારસીઓના વડા દસ્તુર સરદાર દોકતર હોશંગ જામાસ્પનું દીલગીરી ભરયુ મરણુ નીપજ્યું હતું. તેવણુ પોતાના જમાનાના એક ઘણા કાબેલ ભાષાશાસ્ત્રી હતા હિન્દના બળવાવેળા તેવણે પોતાના ભાષાઓના જ્ઞાનથી હિન્દી સરકારની ઘણીજ સરસ શેવા બજાવી હતી. ઓસ્ત્રીઆના નામદાર શેહનશાહે તેવણુના સાહીત્યની સેવાઓની પીછાણમાં તેમણે "દોકતર ઓવ ફીલોસોફી" ની પદવી આપી હતી તથા નામદાર સરકારે તેવણુને સી. આઇ. ઈ. ના માનથી નવાજ્યા હતા

પુણાની "બઝમે રૂઝે બેહરામ" જેના મરહુમ સરદાર દસ્તુર હોશંગજી એક આગેવાન સ્થાપક હતા. તેવણે પોતાના માનવંત દીલસોઝ અને ઉમંગી સરનશીનના મરણુ માટે ખેદ દેખાડી એક દીલાસા પત્ર તા૦ ૧૨ મી જુલાઇ ૧૯૦૮ ને દીને પોતે ઠેડવેલા ડેપ્યુટેશન મારફતે મરહુમ દસ્તુરજીના કુટુંબીઓને પહોચાડયો હતો

એ સીવાએ બીજા શહેરોમાં મરહુમ દસ્તુરજીના મરણુ માટે દીલગીરી બતાવનારા ઠેડાવો પસાર કરી મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્રો મોકલવામાં આવ્યા હતાં.

પુણા મધે બધી જ્ઞાતના લોકોની એક જાહેર સભા બોલાવવાનો ઠેડાવ કરવાને તા૦ ૩ જી ઓગસ્ટ ૧૯૦૮ ને દીને શુરૂઆતની સભા સર્વે જ્ઞાતના આગેવાનોની મલી હતી, જેના પ્રમુખ તરીકે નામદાર સર જમશેદજી જીજીભાઈ પાંચમા બેરોનેટ બીરાજ્યા હતા અને સઘલી જ્ઞાતના લોકોની એક જાહેર સભા બોલાવાનો એકમતી ઠેડાવ થયો હતો

ઉપલા ઠેડાવ મુજબ સર્વે કોમોની એક જાહેર સભા પુણા ખાતે તા૦ ૨૨ મી આગસ્ટ ૧૯૦૮ ને દીને પુણાના કાઉનસીલ હોલમાં મલી હતી. શેઠ બેહરામજી જીજીભાઈની દરખાસ્ત અને દોકતર દાયસના ટેકાથી ઓનરેબલ સર મ્યુર મેકેનઝી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા પ્રમુખે પોતાનુ ભાષાણુ શુરૂ કીધા આગમચ નામદાર ગવરનર સાહેબ તરફનો દીલગીરી બતાવનારો પત્ર વાંચી સંભળાવ્યો હતો જેમાં તે નામદારે સભાના કામ તરફ સંપુર્ણે દીલસોઝી બતાવી હતી. નામદાર સર જમશેદજી જીજીભાઇ પણુ પોતાના ઘણુજ નજદીકના સગાંની બીમારીને લીધે આવી શકયા ન હતા.

બીજો ઠેડાવ ઓનરેબલ મી૦ સેલબીએ રજુ કર્યો હતો અને તેને ઓનરેબલ દોકતર ભંડારકરે ટેકો આપ્યો હતો તે નીચે મુજબ હતો :—

"દસ્તુરજી સાહેબના મરણુ માટે સઘલી કોમોની આએ સભા પોતાને ઉપજેલી ઘણીજ દીલગીરીની ખાસ નોંધ લે છે અને મરનાર દસ્તુરજીના મરણુથી આપણા દેશે એક "ઓરીએનટલ સ્કોલર" અને કીમતી શહેરી ખોઇયો છે તેની પણુ ખાસ નોંધ લે છે.

ત્રીજો ઠેડાવ મી૦ નવરોજી દોરાબજી ખંડાલેવાલાએ રજુ કીધો અને તેને સરદાર કુપુસ્વામી મુડલીઆરે ટેકો આપ્યો હતો કે "ઉપલા ઠેડાવની એક નકલ મરનાર દસ્તુરજી સાહેબના કુટુંબ ઉપર મોકલી આપવી."

ત્યાર પછી પુણાના કાજી સાહેબના એક બેટાએ દસ્તુરજી સાહેબની સીફતમાં ખાસ જોડેલી ઉરદુ કવીતા વાચી સંભળાવી હતી.

ત્યાર પછી સર કાવશજી જેહાગીર બેરોનેટે સભાના પ્રમુખ ઓનરેબલ સર મ્યુર-મેકેનઝીને આ સવલી તકલીફ ઉઠાવા માટે ખાસ ઉપકાર માન્યો હતો જેને ઓનરેબલ મી૦ નવરોજી પેશતનજી વકીલે લાયક બોલોમા ટેકો આપ્યો હતો.

સરનશીન સાહેબે તેમજ સઘલા બોલનારાઓએ મરહુમ દસ્તુરજી સાહેબની લાયકી, વિદવતા, તથા ફીલસુફી વીગેરેના ઉંડા જ્ઞાન માટે તથા તેમની દસ્તુર તરીકેની પરહેઝગારી માટે ઘણાજ વખાણ કર્યાં હતા સરનશીન સાહેબે ખાસ ભાર મુકીને દસ્તુરજીના મરણ માટે સરકાર તરફથી મોટી દીલગીરી જાહેર કરી હતી અને પારસી વફાદારીના ખાસ વખાણ કર્યાં હતાં સરનશીન સાહેબે ખાસ ઉમેર્યું કે આવા અસંતોષના વખતમા દસ્તુરજી સાહેબ જેવા આગેવાનોની ખાસ જરૂર છે અને તેવણુ જો હૈયાત હતે અને તેવણુની સલાહ હાલના વખત માટે લેતે તો તેવણુ બેશક તુરત કહેતે કે "ઇંગ્રેજ સરકારની તરફ અચુક વફાદારી બતાવો અને દેશના સુધારા વધારા તથા સુલેહ સંપજ માટે તમારાથી બને એટલી દરેક મદદ નામદાર બ્રીટીશ સરકારને આપો," આ સભામા ઘણાક આગેવાન ગૃહસ્થોએ હાજરી આપી હતી.

બાઇ બેહમનબાઈ પેશતનજી રૂસતમજી કાંગા.

મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજીના સદગુણી મોહરદાર બચીઆઇજીને પેટે રોજ ૧૧ માહા ૧૧ સને ૧૨૦૫ યઝદજરદી તા૦ ૬ ઠી આગસ્ટ ૧૮૩૬ ઇસવીને દીને જે છેલ્લા ફરઝંદની વૃધ્ધી થઇ હતી તે આ બખ્તાવર અને અસીલ બાનુની હતી. એવણુના જમાનામા જ્યારે સ્ત્રી કેળવણીનુ નામ નીશાન ન હતું ત્યારે આ બાનુએ ધર્મ અને સંસારની કેળવણી હાંસલ કરી દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનમા સ્ત્રી કેળવણીની પહેલ કહાડી હતી. પોતાના દીકરાઓના જેવીજ દીન અને દુન્યાની તાલીમ આપવાની એવણુના મરહુમ પીતા દસ્તુર જામાસ્પજીની ખાહેશ હોવાથી એવણુને ગુજરાતી, જંદ, ફારસી અને સંસ્કૃત ભાષાઓ શીખવવી શુરૂ કરી અને ધર્મગુરુને બરનો દીનદારી એલમ શીખવવાના ઇરાદાથી એવણુના પીતાએ એવણુને ત્રણ વાર બરસનુમ આપ્યું હતુ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનમા સ્ત્રી કેળવણી હાસલ કરવામા જેમ આ બાનુ પહેલી હતી તેમ "તનપાક"નુ બરસનુમ લેવામા પણ પહેલી હતી. દીનદારી એલમ શીખવા ઉપરાંત આ બાઇએ રાંધવા શીધવાની, શીવવા વેતરવાની, ભરવા ગુંઠવાની તથા ઘરનો કારોબાર ચલાવવાની પુખ્ત તાલીમ લીધી હતી. આ બાનુ મુંબઇવાલા શેઠ પેશતનજી રૂસતમજી કાંગા સાથ લગનના ગાંઠથી જોડાયા હતા અને આવા અસીલ ખવાસના, અમીરી ખાસ્યતના, ઠંડા મીજાજના, શીરીન ઝબાનના અને મીલનસાર ખાવીંદ હાથ કરવા માટે પોતે જેમ મગરૂર હતા તેમ એવણુના ખાવીંદ આવી નમુનેદાર મોહરદાર સાથ લગનના ગાંઠથી જોડાવામાં પોતાને ઘણા ભાગ્યશાળી સમજતા હતા. સંસારની જુસરીમાં જોડાવા પછી પણ આ બાઇ પોતાનો ફુરસદનો વખત ફારસી અને દીનદારી કેતાબો વાચવામા ગુજારતા હતાં. એવણુ ગુજરાતી ભાષા સારી છટાથી લખી જાણતા હતા અને હીસાબમાં ઘણા કુશલ હોવાથી પોતાના ઘરનુ નામુ પોતાના હાથે લખતાં હતાં. પોતે સારી રીતે કેળવાએલાં હોવાથી પોતાના ફરઝંદોનીજ નહી પણ તેઓના ફરઝંદોની કેળવણી અને નીતી ઉપર પણ વધુ લક્ષ આપતાં હતાં અને પોતાના માતાજી બચીઆઇજીના મરણ પછી એવણુના સઘલા ભાઇએ એવણુનીજ સલાહથી પોતાના ઘરસંસારનો કારોબાર ચલાવતા હતા. એવણુના સોહરાબજી તથા

દીનશાહજી નામના બે દીકરાઓ અને પીરોજબાઈ તથા આઇમાઇ નામની બે દીકરીઓ મલી ચાર ફરઝંદો હતાં. વડા દીકરા શોહરાબજી હાલ નીઝામ સરકારમાં "ઓરીએન્ટલ ત્રાન્સલેટર"નો ઓહ્દો ભોગવે છે. બીજા દીકરા દીનશાહજીએ મુંબઇ યુનીવરસીટીની મેટરીક્યુલેશનથી તે એમ. એ. સુધીની પરીક્ષાઓ પહેલીજ કોશેશે ફતેહમંદીથી પસાર કરી ઈ. સ. ૧૮૭૮ મા એલ. એલ. બી. અને ઇ. સ. ૧૮૮૦ માં સોલીસીટરની પરીક્ષાઓ પસાર કરી હતી. એવણુ ૩૨) વરસની નોજવાન ઉમરે મરણ પામવાથી પોતાના માતાજીને જે મોહટું દુખ ઉપજ્યું હતું તે તેવણે એક ધીરજવંત બાનુને છાજે એવી સહનશકતીથી ખમ્યું હતુ. આ બાઇના વડા દીકરી પીરોજબાઇ પોતાના ભત્રીજા ફીરોજ હોશંગજી દસ્તુર સાથ તથા બીજા દીકરી આઇમાઇ બીજા ભત્રીજા માણેકશાહ રેતનજી દસ્તુરે સાથ પરણ્યાં હતાં.

આ બાનુ રોજ ૨૫ માહ ૩ સને ૧૨૬૪ યઝદજરદી તા૦ ૯ મી દીસેમબર ૧૮૯૪ ઇસવી સંવત ૧૯૫૦ ના માગસર શુદ ૧૧ ને રવીવારને દીને ૫૮) વરસ, ૪) મહીના અને ૧૫) દીવસની ઉમરે મુંબઈમા બેહસ્તનશીન થયાં. એવણુ ઘણાજ મલતાવડા સ્વભાવના હોવાથી એવણુના ઓલખા-ણપીછાણવાલાઓમાં ભારે દીલગીરી ફેલાઇ હતી. મુંબઇનાં મોહટે ખાંચરેના પારસી બાનુઓમાં એવણુ સારો વગવસીલો ધરાવતાં હતાં. એવણુની યાદગારીમા એવણુના ખાવીંદે મુંબઇના અનજુમનના આતશબેહરામમાં એક બેઠક બાંધી આપી છે જે ઉપર નીચે મુજબ એક તખ્તી મારવામાં આવી છે:-

આએ બાહેરની બેઠક

બેહસ્તનશીન બાઇ બેહમનબાઈ

તે

દખણુના વડા દસ્તુરજી સાહેબ

જામાસપજી એદલજી જામાસપ આશાનાની બેટી

તથા

શેઠ પેશતનજી રૂસતમજી કાંગાના ધણીઆનીના

પુનને સારૂ મરનાગની પુંજીમાંથી બંધાવ્યો છે.

તેમજ મરનારના ભાઈઓએ રૂ. ૧૫૦૦૦)ની કીમતનુ ઘર "બેહમનબાઇ બીલડીંગ"ના નામથી પુણાની "સરદાર દસ્તુર નોશીરવાન ગર્લ્સ હાઈ સ્કુલ"ના ટ્રસ્ટીઓને પોતાના સગા બેહનના પુનને માટે ભેટ આપ્યું છે.

સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ.

આ દસ્તુરજીના અહેવાલ સાથ મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીની ઓલાદોનો અહેવાલ ખતમ થાય છે. એવણુ દખણુના પહેલા વડા દસ્તુર જામાસપજી એદલજીના ચોથા દીકરા દસ્તુર બેહરામજીના સૌથી નાહાના દીકરા થાએ છે, પણ પોતાના પીત્રાઇ ભાઇ મરહુમ અરવદ આદરબાદ દસ્તુર નોશીરવાનના પાલક થએલા હોવાથી તેવણુના નામ સાથ ઓલખાએ છે. એવણુનો જનમ પુણા મધે દસ્તુર હોલમાં રોજ ૧૧ માહ ૨ સને ૧૨૩૧ યઝદજરદી તા૦ ૩ જી નવેમબર ૧૮૬૧ ઇસવી, સંવત ૧૯૧૮ ના કારતક સુદ ૧) અને રવીને દીને થયો હતો. પોતાના મામા મરહુમ દસ્તુર ખુરશેદજી જામશેદજીની ઉસ્તાદગીરી હેઠલ આવર-મરાતબની તાલીમ લઈ સંવત ૧૯૩૦ ના

રોજ ૨૨ માહ ૭ સને ૧૨૪૩ યઝદજરદી, તા૦ ૧૦ મી એપ્રીલ ૧૮૭૪ ને દીને નવસારીની વડી દરેમેહરમાં હેરબદની પદવી લીધી હતી અને એજ ઉસ્તાદના હાથ હેઠળ પાવ મેહલના ક્રીયા કામનો પુખ્ત અભ્યાસ કરી બરસનુમ સાથે યોજદાથ્રગીરીનો પેશો કરવો લાંબી મુદત સુધી ચાલુ રાખ્યો હતો. એવણે મરાઠી, ફારસી અને ઈંગ્રેજી ભાષાઓની તાલીમ પુણાની સરકારી હાઇ સ્કુલમાં લીધી હતી, અને એક પંડીતના હાથ હેઠલ સંસકૃતનો અભ્યાસ કર્યો હતો. તેમજ પોતાના વિદવાન કાકા મરહુમ સરદાર દસ્તુર હોશંગ જામાસ્પની ઉસ્તાદગીરી હેઠલ જંદ અને પહેલવી ભાષાઓનો પુખ્ત અભ્યાસ કરી તેમાં પુર્વીણુતો મેલવી હતી

નાહની વયથીજ એવણુનામાં સબી ચીતારવાનો શૉક ઉતપન થયો હતો અને એ હુનરને એવણે રફતે રફતે ખીલવ્યો હતો. એવણુના હાથની ચીતારેલી કેટલીક તસવીરો હાલ એવણુના મકાનમાં મોજુદ છે જે જોનારાઓને એવણુની હુનરમદ પીછીનો સારો ખ્યાલ આપે છે.

દખણુના નાયબ દસ્તુર ઠવા આગમચ અને ત્યાર પછી એવણે દીનને લગતી જે અગત્યની ક્રીયાઓ કરી હતી તે ઇગિતપુરા ખાતે દુખમાનો તાણો પુરવાની અને તેને પરઠવાની ક્રીયાઓ હતી. સાના દુખમાનો તાણો પુરવાની ક્રીયા એવણે પોતાના મામા મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજી સાથ પોતાના મરહુમ વડા કાકા સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીની દેખરેખ હેઠલ રોજ ૧૯ માહ ૮ સને ૧૨૫૩ યઝદજરદી તા૦ ૪ થી મેએ ૧૮૮૪ ઇસવીને દીને કરી હતી. ત્યાર પછી દુખમુ પરઠવાની સઘલી ક્રીયા એવણે પોતે પોતાના બીજા કાકા સરદાર દસ્તુર હોશંગ જામાસ્પની રહેબરી હેઠલ રોજ ૧૯ માહ ૯ સને ૧૨૫૪ યઝદજરદી તા૦ ૩૧ મી મેએ ૧૮૮૫ ને દીને કરી હતી જે પુરી થવા પછી ઇગતપુરાની અનજુમન તરફથી એવણુને એક સીઆલ હોરાડવામાં આવી હતી.

પોતાના વડા કાકા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીના ઉઠેમણાને દીને યાને રોજ ૧૨ માહ ૨ સને ૧૨૫૪ યઝદજરદી તા૦ ૨૯ મી અકટોબર ૧૮૮૪ ને દીને એવણુને દખણુના નાયબ દસ્તુર ઠેડવવામાં આવ્યા કે જે વખતે એવણુને નીચે મુજબ ૫) સીઆલો હોરાડવામા આની હતી.—

૧ મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાના ટ્રસ્ટીઓ તરફથી.
૨ પુણાની અનજુમન તરફથી.
૩ દસ્તુર જમશેદજી રુસતમજી જામાસ્પ આશાના તરફથી.
૪ શેઠ હોરમજી શોહરાબજી તાડીવાલા તરફથી
૫ શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેસરીયા તરફથી.

ઈ. સ. ૧૮૯૫ ના માર્ચ માસમા એવણુ પુણાની મ્યુનીસીપાલ કોરપોરેશનના સરકાર તરફથી નેમાએલા એક મેમબર હતા અને હાલ તેના ઉપ-પ્રમુખનો ઓધ્ધો ભોગવે છે.

દખણુના વડા દસ્તુરના ઓધ્ધા ઉપર આવવા પહેલાં એવણે કેટલાક ગ્રંથો છપાવી બહાર પાડયા હતા જુન ૧૮૯૬ માં એવણે " કારનામે અરદશીર બાબેગાન " નો પહેલવી-ઈંગ્રેજી તેક્ષ્ત તેના ગુજરાતી તરજુમા અને તેને લગતા શાહનામાનો અસલ દાસ્તાન સાથ છપાવી બહાર પાડયો હતો ત્યાર પછી ઇ. સ. ૧૮૯૯ ના દીસેમબર માસમા જંદે બેહમનયશ્તનો પહેલવી તેક્ષ્ત તેના ગુજરાતી તરજુમા સાથ તથા પાજંદ મીનો ખેરદનો ગુજરાતી તરજુમો છપાવી પ્રગટ કર્યા હતો. આ માનો બેહમન યશતનો પહેલવી તેક્ષ્ત " ફોટોઝીંક્રો પ્રોસેસ " થી છાપવામાં આવ્યો હતો. ઉપલાં ત્રણે પુસ્તકો માટે ઈંગ્રેજી તથા ગુજરાતી વર્તમાન પત્રોએ સારા વિચારો દર્શાવ્યા હતા.

ઈ. સ. ૧૯૦૧ માં મરહુમ વિદવાન શેઠ ખુરશેદજી રુસતમજી કામાજીની ૭૧) મા વરસ ગાંઠની યાદગારીમાં શમસુલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદીના અધીપતી પણા હેઠલ

પ્રગટ થયલા "મી૦ કામા મેમોરીયલ વોલ્યુમ" માં એવણુની કલમથી લખાયલો "અવસ્તા શબ્દનો મુળ" એ વીશય દાખલ કરવામાં આવ્યો હતો પહેલવી ભાષાના જાણીતા અભ્યાસી દોકતર વેસ્ટે એ વીશય ને "ઘણો ધ્યાન આપવા જોગ" જણાવ્યો છે, તેમજ તા૦ ૮ મી સપટેમબર ૧૯૦૧ ના "રાસ્ત ગોફ્તાર" પત્રમા એ વીશેનો નીચલો ઇસારો જોવામા આવે છે—

"દસ્તુર કેકોબાદ નોશેરવાન જામાસ્પ આશાના ઘણી જાણવા જોગ સફાઇથી "અવસ્તા" નુ મુળ શોધી આપવાનુ માથે લે છે અને હમો ધારીયે છીયે કે તેઓ પોતાની કોશેશમા લગભગ ફત્તેહમંદ ઉતર્યા છે એમ આપણા પારસી તેમજ યુરોપિયન અભ્યાસીઓને લાગ્યા વિના રહેશે નહી"

જુલાઇ ૧૯૦૩ માં નામદાર સરકારે એવણુને પુણાના ઓનરરી માજીસ્ત્રેટ નેમી માન આપ્યુ હતુ.

દેવલાલી ખાતે દુખમુ પરઠવાની સઘલી ક્રીયા એવણે પોતાના કાકા મરહુમ સરદાર દસ્તુર હોશંગ જામાસ્પ તરફથી રોજ ૧૯ માહ ૩ સને ૧૨૭૭ યઝદજરદી તા૦ ૧ લી ડીસેમબર ૧૯૦૭ ને દીને પોતાના ઉપરી પણા હેઠલ કરાવી હતી જે વખતે ત્યાની અનજુમન તરફથી એવણુને એક સીઆલ હોરાડવામા આવી હતી. ત્યાર પછી એવણુ પોતાને તાએના પંથકો તપાસવા નીકલીઆ હતા જે વખતે ભુશાવલ, આકોલા, બદનેરા, નાગપુર, કામતી અને ઇગતપુરાની અનજુમન તરફથી મોહટો આવકાર મલવા સાથ માનપત્રો અને સીઆલો એનાયત કરવામા આવી હતી અને કેટલાક સાહેબો તરફથી ટી પારટીનો મેલાવડો કરવામા આવ્યો હતો

રોજ ૧૫ માહ ૮ સને ૧૨૭૭ યઝદજરદી તા૦ ૨૫ મી એપ્રીલ ૧૯૦૮ ને દીને એવણુ સરદાર દસ્તુર હોશંગ જામાસ્પના મરણ પછી દખણના વડા દસ્તુરની ગાદી ઉપર આવ્યા જે વખતે મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાઓના ત્રસ્તીઓ તરફથી એવણુની દસ્તુરી નેમણુક માટેનો નીચલો ઠેડાવ અનજુમનની હજુર વાંચી સંભલાવવામા આવ્યો હતો.—

"અનજુમનના સાહેબો—મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલની પુનાની દરેમેહરના અને ધરમખાતાઓના મોજુદ ત્રસ્તીઓ આ પ્રસંગે ઘણી દીલગીરી સાથ હમારા એક શરીફ ત્રસ્તી અને આ દરેમેહરના વડા દસ્તુરજી સાહેબ દસ્તુર હોશંગજીના દુઃખદાયક મરણુની અત્રે નોંધ લઇએ છીએ જે દસ્તુરજી સાહેબે પોતાની હૈયાતીમા આ દરેમેહર અને ધરમખાતાઓની અથાગ મેહનત લઇને સઘલી વ્યવસ્થા ઉત્તમ પ્રકારની કરી હતી અને તેઓ હાલની ઉમદા હાલતમાં આવ્યા છે હવે મજકુર દરેમેહરના વહીવટ અને બંદોબસ્ત માટે હમો હૈયાત ત્રસ્તીઓ ત્રસ્ત દીદમાં હમોને મલેલી સત્તાની રૂએ અનુમતે હમારા હાલના નાયબ દસ્તુર કેકોબાદ આદરબાદ દસ્તુર નોશેરવાનને મરહુમ દસ્તુરજી સાહેબ હોશંગજીની જગા ઉપર વડા દસ્તુર મુકરર કરીએ છીએ હમોને ઉમેદ છે કે એ નેમણુક આપણી અનજુમન નેબી પસંદ પડશે. મરહુમ દસ્તુરજી હોશંગજી સાહેબે પોતાની લાંબી જીંદગી પોતાના પવિત્ર ઓધ્ધાને અરપણ કરીને લોકપ્રીયતા સાથ પોતાની ફરજો જે ઉમદા રીતે અદા કીધી હતી તેજ સુભ પગલે ચાલી દસ્તુર કેકોબાદજી ત્રસ્તીઓ અને અનજુમનને સંતોષ આપશે એવી હમોને પુરી આશા છે. હમારી ખાતરી છે કે જેવી રીતે મરહુમ દસ્તુરજીના વખતમા એ દસ્તુરીની ગાદીનો વહીવટ ચલાંવવામા આવતો હતો તેવીજ રીતે દસ્તુર કેકોબાદજી ચલાવશે અને અનજુમનની રહેનુમાઈ તેઓની ખુશનુદી સાથ કરતા રહેશે. એજ ઉમેદ અને ખાતરીથી હૈયાત ત્રસ્તીઓએ ઉપલી નેમણુક કરવાનુ દરસ્ત ધાર્યું છે

મરહુમ દસ્તુરજી સાહેબ હોશંગજીના જમાનામાં દસ્તુર કેકોબાદે નાયબ દસ્તુર તરીકે કામ કરી સારો એતમ અને મોહટો અનુભવ મેળવ્યો છે. તેમજ હવે પછી આ દસ્તુરીની ગાદી ઉપર લાયક દસ્તુરોનો સીલસીલો જારી રાખવા માટે હમો ત્રસ્તીઓએ એવો બંદોબસ્ત કીધો છે કે દસ્તુર કેકોબાદના બેટા ભાઈ નોશેરવાન, જેઓ હાલ તાલીમ તરબીઅત લઈ રહયા છે તેઓની જરૂરી કેળવણી

ખતમ થતાં તેઓને નાયબ દસ્તુર કરવા એ ગોઠવણથી આપણી અનજુમનને પસંદ પડતી થશે એમ હમો માનીએ છીએ"

ઉપલો ઠેડાવ વંચાઈ રહેવા પછી અને દસ્તુર હોશંગજીના ઉઠેમણાની ક્રીયા પુરી થાવા પછી એવણને વડા દસ્તુર ઠડવાની મુબારક બાદીમા નીચે મુજબ ૭૫) સીઆલો હોરાડવામાં આવી હતી.-

૧-મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલના ધર્મખાતાના ત્રસ્તીઓ તરફથી.
૨-પુણાની અનજુમન તરફથી.
૩-સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટ તરફથી (મુબઈ)
૪-શેઠ શેઠ બહમનજી દીનશાહ પીટીટ તરફથી (મુબઈ)
૫-બાઇ હમાબાઇ ફ્રામજી પીટીટ તરફથી (મુબઇ)
૬-શેઠ રૂસતમજી બેહરામજી જીજીભાઇ તરફથી (મુબઈ)
૭-શેઠ શાપુરજી બેહરામજી કાતરક તરફથી (મુબઇ)
૮-શેઠ ડોશાભાઇ નશરવાનજી ચીનાઇ તરફથી (સીકનદરાબાદ)
૯-શેઠ શાપુરજી એદલજી ચીનાઇ તરફથી (દખણ હેદરાબાદ)
૧૦-શેઠ રૂસતમજી ધનજીભાઈ મેહતા તરફથી (કલકતા)
૧૧-બદનેરાની અનજુમન તરફથી.
૧૨-આકોલાની અનજુમન તરફથી
૧૩-નાગપુર તથા કાંપટીની અનજુમન તરફથી.
૧૪-અજમેરની અનજુમન તરફથી
૧૫-જાલના તથા ઔરંગાબાદની અનજુમન તરફથી.
૧૬-ખડવાની અનજુમન તરફથી
૧૭-મઉની અનજુમન તરફથી.
૧૮-ઇંદોરની અનજુમન તરફથી
૧૯-નીમચની અનજુમન તરફથી
૨૦-નસીરાબાદની અનજુમન તરફથી
૨૧-રતલામની અનજુમન તરફથી.
૨૨-સતારાની અનજુમન તરફથી
૨૩-મહાબ્લેશ્વર અને પચગનીની અનજુમન તરફથી
૨૪-ભુશાવલની અનજુમન તરફથી
૨૫-બેલગામની અનજુમન તરફથી
૨૬-ધુલીઆની અનજુમન તરફથી
૨૭-દેવલાલીની અનજુમન તરફથી
૨૮-ઇગતપુરાની અનજુમન તરફથી
૨૯-શ્રખનોરની અનજુમન તરફથી
૩૦-જબલપુરની અનજુમન તરફથી
૩૧-ઝાહનસીની અનજુમન તરફથી
૩૨-માઇસોરની અનજુમન તરફથી
૩૩-કલકતાની શેઠ બેહરામજી ધનજીભાઈ મેહતાની દરેમેહર તરફથી
૩૪-દસ્તુર કૈખુશરૂ જામાસ્પજી જામાસ્પ આશાના તરફથી (મુંબઇ)
૩૫-દસ્તુર જમશેદજી રૂસતમજી જામાસ્પ આશાના તરફથી (મઉ)

૩૬–એરવદ દારાબજી રૂસતમજી સંજાણા તરફથી (કલ્યાણી)
૩૭–એરવદ દારાબજી હોરમજી મેહરજીરાણા તરફથી (લાનોલી)
૩૮–એરવદ રૂસતમજી મનચેરજી જામાસ્પ આશાના તરફથી
૩૯–એરવદ દારાબજી બહમનજી મીનોચેહરહોમજી તરફથી.
૪૦–શેઠ સોહરાબજી રતનજી પટેલની દરેમેહરના મોબદો તરફથી
૪૧–એરવદ મનચેરજી હોરમજી મસાણી તરફથી (પુણા)
૪૨–એરવદ કાવશજી બરજોરજી મસાણીના દીકરાઓ તરફથી.
૪૩–એરવદ રૂસતમજી કાવશજી કટીલા તરફથી (સતારા)
૪૪–એરવદ રૂસતમજી શાપુરજી ધાબર તરફથી (સોલાપુર)
૪૫–એરવદ કાવશજી ખરશેદજી કતીલા તરફથી (ધુલીઆ)
૪૬-એરવદ એદલજી નવરોજી દસ્તુર જામાસ્પ આશાના દીકરાઓ તરફથી (નવસારી)
૪૭–શેઠ એરચશાહ ધનજીશાહ અકલેસરીઆ તરફથી (પુણા.)
૪૮–મરહુમ શેઠ એદલજી જીવાજી અકલેસરીઆ તરફથી (પુણા.)
૪૯–શેઠ પેશતનજી બહમનજી મેસમેન તરફથી (પુણા)
૫૦–શેઠ દારાબજી સોહરાબજી અકલેસરીઆ તરફથી (પુણા.)
૫૧–શેઠ નશરવાનજી સોહરાબજી અકલેસરીઆ તરફથી (પુણા.)
૫૨–શેઠ તેહમુરજી શોહરાબજી અંકલેસરીઆ તરફથી (પુણા.)
૫૩–શેઠ મેહરવાનજી મનચેરજી મુડવેવાલા તરફથી (પુણા.)
૫૪–શેઠ મેહરવાનજી માણેકજી કનત્રાકટર તરફથી (પુણા)
૫૫–દોકતર સોહરાબજી હોરમજી મોદી તરફથી (પુણા.)
૫૬–શેઠ બેહરામજી બેજનજી શરાફ તરફથી (પુણા)
૫૭–શેઠ નાહનાભાઈ લેહરીભાઇ તરફથી (પુણા)
૫૮–શેઠ કાવસજી બેહરામજી [illegible] તરફથી (પુણા)
૫૯–શેઠ એદલજી આદરજી મેહતા તરફથી (પુણા)
૬૦–શેઠ હોરમજી જમશેદજી ભરૂચા તરફથી (પુણા)
૬૧–શેઠ બેહરામજી પીરોજશાહ ભરૂચા તરફથી (પુણા)
૬૨–શેઠ કાવશજી બેજનજી લીચમોરના વારસો તરફથી (પુણા)
૬૩–શેઠ શોહરાબજી જમશેદજી ચીનાઈના વારસો તરફથી (પુણા)
૬૪–શેઠ રતનજી મનચેરજી સતારાવાલા તરફથી (પુણા.)
૬૫–શેઠ જમશેદજી હીરજીભાઈ હોતીવાલા તરફથી (પુણા)
૬૬–પુણાની બઝમે રૂઝે બેહરામ તરફથી
૬૭–નવસારીના વડા દસ્તુર કેકોબાદ દારાબજી મેહરજીરાણા તરફથી
૬૮–મરહુમ શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેસરીઆ તરફથી (પુણા.)
૬૯–નવસારીની અનજુમન તરફથી.
૭૦–મરહુમ શેઠ ધનજીશાહ જમશેદજી અકલેસરીઆના વારસો તરફથી.
૭૧–શેઠ જમશેદજી કાપડીઆ તરફથી (ધુલીઆ)
૭૨–શેઠ જમશેદજી કોલાબેવાલા તરફથી (ધુલીઆ.)
૭૩–શેઠ બરજોરજી ઊરાવાલા તરફથી (ધુલીઆ)
૭૪–શેઠ બરજોરજી મોદી તરફથી (ધુલીઆ.)
૭૫–શેઠ નરીમાન દાદાભાઈ તરફથી (ધુલીઆ.)

વડા દસ્તુરની ગાદી ઉપર આવવા પછી ફક્ત ત્રણ મહીનામાજ યાને જુલાઇ ૧૯૦૮મા નામદાર સરકારે એવણને દખણના પહેલા વર્ગના સરદારની પદવી એનાયત કરી અને તેની રૂએ સરકારી મહેલમાં ભરાતી "લેવી"મા "પ્રાઇવેટ એનટરી"નો હક બક્ષી એવણના દસ્તુરી દરજ્જા અને લીઆકાતની ગોયા કદરસનાસી કરી હતી. એ બાબદ ઉપર ઇંગ્રેજી તથા ગુજરાતી વર્તમાન પત્રોએ જે વિચારો દર્શાવ્યા હતા તેનો હયા ઉતારો કરવો પ્રસગોપાત ગણાશે —

"Government have been pleased to confer on Dastoor Kaikobad Aderbad, High Priest of the Parsis in the Deccan, the rank of First Class Sirdar of the the Deccan. This honour has been enjoyed by the incombent of the High Priest's office for three generations In bestowing this honour on the Dastoor Government have shewn their appreciation not only of the loyalty of the Parsis in the Deccan, whom the Dastoor represents but also the conspicuous merit of the Dastoor,* * * He is a very able speaker and has established a Special reputation for his eloquence, and Sound Common sense and learning, which he has displayed in his Sermons; and those who have heard him speak are unanimously of opinion that the the Dastoor is one of the few theological speakers on this Side of India He is generally known as the "Lion in theology." (Times of India, 24 July 1908)

"The honour of a First Class Sirdarship of the Deccan just conferred by the Government on Dastur Kaikobad the Parsi High Priest of the Deccan and Malwa will be duly appreciated by the Parsi Community not only of Poona the head quarters of the Dastur, but also of Bombay where he is well known as an eloquent spiritual leader, and held in high respect Parsis are deservedly proud of this honour, because the Deccan High Priest is their only Dastur among Sirdars Dastur Kaikobad's two uncles who preceded him as High Priests of the Deccan Parsis were also First Class Sirdars, and this honour is almost inseparably associated in the minds of the Parsis with the Dasturship. They take it as a sort of Government recognition of their Dastur and feel honoured as a community in seeing their spiritual head thus honoured by the state within three months of his succeeding to his high office. * * * Unlike many scholars he has the gift of popularising his labours, and he is specially known as an eloquent and effective preacher among a Community which unfortunately possesses very few such men. * * * He is a man of liberal and advanced views, which is rather unusual among Parsi priests, and participates in every project for the enlightenment of the Parsis under him at Poona and elsewhere * * * The influence of the Poona Dastur has been undoubtedly wholesome on the Parsees, and we welcome the present increase by

the honour of Sirdarship, because we are sure it will be used ungrudgingly in the cause of good Government and still greater enlightenment of the already enlightned Community" (Rast-Goftar July 22nd, 1908)

"દખણના વડા વસ્તુર સાહેબ કેકોબાદ આદરબાદ દસ્તુર નોશેરવાનજીને નામદાર સરકારે પહેલા વગગના સરદાર બનાવ્યા છે. એક વડા દસ્તુરનો દરજ્જો બીજા સરકારી માનપાન કરતાં વધારે ચઢીઆતો ગણાવો જોઇએ, છતા પુના તથા દખણના પારસીઓ પોતાના વડા દસ્તુરને મલેલા એ નવાં માનથી ખુશી થયા વગર રહેશે નહી. એ માન મેલવવાને દસ્તુર કેકોબાદ દરેક રીતે લાયક છે * * * સરકાર દરબારમાં પણ એવણે પોતાની સેવાનો સારો હીસ્સો આપ્યો છે * * * અમો દસ્તુરજી સાહેબ કેકોબાદને આ નવાં મોટા માન માટે દીલોજાનથી મુબારકબાદી આપયે છીએ અને ચાહીએ છીએ કે એથી પણ વધારે માન મરતબો મેળવવાને એઓ ભાગ્યશાલી થાય.

(જામે જમશેદ તા૦ ૨૧ મી જુલાઈ ૧૯૦૮)

"પારસીઓમાં ત્રણ બેરોનેટ, બે નાઈટ અને એક સરદાર છે, તેમા એક બીજા સરદારનો વધારો થયો છે, દખણ અને માળવાના પારસીઓના વડા દસ્તુરનો માનવત દરજ્જો ઘણા વર્ષોથી દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનીઓ ધરાવતા આવ્યા છે. આ દસ્તુર સાહેબોમાના છેલ્ના બે દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી અને તેમના ભાઇ દસ્તુર હોશંગજી પહેલા વર્ગના સરદારનો દરજ્જો ધરાવી ગયા હતા તેમ હાલના તેમના જાયનશીન નવા દસ્તુર કેકોબાદ આદરબાદને હાલ નામદાર સરકારે દખણના ૧ લા વર્ગના સરદારની પદવી બક્ષીને પારસી કોમને ખુશહાલ કીધી છે અમો જોતા આવ્યા છીયે કે આ પુણાનુ દસ્તુરી ખાનદાન પોતાની ચતુરાઈ, ચાલાકી, કાબેલ્યત અને કારસાજીને માટે જ્યા જાય છે ત્યા વખણાય છે અને માન પામે છે એ ખાનદાનનુ અસલ વતન નવસારી છે, અને નવસારીનો અથોરનાન ટોળો પોતાની હૈયાની હુશીયારીને લીધે જ્યા હોય ત્યા ફાવી નીકળે છે પણ પુણાના જામાસ્પ આશાના ખાનદાનવાલા દસ્તુરો પોતાના ધર્મજ્ઞાનથી તેમજ વખતને અનુસરીને સુધારાના કામમાં આગલ વધવાની તથા ટોળાના લોકોને આગલ વધારવાની પોતાની ખાસ ફરજ અદા કરવાના ગુણ લક્ષણને લીધે પણ વખણાય છે દસ્તુરો તો આજે ઘણાબી છે, પણ પોતાના સુધરેલા મજહબની માહીતી જોડે ટોળાના લોકોને સુધારાને રસ્તે દોરવવાની હીમત પુણાવાલા દસ્તુરો જેટલી ધરાવે છે તેટલી કોઈ બીજા ધરાવતા હોય એવી અમને ખબર નથી * * * દસ્તુરો તો અલબત શુધ્ધ અંત કરણના અને સુધરેલા વિચારનાજ જોઇએ * * દસ્તુર કેકોબાદના વિચારો સુધારાને અનુસરતા છે એઓ વેહમ, ઝનુન અને હઠીલાઈના શત્રુ છે, અને દુનિયા જેમ આગલ વધે તેમ કદમ લબાવનારા છે. એવા એક ધર્માધ્યક્ષને મલેલી સરદારની પદવી માટે અમો એમને દિલોજાનથી મુબારકબાદી આપિયે છીયે." (રાસ્ત ગોફતાર તા૦ ૨૬ મી જુલાઇ ૧૯૦૮) એ સરદારની પદવીને લગતો ખીલત એવણને એનાયત કરવાની ક્રીયા તા૦ ૨૨ મી જુલાઇ ૧૯૧૦ ને દીને નામદાર શહેનશાહની સાલગીરેહની ખુશાલીમા પુણા ખાતે ભરાયલી દરબાર હજુર દખણના સરદારોના એજન્ટ મી૦ રોપરે કીધી હતી.

તા૦ ૧૬ મી એપ્રીલ ૧૯૧૦ ને દીને કેટલાક જાણીતા ગૃહસ્થોની કારસાજીથી મુંબઇમાં જરથોસ્તી કાનફરન્સ ભરવામા આવી હતી તેના એવણ પ્રમુખ ઠર્યા હતા એ કાનફરન્સ વીરૂધ મુબઇના એકાદ બે પારસી વર્તમાન પત્રોએ ચાલુ લખાણો કરવાથી પારસીઓમા મોહટી તકરાર જાગી હતી અને એ હીલચાલને તોડી પાડવા માટે કેટલાકો તરફથી કોશેશો થઈ હતી. પણ એ કનફરન્સના કરતા કારવતાઓની જત, સબુરી, કુનેહ અને દુર અંદેશીથી એ કામ ફતેહમંદીથી પાર પાડ્યું હતું. એ વખતે એ દસ્તુરજીએ પ્રમુખસ્થાનેથી કીધેલાં છટાદાર ભાષણમાં ઠરેલ અને

મધ્યમ વિચારો આમેજ થયલા હોવાથી સાંભલનારાઓના મન ઉપર એવીતો ચમતકારીક અસર થઇ હતી કે મુબઇના એક જાણીતા ગ્રહસ્થ શેઠ શાપુરજી બેહરામજી કાતરક જેઓ શુરૂઆતથીજ કોનફરન્સની વીરૂધ હતા તેવણે એ દસ્તુરજીનુ ભાશાણુ સાંભલવા પછી પોતાની વીરૂધતા જાહેરમાં ખેંચી લેવાની હીમત બતાવી હતી. ત્યાર પછી તા૦ ૩૦ મી એપ્રીલની રાતે ગ્રાંટરોડના શેઠ નશરવાનજી માણેકજી પીટીટના બંગલામાં એ કોનફરન્સના સબધમા એક ખાણુ કરવામા આવ્યુ હતુ જે વખતે સર દીનશાહજી માણેકજી પીટીટ બેરોનેટ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા

રોજ ૨૯ માહ ૧૧ સને ૧૨૭૯ યઝદજરદી, તા૦ ૭ મી ઓગસ્ટ ૧૯૧૦ ને દીને મદરાસમાં આદરાનની દરેમેહરને પરઠવાની ક્રીરીઆ એવણના ઉપરીપણા હેઠલ થઇ હતી અને ત્યાની અનજુમન તરફથી એવણને માનપત્ર સાથ એક સીઆલ હોરાડવામાં આવી હતી એ વખતે એવણે ઉતાકામદના સરકારી મેહલમા મદરાસના ગવરનર સર આરથર લોલીની મુલાકાત લીધી હતી તા૦ ૧૭ મી નવેમબર ૧૯૧૦ ને દીને નામદાર સરકારે એવણને " પારસી દીસ્ત્રીકટ મેટરીમોન્યલ કોર્ટ " ના દેલીગેટ નેમ્યા હતા

વિભાગ ૨ જો.

દસ્તુર ખુરશેદજી જમશેદજી (૧ લા) અને તેવણની ઉતરતી ઓલાદોનો અહેવાલ.

દસ્તુર ખુરશેદજી જમશેદજી (૧ લા)

જનમ-શુરૂઆતની કેળવણી-યોજદાથ્રગીરીનો પેશો-અગત્યના બનાવો-નવસારીની નવી દરેમેહર-ફારસી નઝમમાં લખેલી તખ્તી-અનજુમન સાથ મીનાકેશો-મુંબઈ જઇ વસવાનો સબબ-મુંબઇના પંથકીઓનો દરજ્જો-દસ્તુર ખુરશેદજીને મલેલા હકો-શહેનશાહી પંથની દસ્તુરી ગાદીની સ્થાપના-ઓબદો ઉપર મલેલુ વડપણ-ગઉ શીતલાનો ધારો-દસ્તુરોનો અભીપ્રાય-વડીલોનો મલાહઝો રાખી બેસવા માટેનો બંદોબસ્ત-નવી પારસી પંચાયત-દસ્તુર ખુરશેદજીની પંચાયતના અકાબર તરીકેની નેમણુક-પંચાયતે ઘડેલા કાયદાઓની નોંધો-દસ્તુરી બેઠકોનો બંદોબસ્ત-ગોશ અને કબીસાની તકરાર-ગવરનરો અને અમલદારો સાથ મીત્રાચારી-સદર અદાલતમાથી મલતી " મનસબ "-પારસીઓના વારસા હીસ્સા સંબંધી દસ્તુરોની લેવાતી સલાહ-દરેમેહરો પરઠવાની ક્રીયા-સીઆલોની ભેટ-લખાણો-શાગેરદો-ફરઝંદો-દસ્તુર મુલ્લાં ફીરોઝ સાથ મીત્રાચારી-મીજાજ અને ખાસ્યત.

મુબઈ શહેરમાં શહેનશાહી પથની દસ્તુરી ગાદી સ્થાપનાર દસ્તુર ખુરશેદજી તે મરહુમ વિદ્દવાન દસ્તુર જમશેદજી જામાસ્પજીના બીજા દીકરા હતા. એવણ પોતાના વડા ભાઇ મરહુમ દસ્તુર બેહમનજી સાહેબથી બે વરસે નાહના હતા. એવણ સાહેબનો જનમ ઈ. સ. ૧૭૪૭ માં

નવસારી મધે થયો હતો. એવણુને જંદ, પહેલવી, ફારસી, અરબી અને સંસકૃત ઝબાનોની તાલીમ આપનાર અને તેમાં પુર્વીણુ બનાવનાર એવણુના મરહુમ પીતા દસ્તુર જામશેદજી સાહેબ હતા. તેવણુ સાહેબનીજ ઉસ્તાદગીરી હેઠલ નાવર-મરાતબનો અભ્યાસ કરી સવત ૧૮૧૫ ના રોજ ૧૧ માહ ૫ સને ૧૧૨૮ યઝદજરદી તા૦ ૨૬ મી ફેબ્રુઆરી ૧૭૫૯ ઇસવીને દીને બાર વરસની નાધલી વયે હેરબદની પદવીએ પહોંચ્યા હતા એવણુ સાહેબ પોતાના વખતમાં દીનઆઇનની બાબદો અને પાવ મેહલના ક્રીયા કામોમા ઘણાજ ખબરદાર ગણાતા હતા. એવણે પોતાની જીદગીનો બે-તૃત્યાઉંશ (⅔) ભાગ નવસારી ખાતે યોજદાથ્રગીરીનો પેશો કરવામા ગુજાર્યો હતો કે જે દરમ્યાન ઇ સ ૧૭૬૫ માં નવસારીમા આતશબેહરામની સ્થાપના, ઇ સ. ૧૭૭૬ મા નવસારીમા પડેલી મોટી ધાડ, ઇ. સ ૧૭૮૨ માં નવસારીમા "આડતીશીનુ ઉંશુ" અથવા "દતનનુ તોફાન"ના નામથી જણાયલુ હવા પવનનુ મોટું તોફાન અને ઇ સ. ૧૭૯૦ માં પડેલો સડતાલાનો દુકાલ એ દસ્તુરજીની નવસારી ખાતેની કારકીરદીમા બનેલા મુખ્ય બનાવો હતા

ઇ. સ ૧૭૯૫ મા નવસારીવાલા મરહુમ દેશાઇ શ્રી મીનોચેહરજી ખુરશેદજીએ ત્યાંની જુની દરેમેહરને નવેસરથી બધાવી રોજ ૧ માહ ૫ સને ૧૧૬૪ યઝદજરદી, તા૦ ૭ મી ફેબ્રુઆરી ૧૭૯૫ ઇસવીને દીને પરઠાવી હતી એ દરેમેહર ઉપર મારવા માટેની એક તખ્તી ફારસી નઝમમાં દસ્તુર ખુરશેદજીએ નીચે મુજબ લખીને દેશાઇ મીનોચેહરજીને અર્પણુ કરી હતી.—

ઇલા આગાહ બાશ અએ મરદે હુશીઆર,
કે યક શાઅત મશવ ગાફીલ ઝે દાદાર.
નેકુઇ કુન નેકુઈ કુન દરીન જા,
કે તાયાબી મુરાદે ખુદ ઝે દુન્યા.
અગર ખએરાત નેકુઈ નુમાઇ,
બ ફીરદુસે બરીન યાબી રસાઈ.
ઝે ઇઝદ હરકે કારોબાર સાઝદ,
ખુદાયશ દુસ્તદારો યાર સાઝદ.
બે માનદ નામે ઉતારૂઝે મહશર,
નેકુઈ ગર કુનદ દર રાહે દાવર.
નુમાયદ હરકે તઆમીરે દરેમેહર,
મએ સર બાશદશ જાએ દરેમેહેર
બ મીનુમી રસદ યાબદ ગરૂસમાન,
બેમાનદ દાયમા શાદાનો ફ્રરહાન.
દરીં કસબએ રઇસે નામ બરદાર,
મીનોચેહર હસ્ત રૂખશાં રૂ તરેહદાર.
બ નોસારી દરેમેહર આં ચુનાન સાખ્ત,
બ તઆમીરશ ઝે જાનો દીલ બે પરદાખ્ત.
બ રૂઝે હુરમઝદો માહ મરદાદ,
હઝારો સદ બ શશતો ચાર ઇઝાદ.
બ નોસારી બના કરદ ઇં દરેમેહેર,
રઇસે નેક નામે ઉ મીનોચેહેર.

હસુલે નેક નામી ઈ ચુનીન કરદ,
કે સરફે સીમો ઝર દર રાહે દીનકરદ.
નમુદેહ કારે ઉમદેહ અઝ નેકુઇ,
મએસર ગશ્ત ઉરા રાસ્ત જુઈ.
ઝે કારે કેરફેહ બર આબાદે ઈજદાદ,
રવાને શાં બ જનનત શુદ બસી શાદ.
બરાયશ કમતરીન ખુરશીદે અહેકર,
નુમાયદ અરજ અએ દાદારે દાવર;
કે દર દારેન નેકુ નામ બાશદ,
નેકુ સીરત નેકુ અનજામ બાશદ.
મુરાદે ખુદ બે યાબદ હરકે શાયદ,
ગમો રંજો અલમ પીશશ ની આયદ
બે માનદ શાદમાં અઝ આલો ઓલાદ,
સદોસે સાલ અફ્ઝુ ઓમરે ઉ બાદ.

અર્થ—અએ હુશીઆર મરદ ! ખબરદાર રહે અને પરવરદેગારની યાદ કરવાથી એક ઘડી પણ ગાફેલ ના રહે

આએ જેહાનમાં નેકીના કામો કરી લે, કે જેથી આએ દુન્યામાં તારી મુરાદ બર આવશે

અગર તું નેકી અને સખાવત કરશે તો બુલદ બેહસ્તમા તું પહોચવા પામશે

પરવરદેગારના નામથી જે કોઇ પોતાનો કારોબાર ચલાવે છે તેને ખુદાતાલા પોતાનો દોસ્ત તરીકે ગણે છે.

જે કોઇ ખુદાની રાહ ઉપર ચાલી નેકીના કામો કરે છે તેનુ નામ રસ્તાખેજ સુધી યાદગાર રહે છે.

જે કોઈ (આએ દુન્યામાં) દરેમેહર સરીખી પવીત્ર ઈમારત ઉભી કરે છે તે (પેલી જેહાનમા) મેહર યઝદના દરવાજા આગલ જઇ પહોચે છે.

તે મીનોઇ જેહાનમાં પુગી ગરથમાન બેહસ્તમાં દાખલ થવા પામે છે અને હમેશાં ખુશી ખુરરમી સાથ રહે છે.

આએ (નવસારી) કસબામાં (દરેમેહરનો) પાયો નાખનાર ઝહમકતા ચેહરાનો નામવર સરદાર મીનોચેહર છે

(તેને) નવસારીમા એવીતો દરેમેહર બંધાવી છે કે તેને બરપા કરવામાં પોતાના દીલ અને જાનથી મશગુલ રેહર્યો છે.

યઝદજરદી સને ૧૧૬૪ ના અમરદાદ મહીનો ને અહુરમઝદ રોઝે નવસારી કસબા મધે નેકનામ સરદાર મીનોચેહરે એક દરેમેહર બંધાવી,

(અને) દીનની રાહ ઉપર સોના તથા રૂપાના નાણાંને ખરચીને નેકનામી હાંસલ કીધી.

(અને) નેકીની રાહે ઉમદા કામો કરવાથી તેને રાસ્ત જુઇ હાસલ થાઇ,

(અને) તેનાં કીધેલાં સવાબના કામોથી તેના વડવાઓના રૂવાનો બેહસ્તમાં ઘણાં ખુશી થયાં.

ઓ દાદારે દાવર ! તેને માટે કમીનો ખુરશેદ એવી અરજ ગુજારે છે (કે)

તે બેહુ જેહાનમાં નેકનામીભરેલો રહે અને નેક ખસલતથી રહેવા સાથ તેનો સરનજામ પણ નેકીથી ભરપુર રહે.

(તેમજ) જ્યારેબી તે ચાહે ત્યારે તેની મુરાદ પાર પડે અને તે ગમ, રંજ અને સકટ નહી દેખે.

તે હમેશા આલઓલાદથી ખુશી ભરેલો રહે અને તેની ઉમર ૧૩૦) વરસની લાંબી થાય.

પછવાડેથી અનજુમનના કેટલાક ગ્રહસ્થોએ વાંધો ઊઠાવવાથી ઉપલી તખ્તી દરેમેહર ઉપર મારવામા આવી ન હતી. અગરજો એ તખ્તી દરેમેહર ઉપર મારવામા આવી હતે તો દરેમેહર બંધાવી આપનાર દેશાઇ મીનોચેહરજી અને તખ્તી લખનાર દસ્તુર ખુરશેદજી એ બેહુ સાહેબોના નામો તે પવિત્ર મકાનં સાથ જોડાયલા આજ સુધી કાયમ રહયાં હતે

પોતાના મરહુમ પીતાની માફક દસ્તુર ખુરશેદજી સાહેબ પણ ઘણાજ ટેકવાલા અને સ્વતંત્ર વિચારના હોવાથી નવસારીની અનજુમનના અકાબરો અને બીજા આગેવાનો સાથ એવણુને જેવો જોઇએ તેવો સારો એખલાસ રહેતો ન હતો, અને તેઓ વચ્ચેનો મીનાકેશો દન પર દન વધતો જતો હતો. એ મીનાકેશાનો લાભ લઇ સમસ્ત અનજુમનનો મોહટો ભાગ દસ્તુર ખુરશેદજી તરફ વેરભાવ અને શત્રુવટ બતાવા લાગો પોતાના મોભા અને ઇજતની સલામતીને ખાતર પોતાના હસુદો અને પ્રપંચીઓથી દુરી પકડવી બેહતર ધારી અને પોતાની પ્રીય જન્મભૂમી નવસારીને છેલ્લી સલામ કરી મુંબઇ જઇ વસવું દરસ્ત ધાર્યું. એવો મકકમ ઠેડાવ કરી પોતાના કુટુંબ કબીલાથી ભરેલુ ઘર—જે પણ પછવાડેથી મુંબઇ જઇ વસ્યુ હતું—ત્યાગ કરી પોતાના સૌથી નાંઘલા ભાઈ મરહુમ દસ્તુર દારાબજી જમશેદજી, પોતાના નામ રાશીઆ મીત્ર મરહુમ મોબદ ખુરશેદજી જમશેદજી મોદી અને બીજા બે મોબદો સગાતે દસ્તુર ખુરશેદજી રોજ ૬ માહ ૮ સને ૧૧૭૦ યઝદજરદી તા૦ ૧૨ મી મેએ ૧૮૦૧ ને દીને નવસારીથી મુંબઇ તરફ રવાના થયા હજી તો તેઓ ગંદેવીના રસ્તા ઉપર છે તેટલા તેજ વખતે નવસારીમાં મુજારો ફાટવાથી દસ્તુર ખુરશેદજીના વડા ભાઈ મરહુમ દસ્તુર બેહમનજીના સૌથી નાંઘલા દીકરા શેહરાબજીનુ એકાએક મરણ નીપજ્યુ.

મુંબઈ જઈ વસવામાં દસ્તુર ખુરશેદજીના કીસમતનો સીતારો પ્રકાશીત થવા માંડયો. આ વખતે મુંબઇ શેહરમાં શેહનશાહી અનજુમનનો વડો દસ્તુર કોઈ ઠડયો હતો નહી, તો જો કે દસ્તુર ખુરશેદજીના મુંબઇ જઇ વસવાની ૧૮) વરસ અગાઉથી કદમી પંથના દસ્તુરની તે ટોળા ઉપર દસ્તુરી હકુમત ચાલી રહી હતી. ૧

૧—તા૦ ૨૯ મી સપટેમબર ૧૭૮૩ ને દીને મુંબઇ મધે મરહુમ શેઠ દાદીશેઠના આતશબેહરામને તખ્તનશીન કરવામા આવ્યા તે દીને મરહુમ દસ્તુર કાઉસ રૂસતમ જલાલ કદમી પંથના પહેલા વડા દસ્તુર ઠડયા હતા, પણ ઇ સ. ૧૭૯૪ મા પોતાની દસ્તુરી પોતાના વિદ્વાન બેટા મુલ્લાં ફીરોઝને સપુરદ કરી પોતે દખણ હેદરાબાદ ખાતે જઇ વસ્યા હતા અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

(" પારસી પ્રકાશ " દફતર ૧ લું. સફે ૯૨ મે) દસ્તુર ખુરશેદજી ઇ સ ૧૮૦૧ મા મુબઇ આવી વસ્યા તે વખતે મરહુમ દસ્તુર મુંલા ફીરોઝ કદમી પંથવાલાઓ ઉપર દસ્તુરી સતા ચલાવતા હતા

શાહેનશાહી દસ્તુર ખાનદાનવાલાઓમા દસ્તુર ખુરશેદજી પહેલવેહલા મુંબઇ જઈ વસવાથી[1] તે વખતના શહેનશાહી પારસીઓ એવણુને પોતાના વડા દસ્તુર તરીકે માન આપવા લાગા, તે હયાં સુધી કે તેઓએ કોટમા મરહુમ શેઠ માણેકજી શેઠની દરેમેહરની સાએના ઘરમા જ્યા મરહુમ શેઠ ફરામજી કુકાજી ભરૂચા રહેતા હતા ત્યાં એવણુને બદગી કરવા માટે બેઠક કરી આપી હતી.

આ વખતે મુબઈમા પથકીઓ ઘણાજ પગભર થઈ ગયા હતા. તેઓ દસ્તુર તરીકે માન પામતા અને બીજા મોબદો ઉપર સરસાઇ ભોગવતા હતા. ઉઠેમણામાં પતેત તેઓજ માડતા અને લગનના આશીરવાદ પણ તેઓજ સારતા હતા તે વખતે સર અવસરની મીજલસમા બેસવાનો એવો રવૈયો હતો કે આશીરવાદ સારનાર યા પતેત માડનાર મુખ્ય પથકી પેહલા બેસે. તેમણી જમની બાજુપર કદમી પંથના વડા દસ્તુર મુલ્લા ફીરોઝ કાઉશ અને ડાબી બાજુપર પચાયતના જે વડા અકાબર હોય તે બેસે સારાશ, એ પથકીઓ સર અવસરની ક્રીયાઓમા દસ્તુર તરીકેનું ઉપરીપણુ ભોગવવા સાથ જાહેર મીજલસોમા વડપણુ પણ તેઓજ ભોગવતા આ વખતે વડા પથકી અને મોબદોના અકાબર હોરમજી કોહીદારૂ પથકી ઉરફે હોમજીદાર હતા તેઓ લશકરી ખાનદાનના હતા અને દસ્તુર ખુરશેદજીના ધણીઆણી હીરાબાઇના મસીઆઈ ભાઇ થતા હતા. તેવણે દસ્તુર ખુરશેદજી પાસે પતેત મડાવાની, હમાયસ્તાબેહાન પઢાવાની અને લગન સરાવાની પેરવી કરી, અને બીજા ભાઇબંધ પથકીઓ જેઓ તેવણુના કાકા કુટુબના હતા તેઓને પણુ તેમ કરવાની સલાહ આપી આ ઉપરથી કોટ તથા બહારકોટના પથકીઓના મોહટા ભાગે દસ્તુર ખુરશેદજીને પોતાનો પતેત માડવાનો હમાયસ્ત બેહાન પઢાવાનો અને આશીરવાદ સારવાનો હક સપુર્દ કીધો, તો જો કે કેટલીક ગમતો તેજ કામો પથકીઓ પોતેજ બજાવતા હતા. હજી તો મુંબઇ જઇ વસવાને પુરા બે મહીના નહી થયા તેટલામા દસ્તુર ખુરશેદજી શહેનશાહી પથના વડા દસ્તુર રીકેનુ માન પામી ચુકયા, અને બીજી તરફથી પારસી પચાયતના અકાબરો, પારસી શેઠીઆઓ અને મરહુમ મુલ્લા ફીરોઝ એવણુને લાયક દસ્તુર ગણીને માન અને મોહબતથી ચાહવા લાગા. એવી રીતે પોતાનો દસ્તુરી અમલ ધમધોકાર ચલાવામા એક દાહેકો પસાર થઇ ગયો.

આપણે ઉપર જોયું કે કેટલીક ગમ દસ્તુર ખુરશેદજી પતેત માડતા, હમાયસ્ત બેહાન પઢાવતા અને આશીરવાદ સારતા અને કેટલીક ગમ તેજ કામો પથકીઓ પોતે બજાવતા હતા પણ હજી સુધી શહેનશાહી જરથોસ્તીઓના અનુમતથી ઠરેલો વડો દસ્તુર કોઇ ન હોવાથી અને જેમ ઉપર જણાવ્યું તેમ જાણીતા દસ્તુર ખાનદાનવાલાઓમાં દસ્તુર ખુરશેદજી પેહલવેહલા મુબઈ જઇ વસેલા

---

૧ "મુબઇનો બહાર" સફે ૨૪૪ થી તે ૨૪૭ સુધી જાણીતા પારસીઓની મુંબઇમા થયલી પધરામણીઓની નોધો આવેલી છે તે ઉપરથી જણાય છે કે જાણીતા દસ્તુર ખાનદાનવાલાઓમા પહેલવેહલા મુબઈ પધારનાર મરહુમ દસ્તુર જામાસ્પ આશાના દીકરા દસ્તુર જમશેદજી જામાસ્પજી પોતે હતા, પણ થોડા મહીના પછી નવસારી પાછા ફરયા હતા. ત્યાર બાદ બે દાહેકા પછી તેવણુના બેટા દસ્તુર ખુરશેદજી મુબઇ મધે જાયુકના જઈ વસ્યા હતા. આ બન્ને બાપ દીકરાઓની મુબઈમા થયલી પધરામણીની નોધો "મુબઇનો બહાર" મા નીચે મુજબ આવી છે:—

યઝદજરદી સને "૧૧૫૦ મા શેહનશાહીના દસ્તુર જામાસ્પ આશાના દીકરા દસ્તુર જમશેદજી નોસારીથી આવીને થોડુકમા પાછા શીધારેઆ હતા" (સફે ૨૪૬ મે)

યઝદજરદી સને "૧૧૭૦ મા શેહનશાહી પંથના વડા દસ્તુરનો ઓહદો લઇને નોશારીથી ખરશેદજી જમશેદજી જામાસપ આશાના આવી વશેઆ હતા" (સફે ૨૪૭ મે)

યઝદજરદી સને ૧૧૫૦ ની અગાઉ અને ૧૧૫૦ અને ૧૧૭૦ ની વચ્ચે મજકુર બે દસ્તુરો શીવાએ શેહનશાહી ટોળાના જાણીતા દસ્તુરોની મુબઇ ખાતેની પધરામણીની નોધો "મુબઇનો બહાર" મા આવી નથી તે ઉપરથી એવું જણાય છે કે મુંબઈ જાયુકના જઈ વસવામા દસ્તુર ખુરશેદજી પહેલા હતા.

હોવાથી તે વખતની પારસી પંચાયતના પ્રમુખ મરહુમ શેઠ જમશેદજી બહમનજી વહાડયાજી, તેવણના ભાઇ મરહુમ શેઠ પેશતનજી બહમનજી વહાડયાજી, પંચાયતના અકાબરો તથા બીજા આગેવાન શેઠીઆઓ એવણને જાહેરાતવડા દસ્તુર ઠેડવવાની હીલચાલ કરી રહયા હતા. એ હીલચાલ દરમ્યાન બાઈ સુનાબાઇ તે મરહુમ શેઠ પેશતનજી બહમનજી વહાડયાજીના દીકરી અને મરહુમ શેઠ નવરોજી જમશેદજી વહાડયાજીના ધણીઆણી રોજ ૩૦ માહ ૬ સને ૧૧૮૧ યઝદજરદી તા૦ ૩ જી એપ્રીલ ૧૮૧૨ ઇસવીને દીને હક થયાં એ ટકનો લાભ લઈ રોજ ૨ માહ ૭ સને ૧૧૮૧ યઝદજરદી તા૦ ૫ મી એપ્રીલ ૧૮૧૨ ઈસવીને દીને એ મરહુમ બાઇ સાહેબના ઉઠમણાની મીજલસમાં શાહેનશાહી અનજુમને સર્વાનુ મતે દસ્તુર ખુરશેદજીને પોતાના વડા દસ્તુર ઠેડવી મરહુમ શેઠ જમશેદજી બહમનજી વહાડયાજીને હાથે સીઆલ હોરાડી હતી અને પહેલી પતેત એવણ પાસે મંડાવી હતી એજ મીજલસમાં શાહેનશાહી પંથના વડા દસ્તુરની પદવી એનાયત થાવા સાથ દસ્તુર ખુરશેદજીને મોબદો ઉપર વડપણ ભોગવવાનો હક પણ બક્ષવામા આવ્યો હતો. એમ મુંબઈ શહેરમાં શાહેનશાહી પંથની દસ્તુરી ગાદી સ્થાપનાર દસ્તુર ખુરશેદજી પોતે હતા દસ્તુર ખુરશેદજીની વડા દસ્તુર તરીકેની જાહેરાત નેમણુક થાવા પછી પંથકીઓએ પતેત માંડવાનુ, હમાયસ્ત બેહાન પઢાવાનુ અને લગન સારવાનુ કામ સદતર બંધ કર્યું હતુ. એ વીશેનુ "મુંબઇનો બહાર" સફે ૫૩૨) ની ફુટ નોટમા નીચલુ લખાણ જોવામા આવે છે —

"આગલા દહાડાઓ ઉપર પારસીઓને તાંહા સર અવસરે થાતી જાહેર ક્રીરીઆનુ મંડાણ દરેકને ઘેરે ઠેડવાએલા પંથકી (ધરમગુર)ઓ કરતા હતા, પણ તે વખતના અકાબર સાહેબોએ નોસારીથી આવેલા દસ્તુર ખોરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાને સરવે મોબદો ઉપર વડાપણાનો હક અનજુમનના અનુમતે જે આપેઓ તેની સરૂઆત પંચના આ માનવતા પ્રમુખે (મરહુમ શેઠ જમશેદજી બહમનજી વહાડયાજી) પોતાની વડી વહુ અને શેઠ પેશતનજી વહાડયાની દીકરી સુનાબાઈ ગુજરેઆ ત્યારે તેણીના ઉઠમણાની ક્રીરીઆ ય૦ ૧૧૮૧ ના મેહેર મહીનાના બેહમન રોજે જાહેરમા થાતી વખતે પહેલવેહલી પતેત દસ્તુર મજકુર પાસે મંડાવી, અને શોસખી તેવન પાસેજ પઢાવી હતી આ વાતની સરૂઆતને હવડાં ૬૨ સુ વરસ ચાલેચ, ત્યારથી દસ્તુરોની પાસે પતેત મંડાવવા, નવજોત કરાવવા તથા લગનના આશીરવાદ નખાવવા વીગેરેનો રેવાજ આ બુજોરગ વહાડયાજીની (જમશેદજી બહમનજી) ઈઆદગારી સાથે હસતીમા રહેલો છે પણ અનજુમનના અનુમતનો કોઇ દસ્તુર ઠેડવાએલો હવડા દેખાતો નહી " ૧

દસ્તુર ખુરશેદજીનો મુંબઇ આવી વસવાનો સબબ અને તેવણ સાહેબને મલેલા દસ્તુરી દરજ્જાનુ તફસીલવાર બ્યાન કીધા પછી હવે તેવણ સાહેબના વખતમા મુંબઇમા બનેલા કેટલાક અગત્યના બનાવો કે જેની સાથ દસ્તુર ખુરશેદજીનો અતલગ સબંધ હતો તેહની નોંધો લેવી શુરૂ કર્યે

ઇ. સ ૧૮૦૫ મા મુંબઇના ગવરનર મી૦ જોનાદન ડંકને ગઉશીતલા મુકાવા માટે ફરજ્યાત ધારો બહાર પાડયો હતો એની વીરૂધ સુરતવાલા મરહુમ દસ્તુર બરજોરજી ખુરશેદજી દારાબપહાલનનાએ સાના લોકોને એવો ફતવો આપ્યો હતો કે આદમીની રસી સાથ ગાયની રસી મલી જવી ન જોઇએ. આ ઉપરથી સુરતના પારસીઓ ગઉશીતલા મુકાવાની સામે થાવાથી નામદાર ગવરનરે દસ્તુર ખુરશેદજી, મુલ્લા ફીરોઝ કાઉશ, નવસારીવાલા દસ્તુર ફરામજી શોહરાબજી મેહરજીરાણા અને

---

૧ ઉપર વહલાચામાં જે "પંચના પ્રમુખ" વહાડયાજીનુ નામ લખવામા આવ્યુ છે તે હમારી તરફથી લખાયલુ સમજવું. મુંબઈમાં આજેભી એવો ધારો છે કે દસ્તુર પતેત માડે, નવજોત કરે અને લગન સારે પણ તેને લગતો સઘલો હક પંથકીઓ પોતે લીએ જ્યારે દસ્તુરને તો યજમાનો પોતાની ખુશીમા આવે તે મોજદ આપે પોતે વડા દસ્તુર ઠેડવામા પંથકીઓને તેઓના ધંધામાં નુકશાન ન થાય એવા ઈરાદાથી ઉપલો ધારો દસ્તુર ખુરશેદજીએ મરહુમ વડા પંથકી હોમજીદાર હશોકરીની સલાહથી પાડયો હતો અને તે આજ સુધી એ બેહુ સાહેબોની યાદગારી સાથ કાયમ રહેલો છે.

સુરતવાલા દસ્તુર કાઉશજી રૂસતમજીની પાસેથી ગઉસીતલા મુકાવાથી જરથોસ્તી દીનનુ ફરમાન તુટેછે યા નહી તે વીશેનો લેખીત અભીપ્રાય જાણવા માગયો. આ સઘલા દસ્તુર સાહેબોએ એકમત થાઇ સરકાર ઉપર એવો અભીપ્રાય લખી મોકલ્યો જે "ગઉશીતલાના ચેપ અથવા રસીના શીતલા મેલવાથી દીન ધરમમો કસુ' નુકશાન થાતુ નથી" ૧

તા૦ ૨૫ મી નવેમબર ૧૮૧૬ ને દીને મુંબઈના દસ્તુરો તથા મોબદોએ મરહુમ શેઠ ખુરશેદજી માણેકજી સરાફની સુચનાથી સર અવસરની મીજલસમાં વડીલોનો મલાહજો રાખી બેસવા માટેનો એક બંદોબસ્ત ઘડી કહાડયો હતો આ બંદોબસ્ત એવો હતો કે "હરેક વખતે મુંબઇ મધે હરેક જગો ઉપર પારસીની મીજલસ થાએ તેવારે હમારા વડાવોનો મલાહજો રાખીને સાબે બેસવું શહી. અગર પાસે બેસવુ પડ્યુ તો હમારા વડાવોનો અદબ રાખીને બેસવુ શહી એ લખીઉ ખરશેદજી માણેકજી શરાફનાએ માગી લીધાથી અમે અમારી રાજી રજાવદીથી લખી આપેઉ છે તે હમારે સરવેને કબુલ મનજુર રાખવું શહી " ૨ આ બંદોબસ્ત ઉપર પહેલી શહી દસ્તુર ખુરશેદજીની અને ત્યાર પછી બીજા દસ્તુરો તથા મોબદોની શહીઓ જોવામા આવે છે.

મુંબઈમા પારસીઓની વસ્તી દનપરદન વધતી જતી હોવાથી અને ઘણાક લોકો આગલી પંચાયતે ઘડેલા કાયદા કાનુનોથી ઉલટા ચાલવાથી પારસી અનજુમનની એક સભા તા૦ ૪ થી માર્ચ ૧૮૧૮ ને દીને દાદીશેઠની દરેમેહરમાં મલી હતી જ્યાં એવો ઠેડાવ કરવામા આવ્યો હતો કે પારસી પંચાયતના અકાબરોની સંખ્યા આગલ ૧૨)ની હતી તેને બદલે ૧૨) બેહદીનો અને ૬) અથોરનાનો મલી ૧૮) ની કરવી અને તેઓને પારસીઓને લગતા સંસારી મુકદમાઓ સાંભલી તેઓનો ફેસલો કરવાની સત્તા આપવી એ મુજબ નીચે જણાવેલા બેહદીનો અને અથોરનાનો મલી ૧૮) અકાબરોની એક નવી પંચાયત મુકરર કરવામા આવી જેના દસ્તુર ખુરશેદજી પણ એક અકાબર ઠર્યા હતા.

બેહદીનોમા.—

૧–દાવર ફરામજી નાહનાભાઈ
૨–વહાડયા જમશેદજી બહમનજી
૩–વહાડયા હોરમજી બહમનજી
૪–શેઠ ખરશેદજી અરદેશર દાદીશેઠ.
૫–શેઠ ધનજીભાઇ સોહરાબજી રેડીમણી.
૬–શેઠ ફરામજી કાવશજી બનાજી
૭–મોદી શોહરાબજી વાછાગાંધી
૮–શેઠ બરજોરજી દોરાબજી દાદીબરજોર
૯–શેઠ દાદાભાઈ કાવશજી શાહેર
૧૦–શેઠ ખરશેદજી માણેકજી શરાફ.
૧૧–શેઠ પેશતનજી ભીખાજી પાંડે
૧૨–શેઠ નવરોજી મેહરજી

અથોરનાનોમાં —

૧૩–દસ્તુર ખુરશેદજી જમશેદજી.
૧૪–દસ્તુર મુલ્લા ફીરોઝ કાઉશ

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૮૮૪ અને તેની ફુટ નોટ
૨ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૩૪ અને તેની ફુટ નોટ

૧૫–શેઠ મેહરવાનજી નવરોજી શેઠના.

૧૬–શેઠ રૂસતમજી શાપુરજી શેઠના.

૧૭–પંથકી દોરાબજી ફરામજી.

૧૮–શેઠ હોરમજી દોરાબજી લશકરી. ૧

આ અનજુમને એવો બંદોબસ્ત કર્યો હતો કે "એઓ પંચાતને લગતુ કાઈબી કામકાજ હશે તે સાથે એકઠા મલીને કરશે પણ કાંઇ નજીવી બાબદના ટંટાઓ હોય તે ચુકવવાને ઢીલ ન થાય માટે જેમ આગલ શેઠ જમશેદજી બહમનજી વહાડયા તથા શેઠ ફરામજી નાનાભાઇ દાવર ચુકવતા હતા તેમ તેઓ ચુકવે. પણ જ્યારે જરૂર પડે ત્યારે પોતાની સાથે બીજા બે ચાર અધીકારીઓને સામેલ કરે બીજુ એવુ ઠેઠવ્યુ જે આજથી કોઈ ધણીએ પોતાની જીવતી ઓરત છતાં બીજી ઓરત કરવી નહી. અગર કાઇ કારણથી બીજી કરવાની ફરજ પડે તો તેણે પોતાનો હેવાલ પંચાતપર લખી મોકલવો તેઓ તે ઉપર વીચાર કરી તેમને ઘટતુ લાગશે તો પરવાનગી આપશે. પણ તેમ કર્યા આગમચ તે પેહલી ઓરતની ખોરાકી પોશાકી તથા તેણીના મોત ખરચનો બંદોબસ્ત તે ધણી પાસે પંચાત કરાવી લેશે અગર કોઇ ધણી પંચાતની રજા લીધા વીના બાયડી ઉપર બાયડી કરશે તેને, તેમજ જે ધણી તેને પોતાની છોકરી આપશે તેને નેઆત બાહેર મેલવામા આવશે. અગર મુંબઇની બાહેર થાણા, કરંજા વીગેરે તરફ જઇ કોઈ ધણી બીજી ઓરત કરી આવશે તો તેને પણ નેઆત બાહેર મેલવામાં આવશે. બીજુ જે ધણી પંચાતની રજાથી પોતાની જીવતી ઓરત ઉપર ઓરત કરે તે અગર જો શેહનશાહી હોય તો તેના આશીરવાદ **દસ્તૂર ખરશેદજી જમશેદજી જામાસ્પ આશાના પોતે અથવા તેવણનો તાબા હેઠલના મોબેદો સારે;** અને અગર તે ધણી કદમી હોય તો તેના આશીરવાદ **દસ્તૂર મુલ્લાં ફીરોજજી કાઉશજી અથવા તેમના તાબા હેઠલના મોબેદો સારે.** બીજા કોઈ અલફાતુ મોબેદ પાસે **દસ્તૂરોની પરવાનગી વગર** જે કોઈ ઉપલા આશીરવાદ સરાવશે તે પંચાત કબુલ નહી રાખશે, અને પેલા મોબેદને અગીઆરી આતશબેહરામમા જતો અટકાવવામા આવશે. બીજુ જે માબાપો પોતાની દીકરીને સાસરે નહી મોકલશે અથવા જે સાસુ સસરાઓ પોતાની વહુને નહી તેડાવશે તેમની ફરીયાદ પંચાત સાભલી તેમને ઘટતા હુકમો કરશે, અને જે કોઇ તેમના હોકમો તોડશે તેમને સજા કરવામાં આવશે." ૨ આ અનજુમને ઘડેલા બંદોબસ્તો ઉપર પહેલી શહી દસ્તુર ખુરશેદજીની જોવામાં આવે છે અને ત્યાર પછી બીજા દસ્તુરો, મોબદો અને બેહદીનોની શહીઓ પછી દસ્તુરજીના નાથલા ભાઈ દસ્તુર દારાબજી જમશેદજી તથા ભત્રીજા દસ્તુર એદલજી બહમનજીની શહીઓ જોવામા આવે છે.

આ નવી પંચાયતના અકાબરો આલા તથા અદનાનો અપક્ષપાતપણે એકજ ધોરણ ઉપર ઇનસાફ કરતા હતા તેના એકાદ બે દાખલાઓ અત્રે ટાકી બતાવવા હમો દુરસ્ત ધાર્યે છીએ

હજી તો પંચાયતે કાયદાઓ ઘડીઆને પુરો દોહઢ મહીનો ન થયો એટલામાં આ૰ જમશેદજી બેહરામજી લશકેરી (પંચાયતના એક અકાબર આ૰ હોરમજી દોરાબજી લશકેરીના પીત્રાઇ ભાઇ) નામના એક અથોરનાન શેઠીઆને પંચાયતના ઘડેલા બંદોબસ્તોનો અનાદર કરી હૈયાત બાયડી ઉપર બીજી બાયડી પરણી લાવવાથી ન્યાત બાહેર મુકવામાં આવ્યા હતા. આ ઉપરથી મજકુર શેઠીઆએ પંચાયતના મોબદ એદલજી શોહરાબજી મસાણીને ગાળો ભાંડી તેની સાથ મારામારી કરવાથી પંચાયતે તેની ઉપર પેટી શેશનની કોર્ટમાં ફર્યાદી માડી હતી. પણ પછવાડેથી તેવણે પંચાયત

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૩૬ મે.

૨ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૩૧ થી ૧૩૭

પાસે માફ માગવાથી તેઓએ તેવણને પોતાનેજ હાથે પોતાના ગાળ ઉપર ૫) ખાસડાં મારવાની, ડોટીનો દંડ અને ફર્યાદી માડવાનો જે ખર્ચ થયો હોય તે આપવાની સજા કરી, જે તેવણે કબુલ કરવાથી તેવણને ન્યાતમાં પાછા લીધા હતા ૧

પંચાયતની અપક્ષપાત વળાણનો બીજો દાખલો એ છે જે ઇ. સ. ૧૮૨૩ માં પંચાયતે મરણ તથા લગન વખતે ચોક્કસ ખરચોજ કરવાના બંદોબસ્તો કીધા હતા એ બંદોબસ્તો થાવા પછી થોડાજ દીવસમા પંચાયતના વડા અકાબર શેઠ હોરમજી બહમનજી વહાડયાજીના બેને પોતાને ત્યાથી બાજના ભાણા વેહચાવ્યા હતા આ વાત પંચાયતના એક અકાબરની જાણમા આવવાથી તેવણે રસ્તામાથી ભાણા પાછા વાલ્યા અને માણેકજી શેઠની વાડીમાં મોકલાવી દઇ ત્યા આથળાં પાગલાઓને બોલાવી મંગાવી તેઓને ખવાડ્યા. શેઠ હોરમજી વહાડયાજીએ અકાબરનું બરેલુ પગલુ પસંદ કીધુ અને બીજેજ દીવસે સમસ્ત અનજુમન બોલાવી પોતાને ત્યાથીજ એ કાયદો તુટો તે માટે દીલગીરી જણાવી એટલુંજ નહી, પણ પોતાના ભાણેજ શેઠ અરદેશર ફરામજી વહાડયાજી પાસે પણ પંચાયતની માફી મંગાવી અને ડોટીનો દંડ અપાવ્યો. ૨

એક પારસીએ પોતાની જુદદીન ઓરતને પેટે અવતરેલી છોકરીને સુદરેહ પેહડાવી જરથોસ્તી દીનમા લેવા માટે પંચાયતની રજા માગી હતી એ બાબદ ઉપર વિચાર કરવા માટે પંચાયતની એક સભા તા૦ ૧૭ મી ઓગસ્ટ ૧૮૧૮ ને દીને દાદીશેઠના આતશબેહરામમા મલી હતી કેટલીક તકરારો થાવા પછી મજકુર પારસીને પોતાની છોકરીને સુદરેહ પેહડાવવાની રજા આપવામાં આવી હતી ત્યાર બાદ એવુ ઠેરવવામા આવ્યુ જે હવેથી જુદદીન ઓરતને પેટે જનમેલા છોકરાઓને પંચાયતના અકાબરોની પરવાનગી વગર સુદરેહ પેહડાવવો નહી આ પંચાયતના ઠેહરાવ ઉપર બીજા અકાબરો ભેગી દસ્તુર ખુરશેદજીની પણ સહી જોવામા આવે છે ૧ એવી રીતે પારસી બાપથી જુદદીન ઓરતને પેટે જનમેલા બાળકોને પંચાયતની રજાથી સુદરેહ કુસ્તી પેહડાવી જરથોસ્તી દીનમા લેવાની રસમ દસ્તુર ખુરશેદજીના દસ્તુરી અમલ દરમ્યાન મુંબઈમા શરૂ થઇ ચુકી હતી

દસ્તુર ખુરશેદજી વડા દસ્તુર ઠરવા પછી સર અવસરની મીજલસમા તેવણની પાસે બેસવા માટે બીજા દસ્તુરો તથા મોબેદોમા ટંટો થતો રહેતો હતો જે ઘણુ નારવા હોવાથી મુંબઈની સમસ્ત પંચાયતની એક સભા તા૦ ૧૮ મી અકટોબર ૧૮૨૦ ને દીને દાદીશેઠના આતશબેહરામમા મલી હતી, જ્યા મરણ તથા લગનને લગતા બંદોબસ્તો ઘડી કહાડવામા આવ્યા હતા, જેમા એવો પણ બંદોબસ્ત ઘડવામા આવ્યો હતો જે હરેક સર અવસરની મીજલસમા

૧ લા દસ્તુર ખુરશેદજી જામશેદજી બેસે
૨ જા દસ્તુર મુલ્લા ફીરોઝ કાઉસ બેસે
૩ જા દસ્તુર એદલજી દારાબજી સંજાણા બેસે

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૩૭–૧૩૮

૨ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૩૮ ની ફુટનોટ

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૩૮

આ અગત્યની બાબદના હયા નોધ લખાઉ કારણ એ જે પારસી બાપથી જુદદીન ઓરતને પેટે અવતરેલી છોકરીને સુદરેહ પહેડાવાની પંચાયતના અકાબર શાહેબોએ જે રજા આપી હતી તે તેઓએ પોતાના હમનશીન અકાબરો દસ્તુર ખુરશેદજી, દસ્તુર મુલ્લા ફીરોઝ અને દસ્તુર એદલજી દારાબજી સંજાણાની એ બાબે સલાહ લીધી હોય અને ત્રણે દસ્તુર સાહેબોને જુદદીનને પેટે અવતરેલા બાલકોને સુદરેહ પેહડાવાવુ દીનની શરતે વાજબી લાગુ હશે ત્યારેજ પંચાયતના બીજા અકાબર સાહેબોને પરવાનગી આપવાની સુચના કરી હોય એવુ હમો ધારયે છીયે પણ એ દસ્તુર સાહેબોના જાનશીનો એ વીશે મતફેર ધરાવી ગયા છે જે મરહુમ દસ્તુર દોકતર જામાસપજી મીનોચેહરજીએ ઈ સ ૧૮૮૨ મા પારસી બાપથી જુદદીન ઓરતને પેટે જનમેલા બાલકોને સુદરેહ કુશતી પહેડાવી જરથોસ્તી દીનમા લીધા તે વખતે મરહુમ દસ્તુર દોકતર પેશોતન બેહરામજી સંજાણાએ "નીરંગે જવીદ દીનાન" નામનુ ચોપાન્યુ છપાવી પોતાના બીરધ વિચારો જાહેર કરયા હતા તે ઉપરથી શીધ્ર થાએ છે

૪ થા દસ્તુર મેહરજીરાણુના કુંટુબના જે કોઇ વડા હોય તે બેસે અને ત્યાર પછી બીજા દસ્તુરો તથા મોબદો પોતાની ઉમર પ્રમાણે બેસે ૧

એ દસ્તુરજીના વખતમા ઇ સ. ૧૮૨૩ મા અનરોજાને દહાડે ગોશ ખાવાની અને ઇ સ ૧૮૨૬–૨૭ માં કબીસાની મોહટી તકરારો જાગી હતી જે વખતે એ દસ્તુરજીએ મુગે મોહડે પોતાના ટોળાની સારી સેવાઓ બજાવી હતી.

દસ્તુર ખુરશેદજીને એક તરફથી શહેનશાહીઓ અને કદમીઓ માન અકરામથી ચાહતા હતા અને બીજી તરફથી ગવરનરો અને ઈંગ્રેજી અમલદારો એવણ સાથ દોસ્તીનો હક ધરાવતા હતા. મુબઇના સઘલા ગવરનરોમા મી૦ જોનાદન દકન સાથ એવણુ સાહેબને ઘણીજ ઘાડી ગીત્રાચારી હતી અને આ બન્ને મીત્રોની મહીનામા બે ત્રણ વખત અરસપરસ મુલાકાત થાતી હતી એ નામદારના હુકમથી મુબઇની સદર અદાલતમાથી એવણને પારસીઓના વડા ધર્મગુરૂ તરીકે દર મહીને રૂ ૩૦) ની "મનસબ" મલતી હતી ગવરનર મોન્સ્ટુઅર્ટ એલફીનસતનના વખતમા સદર અદાલતને સુરત લઇ જવામા આવી અને દસ્તુરજીએ સુરત જઇ વસવા ના પાડવાથી એ "મનસબ" બધ કરવામા આવી હતી. "મનસબ" ચાલુ રાખવા માટે એવણે મુબઇ સરકારને અરજી કરી હતી પણ તેનુ પરીણામ મનમાનતુ ન આવવાથી એવણે હિદુસ્તાનની સરકારને અપીલ કરી હતી. તે વખતના ગવરનર જનરલ લોર્ડ આમરહસ્તે મુબઈના એકટીગ ગવરનર મેજર કારવેલ સાથ પત્ર વેહવાર ચલાવ્યા પછી દસ્તુર ખુરશેદજીને ચહડેલી "મનસબ" ના નાણા ભરી આપવાનો અને "મનસબ" પાછી ચાલુ કરવાનો હુકમ કર્યો હતો આ "મનસબ" પાછી ચાલુ કરાવામાં મરહુમ શેઠ જમશેદજી બહમનજી વહાડયાજીની મુખ્ય આગેવાની હતી.

એવુ કેહવામા આવે છે કે દસ્તુર ખુરશેદજીના વખતમા પારસી ધારા જેવુ કાંઇ ન હોવાથી કોર્ટના જડજો પારસીઓના વારસા હીસ્સા અને એવા બીજા મુકદમાઓનો ફેસલો–દસ્તુર ખુરશેદજી અને મુલ્લાં ફીરોઝની ભેગી સલાહ લઇને કરતા હતા

દસ્તુર ખુરશેદજીની કારકીરદીમા હવે એકજ સફો ઉમેરવો બાકી રહયો છે અને તે મુબઇ અને દેશાવરની દરેમેહરો પરથવાને લગતો છે ઈ સ. ૧૮૧૨ મા મરહુમ એરવદ દોરાબજી હોરમજી રાનજીએ ગોવાલ્યા તલાવ આગલ એક દરેમેહર બધાવી હતી તેને પરઠવાની સઘલી ક્રીરીયા એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ થઈ હતી મુબઇ મધે મોથ ઉપર આવેલી મરહુમ શેઠ નવરોજી કાવશજી નાલીએરવાલાની દરેમેહર એવણે પોતાના ઉપરીપણા હેઠલ પરઠાવી તેમા રોજ ૩ માહ ૧૦ સને ૧૧૯૧ યઝદજરદી તા૦ ૩ જી જુલાઈ ૧૮૨૨ ને દીને આતશ આદરાનને તખ્તનશીન કરાવ્યા હતા તેમજ રોજ ૧૭ માહ ૨ સને ૧૧૯૨ યઝદજરદી તા૦ ૧૯ મી નવેમબર ૧૮૨૨ ને દીને બહારકોટની મરહુમ શેઠ મનચેરજી બહમનજી શેઠનાની દરેમેહરમાં નવા આતશ આદરાનને તખ્ત-નશીન કરવાની ક્રીરીયા એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ કરાવામા આવી હતી પોતાના મરણની થોડુક આગમચ દેશાવર ખાતે જે દરેમેહર એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ પરઠાઇ હતી તે થાણાની દરેમેહર હતી મરહુમ શેઠ કાવશજી રૂસતમજી પટેલે સા બધાવેલી દરેમેહર ઘણી પુરાણી થવાથી તેમના દીકરા "રૂસતમજીએ નવે પાએ સારૂ મકાન બનાવીને તાહા મહજબના ફરમાન મુજબ આતશ આદરાણનો પવીતર કેબલો જે ગોઠવાવીને જરથોસતીઓના વપરાસ માટે ખોલુ મેલવાની ક્રીરીઆ રોજ ૯ મો માહ ૭ મો શેહનશાહી સાલે ૧૧૯૮ ય૦ ને રોજે તે વખતના દસતુર ખોરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાને હાથે મોહટી ધામધુમથી કરાવી હતી" ૨ એમ દસ્તુર જામાસ્પ

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લું સફે ૧૭૨.

૨ "મુબઇનો બહાર" સફે ૨૭૧.

આશાના ખાનદાનમાં મુંબઈ તથા દેશાવરની દરેમેહરો પરઠવાનુ ઉપરીપણુ કરી ને પાક મકાનો સાથ પોતાનુ નામ યાદગાર રાખનાર પહેલવેહલા દસ્તુર ખુરશેદજી સાહેબ પોતે હતા. આગલા વખતમા દસ્તુર સાહેબો પોતાના ઓધ્ધાની નીશાની તરીકે સીઆલને બદલે જગણી ખાંધે પીછોડી નાખતા હતા અને નવા ઠડનાર દસ્તુરોને ઉઠેમણાની મીજલસમા સીઆલો હોરાડવાની રસમ જાએજ ન હતી પણ દસ્તુર ખુરશેદજીને શહેનશાહીના વડા દસ્તુર તરીકેની સીઆલ મલવા પછી નવા ઠડેલા દસ્તુરોને સીઆલો હોરાડવાની અને દસ્તુરોએ સર અવસરની મીજલસોમા સીઆલ હોરવાની રસમ ચાલુ થઇ ચુકી છે જે તરીકા ઉપર હાલના દસ્તુર સાહેબો ચાલતા માલુમ પડે છે. એવણુ સાહેબને સર અવસરે નીચે મુજબ સીઆલો થઇ હતી —

૧–વડા દસ્તુર ઠડયા તે વખતે શહેનશાહી અનજુમન તરફથી.

૨–પોતાના નબીરાઓના લગ્ન વખતે મોબદ અનજુમન તરફથી ૧) તથા પારસી પંચાયત તરફથી ૧) મલી ૨) સીઆલો

૩–પોતાના દીકરાઓ દસ્તુર રૂસતમજી તથા એરવદ શાપુરજી અને ધણીઆણી હીરાંબાઈના ઉઠેમણા વખતે મોબદ અનજુમન તરફથી–ગાય પાગડીના તરીકાથી–દરેક વખતે ૧) મલી ૩) સીઆલો

એ શીવાય એ દસ્તુરજીને અવારનવાર ઘણીક સીઆલોની ભેટ થઈ હતી

એવણુ સાહેબની કારકીરદીનો સફો બંધ કરવા પહેલા એવણુ સાહેબના લખાણો તથા બીજી કેટલીક બાબદોનુ બ્યાન કરીએ

એવણુ સાહેબને તબએઝદ શાએર તરીકેની ઉચા પ્રકારની શકતી પોતાના બુઝોરગ વડીલોથી વારસામા મલી હતી તેની ગવાહી એવણુ સાહેબની જોડેલી ગઝલો, મોનાજાત અને આગલા સફામાં જણાવ્યા મુજબ નવસારીની વડી દરેમેહર માટે લખેલી તખ્તી ઉપરથી મલી શકે છે એવણુની જોડેલી મોનાજાત મુંબઇના જાણીતા "સાંજ વર્તમાન" પત્રના તા૦ ૧૩ મી સપતેમબર ૧૯૦૯ ના પતેતી અંકમા ગુજરાતી તરજુમા [illegible]માં આવી હતી. તેમજ એવણુને હાથની લખેલી જદ, પહેલવી અને ફારસી કેતાબો ઉપરથા એવણુ સાહેબની કાબેલીયતના દાખલાઓ મલી શકે છે

પોતાના બાપ તથા બપાવાની માફક દસ્તુર ખુરશેદજી સાહેબ પણુ એક કાબેલ ઉસ્તાદ તરીકે પોતાનું નામ અમર કરી ગયા છે એવણુના શાગેરદોમા એવણુના દીકરાઓ ઉપરાંત એવણુના નબીરાઓ દસ્તુર જમશેદજી રૂસતમજી તથા દસ્તુર ફરેદુનજી બેહરામજી અને ભાણેજ દસ્તુર તેહમુરજી મીનોચેહરજી હતા, કે જેઓએ આ કાબેલ ઉસ્તાદની શાગેરદી કરી પોતાના એલમની ગવાહી એક યા બીજા રૂપે પોતા પાછળ મેલી ગયા છે

દસ્તુર ખુરશેદજી સાહેબે ૨૮) વરસ સુધી વડા દસ્તુર તરીકેનો અધીકાર ચલાવી અને ૧૧) વરસ સુધી પંચાયતના અકાબરનો માનવતો દરજ્જો ભોગવી રોજ ૨૫ માહ ૮ સને ૧૧૯૮ યઝદજરદી તા૦ ૨૪ મી મેએ ૧૮૨૯ અને વાર ગ્વેઉને દીને ૮૩) વરસની બુઝોરગ વયે બેહસ્તનશીન થયા એવણુનુ મરણ એવણુની ચહડી ગએલી "મનસબ"ના આવેલા રૂ. ૪૦૦ ચોરાઇ જવાથી તેની એકદમ ધાસ્તી ખાધાથી નીપજયુ હતુ તા૦ ૧ લી જુન ૧૮૨૯ ના "મુબઇના સમાચાર" મા એવણુ સાહેબના મરણુની નોધ લેવામા આવી છે જેમાં લખે છે જે —

"તા૦ ૨૪ મી ગએઆ મેએ મહીનાની આઈતવારને દીને દશતુરજી ખોરશેદજી જમશેદજી જામાસપજી આશાનાએ ૮૩) વરસની વએમો એકુ દહાડાના માદમો આ ખોટી માએઆની જગતને છોડીને શાચી માએઆના શવરગવાશી લોકોમો કુચ કરીઉં એ મરનાર દસ્તુર ખોરશેદજી શ્રી મુબઈના પારસી લોકોનો એક નામીચો દસ્તુર હતો એ મરનાર ઘણોજ એકબારગી અને શુધો અને ધીરો અને ખમાઉ અને શાચો અને નમનતાઇમો વખાણુવાજોગ માણુસ હતુ અને પોતાના

ધરમ શાશતરની વીદીઆમો પરવીણ હતો અને સઘવી પોતાની વએમો એક દહાડો શું કે એક શંધેઆબી ઇશિવરની ભગતી અને પોતાના ધરમ શાસતરની કીરીઆથી ખાલી નહી મુકી હશે પારસી લોકોની ગનેઆતમોથી ઘણાએકને એ મરનારના સઘલા ગુણોની ઇઆદ શેવટના દાહાડા સુધી મનમો રહેશે "

એવણના ગાદીવારસ દીકરા દસ્તુર રૂસતમજી એવણ સાહેબની હેયાતીમાજ ગુજરી ગએલા હોવાથી મુંબઇની શહેનશાહી અનજુમને એવણના સૌથી નાઘલા ભાઈ દસ્તુર દારાબજીને વડા દસ્તુર ઠેવી સીઆલ હોરાડી હતી

એવણ સાહેબના લગન આ૦ બચાજી લશકેરીના દીકરી હીરાબાઇ સાથ થયા હતા કે જેવણે એ દસ્તુરજીને ૪) દીકરા અને ૨) દીકરીઓ મળી ૬) ફરજદોની ભેટ કરી હતી આમાના એક સીવાય સઘલા ફરજદો પોતાના માતપીતાની હૈયાતીમાજ મરણ પામ્યા હતા એવણના સેથી વડા દીકરા એરવદ જામાસ્પજી રોજ ૧૦ માહ ૭ ને દીને નવસારીમા ગુજરયા હતા બીજા દીકરા દસ્તુર રૂસતમજી (આ અહેવાલ લખનારના બાપના બપાવા) રોજ ૧ માહ ૧૧ સને ૧૧૯૦ યઝદજરદી તા૦ ૩૧ મી જુલાઈ ૧૮૨૧ ને દીને ૫૦) વરસની ઉમરે મુબઇમા મરણ પામ્યા હતા એ દીકરાના મરણ પછી ૪૨) દીવસે દસ્તુર ખુરશેદજીના ત્રીજા દીકરા એરવદ શાપુરજી રોજ ૧૩ માહ ૧૨ સને ૧૧૯૦ યઝદજરદી તા૦ ૧૧ મી સપતેમબર ૧૮૨૧ ને દીને ૪૩) વરસની ઉમરે મુબઇમાજ મરણ પામ્યા હતા એવણના રતનબાઇ નામના દીકરી તે પોતાના ભત્રીજા દસ્તુર એદલજી બેહમનજીના ધણીઆણી રોજ ૧૫ માહ ૧૨ સને ૧૧૪૫ યઝદજરદી તા૦ ૨૩ મી સપતેમબર ૧૭૭૬ ને દીન ૯) વરસની નાઘલી વએ મરણ પામ્યા હતા બીજી દીકરી માણેકબાઈ નાઘલી ઉમરે મરણ પામી હતી દસ્તુર ખુરશેદજીના મરણ વખતે તેવણના માંથી નાઘલા દીકરા એરવદ બેહરામજી હેયાત હતા અને તેવણ રોજ ૧૬ માહ ૧૦ સને ૧૨૨૦ યઝદજરદી તા૦ ૯ મી જુન ૧૮૫૧ ને દીને ૭૨) વરસની ઉમરે મુબઈમા મરણ પામ્યા હતા

મુંબઇ આવી વસવા પછી દસ્તુર ખુરશેદજી સાહેબ ૧૨) વરસની લાબી મુદત પછી પોતાના નબીરાઓના લગન કરવા માટે એક ફેરો નવસારી ખાતે મારો આવ્યા હતા અને એકજ અઠવાડીઆમા પાછા ફર્યા હતા. કદમી પંથના વડા દસ્તુર મુલ્લા ફીરોઝ કાઉશ સાથ એવણને ઘણોજ સારો એખલાસ હતો અને દીનદારી બાબદોની તકરાર વખતે એક બીજાની ખરા દીલથી સલાહ પણ લેતા હતા. દસ્તુર ખુરશેદજીના મરણ પછી દસ્તુર મુલ્લા ફીરોઝે મીજલસ પણ તરક કરી હતી એવુ કેહવામા આવે છે.

એવણ સાહેબના મીજાજ અને ખાસયતનુ થોડુક બ્યાન કરવુ હમો દરસ્ત ધર્યો છીએ. એવણની કારકીરદીની શુરૂઆતમા જેમ જણાવ્યુ તેમ એવણ ઘણાજ ટેકવાલા અને સ્વતંત્ર વિચારના હોવા ઉપરાત તા૦ ૧ લી જુન ૧૮૨૯ ના "મુબઈના સમાચાર" મા એવણના મરણની નોધના લખવા મુજબ "એ મરનાર ઘણોજ એક મારગી અને શુધો અને ધીરો અને શાચો અને નમનતાઇમો વખાણવાજોગ માણશ હતુ * * અને શઘલી પોતાની વએમો એક દહાડો શું કે એક શંધેઆબી ઇશિવરની ભગતી અને પોતાના ધરમશાશતરની કીરીઆથી ખાલી નહી મુકી હશે" પોતાની બુઢ્ઢોર્ગ વયમા પોતાના ત્રણ નોજવાન દીકરાઓના અકાળ મરણોથી જે આસમાની ગજબ એવણ ઉપર વરસ્યો હતો તે મોહટી ધીરજ અને શહનશકતીથી ખમી નહી બન્યા સરખો ગણ્યો હતો કારણ કે તે વખતે એવણ દાના શાએર હાફેજનો કોલ યાદ કરતા હતા કે —

દૌરે ગરદુન ગર્દ રૂઝી બરમુરાદે મા ન ગસ્ત,
દાયમા યકસાં ન બાશદ હાલે દૌરા ગમ મખુર.

દુઆને આસમાનનુ ચકકર એક વખત ફરી ગયુ પણ મારી મુરાદ મુજબનો નહીજ ફર્યું. ઝમાનાનો દોર એકસરખો રહેતો નથી, માટે ઓ માનવી ! તું હરગેજ ગમ ના ખા

પરવરદેગાર અશો દસ્તુરજીના રૂહને શાતી બક્ષો અને એવણુ સાહેબની સ્થાપેલી દસ્તુરી ગાદીને બરકરાર રાખો ! આમીન !

દસ્તુર રૂસતમજી ખુરશેદજી.

જનમ-કેળવણી-દીનદારી એલમ અને દીનઆઇનની બાબદોની ખબરદારી-આતશબેહરામનો ગુંબજ ઇજિવાની ક્રીયા-ગાથાના દીવસો સાથ અસપંદાદ મહીનો પઢવાથી મોબદોએ કીધેલુ રમખાણુ-મુબઈમા પધરામણી-બનાજીની દરેમેહરના દસ્તુરનો ઓધ્ધો-હુસ્ત લેખો-મરણ-ફરઝંદો.

દસ્તુર ખુરશેદજી સાહેબના ચાર દીકરાઓમા દસ્તુર રૂસતમજી બીજા દીકરા હતા એવણુના વડા ભાઇ એરવદ જામાસ્પજી વગર ફરઝંદે ગુજરી જવાથી તેવણુના દસ્તુર રૂસતમજી પાલક થયા હતા એવણુનો જનમ રોજ ૨૭ માહ ૩ સને ૧૧૪૦ યઝદજરદી તા૦ ૯ મી જાનેવારી ૧૭૭૧ ઇસવીને દીને નવસારી મધે થયો હતો પોતાના બાવાજી આગલ નાવર મરાતબની તાલીમ લઇ સવત ૧૮૪૧ ના રોજ ૫ માહ ૪ સને ૧૧૫૪ યઝદજરદી તા૦ ૧૪ મી જાનેવારી ૧૭૮૫ ને દીને નવસારીની વડી દરેમેહરમા હેરબદ પદ ધારણ કર્યુ હતુ ત્યાર પછી તેવણુ સાહેબનીજ ઉસ્તાદગીરી હેઠલ જંદ, પહેલવી અને ફારસીનો અભ્યાસ કર્યો હતો એ ભાષાઓમા એવણુ જેટલા ખબરદાર હતા તેટલાજ યોજદાથ્રગીરીના કામથી અને દીનઆઇનની બારીક બાબદોથી પુરતા વાકેફગાર હતા

નવસારીમા ધર્મ ક્રીયા સાથ જો દસ્તુર રૂસતમજીનુ નામ જોડાયલુ મલતુ હોય તો ત્યાના આતશબેહરામના ગુબજ ઇજવાને લગતુ છે. મરહુમ દેશાઇ શ્રી મીનોચેહરજી ખુરશેદજી અને મુબઇવાલા મરહુમ શેઠ નશરવાનજી માણેકજી વહાડયાજીએ નવસારીના આતશબેહરામના મકાનને નવેસરથી બધાવી રોજ ૨૪ માહ ૨ સને ૧૧૮૦ યઝદજરદી તા૦ ૨૯ મી નવેમબર ૧૮૧૧ ને દીને ખુલ્લુ મુકવાની ક્રીયા કરાવી તે વખતે તેના ગુંબજને ઇજવાની ક્રીયા એવણે પોતે કરી હતી

એવણુને પણ છુટા વિચારનો વારસો વડીલોથી મલેલો હોવાથી પોતાના વડવા મરહુમ દસ્તુર જામાસ્પ આશાનો ગાથાના દીવસો સાથ અસપદાદ મહીનો પઢવાનો જે ફતવો હતો તે ઉપર એવણુ નીરભય અને મકકમપણે અમલ કરતા હતા એક દીવસે નવસારીની દરેમેહરમા બાજ ધરતી વખત એવણુ ગાથાના દીવસો સાથ અસપદાદ મહીનો પઢવાથી ત્યા કામ કરનારા કેટલાક મોબદોએ રમખાણુ ઉઠાવ્યુ હતુ અને એવણુ સાથ ઘણી અસભ્ય ચાલ ચલાવી હતી

પોતાની જીદગીનો મોહટો ભાગ નવસારી મધે યોજદાથ્રગીરીના કામમા ગુજારવા પછી એવણુ પોતાના પીતાને તેવણુના દસ્તુરી ધધામા મદદ કરવા માટે સદાના મુબઇ જઈ વસ્યા હતા અને ત્યાની બનાજીની દરેમેહરના દસ્તુર ઠર્યા હતા, કે જે દરજ્જો એવણે પોતાની હૈયાતી સુધી ભોગવ્યો હતો દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનમા આ સૌથી પુરાણી દરેમેહરના પહેલવેહલા દસ્તુર થનાર એવણુ સાહેબ પોતે હતા અને એજ ખાનદાનવાલાઓને હાથ એ મકાનની દસ્તુરી હજી સુધી ચાલુ રહી છે.

એવણના હસ્ત લેખોમા પહેલવીમાં લખેલો વદીદાદ અને વીસપરદ મલી બે પુસ્તકો છે જેમાંનો પહેલવી વદીદાદ એવણના મરણ પછી એવણના પીત્રાઈભાઇ મરહુમ દસ્તુર ફરેદુનજી દારાબજીને હાથ ગયો હતો

એવણ રોજ ૧ માહ ૧૧ સને ૧૧૯૦ યઝદજરદી તા૦ ૩૧ મી જુલાઈ ૧૮૨૧ ઇસ્વીને દીને ૫૦) વરસ, ૬ મહીના અને ૨૨) દીવસની ઉમરે પોતાના બુઝોરગ પીતાજીની હૈયાતીમા મુંબઇ મધે બેહસ્તનશીન થયા પોતાના પીતાની દસ્તુરી ગાદીના હકદાર અને વિદવાન વારસ હોવાને લીધે એવણના મરણથી મુબઇના પારસીઓમા મોહટી દીલગીરી ફેલાવા સાથ તેઓની દીલસોજી એવણના બુઝોરગ પીતા તરફ વધુ ખેચાઈ હતી. એવણના ધણીઆણી જીઆઇજી તે વીઆરાવાલા આ૦ રૂસતમજી બહમનજી લશકેરી ઉર્ફે "રૂસતમ બાલગીર"ની દીકરીએ એવણને ૬) ફરઝંદોની ભેટ કરી હતી એવણના વડા દીકરા દસ્તુર જમશેદજીનુ મરણ તેવણના અહેવાલ મધે વાંચવામાં આવશે બીજા દીકરા એરવદ જામાસપજી રોજ ૫ માહ ૨ સને ૧૨૩૨ યઝદજરદી તા૦ ૨૯ મી અકતોબર ૧૮૬૨ ને દીને ૬૦) વરસની ઉમરે મુબઇમા મરણ પામ્યા, જ્યારે ત્રીજા દીકરા એરવદ મીનોચેહરજી રોજ ૭ માહ ૯ સને ૧૨૨૮ યઝદજરદી તા૦ ૨૯ મી મેએ ૧૮૫૯ ને દીને ૫૧) વરસની ઉમરે પુણામા હક થયા એવણના એકજ દીકરી કુવરબાઇ પોતાના ભત્રીજા મરહુમ દસ્તુર ફરેદુનજી બેહરામજી સાથ પરણ્યા હતા એ શીવાય માણેક અને દારાબ નામના બે દીકરાઓ નાહલી ઉમરે ગુજરી ગયા હતા.

દસ્તુર જમશેદજી રૂસતમજી.

જનમ-હેરબદીની તાલીમ-દીનદારી એલમ-દીનઆઇનના કામોની ખબરદારી-જુની પુરાણી બાબદોની વાકેફગારી-ફારસી ભાષાની કાબેલ્યત-જયોતિષ અને રમલનુ જ્ઞાન-સુનેપાતની બીમારી-પાલક કરી આપવાની ફરજ-બીમારીનુ દફે થાવુ-દસ્તુર માણેકજી રૂસતમજીનું મરણ-દસ્તુરી બેઠક માટે ઉઠેલો વાધો-દોકતર વીલસનની નવસારીમાં પધરામણી-જરથોસ્તી મજહબ ઉપર તકરાર-મુબઈની "રાહનુમાય મઝદયશનાન" સભા-ફરવરદેગાન વીશેનો ખુલાસો-"સર કાવશજી જેહાગીર મદરેશા"ના અધીકારીનો ઓદધો-ઓઆરતની રસમ-ભગરચા મોબદોની ઉશકેરાએલી લાગણી-દોકતર હોગ સાથ મુલાકાત-કેતાબખાનાની તપાસ-ગરીબી હાલત વચ્ચે ગુજારેલી સંતોષી જીંદગી-મીજાજ અને ખાસ્યત-દસ્તુર જમશેદજી જામાસપજી સાથ મુકાબલો-લખાણો-મરણ-ફરઝંદો-વફાત.

મરહુમ દસ્તુર રૂસતમજી ખુરશેદજીના વડા દીકરા દસ્તુર જમશેદજી રોજ ૩૦ માહ ૧૦ સને ૧૧૬૬ યઝદજરદી તા૦ ૫ મી જુલાઈ ૧૭૯૭ ઇસ્વીને દીને નવસારીમા જનમ્યા હતા.

એવણે પોતાના પીતા આગલ હેરબદીની તાલીમ લઇ સુમારે સંવત ૧૮૬૬ મા નાવર મરાતબ દીધા હતા ત્યારબાદ મુબઇ જઇ પોતાના બપાવા મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજીની શાગેરદી કરી જદ, પહેલવી અને સંસકૃતનો અભ્યાસ કર્યો હતો એવણે ફારસી ભાષાની તાલીમ નવસારીમા મૌલવી અજમત અલ્લાહ સાહેબ આગલ લીધી હતી અને પછવાડેથી મુબઈની હાજી

કાયમની ખાનગી મદરેસામાં દાખલ થઇ તે ભાષાનો અભ્યાસ આગલ વધાર્યો હતો. એવણ દીન-આઇનની બાબદોની ઉંડી માહીતી ધરાવવા સાથ જુની પુરાણી બાબદોથી પણ ઘણાજ વાકેફ હતા. એવણનામાં યોજદાથ્રગીરીના કામની પકકી માહીતી અને દીનઆઇનની બાબદોની ખબરદારી હોવાથી એવણ નવસારીમા એક શાયસ્ત મોબદ અને ખબરદાર દસ્તુર તરીકે મશહુર હતા બીજી સઘલી ભાષાઓ કરતા એવણ ફારસીમા ઘણાજ કાએલ હતા અને તે ભાષામા નસર તથા નઝમરૂપી લખાણો કરવાનો ઘણોજ શોક ધરાવતા હતા, તે હયા સુધી કે ફારસી જાણનારા પોતાના મીત્રો ઉપર તેજ ઝબાનમા પત્રો લખતા હતા એક હજાર ઉપર ફારસી બેતો અને ગજલો એવણને મુખપાઠ હતા અને વાતચીતમા અને પત્ર વેહવારમા કોઇબી બાબદને બંધ બેસ્તા બેતો અને ગઝલો હરદમ લખતા અને બોલતા હતા એ શીવાય એવણ જ્યોતિષ અને રમલનુ સારૂ ગ્નાન ધરાવતા હતા

ઇ સ. ૧૮૨૮ મા એવણને મુબઇમા શનેપાતની બીમારી લાગુ પડી હતી. દન પરદન બીમારીએ ગભીર રૂપ પકડવાથી એવણના બપાવા દસ્તુર ખુરશેદજીને એવણના સૌથી નાઘલા ભાઈ મીનોચેહરજીને કુટુંબમા ચાલતા આવેલા રીવાજ મુજબ એવણના પાલક કરી આપવાની ફરજ પડી હતી ૧ પણ ખુદાની ફઝલો કરમથી બીમારી ૨૧) દીવસ પછી પોતાનુ નહેશ કદમ ઉઠાવતી ગઇ અને ત્યાર પછી ત્રણ વરસે દસ્તુર જમશેદજીને ત્યાં એક દીકરાની વધ્ધી થઇ જે આ અહેવાલ લખનારના પીતા થાય

દસ્તુર જમશેદજીએ મુબઇની બનાજીની દરેમેહરમા યોજદાથ્રગીરીનો પેશો ઘણી લાબી મુદત સુધી કર્યો હતો, પણ પછવાડથી એવણના ધણીઆણી હક થાવાથી પોતાના ફરઝદોની પરવરશીને માટે ઇ. સ ૧૮૩૪ થી જાથુકના નવસારી ખાતે પાછા કર્યા હતા અને મરણ પણ ત્યાજ પામ્યા હતા.

ઇ સ. ૧૮૨૫ મા મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીના મરણ પછી બીજી ખુરસીની દસ્તુરી બેઠક તેવણના દીકરા મરહુમ દસ્તુર એદલજીને જેવો ગેરઇનસાફ થયો હતો તેવોજ ગેરઇનસાફ ઈ. સ. ૧૮૩૯ માં મરહુમ દસ્તુર માણેકજી રૂસતમજી ઉર્ફે માકાજી દસ્તુરના ગુજરવા પછી દસ્તુર જમશેદજીને પણ થયો હતો. એ વખતે એવણ નવસારીમા વસતા કુટુંબીઓમા ઉમરે વડા હોવાથી માકાજી દસ્તુરની જગાએ બીજી ખુરસીના દસ્તુર નેમાવાનો એવણનો પુરતો હક હતો, પણ તે વખતની અનજુમનના અકાબરોએ વડપણનો સવાલ બાજુએ મુકી માકાજી દસ્તુરના દીકરા મરહુમ એરવદ ફરામજીને તેવણની જગાએ બીજી ખુરસીના દસ્તુર ઠેરવ્યા હતા.

ઈ સ. ૧૮૪૪-૪૫ મા મુબઇનો પ્રખ્યાત પાદરી રેવરન્ડ દોકતર વીલસન નવસારી આવ્યો અને પોતાનુ નામ છુપુ રાખી આપના મજહબને લગતી સોધખોલ કરવા લાગો એક દીવસે પાછલા પોહરે ઘોડા ઉપર ફરતો ફરતો આતશબેહરામ આગલ આવી લાગો અને ઘોડા ઉપરથી ઉતરી આતશબેહરામના કમપાઉન્ડમા દાખલ થયો જેવો તે દાખલ થયો તેવો ત્યા શોર બકોર થઇ રહયો કે કોઈ "તોપીવાલો આતશબેહરામમા ભરાયો." આ વખતે દેશાઇ ફરેદુનજી હોરમજીએ આડો હાથ કરીને દોકતર વીલશનને કમપાઉન્ડમા રોકી રાખ્યો. દોકતર વીલસન દસ્તુર જમશેદજીનુ ઘર જાણવા માગે પણ દેશાઈ ફરેદુનજી કંઇ સમજે નહી એટલામા દસ્તુર જમશેદજી આતશબેહરામમા આવી લાગા. દોકતર વીલસને તેવણને ફારસીમા પુછ્યું કે "આએ તરફ કયે દસ્તુર જમશેદજી નામના પારસી રહે છે તેવણનુ ઘર કયા છે, આએ મકાન શાનુ છે અને હયા ગડબડ શા માટે થઈ રહી છે" દસ્તુર જમશેદજીએ ફારસીમા જવાબ આપ્યો કે "જમશેદજી દસ્તુર હુ પોતે છુ, આએ મકાન એબાદતખાનુ છે અને આપના દાખલ થવાથી હયા ગડબડ થઈ રહી છે." આ ઉપરથી દોકતર વીલસને પોતાનુ નામ જણાવી પારસીઓના એબાદતખાનાના કમપાઉન્ડમા અજાણપણે

૧-પાલક કરી આપવાની બાબદ માટે જુઓ દસ્તુર એદલજી બેહમનજીના અહેવાલને સફે ૪૫ ની ફુટ નોટ

દાખલ થયો તે માટે પોતાની દીલગીરી જણાવી તુરત બહાર નીકલી પડયો ત્યાર પછી દસ્તુર જમશેદજી સાથ તેવણને મકાને આવી જરથોસ્તી ધર્મ અને ધર્મ પુસ્તકો ઉપર તેવણ સાથ તકરાર ચલાવીને કેટલીક માહિતી મેલવી હતી ત્યાર પછી દસ્તુરજીએ પોતાનુ કેતાબખાનુ દેખડાવ્યુ જેમાં ઈ સ. ૧૫૩૧ મા લખાયલો શાહનામાનો પાછલો ભાગ, ૩૦૦) વરસ ઉપર લખાયલી રેવાયત અને શેકન ગુમાની વીગેરે ઘણીજ નાયાબ કેતાબો દોકતર વીલસનને જોઇ હતી એ કેતાબો ખરીદવાની દોકતર વીલસને પોતાની ખાહેશ જણાવી જે દસ્તુરજીએ દીલગીરી સાથ ના પાડી હતી ત્યાર પછી દોકતર વીલસને યજશને, વદીદાદ તથા વીસપરદની ક્રીયાઓ પોતાની નજરે જોવાની ખાહેશ જણાવ્યાથી દસ્તુર જમશેદજીએ પોતાના દીકરા દસ્તુર ખુરશેદજી પાસ કરી દેખડાવી દોકતર વીલસન ઘણો ખુશી થયો અને દસ્તુર જમશેદજીએ તેને જરથોસ્તી મજહબ અને ક્રીયા કામોની માહીતી આપી તે માટે તેવણનો ઉપકાર માની આશેરવાદ આપવા માગી પણ દસ્તુરજીએ તે ઉપકાર સાથ લેવાની ના પાડી. આ વખતે નવસારીમા ભારે ચકચાર ચાલી રહી અને દસ્તુરજીએ દોકતર વીલસન સરીખા જુદ્દીનને અને તે પણ પારસીઓને વટલાવાવાલા પાદરીને આપનો પાક મજહબ સમજાવ્યો, ધર્મ પુસ્તકો દેખાડયાં અને યઝશને વીગેરેની ક્રીયાઓ કરી દેખડાવી તે માટે તેવણ સામે લોક લાગણી ઘણી ઉશકેરાઈ હતી દોકતર વીલસને જ્યારે મુબઇમા ઘણા લોક આગલ એ વીશેની વાત કીધી ત્યારે મુબઇથી નવસારીની અનજુમન ઉપર ઠપકાનો કાગજ લખાઇ આવ્યો જે "દસ્તુર જમશેદજીએ દોકતર વીલસનને આપણો ધર્મ સમજાવ્યો અને ક્રીયાઓ વીગેરે કરી દેખડાવી તે ઘણુજ અણઘટતુ કીધુ, કારણકે તે તો પારસીઓને વટલાવતો ફરે છે અને આપણા મજહબ ઉપર વારવાર હુમલો કરતો ફરે છે"

ઈ સ ૧૮૫૪ મા મુંબઇની રાહનુમાય મઝદયશનાન સભાએ ફરવરદેગાનની બાબદ વીશે મુબઇ તથા દેશાવરના દસ્તુરો, એરવદો અને બેહદીનો ઉપર પત્રો લખી તે વીગેનો ખુલાસો માગ્યો હતો, જેમા નવસારીના દસ્તુરોમા ફકત એવણ ઉપરજ મજકૂર સભા તરફથી પત્ર આવ્યો હતો અને તેના જવાબમા એવણે ફરવરદેગાનની બાબદનો વીદવતા ભર્યો લબાણ ખુલાસો લખી મોકલ્યો હતો જે એ સભાના પુસ્તકમા દાખલ કરવામા આવ્યો હતો

એવણ "સર કાવશજી જેહાગીર જરથોસ્તી મદરેસા" ની નવસારી ખાતેની કારોબાર મડલીના એક અધીકારી હતા અને તે ઓધાની રૂએ એવણ એક વખતે એજ ખાતાના પરીક્ષક પણ થયા હતા.

આગલા વખતમા નવસારીમા ઝીઆરત એટલે પાછલી રાતનુ ઉઠમણુ કરવાની રસમ ફકત મીનોચેહર હોમજીના પથવાલા મોબદોમા છુટી છવાઇ હતી, પણ ઇ. સ. ૧૮૬૩ ની આખેરી સુધી એ રસમ ભગર પથમા જાએજ ન હતી. એ રસમ ને રીવાજ આપનાર આ દસ્તુરજી સાહેબ પોતે હતા, તો જોકે તેમ કરવામા એવણને ભગરયા મોબદોની ખફગીમા આવવુ પડયુ હતુ તા૦ ૯ થી ફેબ્રુઆરી ૧૮૬૪ ને દીને "સર કાવશજી જેહાગીર મદરેસા" ના વડા શીક્ષક શેઠ શોહરાબજી એદલજી વજીફદારના વડા દીકરા નાણેકજી હક થયા તેની ઝીઆરત એ દસ્તુરજીએ પહેલવેહલી નવસારીમા પોતાની આગેવાની હેઠલ કરાવી હતી, જેમા મીનોચેહર હોમજીના પથવાલા મોબદો મોહટી સખ્યામા હાજર થયા હતા નવસારી પથકમા આ નવી રસમ દાખલ થાવાથી ભગરયા મોબદો એ દસ્તુરજી સામે ઘણાજ ઉશકેરાઇ ગયા અને ઘણોજ વેરભાવ બતાવા લાગા, પણ એવણે તેની કશી પરવા કરી નહી. મજકુર શેઠ શોહરાબજીને ત્યાની ઝીઆરત પછી આ શેહેરયારજી ભેદવારની ઝીઆરત કરવામા આવી હતી અને ત્યાર પછી એ રસમ ભગર ટોળામા પણ ચાલુ થઈ એવી રીતે ઝીઆરતની રસમ દાખલ કરવાથી એ દસ્તુરજીનુ નામ એ પવિત્ર ક્રીયાના સબધમાં નવસારીવાસીઓમાં આજ સુધી યાદગાર રહયુ છે

દોકતર વીલસનના નવસારી આવી જવા પછી ૨૦) વરસે દોકતર મારટીન હોગ જરથોસ્તી ધર્મની પુરાણી કેતાબોની શોધખોલ કરવા માટે તા૦ ૭ મી જાનેવારી ૧૮૬૪ ને દીને પોતાના ગોઠીઆ સરદાર દસ્તુર હોશંગ જામાસ્પ સાથે નવસારી આવ્યો હતો તેણે દસ્તુર જમશેદજીની મુલાકાત લઈ દીનને લગતી કેટલીક બાબદો ઉપર તેવણ સાથ ફારસીમાં તકરાર ચલાવી હતી અને તેવણના કેતાબખાનામા કેટલીક નાયાબ કેતાબો જોઈ હતી જેનુ બ્યાન હમો આગલ કરી ગયા છીએ

પહેલી બારીમા દસ્તુર જમશેદજીને નવસારીની અનજુમન સાથ સારી મિત્રાચારી હતી, પણ મરહુમ દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહરજીરાણાનો દસ્તુરી અમલ ચાલુ થાવા પછી એ મિત્રાચારી ઝાઝો વખત નીભી શકી નહી તેનો સબબ એ જે એવણ સાહેબ ઘણાજ સાચા અને સ્વતંત્ર ખવાસના હોવાથી અનજુમનની જાહેર મીજલસમા અકાબરો અને આગેવાનોની કશી પરવા ન કરતા પોતાને જે વાજબી અને રાસ્ત જણાતુ તે વગર આચકીએ જાહેર કરતા હતા એવણના આવા સાચ્ચા અને સ્વતંત્ર ખવાસને લીધે તેમજ ઝીઆરતની રસમ દાખલ કરવાને લીધે એવણ સામે કેટલાક બયબીત શત્રુઓ ઉભા થઇ મરહુમ દસ્તુર કેકોબાદજીની કુમક ઉપર એવણને સતાવવામાં મોહટી મોજ લેતા હતા. તેમજ એવણને અનજુમનની મીજલસમાથી દુર રાખવા માટે અનેક તરેહના પ્રપંચો પણ રચ્યાં હતા, પણ તેની કશી દરકાર ન કરતાં એવણ પોતાના હસુદો અને પ્રપંચીઓ સામે ઘણીજ હીમતથી ટકી રહયા હતા

બેત —દુશમન ચે કુનદ ચુ મેહરબાન બાશદ દુસ્ત

યાને, જ્યારે ખુદા મેહરબાન હોય ત્યારે દુશમનથી શુ થઇ શકે.

મરહુમ દસ્તુર કેકોબાદજીના મરણ પછી તેમના વારસોએ એ દસ્તુરજી સાથ સલાહ કરી સારી વર્તણુક ચલાવી હતી અને અનજુમન સાથનો એખલાસ પાછો સજીવન કરાવ્યો હતો

એવણ સાહેબે જવાનીથી તે મોહટપણ સુધી જે અત્યંત ગરીબી હાલતમા પોતાની જીંદગી ગુજારી હતી તેનુ બ્યાન એવણના બુઝોરગ પડોશીઓ, મીત્રો અને બીજા બેહદીનોથી આપણા સાભલવામા આવે છે. દુન્યાઈ લોભ અને લાલચને વશ થઇ તવંગર બનવા કરતા ગરીબી હાલતમાં સબુરી પકડી સંતોષી રહેવામા પોતાની જીંદગીનુ સઘલુ સુખ અને મોજ મજાહ સમાયલી સમજતા હતા. અને દાના શાએર હાફેઝ શીરાજીનો નીચલો કોલ હરદમ યાદ કરતા હતા—

હીંગામે તંગ દસ્તી દર એશ કુશો મસ્તી,
કીં કીમીઆએ હસ્તી કારૂન કુનદ ગદારા.

યાને—ગરીબી હાલતે એશ અને મસ્તીમા રહેવાની કોશેશ કર કારણકે તેમ કરવું તે ગોયા જીંદગીનુ કીમ્યુ છે જે ફકીરને કારૂન જેવા તવંગર બનાવે છે.

એવણે પોતાની અત્યંત ગરીબી હાલતમા જે ધોરણ ઉપર પોતાની જીંદગી ગુજારી હતી તે ઉપરથી હાલની અને ભવીષ્યની ઓલાદોને બોધ લેવાનુ અને નકલ કરવાનુ ઘણુ મલે છે.

દસ્તુર જમશેદજી મીનોજ અને ખાસ્યતમાતો ગોયા પોતાના બાપના બપાવા મરહુમ દસ્તુર જમશેદજી જામાસ્પજીના હુ–બ–હુ નમુના હતા બેહુ સાહેબો ટેકવાલા અને સ્વતંત્ર ખવાસના હતા. અનજુમનની મીજલસમાં તેઓને જે રાસ્ત અને દુરસ્ત લાગતુ તે વગર દેહસ્તે અને અકાબરોની પરવા વગર જાહેર કરતા અને તેજ સબબથી એ બેહુ સાહેબોને અનજુમનની ગેર હાજરીમાં આવવુ પડયુ હતું. તવંગરોની ખુશામદીથી દુર રહી ગરીબી હાલતમા પોતાનો ટેક અને મરતબો સાચવવો વધુ પસંદ કરતા હતા. ફરક માત્ર એટલોજ કે મોહટા દસ્તુર જમશેદજી સાહેબ નાધલા દસ્તુર, દસ્તુર જમશેદજી સાહેબથી દીનદારી એલમ અને ફીલસુફી જ્ઞાનમા ચઢીઆતા હતા.

એવણુના સ્વતંત્ર ખવાસનો આખરે એવણુના શત્રુઓએ પણ એવણુના મરણ વખતે ખુલ્લો એકરાર કીધો હતો.

હવે એ દસ્તુરજીના જાહેર લખાણોની નોંધ લઈ એવણુની કારકીરદીનો સફો બંધ કરીશુ. ઈ સ. ૧૮૫૯ માં મરહુમ દેસાઈ તેહમુરસ્પ જમશેદજીએ નવસારીના આતશબેહરામનો ગુંબજ નવેસરથી બંધાવી તેને રોજ ૪ માહ ૩ સને ૧૨૨૯ યઝદજરદી તા૦ ૨૭ મી નવેમબર ૧૮૫૯ ને દીને જશન કરી ખુલ્લો મુકયો તે દીને એ દસ્તુરજીએ મજકુર દેશાઇજીની તારીફમાં ફારસી નસર અને નઝમમાં લખેલો કસીદો તખતામાં જડીને આતશબેહરામમાં ખુલ્લો મુકયો હતો. એવણુની ૩૩) ફરેસ્તાઓની સીફતમા જોડેલી મોનાજાત એવણુના દીકરા દસ્તુર ખુરશેદજીએ–પોતાની મોનાજાત અને બીજા લખાણો સાથ–ઈ. સ ૧૮૮૨ મા લખનોરના નવલ કેશવર છાપાખાનામાં છપાવી બહાર પાડી હતી અને તેની કેટલીક નકલો ઇરાન ખાતેની દરેમેહરો અને આતશબેહરામોમાં પઢવા માટે મોકલી આપી હતી એ કસીદા અને મુનાજાતમાં એ દસ્તુરજીની શાએર તરીકેની ઉંચા પ્રકારની શકતી પ્રગટી નીકલે છે એ શીવાએ ફારસી ઝબાનમા લખેલાં કેટલાક કાગજો આજે મોજુદ છે.

એવણુ રોજ ૧૧ માહ ૯ સને ૧૨૪૪ યઝદજરદી તા૦ ૨૯ મી મેએ ૧૮૭૫ ઇસ્વી, સંવત ૧૯૩૧ ના વઈશાખ વદ ૯ ને શનીવારને દીને ૭૭) વરસ, ૧૦) મહીના અને ૨૪ દીવસની ઉમરે લકવાની બીમારીથી નવસારીમાં બેહસ્તનશીન થાયા. એવણુનુ મરણુ મરહુમ શેઠ હોરમજી બરજોરજી કપતાને દુખમા તરફ જવાની પાકી સડક બંધાવીને ખુલ્લી મુકી તેજ રાતે નીપજ્યુ હતું અને એ નવી સડક ઉપરથી પહેલુ રવાન એવણુનુ પસાર થયુ હતું એવણુની પાયદસ્ત અને ઉઠમણાની મીજલસમાં નવસારીની શમસ્ત અનજુમને શરીક થઈ એવણુને મોહટુ માન આપ્યું હતું અને એવણુનુ નામ હુંપ નીરંગ અને જાહેર જશનોમા "દસ્તુર" એલકાબથી લેવાડવાનો એકમતી ઠેડાવ કીધો હતો.

એવણુના પહેલાં ધણીઆણી રતનબાઇ તે મરહુમ દસ્તુર રતનજી રૂસતમજી જામાસ્પ આશાનાની દીકરી ૯ વરસની નાધલી વયે મરણ પામ્યા હતા. બીજા ધણીઆણી રતનબાઇ તે મરહુમ આ૦ ફરેદુનજી સોહરાબજી મુલ્લાના દીકરીએ જીઆઈજી અને હમાબાઇ નામની બે દીકરીઓ અને દસ્તુર ખુરશેદજી અને બેહમનજી નામના બે દીકરાઓને જનમ આપ્યો હતો. વડાં દીકરી જીઆઈજી તે મરહુમ આ૦ પેશતનજી માણેકજી રાજા અને બીજા દીકરી હમાબાઇ તે હેદરાબાદવાલા મરહુમ દસ્તુર બેહરામજી જામાસ્પજી સાથ પરણ્યાં હતા. બીજાં ધણીઆણી રતનબાઇના મરણુ પછી દસ્તુર જમશેદજી મરહુમ આ૦ બરજોરજી નવરોજી ખેશવાલાના દીકરી હીરાંબાઇ સાથ ગગરનાના ગાઠથી જોડાયા હતા. એ મરહુમ બાઇને પેટે અવતરેલી વડાં દીકરી સુનાબાઈ તે મરહુમ આ૦ દારાબજી એદલજી નરીમાન સાથ અને બીજી દીકરી વીરબાઈજી તે વીઆરાવાલા મરહુમ આ૦ જીવણજી બહમનજી લશકેરી સાથ પરણ્યા હતા.

એવણુના મરણુની "વફાત" જે એવણુના દીકરા દસ્તુર ખુરશેદજીની શાએરી કલમથી લખાઇ છે તે હયાં ઉતારી લઈ એવણુની કારકીરદીનો અહેવાલ ખતમ કરીશુ.

'સનઅતે તોસીહ:—ગુલજાને દસ્તુર જમશીદ બ જનાન બાદ.

ગશ્ત જમશીદ સુએ ખોલ્દ રવાન,
લા મહાલે વદાય કર્દ જેહાન.
જામએ મોલ્મ બુદ આં દસ્તુર,

અઝ અવસ્તાઓ જંદ નુકતે દાન
નીઝ વાકેફ્ કે એલ્મો ફ્ઝલો અદબ,
દરસ અઝુ મી ગીરફ્ત ખુરદો કેલાન.
સીનેહ મી કોફ્ત અનજમન અઝગમ,
તીરે દરદશ બે ખુર્દ પીરો જવાન.
વાએ માતમ બપા શુદેહ બ ઝમીન,
રફ્ત તા અરશ શોરે આહો ફ્ગાન.
જુમલેહ અહેબાબો અકરબા દર રંજ,
મએ ફ્રરઝ દો ખેશ શુદ નાલાન.
શુદ કે સદ હએફ્ ચશમે મન તારીક,
યાદે વાલીદ ગુસીખતેહ રગે જાન.
દર મહો રૂઓ આઝરો ખુરશીદ,
બેશુદ આં શમએદીન કે ચશમે નેહાન.
જુઝ બ ઝાતે આલે કુલ ફ્રાનીસ્ત.
ન બકાએ કસે ન નામો નીશાન
અઝ ખુદા ખાસ્તગાર શવ ખુરશીદ,
ન આમતશ દેહ બ રૂઝએ રઝવાન.
બુવદ ફીકર બરાએ સાલે વસાલ,
અઝ તફ્કકર શુદમ ચુ ખોઝ કુનાન.
દર વફાતશ કે ગએબ ગોફ્ત સરૂશ.

પાક જમશીદ નેક રફ્ત જનાન (૧૨૪૪ યઝદજરદી.)

અર્થ.—

જમશીદ બેહસ્ત તરફ રવાના થયો અને બેશક આએ જેહાનથી વીદાય થયો.

આએ દસ્તુર એલમનો ભંડાર હતો અને અવસ્તાઓ જંદથી નુકતેચીની કરનાર હતો.

તેમજ એલમ અને અદબ અદાથી પણ વાકેફ હતો અને તેનાથી શુ નાધલાઓ કે મોહટાંઓ હડો લેતાં હતા.

અનજુમન તેના ગમથી પોતાની છાતી ઠોકતી હતી અને બુઢાંઓ અને જવાનોને તેના દરદનો તીર લાગો

અફ્સોસ કે ઝમીન ઉપર માહેતમ વરસી રહયુ અને બેહસ્ત સુધી હાએ અફ્સોસના પોકારો ચાલ્યા

તમામ દોસ્તો અને નઝદીકનાઓ રંજીદા થયા અને તે સાથે ફ્રઝંદો અને ખેશાવંદો રડતા થયાં

હઝાર અફ્સોસથી મારી આંખમાં અંધારૂં ફરી વલ્યું અને વાલીદની યાદથી જાનની નસ તુટી ગઈ.

આદર મહીનો અને ખુરશેદ રોજે આએ દીનની રોશની આંખમાથી છુપાઈ ગઈ.

ખુદાની જાત શીવાએ સઘલું ફના થનાર છે કોઇ કાએમ રહેનાર નથી તેમજ તેનુ નામ અને નીશાન પણ રહેનાર નથી

અએ ખુરશીદ! બેહસ્તના બાગમા તેને ન્યામત આપવા માટે તુ ખુદા આગલ અરજ ગુજારી કર.

તેના મરણના સાલ માટે હુ જ્યારે વિચાર અને શોધમા હતો

ત્યારે સરૂશે તેના મરણ માટે ગેબી પોકાર મારીને જણાવ્યું કે પાક જમશીદ બેહસ્તમા પુગો (સને ૧૨૪૪ યઝદજરદી)

દસ્તુર ફરેદુનજી બેહરામજી.

જનમ-કેળવણી-ફરહ્યાત નામાના ગુજરાતી તરજુમો-કરાચી ખાતે ગએલો આલાત-દુખમુ પરઠવાની ક્રીયા-કરાચીની અનજુમનના દસ્તુરનો ઓદધો-મુંબઈમા મરાતબ કરવા માટે થયલી હીલચાલ-એની વીરૂધ દસ્તુર ફરેદુનજીની લડત-મરણ-મીજાજ-ખાસ્યત-ફરઝદો.

એવણ મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજીના નબીરા અને ઉપલા દસ્તુરજીના પીત્રાઇ ભાઇ થાએ. એવણનો જનમ સુમારે ઇ. સ. ૧૮૧૫ મા મુબઈ મધે થયો હતો પોતાના બાપના કાકા મરહુમ દસ્તુર બેહમનજી આગલ હેરબદીની તાલીમ લઇ સવત ૧૮૮૦ ના રોજ ૧૮ માહ ૭ સને ૧૧૯૩ યઝદજરદી તા૦ ૧૮ મી એપ્રીલ ૧૮૨૪ ઇસવીને દીને હેરબદ પદ પામ્યા હતા મજકુર દસ્તુરજી સાહેબની તથા પોતાના બપાવા મરહુમ દસ્તુર ખુરશેદજીની શાગેરદી કરી જદ, પહેલવી અને ફારશી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો

એવણે નવસારીના જાણીતા દસ્તુર દારાબ પહાલનના ફારસી ફરહ્યાત નામાનો ગુજરાતીમા તરજુમો કરી તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૮૪૩ ઇસવીને દીને દફતર આશકારા છાપાખાનામા છપાવી રૂ. ૪)ની કીમતે બહાર પાડયો હતો

ઇ સ. ૧૮૪૮ માં મરહુમ મોબદો કાવશજી ભીખાજી મસાણી અને હોરમજદયાર તેહમુરજી બજા નવસારીથી કરાચી ખાતે "આલાત" એવણની દેખરેખ હેઠળ લઈ ગયા હતા અને ત્યાં મરહુમ શેઠ હોરમજી દાદાભાઈ ઘડીઆલીએ બધાવેલા દુખમાને પરઠવાની સઘલી કીરીઆ રોજ ૩૦ માહ ૪ સને ૧૨૧૭ યઝદજરદી તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૪૮ ઈસવીને દીને એવણના ઉપરીપણા હેઠલ કરાવામા આવી હતી અને તેના જશનની મીજબાની પણ પોતે માંડી હતી સઘલી કીરીઆ ખલાસ થાવા પછી મરહુમ શેઠ હોરમજીને સીઆલ અને માનપત્ર આપવામા આવ્યુ હતુ. ત્યાર પછી કરાચીની અનજુમને દસ્તુર ફરેદુનજીને સીઆલ હોરાડી તેવણને પોતાના દસ્તુર ઠેવ્યા હતા. [1] જેમ મુંબઇમા સહેનશાહી પંથના પહેલા દસ્તુર ઠડનાર મરહુમ દસ્તુર ખુરશેદજી હતા તેમ સીંધના પાયતખ્ત કરાચીના પહેલા દસ્તુર ઠડનાર એવણના નબીરા દસ્તુર ફરેદુનજી પોતે હતા.

ઈ. સ. ૧૮૫૦ મા જે વખતે મરહુમ પહેલા સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ નવસારી ખાતે હતા તે વખતે મુબઈના કેટલાક ભગરયા મોબદોએ મરહુમ દસ્તુર બેહરામજી દારાબજી સંજાણાની આગેવાની હેઠલ તે નામદારને એક અરજી કરી નવસારીની અનજુમન પાસેથી મુબઈ મધે વહાડયાજીના આતશબેહરામમાં મોબદોના છોકરાઓને મરાતબ કરવાનો હક મેલવી અપાવાની માંગણી કરી હતી. એ અરજીની વીરૂધ માણેકજી શેઠની દરેમેહર અને બીજી દરેમેહરોના ભગરયા મોબદો તરફથી એક મેહજર લઈ એવણ નવસારી ગયા હતા અને ત્યાની અનજુમનમા એ હક

---

[1] "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૫૦૧.

આપવાની વીરૂધ એવણે મજબુત લડત ચલાવી હતી. આ ઉપરથી નવસારીની અનજુમનમા મોહટી તકરાર જાગવાથી આખરે સર જમશેદજી જીજીભાઇએ તા૦ ૨૭ મી મારચ ૧૮૫૦ ને દીને વહાડયાજીના આતશબેહરામના ત્રસ્તી મરહુમ શેઠ બહમનજી હોરમજી વહાડયાજીને લખી જણાવ્યુ કે " આં વાલા સરવે મમતી છે ને તેની પાછલ નાદાન ખુધીવાલા ઘણા તેનુ બેઆન લખવાને બનતું નથી * * * એવી એવી કેટલીક બીના અરચણ ભરેલી છે એ કામ કાઈ જોરથી કરવાનુ નથી ને તેમ કીધાથી આગલ જતા નીભે નહી ને વળી ઓરખી હસી જેવુ થાય. એ મધે લોભ લાલચનુ કામ નથી દીન ધરમનુ છે. માટે હાલ એ વાતની વધારે ચકચાર કરવી નહી એવું શેવકનુ આધીન મત છે " [1] એવી રીતે એ વાત પડતી નાખવામા આવી

૭) વરસ સુધી કરાચીના દસ્તુરનો ઓધ્ધો ભોગવી દસ્તુર ફરેદુનજી રોજ ૨૩ માહ ૧૧ સને ૧૨૨૪ યઝદજરદી તા૦ ૧૪ મી આગસ્ટ ૧૮૫૫ ઈસવીને દીને ૫૦) વરસની જવાન વયે મુલતાનની નજદીક આવેલા ખેરી ગામમા બેહસ્તનશીન થયા એવણ કરાચીમાં દસ્તુરી ઓધ્ધો ચલાવા સાથ સીંધ અને પંજાબ સાથ વેપાર પણ ચલાવતા હતા. એક વખત વેપારના કામસર એવણ સીંધુ નદીને મારગે મુલતાન જતા હતા તે વખત એવણ સાથ કેટલોક કીમતી સામાન હોવાથી તે ઉપર એવણના પારસી નોકરની નજર બગડી. એવણને રાતે દુધ પીઇને સુવાની આદત હોવાથી તેણે હરસે દુધમા ઝેરી વસ્તુની મેલવણી કરી તેવણને તે પીવા માટે આપ્યુ આ ઝેરી પ્રવાહીનુ પીવું અને એવણની નોજવાન જીદગીનુ ખતમ થવુ કરાચીનાજ નહી પણ સીંધના જુદા જુદા ભાગોમા વસ્તા જરથોસ્તીઓ એવણને પોતાના દસ્તુર તરીકે મોહટુ માન આપતા હતા અને એવણની જીદગીનો દગાબાજીથી અંત આવેલો સાભલી બેહદ દીલગીર થયા હતા એવણનો પારસી નોકર એવણનો સઘલો અસબાબ હાથ કરી નાસી ગયો અને મુલતાન તથા તેની આસપાસના ગામડાઓમા વસ્તા જરથોસ્તીઓએ ઘણીભી શોધ ખોલ કરવા છતા તેનો કશો પતો મલી શકયો નહી.

દસ્તુર ફરેદુનજી મજબુત બાધાના, હીમતવાન અને જોરેહમદ હોવા ઉપરાત સ્વતંત્ર ખવાસના, ગરમ મીજાજના અને ટેકવાલા હતા. એવુ કેહવામાં આવે છે કે એક વખતે નવસારીમા હાથી ઉપર સવાર થયા તે વખતે એવણની વીંટી જમીન ઉપર પડવાથી તે પાછી લેવા માટે ચાલતા હાથી ઉપરથી નીચે કુદી પડયા હતા. એવા એવણ હીમતવાન અને જોરાવર હતા ધર્મ સબધી બાબદોમા એવણના વિચારો ઘણાજ છુટા હોવાથી ભગર અનજુમન સાથ એવણને સારો એખલાસ ન હતો

એવણના ધણીઆણી કુવરબાઇ તે પોતાના કાકા મરહુમ દસ્તુર રૂસતમજી ખુરેશદજીના દીકરીએ એરવદ બેજનજી અને હીરાબાઇ મલી બે ફરઝંદોને જનમ આપ્યો હતો. એરવદ બેજનજી રોજ ૫ માહ ૮ સને ૧૨૮૦ યઝદજરદી તા૦ ૧૫ મી એપ્રીલ ૧૯૧૧ ને દીને ૭૦) વરસની ઉમરે મુંબઈ મધે મરકીની બીમારીથી ગુજરયા હતા. દીકરી હીરાબાઇ શેઠ પીરોજશાહ કાવસજી પંથકી સાથ પરણ્યાં હતા.

દસ્તુર ખુરશેદજી જમશેદજી (ર જા.)

જનમ–કેળવણી–યોજદાથ્રગીરીનો પેશો–પુણા ખાતે પધરામણી–વરસીઓ અને નીરંગદીનની કીરીઆ–ડોકતર હોગ અને સરદાર દસ્તુર હોશંગ સાથ ગુજરાતમા પ્રવાસ–" ફેહરસ્ત "–નવસારીની ત્રીજી ખુરસીનુ દસ્તુરી

---

1 " પારસી પ્રકાશ " દફતર ૧ લુ સફે ૬૧૩ ની ફુટ નોટ.

માન-મઉની દસ્તુરી-રતલામ ખાતે પધરામણી-રાજાએ દીનને લગતી મેલવેલી માહીતી-ધારના રાજા સાથ મુલાકાત-તેને સમજાવેલી ધર્મક્રીઆઓ-દુખમાઓ તથા દરેમેહુરે પરઠવાની ક્રીઆ-મઉમાં ઉભાં થયલાં ફંડો-લખાણો-સરકારી અમલદારોમા વગવસીલો

મુંબઇની શહેનશાહી પંથના પહેલા વડા દસ્તુર ખુરશેદજી જમશેદજીના નબીરા દસ્તુર જમશેદજી રૂસતમજીના દીકરા અને આ અહેવાલ લખનારના બાવા દસ્તુર ખુરશેદજી જમશેદજી રોજ ૨૬ માહ ૨ સને ૧૨૦૧ યઝદજરદી તા૦ ૨૬ મી નવેમબર ૧૮૩૧ ઇસવીને દીને નવસારીમાં જનમ્યા હતા. એવણના માતુશ્રી રતનબાઈ એવણને બચગી હાલતમાં મુકી ગુજરી જવાથી એવણની પરવરશી કરવાનુ કામ એવણના મુરબી બાવાજીને શીર આવી પડયુ હતુ પોતાના બાવાજીના હાથ હેઠલ નાવર મરાતબની પુખ્ત તાલીમ લઇ સંવત ૧૯૦૦ ના રોજ ૧૩ માહ ૩ સને ૧૨૧૩ યઝદજરદી, તા૦ ૧૦ મી દીસેમબર ૧૮૪૩ ઇસવીને દીને બાર વરસની નાજુલી વયે હેરબદ થયા હતા અને તેવણ સાહેબનીજ ઉસ્તાદગીરી હેઠલ પાવમેહલના ક્રીઆકામનો અને જંદ, પહેલવી, ફારસી અને સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો એવણનામાં યોજદાથ્રગીરીના કામની પકકી માહીતી સાથ દીનઆઇનની બાબદોની પુરતી ખબરદારી હોવાથી એવણ અથોરનાન ટોળામા એક સત્તાશમાન ગણાએ છે. એ ઉપરાત એવણ જ્યોતિષ શાસ્ત્રનુ પણ સારૂ જ્ઞાન ધરાવે છે. ૧૩) વરસ સુધી નવસારીની વડી દરેમેહરમા એવણે યોજદાથ્રગીરીનુ કામ કીધુ હતુ કે જે દરમ્યાન આતશબેહરામના વારાઓ લેવા ઉપરાત નાવરો પઢાવવાનુ અને નીરંગદીન વીગેરે દીનની મોહટી ક્રીઆઓ કરી હતી ત્યારપછી એવણ પુણે પધાર્યા હતા અને ત્યાની મરહુમ શેઠ શોહરાબજી રતનજી પટેલની દરેમેહરમા પહેલવેહલો વરસીઓ મરાતબ કરવાની ક્રીઆ એવણે રોજ ૨૯ માહ ૩ સને ૧૨૨૬ યઝદજરદી તા૦ ૨૨ મી દીસેમબર ૧૮૫૬ ને દીને અને નીરંગદીનની ક્રીઆ રોજ ૨ માહ ૫ સને ૧૨૨૬ યઝદજરદી તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૫૭ ને દીને મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસપજીના ઉપરીપણા હેઠલ કરી હતી. અને ત્યારપછી એજ દરેમેહરમા મજકુર દસ્તુરજી સાહેબના હાથ નીચે યોજદાથ્રગીરીનુ કામ એવણે બે દાહેકા સુધી ચલાવ્યુ હતુ.

તા૦ ૪ થી મારચ ૧૮૬૩ ને દીને મુંબઇ મધે "સર જમશેદજી જીજીભાઇ મદરેસા" ઉઘાડવામા આવી તેમા પહેલવેહલા દાખલ થયલા વિદ્યારથીઓમા એવણ પણ એક હતા અને ત્યા જંદ અને પહેલવી ભાષાઓનો અભ્યાસ આગલ વધાર્યો હતો.

તા૦ ૧૪ મી દીસેમબર ૧૮૬૩ ને દીને દોકતર હોગ અને સરદાર દસ્તુર હોશંગજી જામાસ્પજી જરથોસ્તી ધર્મને લગતા પુરાણા પુસ્તકોની શોધખોલ કરવા માટે ગુજરાતની મુસાફરીએ નીકલ્યા હતા તે વખતે એવણને પોતાના મદદગાર તરીકે સાથે લીધા હતા અને એવણનીજ મહેનત અને મદદથી તેઓએ પોતાનું કામ સરંજામ ઉતાર્યું હતુ.

તા૦ ૨૩ મી માર્ચ ૧૮૬૮ ને દીને એવણે સરદાર દસ્તુર હોશંગજી જામાસ્પજીએ લગનના આશીરવાદનો ગુજરાતી કવીતામાં કીધેલો તરજુમો છપાવી બહાર પાડયો હતો, તેમજ તા૦ ૧૫ મી માર્ચ ૧૮૭૧ ને દીને એવણે "ફેહરસ્ત" નામની એક કેતાબ છપાવી બહાર પાડી હતી, જેમાં નવસારીની વડી દરેમેહરમાં સંવત ૧૬૮૯ થી તે સંવત ૧૭૭૦ (ઇ. સ. ૧૬૩૩ થી તે ઈ. સ. ૧૭૧૪) લગી નાવર થએલાઓના દહાડા વાર તથા બીજી બાબદોની નોંધો આવેલી છે.

તા૦ ૩૧ મી મેએ ૧૮૭૫ ને દીને પોતાના બાવાજીના ઉઠેમણાની મીજલસમાં નવસારીની અનજુમને એવણને તેવણની જગાએ ત્રીજી ખુરસીના દસ્તુર ઠેરવી માન આપ્યુ હતું.

નવસારીમાં એક વધુ દુખમાની જરૂર જણાવાથી તે બધાવી આપવા માટે મરહુમ શેઠ નશરવાનજી રતનજી તાતાને અરજ કરવા માટે નવસારીની અનજુમન તરફથી કેટલાક જાણીતા ગૃહસ્થોનું એક ડેપ્યુતેશન તા૦ ૨૭ મી સપતેમબર ૧૮૭૬ ને દીને મુબઈ ખાતે મજકુર શેઠ આગલ મોકલવામાં આવ્યુ હતુ જેમા એવણ પણ એક હતા

પુણા ખાતે ૨૦) વરસ ગુજારવા પછી મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીએ એવણને ઈ. સ. ૧૮૭૭ મા મઉના દસ્તુર ઠેરવી ત્યા મોકલ્યા હતા કે જે ઓધ્ધો એવણ યજમાનોના ભારે સંતોષ વચ્ચે હજી સુધી ચલાવે છે

ઈ. સ. ૧૮૮૪ મા રતલામના રાજા સર રણજીતસીંગને આપણા ધર્મની માહીતી મેલવવાની ખાહેશ થવાથી તેવણે પોતાના દીવાન સરદાર ગોપાલરાવ હરી દેશમુખ મારફતે બોલાવ્યા હતા અને એવણથી દીનને લગતી કેટલીક બાબદો જાણી એવણની કાબેલ્યત માટે પોતાનો સતોષ જાહેર કર્યો હતો તેમજ ધારના રાજા સર આનદરાવ પોવારે જાગીરીનુ કામ જોવા માટે એવણની મુલાકાતે આવ્યા હતા અને તેવણને કેટલીક ક્રીરીઆઓ હિંદુ ધર્મના ક્રીરીઆ કામોના મુકાબલા સાથ કરી દેખાડાવી હતી અને બીજે દીને એવણને પોતાને મુકામે બોલાવી સીઆલ તથા બીજી કેટલીક કીમતી ભેટો આપી હતી

મરહુમ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનના કેટલાક દસ્તુર સાહેબોની માફક એવણ પણ હિંદુસ્તાનમાં જુદે જુદે ઠેકાણે દુખમાઓ અને દરેમેહરો પરઠવાની ક્રીરીઆ પોતે કરીને તેમજ કેટલાકોની પોતાની દસ્તુરી દેખરેખ હેઠલ કરાવીને પોતાના નામની યાદગારી એ પવિત્ર મકાનો સાથ જોડી રાખી છે. એ પરઠાએલા મકાનોમા સતારા, જાલના, ઇગતપુરી, મઉ, ઇંદોર, અજમેર, આબુ અને નીમચની દરેમેહરો તથા દુખમાઓ હતા જેનુ તફસીલવાર બ્યાન મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી તથા તેમના ભાઈ સરદાર દસ્તુર હોશગજીના અહેવાલ મધે આપવામા આવ્યુ છે. એ વખતે એવણને માનપત્રો અને સીઆલોની ભેટ થાઇ હતી.

પોતાની મઉ ખાતેની દસ્તુરી કારકીરદી દરમ્યાન કેટલાક ધર્મના ફડો હસ્તીમા આવ્યા હતા જેમા રૂવાનોને અવલમ જલ પહોચાડવાનુ ફડ મુખ્ય હતુ.

મઉની "ખાન બહાદુર એદલજી પેશતનજી એન્ડ મઉ ઝોરોએસ્ત્રીઅન હાઈ સ્કુલ"ની કારોબાર મડલીના એવણ સરકાર તરફથી નેમાયલા એક મેમબર હતા, જે ઓધ્ધો એવણે કેટલાક વરસ સુધી ભોગવીને પછવાડેથી પોતાની વધતી જતી જઇફીને લીધે રાજીનામુ આપ્યુ હતું.

એવણે વદીદદનો ફારસી નઝમમા તરજુમો કર્યો છે જે છપાઈ બહાર પડયો નથી એ વીશેનુ તા૦ ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૯૪ ના "સત્ય મિત્ર તથા હખ મઝદયશ્નાન નામ" મા જે લખાણ કરવામા આવ્યુ છે તેનો હયા ઉતારો કરવો હમો વાજબી ધાર્યે છીએ.

"ધર્મશાસ્ત્રોના ખોદાઈ કલામોના તરજુમા, કવીતા તથા ગાયન રૂપે કરવામા મોટી વડાઇ અને માન સમજવામાં આવે છે સાદી એબારતમા તેવા તરજુમા કરતા કવીતાઈ તથા ગાયનરૂપી તરજુમા વધારે હોશથી વચાય છે તથા ગવાય છે. હીદુઓના ધર્મશાસ્ત્રો સંસ્કૃત ભાષામાં છે, જેમના પરાકૃત ભાષાઓમા થયલા કવીતાઈ તથા ગાયનરૂપી તરજુમા તેઓમા આજે એટલા સાધારણ થઈ પડયા છે કે અજ્ઞાન લોકો તેમને અસલ ધર્મશાસ્ત્ર શમજવા જેટલી ભુલ કરે છે. પારસીઓમાં તેવુ કસુ ન હતુ તેમના ધર્મશાસ્ત્ર–અવસ્તા વાણી–ના તરજુમા પહેલવી, ફારસી તથા ગુજરાતી વીગેરે ભાષાઓમા થયા છે, પણ તે સાદી એબારતમા " " હમણા જાણીને અમો ખુશી થયા છીએ કે, અવસ્તાનો ફારસી કવીતામાં સાર આપવાની વીદવતા ભરેલી કોશેશ એક બુઝર્ગ પારસી ધર્મગુરૂ તરફથી થઈ છે. મઉવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આસા-

વાલા, જેઓ પોતાના ધર્મજ્ઞાન, પાકી પરહેજગારી તથા યોજદાથરેગરીના પેશાની પ્રવીનતા માટે મશહુર છે તેઓએ પવીત્ર વદીદાદનુ' તમામ તાત્પર્ય ફારસી ભાષાની કવીતામાં ઉપજાવી કહાડયુ છે, જેના સઘલા મલી લગભગ દોહડ હજાર બેતો થાવા જાય છે. તે બેતોની " બેહર " અથવા વજન " હઝજે મુસદસ " યાને " મુફાઇલન મુફાઇલન મુફાઈલ " ની તખ્તીનુ છે, કે જે વજન એવા કામ માટે બધ બેસ્તુ સમજવામા આવે છે એ દસ્તુરજી સાહેબને એક કાબેલ ફારસી ખાં તથા ફારસી બેતબાજી જોડનારા શોકીન તરીકે અમે લાબા વખતના પીછાનીએ છીએ, પણ વદીદાદ જેવા એક મહાભારત અને બીકટ અવસ્તાઇ ધર્મપુસ્તકનો એવી એક પાકી ભાષામા કવીતાઇ તરજુમો કરવા જેવી મોટી શકતી પણ તેઓ ધરાવે છે, તે હમણાજ અમોએ જાણયુ છે, અને એવા એક વીદ્વાન તથા ઉલટમદ ધર્મગુર પારસી ટોળામા જોવા માટે એક પારસી તરીકે અમે ખચીત મગરૂર છીએ, દસ્તુર ખુરશેદજીએ આ કામ છેક એક દાહેકાની વાત ઉપર હાથ ધરી સરંજામ ઉતારેલુ જણાય છે, પણ ઘટીત આશરા વગર તે છપાઇને જાહેર થયા વીના પડી રહયુ છે એ દલગીરી ભરેલુ છે. ' "

"દસ્તુર ખુરશેદજીનુ આ પુસ્તક નજરે જોવાનુ માન અમોને મલ્યુ છે, અને તેને ઉપર ટપકેથી વાંચી તથા તપાસી જોતા તેની કવીતાઇ જોડણીની મજબુતી વીષે અમારી ખાતરી થઇ છે. તેના બેતો વજનમા પકકા, સરલ અને રસીલા છે, તથા તેમા આપેલો અવસ્તાઇ સાર પણ તેવોજ સેહલ તત્વદર્શક અને વાધાવીષ્ટીવાલી ચુનોચેરાથી નીરાલો છે ' ' ' "

ઈ. સ ૧૮૮૨ મા એવણે પોતાની તથા પોતાના બાવાજીની ફારસીમા જોડેલી મોનાજાતો તથા તેવણના મરણની "વફાત" તથા નવસારીના શેઠ નશરવાનજી રતનજી તાતાના દુખમાને લગતો કસીદો એક ચોપાન્યાના આકારમા લખનેરના નવલ કેશવર છાપાખાનામા છપાવી બહાર પાડયો હતો એ શીવાએ ડયુક ઓવ્ર કોનાટને લખી આપેલો દુઆનો કસીદો, વફાતો, મઉ તથા ઈંદોરના જરથોસ્તીઓમાં ફીખેલી વાઅજો અને બીજા કેટલાક લખાણો છે. મધ્ય હિદુસ્તાનના પારસીઓમા દસ્તુર તરીકેનો માન મરતબો ભોગવવા સાથ એવણ મઉ અને ઈંદોરના સરકારી અમલદારોમા સારૂ માન અને વગવસીલો ધરાવે છે

વિભાગ ૩ જો

દસ્તુર દારાબજી જમશેદજી અને તેવણની ઉતરતી ઓલાદોનુ જન્મ ચરીત્ર.

દસ્તુર દારાબજી જમશેદજી.

જનમ-કેળવણી-મુંબઈમા પધરામણી-શહેનશાહી પંથના વડા દસ્તુરનો ઓહદો-ગુજારેલી એકાંત જીંદગી-મરણ-મીજાજ-ખાસ્યત-ફરઝંદો.

આએ ત્રીજા અને છેલ્લા વિભાગના મુળપુરૂષ દસ્તુર દારાબજી જમશેદજી તે મરહુમ દસ્તુર જમશેદજી જામાસ્પજીના સૌથી નાધલા દીકરા અને મરહુમ દસ્તુર દોરાબ જામાસ્પજી મીનોચેહરજીના બાપના બપાવા સુમારે ય. સ. ૧૧૬૧ મા નવસારી મધે જનમ્યા હતા. એવણ પોતાના

ભત્રીજા મરહુમ દસ્તુર એદલજી બેહમનજીની ઉમરના ગણાતા હતા. એવણે નાવર મરાતબનો તેમજ જંદ, પહેલવી અને ફારસી ભાષાઓનો અભ્યાસ પોતાના પીતાની ઉસ્તાદગીરી હેઠલ કર્યો હતો.

પોતાની જીંદગીનો અરધો ભાગ પોતાના બાપીકા વતન નવસારી ખાતે ગુજારવા પછી એવણ ગઈ સદીની સુરૂઆતમા યાને ઇ સ. ૧૮૦૧ મા પોતાના ભાઇ મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજી સાથ મુંબઇ આવી દીનઆઇનનુ કામ કરવા લાગા અને ઇ સ. ૧૮૨૯ મા તેવણ સાહેબના મરણ પછી મુબઇની શેહનશાહી પથના વડા દસ્તુર ઠડયા હતા પોતે ઘણાજ યોગી અને સન્યાસી ખસલતના હોવાથી અને દુન્યાઇ કારોબારમા પલોટાવા કરતા ખુદાની એબાદત કરવી વધુ પસદ હોવાથી એવણે દસ્તુરી ગાદી પોતાના વડા દીકરા દસ્તુર એદલજીને સપુર્દ કરી એકાંત જીંદગી ગુજારવા માંડી હતી. તે વેળાની મુબઇની પારશી પંચાયતે ઘડેલા બદોબસ્તો ઉપર બીજા દસ્તુરો, મોબદો અને બેહદીનો ભેગી એવણની પણ સહીઓ જોવામા આવે છે એવણ રોજ ૨૯ માહ ૧ સને ૧૨૦૯ યઝદજરદી તા૦ ૨૮ મી અકતોબર ૧૮૩૯ ઇસવી અને સોમવારને દીને ૭૮) વરસની ઉમરે બેહસ્ત નશીન થયા એવણ પોતાના સૌથી વડા ભાઈ દસ્તુર બેહમનજીના જેવાજ ખાલેસ મનના, સાદેહ દીલના અને ભોલા ખવાસના હતા અને મુબઈના જરથોસ્તીઓમા એક સાધુ દસ્તુર તરીકે માન પામતા હતા એવણ સાહેબનુ મરણ તા૦ ૩ જી નવેમબર ૧૮૩૯ ના "મુબઇ સમાચાર" મા છપાયું છે જેમા લખે છે કે —

"તારીખ ૨૮ મી અકટોબર સને ૧૮૩૯ ને શોમવારને દીને દસ્તુર દારાબજી જમશેદજી જામાશપ આશાવાલાએ આશરે ૭૮ વરશની વએમો આએ જનજાલી આલમમાથી નીકલીને હમેશાની શુખવાશી આલમમો કુચ કરી એ મરનાર દસ્તુર ઘણો નીશી અને મોહટો પરહેજગાર અને એકમારગી હતો અને તે સાથે આએ પરથવીપરના શવલા શનશારી કામોથી વેગલો પડીને પોતાના કેરતારની ભગતીમો રાત દહાડો મશગુલ હતો. એ મરનારની મોહોટી ભલમનશાઇ ઉપરથી કેટલાએક દાતારો એ મરનારને શારી પેઠે ચાહાતા હતા તેથી એ મરનારને પોતાનો બુઢાપો કાઇ માલુમ પડી સખેઓ નહી અને શેવટના દાહડા સુધી પોતે આનંદમો હતો એ મરનારની શારી ચાલ તથા તેના શારા ગુણોની ઇઆદદાસ્ત એ મરનારના આખા કુટુબના લોકો તથા મીતરો કધી વીશરનાર નથી."

એવણ પોતાના ભાઈ નવરોજીના પાલક થયલા હોવાથી એવણનુ નામ "દસ્તુર દારાબ એરવદ નોરોઝ" કરી ધુપ નીરગ અને જાહેર જશનોમા લેવાએ છે

એવણના ધણીઆણીનુ નામ માણેકબાઇ હતુ જેવણને પેટે ૪) દીકરાઓ અને ત્રણ દીકરી મલી ૭) ફરઝંદો અવતર્યા હતા એવણના બે દીકરાઓ દસ્તુર એદલજી તથા દસ્તુર ફરેદુનજીના મરણ તેઓના જન્મ ચરીત્ર મધે વાચવામા આવશે. સૌથી નાધલા દીકરા એરવદ માણેકજી રોજ ૧૫ માહ ૧ ને દીને પોતાના પીતાની હૈયાતીમા ગુજરયા હતા અને તેવણના પાલક મરહુમ દસ્તુર મીનોચેહરજી એદલજી થયા હતા દસ્તુર મીનોચેહરજી પોતાના નાધલા કાકાના પાલક થવાથી અને દસ્તુર એદલજીના એકજ પુરા દીકરા હોવાથી દસ્તુર એદલજીના પાલક દસ્તુર ફરેદુનજી અને દસ્તુર ફરેદુનજીના પાલક એરવદ માણેકજી થયા હતા. આ ત્રણ દીકરાઓ શીવાય દીકરા જમશેદજી અને દીકરીઓ નવાજબાઇ, બચુબાઇ અને જીઆઇજી નાધની ઉમરે ગુજરયા હતા પહેલા મોહરદાર માણેકબાઇના મરણ પછી ઘણે વરસે અને ઘણી મોહટી ઉમરે દસ્તુર દારાબજીએ આ૦ માને ચેહરજી રૂસતમજી કાતરકના વીધવા વીરબાઇજી સાથ દાણા પાડયા હતા એ બાઈ પોતાના પેહલા ખાવીંદના દીકરા નવરોજીને બાળવયમા પોતાની સાથ લાવવાથી તેવણ પણ કાતરકને બદલે દસ્તુરની અટકથી ઓલખાતા હતા અને તેવણના વારસો પણ એજ અટકથી આજ સુધી ઓલખાય છે

દસ્તુર એદલજી દારાબજી.

જનમ-કેળવણી-" જીવતી દીક્ષનેરી "-શાહેનશાહી પંથના વડા દસ્તુરનો ઓહ્દ્ધો-પહેલવી બુનદેહુશ અને પંદનામે જરથુસ્તના ગુજરાતી તરજુમાઓ-કબીસાની તકરાર-આવા યશ્તનો ગુજરાતી તરજુમો-મરણ પામેલા આદમીઓનુ પેટ ચીરવા બાબે આપેલો ફતવો-દરેમેહુરો પરઠવાની કીરીઆ-" પારસી લો એશોશીએશન "-" રાહે રાસ્તનુમાએ જરથુસ્તીઆન "-વગર છપાયલા લખાણો-મરણુ-અશોઈ અને પરહેજગારી-ધર્મકીરીઆ ઉપર આસ્થા-ખુરેહ અને નુરાનીભર્યો દેખાવ-ફરઝંદો.

મરહુમ દસ્તુર દારાબજી જમશેદજીના ત્રણ દીકરાઓમા દસ્તુર એદલજી સૌથી વડા હતા. એવણનો જનમ રોજ ૮ માહ ૮ સને ૧૧૫૧ યઝદજરદી તા૦ ૧૮ મી જાનેવારી ૧૭૮૨ ને દીને નવસારીમાં થયો હતો. એવણને અવસ્તા, પહેલવી, ફારસી અને સસકૃત વીગેરેની સગીન કેળવણી આપનાર એવણના સૌથી વડા કાકા અને સસરા મરહુમ દસ્તુર બેહમનજી સાહેબ પોતે હતા તેવણ સાહેબનીજ ઉસ્તાદગીરી હેઠલ નાવર-મરાતબનો અભ્યાસ કરી સવત ૧૮૫૩ ના રોજ ૩૦ માહ ૪ સને ૧૧૬૬ યઝદજરદી તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૭૯૭ ને દીને હેરબદ થયા હતા

એવણ દીનદારી એલમમા કાબેલ ગણાવા સાથ નજુમ અને રમલમા પણ પુરવીણ હતા. એવણની યાદદાસ્ત શકતી એટલીતો તેજ હતી કે એવણના સંબધમા આવતા વિદવાનો એવણ સાહેબને " જીવતી દીક્ષનેરી "ની ઉપમાથી ઓલખતા હતા

મુબઇના શહેનશાહી જરથોસ્તીઓના વડા દસ્તુર ઠડવા આગમચ એવણે કેટલીક દીનની કેતાબોના ગુજરાતી તરજુમા કરી તેમજ કબીસાની તકરારમા આગેવાનીભર્યો ભાગ લઇ એક વિદવાન અને ખબરદાર દસ્તુર તરીકે માન પામી ચુકા હતા

ઇ સ. ૧૮૨૯ મા એવણના કાકા દસ્તુર ખુરશેદજી જમશેદજીના હક થાવા પછી એવણના બાવા દસ્તુર દારાબજી જમશેદજી શહેનશાહી પથના વડા દસ્તુર ઠડયા હતા, પણ તેવણ સાહેબે થોડીજ મુદતમા દસ્તુરી ગાદી ત્યાગ કરી ઇશ્વર ભકતીમા મશગુલ થાવાથી એવણ પોતાના બાપ તરફથી દસ્તુરી ચલાવતા હતા અને ઇ. સ ૧૮૩૯ મા તેવણના મરણ પછી શહેનશાહીના કાયમ દસ્તુર ઠડયા હતા.

તા૦ ૫ મી અકટોબર ૧૮૧૯ ને દીને એવણે પહેલવી બુનદેહશનો ગુજરાતી તરજુમો છપાવી બહાર પાડયો હતો. મજકુર કેતાબના દીબાચામા એ મરહુમ દસ્તુરજી લખે છે કે —

" બુનદેહશને કીતાબની નકલ (૧) ઇરાન જમીન મધે સને એજદેજરદી (૭૭૬) ના શાલની લખેલી મોબદ રૂસતમ મેહરવાન મરજબાન શહેરયારને હાથની હતી તેની નકલ (૧) હવડાં કમતરીન પાસે હાજેર છે તથા કીતાબ (૧) બીજી બુનદેહશને હીનદોસતાન મધે પહેલવી માહા સને એજદેજરદી (૧૧૩૯)ના શાલની લખેલી દસ્તુરજી શ્રી જમશેદજી જામાસ્પજીને હાતની તેબી કમતરીન પાસે હાજેર છે. તે બેહુ કીતાબોને મોકાબેલ ચોકસ અને દરોસ્ત કરીને કમતરીન ખાકશાર એરવદ એદલ બીન દસ્તુર દારાબ બીન દસ્તુર જમશેદ બીન દસ્તુર જામાસ્પ આશા નોશારીના રહેનારાએ એ કીતાબ શ્રી મુબઇ મધે શને એજદેજરદી (૧૧૮૫)ના સાલથી પેહેલવી કીતાબનો તરજુમો ગુજરાતીમાહા શરૂ કરવા માંડયો હતો તે શને એજદેજરદી (૧૧૮૯)મા તમામ થાયો છે."

એવણુના વખતમાં પેહલવી વ્યાકરણ અને ફરહંગ નહી હોવાને લીધે મજકુર બુનદેહશનો તરજુમો કરવામાં ચાર વરસ નીકલી ગયા હતા. ત્યાર પછી તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૨૪ ને દીને એવણે પેહલવી ૫૬ નામે જરથુસ્તની નકલ જે એવણુના વડવા મરહુમ દસ્તુર જામાસ્પ આશાએ પોતે કરી હતી તેનો ગુજરાતી તરજુમો છપાવી બહાર પાડયો હતો.

ઈ. સ. ૧૮૨૬ માં ભરૂચવાલા મરહુમ દસ્તુર અસફનદયારજી કામદીનજીએ કબીસાની બાબદમાં એક કેતાબ નામે "કદીમ તારીખ–પારસીઓની કસર" સુરતમાં છપાવી પ્રગટ કરી હતી. આ કેતાબ મુંબઇ આવ્યા પછી શહેનશાહીઓ અને કદમીઓ વચ્ચે કબીસાની બાબદમા મોહટી તકરાર જાગી. આ વખતે એવણુને શહેનશાહી તરફથી મુકરર થયલી કમીટીના મેમબર ઠેડવેલા હોવાથી પોતાની કાબેલ્યતને બલે રીતસર મુજાહેમત ચલાવી પોતાના ટોળાની કીમતી સેવા બજાવી હતી

તા૦ ૫ મી સપટેમબર ૧૮૩૩ ને દીને એવણે આવા યસ્તનો ગુજરાતી તરજુમો છપાવી બહાર પાડયો હતો. એવણુના વખતમા અવસ્તા ભાષાનુ બ્યાકરણ અને ફરહંગ જેવુ કઇ ન હોવાથી મજકુર યસ્તનો તરજુમો કરવામા એવણુને અતીશય મહેનત લેવી પડી હતી "જે વેલા મરહુમ દસ્તુર એદલજી દારાબજી જામારપ આશાનાએ આવા યસ્તનો તરજુમો કર્યો હતો તે વેલા દાદાર હોરમજદે આવાં યજદની બંદગી કીધી એવા તેવણુના ખરા તરજુમાને વાસ્તે તેવણુને ઘણુ ખમવું પડયુ હતુ ખોદા પોતાની પેદા કીધેલી વસ્તુને આજેજી કરે એ વીચારજ આપણુને અચરતીમાં નાખવાને બસ છે અને એવુ બેહુદુ અવસ્તામા લખેલુ નહી હોય પણ તેનો તરજુમો કરનારે ભુલ કીધી હશે, એવુ ધારવાને આપણુને જલદીથી સુઝે છે **પણ એ તરજુમો શહી છે તેની ખાતરી રાખવી.** એ ભુલ ભરેલા લખાનનો ખોલાસો એવો આપી શકાય છે કે એ અવસ્તા પાછલા જમાનામા જ્યારે જરથોસ્તી દીન સમજવાની શકતી કમી થયાથી હોરમજદના કરતા ફરેસ્તાઓને ચહડતા ગણવાની ફીલસુફી ચાલી હતી ત્યારે બનેલા છે. ૧"

તા૦ ૧૪ મી એપ્રીલ ૧૮૪૦ ને દીને મુંબઇના ચીફ પ્રેસીદનસી માજીસ્ત્રેટ મી૦ પી૦ દબલ્યુ લીજીટે સરકારના હુકમથી પારસી પંચાયતના અકાબરો ઉપર એક પત્ર લખી એવુ જણુાવ્યુ હતું કે જ્યારે આપઘાત તથા બીજા અચબુચ કારણોથી મરણુ પામેલા શખ્સની લાસ ઉપર જુરી ભરવામાં આવે છે ત્યારે લોકોમા તરેહવાર વેહમો ચાલે છે, માટે પારસી કોમના કોઇભી શખ્સનુ ઉપલાં કારણોથી જો મરણુ નીપજે તો કોરોનરની જુરી પારસી કોમને અનુસરતા કયા ધોરણુ ઉપર તેની તપાસ કરે તે વીશેનો લેખીત ખુલાસો જાણુવા માંગયો હતો આ ઉપરથી પંચાયતના અકાબરોએ દસ્તુર જમશેદજી એદલજી જામાસ્પ આશાના, દસ્તુર એદલજી દારાબજી સંજાણુા, દસ્તુર રૂસતમજી કેકોબાદજી મુલ્લા ફીરોઝ, એરવદ મનચેરજી શાપુરજી સંજાણુા અને એરવદ ડોશાભાઈ શોહરાબજી મુનસી ઉપરાંત દસ્તુર એદલજીનો પણુ અભીપ્રાય જાણુવા માગ્યો પંચાયતે એનો ફતવો આપવાનુ કામ ઉપલા દસ્તુરોને સોંપેલુ જાણી મુંબઈના ૯૩) જરથોસ્તીઓની શહીની એક અરજી એ દસ્તુરો ઉપર આવી હતી, જેમા તેઓએ એવી અરજ કરી હતી કે "હમો સારી પખે સમજીએચ કે આપરી દીનમો જુદદીનવાલાની નજરથી રૂવાન ઉપર પરવી નહી જોઇએચ તો પેટ ચીરવાને તો આપરી દીનમો અલબતે હોકમજ નહી હશે. વાશતે તમો જે કીતાબોમોથી દાખલા કાડીને જુવાબ આપો તે ચોકશ, ખરો, ખોદાએ વાજબી જાણીને આપજો કાએજે એ બારીક કામ છે. તેથી તમો દીનની રાહાથી હક વાજબી ઘટતો જવાબ હોએ તે આપજો કાંએકે એ જવાબ આપેઆથી જે પરમાણે તમો શાહેબો જવાબ આપશો તે તમારા જવાબ પરમાણે કામ જાવેદાન ચંનદરોકાલ

૧ મી૦ ખરશેદજી રૂસતમજી કામાજીનુ જરથોસ્ત નામુ આવૃતી બીજી–સફે ૧૫૬–૫૭.

સુધી ચાલશે "[1] એરવદ ડોશાભાઈ શોહરાબજી મુનશી શીવાય સઘલા દસ્તુરોએ એકમતીથી એક લબાણુ ખુલાસો પંચાયતના અકાબરો ઉપર લખી મોકલ્યો જેમાં તેઓએ જણાવ્યું જે "આપણી દીનમો મુએલાં આદમીનુ પેટ ચીરવુ અને તેની સાથે આલુદે થવુ અજીમ ગુનાહ ભરેલુ છે "[2] દસ્તુરોના આવા ફતવા ઉપરથી પચાયતે તા૦ ૨૯ મી મેએ ૧૮૪૦ ને દીને મી૦ પી૦ દબલ્યુ લીજીટને લખી જણાવ્યુ જે "લાશને ચીરવાનુ હમારા લોકોની ધર્મ સબધી લાગણીને કંટાળો ઉપજાવનારૂં છે, તોપણ એ બાબદમો હમારા ટોળાને લાગુ પડે તેવા જે કાઇ કાયદા સરકાર ઠેહરાવશે તે અમલમા લાવવાને અમો મોટી ખુશી સાથે અમારી મદદ આપીશુ "[3]

આએ અશો દસ્તુરજી સાહેબે પોતાની દસ્તુરી કારકીરદી દરમ્યાન મુબઇ મધે કેટલીક દરેમેહરો પોતાના ઉપરીપણા હેઠલ પરઠાવી તે પાક મકાનો સાથ પોતાનુ નામ યાદગાર રાખી ગયા છે. મરહુમ શેઠ મનચેરજી ખરશેદજી લગડાના, જેવણુ પોતાના વખતમા "હુશન અબદલ્લાના મનચેરજી" ને નામે ઓલખાતા હતા, તેવણે પોતાના દીકરા ખરશેદજીની નૈયતે કોટ મધે ગોલવારના મોહલ્લામા એક દરેમેહર બંધાવી હતી તેમા આતશ આદરાનને તખ્તનશીન કરવાની ક્રીરીઆ રોજ ૧૫ માહ ૭ સને ૧૨૧૭ યઝદજરદી તા૦ ૯ મી એપ્રીલ ૧૮૪૮ ને દીને એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ કરવામા આવી હતી તેમજ મરહુમ શેઠ રૂસતમજી શોહરાબજી ભરૂચા (ગોરાઇવાલા) ની દરેમેહરમા શેઠ રૂસતમજી જીવણજી પોહચખાનેવાલાએ આતશ આદરાનને એવણના ઉપરીપણા હેઠલ રોજ ૨૦ માહ ૧૧ સને ૧૨૧૭ યઝદજરદી તા૦ ૧૨ મી આગસ્ટ ૧૮૪૮ ને દીને તખ્તનશીન કરાવ્યા હતા. ત્યાર પછી બહારકોટ મધે મરહુમ શેઠ શાપુરજી શોહરાબજી કપાવાલાની નૈયતે તેમના દીકરી માણેકબાઇ માણેકજી જમશેદજી ઉમરીગરે આદરાનની એક દરેમેહર બધાવી હતી તેને પરઠવાની સઘલી ક્રીરીઆ રોજ ૧૭ માહ ૨ સને ૧૨૨૭ યઝદજરદી તા૦ ૧૦ મી નવેમબર ૧૮૫૭ ને દીને એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ કરાવી હતી

ઈ સ ૧૮૫૫ મા પારસી ધારા બધાવી મગાવવા માટે મુબઇના પારસીઓએ "પારસી લો એશોશીએશન" નામની એક મડલી ઉભી કરી હતી તેના એવણ પોતાના મરણ સુધી એક અધીકારી હતા એ "પારસી લો એશોશીએશન" તા૦ ૨૦ મી આગસ્ટ ૧૮૫૫ ને દીને કેટલાક આગેવાન ગૃહસ્થોની કારસાજીથી સ્થાપવામા આવી હતી. એજ વરસમા યાને તા૦ ૩૦ મી અકટોબર ૧૮૫૫ ને દીને "રાહનુમાય મઝદયશનાન" વીરૂધ "રાહે રાસતનુમાએ જરથુસત્યાન" નામની મડલી સ્થાપવામા એવણે બીજાઓ સાથ આગેવાની લીધી હતી અને તેના એવણ સરનશીન ઠર્યા હતા

આએ દસ્તુરજી સાહેબની કલમથી લખાયલાં ઘણાક લખાણો આજે મોજુદ છે જેમાં ખુરદાદ, ગોશ, મેહર, ફરવરદીન અને રામ યસ્તોનાં ગુજરાતી તરજુમાઓ ઉપરાત વદીદાદની કેટલીક પરગરદોના શરેહ સાથના તરજુમાઓ મુખ્ય છે જે છપાઈ બહાર પડયા નથી

ઇ. સ ૧૮૩૭ મા મરહુમ દસ્તુર એદલજી દારાબજી સજાણાએ ગાથાના દીવસો ઉપર અસપંદાદ મહીનો પુરવાની વીરૂધ "ફરમાને દીન" નામનુ ચોપાન્યુ પ્રગટ કર્યું હતુ તેના રદ જવાબમાં એવણે "રદીએ કેતાબે ફરમાને દીન" નામની કેતાબ લખી હતી જે એવણના માનવત નબીરા અને જાનશીન મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજીએ એક લબાણુ દીબાચા સાથ ઈ સ. ૧૮૬૭ મા છપાવી બહાર પાડી હતી.

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૩૬૦ ની ફુટ નોટ
૨ " " "
૩ " " ૩૬૧
મી૦ લીજીટનો પત્ર અને તેનો જવાબ "ખુલાસે પંચાયત" ને સફે ૨૪ અને ૯૩ મે છપાએલો છે

૩૨ વરસ સુધી શહેનશાહીના વડા દસ્તુરનો અધીકાર ચલાવી એવણુ રોજ ૩૦ માહ ૫ સને ૧૨૩૦ યઝદજરદી તા૦ ૨૦ મી ફેબ્રુઆરી ૧૮૬૧ ને દીને ૭૯) વરસ, ૧) મહીનો અને ૩) દીવસની ઉમરે મુબઇમા બેહસ્તનશીન થયા એવણુનુ મરણ રાગસરીના મરજથી નીપજ્યુ હતું તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૮૬૧ ના "મુબઇ સમાચાર" માં લખવા મુજબ એવણુના મરણુથી "પારસી ટોળાનો જલકાત ભરેલો એક હીરો ગુમ થાયો છે અને આએ ફાની દુન્યાના નામીચા બાગમાનુ એક ખુશબોહદાર ફુલ કરમાયુ છે. એ મરહુમ દસ્તુરજી અશો, પરહેજગાર, નેક ખસલતના અને જરથોસ્તી ધરમના પાકીજેહ ફરમાન મુજબ ચાલનારા અને તે કીરતારની સદા બંદગી અને સેવા કરનારા હતા જરથોસ્તી ધરમનો મુખ્ય પાયો હુમત, હુખ્ત અને હુઅરેસ્ત ધઆને નેક બોલવુ, નેક વમાસવું અને નેક ચાલવુ તે નેક પાયા ઉપર એવણે આખી જીંદગી ગુજારી હતી તેવણુની આવી ખુબીવતી અશો પરહેજગારીભરેલી ચાલથી જરથોસ્તી કોમના ઘણુા-ખરા સાહેબો તેવણુની દોસ્તી ધરાવવા માટે મગરૂરી લેતા હતા એતલુંજ નહી પણુ સઘલી કીસમના મરદો અને ઓરતો તેવણુને પોતાના ખરા જીગરથી માન આપતા હતાં" એવણુના મરણુના શોગમાં મુબઇના પારસી દુકાનદારોએ પોતાની દુકાનોના અરધા બારણુા બંધ રાખીયાં હતા આએ દસ્તુરજી સાહેબ પોતાના અંતઃકરણુની ખરી લાગણી મુજબ ચાલનારા અને પોતાના મજહબની વીરૂધ જેબી કાંઈ હીલચાલ થાય તેને ટેકો આપવાથી પરહેજ રહેતા હતા, અને તેમ કરતાં પોતાનુ ગમે એટલુ નુકશાન થાય તો તેની કશી પરવા કરતા ન હતા મુબઇના એક શ્રીમંત અને સરકાર દરબા-રમા મોહટો વગ ધરાવનાર અકાબર જેવણુને એ દસ્તુરજી સાથ ઘાડી મીત્રાચારી હતી તેવણે સરકાર પાસેથી પોતાના લાભનુ કામ કરાવી લેવા માટે મુંબઈના કેટલાક દસ્તુરોની શહી લીધી આએ કામ પોતાના ધર્મની વીરૂધ જણાવાથી એ દસ્તુરજીએ શહી આપવાની હીમતવી ના પાડી આ ઉપરથી દસ્તુરજીને મજકુર અકાબર સાથ અણુબનાવ થયો અને તેવણુના ઘરમાથી એવણુનો પગ દંડો જતો રહયો આટલું છતા પણુ દસ્તુરજી આવા યઝદથી દરરોજ પાછા ફરતી વખતે ઉપલા અકાબરને ઘર જઈ તેવણુને સારી દુઆઓ દેતા હતા એવણુની આવી હીમત અને દીઆનતદારી ભરેલી ચાલ જાણી જરથોસ્તીઓ એવણુને ઘણુાજ ચાહવા લાગા.

એ દસ્તુરજીને ધર્મ કીરીઆ ઉપર કેટલી આસ્થા હતી તે એટલા ઉપરથી સીધ્ધ થાએ છે કે આદર મહીનાના ત્રીસે દીવસ ચાર મોબદોને પોતાને મકાને બોલાવી અશો રૂઆનોની નૈયતે મીઅ-જદ કરાવતા હતા તેમજ એજ મહીનાના આતશના હમકારા–અરદીબેહસ્ત, આદર, સરોશ, બેહરામ–ને દીને પોતાના મકાનની અતરાફ આતશની મદદથી કામ કરનારા કારીગરો જેવા કે લુહારો અને સોનીઓ વીગેરેને પૈસા આપી તેઓનુ કામ બંધ કરાવતા હતા કે જેથી કરી આતશ ઉપર આજાબ ન પડે અરદીબેહસ્ત મહીનો અને અરદીબેહસ્ત રોજે તેમજ આદર મહીનો અને આદર રોજે વહાડયાજીના આતશબેહરામના નુરી કેબલા સનમુખ ખડે પગે ઉભા રહી ૧૦૧) આતશની નીઆયશ કરતા હતા. બેહમન મહીનામા બેલ અને ઘોડાની ગાડી ઉપર બેસવાથી પરહેજ રહેતા હતા કે ગોસપંદો ઉપર ના હકનો બોજો ન પડે એવા પરહેજગાર, બંદગીખોર, અને ફરેસ્તાઈ ખસલતના હોવાથી એવણુના ચેહરા ઉપર ખોરેહ અને નુરાની દેખાવની બક્ષેસ હતરી હતી.

એવણુના લગન પોતાના સૌથી વડા કાકા મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીના બીજા દીકરી બચીબાઇજી સાથ થયા હતા, જેવણે ઘણાક ફરજંદોને જનમ આપ્યો હતો જેમાં દીકરા દસ્તુર મીનોચેહરજી અને દીકરીઓ બીખાઇજી અને મોહટીબાઈ મુખ્ય હતાં એવણુના વડાં દીકરી બીખાઇજી પહેલાં એવણુના પીત્રાઇ ભાઇ એરવદ બેહરામજી ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાનાના દીકરા નવરોજી સાથ પરણાયા પછી અસ્તાયાં હતા અને ત્યાર પછી આ૦ પહાલનજી સોહરાબજી ચરક સાથ પરણુયા હતાં. બીજાં દીકરી મોહટીબાઈ પોતાના ભત્રીજા નવસારીવાલા એરવદ જમ-

શેદજી ઉર્ફે બચાભાઈ દસ્તુરના વડા દીકરા મીનોચેહરજી સાથ પરણ્યા હતાં એ ત્રણ ફરઝંદો શીવાય જમશેદજી, મેહર, દારાબ, ફરામ અને કુવરબાઇ નામના ફરઝંદો નાધલી ઉમરે ગુજરી ગયાં હતા.

પરવરદેગાર એ અશો દસ્તુરજીના પાક રૂહને શાંતી બક્ષો ! એવી દુઆ ચાહી એવણ સાહેબની જીંદગીનો અહેવાલ ખતમ કર્યે છીએ અને એવણના વિદ્વાન ભાઈ દસ્તુર ફરેદુનજી દારાબજીના અહેવાલ ઉપર આવીએ છીએ.

દસ્તુર ફરેદુનજી દારાબજી.

જનમ-કેળવણી-મુંબઇમા પધરામણી-શીળા છાપાખાનુ-દીન હદીશનો તરજુમો-“અખબાર” નામનુ ફારસી પત્ર-કબીસાની તકરાર-“અખબારે કબીસે”-“રાહનુમાય મઝદયશનાન”-રૂવાનની કીરીઆ માટે લખી મોકલેલો ખુલાસો-જંદ ફરહંગની તપાસ-શાહનામાનો તરજુમો-નીરંગની તકરાર-“ફરમાને દીને જરથુશ્તી”-“રાહે રાસ્તનુમાય જરથુસ્તીઆન”-“પોસ્ત”નો ધંધો-નાણા સંબંધી તંગ હાલત-મરણ-બીબીજ-ફરઝંદો

મરહુમ દસ્તુર દારાબજી જમશેદજીના બીજા દીકરા દસ્તુર ફરેદુનજીનો જનમ સુમારે ઇ. સ ૧૭૫૭ મા નવસારી મધે થયો હતો. એવણ પોતાના વડા ભાઈ મરહુમ દસ્તુર એદલજીના પાલક થાએ. પોતાના મરહુમ પીતાના હાથ હેઠલ હેરબદીની તાલીમ લઇ સવત ૧૮૬૫ ના રોજ ૨૮ માહ ૬ ને સને ૧૧૭૮ યઝદજરદી તા૦ ૨ જી એપ્રીલ ૧૮૦૯ ને દીને હેરબદ થયા હતા. તેમજ પોતાના કાકા મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીની શાગેરદી કરી જદ, પહેલવી, ફારસી, અરબી અને સસકૃત ભાષાઓનો પુખ્ત અભ્યાસ કરી એક ખબરદાર અને કાબેલ દસ્તુર તરીકે મશહુર થયા હતા. યોજદાથ્રગીરીની બાબદોના પણ એવણ એક કાબેલ ઉસ્તાદ ગણાતા હતા અને તે પેશો એવણે નવસારીની દરેમેહરમા લાબી મુદત સુધી કર્યો હતો

કેટલાક વરસ નવસારી ખાતે ગુજારવા પછી એવણ મુબઇ આવી વસ્યા હતા અને પોતાના ભાઈની ગેરહાજરીમાં દસ્તુરી કામકાજ એવણ બજાવતા હતા પોતાનુ દસ્તુરી જ્ઞાન જરથોસ્તી આલમમા સાબેત કરવા માટે મુંબઈ શેહેર ગેયા એવણને બોહલુ મેદાન થઇ પડયુ હતુ અને પોતાની કારકીરદી ઝહલકતી બનાવામાં ફત્તેહમદ ઉતર્યા તે એવણની બોહલી કાબેલ્યત અને વિદવતાના પ્રતાપથીજ. મુબઈમા દસ્તુરી પેશો ચલાવવા સાથ એવણ છાપાખાનાનો તથા દેશાવર ખાતે કાગજો અને નાણા મોકલવાનો “પોસ્ત” નો ધધો પણ કરતા હતા તેમજ ભરૂચવાલા મરહુમ દસ્તુર અસ-પદયારજી કામદીનજીનુ મુબઈ ખાતેનુ આડતનુ કામ પણ કરતા હતા.

ઇ. સ ૧૮૨૧ માં એવણે મુબઇ મધે શીળા છાપાખાનું સ્થાપ્યુ હતુ અને તે મધેથી તા૦ ૧૫ મી દીસેમબર ૧૮૨૨ ને દીને “દીન હદીસ” નામની ફારસી કેતાબનો ગુજરાતી તરજુમો છપાવી બહાર પાડયો હતો, જે એવણની મુબઇ આવી વસવા પછીની પેહલવેહલી કોશેશ હતી.

તા૦ ૩૧ મી જુલાઇ ૧૮૨૪ ના “બોમ્બે કુરીઅર” પત્રમાં એવણે તે વખતના ગવરનર મા૦ મોનસ્ટુઅરટ એલફીનસટનના આશરા હેઠળ “અખબાર” નામનુ ફારસી અઠવાડીક પત્ર

પરતાવવાની મદેહનજર છપાવી હતી અને તેનુ લવાજમ દર ત્રણ મહીને રૂ. ૯) નું ઠેઠવ્યું હતું આ પત્રના પુરતાં ઘરાકો ન થાવાથી તે કહાડવામાં આવ્યુ ન હતું. [૧]

ઇ સ ૧૮૨૬ ના જુલાઈ માસમાં ભરૂચવાલા મરહુમ દસ્તુર અસપંદયારજી કામદીનજીએ "કદીમ તારીખ–પારસીઓની કસર" નામની કેતાબ સુરતમાં છપાણી બહાર પાડી હતી. આ કેતાબ મુબઇ આવ્યા પછી શહેનશાહીઓ અને કદમીઓ વચ્ચે વરસની ગણતરી માટે મોહટી તકરાર જાગી આ વખતે સઘલા દસ્તુરોમા જો શહેનશાહી ટોળાની સૌથી સરસ સેવા પોતાની જાતી લાભ અને પૈસાના ભોગે બજાવી હોય તો તે મરહુમ દસ્તુર ફ્રેદુનજી પોતે છે. શહેનશાહીઓ તરફથી રીતસરની મુજાહેમત ચલાવા માટે એ વિદવાન દસ્તુરજીએ "અખબારે કબીસે" નામનુ ચોપાન્યુ પરતાવવા માડયુ હતુ અને તે ઉપર દેખરેખ રાખવા માટે "જામે જમશેદ" ના અધીપતી અને પચાયતના આગલા સેકરેટરી મરહુમ શેઠ પેશતનજી માણેકજીને પોતાના હાથ હેઠલ રાખ્યા હતા. એ "અખબારે કબીસે"માં મરહુમ દસ્તુર એદલજી દારાબજી સંજાણા, મરહુમ એરવદ ડોશાભાઇ સોહરાબજી મુનસી તથા બીજાઓ લખાણો કરતા હતા. તેમજ ઇરાનવેરથી દસ્તાવેજો અને લખાણો મગાવીને તેના ગુજરાતી તરજુમાઓ બહાર પાડતા મજકુર ચોપાન્યુ બે વરસ સુધી ચાલુ રહયુ પણ તકરારનું છેવટ મનમાનતું ન આવ્યુ. એ તકરાર વખતે બેહુ બોરડુવાલાઓને રૂપીઆ ચાલીશ હજાર સુધીનો ખરચ થયો હતો

તા૦ ૩ જી ઓગસ્ટ ૧૮૫૧ ને દીને મુબઇમા "રાહનુમાય મઝદયશનાન" નામની મડળી સ્થાપવામાં આવી અને તેની કારોબાર મડલીએ રૂવાનોની ક્રીરીઆ અને ખરચ બાબે મુબઇ તથા દેશાવરોના દસ્તુરો ઉપર સવાલો મોકલી જવાબો માગ્યા હતા, પણ દસ્તુર ફ્રેદુનજી અને તેમના શાગેરદ પુણાવાલા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી શીવાય સઘલા દસ્તુરો ચુપકીદી અખત્યાર કરી બેઠા હતા [૨] આ બેહુ દસ્તુર સાહેબોએ પોતાને જેમ વાજબી લાગ્યુ તેમ વગર આંચકીએ ખરે નામે ખુલાસો લખી મોકલ્યો હતો

ઇ સ ૧૮૫૨ ના આગસ્ટ માસમા મરહુમ શેઠ ધનજીભાઈ ફ્રામજી પટેલે બનાવેલી જંદ ફ્રરહગની તપાસ માટે પારસી પચાયતના ત્રસ્ટીઓએ એક કમીટી નેમી હતી તેના એ દસ્તુરજી પણ એક મેમબર હતા. [૩] આ કમીટીના મેમબરોમા મતફેર પડવાથી એ ફ્રરહગ આજ સુધી વગર છપાવે પડી રહી છે.

ફ્રારસી ઝબાનથી બેનસીબ રહેલા પોતાના હમદીનોને આપણા ઇરાની નીઆગાનોની કીરતી અને જાહોજલાલીનો ખીઆલ આપવાના હેતુથી એવણે તા૦ ૨૫ મી મારચ ૧૮૫૨ ને દીને જગત પ્રસીધ્ધ શાએર ફીરદુશી તુશીના ફ્રારસી શાહનામાનો થોડાક ભાગનો ગુજરાતી નસર અને થોડાક ભાગનો ગુજરાતી નઝમમાં તરજુમો કરી બહાર પાડયો હતો આ તરજુમાનુ પુસતક જે ૪૦૦) સફાનુ થયુ હતું તેમા શરૂથી તે મીનોચેહરના દાસ્તાન સુધીની હકીકત આવેલી છે. થોડાજ મહીનામા એની નકલો ખપી જવા થી એવણે ઇ. સ. ૧૮૫૩ ના નવેમબર માસથી "શાહનામુ"ના નામથી ૩૨) સફાનુ ચોપાન્યુ કહાડવા માડયું હતુ જે બે વરસ સુધી ચાલુ રાખ્યુ હતું આ ચોપાન્યાના ૩) દફતરો જે ૯૦૦) સફાના થયાં હતા તેમાં મીનોચેહરના દાસ્તાનથી તે નોદરના દાસ્તાન સુધીનો અહેવાલ સમાવેલો છે. એવી રીતે શાહનામા સરીખાં મહાભારત પુસ્તકના તરજુમાના ૧૩૦૦) સફાના ૪) દફતરો પહેલવહેલા એજ દસ્તુરજીએ બહાર પાડયા હતા.

---

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૧૮૨

૨ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૫૭૦

૩ મરહુમ દસ્તુર ફ્રેદુનજી શીવાય દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાના, દસ્તુર પેશોતન બેહરામજી સંજાણા, સુરતવાલા દસ્તુર જમશેદજી બરજોરજી, દસ્તુર અસપંદયારજી ફ્રામજી રબાડી તથા એરવદ ડોશાભાઈ સોહરાબજી મુનશી એ કમીટીના મેમબરો ઠરયા હતા ("પારસી પ્રકાશ"—દફતર ૧ લુ–સફે ૫૮૬ ની ફુટ નોટ)

ઇ. સ. ૧૮૫૨ ના એપ્રીલ માસથી "રાસ્તગોફતાર" ના તે વખતના અધીપતી શેઠ દાદાભાઇ નવરોજીએ નીરંગની વીરૂધ કેટલાંક લખાણો કરવાથી તેના રદ જવાબમાં એવણે ખરે નામે "મુબઇ સમાચાર" મા મઅકુલ દલીલોથી ભરેલાં લખાણો કીધાં હતાં ૧ એ તકરાર લગભગ બે વરસ સુધી ચાલુ રહી હતી. પોતાના હમદીનોને જરથુસ્તી મઝહબની તાલીમ આપવાના ઇરાદાથી એવણે તા૦ ૩ જી સપટેમબર ૧૮૫૨ થી "ફરમાને દીને જરથુસ્તી" નામનુ માસીક ચોપાન્યુ પરતાવવા માંડયું હતું જે બે વરસ સુધી ચાલવા પછી બંધ પડયુ હતુ

તા૦ ૩૦ મી અકટોબર ૧૮૫૫ ને દીને મુબઇ મધે "રાહે રાસ્તનુમાએ જરથુસલાન" નામની મંડલી સ્થાપવામાં આવી તેના એવણુ એક અધીકારી અને નાયબ સરનશીન ઠડયા હતા. જેમ આગલ જણાવ્યુ તેમ એવણુ પોતાનુ શીળા છાપાખાનુ ચલાવવા ઉપરાત કેટલાક ભાગીદારો સાથ દેશાવર ખાતે કાગજો તથા નાણા મોકલવાનો "પોસ્ત" નો ધંધો કરતા હતા જેમાથી એવણે સારી પુંજી મેલવી હતી. પછવાડેથી લેણુ દેણુનો સરાફી ધંધો કરવામાં પોતાની પુંજી ગુમાવવાથી એવણુની હાલત ઘણીજ તંગ થઇ પડી હતી અને તેવીજ હાલતમાં મરણ પણ પામ્યા હતા.

હવે એવણુના મરણ તથા ફરઝંદો વીગેરેની નોંધ લઇ એવણની કારકીરદીનો સફો બંધ કરીશું. એવણુ સાહેબ રોજ ૨૬ માહ ૭ સને ૧૨૨૯ યઝદજરદી તા૦ ૧૭ મી એપ્રીલ ૧૮૬૦ ઇસવી અને મંગલવારને દીને સુમારે ૬૩) વરસની ઉમરે મુબઈમા બેહસ્તનશીન થયા. એવણુની ભાયખલા તરફ કેટલાંક વીઘા જમીન હતી જે પછવાડેથી કરજદારીમાં વેચાઈ ગઇ હતી.

એવણુ સાહેબ જેમ એક પઢેલ અને કઢેલ દસ્તુર તરીકે મુબઇની પારસી આલમમા મશહુર હતા તેમ એક જાહેર લેખક તરીકે પણ પુરતા જાણીતા હતા દીનને લગતી બાબદોની તકરાર વખતે એવણુ બહાર પડી ખરે નામે વર્તમાન પત્રોમાં લખાણો કરતા હતા અને તખલલુસના ઓઠા હેઠલ લખાણો કરવા એવણુ એક તરેહની નબલાઇ સમજતા હતા. એવણુ જેટલા ભોલા દીલના, ખાલેશ મનના અને હાજર જવાબીવાલા હતા તેટલાજ સ્વતંત્ર વિચારના અને ટેકવાલા હતા

તા૦ ૧૯ મી એપ્રીલ ૧૮૬૦ ના "જામે જમશેદ" મા એવણુના મરણની નોંધ લેવામાં આવી છે જેમા લખે છે કે —

"દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પ આશાવાલા બે તરણ દીવશની માંદગી ભોગવેઆ પછે એકાએક ગએઆ મંગલવારની રાતના આ ફાની દુનીઆ છોડી આકાશી લોકોમા જઈ વશેઆ છે, જેથી તેહના અંચીતા મરણથી તેહના દોસ્ત મીતરોમા દલગીરી ઉપજી હશે આ દશતુર ભોલા મનનો, ખાલેશ દીલનો અને પોતાના મજહબ ઉપર અતીશે ફીદા હતો, અને મજહબનુ દુખ તે વધારે ધરાવતો હતો, અને તેટલાજ માટે તેણે આગલા વખતમા પારશીઓ વચે ધરમ શંબંધી ઉઠેલી તકરારની વેલાએ "અખબારે કબીશે" નામનુ એક વરતમાન પતર પરશીધ કરીઉં હતું, અને તે પછે "ફરમાને દીને જરથોસતી" નામનુ એક દરમાશીઉ ચોપાનીઉ પરતાવેઉં હતું, જેહમા પોતાના પઇશાનો તેણે નાશ કીધો હતો." ૦

એવણુના ધણીઆણીનુ નામ નાથીબાઇ હતુ જેઓએ ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ મલી ૭ ફરઝંદોને જનમ આપ્યો હતો. આ ફરઝંદોમાથી વીરબાઈ અને માણેકબાઈ નામની બે દીકરીઓ અને રૂસતમજી નામનો એક દીકરો નાધલી ઉમરે ગુજરયા હતા એવણુની સૌથી વડા દીકરી નવાજ-

---

૧ મરહુમ દસ્તુર ફરેદુનજી શીવાય દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાનાએ "દીનદોસ્ત અથોરનાન" ની શાહીથી "પારસી રીફોરમર" મા, દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ "યજદાપરસ્ત" ની શાહીથી "જામે જમશેદ" મા અને એરવદ કાવસજી મનચેરજી મોદીએ ખરે નામે "મુંબઇ સમાચાર" મા લખાણો કીધા હતા

("પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૫૮૫-૮૬ મે)

બાઈ પોતાના પીત્રાઈ બાઇ નોશેરવાનજી બહમનજી દસ્તુર જામાસ્પ આશાના દીકરા આસાજી સાથ પરણયાં હતા વડા દીકરા એસ્તા બેહરામજી રોજ ૫ માહ ૩ સને ૧૨૧૩ યઝદજરદી તા૦ ૨ જી દીસેમબર ૧૮૪૩ ને દીને ૧૭) વરસની ઉમરે મરણ પામ્યા, જ્યારે બીજા દીકરા એરવદ અસપંદ‘યાર રોજ ૨૯ માહ ૨ સને ૧૨૨૩ યઝદજરદી, તા૦ ૨૩ મી નવેમબર ૧૮૫૩ ને દીને ૨૨) વરસની વયે કુવારી હાલતે ગુજરયા હતા આ બેહુ દીકરાઓ ફરઝંદો વગર પોતાના પીતાની હયાતીમા ગુજરી જવાથી દસ્તુર ફરેદુનજીની ઓલાદ છેલ્લા દીકરાના ગુજરવા પછી ખતમ થઇ હતી.

દસ્તુર મીનોચેહરજી એદલજી.

જનમ–કેળવણી–“ ગુલજારે નશીહત ”- જરથોસ્તી મજહબ ઉપર ખ્રીસ્તી મીશનરીઓનો હુંમલો–“ નીરંગ હાએ કલમકશ ”–“ સદદર બેહરે તવીલ” નો ગુજરાતી તરજુમો–“ ગઝલસ્તાન ”–“ગુરાદાત અઝ અહુરમઝદ”– “ સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલન્ટ ઇન્સ્તીત્યુશન” મા ઉઘાડેલો ફારસી વર્ગ–જંદ ફરહંગની તપાસ–નીરંગની તકરાર–હાજી આબાદની પહેલવી તખ્તીનુ ઉકલાણુ–પહેલવી વ્યાકરણની તપાસ–“ રાહનુમાય મઝદયશનાન ” સભાને લખી આપેલો ખુલાસો–“ સીકસતારે દરેગી ”–“ સત્ય શોધક”–“પારસી લૉ એશોશીએશન ”–“ રાહે રાસ્તનુમાય જરથુસ્તીઆન”– પહેલા સર જમશેદજી જીજીભાઈનુ મરણ–વડા દસ્તુરનો ઓહદો–વાએજો–વગર છપાયલાં લખાણો–મરણ–ફરઝંદો.

મરહુમ દસ્તુર જામાસ્પ અશાના ખાનદાનને પોતાની વિદ્વતાના બલથી દીપાવનાર અને મરહુમ દસ્તુર એદલજી દારાબજીના એકપુરા દીકરા દસ્તુર મીનોચેહરજી સાહેબનુ કદમ આ જેહાનમા રોજ ૨૮ માહ ૭ સને ૧૧૭૯ યઝદજરદી તા૦ ૨ જી મેએ ૧૮૧૦ ઇસ્વીને દીને નવસારી મધે મુબારક થયુ હતુ પોતાના મરહુમ પીતાજી આગલ નાવર મરાતબની તાલીમ લઇ સવત ૧૮૭૭ ના રોજ ૧૦ માહ ૮ સને ૧૧૯૦ યઝદજરદી તા૦ ૧૧ મી મેએ ૧૮૨૧ ને દીને હેરબદની પદવી મેલવવા પામ્યા હતા એવણને જંદ, પહેલવી અને પાઝંદ ઝબાનોની તાલીમ આપનાર અને તે ભાષાઓમાં પુરવીણ બનાવનાર એવણના પીતા પોતે તથા એવણના મામાના દીકરા મરહુમ દસ્તુર જમશેદજી એદલજી જામાસ્પ આશાના હતા એક મોલવીના હાથ હેઠલ અરબી અને ફારસી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો અને એક પંડીતની શાગેરદી કરી સસકૃત ભાષાની તાલીમ લીધી હતી એવણ જંદ, પહેલવી અને ફારસીમા કેટલા ખબરદાર હતા તે એવણના લખેલા ગ્રંથો અને બીજા પરચુટણ લખાણો જેની હવે પછી તપાસ લીધામા આવશે તે ઉપરથી સાબેત થાય છે એક કાબેલ દસ્તુરના ફરજંદને છાજતુ પુખ્ત દીનદારી ગ્નાન હાસલ કરી પોતાના મરહુમ પીતાને તેવણની દસ્તુરી કારકીરદીમા એક કીમતી મદદગાર થઇ પડયા હતા

એવણે મુબઇમા પોતાની કારકીરદી “જામે જમશેદ” છાપાખાનામા શીળા દસ્તખત લખવામા શુરૂ કરી હતી અને તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૩૧ ને દીને મજકુર છાપાખાનામાથી તમામ વંદીદાદ, છાતર, કીરીઆ મારગણી સમજણ સાથ છપાઇ બહાર પડયું હતુ તે એવણની કલમથીજ લખાયયું હતું અને તે આજે કેટલીક દરેમેહરોમા જોવામાં આવે છે.

હવે હમો એવણે છપાવેલા ગ્રંથો અને એવણની કારકીરદી સાથ તાલ્લુકો ધરાવનારા અગલના બનાવોની વરસની અનુક્રમે નોંધો લેવી શુરૂ કરીએ.

ઇ. સ. ૧૮૩૭ માં એવણે મુસલમાન શાએરો અને પોતાના વડીલો દસ્તુર જામાસ્પ આશા તથા દસ્તુર જમશેદજી જામાસ્પજીના નસીહતરૂપી લખાણોનો સંગ્રહ "ગુલજારે નશીહત"ના નામથી છપાવી બહાર પાડયો હતો. આએ કેતાબ એ દસ્તુરજીના બોહલાં ફારસી વાંચણનો સંગીન પુરાવો આપણી સનમુખ રજુ કરે છે.

આગલા વખતમાં જ્યારે ખ્રીસ્તી મીશનરીઓ વર્તમાન પત્રો તથા જાહેર ભાષણોમાં આપણા મજહબ ઉપર હુમલો કરી આપણી કોમની લાગણી દુખવતા હતા ત્યારે પોતાના પવીત્ર મજહબ અને ટોળાનુ હિત હૈયે ધરી તેના બચાવમાં "મુંબઇ દુરબીન" પત્રમાં "કલમકશ" ને નામે જે લખાણો થતાં હતા તે લખનાર કોઇજ નહી પણ ખુદ દસ્તુર મીનોચેહરજી સાહેબ પોતે હતા. એ લખાણોનો સંગ્રહ બીજી પરચુટણ બાબદોના વધારા સાથ એવણે "નીરંગ હાએ કલમકશ"ને નામે તા૦ ૧૫ મી જુન ૧૮૪૧ ને દીને છપાવી બહાર પાડયો હતો.

તા૦ ૧ લી જુન ૧૮૪૪ ને દીને એવણે "સદદર બેહરે તવીલ" નો ગુજરાતી તરજુમો પોતાના મીત્ર મરહુમ એરવદ બરજોરજી નવરોજી તાતાને નામે છપાવી બહાર પાડયો હતો ત્યારપછી એ તરજુમાની બે આવૃતીઓ છપાવી બહાર પાડવામાં આવી હતી.

ઇ. સ ૧૮૪૮ માં મરહુમ શેઠ ખુરશેદજી તેહમુરજી દુરબીને "ગજલસ્તાન" નામની ચોપડી છપાવી બહાર પાડી હતી તેમાં ફારસી અને હિન્દી ગઝલોનો મોહટો ભાગ ગુજરાતી તરજુમા સાથ એવણે પુરો પાડયો હતો.

ઈ સ. ૧૮૫૦ માં એવણે પોતાની તેમજ બીજા દસ્તુર સાહેબોની બનાવેલી મોનાજાતો તેના ગુજરાતી તરજુમા સાથ "મુરાદાત અઝ અહુરમઝદ" ના નામથી બેહદીન દાદાભાઇ કાવશજીને નામે છપાવી બહાર પાડી હતી ૩૫) મોનાજાતોના સંગ્રહની આ કેતાબ તેની જાતમાં પહેલવેહલી એવણથીજ બહાર પડી હતી. ત્યાર પછી ઇ. સ ૧૮૭૭ મા તેની બીજી આવૃતી ૫) મોનાજાતોના વધારા સાથ છાપવામાં આવી હતી. એજ વરસથી યાને ઇ સ. ૧૮૫૦ થી મુંબઇની પારસી પંચાયતે એવણને "સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઈનસ્ટીટ્યુશન" ના અવસ્તા કલાસના શીક્ષાગુરૂ ઠેરવ્યા હતા અને એજ ખાતામાં એવણે પોતાની તરફથી ફારસીનો એક વર્ગ ઉઘાડયો હતો

ઈ. સ. ૧૮૫૨ ના આગસ્ટ માસમાં મરહુમ શેઠ ધનજીભાઈ ફરામજી પટેલે બનાવેલી જંદ ફરહંગની તપાસ માટે પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ એક કમીટી નેમી હતી તેના એ દસ્તુરજી પણ એક મેમબર હતા ૧ આ કમીટીના મેમબરો એકમત ન થવાથી મજકુર ફરહંગ વગર છપાવે હજી સુધી પડી રહી છે. પારસી વિદ્વાનોમાં પહેલવેહલી જંદ ફરહંગ રચનાર મજકુર શેઠ ધનજીભાઈ પોતે હતા. એજ વરસના એપ્રીલ માસથી શેઠ દાદાભાઇ નવરોજીએ નીરંગની વીરૂધ "રાસ્ત ગોફ્તાર" પત્રમાં લખાણો કરવા માંડયા હતા તેના રદ જવાબમાં એવણે "દીનદોસ્ત અથોરનાન" ની સહીથી "પારસી રીફારમર" પત્રમાં લખાણો કીધા હતાં એ તકરાર લગભગ બે વરસ સુધી ચાલુ રહી હતી. ૨

---

૧ મરહુમ દસ્તુર મીનોચેહરજી શીવાય દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પ આશાના, દસ્તુર પેશોતન બેહરામજી સંજાણા, સુરતવાલા દસ્તુર જમશેદજી બરજોરજી, દસ્તુર અસ્પંદયારજી ફરામજી રબાડી તથા એરવદ ડોસાભાઇ સોહરાબજી મુનશીએ કમીટીના મેમબરો ઠરયા હતા. ("પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૫૮૬ ની ફુટ નોટ)

૨ મરહુમ દસ્તુર મીનોચેહરજી શીવાય દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પ આશાનાએ ખરે નામે "મુંબઇ સમાચાર" માં દસ્તુર પેસોતન બેહરામજી સંજાણાએ 'યજદાંપરસ્ત" ની શહીથી "નામે જમશેદ" મા અને એરવદ કાવશજી મુનશેરજી મોદીએ ખરે નામે ' મુંબઇ સમાચાર" મા લખાણો કીધા હતા. ("પારસી પ્રકાશ" દફતર ૧ લું સફે ૫૯૫-૯૬ મ.)

ઈ. સ. ૧૮૫૧ માં મરહુમ શેઠ ધનજીભાઇ ફ્રામજી પટેલ અને દસ્તુર પેશોતન બેહેરામજી સંજાણા વચ્ચે હાજીઆબાદની પેહેલવી તખ્તીના વાચણ માટે તકરાર જાગી હતી. આ તકરારનું છેવટ લાવવા માટે ઈ. સ. ૧૮૫૩ માં એક કમીટી ઠેરવવામાં આવી હતી તેના એવણ પણ એક મેમબર હતા. આએ કમીટીમાં એવણે મજકુર તખ્તી ઉકલાવીને તકરારનો નીવેડો મનમાનતી રીતે લાવી આપ્યો હતો. એજ વરસમા યાને ઇ. સ. ૧૮૫૩ માં પહેલા સર જમશેદજી જીજીભાઇ બેરોનેટે સુરતવાલા દસ્તુર જમશેદજી બરજોરજીએ રચેલાં પહેલવી વ્યાકરણની તપાસ માટે એક કમીટી ઠેરવી હતી તેના એવણ પણ એક મેમબર હતા. ૧

ઇ. સ. ૧૮૫૪ માં એવણે રાહનુમાય મઝદયશનાન સભા ઉપર મુકતાતના દીવશો અને તેની ફીરીઆઓ વીશેનો એક લખાણ ખુલાસો લખી મોકલ્યો હતો જે એ સભાના પુસતકમાં દાખલ કરવામાં આવ્યો હતો

ઇ. સ ૧૮૫૫ માં "રાસ્ત જોય" ના તખલ્લુસ હેઠલ "શેકસ્તારે દરોગી" નામની જે ચોપડી છપાઈ બહાર પડી હતી તેના બનાવનાર એવણ પોતે હતા આ પુસતકમા "વજરકર્દ દીની" નામની કેતાબના તથા "વજરે અનહોમાઇ" અને "દીનપાસદારીએ અનહોમાઇ" નામના ચોપાન્યાંઓમાં અવસ્તાના પદોની કીધેલી ગલત માએનીનો રદીઓ તથા "ચેરાગે દાનેશ" નામની કેતાબનો રદ જવાબ આપવામા આવ્યો છે.

તા૦ ૨૦ મી આગસ્ટ ૧૮૫૫ ઇસવીને દીને પારસીઓ માટે ધારા બંધાવી મગાવવા માટે "પારસી લૉ એશોશીએશન" સ્થાપવામા આવી તેના અને તેની સબ કમીટીના એવણ એક મેમબર ઠરયા હતા. એ "એશોશીએશન" ની અરજ ઉપરથી એવણે વારસા હીસ્સાને લગતા કદીમ રીવાજો તથા જરથોસ્તી મજહબના ફરમાનોનો ખુલાસો લખી મોકલ્યો હતો તેમજ મજકુર "એશો-શીએશન" તરફથી ઈ. સ ૧૮૫૮ મા રીપોર્ટ લખાઇ બહાર પડયો હતો તેની ઉપર પોતાનો અભીપ્રાય તથા વિચારો દર્શાવ્યા હતા

તા૦ ૩૦ મી અકટોબર ૧૮૫૫ ઇસ્વીને દીને મુંબઈ મધે "રાહે રાસ્તનુમાય જરથુસત્યાન" નામની મંડલી સ્થાપવામાં એવણે પણ આગેવાની લીધી હતી અને તેના એવણ એક અધીકારી અને નાયબ સરનશીન ઠરયા હતા.

તા૦ ૭ મી મારચ ૧૮૫૭ ના "પારસી રીફોરમર" પત્રમા દસ્તુર પેશોતન બેહરામજી સંજા-ણાની તારીફમા કોઇએ ચરચાપત્ર છપાવ્યુ હતુ તેના રદ જવાબમાં એ દસ્તુરજીએ "અથોરનાન" ના તખલ્લુસ હેઠલ તા૦ ૧૪ મી મારચ તથા તા૦ ૧૫ મી એપ્રીલના મજકુર પત્રમા કેટલાક ચરચા-પત્રો છપાવ્યાં હતા. એ લખાણોનો સંગ્રહ એવણે ઇ. સ ૧૮૫૭ મા "સત્ય શોધક" નામના ચોપાન્યાંમા છપાવી બહાર પાડયો હતો

મરહુમ સર જમશેદજી જીજીભાઈ પહેલા બેરોનેટનુ મરણ એવણની કારકીરદી સાથ અગત્યનો સંબંધ ધરાવે છે અને તે એવી રીતે કે એ મરહુમ પારસી હાતમના "ઉઠમણાની ક્રિયા શરૂ થતી વખતે દસતુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાનાએ ઉઠી તમામ અથોરનાનોને સુચના કીધી કે મરહુમ સર જમશેદજીના નામની આગમજ આએ મીજલસમાં અને હવે પછીની હરેક ક્રિયા થાતી મીજલસોમાં "સર" નો ખેતાબ વાપડી "સર જમશેદજી બેહદીન રૂસતમજી" કરી લેવુ, કેમકે આપણા આગલા ઇરાની પાદશાહો તથા તેમના વજીરોના નામો પણ તેમના ખેતાબો સાથે દીન-

---

૧ મરહુમ દસ્તુર મીનોચેહરજી ઉપરાત મુનશી મીર શરફઅલી, એરવદ ડોશાભાઈ સોહરાબજી મુનશી, દસ્તુર કાઉશજી શાપૂરજી મેહરજીરાણા અને દસ્તુર પેશોતન બેહરામજી સંજાણા ઉપલી કમીટીના મેમબરે ઠયા હતા. (દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાના રચેલા પહેલવી વ્યાકરણનો ઈંગરેજી દીબાચો)

આઇનની ક્રિયાઓમા લીધામા આવે છે, જેમકે લોહારસ્પશાહ, ગોરતારપશાહ, જામાસ્પ હકીમ વગેરે આ સુચના અથોરનાનોએ બહાલ રાખી એજ રીતે ઉઠેમણાની ક્રિયામા નામ લીધુ હતું." ૧ એવી રીતે એ દસ્તુરજીની સુચના મુજબ મરહુમ સર જમશેદજી જીજીભાઇનુ નામ "સર" ના ખેતાબ સાથ કેટલુક સુધી જાહેરાત લેવાયુ હતુ, પણ પછવાડેથી નવસારીની અનજુમન તથા કેટલાક અથોરનાનોએ વાધો ઉઠાવ્યાથી એ દરખાસ્ત ઉપર અમલ થતો અટકયો હતો તો જો કે એ દસ્તુરજી તથા તેમના દીકરા દસ્તુર દોકતર જામાસ્પજીની પક્ષના મોબદોએ માનવત પારસી હાતમનુ નામ "સર" ના એલકાબ સાથ જાહેર જશનો તથા ધુપ નીરંગની ક્રીરીઆઓમાં લેતા જણાય છે.

ઉપર વર્ણવેલી એવણની રચેલી કેતાબો તથા અગલના બનાવો ઉપરથી આપણુ ફકત એકજ અનુમાન ઉપર આવી શકીએ અને તે એકે એવણ સાહેબ વડા દસ્તુરના ગોધ્ધા ઉપર આવ્યા અગાઉ એક કાબેલ અને ખબરદાર દસ્તુર તરીકે મશહુર થઇ ચુકા હતા અને તે વખતની મુંબઇની વિદ્વાન મંડલને પોતાની લીઆકાત અને ફઝીલતને જોરે પુરતી ઝહમક આપી દીધી હતી

તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૮૬૧ ને દીને પોતાના પીતાના ઉઠેમણાની મીજલસમા એવણને શહેનશાહી પંથના વડા દસ્તુર ઠરાવાની મુબારકબાદીમા નીચે મુજબ ૧૪) સીઆલો હોરાડવામાં આવી હતી —

૧–શેઠ માણેકજી મેહરવાનજી શેઠનાએ ભગર સાથ અનજુમન તરફથી.
૨–શેઠ બેહરામજી જીજીભાઇ તરફથી
૩–સર દીનશાહ માણેકજી પીટીટ તરફથી
૪–શેઠ નોશેરવાનજી માણેકજી પીટીટ તરફથી.
૫–શેઠ રતનજી ખુરશેદજી કેરાવાલાની કુંપની તરફથી.
૬–શેઠ શોહરાબજી ખુરશેદજી પાઉવાલાની કુંપની તરફથી.
૭–શેઠ નોશેરવાનજી દીનશાહ શાએરની કુંપની તરફથી
૮–નોબલ બાગની કુંપની તરફથી.
૯–મરહુમ દસ્તુર એદલજી દારાબજીની કુંપનીના મોબદો તરફથી.
૧૦–બહારકોટની મરહુમ શેઠ મનચેરજી બહમનજી શેઠના તથા શેઠ શાપુરજી શોહરાબજી કપાવાલાની દરેમેહરોના મોબદો તરફથી
૧૧–ધોબીતલાવની દરેમેહરના મોબદો તરફથી
૧૨–મરહુમ શેઠ બનાજી લીમજીની દરેમેહરના મોબદો તરફથી.
૧૩–ગોલવાડની દરેમેહરના મોબદો તરફથી
૧૪–શેઠ માણેકજી નવરોજી પાઉવાલા તરફથી.

એજ મીજલસમા શેઠ રતનજી ખુરશેદજી કેરાવાલી કુંપની તરફથી નીચલો ખુલાસાપત્ર વાંચી સંભલાવવામાં આવ્યો હતો:—

શ્રી પાક દાદાર અહુરમજદ સાહેબની મદદ છે.

દસ્તુરજી સાહેબ મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાના જોગ–
સાહેબ,

તમારા મરહુમ પીતા દસ્તુરજી સાહેબ એદલજી દારાબજી જામાસ્પ આશાના મરણના દુ:ખદાયક બનાવથી હમોને ઘણી દીલગીરી ઉપજી છે જે આએ જોગવાઇએ હમો અતરે જણાવા માગીએ છીએ તમારા મરહુમ પીતાએ હમારી કંપનીને માટે ૩૫) વરસની લાંબી મુદત સુધી રહીને હમુને તથા હમારા ફરજંદોને જે રેહનુમાઇ કરી છે જેથી હમો તેવણના સદાના ઉપકારી થયા છીએ, જેનો

૧ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ સફે ૮૮.

બદલો હમો કોઈબી પરકારે વાળવાને અશકત છઇએ સઘલી મીજલશો, જશનગાહ, અને ઘંબા-રમાં દીનઆઈનની બાબદો જણાવવા અને આપણુ પેગમબર સત જરથોસ્તના બેહતર દીનના ફરમાન મુજબ ચાલવા તેવણ સરવદા જે હમોને બોધ કરતા હતા તે રાહ ઉપર હમોએ ચાલવાથી સારો ફાયદો મેલવીઓ છે તમારા મરહુમ પીતાના ગુણો તમો ધરાવવાથી હમો તેવણુની જગા ઉપર તમો સાહેબને કબુલ કરવા માગીએચ ઇઆને દસ્તુર ઠેડવીએચ, અને આશા છે કે તમો સાહેબ કબુલ કરશો કે જેવી રાહનુમાઇ તમારા મરહુમ પીતાએ હમારી તથા હમારા ફરઝદોની કરીચ તેવી તમો કરશો એવી આશા રાખીએચ. રોજ ૨ જે માહ ૬ થો સને ૧૨૩૦ ઇઅજદેજરદી.[1] આ દસ્તાવેજ ઉપર શેઠ રતનજી ખરશેદજી કેરાંવાલા તથા તેવણુના દોસ્તો મલી ૧૧) જણાઓની સહીઓ છે.

એવણે જરથોસ્તીઓમા જાહેર વાઅજ કરવા માટે વાઅજો લખવા માડી હતી પણ જીંદગીએ યારી ન આપવાથી એ કામ અધુરૂં રહી ગયુ હતુ. એ વીશેનુ તા૦ ૨૭ મી અકટોબર ૧૮૬૦ ના "મુંબઈ સમાચાર" મા નીચલુ લખાણ જોવામાં આવે છે —

"જરથોસ્તીઓમા વાએજી"

"હમારા શીઆના જરથોસ્તીઓને જણાવવાને અતી આનદ અને શતોશ ઉપજે છે કે આપણા જરથોસ્તીઓને તેવોના ધરમની સમજ આપવા અને તેવોને બેહતર દીન બેહ માજદીઅ-સના મારગ બતાવવા માટે આપણી દીનના નામીચા દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાનાએ વાએજી કરવાનો ઠેરાવ કરીઓ છે એ મજકુર દસ્તુરજીનો આજ લાબી મુદત થયાં વાયજી કરવાનો વીચાર હતો અને તે પાર પડેલો જોઇને હમોને ઘણી ખુશાલી ઉપજે છે. જરથોસ્તી ધરમના પેશવાઓની આયનદે ફરજ છે કે પોતાના ટોળાના લોકોને શરીએતનો ખરો મારગ બતાવે અને તે બતાવવા માટે આએ મજકુર દશતુરજીએ જે ઠેડાવ કરીઓ છે તે માટે તેવણુને મોટી શાબાશી ઘટે છે. એ મજકુર દસ્તુર કીયે દીને વાએજી કરનાર છે તે અમે બતાવવાને ભુલશું નહી."

તેમજ એવણુ જદ-ગુજરાતી તથા પહેલવી-ગુજરાતી શબ્દ કોષો બનાવવામા મશગુલ થયા હતા પણ એવણુની જીદગીની જોત ટુકમા બુજાઇ જવાથી એ મહાભારત કામ અધુરૂ રહી ગયું હતુ. પોતાની હેયાતીમાજ જો એ કામ સરનજામ ઉતર્યું હોત તો જદ અને પહેલવી સાહીત્યની એક કીમતી સેવા બજાવેલી કેહવાત.

આ મરહુમ વિદવાન દસ્તુરજી સાહેબે ૨૦) મોનાજાતો જોડી છે જે સઘલી પઢવાના દફતરોમાં છપાયલી છે. તેમજ મરહુમ શેઠો હોરમજી બહમનજી વહાડયાજી તથા ફરામજી કાવશજી બનાજીન આતશ બેહરામોની તારીફમાં લખેલી તખ્તીઓ એવણુની બનાવેલી "ગુલજારે નશીહત"ની ત્રીજી આવૃતીમાં છપાયલી છે. એ ઉપરાત કોટની શેઠ ખરશેદજી મનચેરજી લગડાની અને કોલાબાની શેઠ જીજીભાઇ દાદાભાઈની દરેમેહરોની તખ્તીઓ તથા શેઠ રતનજી ખરશેદજી કેરાવાળાના ખેતવાડીન બગલાની તખ્તી તથા બનાજીના ખાનદાનનો કસીદો વીગેરે કેટલાક નઝમરૂપી લખાણો કરી એક તબએજાદ શાએર તરીકે પારસી કોમમાં પોતાનુ નામ અમર કરી ગયા છે. તેમજ હવે પછીની ઓલાદો પણુ ઉપલાં લખાણો ઉપરથી એવણુ સાહેબને એક ઉંચી શકતીના નામીચા કવી તરીકે પીછાણી શકશે કબીસાની તકરારનો નીવેડો લાવવા માટે એવણે "તલુએ આફતાબ" નામનું દલદાર પુસ્તક લખી કહાડ્યુ હતુ જે વગર છપાવે પડી રહયુ છે

એવણુ સાહેબ રોજ ૨૭ માહ ૧ સને ૧૨૩૧ યઝદજરદી, તા૦ ૨૦ મી અકતોબર ૧૮૬૧ ને દીને ૫૧) વરસ ૫) મહીના અને ૧૮) દીસની ઉમરે આએ ફાની દુન્યામાંથી પોતાનુ મુબારક

---

1 "જામે જમશેદ" તા૦ ૨૩ મી ફેબરૂઆરી ૧૮૬૧

કદમ ઉઠાવી "સરાએ જાવેદાની"માં હમેશની આસાએશ ભોગવવા ચાલી ગયા. એવણુ સાહેબના મરણથી મુંબઈની વિદ્વાન મંડલનો એક "ઝહલકાટ ભરેલો હીરો" ગુમ થઇ ગયો અને મરહુમ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનનો નુરી ચેરાગ બુજાઇ ગયો. દસ્તુરી ગાદી ઉપર આવવા પછી ફક્ત આઠ મહીનાની ટુંક મુદતમાંજ એવણુની ઝહલકતી કારકીરદીનો અંત આવી જવાથી મુંબઇ તથા દેસાવરના જરથોસ્તીઓ અને ખેશ કુટુંબીઓમાં અસંત દીલગીરી ફેલાઈ હતી. તા૦ ૨૨ મી અકટોબર ૧૮૬૧ના "જામે જમશેદ" મા લખવા મુજબ એવણુના ઉઠમણાની મીજલસમાં "જરથોસ્તીઓનો મોહટો જમાવ તે કીરીઆમાં ભાગ લેવાને સામેલ થયો હતો કે જેની સંખીઆ આસરે બે હજારની લાગતી હતી. મરહુમ દસ્તુરજીની લાએકી, તેવણુની કાબેલીઅત અને તેવણુના ઉમદા ગુણોને લીધે તેવણુના ઉઠીઆનામાં જે ભીડ થાઇ હતી તે તેવણુના બેહસ્તનશીન પીતા દસ્તુર એદલજી દારાબજીના ઉઠમણા કરતાં પણ મોહટી હતી.

એવણુના લગન પોતાના પીત્રાઇ કાકા મરહુમ એરવદ શાપુરજી ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાનાના દીકરી જીજીઆઈજી કેડે થયાં હતાં જેવણે પોતાના ખાવીંદને ૩) દીકરા અને ૨) દીકરીઓ મલી ૫) ફરજંદોની ભેટ કરી હતી જેઓમા દીકરા દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી અને દીકરી દીનબાઈ મુખ્ય હતાં. દીકરી દીનબાઇ પહેલાં દસ્તુરજીના પીત્રાઈ ભાઇ બેહરામજી ફરેદુનજી સાથ પરણુયા હતા અને વીધવા થવા પછી શેઠ ડોશાભાઇ બેહમનજી નાગપોરવાલા સાથ દાણ્ણા પાડી ગયાં હતાં એ દસ્તુરજીના બીજા મોહરદારથી જનમ પામેલા એકજ દીકરી જરબાઇ આકોવાલા શેઠ જમશેદજી પેશોતનજી દસ્તુર જામાસ્પ આશાના સાથ પરણુયા હતા એ શીવાએ કુકીબાઇ, બેમનજી અને જમશેદજી નામના ત્રણુ ફરજંદો નાંધલી ઉમરે ગુજરી ગયા હતાં. એવણુ સાહેબ પોતાના કાકા મરહુમ એરવદ માણેકજીના પાલક થાવાથી એવણુનુ નામ "દસ્તુર મીનોચેહર એરવદ માણેક" કરી જાહેર બણુતર કીરીઆઓમાં લેવાએ છે, હવે એવણુના અશો, કાબેલ, પરમાર્થી અને લોકપ્રીય દીકરા દસ્તુર દોક્તર જામાસ્પજી મીનોચેહરજીના જનમ ચરીત્ર ઉપર આવ્યે.

દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી–દોકતર ઓવ ફીલોસોફી–માસ્તર ઓવ આર્ટસ દોકતર ઓવ સીવીલ લોઝ (ઓક્ષન.)

જનમ–ફેરબદીની તાલીમ–શુરૂઆતની કેળવણી–જંદ પહેલવી વીગેરેનો અભ્યાસ–શુરૂઆતની કારકીરદી–દસ્તુર જામાસ્પજી એક ઉસ્તાદ તરીકે–"જરથોસ્તી ધર્મની ખુબી" ઉપર રીસાલો–તેની તપાસ માટે નેમાયલી કમીટી–વડા દસ્તુરનો ઓહ્દો–સીઆલોની ભેટ–"પારસી લો એસોસીએશન"ના મેમબર–કેતાબખાનાની દોકતર હોગે લીધેલી મુલાકાત–મુંબઇમાં વસ્તીની ગણુતરી–એના ફાયદા ઉપર દસ્તુર જામાસ્પજીનું ભાષાણુ–"જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડલી"–તેમાં વાંચેલા રીસાલાઓ–ચોકકસ સગાપણા વચ્ચે લગનની મનાઇ–"પારસી મેટરીમોન્યલ કોર્ટના દેલીગેટ"–દેલીગેટોના ગોહાઓની પહેલવી તખ્તીઓનું ઉકલાણુ–ઓનરેબલ મી૦ મેનનો લગનને લગતો ખરડો–જનાકારીને લગતો બંદોબસ્ત–દસ્તુરોના મત–"જેહ દેકન"–"તાઉમીનમાને" અને "ચાવિશાદ"ની જીકર–રૂવાનની પછવાડે

બાજ ધરી ચાલવા માટે ઉઠેલી તકરાર-રૂવાનને લોહડાંની ગાડીમાં લઈ જવા માટે દસ્તુરોનો અભીપ્રાય-"જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી"-"હુખ મઝદયશનનામ" અને "Le Museon"માં દસ્તુર જામાસ્પજીનુ લખાણ-જુદદીનોને સુદરેહ પેહરાવાની કીરીઆ-એ વીશે મુંબઈમા જાગેલી તકરાર-"પાશોખે નીરંગે ઝવીત દીનાન"-"ઓરીએનટલ કોનગ્રેસ" માટે લખી મોકલેલો રીસાલો-દરેમેહરો પરઠવાની કીરીઆ-એદન અને પંજાબના વડા દસ્તુરનો ઓધ્ધો-માનપત્રો અને સીઆલોની ભેટ-અનજુમનના આતશબેહરામ-તેને બરપા કરવાનો સબબ-તખ્તનશીન કરવાની કીરીઆ-દસ્તુરજીને મલેલું અસાધારણ મોહટું માન-સીઆલો અને માનપત્રો-રચેલાં ગ્રંથો તથા બીજાં લખાણો-ખેતાબો-વિદ્દવાન મંડલોના મેમબર ઠડવાનુ માન-યુરોપ તથા અમેરીકાના વિદ્દવાન મંડલમા દસ્તુરજીનો દરજ્જો અને વગવસીલો-યુરોપ્યન ઓલામાઓ સાથ કાગજપત્રોનો વેહવાર-કેતાબખાનાની ભેટ-વાઅજો-પરચુટણ બાબદો-મરણ-મોબદો અને બેહદીનોમા દસ્તુરજીનો દરજ્જો-મીજાજ અને ખાસ્યત-અનજુમનના આતશબેહરામ-એ દસ્તુરજીની મોહટી ઉમેદ-વર્તમાન પત્રોમાં થયલાં લખાણો-નુરાની દેખાવ-ફરઝ દો-"વફાત"-મરણ પછીના અગત્યના બનાવોની સંપુર્ણ નોધ વીગેરે.

મરહુમ દસ્તુરજી સાહેબ મીનોચેહરજી એદલજીના પહેલાં મોહરદાર જીણીઆઈજી તે મરહુમ એરવદ શાપુરજી ખુરશેદજી દસ્તુર જામાસ્પ આશાના દીકરીએ રોજ ૨૨ મો ગોવાદ યજદ માહ ૨ જો અરદીબેહસ્ત અમશાસપદ સને ૧૨૦૦ યઝદજરદી, તા૦ ૨૨ મી નવેમબર ૧૮૩૦ ઇસવી, વીક્રમાદીત સવત ૧૮૮૭ ના માગસર સુદ ૭) અને સોમવાર, શાહલીવાન શાકે ૧૭૫૨, તા૦ ૫ મી માહે જમાદીઉલ આખર સને ૧૨૪૬ હીજરીને દીને રોશન તાલેના અને નુરાની ચેહરાના જે ફરઝદને મુંબઈમા જનમ આપ્યો હતો તે આએ જન્મ વૃતાંત સાથ સંબંધ ધરાવનાર મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજીનો હતો. એવણે પોતાના પીતા તથા બપાવા આગલ નાવર મરાતબનો અભ્યાસ કરી સવત ૧૮૯૯ ના રોજ ૨૯ માહ ૫ સને ૧૨૧૨ યઝદજરદી તા૦ ૨૪મી ફેબ્રુઆરી ૧૮૪૩ ઇસવીને દીને નવસારીની વડી દરેમેહરમાં-બાર વરસની નાધલી વયે-"હેરબદ"ની પદવી મેલવી હતી અને ચાર વરસ સુધી બરસનુમ કાયમ રાખી યોજદાથગીરીનો પેશો કર્યો હતો એવણે ગુજરાતીનો અભ્યાસ નાધલા ધોરણ ઉપર ચાલતી એક ગુજરાતી નીશાળમાં કર્યો હતો. એવણે જંદ અને પહેલવી ભાષાઓની તાલીમ શુરૂઆતમા પોતાના બાપ તથા બપાવા આગલ લીધી હતી, અને ઇ સ ૧૮૫૦ માં "સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇન્સતીતુશન"માં દાખલ થઇ સુરતવાલા મરહુમ દસ્તુર જમશેદજી બરજોરજીની ઉસ્તાદગીરી હેઠલ તે ભાષાઓનો અભ્યાસ આગલ વધાર્યો હતો ફારસી ભાષાનો અભ્યાસ એવણે પોતાના પીતા તેમજ ઇરાની શીઆવક્ષ બીન હોરમઝદયાર અને મુનશી મીરજા ઇસમાઈલ આગલ કર્યો હતો. એવણે ઇંગ્રેજી ભાષાનો અભ્યાસ રોબર્ટમની સ્કુલમાં કરવા માંડયો હતો પણ મીશનરીઓની ફુસલાવણીથી ઇ. સ ૧૮૩૯ માં ધનજીભાઇ નવરોજી અને હોરમજી પેશતનજી નામના પારસીના બે છોકરાઓ ખ્રીસ્તી ધર્મમાં વટલી જવાથી પારસીઓમાં મોહટી ચકચાર જાગી અને તે ઉપરથી ગભરાઇને એવણના બપાવા દસ્તુર એદલજી દારાબજીએ એવણને તે સ્કુલમાંથી ઉઠાડી મેલ્યા હતા. સંપ્રુવ

ઝબાનની તાલીમ એવણે એક પંડીતના હાથ હેઠલ લીધી હતી. એમ ઝંદ, પહેલવી, ફારસી અને સંસ્કૃત ઝબાનોની પુખ્ત તાલીમ લઇ પારસી ટોળામાં મુઠીભર ગણાતા "ઓરીએનટલ સ્કોલરો"માં મરહુમ દસ્તુર જામાસ્પજી પણ એક હતા.

જુદા જુદા શીક્ષાગુરૂઓના હાથ હેઠલ તાલીમ લઇ દસ્તુર જામાસ્પજીએ એક કાબેલ ઉસ્તાદ તરીકે પોતાની કારકીરદી શુરૂ કરી. "સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇનસ્તીત્યુશન"માં બાલકોને જંદ અવસ્તા પઢાવવા સારૂ એવણ પોતાના પીતાની જગા ઉપર કોઇ કોઇ વખત જતા હતા. પછવાડેથી એજ ખાતામા વિદ્યારથીઓને મજહબની તાલીમ આપવા માટે એક વર્ગ ઉઘાડ-વામાં આવ્યો જેમાં એવણે ઈ સ ૧૮૬૧ યાને પોતે વડા દસ્તુરના ઓધ્ધા ઉપર આવ્યા ત્યાં સુધી એક શીક્ષાગુરૂ તરીકે કામ કર્યું હતુ. એવોજ એક વર્ગ એવણે તા૦ ૧ લી અકટોબર ૧૮૫૯ ને દીને મરહુમ શેઠ નોશેરવાનજી મનચેરજી કામાજીની નીશાલમા પોતાની દેખરેખ હેઠલ ઉઘાડયો હતો, જે ઇ. સ ૧૮૬૧ સુધી ચાલુ રાખવામા આવ્યો હતો. ઈ સ. ૧૮૬૧ મા મજકુર નીશાલના ત્રસ્ટીઓ તરફથી "જરથોસ્તી ધર્મની ખુબી" એ વિષય ઉપર ઇનામનો રીસાલો માગવામાં આવ્યો હતો તેની તપાસ માટે નેમાંયલી કમીટીના એવણ પણ એક મેમબર હતા.

તા૦ ૨૨ મી અકટોબર ૧૮૬૧ ને દીને પોતાના મરહુમ પીતાના ઉઠમણાની મીજલસમાં એવણને તેવણની જગા ઉપર શહેનશાહી પંથના વડા દસ્તુર ઠેડવવામાં આવ્યા કે જે વખતે એવણને દસ્તુરી માનમા નીચે મુજબ ૧૪) મીઆલો હોરાડવામા આવી હતી —

૧—શેઠ માણેકજી મેહરવાનજી શેઠનાએ અથોરનાનોની સમસ્ત અનજુમન તરફથી.
૨—શેઠ રતનજી રૂસતમજી કેરાવાલાની કુપની તરફથી
૩—બહારકોટની શેઠ મનચેરજી બહમનજી શેઠનાની દરેમેહરના મોબદો તરફથી
૪—એજ લતાની શેઠ શાપુરજી સોહરાબજી કપાવાલાની દરેમેહરના મોબદો તરફથી
૫—બનાજી લીમજીની દરેમેહરના મોબદો તરફથી
૬—ગોદાવરીની દરેમેહરના મોબદો તરફથી.
૭—ધોબીતલાવની દરેમેહરના મોબદો તરફથી
૮—ગીરગામની વાડીવાલા જરથોસ્તીઓ તરફથી.
૯—નોબલ બાગની કુપની તરફથી
૧૦—દસ્તુરજીની કુપનીના મોબદો તરફથી.
૧૧—સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી જામાસ્પ આશાના તરફથી
૧૨—શેઠો નવરોજી તથા કાવશજી દોરાબજી પાઉંવાલાના છોકરાઓ તરફથી.
૧૩—શેઠ સોહરાબજી ખુરશેદજી પાઉંવાલા તરફથી
૧૪—શેઠ દોરાબજી ખુરશેદજી કોહલા તરફથી.

મરહુમ. શેઠ માણેકજી મેહરવાનજી શેઠનાએ અથોરનાનોની સમસ્ત અનજુમન તરફથી સીરપાવ હોરાવવા પહેલા નીચલો અનજુમન પત્ર વાંચી સંભળાવ્યો હતો—

"દસ્તુર જામાસ્પજી દસ્તુર મીનોચેહરજી દસ્તુર જામાસ્પ આશાના. જોગ અમો અથોરનાનની સમસ્ત અનજુમને તમારા મુરબ્બીજી મરહુમ દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પ આશાના. રોજ ૨૭ મો મીનો આસમાન માહા ૧ લો ફરવરદીન સને ૧૨૩૧ ને દીને જીનતનશીન થાએથા તેવણની જગાએ તમો સાહેબને તેવણના જાએનશીન ઠેડવ્યા છે, અને હમો અથોરનાનની સમસ્ત અનજુમનને માથે આજ દનથી તમારો દસ્તુરપણાનો હક હમોએ કબુલ રાખ્યો છે અને હમો મોબી નમનવાઈ સાથે આજે ૧ શીઆલ હમો અનજુમનની તરફથી તમારા દસ્તુરીપણાના દરજાને માન આપવાને નજર કરી છે તે કબુલ રાખશોજી. એજ અરજ રોજ ૨૮ મો માહા ૧ લો સને ૧૨૩૧ ઇઅજદેજરદી" (હયાં અથોરનાનોની શહીઓ છે)

હવે એવણ સાહેબની દસ્તુરી કારકીરદી સાથ સબંધ ધરાવનારી ધર્મી અને સંસારી બાબદોની નોંધો લેવી શુરૂ કરીએ.

એજ વરસમાં યાને ઇ. સ. ૧૮૬૧ મા એવણના પીતાના મરણથી ખાલી પરેલી જગા ઉપર એવણને " પારસી લૉ એસોસીએશન "ના એક અધીકારી ઠેરવવામા આવ્યા હતા.

મુંબઈ ઈલાકાના " દીરેકતર ઓવ પબલીક ઈન્સત્રકશન " ની ભલામણ ઉપરથી મરહુમ દોકતર માર્ટીન હોગ અને મરહુમ સરદાર દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસ્પ આશાના ઇ. સ ૧૮૬૩ ના ડીસેમબર માસમા પારસી ધર્મને લગતા જુના પુરાણા દફતરોની શોધખોલ કરવા માટે સરકારના ખરચથી ગુજરાત તરફ ગયા હતા અને ત્યાંથી મુંબઈ પાછા ફરવા પછી ઇ સ. ૧૮૬૪ ના મારચ માસમા તેઓએ દસ્તુર જામાસ્પજીને વડીલોથી વારસામા મલેલા કીમતી કેતાબખાનાની ભેટ લીધી હતી, જેમા ૫૦૦) વરસ ઉપરની લખેલી સંસકૃત તરજુમા સાથની ખુરદેહ અવસ્તા અને ૫૫૦) વરસની પહેલવી તરજુમા સાથની યઝશને અને પહેલવી શાહનામા વીગેરે કેટલીક નાયાબ કેતાબો જોઇ હતી.

મુંબઇ સરકારના હુકમથી તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૮૬૪ ને દીને મુંબઇની વસ્તીની ગણત્રી કરવામા આવી તેની એક દીવસ અગાઉ કેટલાક જરથોસ્તીઓએ વસ્તીની ગણત્રીથી થતા ફાયદાઓ ઉપર ભાષાણો કીધા હતા તેમા દસ્તુર જામાસ્પજીએ પણ માણેકજી શેઠની વાડીમા ૩॥ વાગે જરથોસ્તીઓ હજુર ભાષણ કરી સરકારને એ કામમા મદદ આપવાની ભલામણ કરી હતી.

તા૦ ૩૦ મી માર્ચ ૧૮૬૪ ને દીને મુંબઇમા " જરથોસ્તી દીનની ખોજ કરનારી મંડલી " સ્થાપવામા આવી તેના ઈ. સ ૧૮૭૫ થી તે પોતાની હૈયાતી સુધી સરનશીન ઠરયા હતા. એ મંડલીની બેઠકોમા એવણે ઇ સ ૧૮૭૫ મા " જુદી જુદી જાતના આતશો " અને " ગેયો મર્દ " અને ઇ સ ૧૮૭૬ મા " લાશની પુંઠે તમામ મીજલસ ઘર આગલથી થોડેક રસ્તે બાજ લીધા વીના જાએ છે તે વીશે " એ બાબદો ઉપર રીસાલાઓ વાચી તે ઉપર તકરારો ચલાવી હતી.

ઇ સ. ૧૮૬૫ મા " પારસી ધારા " અમલમા મેલવા અગાઉ મુંબઈ સરકારે " પારસી લૉ કમીશન " પાસે કયા કયા ખેશીઓ વચ્ચે લગન નહી થઈ શકે તેની એક યાદી તૈયાર કરાવી હતી અને એ કમીશન રૂબરૂ તા૦ ૨૫ મી જુલાઇ ૧૮૬૫ ને દીને મજકુર યાદી ઉપર દસ્તુર સાહેબોના મત માગયા હતા, જેમા દસ્તુર જામાસ્પજીએ " પારસી લૉ કમીશને " ઘડી કહાડેલી યાદી બધી રીતે પસંદ રાખી, પણ વડાભાઇની વીધવા ઓરત સાથ નાતરૂ કરવાની સામે એવણે પોતાનુ મત આપ્યુ હતુ.

તા૦ ૧ લી સપટેમબર ૧૮૬૫ ને દીને " પારસી ધારા " અમલમા આવ્યા અને લગન તલાકના મુકદમાઓ ચુકવવા માટે "પારસી ચીફ મેટરીમોન્યલ કોર્ટ" સ્થાપવામા આવી તેના તા૦ ૩૧ મી આગસ્ટ ૧૮૬૫ ને દીને સરકાર તરફથી નેમાયલા પહેલવેહલા દેલીગેટોમાં એવણ પણ એક હતા એ ઓધ્ધાનુ એવણે કામની રોકાણને લીધે ઈ સ ૧૮૭૪ મા રાજીનામુ આપ્યુ હતુ. એજ વરસમા મરહુમ દોકતર ભાઉદાજી કેનેરીના ગુફાઓમાની પહેલવી તખ્તીઓ ઉતારી લાવ્યો હતો તે તખ્તીઓને મરહુમ દસ્તુરજીએ ઉકલાવીને તેના ગુજરાતી તરજુમાઓ તા૦ ૩૧ મી જુલાઇ ૧૮૬૬ ના દર્તમાન પત્રોમા છપાવ્યા હતા જે માટે તેઓએ સારા મનો આપ્યા હતા.

ઈ. સ ૧૮૫૮ માં ઓનરેબલ મી૦ મેને કલકતાની બ્રહમો સમાજ પંથવાલાઓની માગણી ઉપરથી ગવરનર જનરલની કાઉનસીલમાં લગનને લગતો એક ખરડો રજુ કીધો જેની મુળ મતલબ એ હતી કે ખ્રીસ્તી શીવાએ કોઈબી કોમનો શખ્સ બીજી ખરડાની કે દબી સ્ત્રી સાથ પોતાના

ધર્મની ક્રીરીઆ વગર પરણે તો તેવાં લગન હકદાર ગણાય. આ ધારો પારસી કોમને ન લાગુ પાડવામાં આવે તે માટે વડી સરકારને અરજી કરવા માટે એક વગવાલી કમીટી નેમવામાં આવી હતી તેના એ દસ્તુરજી સાહેબ પણ એક મેમબર હતા.

ઇ. સ ૧૮૭૦ માં મુંબઇ સરકારે પસાર કરેલા ચેપી રોગના ધારાને અનુસરીને કેટલીક પારસણો જાહેરમાં વેસ્યાપણું ચલાવવા માટે સરટીફીકેટ લેવા નીકલવાથી પારસીઓમાં મોહટી તકરાર જાગી અને તે માટેનો બંદોબસ્ત કરવાં માટે પારસીઓની એક જાહેર સભા તા૦ ૩ જી જુલાઇ ૧૮૭૦ તે દીને આલબલેશ બાગમાં બોલાવવામાં આવી હતી જયાં થયલા ઠેડાવો ઉપર પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોએ બીજા દસ્તુરો ભેગુ એવણનું પણ મત લીધું હતું એ વીશે આપણા ધર્મનું ફરમાન શુ છે તે બતાવવા માટે એવણે "જેહરીકન" યાને "જનાકારીને તોડનાર" એવે નામનું એક ચોપાન્યુ તા૦ ૨ જી જુલાઈ ૧૮૭૦ ને દીને છપાવી બહાર પાડયું હતું.

તા૦ ૨૦ મી મેએ ૧૮૬૩ ને દીને મરહુમ દસ્તુર એરચજી સોહરાબજી મેહરજીરાણાએ રૂજગાર તથા ફરેસ્તાઓના આફ્રીનગાનમા "યાઓવિશાદ" પઢવાની સાબેતીમાં "તજકરતુલ મલાયક" નામનું એક ચોપાન્યુ છપાવી બહાર પાડયુ હતુ. આ ઉપરથી ભગરયા મોબદોમાં "યાઓ વિસાદ" અને "તાઓ હમીનમાન" પઢવાની બાબદમાં તકરાર જાગી અને એ બાબદો ઉપર એક બીજાઓની વીરૂધમા ચોપાન્યાંઓ છપાઇને બહાર પડયાં હતાં. એ તકરારનો નીવેડો લાવવા માટે મરહુમ શેઠ માણેકજી મેહરવાનજી શેઠનાએ કેટલાક જાણ-કાર ગૃહસ્થોની એક કમીટી ઠેડવી હતી કે તેઓ જેમ ઠેડવે તેમ બેહુ બાજુવાલાઓએ અમલ કરવો, પણ એ સુચના ઉપર કશો અમલ થયો નહી અને એ તકરાર ભગરયા મોબદોમાજ માહોમાહે ચાર પાચ વરસ સુધી ચાલી બંધ પડી હતી. ઉપલી કમીટી સાથ એ દસ્તુરજીએ કાગજપત્રોનો વેહવાર ચલાવ્યો હતો અને તેનો સંગ્રહ એવણે ઇ. સ. ૧૮૭૧ માં છપાવી બહાર પાડયો હતો આએ તકરારમાં મરહુમ દસ્તુર જામાસ્પજી સાહેબે પણ મોહટો ભાગ લીધો હતો અને મુકતાતના ફક્ત દશ દીવસો ઉપર રૂજગારના આફ્રીનગાનમાં "યાઓ વિસાદ"નો અને બાકીના દીવસો ઉપર રૂજગાર તથા બીજા આફ્રીનગાનોમાં "તાઓ હમીનમાને"નો કરદો પઢવાની તરફેણમા પોતાના વિચારો જાહેર કરવાથી એવણને ભગરયા મોબદો સાથ જુદાઇ ચાલી હતી અને તે માટે એવણને લાંબી મુદત સુધી ઘણુ ખમવું પડયુ હતુ

ઈ. સ ૧૮૭૬ મા રૂવાનની પાછલ બાજ ધરી મોબદની એક જોડ ચલાવવા પછી પોતે તથા તમામ મીજલસે ચાલવાનો એવણે રીવાજ પાડયો હતો. એ ઉપર જાહેરમાં ઘણી તકરાર ચાલી હતી.

ઈ સ. ૧૮૭૯ મા શેઠ જમશેદજી નોશેરવાનજી દાદીશેઠનાએ વરસાદના દીવસોમાં રૂવાનોને લઇ જવા માટે એક લોહડાંની ગાડી વેલાતથી બનાવીને પારસી પંચાયતના ત્રસ્ટીઓ ઉપર મોકલી હતી. એ વીશે પારસીઓમાં મોહટી ચકચાર થવાથી ત્રસ્ટી સાહેબોએ એ બાબે દસ્તુર સાહેબોના લેખીત ફતવાઓ માગયા હતા જેમાં એ દસ્તુરજીએ પણ બીજા દસ્તુરોને મલતો એવો ફતવો લખી આપ્યો હતો કે રૂવાનને લોહડાંની ગાડીમાં લઇ જવું દીનની શરતે વાજબી નથી.

ઇ. સ. ૧૮૮૦ માં ખેતવાડીના જરથોસ્તીઓએ એવણની રેહબરી હેઠલ "જરથોસ્તી ધર્મ અને ક્રીરીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી" ઉભી કરી તેના એવણ છેવટ સુધી સરનશીન અને ત્રસ્ટી હતા. એ મંડલી તરફથી એવણે ઘણાક ભાષણો આપ્યાં હતા અને મંડલીને સંગીન પાયા-ઉપર લાવી નીભાવવા માટે પોતાની ગીરેહનું નાણુ પણ ખરચ્યું હતુ.

ઇ. સ. ૧૮૮૪ ની શુરૂઆતથી "હખ મઝદયશન નામ" નામનુ એક અઠવાડીક પત્ર નીક-લવા માંડયું હતું તેમાં ધર્મ અને સંસારને લગતી બાબદો લખવામાં એવણનો મુખ્ય હાથ હતો. એ

પત્ર બે વરસ સુધી ચાલવા પછી " સત્ય મિત્ર " સાથ જોડાઈ ગયું હતું. તેમજ " Societe Des Science " અને " Athence oriental "નામના વિદ્વાન મંડલ તરફથી નીકલતાં " Le Meseon " નામના ત્રીમાસીક ચોપાન્યાંમાં પણ એવણ ઉપરાસાપરી લખાણો કરતા હતા એ શીવાય " રાહે રોશન " નામના માસીક ચોપાન્યામાં પણ એવણ ધર્મને લગતી બાબદો લખતા હતા.

ઈ. સ ૧૮૮૨ માં મુંબઇવાલા મરહુમ શેઠો ખુરશેદજી નોશેરવાનજી કામાજી તથા નવરોજી નશરવાનજી વહાડયાજીની આગેવાની હેઠલ કેટલાક દીનચુસ્ત જરથોસ્તીઓએ મજગામ ખાતે વસનારા પારસી બાપ અને જુદદીનમાથી અવતરેલા અને જરથોસ્તી રાહો રસમ મુજબ ચાલનારા પણ સુદરેહ કુસ્તી વગરના નવ જણાને આપણી દીનમા લેવા માટે એક ફંડ ઉભું કીધું હતું અને તેઓને રોજ ૧૧ માહ ૧૦ સને ૧૨૫૧ યઝદજરદી તા૦ ૨૬ મી જુન ૧૮૮૨ ને દીને માણેકજી શેઠની વાડીમાં સુદરેહ કુસ્તી પેહડાવી આપણી દીનમાં લીધા હતા તેની સઘલી આગેવાની એ દસ્તુરજી સાહેબે કરી હતી એ બાબદ ઉપર મુંબઇમાં મોહટી તકરાર જાગી હતી અને મરહુમ દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાએ " નીરંગે જવીત દીનાન " નામનું ચોપાન્યું છપાવ્યું હતું. એના રદ જવાબમાં એ દસ્તુરજીએ "પાસોખે નીરંગે જવીત દીનાન" નામનું ચોપાન્યું સપટેમબર ૧૮૮૩ માં છપાવી બહાર પાડયું હતુ.

હર સાલ યુરોપમાં જુદે જુદે ઠેકાણે ભરાતી " ઓરીએનટલ કોનગ્રેસ "માં બીરાજવા માટે એ દસ્તુરજીને ઇજન થતુ હતુ. ઈ. સ ૧૮૮૩ મા લીડન ખાતે ભરાયલી " ઓરીએનટલ કોનગ્રેસ "માં વંચાવવા માટે એવણે " મઝદ, " " અહુરમઝદ, " અને " અહુર " એ વિષય ઉપર એક રીસાલો લખી મોકલ્યો હતો, જે એ કોનગ્રેસના અહેવાલના પુસતકમા છપાઈ બહાર પડયો હતો.

એ દસ્તુરજી સાહેબના દસ્તુરી આસન ઉપર આવવા પછી એવણની આગેવાની અને ઉપરીપણા હેઠલ મુંબઇ તથા દેશાવરો ખાતે ઘણીક દરેમેહરો પરઠાઇ હતી. સૌથી પહેલવેહલી દરેમેહર જે એવણના ઉપરીપણા હેઠલ રોજ ૨૦ માહ ૪ સને ૧૨૩૪ યઝદજરદી તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૬૫ ને દીને પરઠાઈ હતી તે મુંબઇની તારદેવ આગલ શેઠ બેહરામજી કાવશજી બાટલીવાલાની આદરાનવાલી દરેમેહર હતી જેની કીરીઆ એ દસ્તુરજીની આગેવાની હેઠલ મીનોચેહર હોમજીના પંથવાલા મોબદોએ કરી હતી. બીજી દરેમેહર ગ્રાંટરોડપર આવેલી એરવદ શોહરાબજી હોરમજી રાનજીની હતી. એ દરેમેહર રોજ ૩ માહ ૮ સને ૧૨૩૭ યઝદજરદી તા૦ ૨૨ મી એપ્રીલ ૧૮૬૮ ને દીને પરઠી તેમાં આતશ આદરાનને તખ્તનશીન કીધા હતા ત્રીજી દરેમેહર ખેતવાડી મધે આવેલા કામાબાગની દરેમેહર હતી જેને રોજ ૧૭ માહ ૯ સને ૧૨૩૮ યઝદજરદી, તા૦ ૫ મી જુન ૧૮૬૯ ને દીને પરઠી તેમાં આતશ આદરાનને તખ્તનશીન કરવામાં આવ્યા હતા. જશનની કીરીઆ પુરી થાવા પછી એવણે " આતશનો કેબ્લો કરી બંદગી કીધાથી કેવી અસર થાય છે " એ ઉપર એક વાએજ કરી હતી તે પછીની દરેમેહર તે આકોલા મધે મરહુમ સરદાર ખાનબહાદુર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી જામાસ્પ આશાનાએ પોતાના માતુશ્રી બચીઆઇજીની નેયતે બંધાવેલી દરેમેહર હતી. એ દરેમેહર રોજ ૨૪ માહ ૨ સને ૧૨૩૯ યઝદજરદી તા૦ ૧૪ મી નવેમબર ૧૮૬૯ ને દીને પરઠવામાં આવી હતી દસ્તુરજીના ઉપરીપણા હેઠલ પરઠાએલી એ ચોથી દરેમેહર હતી એજ સાલમાં સુરતની પાસે આવેલાં ઇલાવ ગામમાં મુંબઈવાલા મરહુમ શેઠ જમશેદજી બરજોરજી મીસ્ત્રીએ આદરાનની એક દરેમેહર એવણના ઉપરીપણા હેઠલ રોજ ૭ માહ ૪ સને ૧૨૩૯ યઝદજરદી તા૦ ૨૭ મી દીસેમબર ૧૮૬૯ ને દીને પરઠાવી હતી. જશનની કીરીઆ પુરી થાવા પછી એવણે આતશના કેબલા ઉપર એક વાએજ કરી હતી અને ત્યાર પછી ઇલાવની

અનજુમન તથા તે ગામના પથકીઓ અને શેઠ જમશેદજી મીસ્ત્રી તરફથી એવણને બધી મલી ત્રણ સીઆલો-માનપત્રો સાથ હોરાડવામાં આવી હતી. એ વખતે એવણે ઇલાવના બાનુઓ અને ગૃહસ્થો સનમુખ "શુદરેહ કુશતીનુ પુરાતમપણુ અને તેનો ભેદ" અને "દરેમેહર બનાવાનુ કારણુ" એ વિષયો ઉપર એવણુ વાએજો કરી હતી એ પાચમી દરેમેહર પછીની છઠી દરેમેહર મજગામ ખતેની શેઠ બેહરામજી નોશેરવાનજી સીરવાઇવાલી દાદગાહની દરેમેહર હતી એની કીરીઆ એ દસ્તુરજીએ પોતાની આગેવાની હેઠલ રોજ ૧૫ માહ ૫ સને ૧૨૩૯ યઝદજરદી તા૦ ૩ જી ફેબ્રુઆરી ૧૮૭૦ ને દીને કરાવી હતી જે વેલાએ મરહુમ દસ્તુર પેશોતન બેહરામજી સંજાણા પણુ એ કીરીઆમા સામેલ થયા હતા સાતમી દરેમેહર એડન મધે ત્યાવાલા મરહુમ શેઠ કાવશજી દીનશાહ એદનવાલાએ બધાવેલી દરેમેહર હતી જેમા આતશ આદરાનને તખ્તનશીન કરવાની કીરીઆ એ દસ્તુરજીએ મોકલી આપેલા મોબદોએ એવણની સલાહ પરમાણે રોજ ૨૦ માહ ૧ સને ૧૨૫૩ યઝદજરદી તા૦ ૮ મો અકટોબર ૧૮૮૩ ને દીને કરી હતી તેમજ એ ગામમા આલાત કરવાનુ બીકટ કામ પણ એવણની આગેવાની અને સલાહ મુજબ કરવામા આવ્યુ હતુ. જશનની કીરીઆ પુરી થવા પછી એદનની અનજુમને એવણને પોતાના વડા દસ્તુર ઠેડવી સીઆલ આપવાનો અને એદનમા જ્યારથી જરથોસ્તીઓની વસ્તી થઈ ત્યારથી તે આજ સુધી દસ્તુરજીના વડીલો અને એવણ પોતે ધર્મની બાબદમા હમેશા મદદ કરતા હોવાથી તેના બદલામા એવણને એક "એદરેસ" આપવાનો ઠેડાવ કર્યો હતો તે મુજબ એદનની અનજુમનના સેકરેટરી શેઠ મનચેરજી રૂસતમજી ઢોલુ અને બીજા જરથોસ્તીઓનુ ડેપ્યુટેશન એવણને મુબઇને મકાને આવી તા૦ ૧૩ મી દીસેમબર ૧૮૮૩ ને દીને એવણને માનપત્ર આપી એક કીમતી સીઆલ હોરાડી હતી. એ માનપત્ર ગીલીટથી એમબોસ કીધેલી ચોપડીમા નીચે મુજબ છાપવામાં આવ્યુ છે –

"મેહરબાન માનવંત દસ્તુરજી સાહેબ દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના જોગ-શ્રી મુબઇ

માનવંત દસ્તુરજી સાહેબ,

જત-જયારથી બ્રીટીશ સરકારનુ રાજ્ય શ્રી એદન મધે થયુ અને અત્રે જરથોસ્તીઓ આવી વસવા લાગા ત્યારથી તમો સાહેબના વડાઓ તથા તમો અત્રેના જરથોસ્તીઓને ધર્મની બાબદમાં મદદ કરતા આવ્યા છો અને વલી હાલ અત્રેના માન પામેલા વડા અકાબર સખી શેઠ કાવશજી દીનશાહજી દરજીનાએ હમારી તરફ નવો આલાત નવા બરસનુમ અને આતશ અદારાન તખ્તનશીન કરાવ્યા તેમા વીશેશ કરીને નવો આલાત અને નવા બરસનુમ જેવું બીકટ કામ કે જે આજ સદીઓ થઈ નહી બનેલુ તે તમો સાહેબની કાબેલ્યત ભરેલી સલાહથી આજને મુબારક અને હમોને નોધી રાખવા જોગ દીવસે પુરૂ થયુ છે તેથી પાક પરવરદેગાર પાસે એવી દુઆ માગીએ છીએ કે તમારી અને તમારાં ફરજંદોની જીંદગી અને કીરતી વધો

દસ્તુરજી સાહેબ-તમો સાહેબે હમોને આ ઉપયોગી કામો કે જેઓની ગેરહાજરીમાં કેટલીએક અડચણો હમોને ખમવી પડની હતી તે ટળી છે તેવા ઉપયોગી કામો સરંજામ પહોચાડવામાં તમારી અતી ઉપયોગી મદદના બદલામા હમારી અનજુમન તરફથી વડા દસ્તુર તરીકેની આએ એક સીઆલ તમો સાહેબ કબુલ રાખશો એવી ઉમેદ રાખીએ છીએ એજ ચારજ

"રોજ ૨૦ મો બેહરામ માહ ૧ લો ફરવરદીન સને ૧૨૫૩ યઝદજરદી"

"હમો છીએ તમારા નેક દુઆગો"

(હયાં શેઠ કાવશજી દીનશાહ એદનવાલા, શેઠ દોરાબજી દીનશાહ એદનવાલા તથા એદનના બીજા જરથોસ્તીઓ મલી ૧૧૫ શકીઓ છે)

ઇ સ ૧૮૮૪ માં શ્રી વાહરા ખાતે શેઠ નોશેરવાનજી રતનજી તાતાએ બધાવેલી દરેમેહરમા આતશ આદરાનને રોજ ૨૦ માહ ૬ સને ૧૨૫૩ યઝદજરદી તા૦ ૬ થી માર્ચ ૧૮૮૪ ને દીને પરઠવામા આવ્યા તેના જશનની ક્રીઆ એવણે પોતે કરી હતી. ઇ. સ ૧૮૮૩ મા મુંબઇના વહાડયાજી સાહેબનાઆતશ બેહરામમા મોબદોના છોકરાઓને મરાતબ કરવાનો ઠેકાવ થાવાથી તે મકાનમા વસ્તા બગરયા મોબદો છુટા પડી ગયા હતા તેઓને ધોબીતલાવ તરફ એક દરેમેહર બાધી આપવામાં આવી હતી જેને પરઠવાની ક્રીઆ એ દસ્તુરજીએ પોતાના ઉપરીપણા હેઠલ રોજ ૮ માહ ૧૨ સને ૧૨૫૬ યઝદજરદી તા૦ ૨૧ મી આગસ્ટ ૧૮૮૭ ને દીને કરાવી હતી, જે વખતે એવણને અનજુમન તરફથી એક સીઆલ હોરાડી એ દરેમેહરના દસ્તુર ઠેડવવામા આવ્યા હતા એ નવી દરેમેહર તૈયાર થવા પહેલાં એક કામચલાઉ દરેમેહર ચરનીવાડી ખાતે શેઠ મેહરવાનજી ચીજગરના ઘરમા તૈયાર કરીને રોજ ૧ માહ ૧૦ સને ૧૨૫૩ યઝદજરદી તા૦ ૧૫ મી જુન ૧૮૮૪ ને દીને ભજવામા આવી હતી. ઈ. સ ૧૮૯૩ મા પંજાબની રાજધાણી લાહોર મધે શેઠ અરદેશર બેહરામજી લીબુવાલાએ પેહલવેહલી દરેમેહર બધાવી હતી તેને પરઠાવવા માટે એવણ સાહેબ લાહોર પધાર્યા હતા જ્યાના જરથોસ્તીઓ તરફથી એવણને મોહટો આવકાર મલ્યો હતો રેલવેનો પોલીસ સુપરીનટેનડન્ટ સત્તાવાલાઓના ખાસ હુકમથી એ દસ્તુરજીને રેવીદના સ્ટેશન સુધી એસ્તેકબાલ લેવા ગયો હતો. લાહોરના સ્ટેશનને વાવટાઓ અને તોરણોથી સણગારવામાં આવ્યુ હતુ અને પોલીસની ટુકડી હાજર રાખવામાં આવી હતી એ દરેમેહરને રોજ ૧૭ માહ ૧૧ સને ૧૨૬૨ યઝદજરદી તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૯૩ ને દીને એવણના ઉપરીપણા હેઠલ પરઠવામા આવી હતી. જશનની ક્રીઆ પુરી થાવા પછી શેઠ અરદેશરે એવણને એક સીઆલ હોરાડી દરેમેહરના દસ્તુર ઠેડવ્યા હતા. એજ વખતે પંજાબની અનજુમને પણ એવણને એક સીઆલ હોરાડી પંજાબના વડા દસ્તુર ઠેડવ્યા હતા તેમજ તા૦ ૧ લી ઓગસ્ટ ૧૮૯૩ ને દીને અનજુમન તરફથી એક ઝીઆફત અને નીચે મુજબનુ એક માનપત્ર એવણને આપવામા આવ્યુ હતુ —

"લાહોર તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૯૩"

"દસ્તુરજી સાહેબ ડોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના એમ. એ , પી એચ દી., દી સી. એલ.

સાહેબ,

પંજાબની જરથોસ્તી અનજુમનને તમો નેકનામ સાહેબના અત્રે પધારવાથી અતિશય ખુશાલી અને હરખ ઉપજયો છે. ખુશાલી એટલા માટે કે તમો સાહેબ લાંબી મુસાફરી કરી તનદરોસ્તી સાથે અતરે પધારયા તેની—હરખ એટલા માટે કે તમો જેવા નેક નામદારનુ આએ મુલકમા પહેલવહેલુ જ આગમન થયુ તેનો.

તમો નેકનામ અત્રે પધારવાથી હમો ઉપર જે ફરજ આવી પડી છે તે પુરેપુરી અદા કરવામા તમો નેકનામ કાંઇબી ખામી જુઓ તે ઉપર દરગુજર કરશો એવી ઉમેદ છે. સબબ કે એ અગતની અને જોખમ ભરેલી ફરજ બજાવવાનુ આએ કામ પહેલવહેલુ જ હમારા શીર ઉપર આવી પડેલુ છે પંજાબનો મુલક આપણા રાજ કરતા માતુશ્રીના હાથમા આવવાને આસરે ૪૪—૪૫ વરસ થવા આવ્યા છે, અને એટલા અરસામા એવણનુ પાયતખ્ત જે હાલ લાહોર ગણવામાં આવે છે, તે સુધારા, કેળવણી અને વધારામા અંગ્રેજી અમલદારીના શેહરોથી ઘણુ આગલ વધ્યું છે અને હજુરબી ઘણુજ વધતુ જશે એવા ચો તરફથી ચીન્હો માલમ પડે છે.

જ્યાં આપણા રાજકર્તા અંગ્રેજોનું રાજ થાયું, જ્યા એઓનો પગપેસારો થયલો જોયો કે ઘણુ કરીને આપણા જરથોસ્તીઓ વેપાર સબધી તેઓની પછવાડે લાગુ પડેલાજ છે, તેમજ ઘેરબાર

કરી બેઠેનાજ છે અને પોતાનો બોહલો વેપાર વગર હરકતે અને વગર દેહશતે ચલાવી શકે છે એ પ્રતાપ એ રાજકર્તાનુ છુટાપણુ બક્ષવાના તથા ઈનસાફ આપવાની રેહેમદીલીની બક્ષેસથી છે.

પ્રથમ અંગ્રેજો લાહોરમાં આવ્યા પછે જરથોસ્તીઓની ફકત કુલ ૩ યા ૪ દુકાનો હતી, તેમજ આગલી ઉપર ગણાએ એટલા જરથોસ્તીઓ હતા, પણ જ્યા.થી રેલવેઓ શરૂ થઈ, મોટાં મોટાં કારખાનાઓ બધાતા ચાલ્યા અને જેમ જેમ રેલવે ફેલાતી ચાલી તેમ તેમ જરથોસ્તીઓ વધવા લાગા, અને આજ ૧૨–૧૪ વરસ પછેથી એઓની સખ્યામાં વધારો થતો ચાલ્યો તેમજ લાહોરના કારખાનાના ઓધેદારો અગ્રેજોની મેહરબાનીથી અને ઉદાર દીલથી જરથોસ્તીઓને પોતાના બરોબરીઆ ગણવા લાગા અને સારા ઓધ્ધાઓ આપવા લાગા છે, ત્યારથી જરથોસ્તીઓ દુરદેરથી નોકરી શોધવાને અતરે આવે છે અને કેહવાને ખુશી છીએ કે તેઓ નોકરી મેલવવામાં ફ્તેહ પામે છે કોઈજ બીચારા બેનસીબનાઓજ નાઉમેદ થાઇ પાછા ફરતા હશે, અને એ રેલવેઓના પ્રતાપથી લાહોરમા જરથોસ્તી વસ્તી વધી છે અને હાલ આસરે ૩૦–૩૫ ધરોની વસ્તી ગણવામાં આવેછે અને કદાચ હજુરબી વધે એમા શક નથી, તેમજ આખા પજાબમાથી પોતાના જુદા જુદા ધધાસર જરથોસ્તીઓ આવતા જાએ.છે અને "ઠેકા" (કનત્રાકતો) તથા બીજુ કામ માથે લીએ છે તેથી વસ્તી વધી છે એ વાસ્તે અત્રે એક ધર્મ ક્રીઆ કરવાને માટે દરેમેહરની ઘણીજ અતીશય ખુટ હતી અને એવુ એક મુકામ નહી હોવાથી અતરેના જરથોસ્તીઓને ઘણીજ અડચણ ખમવી પડતી હતી. એ જરૂરની ખુટ પુરી પાડવાને તમો નેકનામ જાણોછો તેમ અત્રેના સાહસીક વેપારી શેઠ અરદેશર બેહરામજી લીબુવાલા કુપરની સખાવતથી તેઓએ પોતાના બેહસ્તનશીન ઘણીઆણી બાઈ આવાં બાઈના હક થવા અગાઉના લાબા વખતની જીજ્ઞાસા મુજબ અને તેજણના હમેશના પુન અને યાદગારી વાસ્તે આએ દરેમેહર પજાબના કુલ જરથોસ્તીઓની ધર્મ ક્રીઆ કરવાને વાસ્તે ખુલ્લી મુકવામાં આવી છે તેના શુક્રાના બજાવીએ છીએ અને એ સખી શેઠનો પંજાબના જરથોસ્તીઓ ઉપર મોહટો ઉપકાર થએલો ગણવામાં આવે છે તેમજ તમો જેવા નેકનામ સાહેબના હાથથી એ ધર્મની ક્રીઆ થઈ છે, એ મોટી વાખવાખીની વાત છે અને જરૂર કરી તમો નેકનામે ઘણીજ અડચણ ખમી તમારૂ બીજુ અમુલ્ય કામ છોડી આટલી મુસાફરીની રજ ખેચી હમારી અત્રેની ઘણી નાધલી વસ્તી ઉપર મેહરમાની કીધી છે તેથી હમારા દીલો ખુશાલીથી ભરપુર થયાં છે, અને એ વાસ્તે હમો સરવે તમો નેક નામવરનો મોટો ઉપકાર માનીએ છીએ.

પજાબ એક ઘણો પુરાતન મુલક છે અને એ મુલક આપણા કેઆની પાદશાહી જમાનામાં સારો વખણાઇ ગએલો છે, જેની શહાદત આપણા જદ અવસ્તામાં, શાહનામામાં, બોસ્તાનમાં અને બીજી પુરાતન કેતાબોમાનુ લખાણ છે, એટલુજ નહી, પણ આપણા કેઆનીઓની જાહોજલાલીની વખતે આએ શેહર મધે આપણા તે વખતના ઇરાનીઓએ એ જમીન ઉપર પથારી કરી હતી અને ખુદી માર્યુ હતુ અને ઘણો વખત સુધી તે વખતના ઇરાનીઓ ઘરબાર કરી ગયા હતા તેથી એ પજાબનો મુલક અગ્રેજોના હાથમા આવ્યાની સેકડો વરસ અગાઉ આપણા પુરાતણ વખતના કેઆનીઓને સારી પેઠે માહીત હતો. એવા મુકલમા શેંકડો વરસ પછે હાલના જરથોસ્તીઓ આવી વસે એવો સ્વપનામાબી ખીઆલ ન હતો, પણ શુકર છે કે અંગ્રેજ સરકારના એ મુલકમાં પગલાં આવ્યાથી આપણને પોતાના ધધા અને રોજી અરથે અતરે આવવાને બની શક્યું છે તેનુ મુખ્ય કારણ એજ કે અગ્રેજી રાજ અને અગ્રેજો આપણી ઉપર સારી મેહરબાની રાખે છે, મદદ કરે છે, ચાહે છે, તેમજ જાન માલનો બચાવ કરે છે, અને આપણને એક ઘણીજ વફાદાર અને ખેરખાહ રૈયત ગણે છે, અને સર્વેના ધર્મો જાલવવાને અને પાલવાને બોહલી છુટ આપે છે તથા કોઈનાબી ધર્મ સબધી લાગણી દુખવવાની નેમ નહીજ હોવાથી રૈયતને મોટામાં મોટા ખરચો કરી પોતાના ધર્મના મકાનો ધમધોકાર બાંધવાને બની આવે છે તેથી એવીજ રાજનીતીની કીમત ઉપર આએ

દુર દેશમાં આપણે વાસ્તે શેઠ અરદેશર બેહરામજી લીબુવાલા કુપરે આએ દરેમેહર પોતાના સખી દસ્તથી ખરચ કરીને બંધાવી આપી છે તેથી એવણનુ પંજાબના જરથોસ્તીઓ ઉપર ઘણુજ મોહદું અને હમેશનુ હેશાન થયુ છે અને પુન હાંસલ કર્યું છે તેમજ તમો નામવર હમારા મોહટા ધરમગુરુ તરીકે આએ ધર્મના કામની કીરીઆમાં દુરવેરથી આવી સામેલ થયા તે બાબે હમો સર્વે તે પેદા કરનારની હજારો હજાર શુકરગુજારી કરીએ છીએ અને અંત:કરણથી, ચાહીએથ અને દુઆ માગીએથ કે તમો નામવરની કારકીરદી વધો, તમારો મરતબો ઇજ્જત આબરૂથી જલવાએલો રહો અને તમો નેક અશો દસ્તુરની જીંદગીમા વધારો થાઓ અને જ્યાં જાઓ ત્યાં નેકનામી હાંસલ કરો અને તમારા છોકરા બચ્ચાઓનુ અને કબીલાઓનુ સુખ જોવો, અને સદા આબાદાની ભોગવતા રહો અને તમારા વતનમાં પાછા સહીસલામત અને રૂડી તનદરૂસ્તી સાથે પોંહચો એવી હમો સર્વે જરથોસ્તીઓની દુઆ છે તે થાએ આમીન ? આમીન ? આમીન ?

આએ માનપત્ર અર્પણ કરયા પછી હમો એક છેલ્લી અરજ કરીએ છીએ કે પંજાબની જરથોસ્તી અનજુમન તમો દસ્તુરજી સાહેબને આએ સીઆલ તથા પર્સ હમારી તરફના માનની નીશાની તરીકે નજર કરીએ છીએ જે તમો સાહેબ હમો ઉપર ઉપકાર તરીકે કબુલ કરી લેશો એવી હમો સર્વેની ઉમેદ છે અને એ તમારા બાહાલ રાખવાથી તમો સાહેબના સદાના આભારી રહીશુ.

"લા૦ સેવકો."

(હયા શેઠો નશરવાનજી એદલજી બેકવાલા, એદલજી કાવશજી જશાવાલા, હીરજીબાઇ અરદેશર લીબુવાલા કુપર તથા બીજા જરથોસ્તીઓની મલી ૬૩) શહીઓ છે)

એવી રીતે પોતાની દસ્તુરી કારકીરદી દરમ્યાન દસમી દરેમેહર પોતાના ઉપરીપણા હેઠલ પરઠાવી અને પંજાબના વડા દસ્તુરનો માનવતો ઓધ્ધો ધારણ કરી એવણ સાહેબ મોહટા માન અને ઇજત સાથ મુંબઇ ખાતે પાછા ફર્યા લાહોરની દરેમેહર પછીની જે દરેમેહર પરઠાઈ હતી તે કોટની શેઠ મનચેરજી ખરશેદજી લંગડાની દરેમેહર હતી એ દરેમેહર ઘણી બીસમાર હાલતમા આવી પડવાથી મુંબઈવાલા શેઠ પેશતનજી નશરવાનજી ગોદીવાલાએ નવેસરથી બંધાવીને તેમા આતશ આદરાનને તખ્તનસીન કરવાની કીરીઆ રોજ ૧૦ માહ ૮ સને ૧૨૬૪ યઝદજરદી તા૦ ૨૩ મી એપ્રીલ ૧૮૯૫ ને દીને એ દસ્તુરજીના ઉપરીપણા હેઠલ કરાવી હતી એ વખતે એવણ સાહેબને મજકુર શેઠ તરફથી તથા એ દરેમેહરના મોબદો તરફથી મલી બે સીઆલો હોરાડવામા આવી હતી સુરત મધે માછલી પીટ આગલ દાકતર નશરવાનજી નવરોજી ખંબાતા તથા શેઠ શહેરયારજી જમશેદજી કાપડયાની આગેવાનીથી "બાગે પારસા" નામની આદરાનની એક દરેમેહર બાધવામા આવી હતી જેને પરઠવાની કીરીઆ રોજ ૧૭ માહ ૬ સને ૧૨૬૫ યઝદજરદી તા૦ ૨૯ મી ફેબ્રુઅરી ૧૮૯૬ ને દીને એવણની આગેવાની હેઠળ થઈ હતી કે જે વખતે અનજુમન તરફથી એવણને એક સીઆલ હોરાડી એ મકાનના વંશપરંપરા દસ્તુર ઠેડવવામાં આવ્યા હતા એ પ્રસંગે એ દસ્તુરજીએ સુરત ખાતે "પરહેજગારી," "કાંઇ પણ ચીજ નકામી પેદા થઇ નથી," "રવાનોની બાજ રોજગારની કીરીઆ તથા ભણતરો ચાલુ રાખવાની અગત," "માજદીઅસનાન બાનુઓની ફરજ" અને "આતશની બુલંદી" વીગેરે બાબદો ઉપર વાઅજો કરી હતી મુંબઈ મધે શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ એોરફ્નેજવાલી દરેમેહર રોજ ૩ માહ ૭ સને ૧૨૬૫ યઝદજરદી તા૦ ૧૬ મી માર્ચ ૧૮૯૬ ને દીને એવણની આગેવાની હેઠલ પરઠવામા આવી હતી ભરૂચમા ખરાસવાર મધે મરહુમ શેઠ નવરોજી કાવશજી નાલીએરવાલાના વીધવાએ બંધાવેલી દરેમેહર ઘણી પુરાણી થવાથી મરહુમ શેઠ શાપુરજી શોહરાબજી નાલીએરવાલાના વારસોએ ફરીથી બંધાવી હતી જે પરઠાવવા માટે એવણ સાહેબ ભ.ચ પધાર્યા હતા એ દરેમેહર એવણે પોતાના ઉપરીપણા હેઠળ રોજ ૨૩ માહ ૯ સને ૧૨૬૫ યઝદજરદી તા૦ ૪ થી જુન ૧૮૯૬ ને દીને પરઠાવી હતી. આ વખતે ભરૂચની પારસી

પંચાયતના ટ્રસ્ટીઓ તરફથી દસ્તુરજીને એક શીઆલ અને નીચે મુજબનુ એક માનપત્ર આપવામા આવ્યુ હતુ –

" મોહટા દરજ્જાના સદા સરફરાજ નેકનામ દસ્તુરજી સાહેબ દોકતર જામાસ્પજી મીનોચેહરજી દસ્તુર જામાસ્પ આશાના એમ એ ની સેવામા

જત–હમો નીચે સહી કરનારા તે શ્રી ભરૂચની પારસી પંચાયતના ટ્રસ્ટીઓ તમો સાહેબને હમારા કદીમ શહેરમાં મોહટી ખુશીથી આવકાર દીજીએ છીએ અને તમો સાહેબ જેવા અશો અને નેકબખ્ત નર હમારા શહેરમા પધારે તે માટે હમો ઘણા ખુશી અને મગરૂર છીએ તમો નામદારના જુના ખરા દોસ્ત બેહસ્તનશીન શેઠ શાપુરજી નાલીએરવાલાના વારસો સાથે જે પ્રીતી અને મોહબત રાખી છે અને તેના બદલામા જે નેક સલાહ અને રાહબરી બતાવો છો અને આ સુધર્મ મકાન બધાવવામાં અને તેને આરાસ્તેહ કરવામા જે કીમતી સલાહ તમો સાહેબે આપી હમારી અનજુમનને લાભ કીધો છે તે માટે આ ટકે તમો નામદારનો હમો નમનતાઈ સાથ ઉપકાર માનીએ છીએ.

વળી ચાર દહાડા સુધી જે ડહાપણ ભરેલી, દીલ ખેચનારી, સાચ્ચો રસ્તો દેખાડનારી અસરકારક વાએજો તમો સાહેબના કીમતી વખત અને અવકાશને ભોગે કીધી છે અને જે બોધ હમોને આપ્યો છે તે માટે પણ હમારી ઉપકારી લાગણી જાહેર કરીએ છીએ વલી તમો સાહેબના બુલંદ દરજ્જા, સાદા ખુશનુમા સ્વભાવ, ભલાઇ અને નેકીના સદગુણો સારૂ હમો ઘણુ માન ધરાવીએ છીએ અને તે દર્શાવવા આ પ્રસગે આ માનપત્ર તથા એક કાશમીરી સીઆલ તમો નામદારની હજુર નમનતાઈ સાથે રજુ કરીએ છીએ તે કબુલ રાખી હમારી અનજુમનને માન તથા શોભા આપશોજી

છેવટે તમો સાહેબને ખુશી ખુર્રમી, તનદરસ્તી, તથા ઉમરની દરાઝી ઇચ્છી તમારા સ્વધામ સુખરૂપ હસી ખુશીથી દોસ્ત આસનાઓ સાથે પાછા ફરો અને નેકીના અને ખુબીના કામો હમેશા કરતા રહો એવી દુઆ તમો સાહેબના હકમા ગુજારી આ માનપત્ર ખતમ કરીએ છીએ

" લા૦ સેવકો. "

(હયા ભરૂચની પારસી પંચાયતના ટ્રસ્ટીઓ શેઠો ધનજીશાહ મેહરવાનજી દોકતર, નશરવાનજી રૂસતમજી પટેલ, મનચેરશાહ બહમનશાહ મારસન, દીનશાહજી ફરાંમજી તથા આદરજી મનચેરજી દલાલની સહીઓ છે)

પોતાના મ જુની થોડુ ક અગાઉ સૌથી છેલ્લી દરેમેહર જે એ દસ્તુરજીએ પોતાની દેખરેખ હેઠલ પરઠાવી હતી તે સુરતની સૈદ પુરાવાની દરેમેહર હતી જે રોજ ૯ માહ ૯ સને ૧૨૬૬ યઝદજરદી તા૦ ૨૧ મી મેએ ૧૮૯૭ ને દીને,ઇજી ખુલ્લી મુકવામા આવી હતી. એ વખતે દસ્તુરજીએ " પૈસાદારોએ ધરમ તથા સખાવતના કામો કરવાની અગત " ઉપર એક વાઅજ કહી સંભલાવી હતી જે પુરી થવા પછી દરેમેહરના બધાવનાર શેઠ જીવણજી જામારપજી મીસ્ત્રી તરફથી એવણને એક સીઆલ હોડાવવામાં આવી હતી

એ મુજબ મુંબઇ તથા દેશાવરોમા બધી મલી ૧૫) દરેમેહરો એ દસ્તુરજી સાહેબે પોતાના મુબારક હાથે પરણાવી એ પાક મકાનો સાથ પોતાનુ નામ યાદગાર રાખી ગયા છે.

ઇ સ. ૧૮૯૫ ના દીસેમબ માસમા રાજકોટના દુખમાનો તાણો પુરવાની કીરીઆ કરાવા માટે એવણ સાહેબ રાજકોટ ખાતે પધાર્યા હતા. આ વખતે જાત તથા પરજાતના ઘણાક આગેવાન ગૃહસ્થોનો મોહટો મેલવડો સ્ટેશનના પલાટ ફોરમ ઉપર થયો હતો હાજર રહેલાઓમા સ્ટેટ કારભારી દીવાન મોતીચંદ તુલસી, મી૦ બ જોરજી નવરોજી આગા, મી૦ કુવરજી [illegible], મી૦ ડેરાબા [illegible] સી. એસ આઇ. રાવબહાદુર ગોકુળજી ઝુરભાઇ, ખાનબહાદુર આદરજી [illegible] દસ્તુરી અને મી૦ [illegible] વીગેરે ઘણાક ગૃહસ્થ હતા. એવણ સાહેબની

સાથે સર્વેની અરસપરસ મુલાકાત થાવા પછે ચાર ઘોડાની દીવાનની ગાડીમા પુર ઠાઠથી શહેરમા લઇ જવામા આવ્યા હતા અને દીવાન સાહેબના "વલા ઉતારા" નામના મેહલમા ઉતારો આપવામા આવ્યો હતો. રોજ ૧૪ માહ ૪ સને ૧૨૬૫ યઝદજરદી તા૦ ૨૮ મી ડીસેમબર ૧૮૯૫ ને દીને દુખમાનો તાણો પુરવાની ક્રીઆ જરથોસ્તીઓના મોહટા મેલાવડા દસ્તુર એવણ સાહેબની આગેવાની હેઠલ કરાવામાં આવી હતી એજ દીને સાંજે એવણે જરથોસ્તી બાનુઓ તથા ગૃહસ્થો સનમુખ "દુખમા" ઉપર વાઅજ કરી હતી જે પુરી થાવા પછી રાજકોટની અનજુમન તરફથી એવણને એક કીમતી સીઆલ હોરાડવા સાથ માનપત્ર તથા પર્સ એનાયત કરવામા આવ્યા હતા એ દુખમાને પરઠવાની કીરીઆ એવણ સાહેબનાજ ઉપરીપણા હેઠલ થાત હતે પણ કમનસીબે મરકીની આફતને લીધે ત્રણ વરસ સુધી મુલતવી રાખવી પડી હતી અને ત્યાર પછી એ દસ્તુરજીની જીંદગીની જોત બુજાઇ જવાથી એ કીરીઆ એવણના જાએનશીન દસ્તુર કએખુશરૂએ રોજ ૧૨ માહ ૪ સને ૧૨૭૦ યઝદજરદી તા૦ ૨૫ મી દીસેમબર ૧૯૦૦ ને દીને પોતાના ઉપરીપણા હેઠલ કરાવી હતી.

મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુટુંબમાં દસ્તુર જમશેદજી એદલજી, શેઠ ફરામજી કાવસજી બનાજી તથા બાઇઓએ મુંબઇ ખાતે બંધાવેલા કદમી આતશબેહરામ સાહેબને પોતાના ઉપરીપણા હેઠલ ઘટતી કીરીઆઓ સાથ પરઠાવી તખ્તનશીન કરાવાને જેમ ભાગ્યશાલી થયા હતા તેમ આ મરહુમ દસ્તુરજી સાહેબ પણ કદમીઓના કામમા વડપણ ભોગવતા થયા હતા તે એવી રીતે કે મરહુમ દાદીશેઠના ધરમખાતાના મેનેજીંગ ટ્રસ્ટી શેઠ હીરજીભાઇ અરદેશર દાદીશેઠે રોજ ૧ માહ ૮ સને ૧૨૫૪ યઝદજરદી તા૦ ૧૯ મી એપ્રીલ ૧૮૮૫ ને દીને બહારકોટના દાદીશેઠના આતશબેહરામ તથા તેવણની દરેમેહરમા કામ કરનારા શહેનશાહી મોબેદોના એવણ સાહેબને દસ્તુર ઠેરવ્યા હતા તેમજ કોટની બનાજીની દરેમેહરના ટ્રસ્ટી સાહેબોએ એવણને રોજ ૩ માહ ૧ સને ૧૨૫૬ યઝદજરદી તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૮૬ ને દીને એ મકાનના દસ્તુર ઠેરવ્યા હતા કે જે વખતે ટ્રસ્ટી સાહેબો તરફથી તથા એ દરેમેહરના મોબેદો તરફથી મલી બે સીઆલો એવણ સાહેબને હોરાડવામા આવી હતી.

એ પછી વળી દસ્તુર જામાસ્પજી મુંબઈ મધે શહેનશાહી અનજુમનના આતશબેહરામ સાહેબને પોતાના દસ્તુરી ઉપરીપણા હેઠલ પરઠાવી તખ્તનશીન કરાવાને વધારે ભાગ્યશાલી થયા હતા. વધારે ભાગ્યશાલી એટલા માટે કે જ્યારે મરહુમ દસ્તુર જમશેદજી એદલજી મજકુર કદમી આતશબેહરામને પરઠવાની કીરીઆ કરાવી અગ્રગ થયા હતા ત્યારે મરહુમ દસ્તુર જામાસ્પજી તો અનજુમનના આતશબેહરામના વડા દસ્તુર ઠરવાનું માન પામ્યા હતા આ નવા આતશબેહરામને બરપા કરવાની હીલચાલ ઇ સ ૧૮૮૪ થી શુરૂ થઇ હતી અને તેનું મુખ્ય કારણ નવસારીની વડી દરેમેહરનું ઝમાને કદીમથી ચાલતું આવેલું વડપણ અને વહાડયાજીના આતશબેહરામમાથી છુટા પડેલા બગરયા મોબદોના પંથકો સાચવવાનું હતું આ કામ પાર પાડવા માટ આગેવાન અથોરનાન ગૃહસ્થોની એક કમીટી નેમવામા આવી હતી જેના એ દસ્તુરજી નાયબ સરનશીન ઠર્યા હતા અને એ નવા આતશબેહરામની કારસાજીમા, તેનું ફંડ ભરાવ માટ અને તેના કીરીઆ કામોમા સોથી આગેવાન ભાગ એવણ સાહેબે લીધો હતો અને તે માટેની સઘલી મેહનત, ઝેહમત અને રંજ એકલા એવણનીજ હતી એ આતશબેહરામના મકાનનો પાયો નાખવાની કીરીઆ રોજ ૮ માહ ૯ સને ૧૨૫૫ યઝદજરદી તા૦ ૨૩ મી મેએ ૧૮૮૬ ઇસ્વી, સંવત ૧૯૪૨ ના વૈશાખ વદ ૫) અને વાર રવેવને દીને સાંજના કલાક ૫) ને અમલે એવણને હાથે કરાવામા આવી હતી, જે વખતે એ પ્રસંગને માટે એવણે ખાસ રચેલી બે બંદગીઓમાની પાયો નાખવા આગમચની પહેલી બંદગી કરી હતી જેનો અર્થ નીચે મુજબ છે —

"અએ અહુરમઝદ ! બીજી પેદાયશો કરતાંને આગમથી તુને ત્રણ વખત નીમાજ હોજો ?

"ઓ ખજાનો રાખનાર, ખોરેહવાલા, સર્વેથી ચહડતે દરજજેના, સર્વોત્તમ, સર્વથી સોહામણા, ઘણીજ હીમત આપનાર, ઘણાજ અકકલમંદ, ઘણાજ સવાબકાર, અશોઇમા સર્વેથી શ્રેષ્ટ, ઘણાજ દહાપણવાલા, બોહલી ખુશાલી આપનાર, અશો દાદાર અહુરમઝદ! ઓ હમોને પેદા કરનાર, હમોને બનાવનાર, હમારૂ રક્ષણ કરનાર અને અતીશય વૃધ્ધી કરનાર મીનો! હમો બંદાઓ તુ સાહેબને અરજ ગુજારીએ છીએ કે, આ જગા ઉપર તારો મેહરબાની ભરેલો પ્યાર તથા આશીરવાદ વરસાવ, અને તારા પેદા કીધેલા સારી પાદશાહીવાલા તથા સારા દહાપણવાલા અમશાસપંદોનો તથા અશો યજદોનો તથા અશો ફરોહરોના આશીરવાદ આ જગા ઉપર હમેશા રાખ! ઓ અહુરમઝદથી પેદા થએલી, બોહલા વીસ્તારવાલી, પોહલી, ફળદ્રુપ, સપેન્ત આરમઇતી! અએ હમારી બરદાશ્ત કરનારી માતા! તુ આ જગાનુ પોષણ તથા રક્ષણ કર! ઓ આ તનોમંદ દુન્યાના કીરતીવાન યઝદ! આ તમામ પેદાયશના સરદાર, ઓ હમોને અહુરમઝદી રાહ રસમોનો દેખાડનાર પેગામબર અશો જરથુસ્ત્ર! આ જગા ઉપર તારા ફરોહરની દુઆ તથા ખુશનુદી હોજો! કે જેથી હયાથી તમામ દેવો તથા દેવીઓ દુર નહાસી જાએ, કે જેથી હયા ભલો, ખુબસરત, ફત્તેહમંદ અશો સરોશ યજદ મુકામ કરે, કે જેથી ભલી અરશીશવગનુ હયા રહેવુ થાય તથા ભલી અરશીશવંગ હયા રામશની બક્ષે! કે જેથી હયા હમારો પવીત્ર કેબલો જે અહુરમઝદનો બેટો આતશ છે તેનુ હયાં જાવેદાન સુધી રહેવુ થાય! હમો મઝદયશનીઓ આ જગા ઉપર જ્યારેબી સઘલા એકઠા મલીએ ત્યારે હમો દાદાર અહુરમઝદની અને તેના અમશાશપંદો અને યજદોની મેહરબાની પામીએ અને હમારા તન તથા રવાન આગલથી તમામ બદીઓ દુર રહે! આમીન"!! ઉપલી બંદગી પુરી થાવા પછી કમીટીના શેકરેટરી શેઠ શોહરાબજી રૂસતમજી બનશાએ પાયાના પથર અને ઈમારતના ત્રાંબાની તખ્તી ઉપર ગુજરાતી તથા ઈંગ્રેજીમા કોતરેલો લેખ નીચે મુજબ વાચી સંભલાવ્યો હતો.—

પાયાના પથર ઉપરનો લેખ —

પાક દાદાર અહુરમઝદની મદદથી

મુંબઇ મધે આએ શહેનશાહી જરથોશતી અનજુમનના આતશ કદેહના પાયાની સ્થાપના

દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના

એમ. એ, પી. એચ. દી.

એ ઓ એ

રોજ ૮ મો માહ ૯ મો શહેનશાહી, માહ ૧૦ મો કદમી

સને ૧૨૫૫ યઝદજરદી

મુતાબેક

તા૦ ૨૩ મી મે સને ૧૮૮૬ ઇસવી, અને સંવત ૧૯૪૨ ના વઇશાક વદ ૫, અને વાર રવેરૂને દીને કીધી છે.

દીનશાહ દોરાબજી મીસ્ત્રી–શીલ્પ શાસ્ત્રી

ઇમારતના ત્રાંબાની તખ્તી ઉપરનો લેખ —

પાક દાદાર અહુરમઝદની મદદથી

શહેનશાહી જરથોશતી અનજુમનના

આએ આતશ કદેહની ઇમારત

શ્રી નવસારીની વડી દરેમેહરને મંનતા ભગર સંથ અનજુમનના મોબદ સાહેબોને મુંબઇમાં એક દરેમેહર બાંધી આપવા–અને બને તો અનજુમનના આતશબેહરામ બાંધવા–સ્થાપન થયલી

કારોબાર મંડલીએ શ્રી મુંબઇ અને બીજા શેહેરોના જરથોસ્તીઓમાં ઉઘરાણુ કરી ઉભાં કીધેલાં ફંડમાંથી બંધાવી છે તેના પાયાની સ્થાપના

દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના,

એમ. એ., પીએચ દી,

એ ઓ એ

રોજ ૮ મો, માહ ૯ મો શહેનશાહી, માહ ૧૦ મો કદમી

સને ૧૨૫૫ યઝદજરદી, મુતાબેક તા૦ ૨૩ મી મે સને ૧૮૮૬ ઇસ્વી, સંવત ૧૯૪૨ ના વઇશાક વદ ૫ અને વાર રવેઉને દીને કીધી છે

નેક નામદાર મહારાણી વીકટોરીઆ

ગરેટબ્રીટન તથા આએરલાંડ તથા તેને લગતા સ્થાન તથા તાબેના મુલકોની રાણી અને કએસરે હિન્દના

૪૯ મા વરસમા

નામદાર મોહટે દરજ્જેના સર ફ્રેડરીક ટેમપલ હેમીલટન, ટેમપલ બલેકઉડ, અરલ ઓવ દફરીન, કે પી., જી મી. બી, જી. મી એમ જી, એફ આર. એસ, દી. મી એલ., જી. એમ એસ આઇ., હિંદુસ્તાનના રાજપ્રતીનીધી તથા

ગવરનર-જનરલ,

નામદાર લોરડ રે એલ એલ. દી., સી. આઇ. ઇ.,

મુંબઈના ગવરનર

કારોબાર મંડલીના અધીકારીઓ

શેઠ જાલભાઇ અરદેશર શેઠ–સરનશીન
„ પેશતનજી રૂસતમજી કાગા–નાયબ સરનશીન
„ ખરશેદજી માણેકજી શઠ } ખજાનચીઓ
„ દીનશાહ મનચેરજી પથકી }
„ ખરશેદજી નશરવાનજી સીરવાઇ } સેક્રેટરીઓ.
„ શોહરાબજી રૂસતમજી બનશાહ }

By the grace of Hormuzd the Creator

The foundation stone of this fire-temple for the shahansai Zoroastrian Community was laid by Dastur Dr Jamaspjee Minocherjee Jamasp Asana, M. A, Ph. D on the 8th day of the month of Adai of Shahansais, and month of Deh of Kadmis in the year 1255 of the era of Yezdejurd, Corresponding with Sunday the 23rd day of May 1886 A. C. and Vud 5th of Vaisakh of the Samvat Year 1942.

Dinshaw Dorabjee Mistry—Architect.

By the grace of Hormuzd the Creator

This Fire-Temple for the Shahansai Zoroastrian Community was erected by Subscriptions from the Zoroastrian Community of Bombay and other places raised by a Committee formed for the purpose

The foundation stone was laid by Dastur Dr Jamaspjee Minocherjee Jamasp Asana M A , Ph D on the 8th day of the 9th Month Shahansai and 10th Month Kadmee of the year 1255 of the era of Yezdejurd Corresponding with Sunday the 23rd day of May 1886 A C , and vud 5th of vaisakh of the Samvat year 1942, in the 49th year of the reign of Her most gracious majesty Victoria, Queen of the great Britain and Ireland and of the Colonies and dependencies thereof, Empress of India, H E the Right Hon Sir Frederick Temple Hamilton-Temple Blackwood, Earl of Dufferin K P , G C. B., G C M G , P C , F R S , D. C L , M S I., Viceroy and Governor General, H E the Right Hon. Lord Reay LL. D., C. I E., Governor and President in Council, Bombay.

Office-bearers of the Committee :—

Jalbhoy Ardeshir Sett Esq —President

Pestonjee Rustomjee Kanga Esq.-Vice President.

Cursetjee Maneckjee Sett Esq
Dinshaw Muncherjee Punthukee Esq. } Treasurers

Khurshedjee Nusserwanjee Servai
Sorabjee Rustomjee Bunsha } Secretaries.

Mr. Dinshaw Dorabjee Mistry-Architect

ઉપલા લેખો વચાઇ રહેવા પછી દસ્તુર જામાસ્પજીએ રૂપાની થાપી વડે પ્રથમ પાયામાં "સીમેન્ટ" નાખી પછી તે ઉપર પાયાનો પથર ગોઠવી નીચે મુજબની બીજી બદગી કરી પાયો નાખવાની કીરીઆ પુરી થયલી જાહેર કરી હતી —

"ઓ અશો અહુરમઝદ ! આ પથર જે હમો મઝદયસ્નાનીઓએ ધારેલા પવીત્ર મકાનમા પાયાને માટે હમણા મુકયો છે તે ઉપર તારા રેહમ ભરેલા આશીરવાદ તુ વરસાવ ! અને જેઓએ પોતાની પુજી આ કામના વધારા માટે ઇમાનદારીથી તુને અરપણ કીધી છે, તથા જેઓ હવે પછી કરે તે સઘળાના તન અને રવાનની પોશતપનાહી તુ કર ! તે સઘળાઓ સારૂ મુકામવાલા તથા રામશનીના મુકામવાલા થાય. ! આમીન " ! !

ત્યાર પછી ઉપલી થાપી એવણ સાહેબને ભેટ આપવામા આવી હતી પ્રથમમા ભગરયા મોબદોને ઠેકાણે પાડવા માટે એક દરેમેહર બાધવામા આવી જેને પરઠવાનો દહાડો વાર હમો આગલ જણાવી ગયા છીએ ત્યાર પછી આતશબેહરામનુ મકાન બાધવાનુ કામ હાથ ધરવામા આવ્યુ, પણ ફડમા પુરતુ નાણુ ન હોવાથી આ કામ કેટલીક મુદ્દત સુધી ખોરબે પડી રહયું હતુ પણ મરહુમ દસ્તુર જામાસ્પજીની ચાલુ મેહનત, અથાગ ઝેહમત અને તારીફલાયક ખતથી આ નેક કામ છેક ઈ સ ૧૮૯૭ મા પાર પડયુ એ નવા આતશબેહરામને પરઠવાની કીરીઆ મેએ ૧૮૯૬ થી તે અકટોબર ૧૮૯૭ સુધી એવણના ઉપરીપણા હેઠલ ચાલુ રહી અને પુરી કેબલાને રોજ ૩ જો

અરદીબેહસ્ત અમશાસપંદ માહ ૨ જો અરદીબેહસ્ત અમશાસપદ સને ૧૨૬૭ યઝદજરદી, તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૭ ઇસવી, સવંત ૧૯૫૩ ના આસો વદ ૬ અને વાર રવેઉને દીને સહવારના કલાક ૯ ને અમલે જરથોસ્તીઓના અસાધારણ મોહટા મેલાવડા હજુર મોહટી ધામ-ધુમથી તખ્તનશીન કરવામા આવ્યા, જેની પહેલી બોએ દસ્તુરજીના જાએનશીન દસ્તુર કએખુશ-રૂએ દીધી હતી જશનની કીરીઆ પુરી થાવા પછી દસ્તુર જામાસ્પજીને ખુશાલીના અવાજો વચ્ચે અનજુમન તરફથી એક સીઆલ હોરાડી તેવણુને અનજુમનના આતશબેહરામના વડા દસ્તુરે ઠેહવામા આવ્યા અને તેમના દીકરા દસ્તુર કએખુશરૂને પણ એક સીઆલ હોરાડી તેવણને નાયબ દસ્તુર નેમવામા આવ્યા એ વીશેનુ બ્યાન કરતા દખણ હેદરાબાદવાલા મરહુમ શાએર પેશોતન જમશેદજી મુનશી લખે છે કે —

ખુવદ બમબઈ બ દરે ખુબતર,
કે બેહુરે તેજારત બસી સુદ્રતહુર.
ગીરોહે શહેનશાહીએ બા વકાર,
દરા જાએ ચું ગુલશને નો બહાર.
બ સીમો ઝરે ખાસે ઝરથુસ્તીઆન,
બ હુકમે ખુદા બસતએ કુસ્તીઆન.
યકી મઅબદે ચુ બેહસ્તે બુલંદ,
બના કરદેહ બા આતશે નુરમદ.
ચે આતશ કે વખશુરે પાકીઝેહ કીશ,
બ ગુશ્તાસ્પ આવરદે બેનેહાદ પીશ.
બ યાદે ઇલાહી દીલ અફરૂખતન્દ,
કે સનદલ બ સદ શોકે દીલ સુખ તન્દ.
મહો રૂઝે અરદીબેહસ્તે સઅઇદ,
મુબારક તરો ખુશતર અઝ રૂઝે ઇદ.
દોસદ હફ્ત બરશશત બુદો હઝાર,
સને યઝદજરદ એબને શહે શહેરયાર.
ચું ઇં આતશે પાકો આતશ કદેહ,
મકદદસ બ ફાલે મુબારક સુદેહ.
સીપુરદન્દ ઇ બએતે પુર નુર રા,
મલક ખુએ જામાસ્પ દસ્તુર રા,
નેઆદશ કે જામાસ્પ આશા બુવદ,
મીનોચેહર રા પુરે દાના બુવદ.
અબરદીને ખુદ મોહકમો મોસ્તકીલ,
શબો રૂઝ દર યાદે હક મોસ્ત ગીલ.
ઝહી બહરે દાનેશ ઝહી કાને એલ્મ,
મુકદદર બ ઝાતશ ચે સબરો ચે હેલ્મ.
કે સીમાશ આસારે અજમત અયાન,
ચે હાજત અઇયાનરા બ અરજો બયાન.

પેશોતન કે જમશીદે ખુરશીદજી,
બ અફવે ગુનાહાન કે હક મુલતજી.
નવીસ્ત ઇ મસરરત ફેઝા દાસ્તાન,
કઝુ યાદ માનદ બ લહવે જેહાન.

અર્થ —

મુબઇ એક ખુબસુરત બદર છે અને વેપારને માટે ઘણુ વખણાએલુ છે દબદબાવાલા શાહેનશાહી પ થવાલાઓએ બરતેકુશત્યાન જરથોસ્તીઓના પૈસાથી અને ખુદાના હુકમથી તે જગોએ "ગુલ્શનોબહાર" નામના આતશ કદેહ અને બુલદ બેહશતના જેવુ નુરમદ આતશ સાથનુ ઇબાદત કરવાનુ મકાન બનાવ્યુ જે આતશ પાક મઝહબના પેગામબર સાહેબે પાદશાહ ગુસ્તાસ્પની હુઝુરમા લાવી મુકયો હતો. તમામ દીનદારોએ ખુદાની યાદ કરવા માટે પોતાનુ દીલ રોશન કીધુ અને ઘણા શોખથી તે ઉપર સુખડ બાલ્યુ શાહ યઝદજરદ બીન શહેરયારના ૧૨૬૭ ના સાલમા તહેવારના દીવસ કરતાબી વધારે મુબારક, ખુશી અને ખુશબખ્તીમર્યા અરદીબેહસ્ત મહીનાના અરદીબેહસ્ત રોજે જ્યારે આએ પાક આતશ અને આતશકદેહ મુબારક ફાલથી પાક થયુ ત્યારે આએ પુરરોશનીવાલા મકાનને દસ્તુર જામાસ્પને હવાલે કરવામા આવ્યુ તે જામાસ્પ આશાનાની ઓલાદથી ઉતરેલો છે અને મીનોચેહરનો દાનાવ દીકરો છે તે પોતાની દીન ઉપર ઓસ્તવાર અને મજબુત છે અને રાત દીન ખુદાની યાદમા મશગુલ રહે છે તે દાનાઇનો દરીઓ અને એલમનો ભડાર છે અને સ્વભાવે નરમાસ અને સબુરીવાલો છે. તેની પેશાની ઉપર બુઝોરગીની નીશાની ખુલ્લી જણાય છે. અને જે જાહેર છે તેનુ બ્યાન અને વર્ણન કરવાની શી જરૂર છે પેશોતન જમશેદજી ખુરશેદજી પોતાના ગુનાહની માફી માટે ખુદા આગલ અરજ કરે છે તેણે આએ ખુશી વધારનારૂ દાસ્તાન લખ્યુ કે જેથી તે દુન્યાની તખ્તી ઉપર યાદગાર રહે

એ પછી કમીટીના સરનશીન શેઠ જાલભાઇ અરદેશર શેઠનાએ આતશબેહરામના મકાનને ખુલ્લુ મુકેલુ જાહેર કીધા પછી અને સેકરેટરી શેઠ શોહરાબજી રૂસતમજી બનશાએ અનજુમન પત્ર વાચી રહેવા પછી દસ્તુર જામાસ્પજીએ નીચલા અસરકારક શબ્દોમા નવા કેબલાની બરકરારી, પારસી ટોળાની જાહોજલાલી અને બુલદ બ્રીટીશ રાજ્યની કાયમી અને આબાદાની માટે દુઆ માહી હતી —

"અનજુમનના સાહેબો-જત આજના મુબારક રોજે હમોને જણાવવાને બેહદ ખુશાલી ઉપજે છે કે આપણી આ સુદર મુબઇ નગરીમા સરનથી પહેલવેહલા જરથોસ્તી અનજુમનના આતશબેહરામના નુરી કેબલાને તેને લગતી સરવ પ્રકારની ઘટતી રીતની તરબયતથી કેટલાક નામાકીત ગ્રહસ્થોની ખત, ઉલટ અને મેહનતથી તખ્તનશીન કર્યો છે તે પોતાના તખ્ત ઉપર હમેશ સુધી બરકરાર રહો ? તથા જે બીજા નુરી કેબલાઓ આપણા વચ્ચે મોજુદ છે તેઓની સાથે આએ નુરી કેબલોબી હમેશે હમેશ સુધી કાયમ દાયમ રહો ! આપણા જરથોસ્તી ફીરકાની જાહોજલાલીમાં અને તેની ચઢતીમા દીન ઉગે વધારો થાઓ ! જે કાઈ મુશકેલી, આફત અને વીપતીઓ હોએ તે સરવે એના મુબારક સાહયાથી દફે થાઓ ! અને બીજા નુરી કેબલાઓ સાથ એ કેબલાનો નુરી સાહયો હમેશે હમેશ શુધી કાયમ રહો ' આ ટકે હમોને વધુ ખુશાલી એટલા માટે ઉપજે છે કે આ નુરી કેબલો આપણા બખ્તાવર અને માયાલુ માતુશ્રી મહારાણી વીકટોરીઆના પ્રતાપી અને અદલ રાજ્યના ૬૦) મા વરસની "દાયમડ જુબીલી"ના પહેલા વરસમા તખ્તનશીન કરવામા આવ્યો છે માટે એનો સાહયો એ નામદાર મહારાણીજી ઉપર, તેવણના પાદશાહી વશ ઉપર તથા બુલદ બ્રીટીશ પ્રજા અને ધજા ઉપર સદાકાળ સુધી કાયમ રહો ? તથા તેવણના પાદશાહી અએવાનમાંથી તેમજ તેવણના રાજ્યના બોહલા વીસતારવાલા ઉપરથી મરકી, દુકાળ, આફત, લડાઈ સરવે સહાના

નાબુદ થાઓ! અને તેની જગયાએ સરવે પ્રકારની આબાદી, સુખશાતી, સુલેહસંપજ પોતાના મુબારક કદમ પધરાવો! વળી આ ટકે પરવરદેગાર સાહેબની જનાબમાં આપણે દુઆ ગુજારીએ છીએ કે તે સાહેબ પોતાના એ નુરી કમલાના સાહયા મારફતે આપણા હિંદના નામદાર સરસુબા લોર્ડ એલગીન તથા મુંબઇના નામદાર રહેમદીલ હાકમ સાહેબ લોર્ડ સેનડરસ્ટ જેઓ આજ કેટલેક વખત થયો દુકાળ, મરકી, આફત અને બીજાં અનેક વીત્રનોમા રોકાયલા છે અને જેને દફે કરવાને તથા રૈયતમા સુખશાંતી અને આબાદી પાથરવાને અતી ઘણી ઝેહમત અને રંજ રાત દીવસ ખેચે છે તેઓની મહેનત સફલ થાઓ? અને તેઓ પોતાનો બાકીનો અમલ સુલેહ સંપજ, સુખશાતી અને આબાદીમા એ નુરી કેમલાના બુલંદ પ્રતાપથી ગુજારો! હમારી એ દુઆ સરવેને આમીન થાઓ!"

"છેવટે જે સદ ગૃહસ્થો તથા બાનુઓ શું અદના કે આલા એ આએ નેક કામમા પોતાનો હીસ્સો આપ્યો છે તથા જેઓએ દુર દેશાવરો ખાતેથી રંજ અને ઝેહમત ખેચી આ શુભ ક્રીઆમા હાજર રહેવાની તસ્દી ફરમાવી છે તેઓ સરવેનો મોહટા અહેસાન સહીત હમો ઉપકાર માનીએ છીએ."

એ પછી દસ્તુરજી સાહેબને અનજુમન તરફની સીઆવ મલી નીચે મુજબ ૬૦) સીઆલો હોરાડવામાં આવી હતી —

૧–અનજુમન તરફથી
૨–ના ॥ આતશબેહરામની કમીટી તરફથી
૩–પારસી પંચાયત ફંડના ટ્રસ્ટી સાહેબો તરફથી
૪–શેઠ જાલભાઇ અરદેશર શેઠના તરફથી
૫–શેઠ પેશતનજી રૂસતમજી કામા તરફથી
૬–શેઠ મનચેરજી બહમનજી પથકી તરફથી
૭–શેઠ રૂસતમજી ડાશાભાઇ શેઠના તરફથી
૮–શેઠ શાપુરજી સોહરાબજી નાવીએરવાલા તરફથી.
૯–શેઠ કાવશજી દીનશાહ એદનવાલા તરફથી.
૧૦–શેઠ દાદાભાઈ નશરવાનજી કનત્રાકટર તરફથી.
૧૧–સર દીનશાહ માણેકજી પીટીટ તરફથી
૧૨–બાઇ દીનબાઈ નશરવાનજી પીટીટ તરફથી.
૧૩–શેઠ રૂસતમજી નાહનાભાઇ બેહરામજી જીજીભાઈ તરફથી.
૧૪–શેઠ હીરજી અરદેશર દાદીશેઠ તરફથી
૧૫–સરદાર ખાનબહાદુર દસ્તુર હોશંગ જામાસ્પ તરફથી
૧૬–દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાના તરફથી
૧૭–દસ્તુર દારાબજી માકીઆરજી મેહરજીરાણા તરફથી
૧૮–નાયબ દસ્તુર એદલજી નવરોજી મેહરજીરાણા તરફથી.
૧૯–પોહચા દેશાઈ એદલજી બહમનજી તરફથી
૨૦–શેઠ દોરાબજી દીનશાહ એદનવાલા તરફથી
૨૧–શેઠ કાવરાજી ખુરશેદજી દુબાશ તરફથી
૨૨–શેઠ મેહરવાનજી એદલજી માડન તરફથી.
૨૩–શેઠ કાવશજી ભીખાજી ગારા તરફથી.
૨૪–બાઇ ડોશીબાઈ કાવશજી જેહાંગીરજી જસાવાલા તરફથી.

૨૫–શેઠ નશરવાનજી પેશતનજી તાડીવાલા તરફથી.
૨૬–શેઠ પેશતનજી નશરવાનજી ગોદીવાલા તરફથી.
૨૭–શેઠ બેહમનજી પેશતનજી બરડા તરફથી
૨૮–એરવદ હોરમજી માણેકજી સન્જાણા તરફથી.
૨૯–શેઠ મેહરવાનજી દાદાભાઇ કાતરક તરફથી.
૩૦–બાઈ કુંવરબાઇ એદલજી ઘોડી તરફથી
૩૧–શેઠ પેશતનજી દીનશાહ કાંગા તરફથી
૩૨–નવસારીની વડી દરેમેહરને તાબેના મોબદો તરફથી.
૩૩–નવા આતશબેહરામની દરેમેહરના મોબદો તરફથી.
૩૪–શેઠ માણેકજી શેઠનાની દરેમેહરના મોબદો તરફથી.
૩૫–એજ દરેમેહરના ટ્રસ્ટીઓ તરફથી
૩૬–શેઠ બનાજી લીમજીની દરેમેહરના મોબદો તરફથી
૩૭–એજ દરેમેહરના ટ્રસ્ટીઓ તરફથી
૩૮–શેઠ મનચેરજી ખરશેદજી લગડાની દરેમેહરના મોબદો તરફથી.
૩૯–શેઠ એજ દરેમેહરના ટ્રસ્ટીઓ તરફથી.
૪૦–દાદીશેઠની દરેમેહરના મોબદો તરફથી
૪૧–મીનોચેહર હોમજીના પંથવાલા મોબદો તરફથી.
૪૨–કામાબાગની દરેમેહરના ટ્રસ્ટીઓ તરફથી
૪૩–બજારગેટ સ્ટ્રીટના જરથોસ્તીઓ તરફથી
૪૪–બહારકોટના જરથોસ્તીઓ તરફથી,
૪૫–ખેતવાડીના જરથોસ્તીઓ તરફથી
૪૬–આપાબાગ ક્લબના મેમબરો તરફથી.
૪૭–જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી તરફથી.
૪૮––આસમાન રોઝની કુંપની તરફથી.
૪૯–જશન ગાહમબારની કુંપની તરફથી
૫૦–નવસારીની " બઝમે રૂઝે અહુરમઝદ " તરફથી
૫૧–ઉડવાડાની અનજુમન તરફથી.

(૫૨–૬૦) બાકીની નવ સીઆલો ઉપર આપનારા સાહેબોના નામની ચીઠીઓ ન હોવાથી તે કયા સાહેબો તરફથી થઇ છે તે કહેવાઈ શકાતુ નથી

ઉપર જણાવેલા સઘલાં ખાતાઓ અને મંડળો કરતા પારસીઓમાં જો સૌથી વધારે અગત્યનુ તથા મોહટા વગવાલુ ખાતુ ગણાતુ હોય તો તે મુંબઇની પારસી પંચાયત ફંડનુ ખાતુ છે અને એ ફંડના ટ્રસ્ટી સાહેબો હિંદુસ્તાનના તમામ જરથોસ્તીઓના આગેવાન, મોતેબર તથા દરજજેદાર પ્રતીનીધીઓ લેખાતા હોવાથી એઓ તરફથી દસ્તુરજીને હોરાડવામા આવેલી સીઆલથી એવણને મોહટામા મોહટું માન મલેલુ ગણાયુ હતુ આ વખતે પંચાયતના પ્રમુખ અને વડા ટ્રસ્ટી સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ લંડન પધારેલા હોવાથી અને જુના ટ્રસ્ટી સર દીનશાહ માણેકજી પીટીટ નાદુરસ્ત તબયતને લીધે ગેરહાજર હોવાથી ત્યાં હાજર રહેલા એક ટ્રસ્ટી શેઠ હોરમજી એદલજી આલબલેગે દસ્તુરજીને પંચાયત તરફથી સીઆલ હોરાડી હતી જે વખતે તેના સેક્રેટરી સનસુલ ઓલમા એરવદ જીવણજી જમશેદજી મોદીએ પંચાયત તરફથી નીચલો ખુલાસા પત્ર અનજુમનની હજુર વાંચી સંભલાવ્યો હતો.—

"પારસી પંચાયતનુ ખાતુ સ્થાપવાને આજે નજદીક ૭૪ વરસ થયાં છે. તે ખાતું સ્થાપવા પછી આજે શહેનશાહીનુ ત્રીજુ આતશબેહરામ તખ્તનશીન કરવામા આવ્યું છે એક શેઠ દાદાભાઇ નશરવાનજી મોદીવાળુ સુરતનુ આતશબેહરામ, બીજુ શેઠ હોરમજી બહમનજી વહાડયાજીનું મુંબઇનુ આતશબેહરામ અને ત્રીજુ આજ રોજે સ્થાપવામા આવેલું આતશબેહરામ ખોદાતાલાની યાદ માટેના એવાં ધરમના મકાનો ઉભાં કરનારા સાહેબોના ભલાં કામ તરફ કદરશનાસી દેખાડવા માટે પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ ઉપલા આતશબેહરામો અને કેટલાંક આતશ આદરાનો પરહાતી વખતે તેઓના જશનની ક્રીઆ વખતે તે મકાનો ઉભાં કરનારા સાહેબોને અને મુંબઇના શેઠ વહાડયાજી સાહેબના આતશ બેહરામ પરઠાતી વખતે આતશ બેહરામના દસ્તુરજી સાહેબ એદલજી દારાબજી રૂસ્તમજી સંજાણાને સીઆલો હોરાડી હતી તે મુજબ આજ રોજે તખ્તનશીન કરવામા આવેલા આતશબેહરામ સાહેબની સ્થાપના કરવામાં ભાગ લેનાર કારોબાર મંડળીના સરનશીન શેઠ જાલભાઇ અરદેશર શેઠનાને એક સીઆલ હોરાડવામા આવે છેજી, અને ઉપલી કારોબાર મંડળીએ દસ્તુરજી સાહેબ દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાને આ મકાનના દસ્તુરજી નેમ્યા છે માટે આ મકાનના દસ્તુરજી તરીકે એવણુ સાહેબને એક સીઆલ હોરાડવામા આવે છેજી"

દસ્તુર જામાસ્પજીને સઘળાઓ તરફથી સીઆલોની પહેરામણી થઇ રહેવા પછી એવણુના દીકરા દસ્તુર કએખુશરૂને નાયબ દસ્તુર ઠરાવાની મુબારકબાદીમા ૯) સીઆલો હોરાડવામાં આવી હતી જેની ટીપ એવણુના અહેવાલ મધે આપવામા આવી છે એજ દીને સાજના નવાં આતશ-બેહરામના મકાનમા જરથોસ્તીઓના મોહટા મેલાવડા હજુર દસ્તુરજીને નીચે મુજબના ૬)માનપત્રો જુદા જુદાં ખાતાઓ તરફથી એનાયત કરવામા આવ્યાં હતા —

૧ નવા આતશબેહરામની કમીટી તરફનુ માનપત્ર —

" મેહરબાને મન માનવત દસ્તુરાન દસ્તુરજી સાહેબ,

દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના, એમ. એ., પી. એચ. દી, દી સી. એલ. (ઓક્ષન) જોગ—

જત-તમો નામવર સાહેબે જરથોસ્તી અનજુમનના આતશબેહરામ સાહેબને આએ સુંદર નગરીમા સ્થાપવાને અને તેના દરેક કામને માટે અતી ઘણી ઝેહમત, મહેનત લઇ અને તમારા કીમતી વખતનો ભોગ આપી તે નેક કામને સરંજામ પાર ઉતારી આપવાને જે દીલસોઝી બતલાવી છે તે માટે આજના શુભ પ્રસંગે ઉપલા ફંડની કમીટી તમો સાહેબનો મોટો ઉપકાર માને છેજી

મેહરબાન સાહેબ, જરથોસ્તી ફીરકામા આએ તો વાત છુપી રહી નથી જે આએ સુંદર અને રળીઆમણુ મકાન બાંધવા પાછળ તેમજ આતશબેહરામ સાહેબને સ્થાપવાની ક્રીઆ પાછળ જે લાખોનો ખરચ થયો છે તે લાખો રૂપીઆ તમો સાહેબનીજ મેહેનતથી મેલવવાને તમો શકતીવાન થયા છો અને જો ધરમી દીલના સદગૃહસ્થોએ નાણુાની મદદ કીધી ન હતે તો આએ માથે ઉઠાવેલુ શુભ કામ કેટલુ પાછળ પડતે તે કહેવાઇ શકાતુ નથી ગાનવત સાહેબ, તમો નામવરની નેક મન-શની, ધીરજ અને કામ પાર પાડી આપવાનુ ખંતીલાપણુ, એ સરવે તમોને અતીશય માન ભરેલુ છેજી તમો સાહેબની લાયકાત ધરમ ઉપર એકીન અને સચ્ચાઇ વીષે આપણી જરથોસ્તી ફીરકાના લોકોની બેહદ પસંદગી હોવાથી જે જે ધરમાતુ સાહેબોએ પોતપોતાનો સખી હાથ લંબાવી તમારી દરખાસને માન આપી હમારી કમીટીને મદદ કીધી છે તે અમુલ્ય મદદથીજ આએ રળીઆમણુ મકાન જલદીથી પુરૂ કરી જરથોસ્તી આલમ માટે આજ દીને ખુલ્લુ મેલવાને હમારી કમીટી સામરથવાન થઇ છેજી, એટલુંજ નહી પણુ તમો સાહેબે જે તમારો અમુલ્ય વખત રોકી ક્રીઆકામ પાછળ જે ઘટતુ ધ્યાન આપ્યુ છે તે સરવે તમારી મેહનત અને દીલસોઝી માટે હમારી કમીટી એકવાર ફરીથી ઉપકાર માનવાની રજા લે છેજી. નેકનામ દસ્તુરજી સાહેબ, આએ તમારી મેહનત, દીલસોઝી

અને મેહરબાનીનો પુરતો બદલો હમો આપી શકતા નથી, મગર હમારી કમીટી તરફની એક નજીવી બક્ષેસ દાખલ એક સીઆલનો જોડો તથા એક પરસ તમો સાહેબ આગલ રજુ કરીએ છીએ અને ઉમેદ રાખીએ છીએ જે તમો સાહેબ કબુલ રાખશોજી છેવટે હમારી અંતઃકરણની દુઆ એ છે કે તમો સાહેબની જીંદગીમાં લાંબો ઉમેરો થાએ તથા જરથોસ્તી ટોળા ઉપર તમો સાહેબ લાંબો વખત દસ્તુરી ભોગવતા રહો આમીન" ! એ માનપત્ર ઉપર આતશબેહરામની કમીટીના સરનશીન શેઠ જાલભાઇ અરદેશર શેઠના તથા સેકરેટરી શેઠ શોહરાબજી રૂસતમજી બનશાહની શહીઓ છે અને તે રૂપાના શુંદર કાશકેટમાં મુકી રૂ ૧૦૦૧)ની પર્સ સાથ દસ્તુરજીને એનાયત કરવામા આવ્યું હતુ

૨–મુંબઈની જરથોસ્તી અનજુમન તરફનું માનપત્ર —

" નેકનામ દસ્તુરજી સાહેબ દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પઆશાના, એમ. એ., પી એચ દી, દી સી એલ મુંબઇ

નેકનામ સાહેબ,

જત–હમો નીચે શહી કરનારા મુંબઇના રહેનારા જરથોસ્તી બેહદીનો અને અથોરનાનો આ જોગવાઈએ મોહટી નમનતાઈ સાથે એવી અરજ કરીએ છીએ કે જરથોસ્તી દીન આઇનની સલામતીને ખાતર તથા જરથોસ્તી ટોળાના લોકોનો એકીન અને અસલી પવીતર રાહ રસમો અને કીરીઆઓ સાચવી રાખવાને ખાતર અને જરથોસ્તી લોકોની હરેક પાતીની ખેરખાહી ઇચ્છતા રહે-વાને ખાતર તેમજ હાલના અનજુમનના નવા આતશબેહરામ સાહેબનુ કામ બરપા કરવા સારૂ તથા તેના પવીતર કેબલાઇ તુરને આવતા અરદીબેહસ્ત માસ અને અરદીબેહસ્ત રોજ સને ૧૨૬૭ યઝદજરદી, તથા તા૦ ૧૭ મી અકટોબર સને ૧૮૯૭ ઇસવીને દીને તખ્તનશીન કરવાની સેનટની કીરીઆ કરવા કરાવવા સારૂ જે બેહદ ઝેહમત અને જનાલી ખરાં તનમનથી તમોએ લીધી છે, અને તમોને એ બુલંદ કેબલાના મકાનના મુતવલી તથા વડા દસ્તુરજી તરીકે મુકરર કરવામાં આવ્યા છે, તેના મોટા માન અને મોટી ખુશાલીની યાદગારી તરીકે આએ પતર સાથ એક સીઆલ તથા રૂ ૧૦૭૪॥ ની પરસ હમો તરફથી તમો સાહેબને નજર કરવામા આવી છે તે મેહરબાની કરીને કબુલ રાખજોજી

મુંબઈના શહેનશાહી પારસી ટોળાના મોટા માનવંત દસ્તુરનો મોબો તથા નવા આતશ-બેહરામ મધેનો એ તમારો માનવંત દરજ્જો ખુદ તમોએ તમારી લાયકી તથા ભલાઈ તથા દીનદારી તથા સાદાઇ તથા સફાઇ તથા પાકીજગી અને જાતી ઉદયોગ તથા અથાગ કોશેશોથી મેલવ્યો છે તે ઘણા ઘણા વરસ તુલીક ખુશી તથા તનદરૂસ્તી સાથે ભોગવતા રેહજોજી, અને તમારા વારેસ વકીલોનેબી તે પરવરદેગાર લાંબી હૈયાતી બક્ષે અને ખુદ તમારેજ પગલે ચાલવાની અને તમારીજ ખુબી અને નેકબખ્તી હાસલ કરવાની યારી આપે અને ખરા જસ, કસ, તથા નેકનામી સાથે રહીને તમારૂ તથા તમારા મરહુમ અસલ દસ્તુરજી જામાસ્પજી આશાજીનુ નામનીશાન અને કીરતી હવે પછીબી લાંબા ઝમાના સુધી નીભાવી રાખવાને નશીબવંતા થાએ એટલુજ ચાહીને આએ પતર સમાપત કરવાને ઘટતુ વીચારીએ છીએજી." "આમીન!"

હમોને માન છે

દસ્તુરજી સાહેબ,

તમારા આધીન શેવકો થવાને

(હમા સર દીનશાહજી માણેકજી પીટીટ, બારોનેટ, શેઠ કાવશજી દીનશાહ એદનવાલા, શેઠ જીજીભાઇ ફરામજી પીટીટ, શેઠ નશરવાનજી મેહરવાનજી પાંડે, શેઠ રતનજી શોહરાબજી તલાટી વીગેરે

મુબઇના શહેનશાહી તથા કદમી પથના આગેવાન બેહદીનો તથા અથોરનાનોની સખ્યાબધ શહીઓ છે અને આ માનપત્ર સુદર કાસકેટમા મુકી રૂ ૧૦૭૪ાા ની પરસ સાથ દસ્તુરજીને અર્પણ કરવામા આવ્યુ હતુ)

૩–મુબઇમાં વસનારા ભગરયા મોબદો તરફનુ માનપત્ર —

" પાક દાદાર અહુરમઝદની મદદ હોજો " !

" ખુદાઇ બક્ષેરાથી તમો સાહેબનો મરતબો આબાદ હોજો " !

નેકનામ મોહટા દરજજાના માનવતા દસ્તુરજી સાહેબ દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પઆશા,

એમ. એ, પી ઍચ દી, દી સી. ઍલ.

તે મુંબઇ મધેના જરથોસ્તી અનજુમનના આતશબેહરામ સાહેબના વડા દસ્તુરજી સાહેબ જોગ

માનવતા સાહેબ,

હમો નીચે શહી કરનારા નવસારીની વડી દરેમેહરના તાબેની અનજુમનને લગતા મુબઇ ખાતે વસનારા મોબદો જત આજના મુબારક સુભ દીવસની મોટી ખુશાલીમા જણાવવાની રજા લીએ છીએ કે મુબઇ મધે જરથોસ્તી અનજુમનના નવા આતશબેહરામ સ્થાપવા માટે એક માનવત કમીટી સ્થાપવામા આવી તે પછી એ મહાભારત કામ શુરૂ કરવા માટે રોજ ૮ મો માહ ૯ મો સને ૧૨૫૫ યઝદજરદીના સાલના તમો સાહેબના બખતાવર હાથે પાયો નખાયાથી એ મહા પુનવતુ કામ પાર ઉતારવા માટે તમો સાહેબે રાત દીન અતી દીલસોઝીથી ભારે મહેનત લઇને તરેહવાર હરકતો ખમ્યા પછી જાવેદાન સુધીનુ એ મહાભારત કામ આજના મુબારક દીવસે તે પાક દાદાર અહુરમઝદની મદદથી પાર પાડયુ છે તે માટે હમો ખરાજીગરથી તમો સાહેબને મુબારક બાદી અને શાબાશી આપ્યે છીએ આ તમારી મહાભારત સેવાને માટે હમો ઉપરજ નહી પણ સરવે દીનદાર જરથોસ્તીઓ ઉપર આ મોટુ પુનવતુ કામ પાર પાડવા માટે તમો સાહેબે સદાનો ઉપકાર કીધેલો હમો માનીએ છીએ

આએ અતી પુનવત અને સદાની યાદગારી રાખનારા મહાભારત કામમા જે દીનદાર અને સખી બાનુઓ અને ગૃહસ્થોએ પૈસા વીગેરેની મદદ કીધી છે તેઓનો આ ટકે ઉપકાર માનીએ છીએ તેમજ આ ભલા મહાભારત કામ પાર પાડવા માટે જે માનવંત કમીટીએ પોતાના તનમનથી મેહનત લઇને પોતે હાથ ધરેલુ પુનતુ કામ પાર પાડયું છે, તેઓનો મોહટો ઉપકાર માનીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આનુરી કેબલાનુ માન અને દરજજો હમેશાં સચવાએ

શેવટે હમો તે પાક દાદાર અહુરમઝદ પાસે હમારા અતઃકરણથી દોઆ માગીએ છીએ કે તે બક્ષશેશ કરનાર સાહેબ તમો સાહેબને અને તમારાં નેક ફરઝંદોને ખુશી, તનદરોસ્તી, ઉમરની દરાઝી, રઝકરોઝી અને ઇજત આબરૂમા હમેશ વધારો કરે

આ બાબદ સમાપ્ત કરતા હમો તમારા શેવકો તમો સાહેબે બજાવેલી યાદગારી ભરેલી સેવાના બદલામા હમારી તરફથી આએ એક સીઆલ અરપણ કરીએ છીએ તે કબુલ રાખવા હમે‌ા અરજ કરીએ છીએ આમીન ?"

" માનવત સાહેબ હમો છીએ તમારા શેવકો "

(હયા ડોશાભાઇ શોહરાબજી દસ્તુર મેહરજી રાણા, હોરમજી માણેકજી સજાણા, નશરવાનજી જમશેદજી દસ્તુર જામાસ્પ આશાના, માણેકજી ફરેદુનજી વાછા, માણેકજી આદરજી આદરાનવાલા, ખરશેદજી બેહરામજી શહીઆર વીગેરે બીજા મોબદો મલી ૧૫૦ થી વધુ શહીઓ છે.)

૪–"જરથોસ્તી ધર્મ અને ક્રીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી"

તરફનુ માનપત્ર—

"માનવંત દસ્તુરાન દસ્તુરજી સાહેબ,

દોક્તર જામાસ્પજી મીનોચેહરજી એમ એ, પી. એચ દી, દી સી એલ (ઓક્ષન) જોગ

મેહરબાન સાહેબ,

પંદર વરસની અથાગ મેહનત, કાળજી, ઇનતેજારી અને અનેક ન ધારેલી હરકતો વચ્ચે આપ મેહરબાન સાહેબે જરથોસ્તી અનજુમનના આતશબેહરામના આએ સુંદર, કુસાદેહ અને દબદબા ભરેલુ મકાન સંપુર્ણ રીતે પુરૂં કરી આપણા નુરી કેબલાને તખ્તનશીન કરવાનુ મોટુ માન જે આપે મેલવ્યુ છે તે માટે હમારી ઉપલી મંડલીના દરેક સભાસદો આપ સાહેબને અંતઃકરણથી મુબારકબાદી આપે છેજી, અને તે બારે હકતાલા કરીમે કારસાઝ ખાવીંદની દરગાહમાં એટલીજ દુઆ ગુજારે છે જે તે સર્વ શકતીવાન બાપ આપ મેહરબાનને તનદરોસ્તી ભરેલા રાખે અને લાંબી અને સુખી જીંદગી ભોગવી આએ નુરી કેબલાની મદદથી તમારા વહાલાઓનુ સુખ લાંબો વખત જુવા એ હમારી મંડલીના દરેક સભાસદોની અંતઃકરણની દુઆ આપ નામવર સાહેબને આમીન હોજોજી.

મેહરબાને મન દસ્તુરજી સાહેબ, હમારી મંડલીના માનવંત સરનશીન તરીકે સુરૂઆતથી તે આજ દીન સુધી જે દીલસોઝી આપે બતલાવી છે, જે જે કીમતી ધરમ સંબંધી ભાશણો અને સલાહો બીન સવારથે અને વગર હાસેલે આપી છે તેમજ ઘણી વખતે ખુદ ગાઠના નાણા ખરચીને જરથોસ્તી આલમની સેવા બજાવી છે અને બજાવતા જાઓ છો તે દીલસોઝીની કદરશનાસી કરવાને હમો અશકત છીએ મગર આએ સુભ પ્રસંગે હમારી મંડલી તરફની એક નજીવી ભેટ હમો આપ નામવર હજુર રજુ કરવાની નમનતાઇ સાથ અરજ ગુજારી તે મેહરબાનીની રાહે કબુલ રાખવાની હમો માનપુરવક અરજ કરીએ છીએજી

શેવટે આપ નામવર સાહેબની ફતેહમંદી ચાહી એક વાર ફરીથી દુઆ ગુજારીએ છીએ જે બેહરામયઝદ ફીરોઝગર આપ માનવંતને સલામતી ભર્યા રાખે અને તમારી દરેક નેક મુરાદો બરલાવે આમીન!"

"હમો છીએ, નામવર દસ્તુરજી સાહેબ, તમારા કમતરીન સેવકો,"

(હયા મંડલીના નાયબે સરનશીન શેઠ પેસતનજી રૂસતમજી કાગા તથા સેક્રેટરીઓ શેઠ રૂસતમજી ફરામજી વહાડયા તથા શેઠ શાપુરજી બેહરામજી કાતરકની શહીઓ છે)

૫–શેઠ બનાજી લીમજીની દરેમેહરના મોબદો તરફનુ માનપત્ર—

"અશો અહુરમઝદની મદદ હોજો"

"નેક નામ મુશફક મેહરબાન, આલીશાન નામવર દસ્તુરજી સાહેબ દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી દસ્તુર જામાસ્પ આશાના M. A, PH. D., D. C L (Oxn).

શ્રી મુંબઇ રોજ ૩ માહ ૨ સને ૧૨૬૭ યઝદજરદી તા૦ ૧૭ અકતોબર ૧૮૯૭ ઇસ્વી

નામવર દસ્તુરજી સાહેબ,

જત તમો નામવર હસતકની મરહુમ શેઠ બનાજી લીમજીની કોટની ૧૮૯ વરસની પુરાણી અને પવીત્ર દરેમેહરમાં હમો વસનારા તથા પવીત્ર ક્રીઆ મારગનુ કામ કરનારા અથોરનાનો આજના મુબારક રોજે તમો તરફના હમારા અહેસાનની લાગણી જાહેર કરવાને આ અદના હદીઆ સાથે તમો હજુર રજુ થવાની રજા માગીએ છીએ અને આશા રાખીએ છીએ કે હમારી તરફની આ જાહેર નજર સ્વીકારી નવાજેસ ફરમાવશોજી.

તમો નામવરે તમારી બુઝોરગ વએ તમારા પવીત્ર ઓધ્ધાની ગભીર અને મુશકેલ ફરજો, અમુલ્ય વખતનો ભોગ તથા બીજા અગત લાભો તથા તનદરસ્તીના ભોગે શ્રી મુબઈના અનજુમનના આતશબેહરામ સાહેબના બુલદ નુરી કેમલાને તખ્તનશીન કરવાને તેને લગતી દરેક પ્રકારની શુરૂઆતથી શેવટ સુધીની હીલચાલમા ખત, ઝેહમત, ધીરજ, શહનશકતી અને ભારે રંજ ઉઠાવીને અનેક વીઘ્નો અને મુશકેલી છતા ફત્તેહમદી સાથે સરજામ ઉતાર્યું છે તે તમારી અત્યાર સુધીની કારકીરદીમાં એક સોનેરી સફ્રાનો જાવેદાન સુધીનો યાદગારીનો નવો વધારો કરયો છે જેનો હરખ તથા અહેસાન જાહેર કરવાને હમો પાસે લાયક શબ્દો નથી; જો કે એ નેક કામમા તમો બુઝોરગ દસ્તુરજી સાથે તમારા જેવાજ બીજા બુઝોરગીદાર નામીચા અને દરજજાવાલા હમશરીકોએ પોતપોતાથી બની શકતો દરેક હીસ્સો આપી તથા જાતી ભોગ અને ઝેહમત ઉઠાવી તેમાં પોતાનો સ્તુતી પાત્ર ભાગ બજાવ્યો છે, તોપણ તેઓ તરફના લેશ ભાર પણ અભાવ વિના હમો કેહવાની હીમત કરીએ છીએ કે તમો સાહેબની આગેવાની, ખંત, ઝેહમત અને ઉલટ તેમજ ધીરજ વગર આ અતી પુન્યવત કામ સરજામ ઉતર્યું હતે નહી એ સુર્યના પ્રકાશની મુઆફેક ખુલ્લુ અને જગ જાણીતુ છે અને હમારા આ કહેવાને દરેક જણ મોટી ખુશીથી સ્વીકારયા વિના રહેશે નહી

તમો સાહેબના એ ઝેહમત ભર્યા કામનો બદલો તે કુદરતનો સાહેબ પોતાના ગેબી ખજાનાથી આપ્યા વિના રહેશે નહી એ નીશ્ચયજ છે તમો નામવરની કીરતી, વિખ્યાતી, સાદાઇ, સાલેસાઇ તથા તમારા બુલદ દરજજા ને છાજતી ગભીરાઈ અને નમ્ર સ્વભાવથી તમો આપણી કોમમાજ નહી પણ પર કોમમાબી લોકપ્રીય છો તે વીશે વધુ બોલવુ એ "શોના ઉપર ઢોર ચઢાવવા" સમાન છે, માટે તે વીશે અત્રે લબાણુ ન કરતા આ માનપત્ર ખતમ કરતા તે કરીમે કારસાઝની હુજુરમા સર નમાવી હમો દુઆ ગુજારીએ છીએ કે તે સાહેબ તમોને જરથોસ્તી ટોળાને માથે લાબી મુદત સુધી પુરતી તનદરસ્તી, આબાદી તથા સુખ સાથે કાયમ રાખે! તથા તેના રૂડા આશીરવાદો તમો સાહેબ તેમજ તમારા ફરઝદાન ફરઝદો ઉપર તથા તમારા નામાકીત વંશ ઉપર ઉતરે! આમીન! આમીન! આમીન!"

નામવર દસ્તુરજી સાહેબ—હમોને માન છે
તમારા નમાના શેવકો થવાને

(હયા નોશેરવાનજી બરજોરજી દેશાઇ, મનચેરજી માણેકજી કુતાર, એરચજી રૂસતમજી ઉનવાલા, નોશેરવાનજી હોરમજી દેશાઇ તથા બીજા મોબદો મલી ૧૨) શહીઓ છે.)

૬—નવસારીની "બઝમે રૂઝે અહુરમઝદ" તરફનુ માનપત્ર —

"આપ"

"નેમસેતે અહુરમઝદ"
"નેમસેતે અહુરમઝદ"
"નેમસેતે અહુરમઝદ"
"થ્રિશ્રીત પરો અન્યાંઇશ દામાન"

બીજી પેદાયશો અવ્વલ અએ અહુરમઝદ! તુને ત્રણ વાર નીમાજ હોજો!

"મેહરબાન માનવંત અશો દસ્તુરજી સાહેબ દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના, એમ. એ., પી. એચ. દી, દી. સી. એલ જોગ મુંબઈ.

સાહેબ,

શ્રી નવસારીની "બઝમે રૂઝ અહુરમઝદ" નામની હમારી ધર્મ સંબંધી મંડલી આજના મુબારક રોજના શુભ પ્રસંગ ઉપર આ મુબારકબાદીનુ માનપત્ર આપ સાહેબની હજુરમાં એનાયત કરવાની માનપુર્વક રજા લે છે.

આપ પોતે તેમજ સર્વે જરથોસ્તીઓ જાણો છો તેમ આજ સુમારે પંદર વરસ થયાં શેઠો વાડીઆજીવાલા મુંબઇના પાક આતશબેહરામના મકાનમાંથી આપણા ભગર સાથ મોબદોને ઘણી દીલગીરી સાથ અલગ થવાની ફરજ પડી હતી, જેથી તેઓને પોતાના જજમાનોને ઘરના કીરીઆ બણુતરો કરવાના એક મુકામ વગર ઘણી અગવડમા ઉતરવુ પડયુ હતુ આ કમભાયગ બનાવના મુળમા જે દીલ દુખવનારી રીકઝકો સમાયલી છે, તે એક તવારીખ રૂપી બનાવ થઇ ચુક્યો છે એટલે તે ઉપર વીચાર કરવા કરતા ખામોશી અખત્યાર કરવાનુ આએ જગાએ હમો બેહતર સમજીએ છીએ પણ શુકરે ખુદા ! ભગરીઆ મોબદોને તેમની નહી વકી રાખેલી હેરાનગતીમાથી ઉગારવાને તેમનાજ કેળવાએલા અને મરતબાવાલા પંથીઓ આવ સમાન નમવા લાયક, પ્રવીણ ધર્મગુરૂની બાહોશ આગેવાની હેઠલ બાહાર આવ્યા અને તેમને ઠરીઠામ કરવા માટે અથાગ મેહનત તથા રંજ અને ઝેહમતથી ન ડરતાં ધોબીતલાવના લતા ઉપર એક જાથુક દરેમેહર અને આતશબેહરામ સાહેબનો પાક કેબલો બરપા કરવાનુ મહાભારત કામ આપ અને આપની વીદવાન કમીટીના સાહેબોએ માથે ઉઠાવ્યુ, દરમ્યાન આ ધર્મા કામ તરફ જા ફેશાની કરનાર ઘણાક સપુતોના દીલગીરી ભરેલાં અકાળ મરણો નીપજ્યા તથા બીજી અનેક મુશકેલી અને હરકતો આડે આવી, છતા બહુજ ધીરજ ભરેલી સંભાલથી શેવટ સુધી ચીવટ પણે વલગી રહી આપ અને આપના હમશરીકો આ નેક કામ ફત્તેહમંદી સાથે પાર ઉતારવાને શકતીવાન થયા છો તે માટે આપ સાહેબોને ખરા અંત:કરણથી મુબારકબાદી આપતા કુલે બસ્તે કુશલ્યાન જરથોસ્તીઓ ભેગી હમારી બઝમના મજલસીઓ તે કીરતારની જનાબમા શુકરગુજારી કરીએ છીએ, અને આ પુનવંતુ કામ હાર પાડવામાં જે નેકબખ્ત દીનદાર ગૃહસ્થો અને બાનુઓએ પોતાના જર, જોર અને દીલસોઝીની કીમતી મદદ આપી છે તેમનો આ ટંકે હમો મોહટો આભાર માનીએ છીએ

સાહેબ, ગુલજાર મુંબઈ નગરીમા અનજુમનના આતશબેહરામ સાહેબ આ પહેલીજવાર બરપા થયા છે, જે માટેની આપની કમીટીની–મુખ્યતવે આપ સાહેબની પોતાની માનભરેલી કોશેશને હમો ખાસ નોંધ લેવા લાયક અને અતી સ્તુતીપાત્ર ગણીએ છીએ, તેમા મલેલી ફત્તેહ તરફ હમારો સંપુર્ણ સંતોષ જાહેર કરીએ છીએ, અને આજના રોજ મુબારક અરદીબેહસ્ત, માહ અરદીબેહસ્ત યઝદજરદી ૧૨૬૭ ના સાલના, તવારીખમાં યાદગાર રહી જનાર મુબારક દીવસની મુબાદીમાં થતી ખુશી રામશની અને હરખમા હમારી બઝમના મજલસીઓ, આ પાક નવીન કેબલાને નમન કરવા જોડે દીલોજાનીભરયો ભાગ લઇએ છીએ

આજના સુભ અવસરે આતશબેહરામ સાહેબના પાક કીબલાએ પોતાના મુબારક કદમ મુંબઇ નગરીમા ધર્યાં છે તેને આપણે સર્વે બસ્નેકુસ્તીઆનો હરખભેર વધાવી લઇશુ અને દુઆ ચાહીશુ કે આ પાક કીબલાના પનોતાં પગલા જોડેજ જરથોસ્તી ટોળામાંથી કુસંપ અને બેદીલી દુર થઈ મોહબત અને એખલાસનો વધારો થાઓ ! કીબલાના બરપા થવા સાથેજ જરથોસ્તીઓમાથી ધર્મ તરફની સુસ્તી અને બેદરકારી દુર થઇ દીન ઉગતે દીન ઇમાન અને તેના એનેકાદમા વધારો થાઓ ! જરથો-સ્તી ટોળામાથી–મુખ્ય કરી ધર્મગુરૂ વર્ગમાથી–દીનના એલમનો અંધકાર દુર થઇ રોશન આતશ મીસાલ ચોમેર ધર્મની રોશણી પ્રકાશ પામો ! આતશના પાક કીબલાથી પંથરાતી ખુશબોએ મીસાલ જરથોસ્તી ફીરકાની પ્રકાશી કીરતી જગ આશકાર ખુલ દીની નૈબતે ચઢો ! આતશના પાક કીબલા ઉપરથી પંથરાતી એજ ખુશબોએના બલવંત પ્રતાપથી મરકી અને દુકાલ વીગેરે આફતોના નાશકારક દેવદરૂજો નહેસ્ત અને નાબુદ થાઓ ! આએ પાક કીબલાનુ પાયતખ્ત સદા પાયદાર રહો ! જે ઉપર તે કરીમે કારસાઝના આશીરવાદ ઉતરો ! અને આ પાક મુકામનો પાયો બરકરાર રહો–આમીન" !

શ્રી નવસારી રોજ ૧ લો માહ ૨ જો સને ૧૨૬૭ યઝદજરદી (હયા " બઝમે રૂઝે અહુર-મઝદ "ના સરનશીન પોલ્યા દેશાઇ એદલજી બહમનજી તથા સેકરેટરી એરવદ ખુરશેદજી એરચજી માવડીની સહીઓ છે.)

એ નવા આતશબેહરામનો નુરી કેબલો સ્થાપવા માટે દસ્તુરજીએ જે ઝેહમત અને ઇંતેજારી બેથી હતી તેની કદરસનાસીમા ખેતવાડીના જરથોસ્તીઓએ એવણુ સાહેબને એક પરસ ભેટ કરી હતી

સઘલી કીરીઆ સમાપ્ત થાવા પછી નવસારીના એક અકાબર પેહલા દેશાઈ એદલજી બેહમનજીએ એક છટાદાર ભાશાણુ કરી નવુ આતશબેહરામ બરપા કરવા માટે દસ્તુર જામાસ્પજીએ જે મેહનત અને ઝેહમત કરી હતી તેના વખાણ કર્યા અને ઘણીક મુશકેલીઓ અને વીઘનોને હીંમત અને સબુરીથી દુર કરી એ નેક કામ અતે હાર પાડયુ તે માટે મુબારકબાદી આપી ભગર અનજુમન તરફથી ઉપકાર માનતા યાદ આપી કે દસ્તુરજી સાહેબે આએ વખતે ભગર અનજુમનને મદદ કીધી છે તેમા નવાઇ જેવું કશુ નથી. એવણના વડીલોથીજ આપણને મદદ થતી આવી છે તે એવી રીતે કે આજથી ૨૦૦) વરસની વાત ઉપર નવસારીમા ભગરયા તથા સંજાણા મોબદો વચ્ચે પંથકોની વેહચણી અને એક બીજાના હક ઇલાકા માટે જ્યારે કજીઓ બરપા થયો ત્યારે દસ્તુરજીના વડવા જાણીતા દસ્તુર જામાસ્પ આશા મોહટી ઝેહમત ઉઠાવી ઠેઠ સોનગઢ ખાતે જઇ ગંગાજીરાવ ગાયકવાડ પાસેથી ભગરીઆઓની તરફેણમા ઘટતો ઇનસાફ કરાવી લાવ્યા હતા. એવી રીતે દસ્તુર જામાસ્પ આશાના વંશીઓ પોતાની ગરીબ અનજુમનની હમેશા મદદ બજાવતા આવ્યા છે વીગેરે (તાલીઓ)

એ પછી દસ્તુરજીએ તાલીઓના આવાજો વચ્ચે હાજર રહેલાઓનો આભાર માનતા જણાવ્યુ કે ભગર સાથનો ઉતરી આવેલો હુ એક નબીરો છુ અને જ્યારે ભગર સાથનો હાલનો મામલો બન્યો ત્યારે મહને કુદરતી જુસ્સા થઈ આવ્યો અને મ વીચારયુ કે મારે કઈ પણ કરવુ જોઇએ અને તેને અનુસરીને મે આએ કામ માથે ઉઠાવ્યુ (તાલીઓ) એ મારી ફરજ હતી અને તે મે માત્ર અદા કીધી છે (તાલીઓ) હુ આજે મહને પોતાને ઘણો ભાગ્યશાલી થયલો સમજુ છુ આજે તમોએ મહને સીઆલોથી ઢાકી નાખ્યો છે અને મહને એટલોજ સંતોષ છે કે સારી આલમ તરફથી મહને આએ માન મલ્યુ છે. (તાલીઓ) છેવટે જે સાહેબોએ મહને ચાહયો છે તથા આજે મહને માન આપ્યુ છે તેમનો ખરા અંત કરણથી હુ ઉપકાર માનુછુ (તાલીઓ તથા હરસનાદ).

અનજુમનના નવા આતશબેહરામનો કેબલો સદા નુરમંદ રહો! અને એ પવીત્ર કેબલા સાથ મરહુમ દસ્તુર જામાસ્પજી સાહેબનુ નામ અમર રહો! એવી દુઆ ચાહી અને આતશબેહરામ ઉપર મારેલી તખ્તીનો હયા ઉતારો કરી લઇ હમો આગલ વધીએ

"આએ જરથોસ્તી અનજુમનના આતશબેહરામ સાહેબનુ મકાન મુંબઇ તથા દેશાવરો ખાતેના જરથોસ્તી સાહેબોની મદદથી બાંધવામા આવ્યુ છે એ મકાનનો પાયો રોજ ૮ મો માહ ૯ મો શહેનશાહી, માહ ૧૦ મો કદમી સને ૧૨૫૫ યઝદેજરદી તા૦ ૨૩ મી મે સન ૧૮૮૬ ઇસવીને દીને નાખવામા આવ્યો હતો એ મકાનમા જરથોસ્તી ફીરકાના લોકોને માઝદયશની દીનના ફરમાન મુજબ બંદગી કરવા સારૂ આતશબેહરામ સાહેબના નુરી કેબલાને તખ્તનશીન કીધો છે એ મકાન ઉપર કુલે ખરચ ૨,૧૦,૦૦૦ ને આસરે થયો છે એ મકાન ઉભુ કરવા માટે પેહેલેથી તે છેલ્લે સુધી થોડાક ભગર સાથ અથોરનાન ટોળાના આગેવાન શેહરયોની કમીટીએ માથે લીધું હતુ મી૦ જાલભાઇ અરદેશર શેઠ, સરનશીન, મી૦ પેશતનજી રૂસતમજી કાગા, દસ્તુરજી સાહેબ દાકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના એમ એ, પી અચ. દી, દી સી એલ (ઓક્ષન) નાયબ સરનશીન શેઠ શોરાબજી રૂસતમજી બનશાહ, સેકરેટરી મી૦ દીનશાહજી મનચેરજી પંથકી, તથા મી૦ બેહરામજી નશરવાનજી સીરવાઇ, ખજાનચીઓ. મી૦ દીનશાહ દોરાબજી મીસતરી, શીલ્પશાસ્ત્રી. એમ. એસ. એ (આનરરી). મરહુમ મી૦ ખુરશેદજી નશરવાનજી સીરવાઈ શરૂઆતથી તે પોતાના મરણ રોજ ૧૦ મો માહ ૫ મો સને ૧૨૬૬ સુધી આએ ફંડના

જોડયા સેકરેટરી હતા એ મકાનના દસ્તુરજી તરીકે દસ્તુરજી સાહેબ દાકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના એમ એ., પી એચ દી , દી સી એલ. (ઓક્ષન)ને ઠેરવવામાં આવ્યા છે રોજ ૩ જો અરદીબેહસ્ત અમસાસપંદ માહા ૨ જો અરદીબેહસ્ત અમસાસપદ સને ૧૨૬૭ યઝદ-જરદી મુંબઈ તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૭ ઇસવી, સવત ૧૯૫૩ ના આસો વદ ૬ વાર રવી."

આ દસ્તુરજી સાહેબે કેટલાક ગ્રથો રચી યુરોપ, અમેરીકા અને હિન્દના વિદ્વાન મડલોને પોતાની વિદવતાની સાબેતી પુરી પાડી આપી છે એવણના છપાઇ બહાર પડેલા ગ્રથો ઉપરથી એવણની કાબેલ્યત અને ઉંડા દીનદારી જ્ઞાનની ગવાહીઓ મલી શકેછે. એવણના બપાવા મરહુમ દસ્તુર એદલજી દારાબજીએ મરહુમ દસ્તુર એદલજી દારાબજી સજાણાએ બનાવેલી "ફરમાને દીન"નો રદીઓ તૈયાર કર્યો હતો તે એવણ સાહેબે "રદીએ ફરમાને દીન"ના નામથી ઇ. સ ૧૮૬૭ ના ઓગસ્ટ માસમા એક લબાણ દીબાચા તથા ખુલાસા સાથ છપાવ્યો હતો એ રદીઆમા ગાથાના દીવસો સાથ અસપદાદ મહીનો પઢવાની તરફેણમા દલીલો દેખાડવામા આવી છે તા૦ ૨ જી જુલાઇ ૧૮૭૦ ને દીને એવણે "જેહશેકન" અને સપટેમબર ૧૮૮૩ માં "પાસોખે નીરગે ઝવીત દીનાન" નામના બે ચોપાન્યાઓ છપાવી બહાર પાડયા હતા આ બેહુ ચોપાન્યાઓ છપાવી બહાર પાડવાનો સબબ હમો આગલ જણાવી ગયા છીએ. ઇ સ. ૧૮૭૩ મા એવણે ખુરદેહ અવસ્તા સુધ્ધ જોડણીમા અને તેની સાથ તાલુકો ધરાવનારી કીરીઆઓની સમજણ સાથ છપાવી પ્રગટ કરી હતી જે તેની જાતમા પહેલવહેલી હતી.

ઈ. સ ૧૮૭૪ માં એવણે જુદે જુદે પ્રસગે કીધેલી ૮) વાઅજોનો સગ્રહ છપાવી બહાર પાડયો હતો ઇ. સ. ૧૮૭૫ મા એવણે "યઝદાપરસ્તી"ની વાઅજ છપાવી હતી. ઇ સ ૧૮૭૯ માં એવણે "નીરગ ઉપર વાઅજ," "અહુરમઝદને ખુનુશદ કેવી રીતે કરવો," અને "આતશ ઉપર વાઅજ" નામના ત્રણ ચોપાન્યાઓ છપાવ્યાં હતા. ઈ સ ૧૮૮૧ મા એવણે "સદદર બેહરે તવીલ"નો ગુજરાતી તરજુમો પુશકલ નોટ તથા વધારા સાથ બીજીવાર છપાવી બહાર પાડયો હતો એ ઉપરાત એવણે અવારનવાર કીધેલી ઘણીક વાઅજોના ચોપાન્યાઓ છપાવી બહાર પાડયાં હતા એવણના છપાઇ બહાર પડેલા ગ્રથોમા સૌથી અગતનો ગ્રથ તે એવણનો ઇ સ ૧૮૭૭ મા છપાઇ બહાર પડેલો પહેલવી શબ્દકોષ છે જે યુરોપના વિદવાન મડલોમા ઘણો વખણાયો છે અને જેની યુરોપ અને હિન્દના પત્રોએ એક આવાજે તારીફ કરી છે એ વીશે પ્રોફેસર જેમ્સ દારમેસતેતર લખે છે કે —

" Here at last is a regular Pehlvi Dictionary of which the first volume has just appeared. It is the work of one of the most respected priests of the Zoroastrian Community of Bombay, Dastoor Jamaspjee Minocherjee *Jamasp Asana. This is the first attempt made to* arrange a general Catalogue of Pehlvi forms and as we have seen, this catalogue errs not through poverty, but through excess of riches It is an undertaking which does great honour both to the enterprize of the author and to his learning, and it exhibits an extent of reading which is *rarely met with.*"

પ્રોફેસર વેસતરગાર્ડ એ શબ્દકોષ માટે પોતાનો અભીપ્રાય આપતા જણાવે છે કે —

" The Dictionary, as far as I can see, is the result of immense labour and offers a very valuable assistance to the reading and understanding of the still difficult and puzzling Pehlvi."

એ શીવાય ઘણાક ઓલમાઓએ એ દસ્તુરજીના પહેલવી શબ્દકોશ માટે સારા વિચારો દર્શાવ્યા છે મુંબઇ યુનીવરસીટીએ ચઢતી પરીક્ષાઓમા જંદ અને પહેલવીનો અભ્યાસ દાખલ કરવાથી એવણે તે ભાષાઓના અભ્યાસીઓ માટે ઇ સ ૧૮૯૭ ના જુન માસમાં "અઇબાદગારે ઝરીરાન" નામના પહેલવી શાહનામાનો પહેલવી તેક્ષ્ત છપાવી બહાર પાડયો હતો. એવણે અવસ્તા ભાષાની ફરહંગ બનાવવાનુ અને પહેલવી વંદીદાદનો ગુજરાતી તરજુમો છપાવવાનુ કામ હાથ ધર્યું હતું પણ તે એવણ સાહેબના મરણથી અધુરૂ રહી ગયુ છે

એ દસ્તુરજી સાહેબના દીનદારી એલમની ગવાહી તો આપણને એવણના રચેલા ગ્રંથો ઉપરથી મલી હવે એવણની વિદવતાની બીજી ગવાહી જો આપણને મલતી હોય તો યુરોપની યુનીવરસીટી તરફથી મલેલા ખેતાબો અને ઘણીક વિદવાન મંડલે સાથ એવણના જોડાયલા સબંધો ઉપરથી મલે છે. તા૦ ૩૧ મી ઓગસ્ટ ૧૮૬૫ ને દીને એવણને મુબઇની "પારસી ચીફ મેટરીમોન્યલ કોર્ટ" ના એક દેલીગેત નેમવામા આવ્યા હતા. ઇ સ ૧૮૬૯ મા એવણ "બોમ્બે બ્રાન્ચ ઓવ ધી રોયલ એશીઆટીક સોસાયટી" ના સભાસદ ઠડયા હતા ઇ સ ૧૮૭૭ માં મુબઇ સરકારે એવણને યુનીવરસીટીના ફેલો ઠેડવી માન આપ્યુ હતુ ઇ સ ૧૮૭૮ માં એવણને મુલ્લા ફીરોઝ મદરેસાની કારોબાર મંડલીના એક અધીકારી ઠેડવવામા આવ્યા હતા એ દસ્તુરજી સાહેબને પોતાની પહેલવી ભાશાની કાબેલ્યતની કદરશનાસીમા જરમનીની ત્યુબીનગન યુનીવરસીટીએ તા૦ ૮ મી જાનેવારી ૧૮૮૪ ને દીને "દોકતર ઓવ ફીલોસોફી" (Ph D) અને "માસ્તર ઓવ આર્ટસ" M A.) ની માનવંતી પદવીઓ આપી હતી, કે જે માન પારસીઓના ધર્મગુરૂઓમાં પહેલવહેલુ એવણનેજ મલ્યુ હતુ. આ ખેતાબોની સનદ મુબઇ ખાતેના જરમન કોનસલ મી૦ જોન બ્રેંડેનબર્ગ મારફતે તા૦ ૨૪ મી એપ્રીલ ૧૮૮૪ ને દીને એવણ ઉપર મોકલી આપવામા આવી હતી. આએ સનદ લેટીન ભાષામા છે અને તેનો ઈંગ્રેજી તરજુમો નીચે મુજબ છે —

"May god the Almighty bestow his blessings upon the following document:—

In confirmity with will of his majesty Charles king of Wurtemburg, with the permission of Lord Henry of Dogenkalb, Professor of Roman Law, Chancellor of the University of Tubingen; and of Lord Gustave of Rumelin, Professor of Political Economy, Vice Chancellor, and with the consent of Sir Hermann Alfred, L. B., of Gutschmid, Professor of History, Dean of the Philosophical Faculty, the Philosophical Faculty of the University of Tubingen is pleased to confer upon the very distinguished and learned Scholar Jamaspjee Minocherjee Jamasp Asana Esq, High Priest of the Parsees of Bombay, the honorary degrees of Doctor of Philosophy and Master of the Fine Arts, in consideration of his great merits in Pehlvi literature, as well as of the liberal spirit which he displayed in forwarding to our Colleagues a great number of valuable Avesta mss, not accessible since then to scholars By this document all rights and privileges connected with the degree of Doctor are granted to him.

Tubingen the 8th day of January 1884. Under the seal of the Faculty of Philosophers (Signed) **Hermann Alfred, L. B., Gutschmid Dean of Philosophical Faculty.**"

આ ખેતાબ એવણુને બક્ષવામા આવ્યો તેની એક દીવસ અગાઉ યાને તા૦ ૭ મી જાન્યુઆરી ૧૮૮૪ ને દીને એવણુને જરમનીની " ઓરીએનટળ સોસાયટી " ના એક મેમબર તરીકે ચુટી કહાડવામા આવ્યા હતા ઇ સ ૧૮૮૩ મા લીડન ખાતે ભરાયલી " ઓરીએનટળ કોનગ્રેસ " માં બીરાજવા માટે એવણુને ઇજન થયુ હતુ અને તેમા વ ચાવવા માટે એવણે " મઝદ, " " અહુરમઝદ," અને " અહુર " એ બાબદો ઉપર એક રીસાલો લખી મોકલ્યો હતો જે ઈ સ ૧૮૯૦ માં છપાવીને જરથોસ્તીઓમા મુફત વેહચ્યો હતો ઈ. સ ૧૮૮૭ મા " જુબીલી પહેલવી તેક્સ્ત ફંડ " સ્થાપવામાં આવ્યુ તેના એવણ એક મેમબર હતા ઈ સ ૧૮૮૭–૮૮ માં ફ્લોરેન્સ ખાતે ભરાએલા " એકઝીબીશન "ના એવણુને એક " પેત્રન ' ઠેડવામા આવ્યા હતા. તા૦ ૨૬ મી અકટોબર ૧૮૮૭ ને દીને બાલતીમોર ખાનેની " અમેરીકન ઓરીએ ટલ સોસાયટી " ના એવણુને એક " કોરેસપોનડીંગ મેમબર " ઠેડવવામા આવ્યા હતા ઈ સ ૧૮૮૮ મા ' ઈતાલ્યન ઓરીએ ટ સોસાયટી " એ એવણુને " ઓનરરી લાઈફ મેમબર " તરીકે ચુટી કહાડયા હતા એ મ ડલીના સ્થાપક કાઉન્ટ એનજેલો દી ગુબરનેતીશની મોહરદારે એવણ સાહેબની એક તસવીર પોતાને હાથે ચીતારીને " ફ્લોરન્સ એકઝીબીશન " મા મુકી હતી અને ત્યાર પછી એ તસવીર એવણુ સાહેબને ભેટ આપવામા આવી હતી જે હાલ અનજુમનના આતશબેહરામમા જોવામાં આવે છે. તા૦ ૧૯ મી નવેમબર ૧૮૮૯ ને દીને એવણુને ઓક્ષફર્ડ યુનીવરસીટી તરફથી " દોકતર ઓવ સીવીલ લોઝ " (D. C. L) ની માનવતી પદવી મલી હતી, કે જે પદવી હિન્દના સઘલી વરણના ધર્મગુરૂઓમા પહેલવેહલી એવણુનેજ મલી હતી. યુરોપની આ સૌથી પુરાણી યુનીવરસીટીએ દસ્તુરજીને D C. L. ની નામીચી પદવી એનાયત કરી તેવણુની વિદ્વતાની ખરી કદરદાનાસી કરવાથી તેની યાદગારીમાં ઓક્ષફર્ડની " બોદલ્યન લાઇબ્રેરી " ના સત્તાવાલાઓએ એવણુની સબી ઉપરથી એક મોહટી ઓઇલ પેન્ટ તશવીર નામીચા ચીતારા પાસે ચીતરાવીને લ ડનના પ્રખ્યાત " ઈનડયન ઇન્સ્ટીટયુટ " માં ખુલ્લી મુકી હતી. આ તસવીર ચીતરાવાને માટે એવણ સાહેબે જે કીમતી સીઆલ સબી પડાવતી વખતે વાપડી હતી તે ખાસ મ ગાવવાથી ત્યા મોકલી આપવામા આવી હતી અને પાછલથી કેટલાક વિદ્વાનોની ખાહેશ ઉપરથી મજકુર લાઇબ્રેરીને ભેટ આપવામા આવી હતી જે હાલ " ઈનડયન ઈન્સ્ટીટયુટ " માં એવણુની તસવીરની પાસે એક કાચના કેશમાં જાલવી રાખવામા આવી છે. આએ D C L ની પદવીને લગતો નીચલો ઠેરાવ " ઓક્ષફર્ડ યુનીવરસીટી ગેઝેટ "મા છપાયો હતો—

Nov 19th 1839.

Honorary Degree

It was resolved (Demine contradicente) to confer the degree of D. C L, Honoris Causa on Dastur Jamaspjee Minocherjee Jamasp Asana, Doctor of Philosophae in the University of Tubingen, Master of Arts in the University of Bombay (૧)

એ પદવીને લગતો એક " હુડ " અને " ગાઉન " ઓક્ષફર્ડ યુનીવરસીટી તરફથી એવણુ ઉપર નીચલા ખત સાથ મોકલી આપવામા આવ્યો હતો —

To

Dastur Jamaspjee Minocherjee Jamasp Asana Ph D., Hon. D. C. L. (oxon)

Dear Sir,

૧ " માસ્તર ઓવ આરટસ " ની બાબદમા ભુલ છે. એ પદવી દસ્તુરજીને મુ બઈ યુનીવરસીટી તરફથી નહી, પણ ટ્યુબીનગન યુનીવરસીટી તરફથી મલી હતી.

As a slight taken of our regard and to let it be manifest that we have not forgotten your great generosity in presenting to us unique mss of the Zend Avesta to the Bodleian Library in the year 1889 and 1890, We are sending you a gown and hood made according to the prescribed regulations for the use of Doctors o civil law of the university of oxford, and we trust that you will accept them and use them as a memento of our sincere gratitude.

Sd/ William Markby D. C. L. Reader in Indian Law.

W. W. Hunter, Late Member of the Viceroy's legislative council LL. D (Combridge)

એ શીવાએ બીજી દશ શહીઓ છે

તા૦ ૧૯ મી ડીસેમબર ૧૮૯૨ ને દીને ' લગનની મોનેગરી જાલવનારી મંડલી " સ્થાપવામાં આવી તેના એવણુ એક નાયબ સરનશીન ઠડયા હતા ઇ. સ ૧૮૯૩ ના સપટેમબર માસમાં અમેરીકામાં આવેલા ચીકાગો શેહરમા ભરાયલી " ઇનતરનેશનલ રીલીજીયસ કોનગ્રેસ " જે " પારલામેન્ટ ઓવ રીલીજીઅન્સ " ને નામે મશહુર થઇ હતી તેમા બીરાજવા માટે એવણુને ઇજન આવ્યુ હતુ અને તેની કારોબાર મંડલીના એવણુને એક મેમબર ઠેડવવામા આવ્યા હતા. એ કોનગ્રેસનાં પ્રમુખ દોકતર બેરોઝે એ કોનગ્રેસના અહેવાલના બે દફતરો છપાવી બહાર પાડયા છે જેનાં પહેલા દફતરમાં એ દસ્તુરજીની ઘણીજ સરસ તસવીર આપી તેની નીચે લખે છે કે —

" The high attainments of Dr. Jamaspjee, the Parsee High Priest of Bombay have received the recognition of some of the greatest universities in the world. He early expressed his admiration *for the plans of the parliament and regretted that his age would* prevent him being a personal participant in the Sessions "

ગણીછ જે શીરીનમા શીરીન ઝબાન,
તે ફારસીમા કહેવાયો મોહટો વિદવાન.
ને પહેલવી ને જંદનો તું કાબેલ ઉસ્તાદ,
થયુ તુજ મરણથી સઘલું બરબાદ.
ફીલસુફની પદવીને પામ્યો તુ ખાસ,
ને એલમથી ફેલાવ્યો મધુર મિઠાસ.
" ડાકટર "ના એલકાબથી હરખે જીગર,
યુરોપ તારા એલમની બુજેછ કદર.
એલમથી અંકાયું તારૂં કુલ તેજ,
એલમથી રહેશે તુ હરદમ સતેજ
એલમથી રહેશે તુ જીવતો હમેશ,
એલમથી વખણાશે તારા કુલ ખેશ.
એલમથી મશહુરી થઇ તારી પુર,
એલમને અપાવ્યું તુજને આ નુર.

એલમથીજ જીંદગીપર થઈ તુંજ અસર,
યુરોપ તારા એલમની બુજેછ કદર, ૧

* * *

ને પામ્યો તું લાયકાતથી દસ્તુરનુ નામ,
ને એલમથી દીપાવ્યું તેને તમામ.
ને પદવીને શોભાવી પુર દુન્યામા પુર,
પાકી જગી મોટીથી લીધું તેં નુર

* * *

દાજ તારી હતી, ધરમ કાજે મથી,
તેં ફરજ સાચ તારી બજાવી,
માન મોટું મલ્યું, આબરૂથી રળયુ,
ભૂમી યુરોપની તે ગજાવી.
ફારસી, પહેલવી ને અવસ્તા વિષે,
તું હતો એક પંડીત પાકો,
લેખમાં રાખિયા, ભાષાણો ભાખિયા,
એંચતા રંજ તુ નહિજ થાકો
માન કેરી મલી ખુબ ડીગ્રી તને,
કીર્તી ફેલાઈ યુરોપ જ્યારે,
ત્યાં સમાવ્યા વલી સંઘમા પડી,
કુલ ચતુરો ચાકત થાઈ ત્યારે.

ઉપર જણાવ્યુ તેમ એ મરહુમ દસ્તુરજી સાહેબ આગેવાન વિદ્દવાન મંડલોના સભાસદ હોવાનુ માન ધરાવવા ઉપરાંત " જરથોસ્તી બાનુઓના લગનના લાભનુ ફંડ, " " જરથોસ્તીઓમા ભાઈબંધી વધારનારી મંડલી, " " પારસી મ્યુચુઅલ પ્રોવીડંટ સોસાયટી, " " જરથોસ્તીઓને સસ્તાં ભાડાની ચેલીઓ બાંધી આપનારી મંડલી," મુંબઈ તથા નવસારીની "બઝમે રૂઝે અહુરમઝદ" પુણાની " બઝમે રૂઝે બેહનામ, " નવસારીની " જ્ઞાન પ્રસરક મંડલી " વીગેરે અનેક ધર્મી અને સંસારી મંડલીઓના એક અખત્યારી અને ત્રસ્ટી હતા અને તેઓના વહીવટમા ઉલટ ભર્યો ભાગ લેતા હતા

આ વિદ્દવાન દસ્તુરજી સાહેબ પોતાનો પહેલવી શબ્દકોષ છપાઇ બહાર પાડવા પછી યુરોપના નામીચા વિદ્દવાનોની ઓલખાણમાં અને તેઓ સાથ કાગજપત્રોના વહેવારમા આવ્યા, જેઓમા પ્રોફેસરો મેક્ષમુલર, હારલે, દારમેસતેતર, જેકશન અને દોક્તરો ગેલ્ડનેર, ફ્યુરર, વેસ્ટ, ગાઇગર, મીલ્સ, કેઓરટેલી અને કાઉન્ટ એનજેલો દીયુબર નેટીશ મુખ્ય હતા એ સઘનાઓ જરથોસ્તી ધર્મ અને ક્રીઆઓ વીશેની એવણુથી માહીતી મેલવતા અને સલાહ લેતા હતા. જ્યારે કોઇબી પ્રખ્યાત યુરોપ્પન અથવા અમેરીકન વિદ્દવાન મુંબઇ આવતો ત્યારે એવણુના કીમતી કેતાબખાનાની ભેટ લેવાને ચુકતો ન હતો તેઓને વિદ્યા એલમને લગતા કોઈબી કામમા મદદ આપવા માટે એ બલા

---

૧ " માસીક મજાહ ". અકતોબર–નવેમબર–ડીસેમબર ૧૮૯૮.

દસ્તુરજી સદા તતપર રહેતા હતા. એક વખતે એવણે પોતાના કેટલાક કીમતી હસ્ત લેખો દોકતર ગેલ્ડનરને તેની "અવસ્તા તેક્ષ્ત" બનાવા માટે પુરા પાડયા હતા એટલુજ નહી પણ બીજાઓ પાસેથી મેલવી અપાવાને એવણે પુશકલ મેહનત કરી હતી એ વિદવાન પ્રોફેસરની કલમથી "જંદ અવસ્તા" એ મથાલા હેઠલ જગત પ્રસીધ્ધ ગ્રંથ "એનસાઇકલોપીડયા બ્રીટાનીકા" મા અવસ્તાના હસ્તલેખો વીશેનો રીસાલો લખાયો છે જેમા એ દસ્તુરજીના કેતાબખાનામાં સચવાએલા કીમતી હસ્તલેખો વીશેનુ નીચલુ લખાણ જોવામા આવે છે :—

"Next came the four mss of the Herbad Mihirpan Kaikhusro at Cambay (1323 and 1324) two Vendidads with Pahlvi in London and Copenhegen, and two yasnas with Pahlvi in Copenhegen and Bombay in the possession of Dastur Jamaspji Minocherji who of all the Parsis is richest in old and good mss."

આગલા વખતથી તે છેક ઈ સ. ૧૮૬૦ સુધી હમદીનોમા જાહેર વાએજ કરવાની રસમ મુંબઇના દસ્તુર સાહેબોમા ઝાઝી જણાએલી ન હતી. પણ ત્યાર પછી વાએજ મારફતે જરથોસ્તીઓને પોતાના મજહબની બાબદોથી વાકેફ કરતા રહેવાના નેક ઇરાદાથી એ કામ પહેલવેહલું એ દસ્તુરજીના પીતા મરહુમ દસ્તુર મીનોચેહરજી એદલજીએ હાથ ધર્યું હતુ અને તે માટે વાએજો લખવામા મશગુલ થયા હતા. દરમ્યાન તેવણ સાહેબની જીંદગી ખતમ થવાથી એ કામ અધુરૂં રહી ગયુ હતુ ત્યાર પછી દસ્તુર જામાસ્પજીના દસ્તુરી ઓહ્‌દા ઉપર આવવા પછી તેવણે વાએજો કરવાનુ ચાલુ રાખીને પોતાના મરહુમ પીતાના નેક ઇરાદાને ગોયા અમલમા મુકેયો હતો એ મુજબ એવણ સાહેબે જુદે જુદે પ્રસંગે મુંબઇ તથા દેશાવરના જરથોસ્તીઓમા જે વાએજો કરી હતી તેમાની કેટલીક અગત્યની વાએજોની વીગત નીચે મુજબ છે —

તા૦ ૩ જી નવેમબર ૧૮૬૪ ને દીને એવણે પહલવેહલી પોતાના મરહુમ પીતાની લખેલી "જરથોસ્તી ધર્મની યઝદાપરસ્તી" નામની વાએજ શેઠ ફરામજી કાવશજી બનાજીના આતશ-બેહરામમા જરથોસ્તીઓના દબદબા ભરેલા મેલાવડા હજુર વાચી સંભલાવી હતી, અને એનો બીજો ભાગ એજ વરસની તા૦ ૭ મી દીસેમબરે વાચી સંભલાવ્યો હતો, જે વખતે મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ સાહેબે ઉઠી દસ્તુરજીનો ઉપકાર માની શાબાશી આપી હતી

તા૦ ૫ મી દીસેમબર ૧૮૬૫ ને દીને "આદમ જાત તે સાહેબની બક્ષેસ માટે કેટલુ આભારી છે" એ બાબદ ઉપર એક વાએજ ઉપલાજ મકાનમા કરી હતી જે પુરી થાવા પછી મરહુમ દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાએ મીજલસની તરફથી દસ્તુરજીનો ઉપકાર માન્યો હતો.

તા૦ ૧૦ મી મારચ ૧૮૬૬ ને દીને ઉપલાજ મકાનમા એવણે "આપણા માજદયશની ધર્મ કયા પાયા ઉપર છે અને તે બેહસ્તનો મારગ કેવો બતલાવે છે" એ ઉપર વાએજ કરી હતી જે પુરી થા॥ પછી મરહુમ દસ્તુર સોહરાબજી રૂસતમજી મુલ્ના ફીરોઝનાએ દસ્તુરજીનો ઉપકાર માની શાબાશી આપી હતી

તા૦ ૧૮ મી મારચ ૧૮૬૬ ને દીને તારાપોર ખાતે અનજુમનના ઉધરાટથી બંધાવેલા દુખ-માને પરઠવાની કીરીઆ થઇ હતી જે વખતે એવણ સાહેબ ત્યા બીરાજ્યા હતા અને ત્યાના જરથોસ્તીઓમા "જરથોસ્તી મજહબમા દખમુ બાધવાની અગત" એ ઉપર વાએજ કરી હતી જે પુરી થાવા પછી તારાપોરની અનજુમન તરફથી દસ્તુરજીને એક સીઆલ હોરાડવામા આવી હતી

તા૦ ૨૦ મી સપટમબર ૧૮૬૮ ને દીને શેઠ માણેકજી શેઠની વાડીમા "નોરોઝ" ઉપર ભાષણ આપ્યુ હતુ.

તા૦ ૧૨ મી દીસેમબર ૧૮૫૮ ને દીને ઇલાહી બાગમાં "જરથોસ્તી ધર્મ પાલવાની અગત" ઉપર વાએજ કરી હતી જેની શેવટે મરહુમ દસ્તુર પેશોતન બેહરામજી સનજાણાએ જણાવ્યું કે "એ વાએજ ઘણી સરસ છે માટે સઘલા જરથોસ્તીઓએ તે યાદ રાખી તે પ્રમાણે ચાલવુ અને એવાં વાએજોના કામોને હમેશા ઉત્તેજન આપતા રહેવું'

તા૦ ૫ મી જુન ૧૮૬૯ ને દીને ખેતવાડી મધે કામા બાગવાલી દરેમેહર ઇજાઈ તે દીને "આતશનો કેબલો કરી બંદગી કીધાથી કેવી અસર થાય છે" એ ઉપર એક વાએજ કરી હતી.

તા૦ ૨૭ મી દીસેમબર ૧૮૬૯ ને દીને ઇલાવ ગામની દરેમેહર પરકાઈ તે દીને "આતશનો કેબલો" એ ઉપર વાએજ કરી હતી એજ ગામમા એવણે વળી "સુદ્રેહ કુસ્તી," "ગાથાના દીવસો સાથ અસપંદાદ મહીનો પઢવા વીશે," "દરેમેહર" વીગેરે બાબદો ઉપર વાએજ કરી હતી

તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૭૦ ને દીને સુરત મધે નાહનપરામાં શેઠ કાવશજી રૂસતમજી તમનાની ધર્મસાળામાં "જરથોસ્તી ધર્મ એ શુ છે તથા તેને પાલવાની અગત કેટલી બધી છે" એ ઉપર એક વાએજ કહી સંભલાવી હતી જે પુરી થાવા પછી નાહનપરાના જરથોસ્તીઓએ એવણને માનપત્ર આપી સીઆલ હોરાડી હતી

તા૦ ૭ મી સપટેમબર ૧૮૭૩ ને દીને "ફરોહર" અને તા૦ ૭ મી જુન ૧૮૭૫ ને દીને "આતશ" એ બાબદો ઉપર વાએજો કરી હતી

ઈ. સ. ૧૮૭૮ મા શેઠ નશરવાનજી રતનજી તાતાએ બંધાવેલા દુખમાને ઇજવાની કીરીઆમાં શરીક થાવા માટે એવણ સાહેબ નવસારી પધાર્યાં હતા અને તે વખતે એવણે નવસારી અને દેસાવરના જરથોસ્તીઓ હજુર "ફરવરદેગાન" "ખાકી ઇનસાનની ફરજ" તથા બીજી બાબદો ઉપર વાએજો કરી હતી અને જશનની કીરીઆ પુરી થાવા પછી મજકુર શેઠ તરફથી દસ્તુરજીને એક સીઆલ હોરાડવામાં આવી હતી

એ શીવાએ એવણે મુંબઇ તથા દેશાવરના જરથોસ્તીઓમા અનેક પ્રસંગે પુશકલ વાએજો કરી હતી, જે કઈ બાબદ ઉપર અને કયા વરસમા કરવામાં આવી હતી તેની ટીપ નીચે મુજબ છે:—

"નોરોજે આમ" ઉપર ૧૮૬૪
"ફરવરદેગાન" વીશે ૧૮૭૪
"બંદગી" વીશે ૧૮૭૪
"બંદગી અવસ્તા ઝબાનમાંજ કરવી જોઇએ" ૧૮૭૪
"ગાથા" વીશે ૧૮૭૪
"રપીથ્વન" વીશે ૧૮૭૪.
"નોરોજે ખાસ" વીશે ૧૮૭૪
"નીરંગ ઉપરૂ વાએજ" ૧૮૭૯
"અહુરમઝદને ખુશનુદ કેવી રીતે કરવો" ' ૧૮૭૯

"આપણુ જરથોસ્તીઓ તરીકે અવસ્તા ભાખામાંજ બંદગી કરવાને બંધાએલા છીએ" ૧૮૮૮

"ખુદાના બંદાને બંદગીની જરૂર" ૧૮૯૫

"આપણા માજદયશની લોકો બંદગી કઇ ઝબાનમા કરવાને ફરજયાતે બંધાએલા છીએ" ૧૮૯૫.

"માજદયશની લોકો ફરજયાત બંદગી અવસ્તા જબાનમા કરવાને બંધાએલા છં તેનુ કારણ શું ! બીજી ભાખામાં નહી કાંય કરવી ?" ૧૮૯૫.

"અશો ફરોહરની કીરીઆ ચાલુ રાખવાનું જરથોરતી ધર્મનુ ફરમાન તથા ફરવરદેગાનના દીવસો ઉપર શુ શુ કીરીઆ કરવી જોઇએ" ? ૧૮૯૬

"ગુજરેલાઓ માટે ત્રણ દીવસ પછીબી ચાલુ કીરીઆ કરવાની ફરજ" ૧૮૯૬

ઉપલી વાઅજોનો મોહટો ભાગ છપાઇ બહાર પડયો છે તે ઉપરાત એવણ સાહેબે જુદાં જુદાં ટાંકણાઓ ઉપર સખ્યાબધ વાઅજો કરી હતી જેની ટીપ મેલવી શકાતી નથી

નીબંધને ભાષાણુને વાયજી વિદવાન,
થી થઈ તારા એલમની પાકી પીછાન.
ધન તારા એલમને વહાલા દસ્તુર,
દેખાડી વીદયાની પવીત્રાઈ પુર.
દેખાડયું ધરમનુ પાકુ તે જ્ઞાન,
ને મેલવયું મોહડુ તેં દુન્યા નામાન. ૧

હવે આ વિદવાન દસ્તુરજી સાહેબની ઝહલકતી કારકીરદીનો સફો બધ કરવા પહેલા કેટલીક પરચુટણ બાબદોની નોધ લેવી દરસ્ત ધારીએ છીએ

૧-એવણ સાહેબની દસ્તુરી કારકીરદીની શુરૂઆતમા એવણને એક વખતે મુંબઇની હાઈ કોર્ટમા ચાલતા એક મુકદમામા શાક્ષી આપવા જવુ પડયુ હતુ જે વખતે તે વખતના બારીસ્ટર અને પછવાડેથી હાઈ કોર્ટના જડજ સર એલ એચ બેલીએ એવણ વશપરપરા વડા દસ્તુરનો ઓહદો બોગવતા આવેલા છે એવુ કોર્ટને જણાવવાથી નામદાર જડજે એવણને ખુરસી આપવાનો હુકમ કર્યો હતો, અને ત્યાર પછી જયારેબી એવણને હાઈ કોર્ટ, સ્મૉલકોઝ કોર્ટ અને પોલીસ કોર્ટમાં શાક્ષી આપવા માટે જવું પડતું ત્યારે એવણને ખુરશી આપવામા આવતી હતી.

૨-ઈ સ ૧૮૬૯ મા મુબઈના શહેનશાહી પથવાલાઓ માટે એકજ વડા દસ્તુર ઠેડવવા માટે મરહુમ સર કાવશજી જેહાંગીર અને મરહુમ શેઠ મેહરવાનજી માણેકજી શેઠનાએ એક યોજના ઘડી કહાડી હતી અને તે ઉપર વિચાર ચલાવવા માટે કેટલાક આગેવાન શેઠીઆઓની એક સભા તા૦ ૪ થી જુલાઈ ૧૮૬૯ ને દીને ' મઝગામ કેસટળ "મા મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટના પ્રમુખપણા હેઠળ મલી હતી, જયા એવો ઠેડાવ થયો હતો કે મરહુમ દસ્તુરજી સાહેબો જામાસ્પજી મીનોચેહરજી તથા પેશોતન બેહરામજી સજાણા ઉપર ચોક્કશ સવાલો લખી મોકલી પુછાવવુ કે આપણા ધર્મની કીરીઆઓમા ભણતરો જુદી જુદી રીતે થાય છે તેમા ખરૂં કયુ અને ખોટું કયુ તેનો નીવેડો તેઓએ કરી આપવો પણ એ કામ કશી રીતે પાર પડયુ નહી. આ વખતે મરહુમ પહેલા સર દીનશાહ માણેકજી પીટીટ તથા મરહુમ શેઠો બહમનજી જીજીભાઇ તથા નશરવાનજી માણેકજી પીટીટે દસ્તુર જામાસ્પજીની ઘણી હીમાયત કરી હતી. આ ઉપરથી પારસીઓમા તકરાર પુર જોશમાં જાગી અને તેનો છેડો એક નાખુશ મુકદમો કોર્ટની દેવડીએ ચહડવામા આવ્યો. આ તકરારનો લાભ લઇ કેટલાક શખસોએ મુબઇની દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનની દસ્તુરી ગાદી શાંબે કેટલીક હીલચાલ કરી હતી, પણ મરહુમ શેઠ બહમનજી જીજીભાઇના મકકમપણે સાંમે થવાથી એ હીલચાલ પડી ભાગી હતી.

૩-તા૦ ૧૭ મી માર્ચ ૧૮૭૦ ને દીને મહારાણી વીકટોરીઆના બીજા દીકરા ડયુક ઓવ એડીનબગેની પરેલના સરકારી મેહલમા મુલાકાત લઇ તે નામદારને જંદ બાષામાં લખેલો દુઆનો કસીદો ભેટ આપ્યો હતો.

---

૧ "માસીક મજાહ" આકટોબર—નવેમબર—ડીસેમબર ૧૮૯૮

૪-ઈ. સ. ૧૮૭૧ મા નામદાર શહેનશાહ એડવર્ડ સખ્ત બીમાર પડયા હતા તેવણુને પરવરદેગાર જલદી સાજા કરી તનદરૂસ્તી બક્ષે એવી દુઆ ગુજારી કરવા માટે એવણુની આગેવાની હેઠલ એક મોહટી દબદબાભરેલી મીજલસ તા૦ ૧૨ મી દીસેમબર ૧૮૭૧ ને દીને મરહુમ શેઠ ફરામજી કાવશજીના આતશબેહરામમા મલી હતી. "ટાઇમ્સ ઓવ ઇનડીઆ "ના લખવા પ્રમાણે એ મીજલસમાં બે હજાર જરથોસ્તીઓ ભેગા મલ્યા હતા, જેમા સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ તથા બીજા આગેવાન શેઠીઆઓની પણ હાજરી હતી. જશનની કીરીઆ શુરૂ થાવા અગાઉ દસ્તુરજીએ "નેક પાદશાહ અને તેના કુટુંબની આબાદી ચાહવાને જરથોસ્તીઓ કેટલા બધાએલા છે" એ વીશય ઉપર એક ટુક વાઅજ કરી હતી અને એ પ્રસગને અનુસરતી એક ખાસ બંદગી જોડીને તેના હેડબીલો જરથોસ્તીઓમા વહેચાવ્યા હતાં અને તેઓને અહુરમઝદ અને અરદીબેહરત યસ્તો પઢવાની અરજ કરી હતી ત્યાથી એ તમામ મીજલસ દરીઆ કીનારે જઇ અરદવીસુરની નીયાયશ કરી મોડેથી વીખરાઈ હતી.

૫-તા૦ ૮ મી ફેબ્રુઆરી ૧૮૭૨ ને દીને પોર્ટબ્લેર ખાતે શેરઅલી નામના બધવાએ હિન્દના વાઇસરોય લોર્ડ મેઓનુ ખુન કર્યું હતુ તે માટે દીલગીરી જાહેર કરવા અને લેડી મેઓ ઉપર દીલાસાપત્ર મોકલવા માટે મુંબઇના રહેવાશીઓની એક સભા ટાઉન હોલમાં તા૦ ૧૭ મી ફેબ્રુઆરી ૧૮૭૨ ને દીને સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટના પ્રમુખપણા હેઠલ મલી હતી, જયા ખુન કરનાર ઉપર ફીટકાર નાખવાનો અને લેડી મેઓ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠેડાવ થયો હતો આ ઠેડાવો નામદાર ગવરનર સર સીમોર ફીટઝીરાલ્ડને હાથોહાથ પહોચાડવા માટે તે નામદારને બંગલે એક વગવાલું દેપ્યુતેશન ગયું હતું, જેમા એ દસ્તુરજી પણ સામેલ હતા

૬-નામદાર શહેનશાહ એડવર્ડ સખ્ત બીમારીમાથી સાજા થયા તેને માટે પરવરદેગારનો ઉપકાર માની તેની બદગી કરવા માટે હિંદુસ્તાનની સરકારે તા૦ ૨૭ મી ફેબ્રુઆરી ૧૮૭૨ નો દીવસ મુકરર કર્યો હતો તેની રૂએ પારસી પંચાયત ફંડના ત્રસ્ટી સાહેબો તરફથી શેઠ વહાડયાજીના આતશબેહરામમા એક જાહેર જશન કરવામા આવ્યુ હતુ જેમા તમામ જરથોસ્તીઓએ ભાગ લીધો હતો જશનની કીરીઆ એ દસ્તુરજીએ તથા બીજા ચાર દસ્તુર સાહેબોએ કરી હતી, જેની શેવટે એ દસ્તુરજીએ નામદાર શહેનશાહને પરવરદેગારે તનદરૂસ્તી બક્ષી તે માટે તેનો આભાર માની તેની શુકરગુજારીમા જોડેલી એક ખાસ બદગી વાચી સભલાવી હતી.

૭-શેઠ ફરામજી કુવરજી ભરૂચાએ પોતે તા૦ ૨૧ મી માર્ચ ૧૮૭૩ ને દીને વાદરા મધે ઉઘાડેલી બોરડીગ સ્કુલ ઉપર દેખરેખ રાખવા અને તેના કામમા પોતાને સલાહ આપવા માટે એક કમીટી નેમી હતી જેના એ દસ્તુરજી પણ એક મેમબર હતા

૮-ઇ સ ૧૮૭૬ માં નામદાર શહેનશાહ એડવર્ડ—જેઓ ને વખતે " પ્રીન્સ ઓવ વેલ્સ " ના એલકાબથી ઓલખાતા હતા—હિન્દમા પધાર્યા તે વખતે તે નામદારને એવણે પહેલવીમા લખેલો દુઆનો કસીદો ભેટ આપ્યો હતો

૯-તા૦ ૮ મી અકટોબર ૧૮૮૩ ને દીને શેઠ કાવશજી દીનશાહ એદનવાલાએ એદન ખાતે આદરાનની એક દરેમેહર સ્થાપી હતી તેની સીફતમાં પહેલવીમા લખેલો કસીદો એ શેઠને દસ્તુરજીએ ભેટ આપ્યો હતો

૧૦-ઈ. સ. ૧૮૮૪ મા પોતાના અતલગના ખેશી મઉવાલા દસ્તુર ખુરશેદજી જમશેદજી દસ્તુર જામાસ્પ આશાનાને ત્યાની લગનની મીજલસમા બીરાજવા માટે એવણુ સાહેબ નવસારી પધાર્યા હતા. આ વખતે વહાડયાજીના આતશબેહરામમાંથી જુદા પડેલા ભગરીઆ મોબદોને પોતાના લાગવગથી ઠેકાણે પાડવા તથા તેઓના પંચકો અને હકોની તથા નવસારીની દરેમેહરના વડપણની

જાલવણી માટે પોતે જે મેહનત કરી હતી તેના અહેસાનમા નવસારીના દેશાઈ દસ્તુરો તથા સમસ્ત અનજુમન એવણને નવસારીના સ્ટેશન સુધી એસ્તેકબાલ લેવા ગઇ હતી અને પોલીસના પાહરા અને ઘોડેસ્વારો સાથ મોહટા માન સહીત દસ્તુર ખુરશેદજીના મકાન સુધી મુકવા આવી હતી.

૧૧–એજ વરસમાં યાને ઇ સ. ૧૮૮૪ માં મુંબઇ મધે ભગરીઆ મોબદો માટે અનજુમનના ઉઘરાણાથી એક આતશબેહરામ બાંધવાની હીલચાલ થવાથી મરહુમ દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાએ "એક શહેરમા એક તડાને માટે દીનની શરતે એકથી વધારે આતશબેહરામ થઇ શકે નહી" એવો વાંધો ઉઠાવી "જામે જમશેદ" પત્રમા લખાણો કીધા હતા એના રદ જવાબમાં એ દસ્તુરજીએ એજ પત્રમા લખાણો કરી 'એક શહરમા એક તડાને માટે એકથી વધારે આતશબેહરામ થઇ શકે" એવું દીન અને તવારીખની કેતાબો ઉપરથી તેમજ આગલ બનેલા બનાવો ઉપરથી સીધ્ધ કરી આપ્યુ હતુ એ તકરારી લખાણો ઘણા દીવસો સુધી ચાલુ રહયા હતા અને તેમા ઘણાક જરથોસ્તીઓએ એક બીજા તરફથી ભાગ લીધો હતો

૧૨–ઇ સ ૧૮૮૮ મા એવણ સાહેબ આલબલેશ બાગમાં એક પરણતા જોડાના આશીરવાદ સારી ક્વીન્સ રોડ આગલ ખોડાતી ગટરો આગલથી પોતાના સદાના બોનાપણામાં ચાલતા આપા બાગમા જતા હતા તે વખતે કેટલાક બદમાસોએ પછવાડેથી આચકો મારી પાડી નાખવાની કોશેશ કરી હતી, પણ ખુદાની મેહરથી એવણના જીવને કશી હાણી પહોચી ન હતી આ બનાવ ઉપરથી દસ્તુરજીના દોસ્તઆશનાઓ અને ખેરખાહોમા મોહટી ચકચાર જાગી હતી અને તેઓએ બદમાસોને પકડાવી ઘટતે ફેંસ્રે પહોચાડવાની કોશેશ કરી હતી, પણ દસ્તુરજીએ મોહટુ દીલ દેખાડી દરગુજર કરવાથી એ વાત પડતી નાખવામા આવી હતી.

૧૩–ઈ. સ. ૧૮૮૫ ના એપ્રીલ માસમા વડોદરાના ગાયકવાડ સર સીઆજીરાવ મુબઈ આવ્યા તે વખતે તા૦ ૩૦ મી એપ્રીલ ૧૮૮૫ ને દીને શેઠ માણેકજી શેઠની દરેમેહરના મોબદોએ જામા પીછોડી સાથ ઉભા રહી તે નામદારને માન આપ્યું હતુ અને મરહુમ દસ્તુર જામાસ્પજીએ તે નામદારને ફુલનો ગજરો પહેરાવ્યો હતો.

૧૪–એજ વરસમા મુબઈ સરકારે શેઠ દાદાભાઈ નવરોજીને લેજીસલેટીવ કાઉનસીલના એક મેમબર કેહવાથી તેની ખુશાલી અને મુબારકબાદીમા ભગરીઆ મોબદો તરફથી એવણની આગેવાની હેઠલ મજકુર શેઠને એક માનપત્ર શેઠ માણેકજી શેઠની વાડીમા આપવામા આવ્યુ હતુ

૧૫–ઇ. સ ૧૮૮૭ની મહારાણી વીકટોરીયાની ૫૦) મા વરસની જુબીલી અને ઈ સ. ૧૮૯૭ ની નામદાર બાનુની ૬૦) મા વરસની "ડાયમંડ જુબીલી'–એ બેહુ ટાકણે દસ્તુરજીએ જંદ –પહેલવીમા લખેલા દુઆના કસીદાઓ તે નામદાર શહેનશાહબાનુ ઉપર મોકલી આપ્યા હતા.

૧૬– એજ વરસમાં યાને ઇ સ ૧૮૮૭ મા મરહુમ પ્રોફેસર દારમેસતેતરને યજશનેની કીરીઆ એવણની આગેવાની હેઠલ આપા બાગમા કરી દેખડાવામા આવી હતી

૧૭–તા૦ ૨૦ મી માર્ચ ૧૮૮૭ ને દીને સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બારોનેટના નબીરાઓની નવજોત એવણે દબદબાભરેલી મીજલસ સનમુખ કરી હતી, જે જોવાને માટે નામદાર ગવરનર લોર્ડ રે અને બાનુ, એડમીરલ સર ફ્રેડરીક રીચર્ડસ, લોર્ડ બકીંગહામ તથા મોહટે ખાચરેના ઈંગ્રેજી અમલદારો અને જુદી જુદી કોમોના આગેવાન શેઠીઆઓ સર દીનશાહજીના નોતરાને માન આપી હાજર થયા હતાં એ વખતે મરહુમ દસ્તુરજીએ ઈંગ્રેજીમા રચેલી નોજોત કીરીઆની સમજ આપનારી અકેકી ચોપડી સરવેને વેહચી હતી

૧૮–ઇ. સ. ૧૮૮૯ ના જુન માસમા એવણના ગાદીવારસ દીકરા દસ્તુર ફીરોઝના ઓચીંતા અને અકાળ મરણથી મુબઇ તથા દેશાવરના જરથોસ્તીઓની દીલસોઝી એવણ સાહેબ તરફ ખેંચાવાથી તેઓએ સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બારોનેટની આગેવાની હેઠલ

"દસ્તુર જામાસ્પજીના દરજાનો નીભાવ ફંડ" એવે નામનુ એક ફંડ સ્થાપ્યુ હતુ, જેમાં રૂ. ૨૧૭૬૨) ભરાયા હતા. આ રકમમાંથી ત્રીજો હીસ્સો દસ્તુરજીને વાપરવા માટે આપી દઈબાકીના રૂ. ૧૪૦૦૦) ચૌદ હઝારની રકમનુ એક ત્રસ્ટ-દીદ તા૦ ૨ જી ઓગસ્ટ ૧૮૯૧ ને દાને કરવામાં આવ્યું હતું અને તેના ત્રસ્ટીઓ તરીકે શેઠો ફરદુનજી મેહરવાનજી ખનાજી, નાહનાભાઇ ધનજીભાઇ ખનાજી અને મેહરવાનજી મનચેરજી મોદીને નેમ્યા હતા.

૧૯–એજ વરસમા યાને ઇ સ. ૧૮૮૯ મા રંગુનની નામદાર રેકોર્ડરની કોર્ટમા ત્યાના પારસીઓની આરામગાહ માટેનો એક મુકદમો ચાલ્યો હતો, જે વખતે બેહુ પક્ષોની સમતીથી તે નામદારે એ દસ્તુરજીનું એ વીશેનુ લેખીત મત માગયુ હતું, તેમજ મુબઇની કોર્ટમા એક કરતા વધુ વખત એ વીશે શાક્ષી આપી ખુલાસો કર્યો હતો તેનો આધાર પકડી રેકોરડરે ઉપલો મુકદમો ચુકવ્યો હતો

૨૦–ઇ સ. ૧૮૯૦ ના ફેબ્રુઆરી માસમાં એવણુ પોતાના કેટલાક દોસ્તો સાથ ઉત્તર હિંદુસ્તાનની સહેલગાહે ગયા હતા, અને અલાહબાદ, લખનો, કાનપોર, કલકતા, રાણીગંજ, દીલ્લી, આગ્રા, અજમેર અને ત્યાંથી અજમેરને રસ્તે પાછા ફરતા અમદાવાદ તથા વડોડરા વીગેરે જાણીતા શહેરોની મુલાકાત લીધી હતી અને ત્યાના જરથોસ્તીઓ તરફથી એવણુને પોતાના દરજાને છાજતો આવકાર મલવા સાથ માનપત્રો, સીઆલો અને પરસો મલી હતી એ પ્રવાસ દરમ્યાન ઝાનસી અને અલાહબાદમા ત્રણ પારસી બાલકોની નોજોદ બરસતુમવાલા મોબદ વગર પોતે નહાન નહવાડીને કીધી હતી. તેમજ હિન્દના તે વખતના વોઇસરોય લોર્ડ લેન્સડાઉન, બંગાલના લેફ્ટેનન્ટ સર સ્ટુઅર્ટ બેલી તથા મોહટા સરકારી અમલદારોની એ દસ્તુરજીએ મુલાકાત લીધી હતી. આએ વખતે કલકતા, કાનપોર તથા અમદાવાદના જરથોસ્તીઓ તરફથી દસ્તુરજીને નીચે મુજબના માનપત્રો મલ્યાં હતા.—

૧–કલકતાની જરથોસ્તી અનજુમન તરફનુ માનપત્ર —

"પાક દાદાર અહુરમઝદની મદદ હોજો"।

"નેકનામ દસ્તુરજી સાહેબ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના. એમ. એ, પી એચ. દી, દી સી એલ."

"જત તમો નામદાર સાહેબના નેક કદમ આએ તરફ પધારેઆથી હમો અતરે વસનારા જરથોસ્તી ફીરકાના ખાસોઆમ આએ જોગવાઈએ તમો સાહેબને મુબારકબાદી આપીએ છીએ.

દસ્તુરજી સાહેબ–પુરાતમ જરથોસ્તી મજહબની અશોઇ તથા પવીત્રાઇ હિંદુસ્તાન ખડની બોહલી તથા ભેલશેલ વસ્તીના દરમેઆન કાયમ તથા મોજુ રહી છે તેનો મુખ્ય સબબ એજ કે આપણુ પવીત્ર મજહબના દસ્તુર દાવરો પોતાની અશોઇથી તથા દીનાઆઇનને લગતી પોતાની કાબેલ્યતથી પોતાની કોમની રાહનુમાઈ કરતા આવીઆ છે તેમજ આપણી કોમના આગેવાનોને ભલા અને નેક કામો કરવાની ઉલટ આપતા રહયા છે. એવા દસ્તુર દાવરો જેવોની યાદગારી આપણી પવીત્ર ધર્મકીરીઆઓમાં જલવાઈ રહી છે અને ચ દરોકાલ સુધી કાએમ રહેશે તેવા દસ્તુર દાવરોની સફની લાએકાત તમો દસ્તુરજી સાહેબે પોતાની કાબેલ્યત તથા પરહેજગારીથી હાસલ કીધી છે જેની ખુશનામી હિદુસ્તાન ધરતીના જરથોસ્તી ટોળામાં તેમજ પરકોમમા આશકારા છે

દસ્તુરજી સાહેબ–તમો જેવા નેક અને અશો મરદને માન તથા ઇજત આપવાના કામને અતરે વસનારા સઘલા જરથોસ્તીઓ પોતાની આઇન ફરજ સમજે છે તેથી આએ જોગવાઈએ હમો નીચે સહી કરનારાઓ તમો સાહેબની સેવામા અરજ ગુજારીએ, છીએ કે તમો સાહેબ તરફના હમારા માન તથા મમતાની ઇધાણી દાખલ આએ સાથ મુકેલી સીઆલ તથા પર્સ તમો સાહેબ કબુલ રાખી હમો ઉપર આભાર કરશો.

શ્રી કલકતા રોજ ૩૦ મો માહા ૫ મો શહેનશાહી તથા માહા ૬ ઠો કદમી સને ૧૨૫૯ યઝદ-જરદી તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૯૦ ઈસવી.

(આ માનપત્ર ઉપર શેઠો માણેકજી રૂસતમજી બનાજી, ધનજીભાઇ બેહરામજી મેહતા, હીરજીભાઈ માણેકજી રૂસતમજી, ફરામજી મનચેરજી, રૂસતમજી ધનજીભાઈ મેહતા, કાવશજી માણેકજી રૂસતમજી, હીરજીભાઇ મનચેરજી ફરામજી તથા બીજા જરથોસ્તીઓની મલી ૯૨) શહીઓ છે અને તેને સુંદર કાસકેટમાં મુકી રૂ ૧૦૦૧ ની પર્સ સાથ દસ્તુરજીને એનાયત કરવામાં આવ્યું હતું)

૨–કાનપોરના જરથોસ્તીઓ તરફનુ ફારસી નઝમમાં લખેલું માનપત્ર —

બ બાગે હિન્દ ગુલે તાજેહ દમીદ ઈમરૂઝ,
ઝે સુએ ગેરબ નસીમે સહર રસીદ ઈમરૂઝ.
દીલશ મનવવરો હમ દીદેહ અશ સુદેહ રૂશન,
જમાલેપાક ચુ જામાસ્પજી બે દીદ ઈમરૂઝ.
નદીદ ચશમે ફલક હમગહી ચુનીન દસ્તુર,
ઝે ખાને ન આમતે ઉ ખલ્ક રીઝેહ ચીદ ઈમરૂઝ.
મનવવર અ દ મઆબદ ઝે શમએ એલમશ,
મતાએ આખેરત હમકીના ખરીદ ઈમરૂઝ.
બ હુઝીઆન ચે રસદ અઝ કલામે શીરીનશ,
બ દેહર લેહઝત બેહરામ હમ ચશીદ ઈમરૂઝ.
ઝે બરકતે કદમે પાક આં ખજસ્તેહ ખેસાલ,
ઝે હિન્દ બગઝો અનાદો રયા પરીદ ઈમરૂઝ
શુદેહ મનવવર કાશાને અમ ઝે મકદમે એર,
કે મેહમાને ગેરામીએમા રસીદ ઈમરૂઝ

અર્થ.—

હિન્દના બાગની અંદર આજે એક તાજુ ફુલ ઉગ્યુ, અને પશ્ચીમ તરફથી સહવારની લેહકી ફુકી. જયારે જામાસ્પજીનો ખુબસુરત ચેહરો આજે જોયો ત્યારે તેનુ દીલ નુર ભરેલુ અને આખો રોશન થઈ. આસમાને પણ કદી એવો દસ્તુર જોયો નથી કે જેની નીઆમતના દસતરખાન ઉપરથી આજે ખલકે રેજાઓ ચુન્યા તેના એલમની રોશનીથી એબાદતખાનાઓ રોશન થયા અને આખેરતનો તોશો આજે ખરીદાયો. તેના મીઠાશ ભરેલા સખુનો આગલ હમારૂ બેહુદું બોલવુ શુ બીસાદ ધરાવે છે બેહરામે (આએ નઝમનો બનાવનાર) આજે જમાનાની લેહઝત ચાખી. આએ મુબારક ખસલતના દસ્તુરજીના પાક કદમની બરકતથી હિન્દમાથી દગો ફટકો અને મકર આજે ગુમ થઇ ગયું જયારે હમારો પીઆરો મેહમાન આજે આવી પુગ્યો ત્યારે તેના બખ્તાવર કદમથી હમારૂં મકાન નુર ભરેલુ થયુ

(આ ફારસી માનપત્ર ઉપર શેઠો જમશેદજી જેહાંગીરજી લાલા, બેજનજી હોરમજી દાતરા, હીરજીભાઈ મીનોચેહરજી, બેહરામજી નવરોજી જવેરી, બેહરામજી ફરાંમજી મરચંટ, શહેર્યારજી ફરામજી કોચબીલડર, કાવશજી શોહરાબજી મેહતા, ફરામજી માણેકજી મેહતા, પેશતનજી દારાબજી ચોકશી, એદલજી રૂસતમજી દાતરા તથા શાપુરજી શોહરાબજીની શહીઓ છે).

૩–અમદાવાદની જરથોસ્તી અનજુમન તરફતું માનપત્ર .—

" નેકનામ દસ્તુરજી સાહેબ દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના એમ. એ., ડાક્ટર ઓવ ફાઇલોસોફી, ડી. સી. એલ., ઇત્યાદી. ઇત્યાદી."

" નામદાર સાહેબ "

" આપ જેવા નેક અને વિદ્વાન દસ્તુર સાહેબ અતરે પધાર્યા છો તેથી અતરેના સર્વે જરથોસ્તીઓને ભારે ખુશી ઉપજી છે

જરથોસ્તી ધર્મના ઓહલા અભ્યાસથી અને ઝંદ, પહેલવી વીગેરે ભાષાઓના ઉત્તમ જ્ઞાનથી આપે જે કાબેલ્યત મેલવી છે તેથી આપનુ મુબારક નામ સર્વ સુધરેલી કોમોના વિદ્વાન મંડળમા પ્રસીધ્ધ છે.

જરથોસ્તી ધર્મને લગતી કતાબો અને લેખો મેલવવામા તથા આપણા પાક ધર્મને લગતા પુસતકો રચવામા આપે લાબી મુદતથી જે મેહનત લીધી છે તેનુ બ્યાન લબાણથી કરવાની જરૂર નથી, કારણકે તે સર્વેને જાહેર છે

વિદ્વાન મડળમાં આપ સાહેબ મશહુર છો અને વિદ્વાન મડળમા નામીચી ગણાય એવી પદવીઓ આપ પામ્યા છો તે જોઇ હમોને ભારે ખુશી ઉપજે છે.

આપ જાણીને ખુશી થશો કે અતરે જરથોસ્તીઓની વસ્તી દીન પર દીન વધતી જાએ છે, અને એક બ્રાટીશ રાજ્યના રૂડા પ્રતાપથી અતરેના જરથોસ્તીઓની આબાદીમાં પણ વધારો થતો જાએ છે

આપ જેવા નેક, વિદ્વાન, બુઝોરગ અને બુલદ દરજ્જો ધરાવનાર દસ્તુર સાહેબ જરથોસ્તી ટોળામા છો તે માટે હમો ખચીત મગરૂર છીએ અને આપને અતરે પધારેલા જોવાથી ભારે સતોષ અને હરખ ઉપજે છે

છેવટે હમો ખરા જીગરથી ચાહીએ છીએ જે આપ સાહેબ ઘણુ જીવી સુખ અને આબાદી સાથે કાયમ રહો અને પાક જરથોસ્તી ધર્મનુ જ્ઞાન આપણા ટોળામા વધે એ વીશે હમેશા કોશેશ કરતા રહો. "

અમદાવાદ, માર્ચ ૧૮૯૦

હમો છીએ,

નામદાર સાહેબ,

આપના સદા હીતકારી સેવકો

(હયા શેઠો નવરોજી દોરાબજી ખડાલેવાલા, ફીરોઝ હોરાબ દસ્તુર જામાસ્પ આશાના, ફરામજી પેશતનજી વકીલ, કાવશજી મનચેરજી કારજાવાલા, નવરોજી પેશતનજી વકીલ, જેહાંગીર પેશતનજી વકીલ તથા જમશેદજી અરદેશર દલાલ તથા બીજા જરથોસ્તીઓની મલી ૫૦) ઉપર સહીઓ છે

૨૧–ઈ. સ ૧૪૯૨ માં કોલમબસે અમેરીકા ખડ સોધી કહાડયો તેને ઇ સ. ૧૮૯૨ માં ચાર સદી પુરી થાવાથી એમણે તે બનાવની યાદમા કેટલુક લખાણ કરી અમેરીકા ખંડ ખાતે મોકલ્યું હતુ.

૨૨–ઈ. સ. ૧૮૯૨ ના સપટેમબર માસમા લડન ખાતે ભરાયલી ઓરીએંટળ કોનગ્રેસમાં યુરોપ તથા અમેરીકાના ઝદ–પહેલવીના અભ્યાસીઓ તરફથી પ્રોફેસર દારમેસતેતરે એવી દરખાસ્ત કરી હતી કે " મુબઇવાલા દસ્તુરો પેશોતન બેહરામજી સજાણા તથા જામાસ્પજી મીનોચેહરજીએ ઓક્ષફર્ડની બોદલ્યન લાઇબ્રેરીને અવસ્તાના કીમતી હસ્ત લેખો ભેટ આપ્યા છે તે માટે એ બેઉ દસ્તુર સાહેબોનો ઉપકાર માનવો " એ દરખાસ્ત ખુશાલીના આવાજો સાથ પસાર થઇ હતી

૨૩–ઓક્ષફર્ડની બોદલ્યન લાઇબ્રેરીને ઇ સ ૧૩૨૩ માં ખબાતવાલા એરવદ મેહરબાન કેખુશરૂની કલમથી લખાયલી પહેલવી તરજુમા સાથની યઝશનેની મોતેબર કેતાબ જે એ મરહુમ

દસ્તુરજી તરફથી ભેટ મલી હતી તેની ૨૦૦) નકલો દોકતર મીલસે આગસ્ટ ૧૮૭૩ માં "કોલો ટાઇપ" કરાવીને છપાવી બહાર પાડી હતી.

૨૪–એજ વરસના દીસમમર માસમા શેઠ દાદાભાઈ નવરોજી પારલામેટના મેમબર થાવા પછી પહેલવહેલા મુબઈ પધાર્યા તે વખતે મુબઇની સઘલી વરણના લોકોએ તેવણને મોહટા માન સાથ બદર ઉપરથી ઊતારીને સરઘસના આકારમા લાવ્યા હતા. આ વખતે મરહુમ દસ્તુરજીને અથોરનાનો તરફથી દાદીશેઠની દરેમેહર આગલ આની શેઠ દાદાભાઇને તેઓ તરફથી મુબારકબાદી આપી ફુલનો હાર પહેરાવીને એક ખુશબોદાર તુરો ભેટ આપ્યો હતો.

૨૫–કેટલીક મુદત થાઈ બાજરોજગારના ત્રસ્ટ ફડો હાઇ કોર્ટ રદ કરતી હોવાથી હિન્દની સરકાર પાસેથી એક ખાસ કાયદો બધાવી મગાવવા માટે મુબઇના પારસીઓ તરફથી એક અરજી તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૯૬ ને દીને પારસી પંચાયતના ત્રસ્ટીઓ ઉપર મોકલવામા આવી હતી તેની સઘલી આગેવાની એ દસ્તુરજીએ પોતે કરી હતી. તેમજ તા૦ ૧૧ મી આગસ્ટ ૧૮૯૬ ને દીને મુબઇના જરથોસ્તીઓએ એવણની આગેવાની હેઠલ પારસી પચાયતના ત્રસ્ટીઓને અરજી કરી રૂવાનની ગેહ સારવાના વખતમા અને તેને સેજ્દો કરવાની રીતમા ઘટતો ફેરફાર કરવાની માંગણી કરી હતી.

૨૬–તા૦ ૧૭ મી અક્ટોબર ૧૮૯૭ ને દીને મુબઇમા અનજુમનના આતશબેહરામ એવણની આગેવાની હેઠલ સ્થાપવામા આવ્યા તે દીને તેની સીફતમા પહેલવી ગઝલો જોડીને એવણે પારસીઓમા છુટથી વેહચાવી હતી

૨૭–પારસી ધર્મ અને સંસારને લગતા ખાનગી મુકદમાઓ ચુકવવા માટે કોર્ટ એ દસ્તુરજી સાહેબને લવાદ ઠેરવી એવણના એ બાબેના પુખ્ત અનુભવ અને સહમજશકતીની ગોયા કદરસનાસી કરતી હતી.

૨૮–મુંબઇના માજી ગવરનર લોર્ડ હેરીસે ઇગ્રેજોના લોર્ડ બીશપની માફક એવણને પણ પોતાની લેવીમા "પ્રાઇવેટ એનટરી"નો હક બક્ષ્યો હતો જે એ દસ્તુરજીએ ફકત એકજ વખત ભોગવ્યો હતો

એ મુજબ એ મરહુમ દસ્તુરજીને પોતાની લગભગ સાડા છ દાહેકાની હૈયાતી દરમ્યાન અનેક તબકકાઓમાથી પસાર થવુ પડયુ હતુ અને પોતાની સાડા ત્રણ દાહેકા સુધીની દસ્તુરી કારકીરદી શુરૂથી તે આખેર સુધી ધર્મ, સસાર અને વિદ્યા એલમને લગતી અગતની બાબદો અને અનેક પરચુટણ બનાવોથી ભરપુર હોવાને લીધે એવણનુ નમુનેદાર જનમ ચરીત્ર દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનની તવારીખમા સૌથી પહેલી જગા રોકી શકશે.

પારસી ટોળાના જાણીના દસ્તુરોમા આએજ દસ્તુરજી સાહેબ એકલા એકજ દસ્તુર હતા કે જેઓ યુરોપમા અને અમેરીકાના જાણીતા વિદ્વાનોની વધુ પીછાંણમા આવ્યા હતા અને જેવણની વિદ્વતાની કદરશનાસી ત્યાના વિદ્વાન મડલો અને યુનીવરસીટીઓ તરફથી વધુ અને વધુ થવી ચાલુ રહી હતી.

એવી રીતે મરહુમ દસ્તુર જામાસ્પજી સાહેબે ૩૭ વરસ, ૧૧ મહીના અને ૪ દીવસ સુધી મોહટા માન મરતબા અને પુર જાહોજલાલી સાથે અને પોતાના હમદીનોની પ્રીત અને સતોષ વચ્ચે દસ્તુરી અમલ ચલાવી રોજ ૧૨ માહ ૧ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૨૬ મી સપટેમબર ૧૮૯૮ ઇસવી, સવત ૧૯૫૪ ના પ્રથમ આસો સુદ ૧૧ અને વાર સોમ, શાહલીવાન શાકે ૧૮૨૦, તા૦ ૯ મી જમાદીઉલ અવલ સને ૧૩૧૬ હીજરીને દીને રાતે ૧૦॥ કલાકે આએ ત્રણ પાંચ દહાડાની દુન્યામાંથી પોતાનો અસબાબ ઉઠાવી 'સરાએ મીનો" મા કુચ કરી ગયા, કે જે વખતે

એવણુ સાહેબની ઉમર ૬૮ વરસ ૧૦ મહીના અને ૪ દીવસની હતી એવણનુ મરણુ પથરીની બીમારી અને ઝઇફ ઉમરની થાલુ નાતવાનીથી નીપજયુ હતુ. પોતાની અગાઉ થઈ ગએલા દસ્તુરો કરતાં એવણે લાંબી મુદત સુધી દસ્તુરી ચલાવી હતી, પણ તેઓની ગુજરતી વખતની ઉમર સાથે સરખાવતા (એવણુના બાવાજીની ઉમર બાદ કરતા) એવણુ સાહેબની ૬૮) વરસની ઉમર તે ઘણીજ ટુંકી ઉમર લેખી શકાય.

થઇ તારી ઉપયોગી જીંદગી ખતમ,
ને શાન્તીની સેજ પર તું સુતો નરમ.
ને જીંદગીની સફરને કીધી ખલાસ,
ને દાદગરની હુજુરમા પહોંચ્યો તું ખાસ.
તેં તારી કીધી કુલ ફરજ અદા,
ગુણો તારા ગાય છે હયાં ગની–ગદા.
મુબારક થજો તને બેહસ્તની સફર,
ચુરાપ તારા એલમની બુજેછ કદર. [1]

જેમ આમલ જણાવ્યુ તેમ એવણુની દસ્તુરી કારકીરદીની શુરૂઆતમાં ભગર પથના મોબદો સાથ "મા વીસાદ" તથા "તાઉમી નમાને" અને બીજાં ભણતર કીરીઆ બાબે મતફેર ચાલવાથી એવણુને કેટલાંક વરસો સુધી ઘણુ ખમવું પડયું હતુ, પણુ એવણુની જીંદગીના છેલ્લાં વીસ વરસમાં એવણુનો દસ્તુરી દરજજો અથોરનાનો અને બેહદીનોમા ઘણો વધી ગયો હતો મુબઇનાજ નહી પણુ દેશાવરના જરથોસ્તીઓ અને પારકા પથકોના મોબદો પણુ એવણુ માટે ઘણુજ ઉંચું મત ધરાવતા હતા. પોતાની બેહદ લાયકી, સાલેસાઇ, મીલનસારી અને નમનતાઇને લીધે પોતાના હમદીનોનો એકસરખો ચાહ અને પ્યાર પોતા તરફ ખેચી લેવા પામ્યા હતા પોતે ઘણુાજ ઠંડા મીજાજના, સાફ દીલના, ભોલા અને નીશકપટી હોવાથી પોતાના દુશમનોને પણુ દોસ્ત કરી નાખ્યા હતા. કોઈબી ગરજાઉ અને મુફલીસ આદમી એવણુ આગલ જઇ ઉભો રહેતો તો તે નાસીપાસ થઇ ખાલી હાથે પાછો ફરતો ન હતો એ શીવાએ એવણુનામાં બીજા તારીફલાયક ગુણો એ હતા કે પોતાના જાની દોસ્તો અને હરહડતા શત્રુઓને સરખી નજરે જોતા હતા, તવગરો અને ગરીબોને એકસરખું માન આપતા હતા અને કદી કોઇને માટે પણુ બુરૂ વમાસ્તા હતા નહી. "બુરો જ્યારે પોતાની બુરાઇને ન છોડે તો ભલો પોતાની ભલાઇને શું કામ છોડે" એ વાકય એવણુ સાહેબની એક અલામત (Motto) હતી અને પોતાની આદખી જીંદગી એ અલામત ઉપર ચાલીને ગુજારી હતી પોતાના મોહટા દસ્તુરી દરજજા અને લાગવગથી કદી અંહકારી ન બનતા પોતાની જીંદગી ઘણી સાદી રીતે ગુજારતા હતા, અને પોતાના યજમાનો વચ્ચે એક "મોહટા મનના સાધુ" તરીકે વસવામાં ખરી દસ્તુરી સમજતા હતા. પોતાનાં હમદીનોને તેઓના ધર્મના કામમા પોતાની બનતી મદદ કરવાને કદી ચુકતા ન હતા અને પોતાના સાથળીલા મોબદોના મોહટા કીતારથી હોવાથી જરૂર પડે ત્યારે તેઓની તન, મન અને ધનથી મોહટી કુમક કરનારા હતા.

સરદારી કીધી તેં વાપરીને શાન,
રાખી તેં હમેશાં મીઠી ઝબાન.
નહિ કોઇના તું'દીથી દુખવ્યાં દીલ,
નહિ કીધી ધરમના કામોમાં ઢીલ.

---

1 "માસીક મજાહ", ઓકટોબર–નવેમબર–ડીસેમબર ૧૮૯૮.

નહિ કીધી પદવીની મગરૂરી લેશ,
મીત્રો કે મંડલમાં ભેલાયો તું બેશ. ૧

પોતાના બાપીકા વતન નવસારીની વડી દરેમેહરનો મોભો અને ટેક સાચવવાની અને બગર સાથ મોબદોના હક ઇલાકા અને પંથકોની જાલવણી માટે એ મરનાર દસ્તુરજી કેટલી કાલજી રાખતા હતા તેનો જીવતો દાખલો જો આપણુને મલતો હોય તો તે ચંદનવાડી ખાતેના અનજુમનના આતશબેહરામની સ્થાપના છે એ મકાન ઉભુ કરવા માટે એવણુને લાગત ૧૪) વરસ સુધી ભારે રંજ અને ઝેહમત ખેંચી હતી અને પોતાના લાગવગથી એના ફંડમા નાણુાની મોહટી રકમો મેલવાવી આપી હતી. એ કામ માટે એવણુને ઘણીક તરેહની ઈનેજારી, હરકતો, મુશકેલીઓ અને અનેક તરેહના વીઘનોમાથી પસાર થવુ પડયુ હતુ. એટલુજ નહી પણ પોતાના ટોળાના મોબદોના લાભ સાચવતા એવણે પોતાની દેહ ગોયા કચડી નાખી હતી તેની કશીપણ દરકાર ન કરતાં ખંત અને સબુરીથી એ નેક કામ અંતે હાર પાડ્યુ હતું. એ કીમતી શેવાના બદલામાં એવણુને એ મકાનની વંશ પરંપરા દસ્તુરી મલવા જોડે મોબદ અનજુમન, બેહદીનો, પારસી પંચાયતના ટ્રસ્ટીઓ અને બીજા ખાતાઓ તરફથી સીઆલો, માનપત્રો તથા પરમો મલી હતી જેનુ વીગતવાર બ્યાન આગલા સફામાં આવી ગયુ છે એ આતશબેહરામ બંધાઇ તેમાં નુરી કેબલો તખ્તનશીન થાવા પછી એવણુ સાહેબ પોતાની જીંદગીની એક મોહટામા મોહટી ઉમેદ પાર પડેલી સમજતા હતા, નો જો કે એ મકાનની દસ્તુરી ૧૧) મહીનાથી વધુ મુદત સુધી ભોગવવાને ભાગ્યશાલી ન હતા

નેક તારૂ યાદ થાય છે છેલ્લું જે કામ,
તે શહેનશાહીનું નવું છે આતશબેહરામ.
એકજ છે એ તારૂ એવું એક કામ,
કે રાખશે તે હમેશાં તારૂં હયા નામ.
ત્યારે તું બીજાં જે કામો છે નેક,
તેની તો ઉપજી છે ટીપણુ હયાં એક. ૧

જ્યાં સુધી કાયમ છે આતસબેહરામ,
ત્યા સુધી રહેશે હયા વહાલું તુજ નામ.
જયા સુધી રહેશે આ શહેરમા વસ્તી,
ને જયા સુધી કેબલાની રહેશે હસ્તી.
નહિ ભુલશે નર નારી નેક તારૂ નામ,
વખાણુશે ગુણુગાઇને તુજને તમામ ૧

સ્થાન આતીશબેહુશમનુ સ્થાપિને,
તેં અમર તાહરૂં નામ કીધુ.[1]

આ બાબદ ઉપર વર્તમાનપત્રો તથા ચોપાન્યાંઓમાં જે લખાણો કરવામાં આવ્યાં છે તેનો હયાં ઉતારો કરી લેવો હમો દરસ્ત ધાયે છીએ —

૧—એ આતશબેહરામના ફંડના ભલા કારોબારીઓને, અકસર કરી આપણુા બુઝોરગ દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાને ઘટે છે. કે જેમની અથાક મેહનત, ખંત,

૧ માસીક મજાહ' ઓક્ટોબર-નવેમબ ડીસેમબર ૧૮૯૮

સબુરી અને સહન સકતીથી આ મહાભારત સવાબનુ, પણ અતી મુશકેલ કામ, પોતાના માર્ગે વચ્ચેના તરેહવાર "હફ્તેખાનો" પસાર કરીને શેવટે સુરખરૂઈ સાથ સરજામ પહોંચ્યું છે. (સત્યમિત્ર તથા હખમજદયસનનામ તા૦ ૧૦-૧૦-૧૮૯૭)

૨-" એ મકાન પાછન સવ્વો મલી ખરચ રૂ. ૨,૧૦,૦૦૦ નો થયો છે એ મોહટી રકમ જરથોસ્તીઓ સામેથી મેલવવામા આગેવાન મેહનત વગર શકે દસ્તુર સાહેબ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની હતી." (જામે જમશેદ-તા૦ ૧૬-૧૦-૧૮૯૭)

૩-" સાતમો ઘણો અગત્યનો ધડો ધર્મગુરૂના અધીકાર, અસર અને દરજ્જાનો છે આપણે જાણીએ છીયે કે નવા આતશબેહરામની કારસાજીમા, તેનુ ફંડ ભરાવવામા, તેના ક્રીયાકામોમા સઉથી આગેવાન ભાગ બુઝોરગ દસ્તુરજી સાહેબ ડા૦ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાએ લીધો છે, અને તે માટે સઉથી વધારે માનપાન પણ તેમનેજ મલ્યા છે તેમને આ નવા જરથોસ્તી અનજુમનના આતશબેહરામના, અને તેની રૂએ મુંબઈની સમસ્ત પારસી અનજુમનના વડા દસ્તુર નેમવામા આવ્યા છે આ તકે તેમના તરફ જરથોસ્તી આલમ તરફથી જે જાનફેશાની અને માન મહોબત ખતાવવામા આવ્યા છે તે આગલ કોઈ પણ દસ્તુર દાવરને નહી મલેલા એવા છે. દસ્તુરજીને મલેલુ આ માન તેમના મોહટા દરજ્જા, તેમની બુઝોરગી, તેમની પાકી પરહેજગારી, તેમના એલમ, તેમની સહનસીલતા, તેમનો સખી ખવાસ અને છેલ્લે તેવણે આ કેબલો બરપા કરવા માટે બેચેલી તન, મન અને ધનની જેહમત પ્રમાણે વાજબી અને ઘટતુ છે, અને તે ઉપરથી જે ધડો મલે છે તે એકે, એક ધર્મગુરૂ જો આપ સ્વાર્થને બાજુ મેલી માત્ર ખરી ધર્મ નીષ્ટાથીજ પોતાની ફરજ બજાવે તો તે ટોળાને અને પોતાને મોટા મોટા ફાયદા કરી શકે છે દસ્તુર જામાસ્પજીને મલેલા આ સર્વોપરી માનથી તેમની લોકપ્રીયતા તથા વડપણ આપોઆપ પ્રગટી નીકલ્યા છે, અને તેમની આજની એ મોહટાઇ મેળવવા જોગ નામદારી બીજા પારસી ધર્મગુરૂઓએ નકલ કરવા જોગ છે (સત્યમિત્ર તથા હખ મજદયશનામ તા૦ ૨૪-૧૦-૧૮૯૭)

૪-" એજ સાલની યાને ગયા સાલની તા૦ ૧૭ મી અકટોબરે ચંદનવાડી ખાતે અનજુમનના ઉવરાટથી ભગર સાથના મોબેદોને માટે નવુ આતશબેહરામ બંધવાની સર્વે આગેવાની એવણે લીધી હતી, તથા તેના ફંડમા પોતે જાતે મેહનત કરી વાણુ નાણુ ભરાવ્યુ હતુ એ આતશબેહરામ પરથવાને લગતી સઘલી ક્રીયા એવણના ઉપરીપણ હેઠલ થાતી હતી તથા તેના વડા દસ્તુર તરીકે એવણને નેમ્યા હતા." (જામે જમશેદ તા૦ ૨૭-૯-૧૮૯૮)

૫-" The main burden of Collecting the funds as well as guiding the priests in the performance of various Ceremonies night and day fell upon the learned Dastur, and had it not been for his untiring and zealous exertions, the great Fire-Temple which was opened on 17th October 1897, would not have come into existence"

(Bombay Gazettee, 27th September 1898)

૬-" છેલ્લે આ વાત તેવણની તરફેણમા જાય છે કે પોતાના ભગર સાથવાલા પંથનુ એક નવુ, મોટુ આતશબેહરામ સ્થાપવાની પોતાની મોટામા મોટી ઉમેદ પાર પાડવાનો પરમ સંતોષ ભોગવીને તેવણ ગુજર પામ્યા છે તેવણ તે આતશબેહરામના વડા દસ્તુર નેમાયાથી પોતાની હૈયાતી સફલ થયલી સમજતા હતા, કે જેવા સંતોષ સાથ મરણ પામવુ, એ ફતેહ થોડાજ ભાગ્યશાલી નરના નસીબમાં સરજેલી છે" (રાસ્ત ગોફ્તાર તા૦ ૨-૧૦-૧૮૯૮)

૭-" મરહુમે પોતાની જીંદગીમા એક સઉથી મોહટુ કામ અનજુમનનુ આતશબેહરામ બાંધવાનું કીધુ હતું, અને પોતાની જીંદગીની મેહનતનુ એ માહભારત ફલ ફક્ત અગીઆર મહિના

ચાખી તેવણુ બેહસ્તે બરરીન તરફ કુચ કરી ગયા છે. અગીઆર મહિના તો અગીઆર મહિના પણ જરથોસ્તીઓને તો એટલો સધીઆરો રહેશે કે દસ્તુરજી સાહેબની ઉમેદના ઝાડપર આવેલુ ફલ ચાખીનેજ તેવણુની હૈયાતીની જોત બુજાઇ ગઈ છે" (કયસરે હિન્દ તા૦ ૨-૧૦-૧૮૯૮)

૮-"મરહુમ દસ્તુર જામાસ્પજીની અમોએ કીધેલી મજકુર સ્તુતી વિષે જો કોઇને કાંઈ પણ શક સુબેહ હોય તો તે દુર કરવાને મોટી સાબેતી, યા તેમની બલાઇનો ખાસ સરવાલો, મુંબઇ મધે માત્ર એક વરસની વાતપર સ્થાપન થયલા જરથોસ્તી અનજુમનના નુરી આતશબેહરામને તખ્તનશીન કરવાના દીવસે થયલા અસાધારણ દેખાવનો અમે રજુ કરીએ છીએ, કે જે આતશબેહરામ મુખ્યતવે એજ અથાક કાલજીવાલા દસ્તુરજીની ખત, મેહનત, જેહમત, લાગવગ, કલા કુનેહ અને બલી બલાઇનુ એક નહી સરખામણી થઈ શકે એવુ કીમતી તથા યાદગાર ફલ છે મરહુમ દસ્તુરજીની દસ્તુરી કારસાજીનુ એ જેમ છેલ્લામા છેલ્લુ, તેમ મોટામા મોટુ કામ છે તે જેમ તેઓની કારસાજીનુ મોટુ કામ છે, તેમ તેમના માન તથા મોટાઇની મોટામા મોટી સાબેતી પણ તેજ છે એ મુબારક દહાડે મુંબઇ તથા દેશાવરની જરથોસ્તી આલમે એકાકાર થઇ જે તાજ્જુબી ભરેલી એકદીલી, જે અપાર દીલજોશ તથા જે દ્રઢ મન નિશ્ચયથી તમને વધાવી તથા નવાજી લીધા હતા. તેવા અસાધારણ માન મોહબત હિંદ સરજમીનની પારસી તવારીખમા આગલ કવચીતજ કોઇ ભાગ્યશાલી દસ્તુર પામ્યા હશે, અને હવે પછી પામશે પણ કોઈ વીરલો પુરૂષ કદાચજ દસ્તુર જામાસ્પજી પારસી આલમમા કેટલા બધા લોકપ્રિય હતા, તેમના કામ તથા સદ્ગુણોની કદર તથા કીમત પારસીઓ કેટલી મોટી પીછાનતા હતા, અને તેમનાપર જાનફેશાની કરવાને તેઓ કેટલા તત્પર હતા, તે વેલા સરવેની અજાયબી વચ્ચે અચુક આકારમા એજ "ખોદાઈ મકાન"મા પ્રગટી નિકલ્યુ હતુ પણ અફસોસ! પોતાની મેહનત જેહમતનુ તે બેકીમત ફલ વધુ વખત ચાખવાને તેમની જીદગી લાંબી ન હતી તેમનુ એ મહાભારત કામ જેમ તેઓની નામદારી તથા રજકરોજીની છેઆતી કરનારૂ થઇ પડયુ હતુ તેમ અમને લાગે છે કે તેઓની જીદગીની દોરી ટુકી કરનારૂ પણ તેજ થઇ પડેલુ હોવુ જોઇએ. કેમકે તે કામની કચડી નાખનારી ઇન્તેજારી તથા મેહનતના બોજાથી તેજ વેલા તેમની તનદરસ્તીપર માઠી અસર થયલી જણાઇ હતી, તથા તે અસર વચ્ચે એ બુઝોર્ગ દસ્તુરજી પિલાતા ચાલ્યા, તેમાથી તેઓ સાજા થઈ ઉઠવા પામ્યા નહી, અને અતે આ ત્રણ પાચ દહાડાની દોરંગી દુન્યાને છેલ્લી સલામ કરી હમેશગીની મીનોઈ જેહાન મધે, પોતે આ દુન્યામા એકઠા કીધેલા બેહદ સવાબનો બદલો મેલવવા માટે તેઓ કુચ કરી ગયા છે, કે જે બદલાનુ સુખ આ દુન્યાના ક્ષણભંગુર સુખો કરતા હજારો દરજ્જે બુલંદ અને હમેશગીનું છે. (નવસારી પ્રકાશ તા૦ ૨-૧૦-૧૮૯૮)

૯-"નવા આતશબેહરામના પહેલા વરસની તવારીખમા ફકત એકજ ગમખાર બનાવ બન્યો છે, અને તે એકે જે બુજરગ દસ્તુરે મેહનત મશાકત કરીને એ આતશબેહરામ બંધાવ્યુ, અને જેવણુ એ આતશબેહરામના વડા દસ્તુર થયા, તેવણુ તેની પેહલી સાલગીરીનુ જશન માંડવા હૈયાત રહયા નથી આવા એક ભારી ગમમાં એક બીના આપણી છાટીપર પડેલો ગમનો બોજો હલકો કરે છે, અને તે એ કે દસ્તુરજી સાહેબ જામાસ્પજી પાકટી ઉમરે અને માનમરતબો પામી ભોગવીને ગુજર્યા છે, અને પોતે હૈયાતીમાં વાવેલાં નેકીના ફુલોનો પમરાત પોતા પાછલ મુકી ગયા છે." (કયસરે-હિન્દ તા૦ ૧૬-૧૦-૧૮૯૮)

૧૦-"દસ્તુરજી જામાસ્પજી મીનોચેહરજીની બેહદ મેહનતનું હમેશ મીઠા પમરાતનું ફળ આએ ચિતારમા આપેલુ મુકામ છે. જો કમનસીબે બે અથવા ત્રણ વરસ અગાઉ એવણુ સ્વરગવાસી થતે તો એ શુભ કામમા પડતી ખલલ ચાલુ રહેતે અને તે સમાપ્ત થવાનો દીવસ દુર જતે. પણ પરવરદેગારનો હોકમ કે આએ ખોદાનુ ઘર એવણુની હૈયાતીમાંજ અને એવણુને હાથેજ

ઉધડાવું જોઇયે દસ્તુરજી સાહેબ જામાસ્પજી સખ્યાબધ સ્વાલો ઓઢી હિન્દુસ્તાનના સર્વે પારસી કોમના હજારો દુવા લઇ પોતે ઉઠાવેલુ નેક કામ પાર પાડી આએ ફાની દુન્યામાંથી કુચ કરી ગયા." (કયસરે હિન્દ તા૦ ૧૫-૧૦ ૧૮૯૯.)

૧૧-"મરહુમ દસ્તુર ડાકટર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની બેહદ રંજ અતીશય ધીરજ તથા પારસી કોમની તેવણુની અશોઇ વીશે પુરતો વીશવાસ હોવાથી આએ માથે લીધેલું કામ અતે પાર પડયુ છે. જે કોઇ ધર્મી શેઠીઆઓએ મોટી રકમો ભરીને એ કામ હાર પાડયું છે તે એવણુની બેહદ કીમતી કોશેશો તથા સમજાવટીને લીધે છે એવણુ વગર એ આતશ-બેહરામ કશુ બધાતે નહી, એમાતો કાંઇબી શક નથી. શુકર પરવરદેગારના કે તેવણુ પોતાની હેયાતીમાં આતશબેહરામને લગતું સઘળુ બાંધકામ તથા ક્રીયાકામ પુરૂ કરી પુશકલ સીઆલો હોડી, પારસી કોમની દુવા તથા શાબાશી, તથા નજદીક એક વરસ વેર તેને ધીકતી અને આબાદ હાલતમાં જોઈ, બેહસ્તનશીન થયા, અને પોતાના વારસા દાખલ જરથોસ્તી ટોળાને આ આતશબેહરામનુ મકાન ચંદ રોજ સુધીનુ આપી ગયા" (શેઠ શેહરાબજી રૂસતમજી બનશાહે રચેલો "જરથોસ્તી અનજુમનના આતશબેહરામનો અહેવાલ"નો દીબાચો)

હવે એ મરહુમ દસ્તુરજી સાહેબના મીજાજ અને ખાસયત ઉપર વર્તમાન પત્રોએ જે વિચારો જણાવ્યા છે તેની તથા એવણુના ફરઝંદો વિગેરેની નોંધો લઈ એવણુ સાહેમની ઝહલકતી અને ફ્નેહમદ કારકીરદીનો સફો હમો બંધ કરીશું.

"મરહુમ દસ્તુર જામાસ્પજીની ભલમણુસાઈ, ભોલાઇ અને લાયક અસરાઈ વશે મને જે મોહટું માન હતુ, તેમાં કદી ઘટાડો થયો નહી હતો. મરહુમ જામાસ્પજી સરખા ભોલા અને ભલા દસ્તુર પારશી ધર્મગુરૂઓમાથી મલવા મુશકેલ છે પોતે ગમે એવા ભોલા છતાં, અને બીજાઓ ઉપરના પોતાના સાચ્ચા વિશ્વાસથી કેટલીકવખતે આડે રસ્તે બોલવાઇ જવા છતાં, મરહુમ પ્રમાણીક મનશ-નીથી કામ લેનારા હતા અને પકકાઇ ભરેલી ખટપટથી તદન નિરાલા રેહવાનો નિખાલશ સદગુણુ તેવણુમાં હતો બીજાઓથી પોતાના વિચાર ગમે એવા ઉલટા હોવા છતા તેવણુ તે વિચારો બાહાર પાડવાની હિમત ગખતા હતા-મનમા એક અને મોહડાપર બીજી વાત બોલનાર તેવણુ નહી હતા-પણુ પ્રમાણીક નિષ્ટાથી પોતાના મનમા જે હોય તે કહી દેવાની તેવણુની ખામીયત વખાણુવા જોગ હતી." (રાસ્ત ગોફતાર તા૦ ૨-૧૦-૧૮૯૮)

"મરહુમ દસ્તુરજી સાહેબ દીનનો એક મજબુત થાબલા હતા. તેવણુના મનની પરહેજગારી અને દીલની પવિત્રાઇ તેવણુના નુરાની ચેહરા ઉપર દીપી નીકલી હતી, અને એવો નુરાની ચેહરો શું શાદી કે શું ગમગીનીની મીજલસમા જાણે હોસે હોસે જોયા કર્યે એવો હતો તેવણુના દીલની સાદાઈ અને સ્વભાવની ભોલાઇ તેવણુના દસ્તુરી દરજાને જેબ આપતી હતી તેવણુના ભલા ગુણો એવા હતા કે પરવરદેગારે જરથોસ્તીઓને ગોયા એક નમુનેદાર દસ્તુર બખસ્યો હતો. પારસી ટોળો એ જીનતગુજીન દસ્તુરજી સાહેબને ખરાં દીલથી ચાહતો હતો અને અથોરનાનો પોતાના એ પાક પરહેજગાર સરદાર પર ફિદા ફિદા હતા." (કયસરે હિન્દ તા૦ ૨-૧૦-૧૮૯૮.)

એ મરહુમ દસ્તુરજી સાહેબમા "પરહિજગારી અને પરમાર્થના ગુણુ વિશેષ હતા, અથવા બીજા તેમના બાઇબધો કરતા વિશેષ ખીલેલા હતા જો એ દસ્તુરજીના ગુણોનો અર્ક આપણે ખેચીએ તો તે એટલોજ નીકલશે કે, પરહિજગારી અને પરમાર્થ પોતાના જાતભાઇઓને પોતાની ગીરોની યા પોતાની સીફારસ અને મદદ વડે રોજી મેલવતા અને રોટી ખાતા કર્યા છે પાકી પરહે-જગારીના તેઓ ગોયા એક અવતાર હતા, પરમાર્થ અને દરગુજરમાં ફરેસ્તા, અને ભલાઈ તથા લાયકીના જાણે નમુના હતા તેમના આ ગુણોનો ઇનકાર તેમના હરકતા સુહઇઓ કરી શકશે નહી. કેમ કે લગભગ આખો પારસી ટોળો તેમના તરફ માન અને મોહબતથી ખેચાતો હતો. અને તે

ખેંચાતો હતો ક્યાં લોહ ચુબક વડે ? મુખ્યતવે દસ્તુરજીની ભલાઈ, પવિત્રાઇ અને દરગુજરને કારણે " (નવસારી પ્રકાશ તા૦ ૨-૧૦-૧૮૯૮)

" પારસી ટોળાને આજે હિગામમાં એવા દસ્તુરો જોઇએ છે ઘડીભર યુનીવરસીટીની ડીગ્રી નહી હશે અથવા અવરતા પેહેલવીનો અભ્યાસ થોડો હશે તો ચાલશે, પણ સાલેસાઇ, નમનતાઈ, મીલનસારપણુ અને પોતાની આસપાસનાઓ તરફ સારા વીચારો અને લાગણીઓ ધરાવનારો દસ્તુર પારસી કોમને મુબારકબાદી લેવા જોગ ગણાશે. " (જામે જમશેદ તા૦ ૨૭-૯-૧૮૯૮.)

એ મરહુમ દસ્તુરજી સાહેબના લગન પોતાના મસીઆઈ કાકા મરહુમ એરવદ જમશેદજી ઉરફે બચાબાઇ તેહમુરજી દસ્તુર જામાસ્પ આશાનાના વડા દીકરી જીઆઇજી સાથ થયા હતાં જેવણે પોતાના નેક ખાવીંદને ૧૦) ફરઝંદોની ભેટ કરી હતી એ દસ્તુરજીના વડા અને ગાદીવારસ દીકરા દસ્તુર ફીરોઝ, વડાં દીકરી રતનબાઇ તે શેઠ શાપુરજી કાવશજી કોટવાલના ધણીઆણી તથા બીજા દીકરી ધનબાઇ તે શેઠ માણેકજી દાદાભાઈ અરજાણીના ધણીઆણી—એ ત્રણ ફરઝદો પોતાના માતપીતાની હૈયાતીમાં જવાન ઉમરે ગુજરી ગયા હતાં, જ્યારે ત્રણ ફરઝદો—દસ્તુર કએખુશરૂ, નાયબ દસ્તુર મીનોચેહર તથા દીકરી બચીઆઇજી તે શેઠ નાદીરશાહ ફીરોઝશાહ પથકીના ધણીઆણી—એવણ સાહેબના મરણ વખતે હૈયાત હતા ચાર ફરઝદો—દારાબ, હોરમજ, શાપુર અને આવાબાઇ ઘણીજ નાધની ઉમરે ગુજરયા હતા

અબીઆત.

ઝલકતી મહાતાબની રાત આજ,
સિહા કેમ થઇ ગઈ ? તજી નેક ન્હાજ,
અરે કોઈ મુજને કહોની સબબ,
પડે ફાલ દિલમા મને તો અજબ;
ગમીમા ગરક સહુ હતાં આજ કાલ,
જિયાદા કરૂં શું અરે હું સવાલ;
તેહેમા ઉમેરો થયો આજ એક,
ગયા આજ દસ્તુર જામાસ્પ નેક ૧
મિઠાસે ભરેલી રસીલી જબાન,
ખરે દૂધમાં ભાઈ સાકર સમાન,
હલીને મલી સર્વ સાથે હમેશ,
ગણી હમદીનો કુલ્લને નિત્ય ખેશ,
ગરીબી છતેબી દિધુ ગુપ્ત દાન,
દિધી મુફ્ત સલ્લાહ ને મુફ્ત જ્ઞાન,
ભલી કોશીશે જાલવી નેક ટેક,
ગયા આજ દસ્તુર જામાસ્પ નેક. ૨
ખરા દીલથી તો કીધાં નેક કામ,
બજાવી બતાવ્યું ધરી નેક હામ,
સહુ વાતમા ભાઈ મતફેર હોય,

ગણે કોઇ ખુબ, કોઈ ઉલટુંજ જોય;
ખરી લાગણીઓ કહી સાફ સાફ,
છુપાવ્યો જિગરનો કદી નહિજ બાફ;
બજાવી તેહવીજ ફરજો અનેક,
ગયા આજ દસ્તુર જામાસ્પ નેક. ૩
ભલા સાથ ભોલા ખવાસે અમીર,
ખરૂં ખાનદાનીજ જેનું ખમીર;
ખમી તંગદસ્તી વળી દુઃખો સાથ,
ગરજવંત કાજે છુપાવ્યો ન હાથ;
થયા દેશ, પરદેશ, સહુ જાં ફીશાન,
સહુ આલિમોએ દિધું બહુજ માન,
વિલાયત સુધી પોહચી ભાઈ છેક,
ગયા આજ દસ્તુર જામાસ્પ નેક, ૪
અરે મેં ગુમાવ્યો ? ખરો મ્હેરબાન,
સલાહકાર મ્હારો, ભલો કદરદાન,
ઉતેજન ખરાથી કિધો પુર પ્યાર,
દુખોમાં દિલાસા દિધા બેશુમાર;
ઉલટ દઇ મુજને બનાવ્યો ફીરોઝ,
કરીશ યાદ તમને અરે રોજ રોજ,
થયુ પાક કુલ ખાક, થઈ ખ્હેક ખ્હેક,
ગયા આજ દસ્તુર જામાસ્પ નેક. ૫

(જામે જમશેદ તા૦ ૨૮-૯-૧૮૯૮)

મરહુમ દસ્તુરજી સાહેબ જામાસ્પજીનુ અશો રેહ ગુરયમાન બેહસ્તમા ખુશાલ રહો ! અને એવણુના જાએનશીન દસ્તુર કએખુશરુ એવણુનાજ જેવા લાયકીવાલા, કીર્તીવાન અને નામવર નીવડો ! એવી દુઆ ચાહી મરહુમ દસ્તુરજીની નમુનેદાર કારકીરદીનો સહેજ હેવાલ બંધ કરીએ છીએ, અને હવે તેવણુ સાહેબના મરણ પછી બનેલી–તેવણુ સાહેબના સબંધમા બનેલી–કેટલીક બાબદોનું હયા વર્ણન કરીએ છીએ.

(૧) એ માનવંત દસ્તુરજીની કેટલાક દીવસની ચાલુ માંદગીને લીધે તેવણુના મરણુના સમાચાર બાહેર ફેલાંતા મુબઇના દરેક પારસી કુટુંબોમા, મરહુમ તરફ ભલી લાગણી ધરાવનારા સખ્યાબંધ પારસી કુટુંબોમા મોહટી દીલગીરી ફેલાઈ હતી એ દસ્તુરજીની પાયદસ્તની ક્રીઆ બીજે દીને પાછલા પોહરના ત્રણ કલાકે ફોરાસ રોડ તરફ આવેલાં એવણુના બેહનના બંગલામાં કરવામા આવી હતી, જે વખતે બે હજાર ઉપર જરથોસ્તીઓએ મરહુમને છેલ્લુ માન આપવા માટે પુર ગંભીરાઇથી ભેગા મલ્યા હતા. હાજર રહેલાઓમા સર જમશેદજી જીજીભાઇ ચોથા બેરોનેટ, સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બેરોનેટ, શેઠ જીજીભાઇ દાદાભાઇના ખાનદાનના નબીરાઓ, પીટીટ ખાનદાન, આલબલેશ ખાનદાન તથા બીજા જાણીતા ખાનદાનોના નબીરાઓ ઉપરાંત શેઠ ફરામજી કાવશજી બનાજીના આતશબેહરામના દસ્તુર ખુરશેદજી બેજનજી, પુનાવાલા

દસ્તુર બેહમનજી જામાસ્પજી જામાસ્પ આશાના સી આઇ. ઇ, સુરતવાલા દસ્તુર કાવશજી નશરવાનજી કએખુશરૂ, કલીઆણીવાલા દસ્તુર દારશાહ રૂસતમજી સંજાણા, થાણેવાલા દસ્તુર નોશેરવાનજી ખુરશેદજી, દસ્તુર ડાશાભાઇ શોહરાબજી મેહરજીરાણા, એરવદ પેશતનજી રૂસતમજી કાગા, એરવદ જીવણજી જમશેદજી મોદી, એરવદ તેહમુરસ્પ દીનશાહ અંકલેશરીઆ, એરવદ એદલજી કેસાસ્પજી આટીઆ, દસ્તુર દારાબ પેશોતન સંજાણા અને ભગર પંથના તથા બીજા પંથકના સંખ્યાબંધ મોબદો તથા બેહદીનો હતા. એ મોહટી મીજલસમાથી એક સારી સંખ્યા દુખમા સુધી મરહુમને છેલ્લો સેજદો કરવા ગઇ હતી. આ વખતે પોલીસે સવારો વીગેરેનો સારો બંદોબસ્ત રાખ્યો હતો એ મરહુમ દસ્તુરજીના માનમા મુંબઇના જુદા જુદા લતાના પારસી ધંધાદારીઓએ પોતાની દુકાનો બંધ રાખી હતી એ ઉપરાત ફોર્ટ હાઇ સ્કુલ, પ્રોપ્રાયટરી હાઇ સ્કુલ, ન્યુ હાઇ સ્કુલ, જમશેદજી નશરવાનજી પીટીટ ઓરફનેજ, બેહરામજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇન્સ્તીત્યુટ, નોશેરવાનજી મનચેરજી કામાવાલી નીશાલ, મોદીખે જીમનેશીઅમ વીગેરે ખાતાઓ બંધ રાખવામા આવ્યા હતાં

(૨) એ લોકપ્રીય દસ્તુરજીના ઉઠેમણાની કીરીઆ રોજ ૧૪ મો માહ ૧ લો સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૯૮ ને દીને એ મરહુમની ઝેહમતથી બરપા થયલા અનજુમનના આતશબેહરામમા કરવામા આવી હતી જે વખતે ઉપર જણાવેલા સઘલા ગૃહસ્થો ઉપરાત જાણીતા અથોરનાન તથા બેહદીન ખાનદાનના નબીરાઓ, જુદા જુદા પંથકોના મોબદો અને બેહદીનોથી આતશબેહરામના ઉપલા મજલાનુ દીવાનખાનુ, ગયાલરી તથા હેઠલનો ઓટલો ચીકાર ભરાઇ ગયા હતા

ઉઠેમણાની કીરીઆ એવણના જાનશીન દસ્તુર કએખુશરૂએ કરી હતી જે પુરી થાવા પછી મોયની શેઠ નવરોજી કાવશજી નાલીએરવાલાની દરેમેહરના પંથકી એરવદ ફરામજી હોરમજી માદને એ દસ્તુરજીની દસ્તુરી કારકારદીનુ તથા તેવણે બજાવલી દસ્તુરી ફરજોનુ ટુંક બ્યાન કરી એ દસ્તુરજીનુ નામ જાહેર જશનો અને ધુપનીરંગમા નામીચા નર–નારીઓ સાથ લેવાડવાની દરખાસ્ત કરી જેને શેઠ રૂસતમજી ડોશાભાઇ શેઠનાએ ટેકો આપ્યો હતો. એ પછી અનજુમનના આતશબેહરામની કમીટી તરફથી તેના એક શેકરેટરી મી૦ શાપુરજી બેહરામજી કાતરકે નીચલો ખુલાસાપત્ર અનજુમનની હજુર વાચી સંભલાવ્યો હતો —

"આપણા માનવંત, લાયકીવાલા અને બુઝોરગ દસ્તુરાન દસ્તુરજી સાહેબ ડાકટર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાના દુખભરેલા મરણથી પારસી કોમને મોહટી ખોટ ગઇ છે, તેજ ખોટ હમોને પણ ગએલી જોઇ હમારી કમીટીના સાહેબો અત્યંત દીલગીર છેજી. મરહુમ દસ્તુરજીની સાલેસાઈ, મીઠાસભરેલી રસીલી જબાન, હલીમલીને સરવે સાથે કામ લેવાની કુનેહ, પોતે ગરીબ છતા ગરીબોની દાઝ હઇડે ધરી તેવણે કરેલી છુપી સખાવત, એક ધરમગુરૂ તરીકેની તેવણની નમુનેદાર લાગણી એ અને બીજા અનેક ગુણો અને કામો વીસ્તારવા બેસીએ તો વખત થઇ જાએ. તેવણ પોતાના અમીરી અને ભોળા ખવાસથી આખી પારસી કોમનો વીશવાસ અને માન મેલવવાને ભાગ્યશાલી નીવડયા હતા, જેનો પુરાવો તેવણના મકાનમા ભેગી મલેલી તથા પાયદસ્તે ગયલી ગંજાવર મીજલસ પુરો પાડે છે તેવણના મરણ માટે હમારી કમીટી બહુ શોક કરે છે અને તેવણના કુટુંબના દુખમા ભાગ લીએ છે તથા દુઆ ગુજારે છે કે મરહુમના રૂહને નેક જગા બક્ષે, તથા તેવણના કુટુંબને આ મોહટુ દુખ મોસવામા તે બારે હકતાવા પુરતી શકતી બક્ષે. હમારા આતશબેહરામના ત્રસ્ટડીડની રૂએ હમોએ મરહુમ દસ્તુર જામાસ્પજીને આ આતશબેહરામના વડા દસ્તુર ઠડવ્યા હતા, આ મકાન ઉપર તથા ધર્મ સંબંધી બાબદો અને કીરીઆઓ ઉપર દેખરેખ રાખવાને તેવણને સત્તા આપી હતી એજ ત્રસ્ટડીડની રૂએ હમોએ એરવદ કેખુશરૂ જામાસ્પજી જામાસ્પ આશાનાને તેજ વખતે નાયબે દસ્તુર ઠડાવ્યા હતા, અને આજ દીને આએ જાહેર મીજલસમા હમો તેવણને આ આતશબેહરામના વડા દસ્તુરજી નેમીએ છીએ, તથા તેવણના ભાઈ એરવદ મીનોચહરજી જામાસ્પજી

જામાસ્પ આશાનાને નાયએ દસ્તુર નેમી એ બેહુ સાહેબોને એકેક સીઆલ હોરાડવાને હમો હમારી કારોબાર મંડલીના લાયકીવાલા સરનશીન શેઠ જાલભાઇ અરદેશર શેઠને એલતેમાસ કરીએ છીએ. તેમ કરતાં હમો ઉમેદ રાખીએ છીએ કે દસ્તુર કએખુશરૂ પોતાના મરહુમ મુરબીજીને પગલે ચાલી, નમનતાઇથી વરતી, આપણી કોમનો વીશવાસ મેલવવાને ભાગ્યશાની થશે " એ પછી શેઠ જાલભાઇ અરદેશર શેઠે અનજુમનના આતશબેહરામની કમીટી તરફથી દસ્તુર કએખુશરૂ તથા નાયબ દસ્તુર મીનોચેહરને એકેકી સીઆલ હોરાડી હતી. એ આતશબેહરામની કમીટી તરફની સીઆલ મલી દસ્તુર કએખુશરૂને બધી મલી ૨૩) સીઆલો હોરાડવામા આવી હતી જેની ટીપ એવણુના અહેવાલ મધે આપવામાં આવી છે એ દસ્તુરજીના ઉઠેમણાની ક્રીઆ મુંબઈ ઉપરાત ઉડવાડા, નવસારી, સુરત, અમદાવાદ, પુના, હેદરાબાદ, મઉ, એડન તથા લાહોર વીગેરે બીજા મથકો ઉપર કરવામા આવી હતી, અને મુંબઇ અને દેશાવરોથી એવણુના કુટુંબ ઉપર સંખ્યાબંધ દીલાસાપત્રો અને તારો આવ્યા હતા.

(૩) મદરાસમા પ્રગટ થતા " મદરાસ સ્ટેનડર્ડ ' નામના રોજીંદા પત્રના મુંબઇ ખાતેના ખબરપત્રી-ધારવા મેલે મુંબઈના જાણીના શેહરી મી૦ દીનશાહ એદલજી વાછા-એ મુંબઇથી તા૦ ૨ જી અકતોબર ૧૮૯૮ ને દીને એક પત્ર લખી મોકલ્યો હતો જે મજકુર પત્રના તા૦ ૬ ઠી અકતોબર ૧૮૯૮ ના અંકમા છપાયો છે, જેમા એ મરહુમ દસ્તુરજીના મરણની નીચે મુજબ નોંધ લેવામા આવી છે:—

" The Late Parsee High Priest."

" The Parsee community have now lost their High Priest the venerable Dastur Jamasp who was an honorary D C L of oxford. The learned Dastur was a fine specimen of the good old orthodox Parsee clergy–courteous, candid and Capable His geniality had endeared him to all classes of the community. He faithfully carried out in his sacred person the great ethical principles of Zoroastrianism He was good in words, good in thought and good indeed. Peace be to the remains of so good an ecclesiastic "

(૪) એ મરહુમ દસ્તુરજી સાહેબની દસ્તુરી ગાદીનો દરજ્જો જાથુકનો નીભાવવા મારેનુ એક નવું ફંડ સ્થાપવા માટે એ મરહુમના કેટલાક ખેરખાહો તરફથી હીલચાલ થાવાથી તેઓની ખાહેશને માન આપી સર દીનશાહજી માણેકજી પીટીટ પહેલા બેરોનેટે કેટલાક આગેવાન ગૃહસ્થોની એક સભા તા૦ ૨૫ મી અકતોબર ૧૮૯૮ ને દીને કોટ મધે હોરનબી રોડ તરફ આવેલાં પોતાના મકાનમાં બોલાવી હતી સરનસીનની ખુરસી સર દીનશાહજી માણેકજી પીટીટને આપવામા આવી હતી. એ સભામાં કેટલીક તકરારો ચાલવા પછી અને સર દીનશાહજી એ નવા આતશબેહરામને " અનજુમનના આતશબેહરામ " તરીકે સ્વીકારવાને ના પાડવાથી અને દસ્તુરી નેમણુક બાબેનો સવાલ ઉઠાવવાથી એ વીશેનો વિચાર કરી રીપોરટ કરવા માટે સર દીનશાહજી માણેકજી પીટીટ બેરોનેટ, શેઠો ખુરશેદજી રૂસતમજી કામાજી, શાપુરજી બેહરામજી કાતરક, જીજીભાઈ મનચેરજી મેહરવાનજી જીજીભાઇ, નાહનાભાઈ ધનજીભાઇ ખનાજી, બહમનજી બેહરામજી પટેલ, કેકોબાદ કાવશજી એદનવાલા, ડાકટર કાવશજી એદલજી દાદાચાનજી તથા સમસુલ ઓલમા એરવદ જીવણજી જમશેદજી મોદીની એક સીલેકટ કમીટી ઠેડવી સભા મુલતવી રહી હતી. આ સીલેકટ કમીટીએ ઘડી કહાડેલા રીપોરટ ઉપર વિચાર કરવા માટે આગેવાન ગ્રહસ્થોની મુલતવી રહેલી સભા તા૦ ૧૯ મી નવેમબર ૧૮૯૮ ને દીને સર દીનશાહજીના પ્રમુખપણા હેઠલ ઉપલાજ મકાનમાં મલી હતી. આ

વખતે પણ સર દીનશાહજીએ નવા આતશબેહરામને આપવામા આવેલાં નામ તથા દસ્તુરની નેમણુક વીરેના સવાલો ફરીથી ઉભા કરવાથી તે ઉપર તકરારો ચાલી હતી કેટલીક તકરાર પછી અને સીલેકટ કમીટીએ ઘડી કહાડેલા રીપોરટમાના ચોક્કસ બોલો ફેરવ્યા પછી સભાએ સુધારેલો રીપોરટ શેઠ નાહનાભાઇ ધનજીભાઇ બનાજીએ નીચે મુજબ વાચી સભલાવ્યો હતો –

"જ્યા સુધી મુબઇના શેહનશાહી જરથોસ્તીઓના નવા આતશબેહરામના ત્રસ્ટી સાહેબો તેઓના ત્રસ્ટડીડની સત્તાથી મરહુમ દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની ઓલાદમાથી પોતાના આતશબેહરામ માટે એકએક પછી એકની પછવાડે લાયક દસ્તુર ઠરાવે તે દસ્તુરને ધરમ સબધી કેળવણી લેવા તથા જારી રાખી પોતાના દરજ્જો જાલવવા શકતીવાન કરવા આપણા ભેગા કરેલા ફડની આવકમાથી તેઓને મદદ કરતા રહેવુ અને જ્યારેબી એવણ સાહેબની ઓલાદ-માથી દસ્તુર ઠરાવવામા નહી આવે અને કોઇ બીજાને ઠરાવવામા આવે ત્યારે તે આવક બીજાને નહી આપવી અને તે આવક મરહુમ દસ્તુરજી સાહેબની ઓલાદમાથી જે કોઈ લાયક માલુમ પડે તો તેવણને દસ્તુરીને છાજતી કેળવણી આપવાના કારણસર વાપરવી. અગર દસ્તુર જામાસ્પજીની ઓલાદમાથી કોઇ લાયક નર હૈયાત નહી રહયો હોય અને જો નવા આતશબેહરામ સાહેબના ત્રસ્ટીઓ જામાસ્પ આશાના ખાનદાનમાથી કોઇ લાયક નરને દસ્તુર ઠરાવે તો તેને ઉપલી મદદ કરવી." આએ રીપોરટ સભાએ એકમતે બહાલ રાખયો હતો, પણ અનજુમનના આતશબેહરામની કમીટીના મેમબરો જે પહેલેથીજ આએ હીલચાલમા શરીક હતા તેઓ ઉપલા ઠેડાવમા પોતાને હસ્તકના આતશબેહરામને "અનજુમનના આતશબેહરામ" તરીકે સ્વીકારેલા ન હોવાથી આએ હીલચાલમાથી અલગ થઈ ગયા હતા પછવાડેથી સર દીનશાહજી માણેકજી પીટીટે સારી સહમજ વાપડી નવા આતશબેહરામને "અનજુમનના આતશબેહરામ" તરીકે સ્વીકારવાથી તેવણે આગે-વાન ગૃહસ્થોની એક સભા તા૰ ૧૪ મી દીસેમબર ૧૮૯૮ ને દીને પોતાના ઉપલાજ મકાનમાં બોલાવી હતી જેમા અનજુમનના આતશબેહરામની કમીટીના મેમબરો પણ ખુશીથી સામેલ થયા હતા. પ્રમુખની ખુરસી સર દીનશાહજીને આપવા પછી સભાએ તા૰ ૧૯ મી નવેમબર ૧૮૯૮ ને દીને પસાર કરેલો ઉપલો ઠેડાવ રદ કરી તેને બદલે નીચલો ઠેડાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

"જ્યા સુધી મુબઈના જરથોસ્તી અનજુમનના આતશબેહરામના ત્રસ્ટી સાહેબો તેઓના ત્રસ્ટડીડની સત્તાથી મરહુમ દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની ઓલાદમાથી પોતાના આતશબેહરામ માટે એક પછી એકની પછવાડ લાયક દસ્તુર ઠેરવે તે દસ્તુરને ધરમ સબધી કેળવણી લેવા તથા તે જારી રાખી પોતાનો દરજ્જો જાલવવાને શકતીવાન કરવા સારૂ આપણા ભેગા કરેલાં ફડની આવકમાથી તેઓને મદદ કરતા રહેવુ, અને જ્યારેબી એવણ સાહેબની ઓલાદમાથી દસ્તુર ઠરાવવામાં નહી આવે અને કોઈ બીજાને ઠરાવવામા આવે, ત્યારે તે આવક તેવા બીજાને નહી આપવી અને તે આવક મરહુમ દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહરજીની ઓલા-દમાથી જે કોઈ લાયક માલુમ પડે તેવણને દસ્તુરીને છાજતી કેળવણી આપવાના કામસર વાપરવી. અગર દસ્તુર જામાસ્પજી મીનોચેહરજીની ઓલાદમાથી કોઇ લાયક નર હૈયાત નહી રહયો હોય અને જો જરથોસ્તી અનજુમનના આતશબેહરામના ત્રસ્ટીઓ જામાસ્પ આશાના ખાનદાનમાંથી કોઈ લાયક નરને દસ્તુર ઠરાવે તો તેને ઉપલી મદદ કરવી. અગરજો જામાસ્પ આશાના કુટુબના કોઈ લાયક નર હોવા છતા જરથોસ્તી અનજુમનના આતશબેહરામના ત્રસ્ટીઓ તેવણને દસ્તુર નહી ઠરાવે અને બાહેરનાને ઠેરાવે તો જામાસ્પ આશાના કુટુબમાંથી કોઈબી લાયક માલુમ પડે તો તેવણને તરબીઅત લેવા મદદ કરવી અગર જામાસ્પ આશાના કુટુબમાથી બી કોઇ લાયક નર વારસ હૈયાત નહી રહયો હોય તો જરથોસ્તી અનજુમનના આતશબેહરામના ત્રસ્ટીઓ જેને આતશ-બેહરામના દસ્તુર ઠરાવે તેને મદદ કરવી" એવી રીતે એ હીલચાલ પાર પડી.

(૫) ઓક્ષફર્ડ યુનીવરસીટીના "ઝદ ફાઇલોલોજી" ના પ્રોફેસર ડાક્ટર મીલસને એ દસ્તુરજીના મરણની ખબર પડતાં તેવણે "તાઈમ્સ ઓફ ઇન્ડીઆ" ઉપર નીચલો પત્ર લખી મોકલ્યો હતો:—

To

The Editor of the Times of India.

Sir,

I only learnt today, by the courtesy of a friend who sends me a copy of your issue of Oct. 1st, of the sad loss which has be fallen all of us in the death of the venerated Dastur Dr. Jamaspjee Minocherjee, High Priest of the Parsees No person with whom I have ever corresponded has more touched me by his genial dignity and kindness and I feel as if I had lost, indeed, a closely endeared friend. His letters to us in oxford made the most favourable impression upon our leading men, and his magnanimous gift of the most ancient manuscript of the Yasna not only enriched the collections of this University, but was the means of multiplying the treasure in Fac. Simile, so that the incipient investigators could learn from it how to read ancient hand writing. No Asiatic was more honoured in oxford, as was shewn by the wholly exceptional gift of our degree of D. C. L. in absentia. His portrait in large form adorns one of the most conspicuous public rooms devoted to Indian Interests, it hangs on the wall of the Reading Room at the Indian Institute, and it will be draped with mourning on the occasion of my opening my course of lectures as professor of the University.

This will be no empty token of regert.

Sd/ Lawrence Heyworth Mills

Professor of Zend Philology in the University of Oxford.

119, Iffley Road, Oxford, 16th October 1898.

(Times of India 5th November 1898.)

(૬) તા૦ ૧૯ મી નવેમબર ૧૮૯૮ ના "બ્લેક એન્ડ વ્હાઈટ (Black & White) નામના લંડનમા પ્રગટ થતા માસીક ચોપાન્યામા એ દસ્તુરજીની એક સુદર સબીની નીચે નીચલુ લખાણુ જોવામાં આવે છે —

Late Dr Jamaspji

High Priest of the Bombay Parsis

The Parsis of Bombay, one of the most prominent communities under her Majesty's sway in India, have to mourn the loss of their High Priest, Dastur Jamaspjee, who died last month at the age of Sixty nine. The deceased Dastur wrote some books on his ancient religion, among which his Pahlavi Dictionary, not yet complete, is considered

very useful. A new fire temple or cathedral was only last year built and consecrated under his auspicies at Bombay by the Parsis, who put him at the head of this new temple He was Honorary D. C L of oxford and PH D. of Tubingen.

(૭) તા૦ ૨૧ મી ફેબ્રુઆરી ૧૮૯૯ ને દીને ભરાયલાં યુનીવરસીટી કોનવોકેશનમાં વાઇસ ચેનસેલર ઓનરેબલ મી૦ જસટીસ કેન્ડીએ પોતાના ભાષાણમાં ગયે વરસે ગુજર પામેલા નામાકીત નરો વીશે બોલતા એવો ઇસારો કર્યો હતો કે —

"સ્કોલરોમાથી ગયે વરસે સમસુલ ઉલમા દસ્તુર પેશોતન બેહરામજી સંજાણા, દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાના તથા સમસુલ ઉલમા મીરઝા હેરાત આ જેહાન છોડી, ગયા છે.

(૮) તા૦ ૫ મી સપટેમબર ૧૮૯૯ ને દીને શેઠ નાહનાભાઇ રૂસતમજી રાણીનાએ "છેલ્લા પાસદીના અરસામાં ગુજર પામેલા થોડાક જાણીતા નર–નારીઓના ફરોહરની યાદ" એ બાબદ ઉપર એક જાહેર ભાષાણ કર્યું હતુ જેમાં એ મરહુમ દસ્તુરજી સાહેબના અશો રહતી નીચે મુજબ યાદ કરી હતી:—

"દસ્તુર જામાસ્પજીમાં જે એક ઉંચી લાયકાત આપણે જોવા પામ્યા છીએ તે તેમના ભોલા ખવાસ સાથની અંત:કરણની લાગણી મુજબ કશીપણ વાતના સરાપરા વગર પોતાને જે વાજબી લાગતું તે પર નીરભયપણે અમલ કરવાની ખુબીની હતી એક ધરમગુરૂના દરજ્જાને ખરેખર જેબ આપે એવા ભલા અને નેક મનશનીવાલા એ મરહુમ થઇ ગયા છે એવા એક લાયકીવાલા દરજ્જાદાર દસ્તુરના ભલા કામોની આપણે જે યાદ કરીએ છીએ તે જેટલી એ મરહુમને ખાતર નથી તેટલી તે આપણી બેહતરીને ખાતર છે એમ કહેવામા હુ જરા પણ સહરાગાત કરતો હોવુ એમ કોઇ માનશે નહી. જરથોસ્તી કોમની પોતાની સહમજશકતી મુજબ રાહનુમાઇ કરવાને એ મરહુમ દસ્તુર હરદમ કોશેશો કરતા હતા તે તેઓએ વખતો વખત કરેલી વાએજો તથા બાશાણો ઉપરથી તેમજ તેઓએ બહાર પાડેલાં ધરમ પુસતકો ઉપરથી આપણે જોઈ શકયા છીએ એવા એક દીનદાર ધરમગુરૂના ફરોહરને આ વખતે આપણે આરાધીને ખરાં જીગરથી ચાહીશુ કે એ મરહુમના ભલા ખવાસોનો વારસો તેમના જજમાનો ઉપર ઉતરે" આ ઉપરથી એટલુ તો સાબેત થાય છે કે "રાહનુમાય મઝદયશનાન સભા" ના આગેવાનો જેઓમાના શેઠ નાહનાભાઈ રૂસતમજી રાણીના પણ એક હતા તેઓને ધર્મ સબંધી બાબદોમા એ દસ્તુરજી સાથ મતફેર હોવા છતાં તેઓ એ મરહુમના ભલા ગુણો, ખાસીઅતો તથા પોતે જે કહે, બોલે અને સંભળાવે તે ઉપર મકકમપણે અમલ કરવાની ખુબીને માટે ઉચુ મત ધરાવતા હતા.

(૯) રોજ ૭ માહ ૧ સને ૧૨૬૯ યઝદજરદી તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૯૯ ને દીને મુંબઇની "બઝમે જશને રૂઝે અહુરમઝદ" તરફથી અનજુમનના આતશબેહરામમાં એ દસ્તુરજીની બાજની કીરીઆ કરવામાં આવી હતી, જે પછી એરવદ ફરામજી હોરમજી માડને "દસ્તુર સાહેબ જામાસ્પજીની જીંદગીપરથી મલનો બોધ તથા રૂવાન અને ફરોહર" એ બાબદ ઉપર એક ભાશણ આપ્યુ હતુ.

(૧૦) ઇતાલ્યન ઉમરાવ કાઉન્ટ એનજેલો દીગુબરનેટીશ તે રોમની યુનીવરસીટીના સંસકૃત પ્રોફેસરની એક સ્ત્રીચેલીએ પોતાના એ માનવંત ઉસ્તાદની યાદગારી તરીકે તેમના લખાણોનો સંગ્રહ "Etincelles" એવે નામથી ફ્રેંચ ભાષામાં પ્રગટ કર્યો છે એ સંગ્રહમાં કાઉન્ટ વાસ્ન ઓસ્કી નામના ઇતાલ્યન મુસાફરે મુંબઇથી તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૭૭ ને દીને લખેલો એક

પત્ર છે. એ પત્રમાં એ મરહુમ દસ્તુરજી સાથ થયલી મુલાકાતનુ વર્ણન કરતાં તેવણુ માટે "Le boncher Dastour" એટલે "ભલા પ્યારા દસ્તુર" એમ મજકુર મુસાફર માન સાથ બોલે છે અને જણાવે છે કે "તેવણુ સાદા અને જાણીતા છે. માયા અને દહાપણની ખુશ હરતીની નીશાની ધરાવે છે. તેવણની સાદાઈ અને માયા મેહરબાનીએ પોપનવમા વારસની મને યાદ આપી"

(૧૧) હિન્દના પ્રખ્યાત કવી ફોતોગ્રાફર શેઠ શાપુરજી નશરવાનજી ભેદવારે સપટેમબર ૧૯૦૧ મા પોતાના કવી ભેજાની કલ્પનાથી લંડનના ડડલી ગ્યાલરીના ફોતોગ્રાફીક સલોમા ૬) મોહટા ફોતોગ્રાફો મોકલી આપ્યા હતા જેમા એ મરહુમ દસ્તુરજી સાહેબનોપણ ફોતોગ્રાફ હતો એ વીશે તા૦ ૨૨ મી સપટેમબર ૧૯૦૧ ના "રાસ્ત ગોફતાર" મા નીચલુ લખાણુ જોવામાં આવે છે.—

"તસ્વીરના વર્ગના બે ચિત્રો છે. જેઓમા એક મરહુમ દસ્તુર સાહેબ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની તથા બીજી આપણા જાણીતા શેહરી મી૦ સાકન્ડીની તસ્વીર છે જે વાંચનાર એ બને સાહેબોને ઓળખતા હશે તેઓ કબુલ કરશે કે એ બને ચેહરાઓની સરીલ ઉપરની કરડી સખ્તાઈની લીટીઓમા ઠરેલ ડાવકાપણુ અને મનના બીજા ગુણોનો એવો તો છાપ મારેલો છે કે અભ્યાસને લાયકના એ ચેહરાઓ કદીબી ભુલાય એવા નથી. એ ચેહરાઓની એ સઘલી ખુબીઓની આ બે ચિત્રોમા અસલ આબહુબ નકલ ઉતારી લીધી છે.'

(૧૨) તા૦ ૨૬ મી ડીસેમબર ૧૯૦૪ ના 'જામે જમશેદ" મા ન્યુયોરકથી એક ખબરપત્રીએ લખી મોકલેલો એક પત્ર છપાયો છે જેમા લખે છે કે —

"એક દીવસે બપોરના ખાણા ઉપર પ્રો૦ જેકશનના ઇજ્જતને માન આપીને હુ હાજર થયો હતો. એ પ્રસંગે કોલંબીઆ યુનીવરસીટીના સંખ્યાબંધ મકાનોમા એ યુનીવરસીટીની ૧૦૦) વરસની જુબીલીની ધામધુમ જગેજગ ચાલી રહી હતી એ યુનીવરસીટીમાનો પ્રો૦ જેકશનનો ઓરડો પારસી ઢબ ઉપર સણગારેલો છે ત્યા એક બાજુએ કેટલાક જાણીતા પારસીઓની અને બીજા હાથ ઉપર મરહુમ દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની તસ્વીરો ટાંગેલી છે. દસ્તુર જામાસ્પજીની તસ્વીર ઉપર માનની નીશાણી તરીકે એક ગીઆલ નાખેલી છે"

દસ્તુર ફીરોઝ જામાસ્પજી.

જનમ–વિદ્યા અભ્યાસ–વિદ્વાન મંડલીના મેમબર થાવાનું માન–ફ્રેંચ ગ્રંથનો ઇંગ્રેજી તરજુમો–અચબુંચ મરણ–મીજાજ–ખાસ્યત–ફરજંદો.

એવણુ મરહુમ દસ્તુરજી સાહેબ દોકતર જામાસ્પજી મીનોચેહરજીના એક શીખેલા, બેહદ નરમાસ અને લાએકીવાલા અને ભવીષ્યમાં સારો આશા આપનારા ગાદી વારસ દીકરા હતા. એવણુ રોજ ૨૮ માહ ૬ સને ૧૨૨૩ યઝદજરદી તા૦ ૨૨ મી મારચ ૧૮૫૪ ને દીને નવસારી મધે પોતાના મમાવા મરહુમ એરવદ જમશેદજી (બચાભાઇ) તેહમુરજી દસ્તુર જામાસ્પ આશાનાના ઘરમાં જનમ્યા હતા. સવત ૧૯૨૩ ના રોજ ૨૯ માહ ૪ સને ૧૨૩૬ યઝદજરદી તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૬૭ ને દીને તેર વરસની ઉમરે નવસારીની વડી દરેમેહરમા હેરબદ થયા હતા. એવણે મુંબઈની પ્રોપ્રાયટરી હાઈસ્કુલમાં અભ્યાસ કરી ઇ. સ. ૧૮૭૨ માં ૧૭) વરસની વયે મેટરીકયુલેશનની પરીક્ષા પસાર કરી હતી એવણુ સાથ એ પરીક્ષામાં પસાર થનારાઓમા દસ્તુર દારાબ પેશોતન સંજાણા, મી૦ બેહરામજી મેહરવાનજી મલબારી, સેસન્સ જડજ મી૦ શોહરાબજી પદમજી પેશતનજી, પ્રોફેસર મી૦ કાવશજી દાદાભાઇ નાયગામવાલા, સરજન મેજર એદલજી માણેકજી દામલા, રાસ્ત

ગોફતારના અધીપતી મી૦ પહાલનજી બરજોરજી દેશાઇ, કલેકતર મી૦ જેહાંગીર ડોશાભાઇ કરાકા, બરવાનીના એડમીનીસત્રેતર ખાનબહાદુર નવરોજી માણેકજી ખોરી તથા મી૦ નવરોજી હોરમજી પાઠક વીગેરે જાણીતા પુરૂષો હતા ત્યાર પછી એલફીનસ્તન કોલેજમાં દાખલ થઇ પોતાનો અભ્યાસ આગલ ચલાવ્યો હતો, પણ તબીઅતની નાદરૂસ્તીને લીધે તબીઓની સાલહથી તે છોડી દીધો હતો. એવણે જંદ, પહેલવી અને સંસકૃતનો અભ્યાસ મરહુમ એરવદ તેહમુરસ્પ દીનશાહ અંકલેસરીઆ આગલ કર્યો હતો. એવણ ફ્રેંચ ભાષા પ્રોફેસર એ. એસ પેદરાઝા આગલ અને જરમન ભાષા રેવરન્ડ દાકતર એ. એ. ફયુરર આગલ શીખ્યા હતા એમ કાબેલ ઉસ્તાદોના હાથ હેઠલ જંદ, પહેલવી, સંસકૃત, ફ્રેંચ અને જરમન ભાષાઓની પુખ્ત તાલીમ લઇને એ દસ્તુરજાદા એક "ઓરીએંટલ સ્કોલર" તરીકે ગણાતા હતા, અને પોતાના નામાંકીત પીતાને તેઓના દસ્તુરી ધંધામાં મોહટા મદદગાર થઇ પડયા હતા

ઇ સ. ૧૮૮૬ માં એવણને મુંબઇની "એનથ્રોપોલોજીકલ સોસાયટી" ના મેમબર તરીકે ચુંટી કહાડવામાં આવ્યા હતા એજ વરસમાં એવણ "સરકલ લીટરેર" નામની ફ્રેંચ કલબના "લાઇફ મેમબર" ઠર્યા હતા ઇ સ ૧૮૮૭ માં "જુબીલી પહેલવી તેક્સ્તફંડ સ્થાપવામાં આવ્યું તેના એવણ એક મેમબર હતા એ ઉપરાંત એવણ મુંબઇની કેટલીક પારસી નીશાલોના અને ઇનામના રેસાલાઓના અવારનવાર પરીક્ષક નેમાતા હતા અને કેટલાક માસીક ચોપાન્યાઓમાં લખાણો કરતા હતા.

એવણે ફ્રેંચ વિદ્વાન દાકતર કેસારટેલીના "મઝદયશનાન ફીલોસોફી અ‍ૅાફ ધી આસાનાઇડસ" નામના ફ્રેંચ પુસતકનો ઇંગ્રેજીમાં સરેહ સાયનો તરજુમો કર્યો હતો, જે એવણના મરણને દીવસેજ છપાઇ બહાર પડયો હતો. એ પુસતક માટે મુંબઇના વર્તમાન પત્રો અને યુરોપ્યન ઓલમાઓએ સારા મતો આપ્યા હતા.

એવણ કમનસીબે રોજ ૨૨ માહ ૯ સને ૧૨૫૮ યઝદજરદી તા૦ ૫ મી જુન ૧૮૮૯ સંવત ૧૯૪૫ ના જેસ્ટ શુદ ૭ અને બુધવારને દીને ૩૫) વરસ ૩) મહીના અને ૧૭) દીવસની જવાન વયે મુંબઇમાં બેહસ્તનશીન થયા એવણનું મરણ પોતાના માતાજીના દસમાને દીવસે માથે લોહી ચહડી જવાને લીધે તતકાલ નીપજવાથી મુંબઇ તથા દેશાવરના જરથોસ્તીઓમાં બેહદ દીલગીરી ફેલાઇ હતી અને એવણના બુજારગ પીતાજી ઉપર કેટલાક મંડલો અને જરથોસ્તીઓ તરફથી દીલાસા પત્રો અને તારો આવ્યા હતા મુંબઇના નામદાર ગવનર લોર્ડ રેએ પણ એવણના પીતા ઉપર નીચલો દીલગીરી પત્ર લખી મોકલી તેવણ તરફ પોતાની દીલસોઝી બતાવી હતી અને એક ઉગતા જુવાન્યાની જીંદગી ઓચીંતી અને તતકાલ ખતમ થવી એ એક જાહેર તથા ખાનગી આફત તરીકે લેખી હતી —

Mahableshwar June 7/89.

Dear Sir,

It was with the greatest regret I heard of the death of your esteemed son so shortly after that of his revered mother. In these crushing trials I wish to offer you the expression of my sincere sympathies. To see a promising young life cut short in this sudden and mysterious way is a public as well as a private calamity. The community at large as well as the Parsi community have sustained a severe bereavement.

Believe me
Yours very truly
Reay.

એવણ જો કે પોતાના પીતાની હૈયાતીમાં દસ્તુરી ભોગવ્યા વગર બેહસ્તનશીન થયા હતાં છતાં એવણનુ નામ જાહેર જશનો અને ધુપ નીરંગની ફીરીઆમા "દસ્તુર" એલકાબથી લેવાડવાનો એવણના ઉઠમણામા ઠેડાવ થયો હતો એ વીશેની દરખાસ્ત કરતા મોથની શેઠ નવરોજી કાવસજી નાલીએરવાલાની દરેમેહરના ૫ થકી એરવદ ફ્રરામજી હોરમજી માડને જણાવ્યું કે.—

"અનજુમનના સાહેબો,"

"હું આપ સાહેબોની દીલસોઝ લાગણી અને વીવેકબુધ્ધીને એક અરજ કરવાની રજા લઉ છું એ અરજ બહાલ રહેવાથી આપણે માથે આવી પડેલી એક દુ:ખ ભરેલી ફરજ માત્ર બજાવીશું. એ અરજ એવી છે કે તે પોતે પોતાની ભલામણ પુરી પાડે છે મરનાર દસ્તુર ફીરોઝજી જો જીવીઆ હોત તો તેવણ આપણા ટોળાને ઉજવળ કીરતીવાન અને પ્રકાશીત કરત એવા સદગુણો તેવણમાં વીઆપક હતા એક અથોરનાનને લાયકની લાયકાત તો તેવણે પુરવાર કરી આપી હતી અને એક દસ્તુર થવાને યોગ્યની સર્વે યોગ્યતાના સદગુણો એવણમા હતા. પણ અફસોસ કે એ છુપુ રહેલુ ગોહર સદાનુ છુપુ થઇ ગયુ છે. મરનારમા એક ખાનગી ગ્રહસ્થ તરીકેના સઘલા નીતીમાન અને દયાશીલ સદગુણો હતા, તેમજ એક જાહેર પુરૂષ તરીકે વખત આવતાં દીપી નીકલે એવા સર્વે સદગુણો હતા. મરનારમા એક મોટી ખુબી એ હતી કે તેવણ દોસ્ત તથા દુશમનને સમાન દરસ્તીએ જોતા હતા એ ગુણ એક જાહેર માણસની યોગ્યતાને છાજતો હતો, તેમજ મરનાર જેમના સબધમા આવતા તેમના મન ઉપર સભ્યતા, નમ્રતા અને વીવેકનો અચુક છાપ પડતો હતો. મરહુમ પોતાના બુઝોરગ પીતાની ઓહદા વેહવારની રોકાણમા પોતાના કીમતી વખતનો ભોગ આપવા છતાં વીદયા અભ્યાસમા ઘણા આગલ વધેલા હતા અને જાણે વીદયા મદીરના એક ભાવીક પુજારી જેવા હતા સાહેબો, આ મારૂં કહેવુ કદાચ કોઈ સાહેબોને અતીશયોકતી જેવુ લાગતુ હશે, પણ જે જે સાહેબો મરહુમના સબધમા આવ્યા હશે તેઓ એક આવાજે કબુલ રાખશે કે જે મે કહયું છે તે મેં નથી કહયુ તેના કરતાં પણ ઘણું ઓછું છે. માટે, સાહેબો, મારી અરજ એ છે કે એ નેક રેહતું નામ આપણી ભણતર ફીરીઆમાં યાદગાર રાખવુ અને જાહેર મીજલસની ભણતર ફીરીઆમાં "દસ્તુર"ના વિશેષણથી લેવું એમ થવાથી આપણ પોતપોતાને સંતોષ આપવા ઉપરાંત મરહુમના રૂહને ખુશનુદ કરીશુ અને તેમના ખુશીઓને એક દીલાસો દઈશુ."

ઉપલી દરખાસ્તને ટેકો આપતાં શેઠ ધનજીભાઈ ફ્રરામજી પટેલે એક ટુક ભાષણ કર્યું હતું જેમાં એ મરહુમની ખાસ્યતમા સમાયલા ઉત્તમ સદગુણોની તારીફ કરી હતી એ દરખાસ્ત સર્વાનુમતે બહાલ રહેવાથી એવણનુ નામ "દસ્તુર ફીરોઝ દસ્તુર જામાસ્પ" કરી ધુપનીરગમાં લેવાયું હતું. એ વીશેનુ તા૦ ૧૫ મી જુન ૧૮૮૯ ના "પખવાડયાની મજાહ તથા પારસી ટીકાકાર"મા નીચલું અસરકારક લખાણ જોવામા આવે છે:—

"દસ્તુરાન દસ્તુર જામાસ્પજીને દીલાસો આપનાર એરવદ ફ્રરામજી માદન"

"કાતેલ મોતની માહેતમમા પણ કોઈ વખત અજાયબ દીલાસો થઇ પડે છે. નવજવાન પુત્રનુ અકાલ મોત નીપજયાના ગમમાં પારસી ફીરકાના બુલદ દરજજેના દસ્તુરાન દસ્તુર જામાસ્પજીને ગીરફતાર જોઇને એક સાચા દોસ્તનુ દીલ ઉશકેરાયું અને ઉઠમણાની ગભીર ક્રીયા થયા પછે, પેલા સાચા મીત્ર એરવદ ફ્રરામજી માદને મીજલસની ઠઠ વચે ઉઠીને ઓજરખવાઇ કરી અને હાયબક્ષ કરીને મરહુમ ફીરોજજીના ગુણોનુ ગાયન ગાયું. પછે માહ દીલસોજીથી તમામ મલેલી અનજુમનમાં મરહુમને અમરપદ આપનાની ખાસ અરજ ગુજારી અરજ સાદી પણ સરસ તે આ માત્ર "મરહુમનુ નામ દસ્તુરના એલકાબે આપણા આફ્રગાનોના મંત્રમાં આપણા કેયાની, પેસદાદયાન, સાસાન્યાન શાહનશાહો ને પહેલવાનો સાથ નામ લેવાનુ એકમતે કબુલ કરવું." આ અરજ ઉપર પારસી અનજુમને તુરત પસદગી નવાજી. પોતાના મહાન દસ્તુરના દુ:ખમાં દીલાસો

દેવાની આધીન ફરજ જાણી તમામ અનજુમન એકમત થયું દસ્તુર ફીરોજજી અમર થયા આપણા શાહનશાહો ને સરદારો સાથ બીરાજ્યા અને તમામ પારસી કોમના સખી દીલગુરદાથી નામદારીને પોહચ્યા. એરવદ ફરામજી માદનને ધન્ય છે કે પોતાના મોટા અનુભવ અને જ્ઞાનનો તકસર શેરો તાણ્યો અને એક ગમગીન પેદરની છાતીમા દીલાસો કોતરયો. મરહુમ દસ્તુર ફીરોજજીની જીંદગી યારી આપતે તો બેશક પોતાની કોમની દસ્તુરાઇની ગાદી ઉપર આવીને બહુ જશવતી કારકીરદી ગુજારવાને નશીબવાન નીવડતે. બનનાર બની નામ સર્વ નાશ છે મોડે વેહલે સઘલી સૃષ્ટીની ખલકને પોતાના માલકના મોકલેલા મોતને તાબે થવા વીના છુટક નથી "

" જે જાયું તે જાય, જેહ ફુળયું તે ખરશે;
ભરયું તે ઠલવાય, ચઢયું તે તો ઉતરશે:
લીલું તે સુકાય, નવુ તે જુનું થાશે;
આયુર્દા વશ સર્વ, કાલ સૌ કોને ખાશે. "

એ મરહુમ દસ્તુરજાદા મજબુત બાધાના, લોહીઆર બદનના અને દમામી દેખાવના હતા દસ્તુરી દરજાને છાજતી પાકી પરહેઝગારી, નમનતાઇ, મીલનસારી, લાયકી અને વિદયા એલમનો વારસો એવણુને ગોયા પોતાના વડીલોથી મલ્યો હતો અને જીદગીએ જો યારી આપી હતે તો એક નામાકીત દસ્તુર બાપના એક વધારે નામાકીત દસ્તુર દીકરા નીવડતે. મુંબાઇના માજી ગવરનર સર રીચરડ તેમપલે એ દસ્તુરજાદાને રૂ. ૪૦૦)ના દરમાયાનો સરકારી ઓધ્ધો આપવાની માંગણી કરી હતી, પણ વખત આવવે શહેનશાહી પંથના દસ્તુર બનાવવાની પુર ઉલટમાં એવણના પીતાએ એ માગણી ઉપકાર સાથ ના પાડી હતી મુબઈ તથા દેશાવરોના વર્તમાન પત્રોમાં એવણના મરણની નોંધો લેવામા આવી છે, જેમા તા૦ ૯ મી જુન ૧૮૮૯ ના " સત્ય મીત્ર "મા નીચલુ લખાણુ જોવામા આવે છે:—

" મરહુમ જામાસ્પ આશાનાની દસ્તુરી ખાનદાનની ખુબીવતી અસર એ મરનારમા પુરે૰ પુરી હોયા ઉપરાંત આજના જમાનાના વીદવાનોના એલમ અને ભાશાની માહીતી એ મરનારમા ગોયા પોતાના વડવાઓ કરતાને ઘણી વધારે હતી. મુબઇ મધેના આજના અથોરનાનોના ટોળા ઉપર એ મરનારના લાયકીવાલા પીતાજી સરદારી ભોગવે છે, તે સરદારીનો વારસો ભોગવવાને તેવણ સઘલી પ્રકારે લાયક હતા. એ બાપની બાજુએ રહીને તમામ જાતના દીનઆઇનના કીરીઆ કામમા તેમજ દુનીઆઈ બાબદોના કારોબારમા ખરા મદદગાર હતા. મા–બાપ તરફની તાબેદારી, મીતરો તરફની, મોહોબત, પાડપાડોશીઓ તરફની માયા–મેહરબાની અને સગાવાહલાઓ તરફની નેક ખાહીમાં એ મરહુમ દસ્તુરે ગોયા પ્રખ્યાતી મેલવી હતી. ખુશ મીજાજમા, સ્વભાવના રાંકપણામાં, થોડું બોલી ઘણું સમજવામા અને કઇબી રીતનો ગરવ કે તુડાઇ નહી બતાવવામાં એ મરનાર અચ્છી રીતે વખણાએલા હતા એવી ખુબીવતી સીફતો ધરાવનારો એક સપુત કોઇબી બાપ પોતાની હઇઆતીમા અચબુચો ખોહી બેસે તેમા ગમગીન થવા જોગુ ઘણું હોય એમ સઉ કોઇ સમજતા હશે. પણ કુદરતે ઇલાહીના બનાવના પરદા હેઠલ જે બેહદ ભેદભરમો છુપાયલા છે તે ઉપર જ્યારે ખરા દાનાવો બારીક નજરથી જોય છે ત્યારે સર્વ શકતીવાન સાહેબની સમજણ ઉપર સબુરી તથા હીમત અને સંતોષ બતાવી ચુપ બેસવામાજ ખરી ભલાઇ સમજે છે. "

એ મરહુમના માનમાં કોટમાના પારસી ધંધાદારીઓની દુકાનો અને શેરબજાર બંધ રખાવ વામાં આવ્યું હતુ. એવણના લગન રોજ ૭ માહ ૭ સને ૧૨૩૮ યઝદજરદી તા૦ ૨૭ મી માર્ચ ૧૮૬૯ સંવત ૧૯૨૫ ના ચઇતર સુદ ૧૫ અને સનીવારને દીને મુંબઈવાલા મરહુમ શેઠ હોરમજી એદલજી સુખીઆના દીકરી શીરીનબાઈ કેડે મોહટી ધુમધામથી થયા હતાં. એવણના એદલજી, અરદેશર અને દારાબ નામના ત્રણ દીકરાઓ અને મેહરબાઇ, માણેકબાઇ, હોમાય અને પીરોજબાઇ નામની ચાર

દીકરીઓ મલી ૭) ફરજંદો હાલ હૈયાત છે નોશેરવાન નામનો એક દીકરો નાધલી ઉમરે ગુજરયો હતો. વડી દીકરી મેહરબાઇ તે કાનાનોરવાલા શેઠ ખરશેદજી ફરદુનજી સંજાણા સાથ-બીજી દીકરી માણેકબાઇ તે શેઠ નવરોજી માણેકજી વાછા સાથ અને ત્રીજી દીકરી હોમાય તે શેઠ તેહમુરસ્પ પહાલનજી કાતરક સાથ પરણેલીઓ છે

દસ્તુર કએખુશરૂ જામાસ્પજી જે. પી.

એવણ મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરના બીજા દીકરા થાએ એવણ રોજ ૧૭ માહ ૧૨ સને ૧૨૩૫ યઝદજરદી તા૦ ૪ થી સપટેમબર ૧૮૬૬ ઈસ્વી, સવત ૧૯૨૨ ના શ્રાવણ વદ દશ અને મગલવારને દીને મુબઇમા જનમ્યા હતા. સવત ૧૯૩૬ ના રોજ ૪ માહ ૭ સને ૧૨૪૯ યઝદજરદી તા૦ ૨૧ મી માર્ચ ૧૮૮૦ ઈસ્વીને દીને નવસારીની વડી દરેમેહરમા હેરબદ થયા હતા એવણે મેટરીકયુલેશન સુધીની ઇંગ્રેજી કેળવણી પ્રોપ્રાયટરી હાઈ સ્કુલમા અને ઝંદ, પહેલવી અને ફારસીની તાલીમ મુલ્લાં ફીરોઝ મદરેસામા લીધી હતી. પોતાના વડાભાઈ મરહુમ દસ્તુર ફીરોઝ-જીના મરણ પછી એવણ પોતાના પીતાને તેઓના દસ્તુરી કામમા મદદગાર થઈ પડયા હતા. ઇ. સ. ૧૮૮૯ માં “ મોત ” ઉપર સૌથી સરસ રીસાલો લખવા માટે મરહુમ શેઠ અરદેશર શોહરાબજી દસ્તુર કામદીનના-તરફથી મુલ્લા ફીરોઝ મદરેસાની કારોબાર મડલી મારફતે રૂપાનુ “ કપ-સોસર” એવણને ઇનામમા મલ્યું હતું એ રીસાલો મરહુમ શેઠ જમશેદજી નોરોરવાનજી પીટીટની ગમખાર યાદમાં લખવામા આવ્યો હતો ઇ સ ૧૮૯૫ મા સુરત મધે “ જરથોસ્તી બચ્ચાઓને ધર્મ કેળવણીની જરૂર ” અને “ નીરગ દીન ” એ વીષયો ઉપર વાએઝો કરી હતી, જે પુરી થાવા પછી ખાનબહાદુર દારાશાહ ડોશાભાઇ દેપ્યુતી કલેકટરે એવણને સીઆલ હોરાડી હતી રોજ ૩ માહ ૨ સને ૧૨૬૭ યઝદજરદી તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૭ ને દીને મુબઈ ખાતે અનજુમનના આતશ-બેહરામ પરદાયા તેની પહેલી બોએ એવણે દીધી હતી અને એ મકાનના એવણને નાયબ દસ્તુર ઠેરવવામાં આવ્યા કે જે વખતે એવણને નીચે મુજબ ૯) સીઆલો હોરાડવા મા આવી હતી:—

૧—અનજુમનના આતશબેહરામની કમીટી તરફથી.

૨—બગર સાથ અનજુમન તરફથી.

૩—શેઠ શાપુરજી સોહરાબજી નાલીએરવાલા તરફથી

૪—શેઠ કાવશજી દીનશાહ એદનવાલા તરફથી

૫—શેઠ દાદાભાઇ નોશેરવાનજી કનત્રાકટર તરફથી.

૬—સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બેરોનેટ તરફથી.

૭—દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાના તરફથી

૮—બજારગેટ સ્ત્રીટના જરથોસ્તીઓ તરફથી

૯—મુબઇના કેટલાક જરથોસ્તીઓ તરફથી

ઇ. સ. ૧૮૯૮ માં એવણે દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાએ અનજુમનના આતશબેહ-રામની સાંબે કહાડેલા ચોપાન્યાનો રદ જવાબ છપાવી પ્રગટ કર્યો હતો.

રોજ ૧૪ માહ ૧ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૯૮ ને દીને પોતાના મરહુમ પીતાના ઉઠેમણાની મીજલસમાં એવણને તેવણની જગાએ અનજુમનના આતશબેહરામના વડા-દસ્તુર ઠેરવવામાં આવ્યા તેની મુબારકબાદીમા એવણને નીચે મુજબ ૨૩) સીઆલો હોરાડ-વામાં આવી હતી.—

૧–અનજુમનના આતશબેહરામની કમીટી તરફથી
૨–મુબઇની ભગર સાથ અનજુમન તરફથી.
૩–સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બેરોનેટ તરફથી
૪–શેઠ રૂસતમજી દાશાભાઇ શેઠના તરફથી.
૫–એરવદ જેહાગીર મેરવાનજી કાતરક તરફથી
૬–વાદરાની દરેમેહર તરફથી
૭–શેઠ કાવશજી દીનશાહ એદનવાલ તરફથી
૮–દસ્તુર જમશેદજી રૂસતમજી જામાસ્પ આશાના તરફથી
૯–શેઠ પેશતનજી રૂસતમજી કાગા તરફથી
૧૦–સુરતની નવી દરેમેહર "બાગે પારસા"ના ટ્રસ્ટીઓ તરફથી.
૧૧–શેઠ બનાજીની દરેમેહરના મોબદો તરફથી
૧૨–એજ દરેમેહરના ટ્રસ્ટીઓ તરફથી
૧૩–કામાબાગની દરેમેહરના ટ્રસ્ટીઓ તરફથી
૧૪–શેઠ જીજીભાઇ દાદાભાઇના ધરમખાતા તરફથી.
૧૫–શેઠ બાહમનજી દીનશાહ પીટીટ તરફથી
૧૬–મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજી જામાસ્પ આશાના દીકરાઓ તરફથી.
૧૭–શેઠ રૂસતમજી નાહનાભાઇ બેહરામજી જીજીભાઇ તરફથી.
૧૮–શેઠ મેહરવાનજી જીજીભાઇના દીકરાઓ તરફથી
૧૯–મરહમ શેઠ નોશેરવાનજી માણેકજી પીટીટ તરફથી
૨૦–આસમાન રોજની કુપની તરફથી
૨૧–આપાબાગ કલબના મેમબરો તરફથી
૨૨–શેઠ પેશતનજી નોશેરવાનજી ગોદીવાલાની દરેમેહર તરફથી
૨૩–"જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી" તરફથી.

એવણુની વડા દસ્તુર તરીકેની નેમણુક બાબેનો જે ખુલાસાપત્ર અનજુમનના આતશબેહરામની કમીટી તરફથી મીજલસ હજુર વાચી સભલાવવામા આવ્યો હતો તે મરહુમ દસ્તુર દોક્તર જામાસ્પજી મીનોચેહરજીના ઉઠમણાના અહેવાલ મધે દાખલ કરવામા આવ્યો છે

હવે એવણુના દસ્તુરી ગાદી ઉપર આવવા પછી એવણુની દસ્તુરી કારકીરદીના સંબંધમાં અત્યાર સુધી જે બનાવો બન્યા છે તેની વરસની અનુક્રમે નોંધો નીચે મુજબ છે —

રોજ ૩ માહ ૨ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૮ ને દીને અનજુમનના આતશબેહરામની બીજા વરસની સાલગીરીના જશનમા એવણે આતશના તુરી કેબલા ઉપર વાજ કરી હતી

રોજ ૬ માહ ૫ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૧૮ મી જાન્યુઆરી ૧૮૯૯ ને દીને એવણુને પોતાના પીતાની જગાએ "જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી"ના સરનશીન અને ટ્રસ્ટી ઠેરવવામાં આવ્યા હતા.

રોજ ૨૩ માહ ૫ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૪ થી ફેબ્રુઆરી ૧૮૯૯ ને દીને મુલ્લાં ફીરોઝ મદરેશાની કારોબાર મંડલીના એવણુને એક અધીકારી ઠેરવવામા આવ્યા હતા.

રોજ ૭ માહ ૬ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૧૮ મી ફેબરૂઆરી ૧૮૯૯ ને દીને પોતાના ખેશી દસ્તુર પેશોતન જમશેદજી જામાસ્પ આશાનાને ત્યાંના લગન અને નોજોતની કીરીઆ કરવા

માટે એવણ આકોલા પધાર્યા હતા જયાના જરથોસ્તીઓ તરફથી એવણને મોહટો આવકાર મળ્યો હતો આ વખતે આકોલાની અનજુમન અને દસ્તુર પેશોતન જમશેદજી તરફથી મળી બે સીઆલો હોરાડવામાં આવી હતી

રોજ ૩ માહ ૯ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૧૩ મી મેએ ૧૮૯૯ ને દીને પોતાના મરહુમ પીતાની જગા ઉપર એવણને "ધી પારસી મ્યુચુઅલ લાઇફ એસ્યુરન્સ એસોસીએશન "ના ત્રસ્ટી અને મેમબર ઠેડવવામા આવ્યા હતા

લાનોલી ખાતે શેઠ કાવશજી દીનશાહ એદનવાલાએ બંધાવેલી આદરાનની દરેમેહરને પરઠવાની ક્રીરીઆ રોજ ૨૨ માહ ૯ સને ૧૨૬૮ યઝદજરદી તા૦ ૩ જી જુન ૧૮૯૯ ને દીને એવણના ઉપરીપણા હેઠલ કરાવામા આવી હતી અને જશનની ક્રીરીઆ જરથોસ્તીઓના દબદબા ભરેલા મેલાવડા સનમુખ એવણે પોતે કરી હતી આ વખતે શેઠ કાવશજી દીનશાહે એવણને દરેમેહરના વડા દસ્તુર ઠેડવીને એક સીઆલ હોરાડી હતી તેમજ લાનોલીની અનજુમન તરફથી પણ એક સીઆલ હોરાડવામાં આવી હતી

તા૦ ૨૪ મી મેએ ૧૮૯૯ ને દીને મહારાણી વીકટોરીઆના ૮૧) મા વરસની ખુશાલીમાં એક જાહેર બંદગી કરી એ નેક ખસલતની શહેનશાહ બાનુના હકમા દુઆ ચાહવા માટે કલકતાના લોર્ડ બીશપ દોકતર વેલડને એક જાહેર નામુ બહાર પાડીને દરેક કોમના લોકોને અરજ કરી હતી. એ મુજબ એવણે પોતાને નામે વર્તમાન પત્રોમા જાહેર ખબર છપાવી સર્વે જરથોસ્તીઓને અનજુમનના આતશબેહરામમા ઉપલે દીને એકઠા મલી જશન અને ભેગી બંદગી કરવાની એલતેમાસ કરી હતી જશન અને બંદગી પુરી થાવા પછી એવણે એ પ્રસગને અનુસરતી એક ટુંક વાએજ કરી મહારાણી વીકટોરીઆને લાંબી જીંદગી, કુટુંબની આબાદાની તથા બ્રીટીશ અદલ રાજ્યની કાયમી ઇચ્છી હતી

માથેરાનમા કબરસ્તાન ઉભું કરવા માટે કેટલાક જરથોસ્તીઓએ હીલચાલ કરવાથી પારસીઓમા મોહટી તકરાર જાગી હતી. એ કામ આપણા મજહબની વીરૂધ અને ગુનાહ ભરેલુ હોવાથી એવણે તા૦ ૧૭ મી જુન ૧૮૯૯ ના "મુબઇ સમાચાર" મા ખુલાસાવાર પત્ર છપાવી એ હીલચાલ ઉભી કરનારાઓને એ કામ ઉપરથી હાથ ઉઠાવવાનો આગ્રહ કર્યો હતો.

તા૦ ૩ જી સપટેમબર ૧૮૯૮ ને દીને મુલ્લા ફીરોઝ મદરેસાનું ફંડ વધારવા માટે એક કમીટી નેમાઈ હતી તેના એવણ પણ એક મેમબર હતા.

રોજ ૩ માહ ૨ સને ૧૨૬૯ યઝદજરદી તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૯ ને દીને અનજુમનના આતશબેહરામની ત્રીજા વરસની સાલગીરીના જશનમાં એવણે "આતશ એ ખુદાની નીશાન છે" એ બાબદ ઉપર એક વાએજ કરી હતી

રોજ ૨૮ માહ ૨ સને ૧૨૬૯ યઝદજરદી તા૦ ૧૧ મી નવેમબર ૧૮૯૯ ને દીને અનજુમનના આતશબેહરામની કમીટીના એવણને એક મેમબર ઠેડવવામા આવ્યા હતા

ઘણાક જરથોસ્તીઓની ખાહેશથી એવણે વર્તમાન પત્રોમાં પોતાને નામે એવી જાહેર ખબર છપાવી હતી કે મુંબઈ તથા દેશાવરોમા નાશકારક મરકી અને દુકાલનુ સંકટ ફેલાયુ છે તે જલદીથી દફે થાએ અને બ્રીટીશ સરકાર સાથ ત્રાન્સવાલમા ચાલતી લડાઇનો જલદીથી સમાધાની ભરેલો નીવેડો આવે એવી દુઆ ગુજારી કરવા માટે અનજુમનના આતશબેહરામમા જશન અને બંદગીની ક્રીરીઆમાં શરીક થાવા માટે જરથોસ્તીઓને અરજ કરી હતી એ મુજબ રોજ ૨૮ માહ ૬ સને ૧૨૬૯ યઝદજરદી તા૦ ૧૧ મી માર્ચ ૧૯૦૦ ને દીને અનજુમનના આતશબેહરામમાં જશન અને બંદગી કરવામા આવી હતી જેમા ઘણાક જરથોસ્તીઓએ ભાગ લીધો હતો.

રોજ ૬ માહ ૧ સને ૧૨૭૦ યઝદજરદી તા૦ ૨૦ મી સપટેમબર ૧૯૦૦ ને દીને અનજુમનના આતશબેહરામમાં "ખુરદાદ સાલ" એ વીશય ઉપર વાઅજ કરી હતી

પારસીઓમાં બીડી પીવાનો લખ દનપર દન વધતો જતો હોવાથી જાહેરમા ઘણી તકરાર જાગી હતી. એ વીશે "જામે જમશેદ" પત્રના પ્રતીનીધીએ જરથોસ્તી ઓલમાઓ ભેગાં એવણનુ પણ લેખીત મત માગ્યુ હતુ જે તા૦ ૧૨ મી સપટેમબર ૧૯૦૦ ના મજકુર પત્રમા છાપવામા આવ્યુ હતુ

રોજ ૩ માહ ૨ સને ૧૨૭૦ યઝદજરદી તા૦ ૧૭ મી અકટોબર ૧૯૦૦ ને દીને અનજુમનના આતશબેહરામની ચોથા વરસની સાલગીરી હોવાથી એવણે તે મકાનમાં "જરથોસ્તી ધર્મ અને ક્રીઆ ઉપર એતેકાદ વધરાવનારી મંડલી" તરફથી "આતશ-નેંની બુઝોરગી, ખુબી અને સીનાયશ" એ બાબદ ઉપર વાઅજ કરી હતી

રોજ ૧૧ માહ ૩ (કદમી) સને ૧૨૭૦ યઝદજરદી તા૦ ૨૫ મી અકટોબર ૧૯૦૦ ને દીને આપણા ધર્મના ઉલટમંદ અભ્યાસી મરહુમ શેઠ ખુરશેદજી રૂસતમજી કામાજીની ૭૦) મી વરસગાંઠ હોવાથી તેવણને એ શુભ પ્રસંગની યાદગારીમા "Cama Memorial Work" ("કામા મેમોરીઅલ વર્ક") એવે નામનુ એક પુસતક ભેટ આપવામા આવ્યુ હતુ એ પુસતકમાં દાખલ કરવા માટે શમસુલ ઉલમા એરવદ જીવણજી જમશેદજી મોદીએ અવસ્તા સાહીત્યના જરથોસ્તી અને યુરોપ્યન અભ્યાસીઓને ઇરાની ભાષા, તવારીખ, ધર્મ મસાર અને સાહીત્યને લગતી બાબદો લખી મોકલવા માટે અરજ કરી હતી. એ મુજબ એવણે The day of Khordad of the month of Furvrudeen commonly called Khurdad Sal એ બાબદ ઉપર એક રીસાલો લખ્યો હતો જે મજકુર ગ્રંથમા દાખલ કરવામાં આવ્યો હતો

રોજ ૧૭ માહ ૪ (કદમી) સને ૧૨૭૦ યઝદજરદી તા૦ ૩૦ મી નવેમબર ૧૯૦૦ ને દીને શેઠ કાવસજી બેહરામજી બનાજીના કદમી આતશબેહરામની ૫૬) મા વરસની સાલગીરીના જશનની મીજલસમાં એ મકાનના દસ્તુર ખુરશેદજી બેજનજીના જમણા હાથ ઉપર બેસવા માટે એવણને વહાડીઆજીના આતશબેહરામના દસ્તુર દારાબ પેશોતન સંજાણા સાથ વાંધો પડયો હતો. દસ્તુર દારાબનો દાવો એવો હતો કે પંચાયતના માહેઓએ જમણા હાથ ઉપર બેસવાનો હક તેઓની ગાદીને આપ્યો છે, પણ તેવણના પીતા મરહુમ દસ્તુર પેસોતને મરહુમ દસ્તુર જામાસ્પજીને સભ્યતાને ખાતર એ હક ભોગવવા દીધો છે એવણનો દાવો એવો હતો કે જમણા હાથ ઉપર બેસવાનો હક તેવણ બાપદાદે ભોગવતા આવ્યા છે, માટે જેમ આગલા વરસોમાં ચાલતું આવ્યુ તેમ ચાલવાનો આજે પણ તેવણને હક છે, અને પોતાને જો જમણા હાથ ઉપર બેસવાનો હક ન મલે તો મીજલસમાથી ચાલી જવા જણાવ્યુ હતું આ ઉપરથી આતસબેહરામના ત્રસ્ટીઓએ એવણને જમણા હાથ ઉપર અને દસ્તુર દારાબને ડાબા હાથ ઉપર બેસાડીને વાંધાનો નીવેડો આણ્યા હતા. આ બાબદ ઉપર વર્તમાન પત્રોએ તકરાર જગાડી હતી અને "જામે જમશેદ" પત્રના પ્રતીનીધીએ એ બેઉ દસ્તુરોની મુલાકાત લઈ એ વીશેનો* ખુલાસો મેલવ્યો હતો જે તા૦ ૩ જી દીસેમબર ૧૯૦૦ ના મજકુર પત્રમા છાપવામાં આવ્યો હતો

રોજ ૧૨ માહ ૪ સને ૧૨૭૦ યઝદજરદી તા૦ ૨૫ મી દીસેમબર ૧૯૦૦ ને દીને શેઠ કાવસજી દીનશાહ એદલવાલાની મદદથી રાજકોટ ખાતે બંધાયના દુખમાને પરઠવાની ક્રીઆ એવણના ઉપરીપણા હેઠલ કરાવામા આવી હતી. એ વખતે રાજકોટની અનજુમને એવણને પોતામા ગ્રંથ દસ્તુર ઠેવી સીઆલ હોરાડી હતી અને નીચે મુજબનુ એક માનપત્ર એનાયત કર્યું હતુ:—

"મેહરબાન નેકનામ દીન આગાહ દસ્તુરજી સાહેબ કેખુશરૂ બેહસ્તનશીન દસ્તુર જામાસ્પજી જામાસ્પ આશાના જોગ.

માનવંત સાહેબ,

શુક્ર દાદગર દાદાર અહુરમઝદની જાત અને જનાબ મુબારકના કે શ્રી રાજકોટ મધે આપણા પાક મજહબના ફરમાન પ્રમાણે દુખમુ બંધાવવાનુ ભલુ કામ જે તમો સાહેબના પાકજાદ પીતા શ્રી બેહસ્તનશીન દસ્તુર સાહેબ જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આશાનાએ દીલભરી સાથેની કોશેશથી શુરૂ કર્યું હતુ, અને જેનો તાણો પુરવાની કીરીઆ તે પાક જાદે પોતાની નજર હેઠલ કરાવી હતી, તે ધરમનુ કામ આજે આપની મુબારક નજર નીચે ઇજીને પરીપુર્ણતાએ પહોચ્યુ છે આ નેક કામમાં બેહસ્ત બેહરે દસ્તુરજી સાહેબ જામાસ્પજીએ અને આપે જે જીગરથી કોશેશ કરી છે અને અગત્યનો ભાગ લીધો છે તેને સારૂ શ્રી રાજકોટની જરથોસ્તી અનજુમન તેઓના અને આપના આભારી અને અહેસાનમંદ છે બેહસ્ત બેહરે દસ્તુરજી સાહેબ જામાસ્પજીના ઉંચા સદગુણો, તેઓની દસ્તુરીને છાજતી પાકીજગી અને દીનદારી અને લાયકાત અને કલમીઅતથી હમો ખહુ અતીરાજી અને સંતોશી હતા, અને તેથી હમો તેઓ સાહેબને આ તરફના વડા દસ્તુર તરીકે દીલ ભરીથી પસંદ કરયા હતા અતી દીલગીરીની વાત છે કે થોડા વખતમાં તેઓ સાહેબે આ ફાની જેહાનથી અસબાબ ઉઠાવી મીનોઇ આલમમાં પોતાનો વાસ કર્યો તે કારણથી હમે તેવીજ દીલભરીથી આપને તેઓના પછી આ તરફના વડા દસ્તુરજી તરીકે પસંદ કર્યા છે, કારણ કે આપનામા પણ દસ્તુરને ઘટતા સદગુણ, દીનદારી, વીદવતા, નેક ખસલત અને દીનને લગતા સઘલા ભલા કામોમા ઉલટ અને દીલભરી જોઇએ છીએ. રાજકોટની જરથોસ્તી અનજુમનનુ ભલુ આપ સદા હઇડે ધરોછો અને તેઓને વાસ્તે હમેશાં દીલમા દાઝ રાખો છો, અને જે રાહ રવીસથી તેઓનુ ભલુ થાય તેવા કામમાં આપ સદા ખંત અને દીલભરી રાખો છો, તેને માટે તેઓ આપની મેહરબાની અને આભાર માને છે. દીન આઇનના સઘલાં નેક કામોમા શ્રી રાજકોટની જરથોસ્તી અનજુમની સાથ આપ હમેશા સામેલ રેહશો, અને જેને કરીને એ અનજુમનનુ ભલુ થાય એવા નેક કામોમા આપ હમેશા સુધ મનથી ભાગ લઇને રાહબરી કરતા રેહશો એવો હમો ભરોસો રાખીએ છીએ ખતમ કરતાં હમો દાદાર અહુરમઝદની જનાબમાં દુઆ ગુજારીએ છીએ કે તે સાહેબ આપની નેકી અને ભલાઈ અને કીરતીમા દીવસે દીવસ ઉમેરો કરે અને દીનઆઇનના ભલા કામોમા આપને સદા મશગુલ રાખી આપણા પાક પવીત્ર મજહબના જીનત અને સણગાર તરીકે આપને સુખરૂપ સલામત રાખો" એ માનપત્ર ચાદીની પીગાની અને રૂપીઆની પર્સ સાથ એવણને એનાયત કરવામાં આવ્યુ હતુ એજ મીજલસમા એવણને મરહુમ શેઠ કાવશજી દીનશાહ એદનવાલાના કુટુંબ તરફથી એક સીઆલ હોરાડવામાં આવી હતી અને બાઈ આવાબાઇ ફરામજી પીટીટ તરફથી ચાદીનો દાબડો ભેટ આપવામા આવ્યો હતો એની બે દીવસ અગાઉ યાને તા૦ ૨૭ મી દીસેમબર ૧૯૦૦ ને દીને વાંકાનેરના ઠાકોરના મેહલમાં "જરથોસ્તી ધર્મની ખુબી અને તે પાલવાની અગત" એ બાબદ ઉપર એક વાએજ એવણે જરથોસ્તી બાનુઓ અને ગૃહસ્થોના મોહટા મેલાવડા હજુર કરી હતી. રાજકોટથી મુબઇ પાછા ફરતાં એવણ થોડા દીવસ નવસારી ખાતે થોભ્યા હતા, જ્યાના એક અકાબર પોલ્યા દેશાઈ એદલજી બહમનજીએ એવણના માનમાં પાન સોપારીની મીજલસ કરી હતી જેમાં નવસારીના વડા દસ્તુર, આગેવાન શેઠો અને સાહુકારો બીરાજ્યા હતા.

અમેરીકાથી પધારેલા અવસ્તાના અભ્યાસી પ્રોફેસર જેકશનની એવણે તા૦ ૨૪ મી ફેબ્રુઆરી ૧૯૦૧ ને દીને મુલાકાત લીધી હતી જે દરમ્યાન પ્રોફેસરે એવણ તરફ જે માયાભરી લાગણી બતાવી હતી તે ગૈયા સાચી મીત્રાચારીની સાબેતી આપતી હતી ત્યાર પછી પ્રોફેસરે એવણને વળતી મુલાકાત આપી હતી અને એવણના પીતાના કેતાબ ખાનાની મોહટી ઉલટ સાથ તપાસ કરી હતી. એ મુલાકાતની યાદગારીમાં એવણે પ્રોફેસર જેકશનને "The ancient manuscript of the Yasna with its Pehlvi translation" એટલે "પહેલવી તરજુમા સાથની યઝશનેનો પુરાણો હસ્ત લેખ" એ નામનુ પુસતક ભેટ આપ્યુ હતુ, જે મોહટા ઉપકાર સાથ

પ્રોફેસરે સ્વીકાર્યું હતુ. તેમજ તા० ૧૪ મી એપ્રીલ ૧૯૦૧ ને દીને એજ વિદ્વાને એવણુની ફરીથી મુલાકાત લીધી હતી, જેની યાદગારીમા એવણે પ્રોફેસરને "યાદગારે ઝરીરાન" નામના પહેલવી પુસતકના બીજા ભાગના પ્રુફ્રો ભેટ આપ્યા હતા એ ઉપરાંત કોલબીઆં યુનીવરસીટીને ભેટ આપવા માટે એવણે બીજા કીમતી હસ્ત લેખો પ્રોફેસર મજકુરને હવાલે કીધા હતા અને બીજાઓ પાસેથી મેલવી અપાવાને પુશકલ મેહનત કરી હતી

તા० ૨૧ મી માર્ચ ૧૯૦૧ ને દીને મુબાઇ સરકારે એવણુને "જસટીસ ઓવ ધી પીસ" યાને સુલેહના અમલદાર નેમી માન આપ્યુ હતુ એની મુબારકબાદીમા "જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મ ડલી" તથા મુબઇની ભગર સાથ અનજુમન તરફથી મલી નીચે મુજબના બે માનપત્રો રોજ ૨૭ માહ ૭ સને ૧૨૭૦ યઝદજરદી તા० ૯ મી એપ્રીલ ૧૯૦૧ ને દીને અનજુમનના આતશબેહરામમા સમસુલ ઉલમા એરવદ જીવણુજી જમશેદજી મોદીના પ્રમુખપણા હેઠલ જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થોના મેલાવડા હજુર એનાયત કરવામા આવ્યા હતા :—

૧–"જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મ ડલી" તરફનુ માનપત્ર —

"માનવ ત સાહેબ,"

"આપણી નામદાર સરકાર તરફથી હાલ આપ સાહેબની સુલેહના એક અમલદાર તરીકે નેમણુક થઈ છે, તે માટે આપના પ્રમુખપણા હેઠલ ચાલતી "જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારવનારી મ ડલી" તરફથી હમો હમારી ખુશી અને સંતોષ જાહેર કરવાની રજા લઇએ છીએજી, તમો સાહેબના દીનના દસ્તુર તરીકેના માનવ ત દરજ્જાની આગલ અલબતે આવા દુન્યાઇ ખેતાબો ઉતરતા છે, પણ આ ખેતાબથી આપણી નામદાર સરકારે આપના દરજ્જાને પોતા તરફથી જે માન આપ્યુ છે, તે જોઇને ઘણાક મીત્રો અને ચાહનારાઓને ખુશી થવાનો સબબ મલ્યો છે અને તે સબબ હાથ ધરી હમો તમો સાહેબ તરફનુ હમારૂ માન જાહેર કરવાની આ જોગવાઈએ ટક લઇએ છીએજી હમારી મ ડલીના માનવ ત સરનશીન તરીકે આજ દીન સુધી ટુ ક મુદતમા જે દીલસોઝી આપે બતલાવી છે અને મ ડલીને ચઢતે દરજજે મેલવાને કીમતી સલાહો બીન સ્વાર્થે આપી છે તે માટે આ શુભ પ્રસ ગનો લાભ લઈ હમો આપ સાહેબનો નમનતાઇ પુરવક આભાર માનીએ છીએજી આપ જેવા માનવ ત સાહેબના દરજ્જાના સ બ ધમા આપને એનાયત થયલો ખેતાબ જોકે ઘણો ધ્યાન ખેચવા જોગ આપને ન દીસે, પણ તે બાબેની આપ સાહેબની લાગણીઓને બાજુ મેલી હમો તમો સાહેબના ચાહનારા અને મીત્રોએ હમારૂ તમારી તરફનુ માન અને ચાહ દેખાડવા દેવાની જે જોગવાઈ આપે લેવા દીધી છે તે માટે પણ ઉપકાર માનીએ છીએજી. છેવટે ખરા જીગરથી ઇચ્છીએ છીએ કે ખુદાતાલા તમો સાહેબને લાબો વખત સુધી તન અને મનથી સુખી રાખે અને જરથોસ્તી ટોળાની રેહબરી કરવાને શકતીવાન કરે આમીન ! આમીન ! આ માનપત્ર ચાંદીના સુંદર કાસકેટમા મુકી એવણુને સરનશીનને હાથે આપવામા આવ્યું હતું.

૨–મુ બઇની બજરસાથ અનજુમન તરફનુ માનપત્ર —

"માનવ ત સાહેબ"

"આપ નામવર સાહેબને હમારા સરદાર તરીકે કબુલ રાખવાને ટુ ક વખત થયો છે, તે અરસામાં જે માન અને કીરતી આપ સાહેબે જરથોસ્તી કોમમા મેલવી છે તે જોઇ હમો નીચે સહી કરનારા શ્રી નવસારીની વડી દરેમેહરને તાબેની અનજુમનને લગતા મુ બઇ ખાતે વસતા તથા ઉપલા પાક મકાનમા ધર્મ કીરીઆ કરનારા ભગર પ થના મોબદો ઘણા મગન છીએજી તે ઉપરાંત આપણી નામદાર મુ બઈ સરકારે આપ સાહેબને હમણા "જસટીસ ઓવ ધી પીસ"ના માન ભરેલા ખેતાબથી નવાજ્યા છે, તે માટે હમોએ ભલી સરકારનો ઉપકાર માનવા સાથ તમો સાહેબને ખરાં જીગરથી મુબારકબાદી આપીએ છીએ, અને ત પાક પરવરદેગાર સાહેબ પાસે દુઆ ગુજારીએ

છીએ જે તે બક્ષેશ કરનાર સાહેબ તમો સાહેબની તથા તમારાં નેક ફરઝંદોની ખુશી, તનદરસ્તી, ઉમરની દરાઝી, રઝક રોઝી અને ઈજત આબરૂમા હમેશ વધારો કરે, અને એથીબી વધુ માન અકરામ મેલવવાને આપ સામર્થવાન થાવો આમીન ! આમીન ! આમીન ! "

એ પછી પ્રમુખ એરવદ જીવણજી મોદીએ ટુંક ભાશણ કર્યું અને દસ્તુરજીએ સઘલાઓનો ઉપકાર માનવા પછી મેલાવડો બરખાસ્ત થયો હતો

પ્રોફેસર જેકશનને એવણે જે કીમતી હસ્ત લેખો કોલબીઆ યુનીવરસીટીને ભેટ આપવા માટે સપુર્દ કર્યા હતા તથા બીજાઓ પાસેથી મેલવી આપ્યા હતા તે વીશેનુ તુલોતવીલ લખાણ તા૦ ૧૪ મી એપ્રીલ ૧૯૦૧ ના " ન્યુયોરક હેરલ્ડ " નામના પત્રમા છપાયુ હતુ અને એ હસ્ત લેખોના બે સફાના ફોટોગ્રાફ પણ તેમા છાપવામા આવ્યા હતા એ પત્રમાં એવુ જણાવવામાં આવ્યું હતું કે " પ્રોફેસર વીલ્યમ જેકશનવાલી કોલંબીઆ યુનીવરસીટીને અવસ્તા ભાશાના કેટલાક પુરાણા હસ્ત લેખો ભેટ મલ્યા છે, જેની કીમત ન થાય તેવી કીમતી છે " તેમજ પ્રોફેસર લુઈગ્રે નામના અનુભવી અભ્યાસીએ " સનંડ હેરલ્ડ "પત્ર માટે એ કીમતી હસ્ત લેખોનો સાર ઇંગ્રેજીમા ખેચી કહાડયો છે જેમાં એવુ જણાવ્યુ છે જે " મુબઇના પારસીઓ પોતાના દેશ હિતકારીપણા, પોતાની સુધી વરતણુક વીગેરેથી તેમજ પોતાના ધર્મના કદીમપણાથી દુન્યાની આગેવાન પ્રજામાં ધ્યાન ખેચી શકે છે તેઓની દરેમેહરો તથા આતશબેહરામોમાં આતશ સદા જાગતો રહે છે, અને કદીમ તોખમના અને સ્વચ્છ વરતણુકના મોબદો તથા દસ્તુરો એ પવીત્ર આતશની સેવા બજાવે છે છેલ્લા થોડાક અઠવાડીયામા એ પુરાણા માન પામેલા હસ્ત લેખો પારસી કોમના કેટલાક આગેવાન ગૃહસ્થોની બાદશાહી ઉદારતાથી મુખ્ય કરી આતશબેહરામના વડા દસ્તુરજી કેખશરૂ દસ્તુર જામાસ્પજીની ઉદારતાથી અત્રે (ન્યુયોરક શહેરમા) એ ખજાનો આવ્યો છે જેઓ કદીમ ઇરાનના સાહીત્ય અથવા ધર્મમા લાભ લેતા હોય તેઓને એ નાદર દસ્તાવેજો પોતાનો અભ્યાસ આગલ વધારવાને સારી ઉલટ આપશે. "

મુબઇમા પારસીઓની માલેકી હેઠલ ચાલતી સ્કુલોમાં જરથોસ્તી ધર્મની કેળવણી દાખલ કરવાના સબધમાં વિચાર કરવા માટે મુબઇના આગેવાન ગ્રહસ્થોની એક સભા તા૦ ૨૨ મી મેએ ૧૯૦૧ ને દીને બાઇ ભીખાઇજી શાપુરજી બગાલીવાલી કન્યાશાલાના મકાનમા મલી હતી, જ્યાં કેટલાક ઠેરાવા થાવા પછી એ કામ હાર પાડવા માટે એક કમીટી નેમવામાં આવી હતી તેના અને તેની સબ-કમીટીઓના એવણને એક મેમબર ઠેરવવામા આવ્યા હતા.

તા૦ ૯ મી જુલાઇ ૧૯૦૧ ને દીને હાઇ કોર્ટના મરહુમ જડજ ઓનરેબલ મી૦ મહાદેવ ગોવીંદ રાનાડેની યાદગારી કાયમ રાખવાના સબધમા મુબઈના સઘલી વરણના રહીશોની એક સભા શેરીફના બોલાવાથી ટાઉન હોલમા મલી હતી. મરહુમ જડજની તારીફમા જુદા જુદા ગ્રહસ્થોએ ભાશણો કરવા પછી ઓનરેબલ મી૦ ગોકલદાસ કહાનદાસ પારખની દરખાસ્ત ઉપરથી એ કમીટી નેમવામા આવી હતી તેમા એવણ એક મેમબર હતા

એજ દીવસે યાને તા૦ ૯ મી જુલાઇ ૧૯૦૧ ને દીને પ્રોફેસર જેકશને કોલબીઆ યુનીવરસીટીમાં એક ભાશણ આપ્યું હતુ તેમાં એ દસ્તુરજીની કીમતી ભેટ માટે, તેમજ હિંદુસ્તાનના પારસીઓએ પોતાને જે દીલોજાના ભર્યો આવકાર આપ્યો હતો, તે માટે અહેશાનનો ઉભરો બાહેર પાડતાં જણાવ્યું કે " એ દસ્તુરજીની ભેટ કોલબીઆ યુનીવરસીટીને ભવીષ્યમા સારો લાભ આપનારી થઇ પડશે. "

રોજ ૩ માહ ૨ સને ૧૨૭૧ યઝદજરદી તા૦ ૧૭ મી અકટોબર ૧૯૦૧ ને દીને અનજુમનના આતશબેહરામની ૫૦મા વરસની સાલગીરી હોવાથી એવણે " જરથોસ્તી ધર્મ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારી મંડલી " તરફથી " જરથોસ્તી ધર્મની હમણા સુધીની તવારીખ ઉપરથી ઉપજતા વીચારો " એ બાબદ ઉપર એક ભાશણ આપ્યુ હતુ.

કોલંબીઆ યુનીવરસીટીને એવણે અવસ્તાના કીમતી હસ્ત લેખો ભેટ આપવાથી તે માટેનો ઉપકાર માનવા માટે મજકુર યુનીવરસીટીના ત્રસ્ટીઓની એક સભા તા૦ ૪ થી નવેમબર ૧૯૦૧ ને દીને મલી હતી એ સભામા નીચલો ઠેરાવ ત્રસ્ટીઓએ એક મતે પસાર કરી પોતાના સીલ સાથ એ દસ્તુરજી ઉપર મોકલી આપ્યો હતો.

"At a meeting of the Trustees of Columbia College in the city of New York held at the College on Monday the **4th** day of **November**, in the year of our Lord one thousand nine hundred and **one**, **the** following action was taken"

"Extracts from the minutes"

Resolved that the thanks of the Trustees be **transmitted to the Parsi Donors** in India for the valuable collection of **Avesta Manuscripts** presented to the University through Professor Jackson."

લાનોલી ખાતે અનજુમનના ઉધરાતથી બાધવા ધારેલા દુખમાનો તાણો પુરવાની કીરીઆ રોજ ૧૬ માહ ૪ સને ૧૨૭૧ યઝદજરદી તા૦ ૨૯ મી દીસેમબર ૧૯૦૧ ને દીને એવણના ઉપરી-પણા હેઠલ કરાવામા આવી હતી અને ત્યાની અનજુમન તરફથી એવણને એક સીઆલ હોરાડવામા આવી હતી.

તા૦ ૯ મી ઓગસ્ટ ૧૯૦૨ ને દીને હિન્દના નામદાર શહેનશાહ એડવર્ડની તાજપોશીની લંડન ખાતે થનારી કીરીઆનો દીવશ હોવાથી તેની ખુશાલીમા હિન્દના તમામ દેશોના લોકોએ એ દીવસ તહેવાર તરીકે મોહટી ધામધુમથી પાલ્યો હતો અને દરેક કોમ વાલાઓએ પોતાની એબાદતગાહમા જઇ બંદગી કરીને નામદાર શહેનશાહના હકમાં ભલી દુઆ ચાહી હતી એ મુજબ મુંબઇના જરથોસ્તીઓએ પણ અનજુમનના આતશબેહરામમા બંદગી કરી હતી અને જશનની કીરીઆ પુરી થાવા પછી એ દસ્તુરજીએ એ પ્રસંગને અનુસરતી જંદમા જોડેલી ખાસ બંદગી મીજલસ હજુર વાંચી સંભલાવી હતી

ઈ સ ૧૯૦૨ ના આગસ્ટ માસમા એવણે એક વધુ હસ્ત લેખ પ્રોફેસર જેકશનની મારફતે કોલંબીઆ યુનીવરસીટીને ભેટ આપ્યો હતો, એ હસ્તલેખ ૫૦૦) વરસનો પુરાણો છે અને તેમા યસનની બંદગી તેના અસલ આકારમા અને તેના એકેએક વાકયના સંસકૃત તરજુમા સાથ લખા-યલી છે અને તે એવડાં વાલેલા ૧૬૦) ફોલીઆનો છે. એ હસ્તલેખની અમેરીકન વિદવાનો અને વર્તમાનપત્રોએ ઘણી તારીફ કરી છે અને પ્રોફેસર જેકશનના ચેલા મી૦ લુઈ એચ ગ્રે "ન્યુયોરક તાઇમસ"મા એ વીશેનુ વીવેચન કરતા લખે છે કે "કોલંબીઆ યુનીવરસીતીને અત્યાર સુધીમાં મલેલા હસ્ત લેખોમા આ હસ્ત લેખ ઘણોજ કીમતી છે તેની ઉપર કાઇ તારીખ હોવા ન છતાં તે તેના દેખાવ ઉપરથી ઘણો પુરાણો લાગે છે અવસ્તાનો જે ભાગ એ હસ્ત લેખમા લખાયલો છે તે માટે પણ તે ઘણો કીમતી લેખાવો જોઇએ વીગેરે" આવી નાદર બક્ષેશની કદરશનાસીમાં એ દસ્તુરજીની એક સુંદર તસવીર કોલંબીઆ યુનીવરસીટીના હોલમા મુકવામા આવી હતી, જ્યાં એવણના પીતા મરહુમ દસ્તુર જામાસ્પજીની તસવીર ઘણુ ક અગાઉની મુકાઇ ચુકી હતી

ઈ સ ૧૯૦૨ ના અકટોબર માસમા એવણે અરદાવીરાફ નામુ તેના પહેલવી તેક્ષ્ત–દીબાચા સરેહ–અને ગુજરાતી તરજુમો–તથા જરથોસ્ત બેહરામે ફારસી બેતોમા રચેલા વીરાફ નામા (**Arda Viraf Nameh**, the original Pahlavi Text, with an introduction, **Notes**, **Gujrati translation** and Persian **version** of Zartosht Behram **in verse.**) સાથ છપાવી બહાર પાડયું હતું.

ઈ. સ. ૧૫૦૩ ના જાનેવારી માસમાં શેઠ પેશતનજી ખુરશેદજી તારાપોરવાલાએ અપંગ દેશીઓને વિદ્યા–હુનરની કેળવણી આપવા માટે એક વખાણવા લાયક યોજના ઘડી કહાડી હતી એ યોજનાને ફતેહમંદ બનવવા માટે નવાબ મોહસીન–ઉલ–મુલક, સર હરકીસનદાસ નરોતમદાસ, નવાબઝાદા નસરૂલ્લાખાન, મી૦ સેવેજ, મી૦ બેનેટ, મી૦ જીઓરજ લુડ અને મી૦ મેરેટ વીગેરે બીજા જાણીતા શહેરીઓએ મદદનો હાથ લંબાવ્યો હતો તેમા એવણ પણ એક હતા

લાનોલી ખાતે અનજુમનના ઉધરાટથી બંધાયલા દુખમાને પરઠવાની ક્રીરીઆ રોજ ૨૦ માહ ૫ સને ૧૨૭૨ યઝદજરદી તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૯૦૩ ને દીને એવણના ઉપગીપણા હેઠળ કરાવામા આવી હતી જે વખતે એવણે દુખમા ઉપર એક વાઅજ કહી સંભલાવી હતી અને લાનોલી અનજુમન તરફથી અને શેઠ દોરાબજી દીનશાહ એદનવાલા તરફથી મલી બે સીઆલો એવણને હોરાડવામા આવી હતી.

એવણની કારકીરદીમા એવણનું નામ પારસી ટોળામા અને પરકોમમાં અમર રાખનારો જે અસાધારણ બનાવ બન્યો છે તે એક ફરેચ બાનુને આપણી પવીત્ર દીનમા દાખલ કરવાનો છે. શેઠ રતનજી દાદાભાઈ તાતા પેરીસથી એક કુલીન ફ્રેચ બાનુને પોતાની મોહરદાર તરીકે લાવ્યા હતા તેણીને સુદરેહ કુસ્તી પહેડાવી આપણી દીનમાં લેવાની અને ત્યાર પછી એ બાનુના મજકુર શેઠ સાથ પારસી રસમ મુજબ લગન સારવાની ક્રીરીઆ એવણે રોજ ૨૭ માહ ૫ સને ૧૨૭૨ યઝદજરદી તા૦ ૮ મી ફેબ્રુઆરી ૧૯૦૩ ને દીને એક દબદબા ભરેલી મીજલસ સનમુખ કરી હતી, કે જે વખતે હાઇ કોર્ટના ચીફ જસટીસ સર લોરેન્સ જેનકીન્સ અને બાનુ, દખણના વડા દસ્તુર સરદાર હોશંગ જામાસ્પ, સર મનચેરજી મેહરવાનજી ભાવનગરી એમ પી, શેઠો જમશેદજી નશરવાનજી તાતા, રૂસતમજી ધનજીભાઇ શેઠના, લીમજી નવરોજી બનાજી, ખુરશેદજી રૂસતમજી કામા, હોરમજી દાદાભાઇ વકીલ, રૂસતમજી મેહરવાનજી પટેલ, રૂસતમજી ડોશાભાઇ શેઠના, ખાનબહાદુર દારાશાહ રતનજી ચીજગર તથા ૫૦) ઉપર ભગરીઆ મોબદો મજકુર શેઠ રતનજી તાતાના નોતરાને માન આપી હાજર થયા હતા પારસીઓના હિંદુસ્તાન ખાતે આવી વસવા પછી એક જુદદીન ઓરતને આપણી દીનમા વટલાવાનો આએ પહેલવહેલો બનાવ બનવાથી પારસીઓમાં તકરાર ખુબ જોશમા જાગી હતી તો જોકે દસ્તુર દારાબ પેશોતન સંજાણા, એરવદ જીવણજી જમશેદજી મોદી તથા બીજા કેળવાએલા દસ્તુરો એરવદો, બેહદીનો તેમજ વર્તમાનપત્રોએ એ અસાધારણ બનાવ તરફ પસંદગી બતાવીને ટેકો આપ્યો હતો એ બાબદ ઉપર તા૦ ૧૪ મી ફેબ્રુઆરી ૧૯૦૩ ના " અખબારે સોદાગર "મા નીચલુ લખાણ જોવામા આવે છે —

"અત્રે હમો દસ્તુરજી કેખશરૂ જામાસ્પજી જામાસ્પ આશાનાને ધન્યવાદ આપવાને તક લઈએ છીએ. પારસીઓ હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારથી તે આજ સુધીમા નહી થયલી એવી એક નમુનેદાર ક્રીરીઆ કરવાની છે, એમ આ બાબદની જવાબદારી અને તે માટે પાછલથી ઉભી થનારી ચરચા વખતે પોતાને માથે સમાયલા જોખમનો પુરતો ખયાલ હોવા છતા તેઓ પોતાના મત અને અભીપ્રાય મુજબ વરતવાને હીમતથી બાહેર આવીઆ એ તેમને માટે શાબાસી ભરેલુ છે. પણ આવું ભારે જોખમદારીવાળુ પગલુ લીધા આગમજ તેવણે ઘટતી દરેક સાવચેતી લીધેલી માલુમ પડે છે. એ દસ્તુર સાહેબે જ્યારે જોયુ કે જે કામ તેઓ કરે છે તેમા તેમને તેમના પાક મજહબ પ્રમાણે કસી મનાઇ નથી. વળી એવી એક બાઇને પારસીઓના પવીત્ર ધરમના કલામ શીખાડી તેમના મજહબમા દાખલ કરવાની છે કે જે ધરમની પવીત્રાઈ અને ઉંચા ફરમાનો માટેની મગરૂર પારસી કોમમા આમેજ થવાથી તે પંકાયલી કોમને એક કલંક નહી લગાડશે પણ ઉલટી કોમની શોભામાં વધારોજ કરશે વળી દસ્તુર સાહેબના આ કામમાં વધારે સગવડ અને સહેલાઇ કરી આપવા માટે અને તેમને મદદ કરવા સારૂં તેઓના જજમાન તે પારસી અનજુમનના આતશબેહરામ સાહેબના ત્રસ્ટીઓ મી૦ જાલભાઇ અરદેશર શેઠના અને મી૦ રૂસતમજી ડોશાભાઇ શેઠના (મેકફારલેન)ને પણ

શાબાશી ઘટે છે ” વળી તા૦ ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૦૩ ના “ રાસ્ત ગોફ્તાર ” માં એ બાબે નીચલું લખાણ જોવામાં આવે છે —

“ પારસી કોમના સબંધમા આ અઠવાડીયામા એક યાદગાર બનાવ બન્યો છે જણાવાને ખુશહાલી ઉપજે છે કે ગયા રવિવારે જરથોસ્તી મજહબ પાળનારાઓની સખ્યામા એક નવો વધારો થયો છે. આ એક કીમતી વધારો છે એક ખરેખરા જુદદીને પોતાની રાજીખુશીથી જરથોસ્તી દીનમાં દાખલ થવાનો આ સોનેરી અક્ષરે નોધવા લાયક બનાવ બન્યો છે એ દીનમા જુદદીનને દાખલ કરવાની ધર્મની કશી મનાઈ નથી તોપણ હિંદુસ્તાનમા આવ્યા પછી જુદદીનવાલાને દીનમાં દાખલ કરવાનો જો કોઇબી પહેલો દાખલો નોધાયો હોય તો તે ગયા રવિવારે બનેલો દાખલો છે. * * * જરથોસ્તી ખુનના નહિ એવાં કોઇપણ બાલકને યા એવા કોઇપણ ઉમરે પુગેલા જુદદીનને દીનમા લેવાનો એકે દાખલો આજ સુધી બન્યો નથી જે બન્યો છે તે ગયે રવિવારે પહેલોજ બન્યો છે, અને તેટલા માટેજ હમો મોટી ખુશી અને ફક્ષ સાથ તેની આજે નોધ લઇએ છીયે. વળી આ જુદદીન જેણે જરથોસ્તી મજહબ એખ્તિયાર કીધો છે તે ઉમરે પુગેલી એક બાઈ છે, અને તેથી આપણી ખુશહાલીમા વધારો થાય છે પણ વધારે હરખાવનારી વાત તો એ છે કે આ બાઇ કે જે ૨૨ વરષની એક નવજવાન ફ્રેંચ બાનુ છે, તેણીએ જરથોસ્તી મજહબની ચોકસ તાલીમ લઇને તથા એ મજહબની ચોકસ સમજણ ધરાવીને, તેમજ તેમા શી ખુબી છે તે પોતે મનથી સમજીને એ ધર્મમા દાખલ થવાની પોતાની ખાહેશ પારપાડી છે અમો કહીશું કે આ બનાવ મુબઇના જરથોસ્તીઓના દફતરોમા સોનેરી હરફે નોધવા જોગ છે એક ખ્રિસ્તી બાઇ એ મજહબમાં દાખલ થાએ એ બનાવ જેટલો પસંદગી સાથ નોધવા જોગ છે તે કરતા વધારે મુબઈના દસ્તુર સાહેબોએ એ જુદદીન બાઈને દીનમા લેવાની ખુશી બતાવી અને તેને તેમા દાખલ કરવાની ક્રિયા કીધી, તથા તે ક્રિયામા સામેલ થયા, એ બનાવ નોધવા જોગ છે દસ્તુર કેખુસરો જામાસ્પજી જામાસ્પ આશાનાએ આ ક્રિયા પોતાને હાથે સુધ્ધ તનમનથી કરવાની પહેલ કહાડી છે, અને દસ્તુર હોશંગજી જામાસ્પ આશાનાએ આ ક્રિયા વેળા પોતાની બુજર્ગી અને જૈફી છતા શામેલ રહેવાની તશરીફ ફરમાવી છે વળી એ ક્રિયા વેળા ૫૦ થી ૬૦ મોબેદ સાહેબો મિજલસમા હાજર હતા એ સઘળું દેખાડે છે કે સમજુ જરથોસ્તીઓ હવે પોતાની ખરી ફરજ સમજે છે, અને જુદદીનોને દીનમાં લેવાની વાજબી જરૂર પીછાને છે ઝનુન અને બેખબરીના આગલા દીવસો વહી ગયા છે. એમ આ બનાવ આપણુને સીખવે છે * * * ગયા રવિવારની ક્રિયા પછી દીનમા દાખલ થનારી બાઇ—જેનુ સુનાબાઈ નામ રાખવામા આવ્યુ છે—તેને તથા એ શુભ અને પહેલી અગત્યની ક્રિયા કરનાર દસ્તુરજી સાહેબ કેખુસરોને, તથા એ ક્રિયામા સામેલ રહેનાર સરદાર સમ્સઉલ ઓલમા દસ્તુર હોશંગ જામાસ્પને તથા બીજા સર્વે મોબેદ સાહેબોને તેમની હિમત અને દીનદારીને માટે તમામ સમજુ જરથોસ્તીઓ તરફથી અમો મુબારકબાદી આપિયે છીયે * * * એ રીતે જોતાં દસ્તુર સાહેબ કેખુસરોએ મજકુર ફ્રેંચ બાનુને દીનમા દાખલ કરવાની ક્રિયા પોતાને હાથે કરવાની જે જાહેર હિમત બતાવી છે તે સવાબનો તોશો મેલવ્યા બરોબર છે ”

અમેરીકા ખાતેની જાણીતી મોહટી કોલબીઆ યુનીવરસીટીને એવણે અવસ્તાને લગતા જે કીમતી હસ્ત લેખો ભેટ આપ્યા હતા અને બીજાઓ પાસેથી મેલવી અપાવ્યા હતા તેનો ઈસારો હમો આગલ કરી ગયા છીએ એવીજ રીતનો એક વધુ કીમતી હસ્ત લેખ—સંસ્કૃત તરજુમા સાથનો એવણે જાનેવારી ૧૯૦૩માં મજકુર યુનીવરસીટીને ભેટ આપ્યો હતો. એ હસ્તલેખ ૫૦૦) વરસનો પુરાણો છે અને તે કાગજના ૧૬૦ તાવથી બરાયલો છે અને તે દોકતર ગેલ્ડનરે રચેલાં અવસ્તાના પુસતકોમાં “ S ” ની સહીથી લખાયલો જણાવામાં આવે છે એ હસ્તલેખ વીશે અમેરીકાનુ “ સન ” પત્ર જણાવે છે કે “ અભ્યાસીઓના ઉપયોગને માટે ફરીથી છપાવવામા આવશે એવી આશા રખાય છે ”

તા૦ ૨૫ મી જુન ૧૯૦૩ ને દીને મુંબઇમાં "પારસીઓના લાભ સંભાલનારી મંડલી" (Parsi Association) સ્થાપવામાં આવી તેની કારોબાર મંડલીના એવણુ એક મેમબર ઠડયા હતા.

તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૦૩ ને દીને મુંબઈમાં જરથોસ્તી બાલકોને ધર્મની કેળવણી આપવા માટે "જરથોસ્તી ધર્મજ્ઞાન પ્રચારક મંડલી" સ્થાપવામા આવી તેના એવણુને એક મેમબર ઠેડવવામાં અવ્યા હતા.

આપણા ટોળાની હાલની ધર્મી અને સંસારી સ્થીતી તરફ જોતા જુદદીનોને આપણા ધર્મમાં લેવા રવા છે યા નહી–જો રવા હોય તો તેઓને દીનમાં લેવા આગમજ તેઓની લાયકાત અને હેતુની તપાસ શી રીતે લેવી જોઇએ–અને તેઓને દાખલ કરવાની ક્રીઆ કેવી રીતની થવી જોઇએ એ વીગેરે એને લગતા બીજા નીયમો મુકરર કરવા માટે મુંબઇની અનજુમન તરફથી પારસી પંચાયતના ટ્રસ્ટીઓની આગેવાની હેઠલ દોલત, દરજ્જા, વીદ્યા હુનર તથા ધર્મ અને સંસારની કેળવણીમાં આગલ વધેલા ગૃહસ્થોની એક કમીટી તા૦ ૨ જી ઓગસ્ટ ૧૯૦૩ ને સ્થાપવામા આવી હતી તેના એવણુ એક મેમબર ઠડયા હતા

મોરા ઉરનમા શેઠ બેહરામજી એદલજી ઉમરીગરે પોતાના ભાઇઓ મરહુમ શેઠો કુવરજી તથા ખુરશેદજી તથા તેઓના ધણીઆણીના પુનને માટે એક દરેમેહર પરઠાવી હતી તેને પરઠવાની ક્રીઆ રોજ ૨૩ માહ ૨ સને ૧૨૭૪ યઝદજરદી તા૦ ૫ મી નવેમબર ૧૯૦૪ ને દીને એવણુના ઉપરીપણા હેઠલ કરાવામા આવી હતી જશનની ક્રીઆ પુરી થાવા પછી એવણે મેહરયઝદની સીતાયશ ઉપર એક વાગઝ કરી સંભલાવી હતી જે પછી મજકુર શેઠ તરફથી એવણુને એક સીઆલ હોરાડવામાં આવી હતી

ઇ સ. ૧૯૦૪ માં હુબલીના જરથોસ્તીઓએ એવણુને પોતાના વડા દસ્તુર ઠેડવી એક સીઆલ હોરાડી હતી

ઇ. સ. ૧૯૦૫ માં કલકતાવાલા શેઠ જમશેદજી ફરામજી માદનને ત્યાની સીઆદીની મીજલ-સમાં શરીક થાવા માટે એવણુ કલકતે પધાર્યા હતા જે વખતે ત્યાના જરથોસ્તીઓ તરફથી એવણુને દસ્તુરી માનમા એક સીયાલ હોરાડવામા આવી હતી તેમજ એક પર્સ માનપત્ર સાથ ભેટ આપવામાં આવી હતી. આ વખતે નાગપુર, કાંમટી, રાયપુર, બીલાસપુર તથા ખરગપુર વીગેરેના જરથોસ્તીઓ તરફથી એવણુના દસ્તુરી દરજ્જાને છાજતો આવકાર મલ્યો હતો

નવેમબર ૧૯૦૫ ના સાલમાં હાલના હિન્દના શહેનશાહ જીઓરજ મુંબઇ પધાર્યા હતા, અને તા૦ ૧૦ મી નવેમબર ૧૯૦૫ ને દીને ચરનીવાડી ખાતે શેઠ વહાડયાજીના આતશબેહરામ આગલ તે નામદારને આવકાર આપવા માટે નામદાર સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટની આગેવાની હેઠલ એક મીજલસ બનાવામાં આવી હતી. આ વખતે એવણે તથા વહાડયાજીના આતશબેહરામના દસ્તુરજી દારાબ પેશોતન સંજાણાએ નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુને અવસ્તાઇ કલા-મોમાં દુઆ દીધી હતી તથા બીજા મોબદો આશીરવાદના કલામો પઢયા હતા અને તેની છાપેલી ૧) સુંદર નકલ સર જમશેદજીએ તે નામદારને ભેટ આપી હતી.

ઇ સ ૧૯૦૬ ના ફેબ્રુઆરી માસમાં એક જરથોસ્તીએ અનજુમનના આતશબેહરામમાં થાનારી પોતાને ત્યાંની નીરંગ દીનની ક્રીઆમાં વહાડયાજીના આતશબેહરામના દસ્તુરજી દારાબ પેશોતન સંજાણાને બોલાવાની ખાહેશ દેખાડવાથી નીરંગદીન કરનારા મોબદોને એવણે પોતાના દસ્તુરી હકની રૂએ બરસનુમની રજા ન આપવાથી ભગરયા મોબદોમાં તકરાર જાગી હતી, અને એને

હમતાં એવણુ તરફથી તથા બીજા મોબદો તરફથી "જામે જમશેદ" પત્રમાં ચરચાપત્રો છપાયાં હતા. તેમજ તા૦ ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૦૬ ના "જામે જમશેદ" પત્રમા "નવો મોબેદી ઝગડો" એ મથાલા હેઠલ એક "લીડર" લખાઈ હતી જેમા એમ જણાવ્યું હતુ કે—

"સર્વે કોઇ પોતાના હક માટે હથ લીએ એતો માણુસના લોહીમાં સરજેલુ છે પણ અહીં કાંઇ ક્રીયાનો વાધો નથી કે દસ્તુરી હકનો સવાલ નથી * * પણ દરેક જાહેર સવાલમા આપ અખત્યારીથી ખરૂ તોલ જોખ કરવાનો હમારો નીયમ છે તે નીયમ ઉપર અમે અમલ કરીએ છીએ."

રોજ ૩ માહ ૨ સને ૧૨૭૬ યઝદજરદી તા૦ ૧૬ મી અકટોબર ૧૯૦૭ ને દીને અનજુમનના આતશબેહરામની સાલગીરેહના જશનની મીજલસમા આ૦ મેહરવાનજી નવરોજી કાંગા નામના એક કાળી પાગડીવાલા અથોરનાને જશનની ક્રીઆ રીતસરની થાતી નથી વીગેરે બીજા અણુઘટતા અને એવણુના દસ્તુરી દરજ્જાને અને મોબદીનો પેશો કરનારાઓને હલકુ લાગે એવા જાહેરાત ટીકા કરવાથી એવણે મજકુર ગૃહસ્થ ઉપર પોતાના સોલીસીટરો મેસરસ મુળજી અને ખંભાતા મારફતે એક નોટીશ મોકલી હતી જેના જવાબમા તેવણે વગર સરતનો સંપુર્ણ માફીપત્ર લખી મોકલ્યો હતો જે તા૦ ૩૦ મી અકટોબર ૧૯૦૭ ના "જામે જમશેદ" અને બીજા પત્રોમાં છપાયો હતો

ઈ. સ. ૧૯૦૮ ના આગસ્ટ માસમાં શમસુલ-ઉલમા એરવદ જીવણજી જમશેદજી મોદી બી એ., ના અધીપતીપણા હેઠલ "ડોકતર સ્પીગલ મેમોરીઅલ વોલ્યુમ" નામનો ગ્રંથ છપાઇ બહાર પડયો હતો જેમાં ઘણાક પારસી અભ્યાસીઓના લખાણો જોડે એવણુની કલમથી લખાયલો "A new translation of two passages from the Bundeish" નામનો રીસાલો દાખલ કરવામાં આવ્યો હતો.

મુંબઇના નામદાર ગવરનર સર જીઓરજ કલારકના બેટી મીસ કલારક પોતાના માતુશ્રીના મરણુ પછી ટુંક મુદતમાજ ચીંતાતુર માંદગીને બીછાણે પડવાથી મુંબઈની સઘલી વરણુના લોકોએ પોતપોતાના ધર્મના મકાનોમાં બંદગી કરી હતી તે મુજબ મુંબઇના જરથોસ્તીઓએ તા૦ ૧૮ મી માર્ચ ૧૯૦૯ ને દીને અનજુમનના આતશબેહરામમા ભેગી બંદગી કરી હતી જે પુરી થાવા પછી એ દસ્તુરજીએ મજકુર નામદાર બાનુ માટે નીચના અસરકારક શબ્દોમા દુઆ ગુજારી હતી —

"ઓ અશો અહુરમઝદ ! તુ કુલ્લે જેહાનનો માલેક અને તમામ ખલકતનો પરવરશી કરનાર તથા માણુસ જાતને મદદ કરનારો છે. તુ દયાલુ સાહેબની હજુરમાં હમો ખાકી બંદાઓ અરજ કરીએ છીએ કે હમારા દીલસોઝ માયાલુ હાકેમ સર જીઓરજ સીડનહામ કલારક જેવણુ પોતાના નેકબખ્ત ધણીઆણીના મરણુના ગમમાં હજી ગીરફતાર છે તેવા તેમના ગમગીનીના વખતમાં એવણુના ભલા અને દીલસોઝ બેટી મીસ કલારક જેવણુ હાલ ચીંતાતુર બીમારી ભોગવે છે તેમની ઉપર ઓ દાદાર તુ રહેમ નજરથી જો અને તેમના દુખનુ નીવારણુ કર અને હમારા હાકેમની ચીંતા દફે કર તેમના ભલાં બેટીની માંદગીથી તમામ મુંબઈમાં ચીંતા ફેલાઇ છે અને તમામ રૈયત ગમગીન થઈ છે. એ માટે ઓ માયાલુ સાહેબ ! હમારી ઉપર રેહેમ કર અને એ ભલી હાકેમજાદીને દુઃખમાંથી સાજી કરી સર્વેના મોહડા હસ્તા કર ઓ પાક કીરતાર ! અશો જરથોસ્ત સાહેબ મારફતે તે પેગામ મોકલ્યો છે કે જ્યાં તબીબોની તરકીબ નકામી થઈ પડે છે તે વખતમાં તારી બંદગીથી દુઃખો દફે થાય છે માટે હમારી બંદગી તુ સાભલ અને હમારી હાકેમ જાદીને જલદીથી આરામ બક્ષ ! આમીન !"

પારસીઓ ઇરાનથી પહેલવેહલા સંજાણુ આવી વસ્યા તેની યાદગારીમાં ત્યાં એક સ્થંભ ઉભો કરવા માટે માર્ચ ૧૯૧૦ મા એક કમીટી મુકરર થઇ હતી તેના એવણુ એક મેમબર હડયા હતા.

નાયબ દસ્તુર મીનોચેહર જામાસ્પજી.

એવણુ મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજીના સૌથી નાહના દીકરા છે. એવણુનો જનમ રોજ ૧૨ માહ ૨ સને ૧૨૪૦ યઝદજરદી તા૦ ૨ જી નવેમબર ૧૮૭૦ ને દીને થયો હતો. સંવત ૧૯૩૮ ના રોજ ૨૨ માહ ૫ સને ૧૨૫૧ યઝદજરદી તા૦ ૭ મી ફેબ્રુઆરી ૧૮૮૨ ને દીને ૧૧) વરસ ની ઉમરે એવણુ હેરબદ થયા હતા ઈ. સ ૧૮૯૭ માં પ્રોપ્રાયટરી હાઈ સ્કુલમાંથી મેટરીકયુલેશનની પરીક્ષા પસાર કરી એવણુ વધુ અભ્યાસ માટે એલફીનસ્ટન કોલેજમા દાખલ થયા હતા પણુ થોડીજ મુદ્દતમાં એવણુના બાવાજીના મરણુથી એવણુને નાયબ દસ્તુરનો ઓધ્ધો મલવાથી તે છોડી દીધો હતો પાચ વરસ સુધી મુલ્લા ફીરોઝ મદરેસામા જદ અને પહેલવીનો બી એ. સુધીનો અભ્યાસ કરી ઇ સ. ૧૯૦૧ મા ઘટતી સરટીફીકેટ મેલવી બહાર પડયા હતા. તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૯૮ ને દીને એવણુના બાવાજીના ઉઠેમણાની મીજલસમાં એવણુને પોતાના ભાઈ દસ્તુર કએખુશરૂની જગાએ નાયબ દસ્તુર ઠેડવવામા આવ્યા કે જે વખતે અનજુ-મનના આતશએહરામની કમીટી તરફથી તથા પુણાવાલા મરહુમ દસ્તુર જામાસ્પજી એદલજી જામાસ્પ આશાનાના દીકરાઓ તરફથી મલી એ મીઆલો હોરાડવામા આવી હતી તા૦ ૩ જી સપટેમબર ૧૮૯૯ ને દીને મુલ્લા ફીરોઝ મદરેસાનુ ફંડ વધારવા માટે એક કમીટી નેમાઇ હતી તેના એવણુ પણુ એક મેમબર હતા. તા૦ ૧૧ મી નવેમબર ૧૮૯૯ ને દીને અનજુમનના આતશએહ-રામની કારોબાર મંડલીના એવણુ એક મેમબર ઠડયા હતા ઈ. સ. ૧૯૦૦ મા "નસાથી પરહેજ રહેવા માટેના ફરમાનો" એ વીશય ઉપર સૌથી સરસ રીસાલો લખવા માટે એવણુને મુલ્લા ફીરોઝ મદરેસા તરફથી શેઠ પહાલનજી હોરમજી કાપડીઆવાલુ "મીઠીબાઈ પ્રાઇઝ" મલ્યુ હતુ. તા૦ ૧૦ મી ફેબ્રુઆરી ૧૯૦૧ મા મુલ્લાફીરોઝ મદરેસાના ઇનામના મેલાવડામા એવણે "એક જરથોસ્તીએ પોતાની મુરાદો બરલાવવા માટે શું શુ ઉપાયો લેવા જોઇએ" એ બાબદ ઉપર એક વાઅજ કરી હતી એ વખતે મરહુમ શેઠ ખુરશેદજી રૂસતમજી કામાજીએ એ વાઅઝને મોહટી મીજલસ સનમુખ રજુ કરવા લાયકની જણાવી હતી તા૦ ૨૧ મી માર્ચ ૧૯૦૧ ને દીને "ફરજયાત બંદગી અને તેના ફાયદા" ઉપર અનજુમનના આતશએહરામમા એક વાઅજ કહી સંભલાવી હતી. ઈ. સ. ૧૯૦૮ ના આગસ્ટ માસમાં શમ-સુલ ઉલમા એરવદ જીવણુજી જમશેદજી મોદી બી એ. ના અધીપતી પણા હેઠલ "દોકતર સ્પીગલ મેમોરીઅલ વોલ્યુમ" નામનો ગ્રંથ છપાઇ બહાર પડયો હતો જેમા ઘણાક પારસી અભ્યાસીઓના લખાણો જોડે એવણુની કલમથી લખાયલો "The Bundeish and Paradise Lost" નામનો રીસાલો દાખલ કરવામાં આવ્યો હતો એ ઉપ-રાંત એવણે જુદે જુદે પ્રસંગે જુદી જુદી બાબદો ઉપર પુશકલ વાઅજો કરી છે હાલમાં એવણે ફારસી શાહનામાનો ચાર ભાગમાં ગુજરાતી તરજુમો છપાવાનુ કામ માથે ઉઠાવ્યુ છે અને તેનો પહેલો ભાગ આગસ્ટ ૧૯૧૧ મા છપાઇ બહાર પડયો છે અને જેને માટે વર્તમાન પત્રોએ સારા અભીપ્રાયો આપ્યા છે

ભાગ ૩ જો

દસ્તુર બેહરામજી જામાસ્પજી (૧ લા) નું કુંટુંબ.

દસ્તુર મીનોચેહરજી બેહરામજી અને તેવણની ઉતરતી ઓલાદોનુ જન્મ ચરીત્ર.

દસ્તુર મીનોચેહરજી બેહરામજી.

જનમ—કેળવણી—મરણ—ફરજંદો.

આએ તવારીખનો ત્રીજો ભાગ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના ત્રીજા દીકરા દસ્તુર બેહરામજીના વડા દીકરા દસ્તુર મીનોચેહરજીથી શુરૂ થાય છે. એવણ ઇસ સુમારે ૧૭૫૦ મ જનમ્યા હતા અને સવત ૧૮૧૭ ના રોજ ૧૫ માહ ૬ સને ૧૧૩૦ યઝદજરદી તા૦ ૩૧ મી માર્ચ ૧૭૬૧ ને દીને હેરબદ થયા હતા

એવણે પોતાના પીતાની ઉસ્તાદગીરી હેઠલ જદ, પહેલવી અને ફારસીનો સંગીન અભ્યાસ કર્યો હતો એવણ સાહેબની યાદદાસ્ત શકતી એટલી તો તેજ હતી કે એવણે એક આખો વંદીદાદ એક અઠવાડીઆમાં મુખપાઠ કર્યો હતો એવણની કારકીરદીમાં કંઈ જાણવા જોગ બનાવો બનેલા ન હોવાથી એવણ સાહેબનો અહેવાલ ટુકમાંજ ખતમ થાય છે એવણ રોજ ૧૧ માહ ૧૧ સને ૧૧૪૪ યઝદજરદી તા૦ ૨૬ મી ઓગસ્ટ ૧૭૭૫ ને દીને સુમારે ૨૫) વરસની ભરજવાન ઉમરે પોતાના પીતાની હૈયાતીમા બેહસ્તનશીન થયા એવણનામા દીનદારી એલમ સાથ દીન-આઈનની બાબદોની પુરતી વાકેફગારી હોવાથી એવણનુ નામ ભણતર કીરીઆમા "દસ્તુર"ના એલકાબથી લેવાય છે. એવણના લગન પોતાના કાકા મરહુમ દસ્તુર જમશેદજી જામાસ્પજીના દીકરી નાથલીબાઇ સાથ થયા હતા. એ બાઇએ પોતાના ખાવીંદને તેહમુરજી અને હોરમજી નામના બે દીકરાઓની ભેટ કરી હતી, જેમાના બીજા દીકરા હોરમજી રોજ ૧૭ માહ ૧૨ સને ૧૨૦૨ યઝદજરદી (ધારવા મેલે) તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૩૩ ને દીને મરણ પામ્યા હતા. વડા દીકરા દસ્તુર તેહમુરજીનું જનમ ચરીત્ર નીચે મુજબ છે

દસ્તુર તેહમુરજી મીનોચેહરજી.

જનમ-કેળવણી-જંદ, પહેલવી અને ફારસીનો સંગીન અભ્યાસ-દીનઆઇનની બાબદો અને યોજદાથરગીરીના કામની માહીતી-તેજ યાદદાસ્ત શકતીનો પુરાવો-દુશમનોએ રચેલું કાવતરૂં-તેઓનુ નાસીપાસ થાવું-"કચેરીવાલા દસ્તુર"-લખાણો-મરણ-ફરજંદો,

નવસારી મધે " કચેરીવાલા દસ્તુર "ના નામથી મશહુર થયલા મરહુમ દસ્તુર તેહમુરજી તે દસ્તુર મીનોચેહરજી બેહરામજીના વડા દીકરાનો જનમ ઇ સ ૧૭૭૧ માં નવસારી મધે થયો હતો. પોતાના પીતાના મરણ વખતે એવણ ફક્ત ચાર વરસની બચગી ઉમરના હોવાથી એવણને પોતાના મામા મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજીના આસરા હેઠલ રહેવુ પડયુ હતુ સંવત ૧૮૪૦ ના રોજ ૨૬ માહ ૪ સને ૧૧૫૩ યઝદજરદી તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૭૮૪ ઇસવીને દીને હેરબદ થઇ મરહુમ દસ્તુર ખુરશેદજી જમશેદજીની ઉસ્તાદગીરી હેઠલ જદ, પહેલવી અને ફારસી ભાષાઓનો પુખ્ત અભ્યાસ કર્યો હતો. ઉપલી ભાશાઓમા એવણ જેટલા પુરીણ હતા તેટલાજ રમલ અને નજુમમા પણ કાબેલ હતા. એ ઉપરાત એવણનામા દીનઆઇનની બાબદો અને યોજદાથ્રગીરીના કામની પકકી માહીતી હોવાથી એવણ નવસારીમાં એક કાબેલ અને ખબરદાર દસ્તુર તરીકે મશહુર હતા

નીચલી હકીકત જે નવસારીના બુઝોરગ અથોરનાનોમા પણ આશકારા છે તે એવણ સાહેબની તેજ યાદદાસ્ત શકતીનો અચુક પુરાવો આપણ સમક્ષ રજુ કરે છે. કહે છે કે નાવર થયા પછી એવણ મરાતબનો અભ્યાસ કરવા માટે ઘણાજ બેદરકાર રહેતા હતા અને પોતાનો વખત રમત ગમત કરવામા ગુજારતા હોવાથી એવણના ઉસ્તાદ દસ્તુર ખુરશેદજીએ એવણને એક દીવસે શખ્ત ચીમકી લગાવી. એ ચીમકીની અસર એવણ ઉપર એવી તો થઇ કે ઘરના એક ખુણામા બેસી પોતાના ઉસ્તાદની જાણ વગર આખો વંદીદાદ-ફીરીઆ મારગ સાથ-એવણે પદર દીવસમા મુખપાઠ કર્યો ત્યાર પછી એવણે પોતાના ઉસ્તાદ પાસે મરાતબ થાવાની રજા માગી જે તેવણે આપવા ના પાડી, સબબ કે તેવણ સાહેબને માલુમ હતુ કે એવણને વંદીદાદ આવડતો નથી આ ઉપરથી પોતે તેવણ આગલ આખો વંદીદાદ-ફીરીઆ મારગ સાથ-મોહડે પઢી જવાથી તેવણની મોહટી તાજુબી સાથ ખાતર જમા થવાથી એવણને મરાતબ થાવાની રજા મલી જ્યારે એવણે બરસનુમ લીધુ ત્યારે એવણના દુશમનો અને હસુદો ઘણાજ અજબ થયા કે એવણને વંદીદાદ આવડતો નથી ત્યારે મરાતબનુ બરસનુમ શા માટે લઇ બેઠા ! આ ઉપરથી તેઓએ એવણને મરાતબ થતા અટકાવવા માટે એક કાવત્રુ રચ્યુ. જે દીને એવણ મરાતબ થનાર હતા તેની રાતે દસ્તુરો, દેશાઇઓ અને મોબદો પોતાના બીસતરા લઈ અગીઆરીમા જઇ સુતા, કે જેવા એવણ હીંધોરા ઉપર બેસે અને વંદીદાદ જો બરાબર ન પઢે તો એવણને એકદમ રદ કરવા. પણ ખુદા મેહરબાન તો દુશમન સરગંરદાન તેહમુરજી સાહેબ પોતાના દુશમનો અને હસુદોની અજાયબી અને નાસીપાસી વચ્ચે એવાતો બુલંદ આવાજે, સુધ્ધ પદે અને વગર ચુકવે આખો વંદીદાદ-ફીરીઆ મારગ સાથ-મોહડે પઢી ગયા કે તેઓને પોતાના બીસતરા બગલમા મારી પોતાના ઘરનો રસ્તો માપવા શીવાય બીજો ઇલાજ રહયો નહી

એવણ સાહેબની રમલ અને ફારસી ભાષાની કાબેલ્યત નવસારીની બીજી ગ્નાતો કરતાં મુસલમાનોમાં વધારે મશહુર હતી. હરરોજ કાજીઓ અને મોલવીઓ દીનને લગતી તકરાર કરવા માટે એવણ આગલ આવતા હતાં અને પોતાના ઘરના કટેરાથી જડેલા ઓટલા ઉપર ગાદી નાખી તે ઉપર બેસીને કાજીઓ અને મોલવીઓ સાથ એવણ ફારસી ઝબાનમાં વાદવીવાદ કરતા હતા, કે જે વખતનો દેખાવ ગોયા કચેરીના જેવો લાગતો હતો આ ઉપરથી એવણ નવસારીમાં " કચેરીવાલા દસ્તુર "ની ઉપમાથી આજસુધી ઓલખાય છે. એવણની ફારસીમા લખેલી મીનોખેરદ અને રોજ ૩૦ માહ ૭ સને ૧૧૮૯ યઝદજરદી તા૦ ૧ લી મેએ ૧૮૨૦ ને દીને લખેલી ફારસી સરેહ સાથની પહેલવી યઝશને હાલ પુણાવાલા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસપજીના કેતાબખાનામા મોજુદ છે. એવણ રોજ ૧ માહ ૧૦ સને ૧૧૯૬ યઝદજરદી તા૦ ૩૦ મી જુન ૧૮૨૭ ને દીને ૫૬) વરસની ઉમરે બેહસ્તનશીન થયા. એવણના પહેલાં ધણીઆણી જીજીબાઇજી તે પોતાના વડા મામા મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીના દીકરીને પેટે પાંચ દીકરા અને એક દીકરી મળી ૬) ફરઝંદો

જનમ્યાં હતાં. વડા દીકરા એરવદ જમશેદજી ઉરફે "બચાભાઈ દસ્તુર" રોજ ૧૫ માહ ૧૦ સને ૧૨૩૭ યઝદજરદી તા० ૩ જી જુલાઈ ૧૮૬૮ ને દીને ૬૭) વરસની ઉમરે મરણ પામ્યા હતા. બીજા દીકરા એરવદ જામાસ્પજી રોજ ૨૨ માહ ૫ ને દીને પોતાના પીતાની હૈયાતીમા મુબઇમા મરણ પામ્યા હતા. એવણનુ મરણ પોતાના મામ'ના દીકરા દસ્તુર જમશેદજી એદલજીના વડા દીકરા સોહરાબજીના લગનને દીવસે માણેકજી શેઠની વાડીના કુવામા અકસમાત પડી જવાથી નીપજ્યું હતું. વડા દીકરી રતનબાઈ પહેલા પોતાના કાકાના દીકરા રૂસતમજી હોરમજી દસ્તુર સાથ પરણ્યાં હતા અને રંડાયા પછી આ० કેરસાસ્પજી એદલજી આત્યા સાથ દાણા પાડી ગયા હતા. આ બાઈના એરવદ એદલજી કેરસાસ્પજી તથા નવરોજી કેરસાસ્પજી આત્યા નામના બે દીકરાઓ હાલ હૈયાત છે. પહેલા ધણીઆણી જીઆઈજીના મરણ પછી દસ્તુર તેહમુરજી સાહેબે ઉડવાડાના એક મોબદના દીકરી રતનબાઇ સાથ દાણા પાડયા હતા. આ બાઇને પેટે બે દીકરા અને એક દીકરી મલી ત્રણ ફરઝંદો અવતર્યા હતાં વડા દીકરા એરવદ હોરમજી રોજ ૪ માહ ૯ સને ૧૨૫૨ યઝદજરદી તા० ૨૦ મી મેએ ૧૮૮૩ ને દીને ૬૮) વરસની ઉમરે અને બીજા દીકરા એરવદ પેશોતન રોજ ૧૪ માહ ૫ ને દીને મરણ પામ્યા હતા દીકરી ભીખાઇજી તે ઉડવાડાવાલા મોબદ બરજોરજી દાદાભાઈ સાથ પરણ્યાં હતા દસ્તુર તેહમુરજીના પહેલા ધણીઆણીના ત્રણ દીકરાઓ—બેહરામ, રતન અને દારાબ—નાધલી ઉમરે ગુજરી ગયા હતાં

એરવદ ફરામજી મીનોચેહરજી બી. એ.

જનમ—શુરૂઆતની કેળવણી—વીદયા અભ્યાસ—મેલવેલા ઈનામો—ચાંદ તથા "સ્કોલરશીપ"—દસ્તુર જામાસ્પ આશાના કુટુંબના પહેલા "ગ્રેજુએટ"—રચેલાં ગ્રંથો—શાગેરદો—અચબુચ મરણ—ફરઝંદો.

એવણ દસ્તુર તેહમુરજી મીનોચહરજીના નબીરા મરહુમ એરવદ મીનોચેહરજી જમશેદજી દસ્તુરના બીજા દીકરા થાય એવણ રોજ ૧૦ માહ ૧ સને ૧૨૧૪ યઝદજરદી તા० ૭ મી અકટોબર ૧૮૪૪ ને દીને જનમ્યા હતા એવણે જરથોસ્તી મજહબની સુરૂઆતની કેળવણી મરહુમ એરવદ રૂસતમજી રતનજી દાદાચાદજીની નીશાલમા લીધી હતી. ત્યાર પછી પ્રાચ સ્કુલમા દાખલ થઇ ગુજરાતી તથા ઇંગ્રેજીની તાલીમ લીધી હતી અને એલફીન્સટન હાઈ સ્કુલમા પોતાનો વિદયા અભ્યાસ આગલ વધાર્યો હતો પોતાની સ્કુલની કારકીરદી દરમ્યાન એવણ સંવત ૧૯૧૪ ના રોજ ૧૩ માહ ૪ સને ૧૨૨૭ યઝદજરદી તા० ૫ મી જાન્યુઆરી ૧૮૫૮ ને દીને ૧૩) વરસની ઉમરે હેરબદ થયા હતા. હેરબદ પદધારણ કરવા પછી એવણે પોતાનો વિદયા અભ્યાસ પોતાની હૈયાતી સુધી જારી રાખ્યો હતો તા० ૪ થી માર્ચ ૧૮૬૩ ને દીને મુબઇમા સર જમશેદજી જીજીભાઇ મદરેસા ઉઘાડવામા આવી તેમા એવણે એક વિદયાર્થી તરીકે દાખલ થયા અને તે ખાતામાથી જંદ, પહેલવી, ફારસી અને સંસકૃત ઝબાનોની પુખ્ત તાલીમ લઈ એક કાબેલ એરવદ તરીકે બહાર પડયા હતા. એવણનુ અવસ્તા ભાશાનુ ગ્નાન ઘણા ઉંચા પ્રકારનુ હતુ તા० ૭ મી મેએ ૧૮૬૫ ને દીને એવણને જંદ તથા પહેલવીની વિદવતા માટે શેઠ ખરશેદજી ફરદુનજી પારખની યાદગારીમા રૂ ૧૨૫) નો સોનાનો ચાંદ મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટને હાથે પહેરાવવામાં આવ્યો હતો. [1]

[1] આ ચાંદની એક બાજુએ શેઠ ખરશેદજી ફરદુનજી પારખનુ ડોકુ પાડેલુ છે અને બીજી બાજુએ નીચલો લેખ લેવામાં આવે છે:—

"નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનટની ઇઆદગારી માટે ઉભી કરેલી જરથોસ્તી મદરેસા. ભાઈ બેહરામજી માણેકજી વાડીઆએ પોતાના મુરબી શેઠ ખરશેદજી ફરદુનજી પારખનો ઈઆદગારીને માટે આપેલો ઈનામનો ચાંદ"

ઈ, સ. ૧૮૬૭ મા એવણે એલફીન્સટન હાઈ સ્કુલમાથી મેટરીક્યુલેશનની પરીક્ષા પસાર કરી હતી. ત્યાર પછી એલફીન્સટન કોલેજમા પોતાનો અભ્યાસ આગલ ચલાવી ઇ સ. ૧૮૬૯ મા એફ઼ ઇ એ, અને ઇ સ. ૧૮૭૨ મા બી ની પરીક્ષાઓ સસકૃત ભાશા સાથ ફતેહમદીથી પસાર કરી હતી. પારસીઓમાં બી. એ ની પરીક્ષા માટે બીજી ભાશા સસકૃત લેનાર જેમ એવણુ પહેલવહેલા હતા તેમ એ પરીક્ષામા હાજર થયલા પારસી ઉમેદવારોમા પણુ એકલા એવણુજ પસાર થયા હતા. તેમજ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુદુબમા બી. એ સુધીની યુનીવરસીટીની પરીક્ષાઓ પહેલવેહલી પસાર કરનાર અને સફેદ પાગડીવાલા અથોરનાનોમા પહેલવહેલા "ગ્રેજ્યુએટ" થનાર પણુ આ મરનાર વિદ્વાન સાહેબ પોતે હતા એવણે તા૦ ૨૦ મી ફેબ્રુઆરી ૧૮૭૨ થી સર જમશેદજી જીજીભાઈ મદરેસામા પોતાનો અભ્યાસ પાછો આગલ ચલાવ્યો અને એજ દીવસથી એ ખાતાના ઈગ્રેજી શીક્ષક નેમાયા હતા, કે જે ઓધ્ધો એવણે પોતાની હૈયાતી સુધી ભોગવ્યો હતો. એજ સાલના મેએ માસથી એવણુને રૂ ૨૦) ની માસીક "સ્કોલરશીપ" પોતાની કાબેલ્યત માટે મલી જતી હતી એમ જદ, પહેલવી, ફારસી, સસકૃત અને ઈગ્રેજી ભાશાઓનુ સગીન ગ્નાન હાંસલ કરી મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુદુબને એક સણુગારે સમાન થઇ પડયા હતા એટલુજ નહી પણુ કેટલાક ગ્રંથો રચી પોતાના નામની યાદગારી ખેશ કુદુબ અને મીત્રોમા પોતાની પાછલ સદાની રાખી ગયા છે તા૦ ૨૨ મી દીસેમબર ૧૮૭૩ ને દીને એવણે 'જદ શીક્ષક" નામની ચોપડી છપાવી બહાર પાડી હતી જે જદનો અભ્યાસ કરનારાઓ માટે તેની જાતમા પહેલી હતી તેમજ ઇ સ ૧૮૮૦ મા 'જરથોસ્તી ધર્મબોધ પાઠમાલા ભાગ પહેલો" જે છપાઇ બહાર પડયો હતો તેના રચનાર પણુ આએ વિદ્વાન એરવદ સાહેબ પોતે હતા એવણે "જદ શીક્ષક"નો બીજો ભાગ લખી તૈયાર કર્યો હતો પણુ જીદગીએ યારી ન આપવાથી એ પુસતક છપાયા વગર પડી રહયુ છે. એવણે જદ હરફે છપાવા માડેલી ખુરદેહ અવસ્તા તથા "જરથોસ્તી ધર્મબોધ પાઠમાલા"નો બીજો ભાગ એવણુની હૈયાતી પછી એવણુના મીત્ર શેઠ હોરમજી નવરોજી લોડે છપાવી પ્રગટ કરી હતી. એવણે "જરથોસ્તીધર્મને લગતા સવાલો તથા જવાબો" લખ્યા હતા જે છપાઇ બહાર પડયા નથી એ ઉપરાત એવણે મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજીની બનાવેલી પહેલવી દીક્ષનેરીના કેટલાક ભાગનો ઈગ્રેજીમા તરજુમો કર્યો હતો, પણ પછવાડેથી પોતાની તબયત નાદરૂસ્ત ચાલવાને લીધે એ કામ મરહુમ એરવદ કાવશજી એદલજી કાગાને સોપવામા આવ્યુ હતુ સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બેરોનેટનુ એવણુની કાબેલ્યત માટે ઉચુ મત હોવાથી તેવણે પોતાના ત્રીજા દીકરા મી૦ બેહમનજીને અવસ્તા અને ઈગ્રેજીની તાલીમ આપવા માટે એવણુને ઉસ્તાદ તરીકે ખાસ રોકયા હતા એ શીવાએ ઘણાક જરથોસ્તીઓ આએ કાબેલ શીક્ષાગુરૂના શાગેરદ થવાનુ માન પામ્યા હતા એવણુ "જરથોસ્તી દીનની ખોલ કરનારી મડલી"ના એક મેમબર હતા.

આ વિદ્વાન એરવદ સાહેબ રોજ ૨૩ માહ ૧ સને ૧૨૫૦ યઝદજરદી તા૦ ૧૧ મી અકટોબર ૧૮૮૦ ને દીને ૩૬) વરસ, ૧૧) મહીના અને ૨૭) દીવસની ભર જવાન ઉમરે "હાર્ટડીસીઝ" ની બીમારીથી બેહસ્તનશીન થયા એવણે જદ હરફે છપાવા માડેલી ખુરદેહ અવસ્તાની કેતાબના "પ્રુફશીટસ" તપાસવામા મોડી રાત સુધી રોકાયા હતા અને તે કામમાથી ફારેગ થવા પછી આરામ લેવા ગયા, પણુ અફસોસ ! કે સહવાર પડતા તો નીદમા ને નીંદમાજ મીનોઇ જેહાનમા કુચ કરી ગયલા જણાયા. એમ એવણુ સાહેબનુ મરણુ અચગુચ રીતે નીપજવાથી એવણુના ખેશ કુંદુંબીઓ, દોસ્ત આશનાવો તથા વિદ્વાન મડલોમા ભારે દીલગીરી ફેલાઇ હતી. મરનાર ઘણાજ એક મારગી, રાંક અને નમાના હતા અને એવણુની જીદગીની જોત જો ટુકમા બુજાઈ ગઇ ન હતે તો દસ્તુર જામાસ્પ આશાના કુંદુબને કીરતીવાન અને પ્રકાશીત કરતે. એવણુ પોતાના કાકા નોશેરવાનજીના દીકરી ખુરશેદબાઇ સાથ પરણ્યા હતા. એવણુની આવાબાઇ, મોહ઼ીબાઇ અને જરબાઈ

નામની ત્રણ દીકરીઓ હતી. આવાબાઇ અને જરબાઈ કુવારી હાલતે મરણ પામ્યા હતા મોહટીબાઈ નામના દીકરી ખુરશેદજી ફરામજી કુકા ઉરફે છાપગર સાથ પરણેલા છે એવણને બેટાનુ ફરજંદ ન હોવાથી એવણના પીત્રાઇ ભાઇ પેશોતન નોશેરવાનજીના દીકરા બેહમનજીને પાલક કરી આપવામાં આવ્યા હતા પરવરદેગાર એવણના પાક રૂહને શાતી બક્ષો અને મરહુમ દસ્તુર જામાસ્પ આશાના કુંટુબમા એવણ સાહેબના જેવા વિદવાન અને કાબેલ નરો પેદા થાઓ! એવી દુઆ ચાહી મરહુમ દસ્તુર બેહરામજી જામાસ્પજીના કુટુબનો અહેવાલ હમો ખતમ કરીએ છીએ

ભાગ ૪ થો.

દસ્તુર રૂસતમજી જામાસ્પજીનું કુંટુંબ

દસ્તુર રતનજી રૂસતમજી.

જનમ-દીનદારી એલમ-મેહતાગીરી અને હીસાબના કામની પકકી માહીતી-"ખુશખત નવીશી"-મરણ-ફરઝંદો.

એવણ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના માંથી નાધના અને ચોથા દીકરા દસ્તુર રૂસતમજીના વડા દીકરા અને પુણાવાલા સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી અને ભાઇઓના ભમાવા થાએ. એવણ ઇ સ સુમારે ૧૭૬૧ મા જનમ્યા હતા એવણને જંદ, પહેલવી અને ફારસી બાશાઓનુ સારૂ ગ્નાન હતુ. એવણ મેહતાગીરી અને હીસાબના કામની પકકી માહીતી ધરાવતા હતા એવણ મુંબઇવાલા મરહુમ શેઠ હોરમજી બહમનજી વહાડયાની પેહડીમા હીસાબી-કારકુનનુ કામ કરતા હતા એવણના ગુજરાતી, જંદ, પહેલવી અને ફારસી હરૂફો ઘણાજ સરસ હોવાથી એવણ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનમા "ખુશખત નવીશ" તરીકે મશહુર થઇ ગયા છે. એવણને હાથની જંદમાં લખેલી રામ યસ્ત હાલમાં હમારા બાવાજી પાસે મોજુદ છે એવણ રોજ ૧૩ માહ ૧૦ સને ૧૧૯૮ યઝદજરદી તા૦ ૧૧ મી જુલાઈ ૧૮૨૯ ને દીને ૬૮) વરસની ઉમરે લકવાની બીમારીથી નવસારીમા બેહસ્તનશીન થયા એવણ આ૦ હોરમજી શેહેરયારજી ધાભરના દીકરી માણેકબાઇ સાથ પરણયા હતા એવણના ત્રણ દીકરાઓ અને છ દીકરીઓ મલી નવ ફરઝંદો હતાં એવણના એરવદ જામાસ્પ નામના દીકરા રોજ ૧૦ માહ ૧૧ સને ૧૧૭૮ યઝદજરદી તા૦ ૧૧ મી આગસ્ટ ૧૮૦૯ ને દીને જવાન ઉમરે એવણની હૈયાતીમા ગુજરયા હતા, અને મરહુમ દસ્તુર જમશેદજી એદલજીના વડા દીકરા એરવદ શોહરાબજી તેવણના પાલક થયા હતા એવણનો એજ નામનો વળી બીજો દીકરો નાધલી ઉમરે ગુજરયો હતો એવણના વડા દીકરી કુવરબાઇ તે દસ્તુર પેશોતન બેહરામજી સનજાણાના પાલક પીતા દસ્તુર બેહરામજી ફરાબજી સનજાણા સાથ, બીજાં દીકરી બચીઆઇજી તે દખણના પહેલા વડા દસ્તુર જામાસ્પજી એદલજી સાથ પરણયાં હતા, જ્યારે ત્રીજા દીકરી રતનબાઈ તે આ તવારીખ લખનારના બપાવા દસ્તુર જમશેદજી રૂસતમજીના પહેલાં મોહસ્દાર થતા હતા. એ શીવાય નોશેરવાન, નવાજ, ખુરશેદબાઈ અને ગુલ મલી ચાર ફરઝંદો નાધલી ઉમરે ગુજરી ગયાં હતાં દસ્તુર રતનજીએ દસ્તુરીને છાજતો દીનદારી એલમ હાંસલ કીધેલો હોવાથી એવણનુ નામ-ભણતર કીરીઆમા "દસ્તુર" ના એલકાબથી લેવાએ છે.

દસ્તુર માણેકજી રૂસતમજી.

જનમ–યોજદાથ્રગીરીના કામની માહીતી– દસ્તુરી ખુરસીનું માન– મુંબઇમાં મરાતબકરવા માટે ઉઠેલી ઝીકર–મરણ–ફરઝંદો.

એવણુ મરહુમ દસ્તુર રૂસતમજી જામાસ્પજીના બીજા દીકરા હતા એવણુ પોતાના ભાઇ મરહુમ દસ્તુર રતનજીના પાલક થાય. એવણુ ઈ સ. ૧૭૬૪ મા જનમ્યા હતા અને સવત ૧૮૪૩ ના રોજ ૫ માહ ૭ સને ૧૧૫૬ યઝદજરદી તા૦ ૧૪ મી એપ્રીલ ૧૭૮૭ ને દીને હેરબદ થયા હતા એવણુ પોતાના વખતમા યોજદાથ્રગીરી અને પાવ મેહલના ક્રીઆ કામમા ખબરદાર ગણાતા હતા. એવણુ પોતાના ખેશ કુંટુંબીઓ અને નવસારી વાસીઓમાં "માકાજી દસ્તુર" ના નામથી ઓળખાતા હતા ઇ સ ૧૮૨૫ મા પોતાના પીત્રાઈ ભાઇ મરહુમ દસ્તુર બેહમનજી જમશેદજીના મરણ પછી નવસારીની અનજુમને એવણુને તેવણુની જગાએ બીજી ખુરસીના દસ્તુરનું માન આપ્યું. હતુ તો જો કે એ જગા ઉપરનો ખરો હક તો દસ્તુર બેહમનજીના વડા દીકરા દસ્તુર એદલજીનો હતો. ૧

એવણુના વખતમાં મુબઇ મધ્યે વહાડયાજીના આતશબેહરાનમા મોબદોના અને મુખ્ય કરી ભગર સાથ મોબદોના છોકરાઓને મરાતબ કરવાની ઝીકર ઉઠી હતી અને મુબઇના કેટલાક આગેવાન ગૃહસ્થોએ તા૦ ૪ થી જાન્યુઆરી ૧૮૩૨ ને દીને નવસારીની અનજુમન ઉપર કાગજ લખી એવી અરજ કરી હતી કે "અતરેના શહેનશાહીઓના આતશબેહરામ થયાથી અમો હયાં મોબેદોના ફરઝંદોને નાવર તથા હેરબદ કરવાના કામની ગોઠવણુ કરીએ છીએ, તે બાબે શ્રી નવસારીનુ અસલ પથક જાણીને અમો તમોને લખી જણાવીએ છે કે એ નેક કામમા મદદ કરવી, અને મુંબઈના મોબદો ઉપર કાગજ લખવો જે એ દીનના કામમા સામેલ થઈને એ નેક કામ બજા લાવે એવુ તમો સાહેબના લખવાથી અમારે અને તમારે એખલાસ તથા ઘરોબો છે તેથી ઝીઆદા થશે." એના જવાબમાં નવસારીની અનજુમન તા૦ ૧૯ મી ફેબ્રુઆરી ૧૮૩૨ ના કાગજમા લખે છે કે "હમારે તાંહ હેવો શરેસ્તો છે કે હમે સર્વેથી એલાહેદુ (બરસનુમ) વાપરીએ છીએ ને હમારે તાંના સુરત તથા ગણદેવી તથા બીલીમોરે મોબેદો છે તે સાથે ભી પણુ હમો વાપરતા નથી તે પાંચે પથકના સાહેબો જાણે છે. તેજ મુજબ કાનુન આજ સુધી જારી પણુ છે ને તે હાલમા મશહુર છે ને એદલદારૂ (દસ્તુર એદલજી દારાબજી સજાણા) વીગેરે સરવે સાહેબો જાનો છો તેથી એ મુજબ એ જગો ઉપર જે હેરબદ થાશે તે સાથે હમો વાપરશુ નહી ને હમો કાંઈ નવો શરેસ્તો નથી કાહાડતા. આજે મુદતનો બુજોરગોથી કાનુન છે તે મુજબ ચાલીએ છે ને કદી તે લોક આવશે તેને બરસનુમ આપીશું સરવે પણુ હમે તે સાથે વાપરવામા સામેલ થવાના નથી" ૨ આ જવાબના કાગજ ઉપર દસ્તુરો તથા મોબદો ભેગી દસ્તુર માણેકજીની પણુ અજુમનની ખુરસીના દસ્તુર તરીકેની સહી જોવામાં આવે છે.

એવણુ રોજ ૫ માહ ૯ સને ૧૨૦૮ યઝદજરદી તા૦ ૧ લી જુન ૧૮૩૯ ને દીને ૭૫) વરસની ઉમરે બેહસ્તનશીન થયા. એવણુના એકપુરા દીકરા એરવદ ફરામજી રોજ ૧૧ માહ ૨ સને ૧૨૩૩ યઝદજરદી તા૦ ૩ જી નવેમબર ૧૮૬૩ ને દીને મરણુ પામ્યા હતા અને તેવણુના જમાઇ પુણાવાલા મરહુમ એરવદ રતનજી જામાસ્પજી તેવણુના પાલક થયા હતા.

૧–જુવો દસ્તુર એદલજી બેહમનજીનુ જન્મ ચરીત્ર સફે ૪૭

૨ "પારસી પ્રકાશ" દફતર ૧ લુ–સફે ૨૪૩ અને તેની ફુટનોટ.

નવસારી, મુંબઇ, પુણા અને કરાંચી ખાતે થઈ ગયલા દસ્તુર સાહેબોના નામની ટીપ.

નવસારી ખાતે થઈ ગયલા દસ્તુર.

નવસારીના એક આગેવાન દસ્તુર.

૧–દસ્તુર જામાસ્પ આશા (દસ્તુર દારાબ પહાલનના મરણ પછી ઠરેલા આગેવાન દસ્તુર) ઈ સ ૧૭૩૪ થી ૧૭૫૩ સુધી.

નવસારીની બીજી (અને સુરતના દસ્તુર દારાબ પહાલનના ખાનદાનવાળા દસ્તુરો જયારે નવસારી આવે ત્યારે ત્રીજી) ખુરસીના દસ્તુરો.

૧–દસ્તુર રૂસતમજી જામાસ્પજી ઇ સ ૧૭૬૫ થી ૧૮૧૬ સુધી
૨–દસ્તુર બેહમનજી જમશેદજી ઇ સ ૧૮૧૬ થી ૧૮૨૫ સુધી.
૩–દસ્તુર માણેકજી રૂસતમજી ઇ સ. ૧૮૨૫ થી ૧૮૩૯ સુધી.
૪–દસ્તુર ફરામજી માણેકજી ઇ સ ૧૮૩૯ થી ૧૮૬૩ સુધી.

નવસારીની ત્રીજી ખુરસીના દસ્તુરો.

૧–દસ્તુર જમશેદજી રૂસતમજી ઈ. સ ૧૮૬૩ થી ૧૮૭૫ સુધી
૨–દસ્તુર ખુરશેદજી જમશેદજી (બીજા) ઇ સ. ૧૮૭૫ થી તે આજ સુધી.

મુંબઈ ખાતે થઈ ગયલા દસ્તુરો.

૧–દસ્તુર ખુરશેદજી જમશેદજી (૧ લા) ઇ સ ૧૮૦૧ થી ૧૮૨૯ સુધી.

૨–દસ્તુર દારાબજી જમશેદજી (એવણ પોતાના ઉપલા ભાઈ દસ્તુર ખુરશેદજીના મરણ પછી શહેનશાહી પંથના વડા દસ્તુર ઠડયા હતા, પણ પોતે યોગી અને સન્યાસી ખસલતના હોવાથી દસ્તુરી કામ પોતાના વડા દીકરા દસ્તુર એદલજીને સપુર્દ કરી એકાંત જીદગી ગુજારવા માંડી હતી.)

૩–દસ્તુર એદલજી દારાબજી (એવણ પોતાના બાપ તરફથી દસ્તુરી ચલાવતા હતા અને ઇ સ. ૧૮૩૯ મા તેવણના મરણ પછીથી તે ઇ સ. ૧૮૬૧ સુધી શહેનશાહીના કાયમ દસ્તુર ઠડયા હતા.)

૪–દસ્તુર મીનોચેહરજી એદલજી (એવણે તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૮૬૧ થી તે તા૦ ૨૦મી અકટોબર ૧૮૬૧ યાને ફકત ૮) મહીના દસ્તુરી ચલાવી હતી)

૫–દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજી એમ એ, પી. એચ. ડી., ડી. સી. એલ. ઇ સ. ૧૮૬૧ થી તે ૧૮૯૮ સુધી.

૬–દસ્તુર કએખુશરૂ જામાસ્પજી જે પી. ઇ. સ. ૧૮૯૮ થી તે આજ સુધી.

પુણા ખાતે થઈ ગયલા દસ્તુરો (એઓ દખણના વડા દસ્તુરના નામથી ઓલખાય છે.)

૧–દસ્તુર જામાસ્પજી એદલજી ઈ. સ ૧૮૨૪ થી ૧૮૪૬ સુધી
૨–સરદાર ખાનબહાદુર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી ઇ. સ. ૧૮૪૬ થી ૧૮૮૪ સુધી
૩–સરદાર દસ્તુર દોકતર હોશંગજી જામાસ્પજી મી આઈ. ઇ ઈ સ ૧૮૮૪ થી ૧૯૦૮ સુધી
૪–સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ ઇ સ ૧૯૦૮ થી તે આજ સુધી

કરાંચી ખાતે થઈ ગયલા દસ્તુરો.

૧–દસ્તુર ફરેદુનજી બેહરામજી ઇ. સ. ૧૮૪૮ થી ૧૮૫૫ સુધી (એવણના મરણ પછી દસ્તુર જામાસ્પ આશાના કુટુંબમાથી કોઇ કરાચીના દસ્તુર થયા નહી)

ઉપલા દસ્તુરોમાથી મુંબઇવાલા દસ્તુર દોકતર જામાસ્પજી મીનોચેહરજીને એદનની અનજુમને ઇ સ ૧૮૮૩ થી અને પંજાબની અનજુમને ઈ. સ. ૧૮૯૩ થી પોતાના વડા દસ્તુર ઠેરવી સીઆલ હોરાડી હતી

નવસારી, મુંબઇ તથા દેશાવરો ખાતે થતાં જાહેર જશનો અને હુપનીરંગની ક્રીઆઓમાં દસ્તુર જામાસ્પ આશાની ઉતરતી ઓલાદોના યાદ કરવામાં આવતાં નામોની ટીપ.

૧–દસ્તુર જામાસ્પ આશા (દસ્તુર જામાસ્પ હેરબદ આશા)
૨–દસ્તુર જમશેદજી જામાસ્પજી (દસ્તુર જમશેદ દસ્તુર જામાસ્પ).
૩–દસ્તુર રૂસતમજી જામાસ્પજી (દસ્તુર રૂસતમ હેરબદ નોશેરવાન)
૪–દસ્તુર બેહમનજી જમશેદજી (દસ્તુર બેહમન દસ્તુર જમશેદ)
૫–દસ્તુર ખુરશેદજી જમશેદજી (૧ લા) (દસ્તુર ખુરશેદ દસ્તુર જમશેદ).
૬–દસ્તુર દારાબજી જમશેદજી (દસ્તુર દારાબ હેરબદ નોરોઝ)
૭–દસ્તુર જમશેદજી એદલજી (દસ્તુર જમશેદ હેરબદ શોહરાબ)
૮–દસ્તુર જામાસ્પજી એદલજી (દસ્તુર જામાસ્પ હેરબદ રૂસતમ)
૯–દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી (બીજા) (દસ્તુર નોશેરવાન દસ્તુર જામાસ્પ)
૧૦–દસ્તુર જમશેદજી રૂસતમજી (દસ્તુર જમશેદ હેરબદ રૂસતમ)
૧૧–દસ્તુર એદલજી દારાબજી (દસ્તુર એદલ દસ્તુર દારાબ)
૧૨–દસ્તુર મીનોચેહરજી એદલજી (દસ્તુર મીનોચેહર હેરબદ માણેક).
૧૩–દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી (દસ્તુર જામાસ્પ દસ્તુર મીનોચેહર)
૧૪–દસ્તુર ફીરોઝજી જામાસ્પજી (દસ્તુર ફીરોઝ દસ્તુર જામાસ્પ)
૧૫–દસ્તુર હોશંગજી જામાસ્પજી (દસ્તુર હોશંગ હેરબદ આશા).

એ શીવાય પુણાને તાબેના પંથકોમા નીચલાં વધુ નામો લેવામા આવે છે.

૧–દસ્તુર બેહરામજી જામાસ્પજી (૧ લા) (દસ્તુર બેહરામ દસ્તુર જામાસ્પ)
૨–દસ્તુર રતનજી રૂસતમજી (દસ્તુર રતન દસ્તુર રૂસતમ)
૩–દસ્તુર એદલજી બેહમનજી (દસ્તુર એદલ દસ્તુર બેહમન)
૪–દસ્તુર હોરમજી જામાસ્પજી (મોબદ હોરમઝદયાર દસ્તુર જામાસ્પ)
૨–દસ્તુર બેહરામજી જામાસ્પજી (બીજા) (દસ્તુર બેહરામ દસ્તુર જામાસ્પ).

"પારસી પ્રકાશ" માં મરહુમ દસ્તુર જામાસ્પ આશા તથા તેવણની કેટલીક ઓલાદોને લગતી નોંધો આવેલી છે તે હેરફેર હોવાથી હાલની અને હવે પછીની ઓલાદો એ નોંધો ઉપરથી નહી દોરવાય તેટલા માટે તેનો જવાબ આપવો હમો દરૂસ્ત ધાર્યે છીએ.

"પારસી પ્રકાશ" મા આવેલી નોંધો.

દફતર ૧ લુ
સફે ૩૯–ઈ. સ. ૧૭૫૩
તા૦ ૧૯ મી જુલાઇ

મરણ–દસ્તુર જામાસ્પ આશા ઉમર વર્ષ ૫૬). * * * એવણે નવસારીથી ભરૂચ ખાતે જઈ ફારસીનો " ' અભ્યાસ કીધો હતો. તે પછી ૧૭૨૧ મા કેરમાનથી આવેલા જામાસ્પ વીલાયતી પાસે એવણ સુરત જઇ જદ તથા પહેલવી શીખ્યા હતા * * * નવસારીમા ત્રીજા દસ્તુરની જગો એવણને મલી હતી.

હમો તરફનો રદયો.

એવણ ઈ સ ૧૬૯૩ મા જનમેલા હોવાથી એવણ ૬૦) વરસની ઉમરે ગુજરયા હતા ફારસીનો અભ્યાસ એવણે શુરૂઆતમાં નવસારીમા મુનશી નજમુદ્દીન આગલ કર્યો હતો અને ત્યાર પછી કટલેક વરસે ભરૂચની સરકારી મદરેસામા દાખલ થઇ ત્યાના મીર મુનશી મોલવી મઆશુ મશાહમશાહની ઉસ્તાદગીરી હેઠલ તે ભાષાનો અભ્યાસ આગલ વધાર્યો હતો.

એવણ જદ અને પહેલવી ભાષા જામાસ્પ વીલાયતી આગલ નહી પણ ભરૂચના વડા દસ્તુર જમશેદજી કામદીનજી આગલ શીખ્યા હતા અને તે ભાષાઓ તથા ફારસી અને અરબી ભાષાઓ શીખવા માટે એવણ ઇ સ. ૧૭૧૨ થી તે ઈ સ ૧૭૧૯ યાને ૭) વરસ સુધી ભરૂચ ખાતે રહયા હતા (જુઓ શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીનનાની બનાવેલી "ભરૂચના દસ્તુર ખાનદાનની વંશાવલી" સફે ૧૫ તથા તા૦ ૨૪ મી અકટોબર ૧૮૯૮ ના "જામે જમશેદ" પત્રમા "૩૦૦ વરસ ઉપર પારસીઓની હાલત કેવી હતી" એ બાબદ ઉપર મજકુર શેઠે છપાવેલો ચરચાપત્ર) ઈ સ ૧૭૨૯ માં એવણે ઇરાનના દસ્તુરો ઉપર દીનને લગતા ૧૧) સવાલો લખી મોકલ્યા હતા જેના જવાબો જામાસ્પ વીલાયતી ઇ સ ૧૭૨૧ માં પોતાની સાથે લાવ્યો હતો એજ વરસમા યાને ઇ સ ૧૭૧૯ મા એવણે ૫) ગેહો અને સરોશ હાદોખ્ત તથા અફુરમઝદયસ્નોનો ગુજરાતીમા અને બીજી કેટલીક યસ્તોનો પહેલવીમા તરજુમો કર્યો હતો.

એવણુના જંદ અને પહેલવીના અભ્યાસ વગર ઈરાન ખાતે સવાલો લખી મોકલવાનુ અને ગેહો તથા યસ્તોના તરજુમાઓ કરવાનુ કામ કેમ બની શકે? આ ઉપરથી સાફ જણાય છે જે જામાસ્પ વીલાયતી હીંદુસ્તાન આવ્યો તેની ઘણુક અગાઉ એવણુ જંદ અને પહેલવીમાં કાબેલ ઠરી ચુકા હતા. જામાસ્પ વીલાયતીએ એવણુને બીજા બે દસ્તુરો સાથ પોતાના શાગેરદ કીધા હતા તે રોજ માહની તકરાર ઉભી કરવા માટે પોતાની સાથે નજુમને લગતી કેટલીક પહેલવી કેતાબો લાવ્યો હતો તેનો બારીકીથી અભ્યાસ કરાવા માટે અને નહી કે જંદ તથા પહેલવી શુરૂઆતથી શીખવવા માટે એવણુ ત્રીજી ખુરસીના દસ્તુર નહી પણુ દસ્તુર દારાબ પહાલનના મરણુ પછી આગેવાન દસ્તુર ઠર્યા હતા. નવસારીમા પહેલી ત્રણુ દસ્તુરી બેઠકો તો એવણુના ગુજરવા પછી ૧૨) વરસે સ્થાપવામા આવી હતી

સફે ૯૮—ઈ. સ. ૧૭૮૭

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૧૫૬ યઝદજરદી મરણુ—દસ્તુર જમશેદજી જામાસ્પજી આશા ઉમર વર્ષ ૫૫) * * એવણુને ઈ. સ ૧૭૫૩ માં પોતાના બાપના મરણુથી નવસારીના ત્રિજા દસ્તુરની જગા મળી હતી ' * એવણે પાંચ અને છ મીસરાની બે "મુખમસ" અને ત્રણુ "મુસદસ" લખી છે.

દસ્તુર જમશેદજી ઈ સ. ૧૭૨૭ મા જનમેલા હોવાથી એવણુ ૬૦) વરસની ઉમરે ગુજરયા હતા. એવણુને પોતાના બાપ દસ્તુર જામાસ્પ આશાના મરણુ પછી ત્રીજા દસ્તુરની જગા મલી ન હતી નવસારીમા ત્રણુ દસ્તુરી બેઠકો તો દસ્તુર જામાસ્પ આશાના ગુજરવા પછી ૧૨) વરસે યાને ઈ સ ૧૭૬૫ મા નવસારીમાં આતશબેહરામ પરઠવામા આવ્યા તે દીવસથી સ્થાપવામા આવી છે, અને દસ્તુર જમશેદજીએ એ દસ્તુરી જગાનુ માન ચોક્કસ કારણુ સર લેવાનુ ના પાડવાથી એવણુના સૌથી નાઘલા ભાઇ દસ્તુર રૂસતમજી બીજી (અને સુરતના દસ્તુર દારાબ પહાલનના ખાનદાનના દસ્તુરો નવસારી આવે તો ત્રીજી) ખુરસીના દસ્તુર ઠર્યા હતા જે માન તેઅણે અરધી સદી સુધી ભોગવ્યુ' હતુ એની સાબેતી ખુદ "પારસી પ્રકાશ" ને સફે ૫૫) માથી મલે છે અને તે એકે તા૦ ૩૦ મી મેએ ૧૭૭૭ ઇસવી સવત ૧૮૩૩ ના રોજ ૧૯ માહ ૮ ને દીને નવસારીની અનજુમને મુબઇની અનજુમન ઉપર લખેલા કાગજ ઉપર દસ્તુર જમશેદજીના ભાઇ દસ્તુર રૂસતમજીની

ત્રીજી ખુરસીના દસ્તુર તરીકેની શહી છે કે જે વખતે દસ્તુર જમશેદજી હૈયાત હતા. "પારસી પ્રકાશ" મા એવણે બે "મુખમસ" અને ત્રણ "મુસદસ" લખી છે એમ જણાવ્યુ છે જે તદન ફરક઼ાં છે એવણે પોતાના મીત્ર લાલા ફત્તેહચંદ એહ્સાનપુરીની તારીફમા ૩૦) "મુખમસ" અને "મુસદસ" લખી છે.

સફે ૧૯૩ ઈ. સ ૧૮૨૬

તા૦ ૫ મી ફેબરવારી

રોજ ૬ માહ ૫ (શે૦) ૧૧૯૫ યજદ-જરદી. મરણ–દસ્તુર બહમનજી જમશેદજી જામા-સ્પ આશાના ઉમર વર્ષ ૮૧) નવસારીવાલા દસ્તુર જમશેદજી જામાસ્પ આશાના બીજા દીકરા

દસ્તુર બેહમનજી જમશેદજી રોજ ૬ માહ ૫ સને ૧૧૯૪ યઝદજરદી તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૮૨૫ ને દીને ૮૦ વરસની ઉમરે ગુજરયા હતા. એની સાબેતી એ છે જે એવણના ઉઠેમણાને દીને એવણના નબીરા દસ્તુર જામા-સ્પજી એદલજીના ત્રીજા દીકરા પુણાવાલા દસ્તુર બેહમનજી જામાસ્પજી સી આઇ ઇ. નો જનમ થયો હતો અને તેવણનો જનમ દીવસ સંવત ૧૮૮૧ ના રોજ ૮ માહ ૫ સને ૧૧૯૪ યઝદજરદી છે તેટલા માટે દસ્તુર બેહમનજી જમશેદજીના મરણનો સને જે "પારસી પ્રકાશ" મા જણાવેલો તે બરાબર નથી તો જોકે રોજ માહ અને ઇંગ્રેજી તારીખ ખરી છે. એવણ પોતાના બાપના બીજા નહી પણ વડા દીકરા હતા.

સફે ૨૯૬ ઈ. સ ૧૮૩૬

તા૦ ૩ જી સપતેમબર

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૦૫ યઝદ-જરદી મરણ–દસ્તુર એદલજી બહમનજી જામા-સ્પ આશાના ઉમર વર્ષ ૭૦) ... એવણ ઇ સ ૧૮૨૬ મા પોતાના બાપના મરણ બાદ તેમને બદલે નવસારીમાં ત્રિજા દસ્તુરની જગો ચલા વતા હતા.

દસ્તુર એદલજી બેહમનજી સવત ૧૮૧૮ ઇ સ ૧૭૬૨ મા જનમ્યા હતા અને સવત ૧૮૮૨–ઇ. સ ૧૮૩૬ મા ગુજરયા હતા ત્યારે તેવણ ૭૪) વરસની ઉમરે ગુજરયા અને નહી કે ૭૦) વરસની ઉમરે એવણના બાપના મરણ પછી એવણ નહી પણ એવણનાં પીત્રાઇ કાકા દસ્તુર માણેકજી રુસતમજી (માકાજી દસ્તુર) બીજી (સુર-તના દસ્તુર દારાબ પહાલનના ખાનદાનના દસ્તુર નવસારી આવે તો ત્રીજી) ખુરસીના દસ્તુર ઠર્યા હતા એની સાબેતી "પારસી પ્રકાશ" ને સફે ૨૪૩) ની ફુટનોટમાથી મલે છે જેમા ત્રીજી ખુર-

સીના દસ્તુર તરીકે દસ્તુર માણેકજી રૂસતમજીને જણાવેલા છે કે જે વખતે દસ્તુર એદલજી હૈયાત હતા

સફે ૬૭૨–ઇ સ ૧૮૫૫

તા૦ ૩૦ મી આગસ્ટ

આજ રોજે મુબઈ મધે "રાહે રાસ્તનુ માએ જરથોસ્તીઆન" નામની મડલી ઉભી કરવામા આવી હતી તેનો અહેવાલ મજકુર સફેમા આવેલો છે

આ મંડલીના કારોબારીઓમા દસ્તુર બેહરામજી ફરામજી જામાસ્પ આશાનાનુ નામ જોવામા આવે છે, પણ એ નામવાલા કોઇબી ગ્રહસ્થ દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનમા થઇ ગયા નથી અને તે વખતે હતા પણ નહી મજકુર દસ્તુર બેહરામજી ફરામજી બીજા દસ્તુર ખાનદાનના હોય અને કદાચ ભુલથી તેવણને દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનના જણાવામા આવ્યા હોય.

દફતર ૨ જુ

સફે ૬–ઈ સ ૧૮૬૧

તા૦ ૨૦ મી ફેબરવારી

રોજ ૩૦ માહ ૫ (શે૦) ૧૨૩૦ યઝદજરદી. મરણ–દસ્તુર એદલજી દારાબજી જામાસ્પ આશાના ઉમર વર્ષ ૭૭) એવણ ઇ. સ. ૧૮૨૯ મા છેલ્લા દસ્તુરજી (દસ્તુર ખુરશેદજી જમશેદજી)ના મરણ પછી મુબઈના શહેનશાહી જરથોસ્તીઓના એક દસ્તુર તરીકે ગણાતા હતા.

દસ્તુર એદલજી દારાબજી સવત ૧૮૩૮ ના રોજ ૮ માહ ૪ સને ૧૧૫૧ યઝદજરદી તા૦ ૧૮ મી જાન્યુઆરી ૧૭૮૨ ને દીને જન્મ્યા હતા માટે તેવણ ૭૯) વરસની ઉમરે ગુજર્યા અને નહી કે ૭૭) વરસની ઉમરે દસ્તુર ખુરશેદજી જમશેદજીના મરણ પછી દસ્તુર એદલજીને નહી પણ એવણના બાવા દસ્તુર દારાબજી જમશેદજીને દસ્તુરી આપવામા આવી હતી પણ તેવણે થોડા વખતમાજ દસ્તુરી ગાદી ત્યાગ કરી એકાંત જીદગી ગુજારવાથી દસ્તુર એદલજી પોતાના બાપ તરફથી દસ્તુરી ચલાવતા હતા અને ઇ સ ૧૮૩૯ મા તેવણના મરણ પછી એવણ કાયમ દસ્તુર ઠર્યા હતા

સફે ૬૨–ઇ સ ૧૮૬૩

તા૦ ૧૦ મી મેએ.

બીગરના આસીસટંટ એક્ષ્ત્રા કમીશનરે દસ્તુર બેહરામજી જામાસ્પજી જામાસ્પ આશાનાને નીઝામ સરકારે પોતાના સરવે ખાતા ઉપર મોહટે દરમાયે નેમ્યા હતા.

આએ નોંધ તદનજ ફેરફાર છે. દસ્તુર બેહરામજી જામાસ્પજી બીરારમા એક્ષત્રા આસીસટંટ કમીશનરના ઓધ્ધા ઉપર તેમજ નીઝામના સરવે ખાતામા કદી હતાજ નહી. એવણ પહેલા નીઝામના કસતમ ખાતાના સુપરીનટેનડન્ટ નેમાયા હતા જયાથી વધીને અવલ તાલુકદારના ઓધ્ધા ઉપર ચહડયા હતા અને ત્યાર પછી પેનશન ઉપર રીટાયર થયા હતા.

સફે ૫૨૪-ઇ સ ૧૮૭૫
તા૦ ૧૨ મી એપરીલ.

રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૪૪ યઝદજરદી મરણ-દસ્તુર હોરમજી જામાસ્પજી જામાસ્પ આશાના-ઉમર વર્ષ ૫૫) એવણ ૧૮૪૭ થી હેદરાબાદનુ પથક ચલાવતા હતા

સફે ૫૨૮-ઇ સ. ૧૮૭૫
તા૦ ૨૯ મી મેએ

રોજ ૧૧ માહ ૮ (શે૦) ૧૨૪૪ યઝદજરદી મરણ-દસ્તુર જમશેદજી રૂસતમજી જામાસ્પ આશાના ઉમર વર્ષ ૮૫)

એવણ ઇ સ ૧૮૪૭ થી પોતાના વડા ભાઇ મરહુમ દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીને તેવણના દસ્તુરી કામમાં મદદ કરતા હતા અને ઈ સ ૧૮૬૩ થી પોતાના એક ભાઇ દસ્તુર બેહરામજી જામાસ્પજી નીજામ સરકારની નોકરીમા દાખલ થવાથી તેવણુની જગોએ એવણ એજ વરસથી યાને ઈ સ ૧૮૬૩ થી હેદરાબાદનુ પથક ચલાવા માડયુ હતુ

એવણ સવત ૧૮૫૩ ના રોજ ૩૦ માહ ૧૦ સને ૧૧૬૬ યઝદજરદી તા૦ ૫ મા જુલાઇ ૧૭૯૭ ન દીને જનમેલા હોવાથી એવણ ૭૮) વરસની ઉમરે મરણ પામ્યા અને નહીકે ૮૫) વરસની ઉમરે

દસ્તુર જામાસ્પ આશાના કુંટુંબ સાથ સગાઈ ધરાવનારા પારકા કુંટુંબના કેટલાક જાણીતા પુરૂષોનો ટુંક અહેવાલ ("પારસી પ્રકાશ" અને બીજાં પુસતકો ઉપરથી.)

દસ્તુર શોહરાબજી રૂસતમજી મેહરજીરાણા.

એવણ મરહુમ દસ્તુર રૂસતમજી માણેકજી મેહરજીરાણાના નાથલા દીકરા. એવણના દીકરી રતનબાઇ મરહુમ દસ્તુર જામાસ્પ આશાના નાથલા દીકરા દસ્તુર રૂસતમજી સાથ પરણેલા હોવાથી એવણ દસ્તુર જામાસ્પ આશાના વહેવાઈ થાય એવણ નવસારીની અનજુમનના વડા દસ્તુર હતા. ઇ સ ૧૭૬૪ મા સુરત મધે ભરથાણા આગલ નવસારી પથકને લગતા પદાની રૂવાનો માટે અનજુમનના ઉધરાતથી બધાયલા દુખમાને પરથવાની કીરીઆ એવણના ઉપરીપણા હેઠલ થાઇ હતી ત્યાર પછી ઇ. સ ૧૭૬૫ મા નવસારીના આતશબેહરામને તખ્તનશીન કરવાની કીરીઆ એવણે પોતાના ઉપરીપણા હેઠલ કરાવી હતી અને તેની પહેલી બોએ એવણે દીધી હતી ઈ સ ૧૭૭૬ માં નવસારીમાં ધાડ પાડવાથી ઉપલા આતશબેહરામને સુરત લઈ જવા પડયા હતા અને તે માટે એવણને થોડુક સુધી સુરત જઈ રહેલુ પડયુ હતુ એવણ રોજ ૩૦ માહ ૬ સને ૧૧૪૮ યઝદજરદી તા૦ ૧૧ મી એપ્રીલ ૧૭૭૯ ને દીને ૬૦) વરસની ઉમરે મરણ પામ્યા. એવણના પાંચ દીકરાઓ માના ત્રણ દીકરાઓ કાઊશજી, ફરામજી તથા નોશેરવાનજી એક પછી એક વડા દસ્તુરનો ઓધ્ધો ભોગવી ગયા હતા.

દેશાઈ ખુરશેદજી તેહમુરજી.

એવણુ નવસારીના મોહટા દેશાઈ ખાનદાનના વડવા દેશાઇ તેહમુરજી રૂસતમજીના વડા દીકરા થાય એવણુના વડા દીકરા નવરોજી દસ્તુર જામાસ્પ આશાના દીકરી હોમાએ સાથ પરણેલા હોવાથી એ દેશાઇજી પણ દસ્તુર જામાસ્પ આશાના વેહવાઇ થાય એવણુને ઇ સ ૧૭૨૮ માં પોતાના બાપના મરણ પછી પીલાજીરાવ ગાયકવાડે નવસારી કસબાની ચોધરાઇ તથા દેશાઇગરૂ આપ્યુ હતુ અને પોતાના નેમેલા સુબા કેદારજીરાવને નવસારીનો વહીવટ એવણુની સલાહ લઇને ચલાવાનો હુકમ કર્યો હતો એવણુની મદદથી નવસારી અને તેને લગતા મહાલાની મહાસુલમાં ઘણો વધારો થયો હતો નવસારીની ગરીબ રૈયતને એવણે ઘણાક અણઘટતા વેરાઓમાથી છોડવી હતી અને એક વખતે રૂ. ૩૫૦૦૦) સુધીનો વેરો ગરીબ રૈયત તરફથી એવણે પોતાની ગીરોથી આપ્યો હતો ઇ સ ૧૭૬૫ મા એવણે નવસારીમા આતશબેહરામને તખ્તનશીન કરાવ્યા હતા એવણે નવસારીમા સરઅવસરે વાપડવાને વાસ્તે એક ઓટલો બાધી આપેલા હતો જે “ ખુરશેદવાડી ” ને નામે આજ સુધી ઓલખાય છે એવણુને મોગલાઇ સરકાર તરફથી ચોધરાઈ તથા દેશાઇગરાને લગતા ફરમાનો મલ્યા હતા એવણુ નવસારીની અનજુમનના વડા અકાબર હતા અને પોતાની કોમના સુધારાઓ માટે ઘણી આગેવાની કરી હતી નવસારીના બગનીઆ મોબદોના લાભ માટે એવણે ઘણાક કામો કીધેલા હોવાથી તેઓ એવણુની બાજને દીને હમકારા સાથનુ જમણુ આજ સુધી કર્યા જાએ છે એવણુ રોજ ૧૨ માહ ૫ સને ૧૧૪૮ યઝદજરદી તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૭૭૯ ને દીને ૮૧) વરસની ઉમરે મરણ પામ્યા. એ દેશાઇજીના નામથી ઓલખાતુ “ ખુરશેદ તલાવ ’ આજે મોજુદ છે

દેશાઇ રૂસતમજી તેહમુરજી.

એવણુ દેશાઇ તેહમુરજી રૂસતમજીના બીજા દીકરા થાય એવણુના એક દીકરા તેહમુરજી તે બાપુજી દેશાઇના બાપના બપાવાની સીઆદી દસ્તુર જામાસ્પ આશાના દીકરી વીરબાઇજી સાથ થવલી હોવાથી એવણુ પણ દસ્તુર જામાસ્પ આશાના વેહવાઈ થાય ઈ. સ. ૧૭૨૮ માં પોતાના બાપના મરણ પછી ગાયકવાડ સરકારે એવણુને પોતાની નોકરીમા રાખ્યા હતા અને કેટલીક જાગીરો આપી હતી એવણુને ફારસી ભાશાનુ સારૂ જાન હતુ. એવણુ રોજ ૮ માહ ૮ સને ૧૧૧૬ યઝદ-જરદી તા૦ ૧૯ મી મેએ ૧૭૪૭ ને દીને ૪૪) વરસની ઉમરે મરણ પામ્યા હતા કહે છે કે એવણુ જ્યારે મુબઇથી નવસારી પાછા ફરતા હતા ત્યારે રસ્તામા એક ઝાડ નીચે સુતેલા હતા અને ઉપરથી એક કામળીઓ એવણુની આખ ઉપર પડવાથી તેની વેદનાથી એવણુનુ મરણ નીપજ્યું હતુ. “ રૂસતમ વાડી ” અને “ રૂસતમ તલાવ ” થી એ દેશાઇજીનુ નામ આજ સુધી યાદગાર રહેલું છે.

દેશાઇ જમશેદજી તેહમુરજી.

એવણુ દેશાઈ તેહમુરજી રૂસતમજીના નાઘલા દીકરા હતા એવણે પોતાના એક દીકરા માણેકજી તે દેશાઈ દાદીબાના બાપના બપાવાને દસ્તુર જામારપ આશાના દીકરી નવાજબાઈ સાથ પરણાવીને એવણ એ નામવર દસ્તુરજીના વેહવાઇ થવાનુ માન પામ્યા હતા. ઈ. સ. ૧૭૨૮ માં પોતાના

બાપના મરણ પછી ગાયકવાડ સરકારે પોતાની નોકરીમા રાખ્યા હતા અને નવસારીની અનજુમનના એક આગેવાન અકાબર હતા અને સરકાર સાથના લાગવગને લીધે પોતાના જાત ભાઇઓને ઘણાક ફાયદાઓ કર્યા હતા એવણ રોજ ૩ માહ ૧ સને ૧૧૨૪ યઝદજરદી તા૦ ૨૨ મી અકટોબર ૧૭૫૪ ને દીને ૪૨) વરસની ઉમરે મરણ પામ્યા નવસારીમા આવેલી "જમશેદ વાડી" અને "જમશેદ તલાવ" એ દેશાઈજીની યાદગારી દેખાડે છે

દસ્તુર બેહરામજી દારાબજી સંજાણા.

એવણ સુરતવાલા મરહુમ દસ્તુર દારાબજી રૂસતમજી સંજાણાના નાહના દીકરા હતા. એવણ મરહુમ દસ્તુર રતનજી રૂસતમજી જામાસ્પ આશાનાના વડા દીકરી કુવરબાઈના ખાવીંદ અને પુણાવાલા મરહુમ સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી તથા ભાઇઓના માસા થાય. એવણ પોતાના ભાઈ મરહુમ દસ્તુર એદલજી દારાબજી સંજાણાના પાલક થયા હતા અને ઈ સ ૧૮૪૭માં તેવણના મરણ પછી વહાડયાજીના આતશબેહરામના દસ્તુર ઠરયા હતા ઇ. સ ૧૮૫૦ મા વહાડયાજીના આતશબેહરામમા મોબદોના અને મુખ્ય કરી ભગરીઆ મોબદોના છોકરાઓને મરાતબ કરવાની તકરાર પાછી જાગી હતી આ વખતે સર જમશેદજી જીજીભાઇ ૧ લા બેરોનેટ નવસારી ખાતે હોવાથી એ ટકનો લાભ લઈ કેટલાક ભગરીઆ મોબદોએ એ દસ્તુરજીની આગેવાની હેઠલ તેવણને અરજી કરી નવસારીની અનજુમન પાસેથી મજકુર આતશબેહરામમા મરાતબ કરવાનો હક મેલવી અપાવાની માગણી કરી હતી, પણ નવસારીની અનજુમને એ હક આપવાની સાફ ના પાડવાથી એ તકરાર પાછી બંધ પડી હતી ઇ સ ૧૮૫૫ મા "પારસી લૉ એશોશીએશન" સ્થાપવામા આવી તેના એવણ એક અધીકારી હતા એવણ રોજ ૨૪ માહ ૫ સને ૧૨૨૬ યઝદજરદી તા૦ ૧૫ મી ફેબ્રુઆરી ૧૮૫૭ ને દીને ૭૨) વરસની ઉમરે મરણ પામ્યા એવણ દીનની ક્રીઆ કાનુનોમા સારા વાકેફગાર હતા એવણ પછી એવણના પાલક દીકરા દસ્તુર પેશોતન વહાડયાજીના આતશબેહરામના દસ્તુર ઠરયા હતા દસ્તુર બેહરામજીના એક પુરા દીકરા એરવદ દારાબ રોજ ૧ માહ ૧૧ સને ૧૨૦૧ યઝદજરદી તા૦ ૨૮ મી જુલાઈ ૧૮૩૨ ને દીને ૧૫) વરસની ઉમરે મરણ પામ્યા હતા. ઈ સ. ૧૮૩૨ મા વહાડયાજીના આતશબેહરામમા ફકત નાવર કરવાનો રવૈયો ચાલુ થવાથી પ્રથમમા મોબદોના જે ત્રણ દીકરાઓ નાવર થયા હતા તેમા બીજા નાવર થનાર આ મરનાર દસ્તુર જાદા હતા.

એરવદ પેશાતનજી રૂસતમજી કાંગા.

એવણ દખણના પહેલા વડા દસ્તુર જામાસ્પજી એદલજી જામાસ્પ આશાનાના દીકરી મેહરબાનબાઇના ખાવીંદ થાય. એવણ રોજ ૧૧ માહ ૯ સને ૧૧૮૭ યઝદજરદી તા૦ ૧૯ મી જુન ૧૮૧૮ ને દીને જનમ્યા હતા એવણ પ્રથમમા મુંબઇ મધે બહારકોટમાં મોબદીનો ધંધો કરતા હતા અને ઈ. સ ૧૮૫૧થી શેઠો જમશેદજી દોરાબજી નાયગામવાલા, શોહરાબજી ખુરશેદજી હુંડી અને રૂસતમજી રતનજી બીલીમોરીયા સાથે "જમશેદજી દોરાબજી તથા શોહરાબજી ખુરશેદજીની કુમ્પની"ને નામે વેપાર તથા રેલવે કંત્રાકટનુ કામ કરતા હતા જી આઇ પી તથા બી. બી. એન્ડ સી. આઇ. રેલવેઓની ઘણાક માઇલોની સડકો તથા પુલો એવણની કુંપનીએ બાંધ્યા હતા. એ કુંપનીએ પહેલવેહલી જી. આઇ. પી. રેલવેની સડક પરસીકની ખાડીથી તે કલ્યાણી સુધીની બે

લાખ હેસી હઝારને કત્રાકટે બાંધી હતી ત્યાર પછી એજ કુપનીએ કલ્યાણીથી તે ઠેઠ ચાલીશ ગામ સુધીની રેલવે સડકો રૂપીઆ ઓગણચાલીશ લાખ સીતેર હજારને કત્રાકટે બાંધી હતી એજ મુજબ બી. બી એન્ડ સી આઇ રેલવેની સડક અમદાવાદથી તે સાબરમતી સુધીની તે ઉપર લોહડાના પુલ સાથે રૂપીઆ બે લાખને કત્રાકટે તથા સાનંદથી તે વીરમગામ સુધીની સડક રૂપીઆ પાંચ લાખને કત્રાકટે એવણુનીજ કુપનીએ બાંધી હતી જી આઇ પી રેલવેની કલ્યાણીથી તે થલઘટ જવાના રસ્તા તરફની ૧૪ માઇની સડક તે ઉપરના પુલ સાથે બંધાઇને તૈયાર થાવાથી તે જાનાને માટે ૩૦૦) યુરોપીઅન તથા દેશી ગૃહસ્થોને રેલવેની એક ખાસ ત્રેનમા બોલાવી તા૦ ૩૦ મી એપ્રાલ ૧૮૫૫ ને દીને એ કુપનીએ પોતાને ખરચે એક જીઆફત આપી હતી આ વેલાએ મુંબઇની હાઇ કોર્ટના ચીફ જસટીશ સર વીલીઅમ યારડલી, ગવરનરની કાઉનસીલના મેમબરો મી૦ મેસેટ અને મી૦ લમ્સડન, રેલવે કુપનીના પ્રમુખ કરનલ સ્વાનસન અને ચીફ એનજીનીઅર મી૦ બરકલી, શેઠો ખુરશેદજી જમશેદજી જીજીભાઈ, બહમનજી હોરમજી વહાડ્યા, ખુરશેદજી રૂસતમજી વહાડ્યા, માણેકજી નશરવાનજી પીટીટ તથા મુંબઇના કાજી યુસફ મુરગે વીગેરે મોભાદાર ગ્રહસ્થો એ કુંપનીના નોતરાને માન આપી જીઆફતમા સામેલ થયા હતા ચીફ એનજીનીઅર મી૦ બરકલીએ કુપનીની સલામતી ચાહી હતી અને હિંદુસ્તાનમા દેશીઓને હાથે કદી નહી થયલુ રેલવેનુ બાંધકામ એ કુંપનીએ સતોષકારક રીતે બજાવી આપ્યુ તે માટે કુપનીના ભાગીઆઓની નામબનામ સ્તુતી કરી હતી

બહારકોટના મોબદો તરફ એવણની પ્રથમથીજ દીલસોઝી હોવાથી તેઓએ રોજ ૨૩ માહ ૬ સને ૧૨૩૩ યઝદેજરદી તા૦ ૧૪ મી માર્ચ ૧૮૬૪ ને દીને એવણના બીજા દીકરા શોહરાબજીના લગનની મીજલસમા એવણને મુબારકબાદીના "એડ્રેસ" આપી મીઆલ હોરાડી હતી

મરહુમ શેઠ હોરમજી વહાડ્યાજીના આતશબેહરામની બોયના વારાના ઇ સ. ૧૮૩૪ થી ૧૮૪૯ સુધીના રૂપીઆના વાધાનો જે મુકદમો ઈ સ ૧૮૮૩ મા મુબઇની હાઈ કોર્ટમાં ભગરીઆ મોબદોએ ચલાવ્યો હતો તે મુકદમાના બાકી રહેલા નાણા સાચવી રાખવા માટે હાઈ કોર્ટે જે ચાર ટ્રસ્ટીઓ નેમ્યા હતા તેમા એવણ પણ એક હતા. ઇ સ ૧૮૮૪ મા મુબઇમા ભગરીઆ મોબદોને એક નવું આતશબેહરામ બંધાવી આપવા માટે જે કમીટી નેમાઈ હતી તેના એવણ નાયબ સરનશીન ઠરયા હતા એ આતશબેહરામના મકાનના બાંધકામમા એવણે પહેલેથી તે છેલ્લે સુધી અમુલ્ય સેવાઓ બજાવેલી હોવાથી તેના બદલામા રોજ ૩ માહ ૨ સન ૧૨૬૭ યઝદજરદી તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૭ ને દીને આતશબેહરામને તખ્તનશીન કીધા તેની મીજલસમા એવણને આતશ બેહરામની કમીટી, માણેકજી શેઠની દરેમેહરના મોબદો, સરદાર દસ્તુર હોશંગજી જામાસ્પજી, શેઠો દાદાભાઇ નશરવાનજી કત્રાકટર અને રૂસતમજી ડોશાભાઇ શેઠના તરફથી મલી ૫) મીઆલો હોરાડવામા આવી હતી અને એજ દીને શાજે જરથોસ્તીઓના મેલાવડા હજુર એવણને આતશબેહરામની કમીટી તરફથી ચાદીના "ટીસેટ" અને "કેસકેટ" સાથનુ નીચે મુજબનુ માનપત્ર આપવામા આવ્યુ હતુ :—

"મેહરબાન સાહેબ—જત પંદર વરસની તમો સાહેબની આએ આતશબેહરામ સાહેબના મકાનને સરનજામ ઉતારવાની અથાગ મેહનત અને દીલસોઝી માટે આજના શુભ પ્રસગે હમારી કમીટી તમારો જાહેર અને મોહટો ઉપકાર માને છે.

મેહરબાન શેઠજી, એ પંદર વરસની મુદતમા આપ સાહેબના કુટુબમા અનેક ન ધારેલા બનાવો બન્યા છે, પણ તેથી તમો સાહેબ જરાભી હારી ન ખાતા જે નેક કામ પાર પાડી આપવાનું તમોએ માથે ઉઠાવ્યું હતુ તે કામની પુરતી દેખરેખ કરવા તમારી કીમતી સલાહો આપવા તેમજ તમારા કીમતી વખતનો ભોગ આપી બીનસવારથે અને વગર હાસલે જે કામ તમોએ પાર પાડી

આપ્યું છે, એ ખચીત તમો સાહેબને તમારી બુઝોરગીના વખતમા માન ભરેલું છેજી, એટલુંજ નહી, પણ હમારી કમીટીને ખાતરી પુરવક જણાવામા આવ્યુ છે જે જુદા જુદા આતશો મેલવી આપવા તથા તે પાછન ઘટતી કીરીઆ કરાવ ની દેખરેખ રાખવા પાછલ તમો સાહેબે બેહદ તકલીફ લીધી છે જે જોઈ હમારી કમીટી બેહદ ખુશી થઇ છેજી તમો સાહેબની એ સરવે મેહનતનો પુરતો બદલો આપવાને હમારી કમીટી શકતીવાન નથી તોપણ આએ સુભ પ્રસગે એક નજીવી બેટ દાખલ આ એક માનપત્ર એક શોભાયમાન રૂપાના કાસકેટમા મુકીને તથા રૂપાનો ટીમેટ હમારી કમીટી તમારી આગલ રજુ કરે છે અને તે કબુલ રાખવાની હમો તમો સાહેબને એલતેમાસ કરીએ છીએ. છેવટે હમારી કમીટી અત કરણથી દુઆ ચાહે છે જે તે પાક પરવરદેગાર તમો સાહેબને લાબી અને સુખી જીદગી બક્ષે અને આએ નેક કામ સરનજામ ઉતારી આપવાનો બદલો તમારી તનદરોસ્તી અને નેક મુરાદોમાં હાસલ કરે આમીન ' એજ કમીટી અનજુમનના આતશબેહરામનો વહીવટ ચલાવા માટે પાછી મુકરર થઇ હતી તેના એવણુ એક ત્રસ્ટી અને નાયબ સરનશીન હતા. તેમજ મુબઇ તથા દખણના જરથોસ્તીઓના કેટલાક ધર્મખાતાઓના ફડોના એવણ એક ત્રસ્ટી તથા મેમબર હતા. એવણુ રોજ ૯ મો માહ ૪ થો સને ૧૨૭૧ યઝદજરદી તા૦ ૨૨ મી દીસેમબર ૧૯૦૧ ને દીને ૮૪) વરસની ઉમરે મુંબઇમા બેહસ્તનશીન થયા એવજ ઘણાજ ઠડા મીજાજના, શાત પ્રકૃતીના, સખી દીલના અને બેહદ સખુણવાના હતા અને દુન્યાઇ કારોબારમા પ્રમાણીક નીશટાથી ચાલનારા હતા. એવણુ બગર સાથ મોબદોના મોહટા ખેરખાહ અને તેઓના મુગે મોહડે લાભ સભાલનારા હતા

—→ —০০০০— ←—

શેઠ દીનશાહ પેશતનજી કાંગા એમ. એ., એલ એલ. બી. સોલાસીટર.

એવણુ ઉપલા શેઠ પેશતનજી રૂસતમજી કાગાના નાથલા દીકરા અને પુણાવાલા સરદાર દસ્તુર નોશેરવાનજી જામાસ્પજીના નાથલા દીકરી બીચીબાઈનો ખસીદ થાય. એવણુ રોજ ૨૭ માહ ૪ સને ૧૨૨૪ યઝદજરદી તા૦ ૧૯ મી ફેબ્રુઆરી ૧૮૫૫ ને દીને જનમ્યા હતા એવણે પ્રથમમા એલફીનસટન હાઈ સ્કુલમા ઇંગ્રેજીનો અભ્યાસ કર્યો હતો અને ત્યાર પછી પ્રોપ્રાયટરી હાઇ સ્કુલમા દાખલ થઇ ઈ. સ ૧૮૭૦ મા મેટરીકયુલેશનની પરીક્ષા પસાર કરી હતી અને ગુજરાતી ભાશામા સૌથી સરસ મારક મેલવવા માટે એવણુને ' જેમ્સ તેલર પ્રાઇઝ " મલ્યુ હતુ ત્યાર પછી એલફીનસટન કોલેજમાં દાખલ થઇ ઈ. સ ૧૮૭૨ મા એફ. ઈ. એ. અને ઇ સ ૧૮૭૪ મા બી એ. ની પરીક્ષાઓ ફતેહમંદીથી પસાર કરી હતી છેલ્લી પરીક્ષામા ઇંગ્રેજી ભાશામા ઘણોજ સરસ દેખાવ કરવા માટે એવણુને "ઇલીસ સ્કાલરશીપ ' મલી હતી ઇ. સ. ૧૮૭૬ મા એવણે એમ એ. ની પરીક્ષા ઇંગ્રેજી અને લેટીન ભાશાઓ સાથ પસાર કરી હતી. ઈ સ. ૧૮૭૮ મા એલ એલ. બી. અને ૧૮૮૦ મા સોલીસીટરની પરીક્ષાઓ પસાર કરી મેસરસ જેફરસન, ભાઇશકર અને દીનશાહની પેહડીના નામથી સોલીસીટરનો ધધો ચલાવતા હતા મુબઇ સરકારે એવણુને સુલેહના અમલદાર અને મુબઈ યુનીવરસીટીના ફેલો હડાની માન આપ્યુ હતુ એવણ " રોયલ એસીઆટીક શોસાયટી " અને " પ્રેસીડનસી એશોશીએશન " ના આગેવાન મેમબર હતા એવણુ રોજ ૧૭ માહ ૫ સને ૧૨૫૬ યઝદજરદી તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૮૮૭ ને દીને ૩૨) વરસની ભરજવાન વયે મરણ પામ્યા એ મરહુમ સુસોભીત બોલનારા અને લખનારા હતા અને " પ્રેસીડનસી એશોસીએશન " તરફ એવણુની ઘણીજ દીલસાઝી હોવાથી એ ખાતાના કારોબારીઓએ એવણુના અકાળ મરણથી જે ખોટ ગઇ તે માટે દીલગીરીનો ઠરાવ પસાર કરી તેની એક નકલ એવણુના બુઝોરગ

પીતા ઉપર મોકલી આપી હતી એ મરનાર ઘણા મીજાજના અને બેહદ લાયકીવાલા હતા અને જીંદગીએ જો યારી આપી હતે તો પારસી કોમના એક તુરા નીવડતે અને આગેવાન રાજદુઆરી ચોધ્ધાઓમાના એક ગણાતે એવણના વડા દીકરા રૂસતમજી ગાથા ૩ સને ૧૨૫૫ યઝદજરદી તા૰ ૧૫ મી સપટેમબર ૧૮૮૬ ને દીને ૧૩) વરસની ઉમરે એવણની હૈયાતીમા ગુજરયા હતા, જ્યારે નોશેરવાન અને શીરીન બાઇ નામના બે ફરઝંદો હાલ હૈયાત છે

શેઠ બેહરામજી ભીખાજી કાંગા.

એવણ પુણાવાલા મરહુમ દસ્તુર બેહરામજી જામાસ્પજીના જમાઈ થાય એવણ રોજ ૨૦ માહ ૮ સને ૧૨૦૭ યઝદજરદી તા૰ ૧૭ મી મેએ ૧૮૩૮ ને દીને જનમ્યા હતા એવણે તે વખતની એલફીન્સટન ઇન્સ્ટીટયુશનમા કેળવણી લઇ ઇ સ ૧૮૫૭ મા " કલેર સ્કોલર " ની પદવી મેલવી હતી એવણે પોતાની કારકીરદી એક શીક્ષક તરીકે શુરૂ કરી હતી અને ત્યાર પછી શેર અને હુંડીના દલાલનો ધંધો કરવા માંડયો હતો એવણ ઇરાન અને યુનાનની તવારીખના મોહટા અભ્યાસી હતા અને તા૰ ૧૩ મી અકટોબર ૧૮૬૨ ને દીને એવણે " ઇરાનની તવારીખ " છપાવી બહાર પાડી હતી જે તેની જાતમા પહેલી હતી એવણે તા૰ ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૬૫ ને દીને " જરથોસ્તી સને અને જરથોસ્તી ધર્મ " ઉપર એક અગત્યનુ ભાશાણ કર્યું હતુ. તા૰ ૧૯ મી માર્ચ ૧૮૬૫ ને દીને "જરથોસ્તી સને" નામની ચોપડી છપાવી બહાર પાડી હતી તા૰ ૯ મી જુલાઇ ૧૮૭૫ ને દીને મુંબઇમા " ધી નેટીવ શેર એન્ડ સ્ટાક બ્રોકર્સ એસોશીએશન " સ્થાપવામા આવી તેના એવણ સુરૂઆતથી તે ઇ સ ૧૮૭૭ સુધી સક્રેટરી હતા ઇ સ ૧૮૭૩ થી એવણ ફ્રીમેશનોની " લોડજ રાઇઝીંગસન " મા જોડાયા હતા અને એક સફેદ પાગડીવાલા અથોરનાનનુ લોડજમા જોડાવુ તે વખતે ઘણી નવાઇ દેખાડતુ હતુ મુંબઇના પ્રખીધ પત્ર "ટાઇમ્સ ઓવ ઇન્ડીઆ" માં એવણ શેર તથા હુંડીના બજારની રૂખ લખવા સાથ તવારીખ અને વિદયાને લગતી બાબદો પણ લખતા હતા એવણ મુંબઇની કટલીક મોલોના ડાયરેકતર હતા એવણ રોજ ૧૦ માહ ૪ સને ૧૨૭૩ યઝદજરદી તા૰ ૨૩ મી ડીસેમબર ૧૯૦૩ ને દીને ૬૬ વરસની ઉમરે મુંબઇમા બેહસ્તનશીન થયા એવણ જો કે દુન્યાઇ ધંધારોજગારમાં પડયા હતા તોપણ ઓલે ઓલ સાચ્ચા, લાયક અને કાબેલ અથોરનાન હતા

એરવદ એદલજી કેરસાસ્પજી આંટીઆ.

એવણ મરહુમ દસ્તુર તેહમુરજી મીનોચેહરજી જામાસ્પ આશાનાના દીકરી રતનબાઈના વડા દીકરા થાય. એવણ રોજ ૧૧ માહ ૨ સને ૧૨૧૨ યઝદજરદી તા૰ ૮ મા નવેમબર ૧૮૪૨ ને દીને નવસારીમાં જનમ્યા હતા નવસારીવાલા મોબદો એરચજી દારાશાહ અને હોરમજી નરીમાન ઉર્ફે કમાલની નીશાલમા હેરબદીની તાલીમ લીધી હતી પ્રથમમા એવણે ગુજરાતી ભાશાની તાલીમ એદલજી રતનજી નરીમાન અને એદલજી રૂસતમજી ગાયેની દુકાનમા લઇને મલેસરવાલી સર જમશેદજી જીજીભાઈની નીશાલમા પુરી કીધી હતી ઈ સ ૧૮૫૬ મા નવસારીમા સર કાવશજી જેહાંગીર જરથોસ્તી મદરેસા સ્થાપવામા આવી તેમાં દાખલ થઈ ઇંગ્રેજી ભાશાનો અભ્યાસ કરવા માંડયો. એજ મદરેસામા મરહુમ દસ્તુર કાઉશજી દારાબજી મેહરજીરાણાની ઉસ્તાદગીરી હેઠલ જંદ અને પેહલવી ભાશાઓનો અભ્યાસ કર્યો હતો. ઇ સ. ૧૮૬૨ મા એવણ મુંબઇ ગયા અને સર

જમશેદજી જીજીભાઇ મદરેસામા દાખલ થવા માટે પહેલે નંબરે પરીક્ષા પસાર કરી તા૦ ૪ થી માર્ચ ૧૮૬૩ ને દીને ઉપલા ખાતામા દાખલ થયા જ્યાં એવણને રૂ. ૧૦) ની માસીક સ્કોલરશીપ મલતી હતી. એ મદરેસામા જંદ, પહેલવી, ફારસી, સંસ્કૃત અને ઈંગ્રેજીની પુખ્ત તાલીમ લઇ એક કાબેલ અથોરનાન તરીકે બહાર પડયા હતા. તા૦ ૭ મી મેઓ ૧૮૬૬ ને દીને એ મદરેસાના ઇનામના મેલાવડામા એવણને મોહટી રકમનુ ઇનામ મલ્યુ હતુ. તા૦ ૨૧ મી જાન્યુઆરી ૧૮૬૯ ને દીને એ મદરેસા તરફથી એવણને દર મહીને રૂ. ૩૦)ની "મુન્ચરજી ફરદુનજી પારખ સ્કોલરશીપ" મલતી હતી. તા૦ ૩ જી એપ્રીલ ૧૮૭૨ ને દીને મદરેસાના ઇનામના મેલાવડામા એવણને શેઠ ફરદુનજી સોહરાબજી પારખને નામની રૂ. ૭૫)ની ફેલોશીપ મલતા સાથ એક સુનાનો ચાંદ પહેરાવવામા આવ્યો હતો, અને એજ દીવસથી એવણ એ મદરેસાના જંદ ટીચર ઠરયા હતા. ઇ. સ. ૧૮૭૩ માં "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી"ની એક બેઠકમા એવણે પ્રોફેસર યુસ્તીએ મોકલેલી પહેલવી તખ્તીઓ ઉકલાવીને તે ઉપર તકરારો ચલાવી હતી. ઈ. સ. ૧૮૭૯ થી એવણ સર જમશેદજી જીજીભાઈ મદરેસાના જંદ શીક્ષાગુરૂ ઠરયા હતા જે ઓહદો એવણ હજી સુધી ચલાવે છે. એજ વરસમા એવણે "જરથોસ્તી ધર્મ શીક્ષક" નામની ચોપડી છપાવી બહાર પાડી હતી જેની આજ સુધી ૮) આવૃતીમા ૨૦) હજાર નકલો ખપી ગઇ હતી. ઇ. સ. ૧૮૭૮ થી એવણ "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીના" ખજાનચી નેમાયા હતા જે કામ એવણ હજી સુધી બજાવ્યા જાએ છે. ઈ. સ. ૧૯૦૦ ના માર્ચ માસમા એવણે "કારનામે અરદશીર બાબકાન" નામના પુસતકનો પહેલવી તેક્સ્ત તેના ઉચ્ચારો તથા ઈંગ્રેજી અને ગુજરાતી તરજુમા સાથ છપાવી બહાર પાડયો હતો. "સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવાલન્ટ ઇનસ્ટીટ્યુશન," પારસી પંચાયત તથા મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઇના ધર્મખાતા હસ્તકની ચાલતી મુંબઇ તથા દેશાવરો ખાતેની જંદ અવસ્તા નીશાલોના એવણને ઉપરી તથા પરીક્ષક નેમવામા આવ્યા છે. એવણ "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી," સર કાવસજી જહાંગીર નવસારી જરથોસ્તી મદરેસા, શેઠ નશરવાનજી રતનજી તાતા નવસારી જંદ મદરેસા તથા બીજા કેટલાક ખાતાઓની કારોબાર મંડલીના મેમબર છે. મરહુમ શેઠ કેખુશરૂ નવરોજી કાબરાજીની આગવાની હેઠલ પારસીઓનુ નવુ વરસ આફતાબની ચાલના કુદરતી વરસ સાથ મેલવીને ગુંબધ રોજ માહનુ નવુ પંચાગ બનાવવા માટે એક કમીટી સ્થાપવામા આવી હતી તેના એવણ એક મેમબર હતા. ઇ. સ. ૧૯૦૧ મા એવણે "સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સલેશન ફંડ" ના આસરા હેઠલ વંદીદાદ તથા બીજા કેટલાક પુસતકો છપાવી બહાર પાડયા હતા.

એરવદ તેહમુરસ્પ દીનશાહ અકલેશરીઆ.

એવણના એક દીકરા જેહાંગીર પુણાવાલા એરવદ જમશેદજી હોરમજદયાર દસ્તુરની એક દીકરી મેહરબાનુ સાથ પરણેલા હોવાથી એ મરહુમ એરવદ સાહબ મજકુર એરવદ જમશેદજીના વેહવાઇ થાય. એવણ રોજ ૨૨ માહ ૧૦ સને ૧૨૦૯ યઝદજરદી તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૪૦ ને દીને ભરૂચમા જનમ્યા હતા. શુરૂઆતની કેળવણી એવણે ભરૂચમા લીધી હતી. ત્યાર પછી સુરત મધે નાવર મરાતબનો અભ્યાસ કરી માત્ર ૯) વરસની નાની ઉમરે હેરબદની પદવી મેલવી હતી. પોતાના પીતાના મરણ પછી એવણ દીસા મધે પોતાના મામાના આસરા હેઠલ રહયા હતા. એક દીવસે જ્યારે દીસામા એક મુસલમાન મોલવી પાસે રસ્તામા બેસીને ફારસીનો અભ્યાસ કરતા હતા ત્યારે મરહુમ હિંદુ સુધારક કરસનદાસ મુલજીનુ એવણ ઉપર ધ્યાન ખેંચાયુ અને એવણની બાહોશી અને ખંતીલાપણુ જોઇ એવણને મુંબઇ મોકલી આપવા માટે એવણના મામાને સમજાવ્યા.

આ ઉપરથી ૧૮) વરસની ઉમરે મુંબઇ આવી " સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇનસ્તીત્યુશન "માં દાખલ થઇ તે ખાતામાંથી મેટરીક્યુલેશનની પરીક્ષા પસાર કરી હતી એવણુને પોતાના મજહબના અભ્યાસ તરફ વધુ પ્રીત હોવાથી જંદ તથા પહેલવીનો અભ્યાસ સુરૂ કરવા માંડયો મરહુમ વિદ્વાન શેઠ ખુરશેદજી રૂસતમજી કામાજીના જંદ-પહેલવીના પહેલા શાગેરદે હોવાનું જેઓ માન ધરાવતા હતા તેઓમા આ મરહુમ વિદ્વાન પણ એક હતા તેમજ તા૦ ૪ થી માર્ચ ૧૮૬૩ ને દીને સર જમશેદજી જીજીભાઈ મદરેસા સ્થાપવામા આવી તેમા પહેલવહેલા દાખલ થનારા ૧૩) અથોરનાન વિદ્યારથીઓમા મરનાર પણ એક હતા એ ખાતામાં જંદ અને પહેલવીનો અભયાસ આગલ વધારી તથા ફારસી તથા સંસકૃતની પુખ્ત તાલીમ લઇ એક વિદ્વાન એરવદ તરીકે જરથોસ્તી આલમમા મશહુર થયા હતા તા૦ ૭ મી મેએ ૧૮૬૬ ને દીને સર જમશેદજી જીજીભાઇ મદરેસાના ઇનામના મેલાવડામા એવણને પોતાની વિદ્વતા માટે મોહટી રકમનું ઇનામ મલ્યુ હતુ. વળી એજ મદરેસા તરફથી તા૦ ૨૧ મી જાન્યુઆરી ૧૮૬૯ ના દીવશથી રૂ. ૩૦)ની માસીક સ્કોલરશીપ લાગત બે વરસ સુધી એવણુને મલી હતી. એજ વરસમાં યાને ઇ સ ૧૮૬૯ માં એરવદ શહેરયારજી દાદાભાઇ ભરૂચા સાથ " દાદેસ્તાને દીની " નો પહેલવી તેક્ષત–તેના ઉચ્ચાર–ફરહંગ અને ગુજરાતી તરજુમા સાથ છપાવી બહાર પાડવાથી એવણુને તેમજ એરવદ શહેરયારજીને જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી તરફથી રૂ ૧૦૦૦)નુ ઇનામ મલ્યું હતુ ઈ સ ૧૮૭૧ મા સર જમશેદજી જીજીભાઇ મદરેસાના સંસકૃતના શીક્ષાગુરૂ ઠરયા હતા, અને એજ ખાતા તરફથી તા૦ ૩ જી એપ્રીલ ૧૮૭૧ ને દીને ઇનામના મેલાવડામાં શેઠ ફરદુનજી શોહરાબજી પારખવાલો રૂ ૨૫૦)નો સુનાનો ચાદ ભેટ મલ્યા હતા તા૦ ૨૨ મી માર્ચ ૧૮૭૩ ને દીને એવણે સુરતવાલા મોબદ રૂસતમ પેશોતન હોરમઝદયારે કવીતામા રચેલુ " સીઆવક્ષનામુ " સરેહ સાથ છપાવી બહાર પાડયુ હતુ અને એ પુસતક તે વખતે ઘણુ વખણાયુ હતુ. એજ વરસમા ઇરાનના નાએબ દસ્તુર તીરઅંદાઝ અરદશીરે ખુરદેહ અવસ્તાનો ફારસી ભાષામા તરજુમો કર્યો હતો તેને યુરોપના ઓલમાઓએ કાબેલ તરજુમા સાથ સરખાવીને એવણે ખરો ઠેરવી આપ્યો હતો મરહુમ શેઠ શોહરાબજી શાપુરજી બંગાલીવાલી " ડોવેજર લેડી આવાંબાઈ સંસકૃત ફેલોશીપ " એવણુને તા૦ ૧ લી નવેમબર ૧૮૭૪ થી તે તા૦ ૩૧ મી અકટોબર ૧૮૭૯ યાને ૫) વરસ સુધી દર માસે રૂ. ૭૫) લેખે મલી હતી એજ વરસમા યાને ઇ સ. ૧૮૭૪ મા મુલ્લા ફીરોઝ મદરેસામાં અવસ્તા તથા પહેલવીનો એક વર્ગ ઉઘાડવામા આવ્યો તેમા એવણે એ વર્ગ ચાલુ રહયો ત્યા સુધી શીક્ષાગુરૂ તરીકે કામ કર્યું હતુ તા૦ ૨૦ મી ઓગસ્ટ ૧૮૭૪ ને દીને એવણે " આવા યસ્ત બા માએની ' છપાવી બહાર પાડી હતી. ઈ સ ૧૮૭૫ થી તે પોતાની હૈયાતી સુધી એવણ " રાહનુમાય મઝદયશનાન " સભાના મેમબર હતા અને એ મંડલી હસતકથી ચાલતી કેટલીક નીશાલોના એવણ કેટલુંક સુધી ઓનરરી ઉપરી હતા ઇ સ ૧૮૭૬ મા " ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ " નામનુ છાપાખાનુ વેચાતુ લઈ તેમાથી ઘણાક પુસતકો અને ચોપાન્યાંઓ એવણે છપાવી પ્રગટ કર્યા હતા ઇ સ.૧૮૭૮ થી ૧૮૮૫ સુધી એવણ " જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી "ના સેક્રેટરી ઠરયા હતા અને એ મંડલીની બેઠકોમા એવણે જરથોસ્તી ધર્મ અને ધર્મપુસતકોને લગતી ઘણીક બાબદો રજુ કરી તકરારો ચલાવી હતી ઇ સ ૧૮૭૯ મા એવણ ફ્રીમેશનોની " લોડજ સાઇરસ "ના મેમબર ઠરયા હતા અને મેસોનીક હોલના પાયાની ક્રીરીઆમા " મેસોનીક એપરન " સાથ હાજર થાવાથી સઘલાઓનુ ધ્યાન એ સફેદ પાગડીવાલા વિદ્વાન એરવદ તરફ ખેંચાયુ હતુ ઈ સ. ૧૮૮૧ ના ઓગસ્ટ માસથી એવણે દારાબજી જમશેદજી નાયગામવાલાની કુંપની પાસેથી " ફુરસદ " નામના માસીક ચોપાન્યાની માલેકી પોતાને હસતક લઈ તે ચોપાન્યુ ઈ સ ૧૮૯૦ સુધી ચલાવ્યુ હતુ. જુદ્દીનોને જરથોસ્તી દીનમાં લેવા રવા છે એવુ દર્શાવનારૂ ૩૭) દાખલાઓ સાથનુ એક ચોપાન્યુ એવણે ઇ. સ. ૧૮૮૨ મા છપાવી બહાર

પાડયું હતું અને એની બીજી આવૃતી પુશકલ સુધારાવધારા સાથ ઓગસ્ટ ૧૯૦૩ માં છપાવી બહાર પાડી હતી ઈ સ. ૧૮૮૩ મા એવણે "કરવશી," "આફ્રીનગાન," "આફ્રીનો," "ખુરદેહ-અવસ્તા" તથા ઇ સ ૧૮૮૮ મા 'યજશને બા નીરંગ" અને "વદીદાદ" ના પુસતકો છપાવી પ્રગટ કર્યાં હતા ઇ સ ૧૮૮૭ મા "જરથોસ્તી પહેલવી તેહ્‌કીક' સ્થાપવામાં આવ્યુ તેના એવણ એક મેમબર ઠરયા હતા અને તેની કમીટીને જુના પહેલવી પુસતકો મેલવી આપવામા એવણે ઘણી મદદ કરી હતી ઇ સ ૧૮૯૦ મા શેઠ ખુરશેદજી રૂસતમજી કામાના "જરથોસ્તનામા" ની બીજી આવૃતી છપાવી બહાર પાડી હતી એવણે જરથોસ્તી મજહબ અને તવારીખને લગતા ઘણાં નાયાબ પુસતકો મેલવવાને માટે ઘણી ઝેહમત ખેંચી હતી અને પોતાના મરણ વખતે એક ગંજાવર કેતાબખાનુ પોતા પાછળ મેલી ગયા હતા એ કેતાબખાનામા "માસાન્યાન કોદ," "ખુદાએનામે," "દાદેસ્તાન" નામની બીજી ઘણીએક કીમતી કેતાબો છે અને તેનો યુરોપ્યન આલમાઓએ પોતાના રચેલા ગ્રંથોમા T D ની નીશાની હેઠલ છુટથી ઉપયોગ કીધો છે તેમજ દોકતર વેસ્ટ, દોકતર ગેલ્ડનર, પ્રોફેસર વાસેહમ અને પ્રોફેસર દારમેસતેતર વીગેરે બીજા વિદવાનો એવણ સાથ પત્ર વેહવાર ચલાવતા હતા. એવણ રોજ ૫ માહ ૨ મને ૧૨૭૩ યઝદજરદી તા૦ ૧૯ મી અકટોબર ૧૯૦૩ ને દીને ૬૩) વરસની ઉંમરે મુંબઈમા બેહસ્તનશીન થયા એવણના મરણથી પારસી ટોળાએ જરથોસ્તી ધર્મના અથાગ અભ્યાસી અને કાબેલ ભાશાશાસ્ત્રી ગુમાવ્યા છે

શેઠ હોરમજી દાદાભાઇ (પલીડર અને જડજ.)

એવણ મરહુમ એરવદ હોરમજી માનેકજી દસ્તુર જામાસ્પ આશાનાના દીકરી કુવરબાઇ ૧ ના દીકરા થાય એવણનો જનમ જુન ૧૮૩૬ મા થયો હતો એવણે તે વખતની એલફીનસ્ટન ઈન્સ્ટીટયુટમા પ્રીન્સીપાલ હારકનેસ, શેઠ દાદાભાઇ નવરોજી, દોકતર હરબર્ટ જીરાડ અને પ્રોફેસર રીડના હાથ હેઠલ ઇંગ્રેજી તથા બીજી બાબદોનો અભ્યાસ કર્યો હતો. ઉપલા ખાતામાંથી સંપુર્ણ કેળવણી લઇ બહાર પડયા પછી એવણે એક જાહેર પુરૂષ તરીકે પોતાની કારકીરદી શુરૂ કરી. તા૦ ૧૩ મી જુન ૧૮૪૮ ને દીને મુંબઇમા "સ્ટુડંટસ લીટરરી એન્ડ સાએનટીફીક સોસાયટી" સ્થાપવામા આવી તેના ઈ સ ૧૮૮૦ સુધી એક મેમબર હતા અને એજ મંડલીના ઈ સ ૧૮૫૯ થી તે ત્રણ ચાર વરસ સુધી ગુજરાતી સેક્રેટરી ઠરયા હતા એ મંડલી તરફથી કેટલાક જાણીતા પારસી ગ્રહસ્થોએ જુન ૧૮૪૮ થી માર્ચ ૧૮૮૧ સુધી જુદી જુદી બાબદો ઉપર ઇંગ્રેજીમા ભાશાણો આપ્યા અને રેસાલાઓ વાચ્યા હતા તેમા એવણે ઇ. સ ૧૮૫૮ મા "નાટકી કવીતાઓ" ઇ સ ૧૮૬૨–૬૩ મા "માણસ જાતના ભેજાના ગુણજ્ઞાન" અને ૧૮૬૪ માં "કાયદાના મુળતત્વો ચોકસ કરી હિન્દમા અપાતો ઇનસાફ" એ વિષયો ઉપર ભાશાણો આપ્યા હતાં તા૦ ૩ જી એપ્રીલ ૧૮૫૪ ને દીને એલફીનસ્ટન ઇનસ્તીટયુશનના વિદયારથીઓનો સ્કોલર-શીપો તથા ઇનામો આપવા માટે એક જાહેર મેલાવડો ટાઉન હોલમાં નામદાર ગવરનર લોર્ડ એલ્ફીનસ્ટનના પ્રમુખપણા હેઠલ કરવામા આવ્યો હતો કે જે વખતે એવણને "વેસ્ટ સ્કોલર" ની પદવી આપવામા આવી હતી એ પદવી લેનારાઓમા એવણ ઉપરાંત શેઠો દાદાભાઇ મનચેરજી પાલખીવાલા, દારાશાહ દોરાબજી રીપોર્ટર, દાદાભાઈ રૂસતમજી લાલી, જેહાંગીર ફરામજી

૧ આ બાઇ કુવરબાઈ પહેલા પોતાના કાકાના દીકરા એરવદ જામાસ્પજી તેહમુરજી દસ્તુર જામાસ્પ આશાનાની સાથ પરણ્યા હતા અને પોતાના આ ખાવીંદના મરણ પછી આ૦ દાદાભાઇ અરજાણી સાથ નાતરૂં કરી ગયા હતાં અને તેવણને પેટે શેઠ હોરમજી તથા બીજા ફરજંદો અવતરયા હતા

મેહતા, પેશતનજી એદલજી ખબાતા અને ખરશેદજી અરદેશર સ્પીસરતા હતા તેમજ તા૦ ૨૦ મી માર્ચ ૧૮૫૫ ને દીને એવણને “ નોરમલ સ્કોલર ” ની બીજી પદવી અને ત્યાર પછી તા૦ ૨૫ મી એપ્રીલ ૧૮૫૬ ને દીને “ નોરમલ સ્કોલર ” ની ચડતી પદવી આપવામા આવી હતી દીસેમબર ૧૮૫૯ માં મુબઇના માજી ગવરનર ઓનરેબલ માઉન્ટ સ્ટુઅરટ એલફીનસ્ટન લંડન ખાતે મરણ પામવાથી તે માટે દીલગીરી જાહેર કરવા અને તે નામદારની યાદગારી કાયમ રાખવા માટે એલફીનસ્ટન ઇનસ્ટીટયુશનના આગલા અને હાલના વિદયારથીઓની એક સભા તા૦ ૧૧ મી જાન્યુઆરી ૧૮૬૦ ને દીને ટાઉન હોલમા મરહુમ શેઠ નવરોજી ફરદુનજીના પ્રમુખપણા હેઠલ મલી હતી દીલગીરી તથા યાદગારીના ઠેરાવો પસાર થવા પછી શેઠ હોરમજીએ એક સુભાખીત ભાશાણ કર્યુ હતુ. જાહેર તમ્તા ઉપરથી કીધેલુ એવણનુ એ સૌથી પહેલુ ભાશાણ હતુ અને તે જોશદાર અને ઝલમકદાર હોવાથી હાજર ગ્રહસ્થોના મન ઉપર ગણી સારીક અસર ઉપજાવી હતી અને પોતાને એક છટાદાર બોલનાર તરીકે સાબેત કરી આપ્યા હતા એ વીશેનુ તા૦ ૧૨ મી જાન્યુઆરી ૧૮૬૦ ના “ બોમ્બે ગેઝેટ ” ના નીચલુ લખાણ જાણવા આવે છે —

“ The Speech of Mr Hormusjee Dadabhoy, late a teacher in the Elphinston Institution, seemed to have much effect upon the audience, it was delivered with extreme pathos and eloquence, and in fact it was the speech of the evening ”

તેમજ એ બાબદ ઉપર તા૦ ૨૭ મી અક્ટોબર ૧૮૮૧ ના “ રાસ્ત ગોફતાર ”ના જુબીલી અંકમા મરહુમ શેઠ કયખુશરૂ નવરોજી કાબરાજીની ગ્નીતી કલમથી લખાયલુ નીચલુ લખાણ જોવામા આવે છે —

“ ‘ ઇંગ્રેજીની સારી પેઠે લખાણ શક્તિ અને જુબાન દનજીની તે વખતે કેટલી મોટી નવાઈ ગણાઈ હતી, તે તે વખત ઉપરની સન ૧૮૬૦ ની દેશીઓની એક મોટી જાહેર સભાના દાખલા ઉપરથી યાદ આવે છે તે સભા મરહુમ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિનસ્ટનના મરણ ઉપર શોક દર્શાવવાને ટાઉન હોલના દિવાનખાનામા મલી હતી અને હુ જો ભુલતો ન હોઉ તો ઇંગ્રેજી ભાષામા કામકાજ ચલાવનારી સઘળા દેશીઓની પહલવેહલી જાહેર સભા તેજ હતી જે મરહુમ મહાત્મા મહા પુરૂષની પવિત્ર યાદગારી એ એલ્ફિનસ્ટન સ્કુલ અને કાલેજે જાળવી રાખી છે, તે ઇંગ્રેજી કેળવણીના બાપ તરફ પોતાના ઉપકારના ઉદ્ગારો જાહેર કરવા કુલે એલ્ફિનસ્ટેનીયનો તે સભામા ભેગા થયા હતા, અને તેઓ ઇંગ્રેજી કેવો દેખાવ આપી શકે છે તે વિષે પ્રજામા મોટી નવાઇથી ઘણીક ચકોરચક્ષુનજરો તેમના તરફ ખેચાઇ હતી * કેહવાની કાઈ જરૂર નથી કે ઇંગ્રેજી કેળવણી પામેલા દેશીઓના ઇંગ્રેજી વાક્યાતુર્યની તે પેહલવેહલી પરીક્ષા ઘણી ફતેહમંદી સાથ પસાર થઇ હતી અગરસ કરીને તે સભામા આપણા સુપ્રસીધ્ધ શેહરી મી૦ હોરમજી દાદાભાઇનુ જોશદાર અને અસરકારક ભાષાણ મહને આજ સુધી યાદ રહી ગયુ છે તે ભાષાણ શરૂ કરવાની અગાઉ તેવણે કરેલા કાંઇક નાટકી દેખાવે સભામા ઘણી નવાઇ પેદા કીધી હતી, અને તે એકે મી૦ હોરમજી માચરા ઉપર ભાષાણ કરવાને ચહડયા તેની અગાઉ તેવણે બોલતી વેળા પોતાના હાથને કાઇક ટેકો આપવા ચાહયુ, માટે તેવણે પહેલા તો એક ખુરસી ઉચકી લાવીને માચરની વચોવચમા ગોઠવી, અને તેના ઉપર પોતાનો હાથ ટેકીને તેવણે પોતાની સખુન દરાજીનો મારો ચલાવ્યો. તેવણના એ ભાષાણ પછીથીજ તેવણ આજ સુધી પારસીઓમા એક ચુનંદા ભાષાણ કર્તા થઇ પડયા છે. ”

તા૦ ૧૨ મી ફેબ્રુઆરી ૧૮૬૩ ને દીને એવણે સરકારી “ લોકલાસ ”માથી વકીલની પરીક્ષા ફત્તેહમંદીથી પસાર કરી હતી, અને ત્યાર પછી તા૦ ૨૯ મી ફેબ્રુઆરી ૧૮૬૪ ને દીને હાઇકોર્ટના

વકીલની પરીક્ષામાં પસાર થયા હતા.

મુંબઇના જાણીતા હિંદુ ગ્રહસ્થ ઓનરેબલ શેઠ જગનનાથ શંકરશેઠની યાદગીરી કાયમ રાખવા માટે મુંબઇના રહેવાશીઓની એક સભા તા૦ ૫ મી માર્ચ ૧૮૬૪ ને દીને ટાઉન હોલમા સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા હેઠલ મલી હતી. આ સભા મુંબઇના શેરીફ દોક્તર બરડવુડે બોલાવેલી હોવાથી પ્રખ્યાત બારીસ્ટર મી૦ એનેસ્ટીએ સભામાં એક એમેન્ડમેન્ટ મુકયુ અને તેને "બોમ્બે ગેઝેટ"ના માલેક મી૦ મેકલીને ટેકો આપ્યો કે "મુંબઇના રહેવાસીઓ ઉપર શેરીફે નાખેલી આ ફરજ તેઓ ના પાડે છે અને એ બાબદ રીકવીઝીશન કરનારાઓનેજ સોંપે છે" આ એમેન્ડમેન્ટ વીરૂધ શેઠ હોરમજીએ જોશદાર ભાશાણ કરી સભા ધ્રુજાવી મુકી હતી અને એમેન્ડમેન્ટ રદ જવાથી ઉપલા બેહુ ગ્રહસ્થો સભામાંથી ચાલી ગયા હતા. તા૦ ૩ જી માર્ચ ૧૮૬૪ ને દીને એવણે "મીકેનીક ઇન્સ્ટીટયુટ"ના સંબંધમા ટાઉન હોલમાં "લોર્ડ કેનીંગની હિંદુસ્તાનની કારકીરદી" એ બાબદ ઉપર એક રસીલું ભાશાણ આપ્યું હતું. એ વીશેનુ તા૦ ૨૭ મી અકટોબર ૧૯૦૧ ના "રાસ્ત ગોફતાર"માં શેઠ કેખુશરૂ નવરોજી કાબરાજીનુ નીચલું લખાણ જોવામા આવે છે —

"એજ પ્રમાણે તેવણનું (શેઠ હોરમજીનુ) એક બીજું અસલી ઈંગ્રેજી ભાશાણ મને યાદ છે, તેબી તેવણે ટાઉન હોલનાજ દિવાનખાનામા મિકાનિક્ષ ઇનસ્ટીટયુટ તરફથી આપ્યું હતું, કે જ્યારે તેવણે પોતાના શખુનોના ગડગડાટથી દિવાનખાનુ એટલુ તો ગજાવી મેલ્યું હતું કે તેવણના જોશ અને ધડાકાથી તેવણની આગલ ટેબલ ઉપર મુકેલી સમેદાની (અથવા "કેનડલ સ્ટીક") ઉંધી વળી જવાના ભયને લીધે સભાના મેનેજરોએ સિપાહીને મોકલીને ગુપચુપ તે કેનડળ સ્ટીક ઉચકી લેવાડી હતી."

મુંબઇની હાઇકોર્ટના કામચલાઉ જડજ ઓનરેબલ મી૦ એનેસ્ટી ઇનસાફની ખુરસી અને ગંભીરાઇને ન છાજે એવી ચાલ ચલાવતો હોવાથી તેને તે ઓધ્ધા ઉપરથી ખસેડવા માટે નામદાર સરકાર જોગ અરજી કરવાને દેશી ગ્રહસ્થોની એક સભા તા૦ ૧૬ મી દીસેમબર ૧૮૬૫ ને દીને મંજગામ કેસલમા સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા હેઠલ મલી હતી. આ વખતે સરકાર ઉપર મોકલવા ધારેલી ઈંગ્રેજી અરજીનો એવણે ગુજરાતીમાં તરજુમો કરી સંભલાવ્યો હતો. ઇ. સં. ૧૮૬૬ માં એવણ ફરીમેશનોની "રાઇઝીંગ સ્ટાર લોડજ"માં જોડાયા હતા. તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૭ ને દીને શેઠ પેશતનજી નશરવાનજી વહાડયાના લગનનુ સાહજને ગીરગામના રસ્તા ઉપરથી ચાલતુ જતું હતું તે વખતે બાનુઓ અને ગ્રહસ્થો ઉપર હાઈકોર્ટના વકીલ મી૦ લાંગલીએ ગાડીમાથી ચાબકા મારી ગાડી જોરથી હંકારી ગયો. આ ઉપરથી બાઇ જરબાઈ ડોસાભાઈ નશરવાનજી વહાડયા તથા શેઠ પેશતનજી મનચેરજી તરફથી શેઠ હોરમજીએ મી૦ લાંગલી ઉપર વડા માજીસ્ત્રેટ મી૦ જોનકાનનની કોર્ટમાં ફર્યાદી માંડી હતી, પણ મી૦ લાંગલીએ નીચે મુજબ માફી પત્ર લખી આપવાથી મુકદમાની માંડવાલ થઇ હતીઃ—

"With reference to the Summonses taken out against me before the acting Chief Magistrate, I have to express my extreme regret for the occurrences which led to the issuing of the Summonses and extreme regret that there were ladies in the procession, you are at liberty to make any use of this you please." [૧]

"બોમ્બે એસોસીએશન" ને નવેસરથી ઉભી કરવા માટે મુંબઇના આગેવાન દેશી ગ્રહસ્થોની તા૦ ૨૮ મી દીસેમબર ૧૮૬૭ ને દીને એક કમીટી નેમવામાં આવી હતી. તેમા શેઠ હોરમજી [illegible]

[૧] [illegible] "—[illegible] રજુ [illegible] ૧૮૬૭.

એક મેમબર હતા અને ઈ. સ ૧૮૭૩ માં એ એસોશીએશનના એવણુ મી૦ કાશીનાથ ત્રીંબક તે લંગ સાથ થોડુંક સુધી શેક્રેટરી નેમાયા હતા. ઈ સ. ૧૮૬૮ માં ઓનરેબલ મી૦ મેને પરકોમની સ્ત્રી સાથ થયલાં લગ્નને ચોકકસ સરતે હકદાર ઠેરવવા માટેનો એક ખરડો ગવરનર જનરલની કાઉનશીલમા રજુ કીધો. આ ધારો પારસી કોમને ન લાગુ પાડવામાં આવે તે માટે વડી સરકાર જોગ અરજી કરવા માટે શેઠ ફરામજી નશરવાનજી પટેલે પારસી આગેવાનોની એક સભા તા૦ ૪ થી નવેમબર ૧૮૬૮ ને દીને બોલાવી હતી. એ અરજી તૈયાર કરવા માટે શેઠ હોરમજીએ બીજાઓ સાથ મુખ્ય ભાગ લીધો હતો. "ઇસ્ટ ઇનડીઆ એસોશીએશન" ની એક શાખા મુંબઈમાં ઉઘાડવા માટે તા૦ ૨૨ મી મેએ ૧૮૬૯ ને દીને શેઠ દાદાભાઈ નવરોજીની આગેવાની હેઠલ એક કમીટી નેમાઇ હતી તેના એવણુ એક મેમબર હતા. શેઠ દાદાભાઇ નવરોજીએ પોતાના દેશ અને દેશીઓની બજાવેલી શેવાઓની કદરશનાસીમા તેવણુને એક માનપત્ર અને તેસ્ટીમોન્યલ આપવા માટે તા૦ ૩ જી જુલાઇ ૧૮૬૯ ને દીને એક કમીટી નેમવામાં આવી હતી તેના એવણુ પણ એક મેમબર હતા. મુંબઈના ગવરનરની કાઉનશીલના મેમબર ઓનરેબલ મી૦ ટકર અને મીસીસ ટકરે તા૦ ૧૪ મી ફેબ્રુઆરી ૧૮૭૦ ને દીને એક ફેનસીડ્રેસ બોલ આપ્યો હતો તેમા શેઠ હોરમજી કરનાટકના નવાબના પોશાકમા હાજર થયા હતા. તા૦ ૧૨ મી એપ્રીલ ૧૮૭૦ ને દીને મુંબઈની "જ્ઞાન પ્રસારક મંડળી" નવેસરથી સ્થાપવામા આવી તેના એવણુ પણ એક મેમબર હતા હિંદુસ્તાનની સરકારે ઇનકમતેક્ષ વધાર્યો અને હિંદુસ્તાનનુ મેહસુલ ખાતું માઠી હાલતમા હોવાથી તે માટે સેક્રેટરી ઓવ સ્ટેટને અરજી કરવા માટે "બોમ્બે એસોશીએશને" તા૦ ૨ જી મેએ ૧૮૭૦ ને દીને ટાઉન હોલમાં એક સભા બોલાવી હતી. એ વખતે સર જમશેદજી જીજીભાઈની દરખાસ્ત અને શેઠ હોરમજીના ટેકાથી એવો ઠેહાવ પસાર થયો હતો કે "ગવરનર જનરલે ૧૮૭૦ નો ઇનકમતેક્ષનો ધારો પુરતી પ્રસીધ્ધી વગર ઉતાવલે નાખ્યો તેની સામે પ્રજા પ્રોટેસ્ટ કરે છે. તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૭૧ ને દીને મરહુમ હિંદુ સુધારક શેઠ કરસનદાસ મુળજીની યાદગારી કાયમ રાખવા માટે એક કમીટી નેમાઇ હતી તેના એવણુ એક મેમબર ઠડયા હતા. તા૦ ૧૯ મી એપ્રીલ ૧૮૭૨ ને દીને નવસારીમાં દસ્તુર મેહરજીરાણા લાઇબ્રેરી સ્થાપવામાં આવી તેના એવણુ એક ત્રસ્ટી અને ઈ. સ. ૧૮૯૫ થી ૧૮૯૯ સુધી તેની કમીટીના સરનશીન હતા. તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૭૪ અને તે પછીના દીવસોએ મુંબઈના મુસલમાનોએ કીધેલા હુલડથી પારસીઓને જે હેરાનગતી પહોંચી હતી અને સત્તાવાલાઓ તરફથી જે અપમાનો થયા હતાં તે માટે ઘટતે ઠેકાણે દાદ ચાહવા માટે લગભગ ૫૦૦) જરથોસ્તીઓની એક સભા તા૦ ૮ મી માર્ચ ૧૮૭૪ ને દીને મજગામ કેસટલમા સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા હેઠલ મલી હતી અને ત્યા પસાર થયલા ઠેહાવો અમલમા મુકવા માટે એક કમીટી નેમાઇ હતી તેના એવણુ એક મેમબર હતા. તા૦ ૧૯ મી ઓગસ્ટ ૧૮૭૪ ને દીને શેઠ એદલજી કાવશજી મસાણીએ "પારસી, હિંદુ અને મુસલમાન લોકોના વસીહત નામાને લગતા કાએદા બાબે થોડા વિચાર" નામની રચેલી ચોપડી એ શેઠને અરૂપણ કરવામાં આવી હતી. તા૦ ૨૨ મી અકટોબર ૧૮૭૪ ને દીને નામદાર સરકારે એવણે સ્માલકાઝ કોર્ટના કામચલાઉ ચોથા જડજ નેમ્યા હતા અને તા૦ ૨ જી નવેમબર ૧૮૭૪ ને દીને જ્યારે પોતાના એ નવા ઓધ્ધા ઉપર બીરાજ્યા ત્યારે જુના વકીલ શેઠ નશરવાનજી નવરોજી વકીલે એવણુને વકીલ મંડલ તરફથી મુબારકબાદી આપી ભલી દુઆઓ ચાહી હતી અને તેના જવાબમાં શેઠ હોરમજીએ જણાવ્યું કે "મારેથી બનશે તેમ હુ મેહનત કરીશ અને તમોએ જે ભલી ઇચ્છાઓ દેખાડી છે તે હું ચાહુ છું કે ખરી પડે." તા૦ ૬ ઠી ઓગસ્ટ ૧૮૭૫ ને દીને નામદાર શહેનશાહ એડવરડને મુંબઇમાં આવકાર આપવા માટે નેમાએલી કમીટીના એવણુ એક મેમબર હતા. તા૦ ૧૪ મી અકટોબર ૧૮૭૫ ને દીને નામદાર સરકારે એવણુને બીજી વખત સ્માલકોઝ કોર્ટના કામચલાઉ ચોથા જડજ નેમ્યા હતા. તા૦ ૭ મી જાનેવારી [illegible] તા૦ ૨૯ મી દીસેમબર ૧૮૮૦–એ બહુ વખતે એવણે મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશનના એક

કોરપોરેટર કડયા હતા. તા૦ ૨૭ મી એપ્રીલ ૧૮૮૨ ને દીને એવણ સ્માલકોઝ કોરટના ત્રીજી વખત કામચલાઉ ચોથા જડજ, તા૦ ૨૧ મી એપ્રીલ ૧૮૮૩ ને દીને ચોથી વખત કામચલાઉ ચોથા જડજ અને તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૮૪ ને દીને પાંચમી વખત કામચલાઉ ચોથા જડજ નેમાયા હતા. હિન્દના માજી વોઈસરોય લોર્ડ રીપનને માનપત્ર આપવા માટે મુંબઇના રહીશોની એક સભા તા૦ ૨૯ મી નવેમબર ૧૮૮૪ ને દીને સર જમશેદજી જીજીભાઈ ત્રીજા બારોનેટના પ્રમુખપણા હેઠલ મલી હતી કે જે વખતે એવણે એક છટાદાર ભાશાણ કર્યું હતુ તા૦ ૩ જી માર્ચ ૧૮૮૫ ને દીને એવણ કર ભરનારાઓ તરફથી મુંબઈ મ્યુનીસીપાલ કોરપોરેશનના એક કોરપોરેટર તરીકે ચુંટી કહાડયા હતા પાંચ વખત મુંબઇની સ્માલકોઝ કોર્ટના કામચલાઉ જડજ નેમાયા પછી નામદાર ગવરનર લોર્ડ હેરીસના વખતમાં એવણ મોટી ઉમરે કાયમ જડજ નેમાયા હતા. એ ઓધ્ધો એવણ સરકાર અને પ્રજાના સંતોષ વચે એક દાહેકા સુધી ચલાવી તા૦ ૨૩ મી નવેમબર ૧૯૦૧ ને દીને પેનશન ઉપર રીટાયર થયા, કે જે વખતે મુંબઇના વર્તમાનપત્રોએ એવણની બાહોશી, ચીઆકાવ તથા વિદવતા વીગેરેના યોગ્ય વખાણો કર્યા હતા અને વકીલ મંડળ તરફથી તા૦ ૧૫ મી ડીસેમબર ૧૯૦૧ ને દીને મેશોનીક હોલમા એવણને મોહટુ ખાણુ આપવામા આવ્યું હતુ.

સમાપ્ત.

શુદ્ધી પત્ર.

પાનું	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
સાફલ્યું-૯	ડાબી બાજુથી-૭	કુકુમ	કુકુમ
૧૨	૧૧	વ શાયલીઓ	વ શાવલીઓ
૪	૨૪	અનુજુન	અનજુમન
૧૧	૯	ભરૂચ	ભરૂચના
૧૯	૨૯–૩૦	ખરાનુમ	ખરાનુમન
૨૦	૧	દસ્તુર જામાસ્પ આશા	દસ્તુર જામાસ્પ આશાની
૨૪	૨૨	ગોશતે ફરમાન	ગોશતે ફરમાન
૨૫	૧૨	એલીચપુર	એલીચપુરી
૨૬	૧ ફુટ નોટ	સફે ૭	સફે ૩૪
૨૬	૨ ફુટ નોટ	સફે ૭	સફે ૧૩-૧૪
૨૭	૩ ફુટ નોટ	हामाजी	दामाजी
૨૭	૮	મુલાનો	મુલાનો
૨૯	૨૦	સથાપના	સ્થાપના
૨૯	૨૭	૫ ડીતોનુ	બે ૫ ડીતોનુ
૩૦	૫	બાબદમા	બાબદ
૩૧	૪ ફુટ નોટ	Abowed	Avowed
૩૨	૨૫	જાનીતા	જાણીતા
૩૫	૩૬	નામીયા	નામીચા
૩૯	૯	એવણુના	તેવણુના
૪૨	૨૫-૨૬	Lingnistic	Linguistic
૪૨	૨૭	Anecdates	Anecdotes
૪૩	૭	નાહો	રાહો
૫૪	૨૫	હેવાનુ	હોવાનુ
૫૫	૪	મુબઈ સમાચાર	મુબઈ સમાચારમા
૫૫	૨૩	હેતી	હેયાતી
૫૭	૧૧	૧૮૬૬	૧૮૬૫ રોજ ૫ માહ ૬
૫૮	૧ ફુટ નોટ	સફે ૪૮	સફે ૪૯
૬૭	૧ ફુટ નોટ	સફે ૫૬	સફે ૫૯
૭૦	૨૨	એરવદ	એરવદો
૭૩	૨૩	બીસાર	બીસારની
૭૪	૨	તેઆ	તેઓ
૭૬	૯	દોરતી	દોસ્તી
૭૭	૧૧	Pawerful	Powerful
૮૦	૧૧	ઉતયા	ઉતર્યા
૮૫	૧૬	બાર	બાર
૯૪	૯	ધુઈમ	ધુઈમા
૯૬	૧૦	પરવા !	પરવા !
૧૦૨	૨	કરછે	કરેછે
૧૧૧	૨૮	કુદમાનત	દુદમાનત
૧૧૩	૨	કુરી	દુરી
૧૧૫	૩	કાયદે	કાયદો
૧૧૫	૨૦	વખનીજ	વખતથીજ
૧૧૮	૩૬	afler	after
૧૨૨	૩	Landable	Laudable
૧૨૨	૩	Inelligence	Intelligence
૧૨૬	૨૭	જોઈઓ	જોઈએ
૧૨૭	૨૯	Goldner	Geldner
૧૨૭	૩૩	Augusessimi	Augustissmi
૧૨૭	૩૭	Philesophial	Philosophae
૧૨૯	૧	Auglican	Anglican
૧૫૭	૨૦	રીકેનુ	તરીકેનુ
૧૬૧	૧૯	૧	૩
૧૬૧	૩ (ફુટ નોટ)	૧	૩
૧૬૭	૨૦	બેઠક	બેઠક માટે
૧૬૯	૩૭	દસ્તુર	"દસ્તુર" બોલ ન જોઈએ
૧૭૦	૨૯	અવતરેલી	અવતરેલાં
૧૭૦	૩૦	બીજી	બીજા
૧૮૩	૩	કામદીનજીઓ	કામદીનજીએ
૧૮૩	૬	પોતાન	પોતાના
૧૮૫	૧૦	ગુરાદાત	સુરાદાત
૧૮૯	૨૮	બનાજીન	બનાજીના
૧૮૯	૩૧	ખેતવાડીન	ખેતવાડીના
૨૦૪	૧૦	Codnies	Colonies
૨૦૫	૩૪	બહુરે	બેહરે
૨૦૬	૮	ગુલશનો બાહર	ગુલશનેનો બહાર
૨૦૬	૮	નામના	ના જેવા
૨૦૬	૩૯	વીસતારવાલા ઉપરથી	વીસતારવાલા મુલકમાથી
૨૦૮	૧૫	શેઠ એજ	એજ
૨૧૪	૮	આવ	આપ
૨૧૯	૫	o	of
૨૨૩	૧૧	દુન્યા માથાન	દુન્યમા માન
૨૨૯	૨૯	જાણીનાર	જાણીતા
૨૨૯	૩૦	યુરોપમા	યુરોપ
૨૩૨	૫	સાસેથી	પાસેથી
૨૪૩	૪	સાલહથી	સલાહથી
૨૪૩	૧૨	કલબન	કલબના
૨૪૩	૩૫	Sympathes	Sympathies
૨૪૪	૨૪	ખુશીઓને	ખેશીઓને